Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભૂત ચિકિત્સા પદ્ધતિ.

A Treatise on Experienced Remedies.

લેખક અને પ્રકાશક.
વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર પ્રાણાચાર્ય.

આવૃત્તિ બીજી. પ્રત. ૧૦૦૦

૫૫ ग
22

કિંમત રૂ. ૨-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અનુભૂત ચિકિત્સા

amaj Foundation Che
ain. Gurukul Kangri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या ..XLII/22

पंजिका-संख्या 20410

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Initial

અનુભૂત
ચિકિત્સા પદ્ધતિ.

A Treatise on Experienced Remedies.

લેખક અને પ્રકાશક.

વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર પ્રાણાચાર્ય.

અમદાવાદ.

વડોદરા રાજકીય સંસ્કૃત કોલેજ, જયપુર રાજકીય સંસ્કૃત આયુર્વેદિક કોલેજ, બનારસ સંસ્કૃત કોલેજ અને જૈનસંઘ વિગેરે સંસ્થાઓ તરફથી વૈદ્યશાસ્ત્રી, ભિષગ્વર, આયુર્વેદભૂષણ, આયુર્વેદાચાર્ય, આયુર્વેદમહામહોપાધ્યાય અને ધનવંતરી વિગેરે ડીપ્લોમાઓ સંપાદન કરનાર અને નિખિલભારતાયુર્વેદવિદ્યાપીઠ તથા પાટણ આયુર્વેદ વિદ્યાલય તરફથી લેવાતી પરીક્ષાઓના પરીક્ષક, પ્લેગસુદર્શનચક્ર, ક્ષય ચિકિત્સા અને જ્વરચિકિત્સાના કર્તા, આયુર્વેદચિકિત્સાલયના વ્યવસ્થાપક, અમદાવાદ વૈદ્યસભાના માનદપ્રમુખ અને શ્રી આયુર્વેદ પાઠશાળાના વ્યવસ્થાપક–ઈત્યાદિ.

૫૫ग
२५
20590
10.8.20..

(પ્રકાશકને સર્વ હક્ક સ્વાધિન છે.)

શાન્તિવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં માણેકલાલ માધવજીએ છાપી.
ઢીંકવા ચોકી, અમદાવાદ.

આવૃત્તિ બીજી. સંવત ૧૯૯૨. સને ૧૯૩૫. નકલ ૧૦૦૦.

કિંમત રૂ. ૨–૦–૦

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીઆયુર્વેદ ચિકિત્સાલયના સુપ્રસિદ્ધ લોકોપયોગી પુસ્તકો

કર્તા

વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર

પ્રાણાચાર્ય.

૧ જ્વરચિકિત્સાપદ્ધતિ	કિંમત રૂ.	૨-૦-૦
૨ અનુભૂતચિકિત્સાપદ્ધતિ (દ્વિતીયાવૃતિ)	,,	૨-૦-૦
૩ ક્ષયચિકિત્સાપદ્ધતિ	,,	૨-૦-૦
૪ પ્લેગ સુદર્શનચક્ર	,,	૦-૬-૦
૫ આયુર્વેદિય ત્રિદોષ સિધ્ધાંત	,,	૦-૪-૦
૬ આક્ષેપકજ્વર (સેરીબ્રોસ્પાઇનલ મેનીનજાઈટીસ)	પોણા આનાની ટીકીટ બીડવી	
૭ મુંબાઇ ગુજરાત પ્રાંતિય વૈદ્યસમ્મેલનના બીજા અધિવેશનના પ્રમુખ પ્રાણાચાર્ય વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકરનું ભાષણ.	,, ,,	,, ,,
૮ આયુર્વેદચિકિત્સાલયનું સૂચીપત્ર	,, ,,	,, ,,

ઔષધોની પ્રવાસપેટી.

સારા સદ્ગૃહસ્થો તરફથી ખાસ ભલામણને લીધે અમોએ સદરહુ પેટી બહાર પાડેલી છે, જેમાં **સ્ત્રીપુરૂષ** તથા બાળકોના અચાનક ઉપડી આવતા રોગોપર તેમજ બીજા કેટલાક રોગો-પર અક્સીર દવા દાખલ કરવામાં આવી છે. પેટીને લગતી સર્વે હકીકત સૂચિપત્રમાં આવી જાય છે.

પ્રવાસપેટીમાં દાખલ કરેલી દવાઓની શીશીનો જે નંબર હોય તે નંબર સદરહુ ચોપડીમાં જોઇ તે પ્રમાણે તે દવાનો ઉપયોગ કરવો.

કિં. રૂા. ૨૦) નં. ૧ રૂા. ૬) નં. ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आसीत्पार्वणशर्वरीशरुचिरस्फीतस्वकीर्त्या दिशाम् ॥
भागानुज्ज्वलयन्नशेषविदुषां मान्या धिया गीःपतिः
विप्रः सेवकरामनामविदितः श्रीदेवशंभोः पिता ॥
तत्पौत्रोऽखिलधारिशास्त्रकुशलो नारायणाख्यो भिषक् ॥१॥
श्रीमद्रैकाख्यपृथ्वीसुरकुलमणयो मानिता लोकवृन्दै ॥
रायुर्वेदायशास्त्राम्बुधितलगततत्त्वज्ञबुद्धिप्रभावः ॥
श्रीमद्राधेशपादाम्बुजसुरभिरतस्वान्ततुङ्गद्विरेफा ॥
वैद्या नारायणाख्या जनितजनहिता एत ईडयाः प्रकामम् ॥२॥

वैद्यशास्त्री नारायणशंकर देवशंकर प्राणाचार्य

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના.

(બીજી આવૃત્તીની)

भिषग्नारायणस्येयं राजपत्तनवासिनः ।
अनुभूतप्रयोगाणां चिकित्सापद्धतिः शुभा ॥

આયુર્વેદશાસ્ત્રમાં વનસ્પતિની દિવ્યૌષધિઓ અને રસાદિ ઔષધિઓ એ પ્રમાણે બે ભાગ છે. પ્રાચીન કાળથી આ બે વિભાગો માનવામાં આવેલા છે. શાસ્ત્રકારોએ બંને ઔષધિઓના સંબંધમાં જુદા જુદા રોગ પર અસંખ્ય પ્રયોગો બતાવેલા છે. દેશ, કાળ, ક્રિયા, પ્રકૃતિ અને દોષનો વિચાર કરીને ઔષધ યોજના કરવી પડે છે. આયુર્વેદનો સિદ્ધાન્ત ત્રિદોષ અને ત્રિધાતુ પર છે. રોગ નિર્ણય કરવા માટેના આઠ અંગ જેવાં કે નાડી, મળ, મૂત્ર, જીભ્હા, નેત્ર, રૂપ, શબ્દ અને સ્પર્શની તપાસ કરી ચિકિત્સાના સંબંધમાં જણાવવું પડે છે જ્યાં સુધી રોગનો નિર્ણય ન થાય ત્યાંસુધી ચિકિત્સાપર ધ્યાન આપવું નકામું છે. એટલા માટે રોગનો નિર્ણય બરાબર થયા પછી ચિકિત્સા કરવાની જરૂર છે. ચિકિત્સાના સંબંધમાં જણાવવું પડે છે કે અનેક રોગો અને તેની ચિકિત્સા પણ અનેક પ્રકારની હોવાથી દરદીને દવા આપતી વખતે દોષ સિદ્ધાંન્ત તરફ નજર કરી ઔષધયોજના કરવી પડે છે. અમુક રોગમાં કયા કયા ઉત્કટ દોષો છે? તે દોષોની શોધન, શમન વગેરે ક્રિયા કેવા પ્રકારે કરવી? કયા કયા ઔષધો દીપન પાચન, શોધન અને સંશમન કરનારાં છે? તેનો વિચાર કરી ઔષધ યોજના કરવા આયુર્વેદશાસ્ત્રનું શાસન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયુર્વેદશાસ્ત્રમાં રોગોપર ઔષધ પ્રયોગો ઘણા પ્રકારના બતાવેલા છે, તેમ અનુભૂતસિદ્ધ ઔષધપ્રયોગોની પણ યોજના કરવામાં આવેલી છે, તે પણ રોગનો વિચાર કરી તેમાં કયા કયા ઉત્કટ દોષોનું બળાબળ છે, તેમ કયા કયા ઔષધો તે દોષોનું શમન કરે છે એ બાબતપર સંપૂર્ણ વિચાર કરી ઔષધયોજના કરવામાં આવી છે. અમુક રોગપર અમુક દવાનો પ્રયોગ અકસીર છે એ ઉપરથી તેનાં કારણોનો પ્રયોગમાં આવેલાં ઔષધોપર વિચાર કરીએ છીએ તો જણાય છે કે અમુક દોષોની વિક્રિયાથી અમુક રોગ ઉત્પન્ન થાય છે અને તે દોષોનું શોધન, સંશમન વગેરે ક્રિયા કરનારા અમુક ઔષધો છે તો પછી તે રોગોની શાસ્ત્રની મર્યાદાને અનુસરી ચિકિત્સા સફળ થયા વિના રહેતી નથી. ઉપરનાં કારણોનો સંપૂર્ણ વિચાર કરાં દરેક કુટુંબના માણસોથી પોતાની મેળે સહેલાઈથી રોગનાં કારણો અને લક્ષણો પરથી રોગનો નિર્ણય કરાય, તેમ તેના ઉપાયો નિર્ભયપણે કરી શકાય તેને માટે **અનુભૂતચિકિત્સાપદ્ધતિ** નામનું આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં મારા પૂજ્ય ગુરૂ, વૈદ્યવાચસ્પતિ શ્રીકૃષ્ણરામ કુંદનજી કે જેઓ ત્રણ પેઢીથી જયપુર મહારાજાના રાજવૈદ્ય અને સંસ્કૃત આયુર્વેદ પાઠશાળાના મુખ્ય અધ્યાપક હતા. તેમની પાસેથી વૈદ્યકજ્ઞાન ક્રિયાજ્ઞાન સાથે મેળવી, તેમની સંપૂર્ણ કૃપાથી સંપાદન કરેલા ગુરૂગમ્ય પ્રયોગોનો, તેમજ મારા ઘણા વર્ષના વૈદ્યકીય ધંધાના અનુભવમાં આવેલા રોગોની દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તે સાથે સિદ્ધ વૈદ્યોએ અનુભવ કરેલા ઘણાખરા રોગો પરના અકસીર ઇલાજોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જ્યારે અગ્રેજી વૈદ્યકમાં પ્રીસ્ક્રીપશનની હજારો બુકો છપાઇ બહાર પડી છે ત્યારે દેશી વૈદ્યકશાસ્ત્રમાં અનુભૂત ચિકિત્સા પદ્ધતિનું હજુ સુધી એકે પુસ્તક બહાર પડયું મારા જાણવામાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગામડાઓમાં તેમ શહેરોમાં રહેનારા લોકોના ઉપયોગને માટે ઘેર બેઠે સહેલાઇથી પુસ્તક વાંચી પોતાની મેળે ઉપાયો કરી શકે તેવા વનસ્પતિના અનુભવસિદ્ધ પ્રયોગો અને કેટલાક સહેલાઇથી થાય તેવા અનુભવસિદ્ધ રસાદિ પ્રયોગોનો સંગ્રહ આ ગ્રંથમાં કરવામાં આવ્યો છે. ચિકિત્સાના સંબંધમાં દરેક મનુષ્ય દરેક રોગમાં પોતાની મેળે રોગનાં કારણો અને લક્ષણોની તપાસ કરી તેના ઉપાયો વૈદ્ય ડાક્તરોના અભાવે સારી રીતે સહેલાઇથી કરી શકે તેવી ગોઠવણ કરવામાં આવી છે. જે રોગમાં જે કારણો અને લક્ષણો જણાય તેના ઉપાયો માટે ઉપચાર પદ્ધતિ સાથે સવિસ્તાર હકીકત સમજાવવામાં આવી છે, કે જેથી સહેલાઇથી ચિકિત્સા થઇ શકે.

તે ઉપરાંત દરેક રોગનું પથ્યાપથ્ય (પરહેજી) બતાવવામાં આવ્યું છે અને વિશેષમાં ઘણાખરા રોગપર વિશેષ ઉપચાર તરીકે સહેલાઇથી મળી આવે તેવા વગડાઉ વનસ્પતિનાં જુદાં જુદાં ઔષધો વાપરવાની ભલામણ કરવામાં આવી છે, કે જેમાંનું એકજ ઔષધ કેટલીકવર અદ્દભૂત ચમત્કાર બતાવે છે.

આર્ય વૈદ્યકશાસ્ત્ર પ્રમાણે કેટલાક રોગોનાં કારણો, લક્ષણો અને ઉપાયો વગેરે જણાવ્યા પછી તે સાથે પાશ્ચાત્ય પદ્ધતિનું ઐક્ય જણાવી વિશેષમાં તે પદ્ધતિને અનુસરી કેટલાક રોગના ઉપાયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રથમ આવૃત્તિમાં જે જે રોગો લેવામાં આવ્યા ન'હતા તે તે રોગો બીજી આવૃત્તિમાં લેવામાં આવ્યા છે એટલે તે દરેકનાં લક્ષણો, કારણો અને અનુભૂત ચિકિત્સા પણ આપવામાં આવી છે. તે ઉપરાંત ત્રિદોષ સિદ્ધાન્ત પદ્ધતિ એટલે વાત, પિત્ત અને કફનાં સ્થાન, સ્વરૂપ અને પ્રકાર વિગેરે સવિસ્તર બતાવવામાં આવ્યાં છે. ઉપર પ્રમાણેનો આ **બીજી આવૃત્તિમાં** ફેરફાર કરવામાં આવ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ આવૃત્તિ વૈદ્યકલ્પતરૂના તંત્રી વૈદ્યરાજ રવિશંકર જટાશંકરભાઇએ વૈદ્યકલ્પતરૂ માસીકની ભેટરૂપે સને ૧૯૨૫ ની સાલમાં છપાવી પ્રગટ કરી હતી, પણ તે પ્રથમ આવૃત્તિનો ઉપાડ વધારે પ્રમાણમાં થવાથી અને ખપીજવાથી લોકોની માગણીઓ ઘણા સારા પ્રમાણમાં આવવાથી આ બીજી આવૃત્તિ અમોએ છપાવી છે.

આ પુસ્તક જરા વધારે વિસ્તારથી લખવા ધાર્યું હતું પણ નિ. ભા. વ. આયુર્વેદમહાસમ્મેલન અત્રે ભરવાના કામમાં રોકાઇ જવાથી બને તેટલો સમય કહાડી શકયો નથી છતાં ઘણા ખરા દરદોનો ઉમેરો સવિસ્તાર કર્યો છે.

મારી દવાશાળાની પ્રવૃત્તિને લીધે તેમ ૨૫ મા મહાસમ્મેલન ભરવાના કામને લીધે મારાથી પુરતું ધ્યાન આપી શકાયું નથી માટે પ્રમાદ થવા સંભવ છે. ઉપરોક્ત કારણથી આ પુસ્તકનાં પ્રુફ સુધારવા **ચિ. માધવપ્રસાદ વૈદ્યરત્ન** તથા **શશીકાન્ત પંડયા** "આયુર્વેદભિષક્" એમણે ઘણીજ મદદ કરી છે. પ્રુફ સુધારવામાં ભુલ થઈ હોય તો તે માટે प्रमादो मानुषो भावः એ સૂત્ર ધ્યાનમાં લઈ વાચક વૃન્દ ક્ષમા કરશે એવી આશા રાખું છું. તા. ૧૦-૧૨-૧૯૩૫

શ્રીઆયુર્વેદચિકિત્સાલય
સ્વામિનારાયણના-
મંદીર પાસે,
અમદાવાદ.

શુભેચ્છક,
વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર
પ્રાણાચાર્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગની અનુક્રમણિકા.

રોગનું નામ.	પૃષ્ટ.	રોગનું નામ.	પૃષ્ટ.
વ્યાધિ	૧	અરોચક	૭૪
શબ્દાર્થ	૩	પાંડુરોગ	૭૭
વાતસ્થાન-સ્વરૂપને કાર્ય	૪	કમળો	૮૧
પિત્તસ્થાન-સ્વરૂપને કાર્ય	૬	કૃમિ	૮૩
કફસ્થાન-સ્વરૂપને કાર્ય	૯	રક્તપિત્ત	૮૭
વાતજ્વર	૧૨	કાસ અને ઉધ્રસ	૯૧
પિત્તજ્વર	૧૩	શ્વાસ-દમ-હાંફણુ	૯૪
કફજ્વર	૧૪	હિક્કા-હેડકી	૯૯
વાતપિત્તજ્વર	૧૬	છર્દિ-ઉલટી	૧૦૧
કફવાતજ્વર	,,	ક્ષયરોગ	૧૦૨
કફપિત્તજ્વર	,,	ઉરઃક્ષત	૧૧૭
સંનિપાતજ્વર ને ભેદો	૧૭	અમ્લપિત્ત	૧૧૮
રક્તષ્ઠીવી	૨૬	અપસ્માર-વાઇ-ફેફરૂ	૧૨૦
વિષમજ્વર	૨૯	વાતવ્યાધિ	૧૨૩
ઇન્ફ્લુએન્ઝા	૩૯	પક્ષાઘાત	૧૨૫
અતિસાર	૪૨	અર્દિતવા	૧૩૦
આમાતિસાર	૪૭	અપતંત્રક (હિસ્ટીરીઆ)	૧૩૧
મગજ અને કરોડરજ્જુના વરમ સાથેનો તાવ	૫૧	અપતાનક (ધનુર્વા)	૧૩૩
તાવ સાથેનો ઝાડો ને મરડો	૫૩	સંધિવા	૧૩૪
સંગ્રહણી	૫૪	વાતવ્યાધિ (૮૦પ્રકારના)	૧૩૮
અર્શરોગ	૬૦	વાતરક્ત	૧૪૬
અગ્નિમાંદ્ય	૬૫	ઉરૂસ્તંભ	૧૪૭
કોલેરા	૬૯	આમવાત	૧૪૯
		ચુંક તથા પરિણામશૂળ	૧૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગનું નામ.	પૃષ્ઠ.
ગુલ્મ ગોળો	૧૫૮
હૃદરોગ (રક્તાશયનો વ્યાધિ)	૧૬૧
પ્રમેહ	૧૬૪
મધુમેહ	૧૭૫
મૂત્રકૃચ્છ્-મૂત્રગાંઠ	૧૭૮
મૂત્રાઘાત-મૂત્રબંધ	૧૮૦
મૂત્રાશ્મરી-પથરી	૧૮૫
ધાતુસ્રાવ	૧૮૭
ઉપદંશ-ગરમી-ટાંકી-ચાંદીને વિસ્ફોટક	૧૮૯
ઉદરરોગ	૧૯૭
કંઠમાળ ગંડમાળ-ગલગંડ	૨૦૪
અંડવૃદ્ધિ-વધરાવળ	૨૦૬
કુષ્ટરોગ-કોઢ	૨૦૯
મહાકુષ્ટ-રગતપિત	૨૧૪
ક્ષુદ્રરોગ	૨૧૫
શિત્તપિત્ત-શીળસ	૨૧૬
વિસર્પ-રતવા	૨૨૭
મુખરોગ	૨૨૯
કર્ણરોગ	૨૩૬
નાકનાં દરદો	૨૪૦
પ્રતિશ્યાય-સળેખમ	૨૪૩
શિરોરોગ	૨૪૫
નેત્રરોગ	૨૪૯
મુત્રાતિત-(બહુમૂત્ર)	૨૫૫

રોગનું નામ.	પૃષ્ઠ.
ઉન્માદ-દિવાનાપણું	૨૫૬
ઉદાવર્ત	૨૫૮
પરિણામશૂળ	૨૫૯
સ્વરભેદ	,,
મૂર્છા	૨૬૧
દાહ	૨૬૨
તૃષા	૨૬૩
મેદોરોગ	,,
શોથરોગ	૨૬૪
અગ્નિદગ્ધ-દાઝવું-બળવું	૨૬૫
નાડીવ્રણ	૨૬૬
ભગંદર	૨૬૭
શ્લીપદ-હાથીપગું	,,
મદાત્યય	૨૬૮
પામા-ખસ	૨૬૯
વાજીકરણ	૨૭૦
સ્ત્રીરોગ	૨૭૧
સુવારોગ	૨૭૯
રક્તપ્રદર	૨૮૨
શ્વેતપ્રદર	૨૮૩
રક્તગુલ્મ	૨૮૪
નષ્ટાર્તવ, પીડીતાર્તવ અને અત્યાર્તવ	૨૮૬
સોમરોગ-મૂત્રાતીસાર	૨૮૮
બાળરોગ	૨૯૦
પ્લેગ	૨૯૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગનું નામ.	પૃષ્ઠ.	રોગનું નામ.	પૃષ્ઠ.
આક્ષેપકજ્વર (સેરીબ્રો-સ્પાઇનલ મેનીનજાઇટીસ	૩૦૮	વિષચિકિત્સા (સ્થાવર-જંગમ	૩૨૭
ઔષધશોધનવીધી	૩૨૧	ભસ્મપ્રકરણ	૩૩૫
ઔષધોના સમુહની સૂચના	૩૨૩		

ઔષધ અનુક્રમણિકા.

અર્કાદિકવાથ	૧૮	અભ્રકભસ્મ	૩૪૧
અફીણની ભસ્મ	૪૮	આનંદભૈરવરસ	૪૪/૧૭૩
અગ્નિતુંડીવટી	૫૩	આમવાતવિધ્વંસરસ	૧૫૨
અવલેહ	૫૯	આમવાતારીરસ	,,
અર્શહરવટી	૬૨	આરોગ્યવર્ધનીરસ	૧૫૩
અજીર્ણહરવટી	૬૭	એરંડપાક	૧૫૧
અગ્નિમુખરસ	૯૪	એલાદિગુટીકા	૨૦૩
અભ્રક ભસ્મ	૯૬	ઇચ્છાભેદીરસ	૨૦૨
અવિપત્તિકરચુર્ણ	૧૧૯	ઉપદંશહરિવટી	૧૯૫
અજમોદાદીગુટીકા	૧૩૧	ઉપદંશકુઠાર	૧૯૬
અજમોદાદીચુર્ણ	૧૫૧	કુમુદેશ્વરરસ	૩૨
અગ્નિકુમારરસ	૧૫૭	કેશરાદિગુટીકા	૪૯
અગ્નિમુખરસ	૧૬૧	કુંકુમવટી	,,
અર્જુનાસવ	૧૬૩	કેશરાદિચુર્ણ	,,
અર્જુનઘૃત	,,	કેશરાદિવટી નં. ૨	૫૦
અર્કાદિકવાથ	૨૦૩	કપિત્થાષ્ટકચુર્ણ	૫૫
અર્કતૈલ	૨૧૧	કનકસુંદરરસ	૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્પુરાદિવટી	૭૨	જ્વરઘ્નીવટી	૧૩
કૃમિમુદગરરસ	૮૫	જ્વરાંકુશરસ	૨૬
કાસઘ્નીવટી	૯૩	જ્વરઘ્નીવટી નં. ૨	૩૨
કલ્યાણકચુર્ણ	૧૨૨	જ્વરઘ્ન દવાઓ	૪૨
કલ્યાણકાવલેહ	૧૪૪	જાતિફલાદિચુર્ણ	૪૬
કેસરાદિવટી (રસકપુરની)	,,	જન્મઘુંટી	૨૯૨
કલ્યાણસુંદરરસ	૧૬૩	જંતુનાશક દવા	૩૦૫
કાળોભસ્મ	૧૯૩	જસદ (યશદ) ભસ્મ	૩૩૮
કુમાર્યાસવ	૨૦૦	તક્રવટી	૫૫
કુષ્ટહરલેપ	૨૧૦	તામ્રભસ્મ	૩૩૬
કુષ્ટહરચુર્ણ	૨૧૨	ત્રિભુવનકીર્તિરસ	૧૪
કાળોસુરમો	૨૫૪	ત્રિફળા રસાયન	૨૭૧
કેસરાદિગુટીકા	૩૧૯	ત્રિફલાદિકવાથ	૩૦૩
ખંડશુંઠી	૧૫૨	દશમુલકવાથ	૧૬
ગોદંતીહરતાલભસ્મ	૩૧	દિનદયાળચુર્ણ	૩૨
ગુગળપાક	૧૪૨	દુગ્ધવટી	૫૬
ગોક્ષુરાદિગુગળ	૧૮૧	દાઢીમાદિચુર્ણ	૭૫
ગાંડવેરીનાંખનાર દવાઓ	૩૦૫	દ્રાક્ષાદિવટી	૧૧૯–૭૬
ઘર્મપ્રસરણેશ્વરરસ	૨૬	દ્રાક્ષાદિપાચનકવાથ	૮૨
ચિંતામણીરસ	૧૩	દુર્વાઘૃત	૮૯
ચાતુર્થિકકેસરીરસ	૩૬	દયાળકુંજ	૯૨
ચિતચંદ્રીરકવાથ	૧૦૯	દશાંગલેપ	૧૪૮
ચિત્રકાદિવટી	૧૫૭	દોષઘ્નલેપ	૧૫૧
ચંદ્રપ્રભાગુટીકા	૧૬૭	દેવદાર્વ્યાદિકવાથ	૨૮૦
ચોપચિન્યાદિચુર્ણ	૧૯૪	દુર્ગંધનાશક દવા	૩૦૫
ચંદ્રોદયવટી	૨૭૧	ધાન્યાદિકવાથ	૧૫૦
ચાતુર્ભદ્રચુર્ણ	૨૯૫	ધોળો સુરમો	૨૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધુપ	૩૦૫
નારાયણજ્વરાંકુશરસ	૩૬
નાગાર્જુનરસ	૬૮
નારીકેળખંડપાક	૧૧૯
નિલકંઠરસ	૧૯૫
નિદ્રાપદ	૩૧૫
નાગભસ્મ	૩૩૮
પિતભંજીરસ	૧૯
પંચવકત્રરસ	૨૧
પટોલાદીકવાથ	૩૪
પ્રતાપલંકેશ્વરરસ	૪૦
પંચામૃતપર્પટી	૫૬
પર્પટીરસ	૫૮
પાંડુનિગ્રહવટી	૭૯
પંચગવ્ય ઘૃત	૧૨૩
પૂનર્નવાદિકવાથ	૧૪૯
પંચસમચુર્ણ	૧૫૧
પ્રમેહારિચુર્ણ	૧૬૬
પ્રમેહારિવટી	૧૭૨
પ્રમેહાન્તકવટી	૧૬૬
પ્રવાલભસ્મ	૩૪૩-૧૯૮
પાષાણવજ્રકરસ	૧૮૬
પુનર્નવાદિકવાથ	૨૦૧
પિપલ્યાદિકવાથ	૨૮૦
પિપલ્યાદિ ગણ	,,
પંચજીરાપાક	૨૮૧
પકાવનારી દવાઓ	૩૦૬
બ્રાહ્મયાદિ કવાથં	૧૮
બાળકુટજાવલેહ	૪૮
બિજોરાદિ વટી	૭૬
બાળપર્પટી	૮૬
બંગભસ્મ	૩૩૭-૧૬૭
બંગેશ્વર	૧૬૮
બાળહરિતકીયોગ	૧૯૬
બહુમૂત્રાંતકરસ	૨૫૬
બોળપર્પટીરસ	૨૮૨
બંધારણ	૨૯૪
ભીલામાની ગોળી	૧૨૭
ભૃંગરાજ તેલ	૨૨૧
મળશુદ્ધિચુર્ણ	૨૮
મલ્લપર્પટી	૩૨
મહાજ્વરાંકુશરસ	૩૩
મલ્લરાજરસ	૩૫
મહામૃત્યુંજયવટી	૫૨
,, નં-૨	૭૧
મંડુરવજ્રવટી	૭૯
મુક્તાદિ ચુર્ણ	૧૧૪
મહાયોગરાજગુગળ	૧૨૬
મહારાસ્નાદિકવાથ	૧૪૧
મલમ (ચાંદીનું)	૧૯૧
માહેશ્વરલેપ	૨૭૦-૧૯૬
મોરથુથાની સળી	૨૫૨
મળપ્રભંજન ગુટીકા	૨૮૬
મહાસુગંધી ધુપ	૩૦૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોતિની ભસ્મ	૩૪૪	વાતગજાંકુશરસ	૧૨૯
મોતિની છીપ ભસ્મ	,,	વ્યોષાદિ ચુર્ણ	૧૩૬
યષ્ટિમધ્વાદિ ચુર્ણ	૬૧	વાતહરલેપ	,,
રસરાજવટી	૯૮	વિર્યસ્તંભનવટી	૧૮૮
રસોનકલ્ક	૧૨૭	વૃદ્ધિરસ	૨૦૯
રાસ્નાષ્ટક	૧૩૫	વ્યાઘ્રિતેલ	૨૪૨
રાસ્નાદ્વાદશ	૧૩૬	વાજીકરણગુટીકા	૨૭૧
રાસ્નાપંચક	૧૫૦	વૃદ્ધદારૂચુર્ણ	,,
શતોમલમ	૧૯૨	વિદારીકાદિચુર્ણ	,,
રજનીચુર્ણ	૨૦૪	શીતજ્વરહરકવાથ	૩૩
રસાયણચુર્ણ	૨૭૧	શીતભંજીરસ	૩૮
રૌપ્ય ભસ્મ	૩૩૫	શંખુકાદિવટી	૬૮
રેતુરોધાવટી	૧૩૩	શરબત	૭૬
,,	૨૮૫	શૃંગ્યાદિચુર્ણ	૯૭
લઘુસુદર્શનચુર્ણ	૧૩	શોથહરલેપ	૧૩૬
લવંગાદિચુર્ણ	૨૪	શુંઠયાદિ ઘૃત	૧૫૧
લશુનાદિવટી	૭૨	શીતળ પર્પટી	૧૭૯
લીલાવિલાસરસ	૧૨૦	શીળસહરવટી	૨૦૭
લઘુયોગરાજગુગળ	૧૨૬	શતાવર્યાદિચુર્ણ	૨૭૧
લસુનાદિગુટીકા	૧૨૮	શૃંગભસ્મ	૩૪૫
લઘુરાસ્નાદિકવાથ	૧૩૧	સંજીવની વટી	૨૮
લસણપાક	૧૪૩	સત્યાર્થજ્વરાંકુશરસ	૩૨
લઘુમૃગાંક	,,	સ્વેદલ દવાઓ	૩૦૫-૪૧
લઘુમંજીષ્ઠાદિકવાથ	૧૯૪	સરલભેદીવટી	૭૬
લોહ ભસ્મ	૩૩૯	સોમલનાં ફુલ	૯૬
વિરભદ્રરસ	૨૮	સિતોપલાદિચુર્ણ નં-૧	૧૧૨
વિષતુંદુકચુર્ણ	૧૨૯	સિદ્ધાર્થકઘૃત	૧૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંધિવાતરિપુ તેલ	૧૩૭	હિંગ્વાષ્ટક ચુર્ણ	૧૫૬
સમિરદાવાનળકવાથ	૧૪૨	હિંગુપંચકચુર્ણ	૧૫૯
સિદ્ધનારાયણ તેલ	૧૪૩	હરતાલ ભસ્મ	૩૪૦
સાબરસિંગ ભસ્મ	૧૫૪	શ્વાસકુઠાર	૧૫
સૌભાગ્ય શુંઠીપાક	૨૮૧	શ્વાસારીરસ	૯૬
સુવર્ણભસ્મ	૩૩૫	શ્વેતખર્પર	૨૯૬
સુવર્ણમાક્ષિકભસ્મ	૩૪૦	ક્ષયામૃત	૧૧૪
હિંગ્વાદિચુર્ણ	૭૬	શ્રીકૃષ્ણચિંતામણી	૧૨૮
હિંગુલક ભસ્મ	૯૬		

શુદ્ધિપત્રક.

પૃષ્ટ.	લીટી	અશુદ્ધ.	શુદ્ધ.
૨	૯	ઉત્તપન્ન	ઉત્પન્ન
૧૦	૬	અવયવાવાળા	અવયવોવાળો
”	”	સહજ	સહજમાં
૧૧	૨૪	આંવિકય	આધિકય
”	૨૫	વાતપિત્તરજ્વર	વાતપિત્તજ્વર
૧૪	૧૯	ગોળી	ગોળી કરવી
૧૫	૬	લંધન	લંઘન
૧૭	૧૪	શરરિના	શરિરના
૧૮	૧૭	ડંડુ	ઠંડુ
૧૯	૧૦	રગના	રંગના
૨૭	૮	આપવા	આપવો
”	છેલ્લી	છ	છે
૨૮	૧૬	હથ	હાથ
૨૯	૪	કરણ	કારણ
૪૪	૫	બપોરને	બપોરને
૫૧	૧૩	કોઇ કોઈ કોઇત્રાર	કોઇકોઈવાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

,,	૨૫	પાછ	પાછાં
૫૪	૧૬	લક્ષણે	લક્ષણો
૬૪	૧૨	કટકા	કટકો
,,	૧૮	(કકૃત)	(યકૃત)
૬૬	૧૫	ઘણું	ઘણું
૭૮	૧૦	ફાકું	ફીકું
૮૦	૮	સાટોટીનાં	સાટોડીનાં
૮૮	૧૦	માથમાં	માથામાં
૯૬	૪	લુગડાંથી	સરાવડુ
૧૦૫	૩	અવસ્થાંની	અવસ્થા
,,	૧૨	તે બરખા	તેમાંથી બરખા
૧૨૫	,,	શરીરેનો	શરીરનો
૧૨૬	છેલ્લી	વાવવીંગ	વાવડીંગ
૧૪૮	૨૪	વસ્તુઓનું	વસ્તુઓ
૧૪૯	૨૨	Rhevmotism	Rheumotism
૧૫૩	૧૫	Neuralgic	Neuralogic
૧૫૭	૧૨	બનવટ	બનાવટ
૧૬૪	૧૬	બીજારૂં	બીજોરૂં
૧૬૯	૧૮	આવ	આવે
૧૮૧	૨૦	રેગમાં	રોગમાં
૧૯૨	૧૧	સેજા	સોજા
૧૯૬	છેલ્લી		ગંધક (ઉમેરવું)
૨૦૪	૧૮	વર્નન	વર્તન
૨૧૨	૧૦	મુરદરસીંગ	મુરદારશીંગ
૨૪૨	૨	યુ	યુક્ત
૨૪૩	૮	પ્રતિશ્યામ	પ્રતિશ્યાય
૨૫૭	૧	પસાની	પૈસાની
૨૮૪	૧૨	શ્વેતપદર	શ્વતપ્રદર
૨૮૮	૨૧	સુવાવડી	સુવાવડીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

॥ श्री आयुर्वेद पाठशाळा ॥

આ પાઠશાળાનું પ્રથમ સ્થાપન સંવત ૧૮૯૯ માં કરવામાં આવેલું છે. પરંતુ સને ૧૯૩૫ માં તે પાઠશાળાથી આયુર્વેદની કાયમની ઉન્નતિ થાય તે માટે પ્રાણાચાર્ય વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકરે તા. ૩-૨-૩૫ ના રોજ ટ્રસ્ટડીડ કરી જનતાના લાભ માટે ખુલ્લી મુકી છે કે હાલ જેનો વિદ્યાર્થીઓ ઘણા સારા પ્રમાણમાં લાભ લે છે. સમય ૧૨ થી ૫.

પાઠશાળાનો પાઠ્યક્રમઃ-(૧) લઘુત્રયિ-માધવનિદાન, શારંગધરસંહિતાને ભાવપ્રકાશ ભાગ ૧-૨. (૨) વૃદ્ધત્રયી-ચરકસંહિતા, શુશ્રુતસંહિતાને વાગભટ્ટ. સાથે પ્રેકટીકલ નૉલેજ પણ આપવામાં આવે છે. ઉપરના કાર્યક્રમથી નિ. ભા. વ. આયુર્વેદ વિદ્યાપાઠની પરિક્ષાઓ જેવી કે **આચાર્ય**, **વિશારદ** અને **ભિષક્**, વડોદરા રાજ્યની શ્રાવણમાસ દક્ષિણા પરિક્ષા-**મધ્યમાને ઉત્તમા** પણ આપી શકાય છે.

હાલના ટ્રસ્ટીઓઃ-

(૧) વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર પ્રાણાચાર્ય (મુખ્યવ્યવ-સ્થાપક)

(૨) શેઠ બળદેવદાસ વલ્લભદાસ મિલએજન્ટ

(૩) શેઠ નંદુલાલ મંછારામ એકસ પ્રેસીડેન્ટ, શરબજાર.

(૪) રા. રા. હરિલાલ કિકાભાઈ મ્હેતા માજીદીવાન. (વઢવાણ)

(૫) વકીલ ભગુભાઇ ગોવિંદલાલભાઈ

(૬) વૈદ્યરત્ન માધવપ્રસાદ નારાયણશંકર શાસ્ત્રી મેડીકલઓફીસર મ્યુ. આયુર્વેદ દવાખાનું.

(૭) વૈદ્યશાસ્ત્રી શંભુપ્રસાદ કેશવલાલ મુખ્યવૈદ્ય શેઠ અં. દ. ધર્માદા દવાખાનું.

ઠેકાણું-સ્વામિનારાયણનામંદિર પાસે, **અમદાવાદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી કેટલીક શાસ્ત્રોક્ત દવાઓના ભાવ.

		રૂ. આ પા.
સહસ્ત્રપુટી અભ્રકભસ્મ	કિ. તો. ૧	૫૦–૦–૦
સુવર્ણ ભસ્મ	,,	૪૦–૦–૦
રૌપ્ય ભસ્મ	,,	૭–૦–૦
તામ્રભસ્મ	,,	૪–૦–૦
નાગભસ્મ	,,	૫–૦–૦
બંગભસ્મ નં ૧	,,	૪–૦–૦
જસદભસ્મ નં. ૧	,,	૪–૦–૦
લોહભસ્મ નં. ૧	,,	૪–૦–૦
પુર્ણચંદ્રોદયરસ (ષડગુણ જારીત)	,,	૬૦–૦–૦
,, (દ્વગુણ જારીત)	,,	૩૫–૦–૦
સુવર્ણવસંતમાલતીરસ	,,	૨૦–૦–૦
સુવર્ણમાક્ષિકભસ્મ	,,	૪–૦–૦
પંચામૃતપર્પટીરસ	,,	૪–૦–૦
વસંતકુસુમાકરરસ	,,	૨૦–૦–૦
જયમંગલરસ	,,	૮–૦–૦
લીલાવિલાસરસ	,,	૪–૦–૦
સુવર્ણપર્પટીરસ	,,	૨૦–૦–૦
ત્રિભુવનકિર્તીરસ	,,	૨–૦–૦
પવાલપંચામૃતરસ	,,	૪–૦–૦
રસસિંદુરરસ	,,	૪–૦–૦
ચંદ્રપ્રભા ગુટીકા નં ૧	,,	૪–૦–૦
અંબર	,,	૬૦–૦–૦
કસ્તુરી	,,	૪૦–૦–૦
શીલાજીત	,,	૨–૦–૦
દ્રાક્ષાસવ રતલ ૧॥ ના	,,	૧–૮–૦
જીવન (ચ્યવનપ્રાશાવલેહ) ર. ૧	,,	૨–૮–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભૂત

ચિકિત્સા પદ્ધતિ.

ચિકિત્સા કરતાં પહેલાં જાણવા જોગ કેટલીક જરૂરી બાબતો.

વ્યાધિ.

" तद्‌दुःख संयोगा व्याधयः સુ. સૂ. અ ૨૪

(પીડા એ દરદનું સ્પષ્ટ ચિન્હ છે)

દરેક દેશના ગરીબ, તવંગર, યુવાન તેમજ ઘરડા વર્ગના સ્ત્રી પુરૂષને દરદથી મુક્ત રહી તંદુરસ્ત રહેવાની ઈચ્છા હોય છે. ત્યારે વ્યાધિ એટલે શું ? અને તંદુરસ્તી એટલે શું ? એમ સવાલ ઉઠે છે.

समदोषः समाग्निश्च, समधातु मलक्रियः ।

प्रसन्नात्मेन्द्रियमनाः स्वस्थ इत्यभिधीयते ॥

તંદુરસ્ત માણસનું લક્ષણ–જેના શરીરમાં ધાતુ અને દોષ સમાન છે; જેની જઠરાગ્નિનું બળ બરાબર છે, દરેક ક્રિયા (મળસૂત્ર) બરાબર થતી હોય, તેમજ જેની ઇંદ્રિયો મન અને આત્મા પ્રસન્ન રહે છે, તેને સ્વસ્થ મનુષ્ય કહી શકાય. તંદુરસ્તી એ માણસની કુદરતી સ્થિતિ છે, અને તેથી એમ પણ સિદ્ધ થાય છે કે રોગ એ અસ્વાભાવિક સ્થિતિ છે.

વ્યાધિના કારણનો વિચાર કરવો એ જરૂરી છે; કારણ કે વ્યાધિની ઓળખાણથી તેની ચિકિત્સા કરવાનું કામ સહેલું થઇ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આયુર્વેદ શાસ્ત્ર પ્રમાણે વાત, પિત્ત, અને કફની સમાનતા એ આરોગ્યનું ચિન્હ છે, અને વિષમતા એ રોગનું ચિન્હ છે. આ ત્રણે દોષોની વિષમતા અથવા ન્યુનાધિક્યતા આહાર વિહાર ઉપર આધાર રાખે છે. દાખલા તરીકે વાતનું આધિક્ય હોય તો વાત જ્વર ઉત્પન્ન કરે છે, પિત્તનું આધિક્ય પિત્ત જ્વર ને ઉત્પન્ન કરે છે, અને કફનું આધિક્ય કફજ્વરને ઉત્પન્ન કરે છે. એમાંના બબ્બે દોષોના આધિક્યવાળા દોષો મિશ્રિત દોષોવાળા જ્વરોને ઉત્પન્ન કરે છે; અને જ્યારે ત્રણે દોષો કોપ પામે છે, ત્યારે ત્રણ દોષવાળો ભયંકર સંનિપાત જ્વર ઉત્તપન્ન થાય છે. ત્યારે દોષ એ શું ? તે જાણવું જોઇએ.

વાત-પિત્ત-કફ. Vat–Pitt–Cough.

સાત ધાતુઓનો ઉત્પત્તિ ક્રમ આ દોષો ઉપર આધાર રાખે છે, અને આખા શરીરમાં મુખ્ય એ ત્રણ વસ્તુ ક્રિયા કરે છે.

વાત–પિત્ત–કફ આ ત્રણની આયુર્વેદ શાસ્ત્ર પ્રમાણે ત્રિપુટી કહેવાય છે. ત્રણ દોષ મહાન્ અર્થ સૂચક છે **'વાત'** શબ્દમાં માત્ર વાયુ Wind એવો અર્થ લેવાનો નથી, એ શબ્દને મગજની જબરી શક્તિના વ્યવહાર કરનાર શબ્દ તરીકે બતાવેલો છે. અંગ્રેજીમાં જેને Nervous System કહે છે, તેજ આ વાત છે. એજ પ્રકારે **પિત્તનો** Bile અર્થ નહિ કરતાં તેમાં આખી Blood System નો સમાવેશ થાય છે. એવી રીતે કફ મોઢામાંથી (નીકળતો બળગમ એટલે કફ) નીકળે તેજ માત્ર નથી; પણ કફનો અર્થ આખા શરીરનો વ્યાપાર સમજવો. અંગ્રેજીમાં તેને Lymphatic Sestem કહે છે.

આ ત્રણે શરીરના જીવન વ્યાપારો છે. તેઓ વિકાર પામે તો નાશ કરે છે; અને સમાન અવસ્થામાં શરીરની વૃદ્ધિ કરે છે.

શરીરની સાત ધાતુઓ અને તેના મેલો એ વાત, પિત્ત, કફ વડે દૂષિત થાય છે, એટલે બગડે છે. એટલા માટે એ ત્રણેને **દોષ** એવું નામ આપવામાં આવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આર્ય વૈદ્યક શાસ્ત્રના સિદ્ધાન્તો પ્રમાણે ત્રણ દોષ માટે વાગ્ભટ્ટાચાર્યે જણાવ્યુ કે वायुः पित्तं कफश्चेति त्रयो दोषाः समासतः विकृताऽविकृता देहं घ्नंतिते वर्द्धयन्तिच ॥

। वा. सु. अ. १ लो.

ઉપર પ્રમાણે વાત, પિત્ત, અને કફ એ ત્રણ દોષોથી શરીરનું ધારણ થાય છે તે દોષોના સ્વરૂપનું અને કર્તવ્યનું દિગ્દર્શન કરવું આ જગ્યાએ ઉચિત ગણાશે. સર્વ રોગની કુંચી વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષોમાં છે. આયુર્વેદશાસ્ત્રના સિદ્ધાન્તોને અનુસરીને દોષો ચિકિત્સામાં દર વખતે ઉપયોગી છે, કારણ કે રોગોના નિદાનમાં મુખ્ય વાત, પિત્ત અને કફ સંબંધી રોગોના નિદાનની વ્યાખ્યા આપ્યા પછી દ્વંદ્વ, સંનિપાત વિગેરેની વ્યાખ્યા આપી છે.

શબ્દાર્થ.

આયુર્વેદ શાસ્ત્ર અથર્વવેદનું ઉપાંગ છે, અને તેમાં જે જે શબ્દોનાં નામ આપવામાં આવ્યાં છે તે સાર્થક નામ છે. જણાવવાને કહેવું જોઈએ કે, વ્યાકરણ શાસ્ત્ર પ્રમાણે (૧) ગતિ અને સૂચનવાળા 'વા" ધાતુથી પર કૃત્ સંજ્ઞક "ક્ત" પ્રત્યય આવવાથી **વાત** શબ્દ થયો છે. (૨) સંતાપ અર્થવાળા તપ્ ધાતુ ઉપરથી કૃત્ સંજ્ઞક ક્ત પ્રત્યય આવવાથી તથા પૃષોદરાદિ ગણની રીતિથી વર્ણનો વિપર્યય થવાથી **પિત્ત** શબ્દ થયો છે. (૩) અને આલિંગન અર્થવાળા શ્લિષ્ ધાતુ ઉપરથી કૃત્સંજ્ઞક મનિ પ્રત્યય આવવાથી "શ્લેષ્મન્" શબ્દ થયો છે કે જે કફનો પર્યાય છે. એ ધાતુઓના ઉપરથીજ સામાન્ય રીતે વાત, પિત્ત અને કફ એઓના રૂપો અને કામો ધ્યાનમાં આવી જાય છે.

ઉપર પ્રમાણે સુશ્રુત—આચાર્યે સુશ્રુતના અધ્યાય ૨૧ મા પ્રકરણમાં જણાવ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતસ્થાન.

હવે દોષોના સ્થાન જાણવાની ખાસ જરૂર છે. તેમાં પ્રથમ વાત દોષ મલાશયમાં, વન્હિ સ્થાનમાં, હૃદયમાં, કંઠમાં અને સર્વાંગ દેશમાં પાંચ પ્રકારથી રહે છે.

વાતદોષનું સ્વરૂપ.

તે વાયુ સઘળા કામોમાં સ્વતંત્ર છે, અવિનાશિ છે અને જગતમાં વ્યાપી રહેલ છે. તેથી સ્વયંભૂ કહેવાય છે. એ વાયુ જગતનાં સઘળાં પ્રયોજનોમાં કારણ રૂપ છે. તેથી સર્વ લોકો તેને પ્રણામ કરે છે. એ વાયુદેવ સર્વ પ્રાણીઓની ઉત્પતિનું, જીવનનું, અને મરણનું કારણ છે. અદ્રશ્ય મૂર્તિવાળો છતાં પણ પ્રકટ ક્રિયાવાળો છે. સ્વભાવિક રીતે શીત છે, બીજા પ્રદાર્થોના યોગથી ઉષ્ણ પણ થાય છે. હલકો, ખરસર સ્પર્શવાળો, આડીગતિ વાળો છે. શબ્દ તથા સ્પર્શ એ બે ગુણવાળો છે. સત્વ આદિ ગુણવાળો છે, એ ત્રણ ગુણોમાં પણ પ્રવૃતિ સ્વભાવવાળો હોવાને લીધે રજોગુણના આધિક્ય ગુણવાળો કહ્યો છે; रजोगुणमयः सुक्ष्मः शीतो रूक्षो लघुश्चलः ॥ ટુંકમાં અચિંત્ય શક્તિવાળો છે, દોષોનો ધાતુઓનો અને મળનો પ્રેરક છે. જો બગડે તો રોગોનાં પિત કફ તથા રૂધિરાદિ જે કરાણો છે તે સકળ કારણોમાં મુખ્ય છે. ઝડપથી ક્રિયા કરનારો છે. પ્રકૃતિસ્થ દશામાં પણ વારંવાર ગતિ કરનારો છે, અને મુખ્યત્વે કરીને પકવાશયમાં તથા ગુદાશયમાં રહે છે. વાયુનો પ્રકોપ ન થયો હોય ત્યાં સુધી તે દોષોના તથા ધાતુઓની, અગ્નિનીસમાનતા કરે છે, અને સઘળી ઇંદ્રિયોને વિષયની પ્રાપ્તિ કરી આપે છે, અને શરીર, વાણી તથા મનની પોતાની ક્રિયાઓને અનુકુળ રીતે પ્રવર્તાવે છે. એ વાયુ પાંચ પ્રકારનો છે.

વાયુના પાંચ પ્રકાર—સ્થાનોના ભેદને લીધે (૧) પ્રાણ (૨) ઉદાન (૩) સમાન (૪) વ્યાન તથા (૫) અપાન એ પાંચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામવાળો વાયુ પોતાના સ્થાનકોમાં રહીને સર્વ પ્રાણીઓનો નિર્વાહ ચલાવ્યા કરે છે.

૧. પ્રાણ હૃદયમાં રહે છે. ૨. ઉદાન–કંઠમાં રહે છે. ૩. સમાન (નાભિમાં એટલે) આંતરડાંમાં રહે છે. ૪. વ્યાન–આખા શરીરમાં રહે છે. ૫. અપાન–મળાશયમાં રહે છે.

પ્રાણ વાયુનું કાર્ય—એ વાયુ મુખમાં, મસ્તકમાં, છાતીમાં, કંઠમાં તથા નાસિકામાં ફરનારો અને શરીરનો નિભાવ કરનારો છે, તેમ વાયુ અન્નને અંદર પેસાડે છે અને જીવનના આધાર ભૂત હૃદયને ધારી રાખે છે; તેનો પ્રકોપ થવાથી હેડકી, શ્વાસ, ખાંસી સ્વરભેદ તથા પ્રતિશ્યાય વિગેરે રોગો થાય છે.

ઉદાન વાયુનું કાર્ય—એ વાયુ નાભિ, છાતી તથા કંઠ-રૂપી ઉંચા સ્થાનકોમાં ગતિ કર્યા કરે છે. તેના કોપથી નેત્ર, મુખ, નાસિકા, કાન તથા માથા વિગેરેના રોગો ઉત્પન્ન થાય છે.

સમાન વાયુનું કાર્ય—આ વાયુ શરીરના દરેક ભાગમાં ફરે છે અને અન્નના સારભૂત રસને શરીરના સર્વ ભાગોમાં ગતિ આપ્યા કરે છે, પરસેવાનો અને રૂધિરનો સ્રાવ કરે છે અને હાથ પગ વિગેરે અવયવોને પ્રસારણ, આકુંચન, ઉન્નમન, વક્ર (વાંકુ) તથા ગમન, એ પાંચ પ્રકારની ચેષ્ટા કરાવે છે. તેનો પ્રકોપ થવાથી તાવ, ઝાડો અને રક્તપિત્ત વગેરે રોગો ઉત્પન્ન થાય છે.

અપાન વાયુનું કાર્ય—એ વાયુ પક્વાશયમાં રહી મળ, મૂત્ર, વીર્ય અને રજને નીચે લઈ જાય છે. તેનો પ્રકોપ થયો હોય તો મૂત્રાશયના પથરી વિગેરે રોગો તથા ગુદાશયના ભગંદર વિગેરે રોગોને ઉત્પન્ન કરે છે. એ પાંચે–વાયુનો એકી વખતે કોપ થવાથી દેહનાશ પામે છે.

અર્વાચીન મત પ્રમાણે **"વાત"** વાયુને પ્રાધાન્ય આપવામાં આવે છે અને તેથી કરીને પક્ષાઘાત (હેમિપ્લેજીયા) પૅરલિસીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિગેરે રોગોમાં પણ વાત-પ્રાધાન્ય કબુલ કરવામાં આવ્યું છે. અંગ્રેજી વૈદ્યકમાં વાયુ થવાનાં ત્રણ કારણો બતાવ્યા છે. (૧) શરીરની અંદર રહેલો વાયુ મોંઢાની બહાર નીકળી તુરત મોંઢાની અંદર ગળી જવામાં આવે છે અને અંદર ભરાઈ રહે છે. (૨) ખોરાક અને રસ આંતરડામાં હોય છે તે વખતે તેના રસાયણી ફેરફારથી વાયુ ઉત્પન્ન થાય છે. (૩) આંતરડાના રસપિંડમાંથી બીજા રસની પેઠે વાયુ ઉત્પન થાય છે. તે લોકો બીજી રીતે પણ કબુલ કરે છે કે મોંઢામાં ઓડકાર આવવા, ગુદા દ્વારાએ વાછુટ થવી, એ વિગેરે શરીરની અંદર થતાં ચિન્હો વાયુનાં છે.

પિત્તસ્થાન.

પિત્તના સંબંધમાં જણાવવાનું કે જેવી રીતે વાતના પાંચ સ્થાનકો છે તેવી રીતે પિત્તનાં પાંચ સ્થાન છે. (૧) જમણા પડખામાં યકૃત્ અથવા કાળખંડ નામની ગાંઠ તથા ડાબા પડખાની પ્લીહા (બરોલ) નામની ગાંઠ. (૨) હૃદય (૩) દ્રષ્ટિ (૪) ત્વચા. (૫) પકવાશય તથા અમાશયનું મધ્ય. એ પાંચ સ્થાન પિત્તનાં છે.

પિત્તના પાંચ પ્રકાર.

વાયુ જેવી રીતે પાંચ પ્રકારનો છે; તેવી રીતે પિત્ત પણ સ્થાન ભેદથી પાંચ પ્રકારનું છે.

(૧) પાચક. (૨) રંજક. (૩) સાધક. (૪) આલોચક અને (૫) ભ્રાજક. એ પાંચ પિત્તનાં નામો છે. એ પાંચના સ્થાન ઉપર પ્રમાણે છે.

પાચક પિત્તનું કાર્ય.

પકવાશય અને આમાશયનાં મધ્યમાં રહેલું પિત્ત અદૃષ્ટે આપેલી શક્તિથી ચારે પ્રકારના (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, અને ચોષ્ય,)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્નને પકાવે છે. રસ, દોષ, મૂત્ર અને વિષ્ટા એનું પૃથક્કરણ કરે છે, અને તે જગ્યાએ રહી પોતાની શક્તિથી અગ્નિનું કામ કરે છે. આ પિત્ત પાચકાગ્નિના નામથી ઓળખાય છે.

રંજકાગ્નિ પિત્તનું કાર્ય.

યકૃત્ અને પ્લીહામાં રહેલું જે પિત્ત રસને રંગ્યા કરે છે, તેથી તે **રંજકાગ્નિ**ના નામથી ઓળખાય છે.

સાધકાગ્નિ પિત્તનું કાર્ય.

હૃદયમાં રહેલું પિત્ત હૃદયમાં રહેલા કફરૂપી અંધકારને દૂર કરી મનને સ્પષ્ટ તથા ગુણવાન કરી આપીને ધારેલા મનોરથ (ધર્મ, અર્થ કામ અને મોક્ષ)ને સિદ્ધ કરી આપે છે. તેથી એ **સાધકાગ્નિ**ના નામથી ઓળખાય છે.

આલોચકાગ્નિ પિત્તનું કાર્ય.

દ્રષ્ટિમાં રહેલું પિત્ત રૂપોનું ગ્રહણ કરાવે છે, તેથી તે **આલોચકાગ્નિ**ના નામથી ઓળખાય છે.

ભ્રાજકાગ્નિ પિત્તનું કાર્ય.

ત્વચામાં રહેલું પિત્ત અભ્યંગ1, પરિષેક2, અવગાહન3, તથા અવલેપન4, આદિ ક્રિયાઓના ઉપયોગમાં લેવામાં આવેલાં દ્રવ્યોને પકાવે છે, તથા કાંતિને ઉત્પન્ન કરે છે, તેથી એ **ભ્રાજકાગ્નિ**ના નામથી ઓળખાય છે.

આ ઉપરની હકીકતનો વિચાર કરતાં સિદ્ધ થાય છે કે **“ પિત્ત અને અગ્નિ એ બંન્ને જુદાં જુદાં નથી પણ એકજ છે. ”**

---

૧ અંગ ઉપર તેલ ચોળવું.
૨ ઉપરથી જળ વિગેરેની ધારા કરવી.
૩ જળ વીગેરેની ભરેલી કોઠીમાં બેસવું,
૪ અંગ ઉપર ચોપડવું અગર લગાડવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે ત્યાં સંશય ઉત્પન્ન થાય છે કે “ અગ્નિ એ પદાર્થ પિત્તથી ન્યારો છે કે કેમ અથવા જે પિત્ત છે તે અગ્નિ છે કે કેમ ” આ શંકા બાબત સુશ્રુતાચાર્યે સમાધાનમાં ઉત્તર આપ્યો છે કે:-“ અગ્નિ પિત્તથી જૂદો છે ” એમ કોઈપણ પ્રમાણથી સિદ્ધ થતું નથી, પ્રત્યક્ષ પ્રમાણથી જોઇએ તો શરીરમાં પિત્ત શિવાય બીજો અગ્નિ જોવામાં આવતો નથી. અગ્નિના તમામ ગુણો પિત્તમાં છે. તેથી પિત્તજ આહારાદિકને પકાવવાની તથા બાળવાની વગેરે ક્રિયાઓમાં પ્રવર્તેલું હોવાને લીધે તેનેજ અગ્નિનું સાદૃશ્ય આપીને ‘જઠરાગ્નિ’ એ શબ્દથી કહેવામાં આવે છે. અનુમાન પ્રમાણ જોઇએ તો તેથી પણ સિદ્ધ થાય છે કે શરીરમાં પિત્ત શિવાય બીજો અગ્નિ નથી.

અગ્નિના ગુણોવાળું પિત્ત જ્યારે ક્ષીણ થાય છે, ત્યારે અગ્નિ જેવીજ ઉષ્ણતા તથા તીક્ષ્ણતાવાળા ઔષધોનો ઉપયોગ કરવામાં આવે છે અને અત્યંત વધે છે ત્યારે શીત ક્રિયાઓનો ઉપયોગ કરવામાં આવે છે. આગમ (શાસ્ત્ર) પ્રમાણથી જોઇએ તો પણ “ શરીરમાં પિત્ત શિવાય બીજો અગ્નિ નથી, ” એમ સિદ્ધ થાય છે, કેમકે સઘળા આયુર્વેદમાં કોઇ જગાએ પણ “ અગ્નિને પિત્તથી જુદો ગણ્યો હોય એમ જોવામાં આવતુ નથી. ”

પિત્તનું સ્વરૂપ.

પિત્ત રાઈ તથા મરીની પેઠે તીક્ષ્ણ છે. દ્રવરૂપ છે, કાચા માંસાદિકનાં ગંધવાળું છે. આમવાળું હોય ત્યારે નીલ રંગવાળું હોય છે, આમ વગરનું હોય ત્યારે (પીત) પીળા રંગવાળું હોય છે, તીખા રસવાળું હોયછે અને વિરૂદ્ધ પકવાવસ્થામાં ખાટું હોય છે.

અર્વાચીન લોકો પણ **પિત્તને** માને છે, અને તેમનું કહેવું છે કે **પિત્તાશય** છે તેમાં **પિત્ત** રહે છે અને તે પાચન ક્રિયામાં સદુપયોગી છે. પિત્તના સ્વરૂપની બાબતમાં તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણી સાથે સંપૂર્ણ રીતે મળતા છે. તે લોકોએ પિત્તના બે ભાગ પાડ્યા છે. નિરૂપયોગી અને ઉપયોગી પિત્ત ખોરાકને પાચન કરવામાં સારી મદદ કરે છે, કલેજામાંથી પિત્ત ઉત્પન્ન થાય છે, એમ માનવાનું છે. આ બાબત વિચાર કરતાં એટલું સિદ્ધ થાય છે કે પિત્તના સ્વરૂપ અને સ્થાનની બાબતમાં તે અને આપણે એકમતના છીએ. તેમ પ્રાચનક્રિયાને મદદ કરવાનું કામ પિત્તનું છે એ પણ તેઓ કબુલ કરે છે. એટલે ઘણા અંશે પિત્તની બાબતમાં એ લોકો અને આપણે એકમતના છીએ. પિત્તના સંબંધમાં તે લોકો પણ એટલા બધા ઉંડા ઉતર્યા છે કે તેનો ખ્યાલ સૂક્ષ્મ રીતે કરીએ તો તે ખ્યાલ સહજમાં થઈ શકે તેમ નથી.

કફસ્થાન.

૧ આમાશય, ૨ અંતઃકરણ, ૩ કંઠ, ૪ મસ્તક, ૫ સંધિ. એ પાંચ સ્થાન કફનાં છે.

કફના પાંચ પ્રકાર.

પિત્ત જેવી રીતે પાંચ પ્રકારનું છે. તેવી રીતે કફ પણ પાંચ પ્રકારનો છે. ૧ કલેદન કફ, ૨ અવલંબન કફ, ૩ રસન કફ, ૪ સ્નેહન કફ, ૫ શ્લેષ્મણ કફ; એ પાંચ કફના નામ છે. એ પાંચનાં સ્થાન ઉપર પ્રમાણે છે.

કલેદન કફનું કાર્ય--આમાશય જે કફનું પહેલું સ્થાન છે તે પિત્તાશયની ઉપર છે કારણ કે તેજોમય પિત્ત કે જે અગ્નિની પેઠે ઉંચી ગતિવાળું છે. તેની પોતાની ઉપર પોતાનાથી વિરૂદ્ધ ગુણવાળો આમાશય ન હોય તો તે પિત્ત સ્વચ્છંદ ગતિવાળું થઇને શરીરને બાળી નાંખે. જગત્ કર્તાએ જેમ સૂર્યના તેજની ઉર્ધ્વ ગતિને અટકાવવા માટે સૂર્યની ઉપર ચંદ્ર ગોઠવ્યો છે. તેમ પિત્તની ઉર્ધ્વ ગતિને અટકાવવા માટે પિત્તાશયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આમાશયને ગોઠવ્યો છે. આમાશયના ચારે પ્રકારના આહારનો આધાર છે માટે તેની નીચે જો પિત્ત અગ્નિ ન હોય તો સઘળો આહાર કાચોજ રહે તેથી પણ આમાશયની સ્થિતિ પિત્તાશયની ઉપરજ સંભવે છે. આમાશયમાં આવેલો આહાર આમાશયમાં રહેલા દ્રવ તથા સ્નેહ આદિ જળ સંબંધી ગુણોને લીધે છુટા છુટા અવયવાવાળા થઇ જાય છે. અને તેથી સહજ પચે તેવો થઈ જાય છે. **આમાશયમાં** મધુરપણું, ચીકણાપણું તથા આર્દ્રપણું ઈત્યાદિ ગુણો હોવાને લીધે તેમાં મધુરતાવાળો તથા શીતળતાવાળો કફ પુરી સગવડ પામીને રહે છે. એ કફ આમાશયમાં રહ્યો રહ્યો પોતાની શક્તિથી જળનાં પૂરણ તથા ક્લેદન આદિ કૃત્યો કરીને બીજાં કફ સ્થાનોનો તથા શરીરનો ઉપશય કરે છે.

અવલંબન કફનું કાર્ય—સ્તનોના મધ્યમાં રહેલો કફ અન્નોના રસ સહિત પોતાની શક્તિથી ખભાના બે હાથના સંધિસ્થાનને ધરી રાખે છે અને હૃદયને કાર્યમાં સમર્થ કરે છે.

રસન કફનું કાર્ય—જીભના મૂળને લગતો કંઠમાં રહેલો કફ સૌમ્યપણાથી જીભને સારી રીતે રસનું જ્ઞાન આપે છે.

સ્નેહન કફનું કાર્ય—માથામાં રહેલો કફ સ્નેહથી તૃપ્ત કરવાના કામમાં ગોઠવાયેલો હોવાને લીધે પોતાની શક્તિથી ઇન્દ્રિયો ઉપર અનુગ્રહ કરે છે.

શ્લેષ્મણ કફનું કાર્ય—સાંધાઓમાં રહેલો કફ સઘળા સંધિઓને જોડી રાખવાથી તેઓના ઉપર અનુગ્રહ કરે છે.

એ પાંચ પ્રકારનો કફ મનુષ્યોનાં આમાશય, હૃદય, કંઠ, મસ્તક અને સંધિઓએ સ્થાનોમાં અનુક્રમે રહે છે. એટલે કે ૧ ક્લેદન આમાશયમાં, ૨ અવલંબન હૃદયમાં, ૩ રસન કંઠમાં, ૪ સ્નેહન માથામાં, ૫ શ્લેષ્મણ સંધિઓમાં રહે છે, એ પ્રમાણે તેનાં પાંચ સ્થાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કફનું સ્વરૂપ.

કફ સફેદ છે, ભારે છે, સ્નિગ્ધ છે, ચીકણો છે; અને શીતળપણાના ગુણોવાળો છે. એ કફ અપકવ સ્થિતિમાં મધુર હોય છે. અને પકવાવસ્થામાં ખારો હોય છે. અથવા પ્રકૃતિસ્થ હોય ત્યારે મધુર હોય છે અને દુષ્ટ થયો હોય ત્યારે ખારો હોય છે.

અર્વાચીન અંગ્રેજી વૈદ્યો કફની બાબતમાં આપણને સંપૂર્ણ રીતે મળતા છે, અને ફેફસાની અંદર કફ રહે છે એમ તેમનું માનવું છે. ઉપર પ્રમાણે દોષોનું સ્વરૂપ અને કર્તવ્ય જાણ્યા પછી આપણે ચાલુ વિષયપર આવીએ છીએ.

જ્વર-તાવ (Fever.)

કારણ—વાત, પિત અને કફ એ ત્રણ દોષો, અયોગ્ય આહાર વિહારથી, આમાશયમાં રહેલા રસને દૂષિત કરી કોઠાના અગ્નિની ઉષ્ણતાને બહાર કાઢી દેહ, ઇંદ્રિયો અને મનને સંતાપ કરી જ્વર ઉત્પન્ન કરે છે; એટલે શરીરની જે સ્વાભાવિક ગરમી હોય છે, તે ઉપરાંતની ગરમી તાવ ગણાય છે. ઋતુના ફેરફારથી, હવા દૂષિત થવાથી, વિષજન્ય સૂક્ષ્મજંતુઓથી, ઉજાગરો થવાથી, બહુ શ્રમ કરવાથી, અજીર્ણથી, ઝાડાની કબજીયતથી તડકો વેઠવાથી, ભારે ખોરાક ખાવાથી, વગેરે કારણોથી શરીરની ધાતુઓ વિકાર પામી તાવને ઉત્પન્ન કરે છે. આયુર્વેદશાસ્ત્ર પ્રમાણે વાત, પિત, અને કફની સમાનતા એ આરોગ્યતાનું ચિન્હ છે. અને વિષમતા એ રોગનું ચિન્હ છે. આ ત્રણે દોષની વિષમતા અથવા ન્યૂનાધિક્યતા આહાર વિહાર પર આધાર રાખે છે. એ ધોરણ તરફ નજર કરતાં શરીરનું વાતનું આધિક્ય વાતજ્વરને, પિત્તનું આધિક્ય પિત્તજ્વરને અને કફનું આધિક્ય કફજ્વરને ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે વાતજ્વર, પિત્તજ્વર, કફજ્વર; વાતપિત્તજ્વર; કફપિત્તજ્વર, સન્નિપાતજ્વર, વિષમજ્વર અને જીર્ણજ્વર વગેરે જુદા જુદા જ્વરો ઉત્પન્ન થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય લક્ષણ—અન્નપર અરૂચિ, થાક લાગવો, મોઢાનું બેસ્વાદ થવું, પેટમાં બોજો, ઝાડાની કબજીયત, માથાનો દુઃખાવો, શરીરના તમામ સાંધાનો દુઃખાવો, રૂંવાટાં ઉભાં થવાં, ઠંડી, વાયુ અને તડકાની વારંવાર ઇચ્છા અને અભાવ, પરસેવો આવે નહિ, ચક્કર આવે, વાંસાની ફાટ, આંખોમાં ગરમી, ઉબકા સાથે ઉલટી, વગેરે લક્ષણો થવા માંડે છે. તાવમાં પિત્ત અથવા ગરમીનો વિશેષ ઉપદ્રવ થાય છે. તાવ ભરાયા પછી શરીરની ઉષ્ણતા થવાની સાથે ઉપર લખ્યા પ્રમાણે લક્ષણો થાય છે.

વાતજ્વર.

લક્ષણ—વાત પ્રકોપ કરનાર આહાર વિહારથી વાયુ આમાશયમાં જઈ રસને દૂષિત કરી જઠરાગ્નિની ઉષ્ણતાને બહાર કાઢે છે. બગાસાં આવવાં શરીરમાં કંપારો છુટવો ઘડીકમાં તાવ વધારે આવવો અને ઘડાકમાં ઉતરી જવો; કંઠ, હોઠ, અને મોઢું સુકાઇ જવું, ઉંઘ ન આવવી વગેરે લક્ષણો વાતજ્વરનાં છે.

ઉપાય-(૧) લાંઘણ દરેક તાવમાં હિતકારક છે તોપણ ઋતુ, દોષ, પ્રકૃતિ અને દરદીની શક્તિનો વિચાર કરીને લાંઘણ કરાવવી. વાતજ્વરમાં લંઘનની મુદ્દત વૈદ્યકશાસ્ત્રે ૬ દિવસની ઠરાવી છે. આમવાળા વાતજ્વરના દરદીને લંઘન કરાવવાથી સુખ થાય છે. તાવમાં દોષનું જોર વધારે હોય તો વધારે દિવસ લંઘન કરાવવું. (૨) કરીઆતુ, નાગરમોથ લીંબડાની ગળો, વિરણનો વાળો, રીંગણી, ભોંયરીંગણી, ગોખરૂ અને સુંઠનો સરખા વજને કરેલો દીપન પાચન ક્વાથ આપવો; તેમજ (૩) એરંડાના મૂળ, રાસ્ના, વરીઆળી, કારીજીરી. એલાયચી અને નાગકેસરનો સમભાગે કરેલો દીપન પાચન ક્વાથ આપવો; તેથી તાવનું પાચન થઇ તાવ ઉતરી જશે. (૪) સુંઠ, મરી, ગળો અને પીંપળીમૂળનો ઉકાળો પીવો. આ પ્રમાણે લંઘન તથા સામાન્ય ઉપાયથી તાવ ન ખસે તો પછી સાતમે દિવસે (૫) ચિંતામણિ રસ–રતિ રતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાર સવાર સાંજ તુલસીના પાનના અડધા રૂપીઆભાર રસમાં દિવસમાં બે વખત લેવો.

ચિંતામણિ રસ—જીરૂ, શાહજીરૂ, લીંડીપીપર, સુંઠ, પંચલવણ (સિંધવ, સંચળ બીડલવણ વડાગરૂ, મીઠું ગસીયુ મીઠું-કાચલવણ), મરી, શુદ્ધ ગંધક, અભ્રકભસ્મ, ટંકણ જવખાર, સાજીખાર, શુદ્ધ પારો, એ તમામ ચીજો પા પા રૂપીઆ ભાર લઇ અને તેથી અડધો ભાગ શુદ્ધ વછનાગ લેવો, ને એ બધાને ખરલ કરવો.

(૬) **જ્વરઘ્નો વટી**—પારો, સરસીઆના તેલમાં શોધેલો ગંધક. એળીઓ, પીંપર, હરડે, અકલગરો, ઇન્દ્રવરણાં એ બધાને ઘુંટી ઈન્દ્રવરણાના રસમાં ચણાના દાણા જેવડી ગોળી વાળવી આ ગોળી ૧ થી ૪ સવાર સાંજ પાણી સાથે લેવી બધી જાતના તાવ માટે આ અકસીર ઈલાજ છે.

(૭) **લઘુ સુદર્શન**—કડુ, કરીઆતુ, કડવીજીરી, કોલંબો અને કાયફળ સમભાગે ખાંડી તો. ૦। લેવું. લંઘનથી દોષનું જોર નરમ પડયા પછી મગનું ઓસામણ, જીરૂ, ધાણા અને સિંધાલુણ નાખી આપવું તથા સારી રીતે ચઢેલો ભાત ઓસામણ સાથે આપવો.

પિત્તજ્વર.

લક્ષણ—હાથે પગે અને આંખોમાં દાઝ થવો એ પિત્તજ્વરનું લક્ષણ છે. તે સિવાય ઝાડો, ઉલટી, બડબડાટ, તૃષા, મોં આવી જવું, ઝાડો પેસાબ પીળાં થવાં વગેરે ચિન્હો છે. શરદઋતુમાં આ તાવનો વિશેષ ઉપદ્રવ થાય છે.

ઉપાય—(૧) દોષનો વિચાર કરી એક બે ટંક લંઘન કરાવવું. (૨) ઇંદ્રજવ, નાગરમોથ અને કડુનો કવાથ આપવો. (૩) કાળી દ્રાક્ષ, વળીઆળી, જેઠીમધ, બનપ્સા, ખુબકલા ગળ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માળાનો ગોળ, મકકો, ગુલાબના ફુલ એ સમભાગે લઇ તેનો ઉકાળો કરી પીવાથી પિત્તજ્વર તથા શોષ, દાહ, ભ્રમ, મૂર્છા વિગેરે મટે છે અને દસ્ત સાફ આવે છે. (૩) વરીઆળી, મકકો, બનફસા, અને સાકરનો કવાથ પીવો. (૪) ખડસલીયો, મોથ, ધમાસો, કરીઆતુ, અને ઇંદ્રજવનો કવાથ પીવો. દાહ બહુ થતો હોય તો (૫) રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખેલા ધાણા તથા વરીઆળીનું હીમ પીવાથી પિત્તજ્વરનો દાહ શાંત થાય છે. (૬) બનફ્સાનો કવાથ પિત્તજ્વરના દાહને શાંત કરે છે. (૭) બનફ્સાનું શરબત પિત્તજ્વરને શાંત કરી શરીરે થતો દાહ મટાડે છે. પિત્ત-જ્વરમાં શરીરે દાહ વધારે થાય છે માટે (૮) સુખડ, કપુર, અને વાળાનો લેપ કરી શરીરે ચોપડવો. (૯) માથા પર ગુલાબજળનાં પોતાં મુકવાં અથવા (૧૦) લવન્ડર વૉટર અથવા કૉલન વૉટરનાં પોતાં મુકવાં. કાળી માટી ટાંકાના પાણીમાં પલાળી માથાપર તેની થેપલી મુકવી. (૧૧) સુરોખાર પાણીમાં નાંખી તેનાં પોતાં માથા પર મુકવાં. અગર તાવનું જોર હોય ત્યાં સુધી માથા પર બરફ રાખવો કે ઘસવો. (૧૨) **ત્રિભૂવનકિર્તિ રસ**-હિંગલોક, વછનાગ, સુંઠ, પીપર પીંપળીમૂળ, મરી અને ટંકણ સમભાગે લઇ તુળસી, આદુ અને ધંતુરાના પાનના રસની અકેકી ભાવના આપી રતી ભારની ગોળી ૨ થી ૪ ગોળી બે વખત આપવી. આથી પરસેવો વળી તાવ નરમ પડશે. લંઘનથી દોષ નરમ પડયા પછી મગનું ઓસામણ, ચોખાની ચઢેલી કણકી, મગ ચોખાની પાતળી ખીચડી અને સાબુ ચોખાની કાંજી આપવી.

કફજ્વર.

લક્ષણ-શરદી થવાની સાથે ખોરાક પર અરૂચિ થવી, તે સિવાય શરીરમાં આળસ, ઠંડી, મોંમાં મીઠાસ, સળેખમ, શરી-રના સાંધા અકડાઇ જવા, છાતીમાં કફ અને દુઃખાવો, મંદાગ્નિ, ઉબકો વગેરે લક્ષણો થાય છે. આ તાવ વસંતઋતુમાં વિશેષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને જોવામાં આવે છે. ઉપરનાં ચિન્હો જણાયા પછીથી ઝાડાનો બંધકોશ થઇ તાવ આવે છે, ઉધરસ થાય છે. આ તાવમાં યોગ્ય સારવાર ન થાય તો ઉધરસ વધી જઇ ફેફસામાં કફ થઈ ન્યુમોનીયા થઈ જવાનો સંભવ રહે છે.

ઉપાય–(૧) કફનો દરદી લંઘન વધારે સહન કરી શકે છે; માટે દોષપર વિચાર કરી લંઘન કરાવવું. દોષનું પાચન થવા માટે (૨) ભારંગમૂળ, ઘોડાવજ, કરીઆતુ. ષડકચુરો, મરી, દેવદાર, અજમો, ચવક, ઉપલેટ, સુંઠ, ભોંયરીંગણી, પોખરમૂળ અને કાકડાસીંગનો સમભાગે કરેલો કવાથ પીવો, (૩) ગળો, મોથ, લીંબડો, કડુ અને નાગરમોથનો કવાથ મધ નાખીને પીવો. (૪) કાકડાસીંગી, પીંપર, કાયફળ, અને પોખરમૂળ સમભાગે લઇ તેનું ચુર્ણ કરી તેમાંથી પા પા રૂપીઆભાર લઈ મધમાં ચાટવાથી કફજ્વર સાથેની ખાંસી, શ્વાસ, તથા કફ દુર થાય છે. (૫) કફ કાચો હોય અને છાતીએ અમુંઝણ થતી હોય તો (૬) અરડુસીનાં પાન, ભોંયરીંગણી, અને ગળોનો ઉકાળો, વાલના દાણા જેટલો જવખાર અને મધ નાંખીને પીવો. (૭) **ચિન્તામણિરસ** (જુવો પાનું ૧૩) રતિરતિ ભાર તુલસીના પાનના રસમાં દિવસમાં બે વખત આપવો. (૮) ગાયના મૂત્રમાં અરડુસીનાં પાન નાંખીને છાતીએ સેક કરવો અથવા પોસના ડોડાનો સેક કરવો. (૯) જરૂર જણાય તો **શ્વાસકુઠાર રસ,** શુદ્ધ પારો, શુદ્ધ વછનાગ, શુદ્ધ ગંધક, ટંકણ, અને શુદ્ધ મનશીલ દરેક તોલા ૧, મરી તો. ૮ એ સર્વના ચુર્ણમાં સુંઠ તો. ૨, મરી તો. ૨, પીંપર તો. ૨ મેળવી ખલકરી રતી બેના આશરે પાનમાં ચાવી જવું. લંઘનથી દોષ નરમ થયા પછી મગનું ઓસામણ, ચોખાની કણકી અને સાબુચોખાની કાંજી આપવી.

બબે દોષવાળા તાવનાં કારણો તથા લક્ષણો પર વિચાર કરી તેની ચિકિત્સા કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતપિત્તજ્વર.

આ તાવમાં વાતહર, પિત્તહર અને જ્વરઘ્ન ઔષધોની યોજના કરવી જોઇએ. (૧) ગળો. લીંબડાની અંતરછાલ, ધાણા, પદ્મકાષ્ટ, અને રતાંજલીનો કવાથ પીવો. (૨) કરીઆતુ, કડુ, આંબળાં, ષડકચુરો દ્રાક્ષ, મરી, સુંઠ અને ગળોનો કવાથ કરી જુનો ગોળ નાંખી પીવો

કફવાતજ્વર.

આ તાવમાં કફ તથા વાયુનું જોર વિશેષ હોય છે. માટે કફહર, વાતહર, અને જ્વરઘ્ન ઔષધોની યોજના કરવાની જરૂર છે. (૧) દેવદાર, ભોંયરીંગણી, સુંઠ, અને પોખરમૂળનો સમભાગે કવાથ પીવો. (૨) ગરમાળાનો ગોળ, પીંપળામૂળનો ગંઠોડા, નાગરમોથ, કડુ અને હરડેનો સમભાગે કવાથ મધ નાંખીને પીવો. (૩) **દશ મુળાદિકવાથ**–૧ સાલવણ, ૨ પીઠવણ, ૩ ઉભીરીંગણી, ૪ બેઠીરીંગણી, ૫ ગોખરૂ, ૬ બીલી, ૭ અરણી, ૮ અરડુસો, ૯ શીવણ, ૧૦ પાડળ. આ પ્રમાણે દશમૂળનો કવાથ આપવાથી સારો ફાયદો કરે છે.

કફપિત્તજ્વર.

આ તાવમાં કફ અને પિત્તનું જોર વધારે હોય છે માટે કફહર, પિત્તહર, અને જ્વરઘ્ન ઔષધોની યોજના કરવાની જરૂર છે. (૧) અરડુસીનાં પાનનો સ્વરસ કાઢી સાકર નાખી પીવો. (૨) મોથ, પિત્તપાપડો, વિરણનો વાળો, દેવદાર, સુંઠ, ત્રિફળા, ધમાસો અને કરીઆતુ, તેનો કવાથ કરી પીવો. (૩) સુંઠ, પીપર, પીંપળીમૂળ, હરડે, મોથ, કડુ, ધાણા અને કરીઆતાનું ચુર્ણ સવાર સાંજે પા પા રૂપીઆભાર ગરમ પાણી સાથે આપવું. આ તાવમાં પણ દોષપર વિચાર કરીને મગનું ઓસામણ, ચોખાની કણકી તથા ચઢેલો ભાત આપવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સન્નિપાતજ્વર.

સન્નિપાતજ્વરના ૧૩ પ્રકારો છે, માટે તેનાં સામાન્ય લક્ષણો અને ચિકિત્સા નીચે પ્રમાણે છે.

(૧) **સંધિગ**—આ રોગથતાં પહેલાં શૂળ ઉભું થાય છે. વાયુની વેદના, ઘણી તરસ અને કફ થાય છે, તથા શરીરના તમામ સાંધાઓ દુઃખે છે. ઉપરનાં લક્ષણોપર વિચાર કરી ઔષધ યોજના કરવાની જરૂર છે. આ રોગને આપણા લોકો ટુંટીયું કહે છે.

ઉપાય-આ તાવમાં દરદીને હલકો જુલાબ આપવો. તાવની ગરમી વધારે હોય તો માથે બરફ મુકવો અગર ગુલાબજળનાં પોતાં મુકવાં. ઝાડો સાફ લાવવા માટે (૧) હીમજ, અતિવિષ, સિધાલુણ, સંચળ, અને સોનામખીની સમભાગે કરેલી ચુર્ણની ફાકી સવાર સાંજ બે ટંક પા પા રૂપીઆભારની લેવી. તાવ માટે (૨) ગળો, એરંડાના મૂળ, સુંઠ, દેવદાર, રાસ્ના અને હરડેનો ક્વાથ આપવો. શરીરના સાંધા એટલા બધા જકડાઇ જાય છે કે શરીરનો કોઇપણ સાંધો ઉંચો નીચો થઇ શકતો નથી માટે (૩) **નારાયણતેલ** માલીસ કરાવવું. ઉપર પ્રમાણે સામાન્ય ઉપાય કરતાં પણ તાવ નરમ ન પડે તો (૪) **મહામૃત્યુંજયરસની** માત્રા રતિ રતિ સવાર સાંજ તુલસીના પાનના અડધા રૂપીયાભાર રસમાં આપવી. આ રોગ ચાલતો હોય ત્યાં માણસની અવરજવર થવા દેવી નહિ.

(૨) **અંતક**-શરીરમાં બળતરા, બેશુદ્ધિ થવી, માથું કંપવું, હેડકી અને ખાંસી, આ લક્ષણો અંતક સન્નિપાતનાં છે.

ઉપાય-આ અસાધ્ય છે. છતાં પણ કેટલીક વખતે નીચે પ્રમાણે ઉપાયોથી સાધ્ય થયાના દાખલા મલ્યા છે, (૧) હરડે, અરડુસી, રાસ્ના દેવદાર, ગળો, કડુ અને કઠનો ઉકાળો આપવો અને (૨) માથાપર ચણાનો લોટ લશણના રસમાં મેળવી તેની ભાખરી તેલમાં અથવા ઘીમાં અથવા એરંડીયા તેલમાં શેકીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરમ કરી બાંધવી. છતાં તાવ હલકો ન પડે તો (૩) **મહા-મૃત્યુંજય રસ** એક રતિ, આદાનો રસ તો. ૦ા અને બેઆની-ભાર મધ નાંખી આપવો.

(૨) **રૂગ્દાહ**-લવરી, સંતાપ, ફેર ચઢવા, શ્વાસ, હેડકી, અને ઉધરસ થવી વગેરે. આ સન્નિપાતવાળો દરદી ભાગ્યેજ બચે છે.

ઉપાય-આ રોગમાં (૧) નાગરમોથ, રતાંજલી, સુંઠ, વાળો, કાળોવાળો, અને પિત્તપાપડો તેનો કવાથ પાવો. અને (૨) કૃષ્ણાગુરૂ, કપૂર, નખલાં, વાળો, ચંદન અને રાળનો ધુપ આપવો. પિત્તજ્વરમાં બતાવેલા ઉપાયો તમામ કરવા

(૪) **ચિત્તભ્રમ**-ચિત્ત ભમી ગયાની પેઠે થાય છે, બેભાન પણું, ગાંડપણ, આંખો ચઢાવી દેવી, વિકાળ થવું, હસે, નાચે, કુદે, ગાય, અને લવારો કરે વિગેરે.

ઉપાય-આ રોગમાં (૧) બ્રાહ્મીનો સ્વરસ મધ નાંખીને આપવો તથા (૨) **બ્રાહ્મયાદિકવાથ**-બ્રાહ્મી, વજ, શતાવરી, ત્રિફળા, ગરમાળો, કરીઆતુ, લીંબડો, પટોળ અને દ્રાક્ષનો ઉકાળો આપવો.

(૫) **શીતાંગ**-શરીર ઠંડુ થઈ જાય, કંપારો, હેડકી, ઉલટી, ઝાડો, ઉધરસ, અમુંઝણ અને હાથેપગે ગોટલા વગેરે થાય છે.

ઉપાય-આ રોગમાં પ્રથમ (૧) **અર્કાદિકવાથ** નીચે બતાવ્યા પ્રમાણે સવારસાંજ આપવો. આકડાનાં મૂળ, જીરૂં, ત્રિકટુ, (સુંઠ, મરી, પીંપર,) ભોંયરીંગણી, કાકડાસીંગી અને પોખરમૂળનો ઉકાળો આપવો. શરીર બહુ ટાઢું જણાય તો (૨) કસ્તુરી અડધી અડધી રતી સવાર સાંજ આદાના રસમાં આપવી.

(૬) **તંદ્રિક**-લક્ષણ-આ સન્નિપાતમાં આંખોનાં પોપચાં મીંચાએલાં રહે છે, શૂળ તથા તાવ ચોવીસે કલાક રહ્યા કરે છે, જીભ પર કાતરા પડે છે, અને તે કઠણ અને કાળી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ તાવ શરૂ થતાં ટાઢ બહુ આવે છે, કોઇ વખતે ઝાડો અને ઉલટી થઇને તાવની શરૂઆત થાય છે, મન, બેચેન રહે છે, મસ્તકમાં પીડા, જીભ પર ધોળી છારી રહે છે; અને એક મીનીટમાં ૧૨૦ થી ૧૪૦ સુધી નાડીના ધબકારા થાય છે, આ તાવમાં નિયમ પ્રમાણે ગરમી વધે છે અને તે ૧૦૨ થી ૧૦૫ ડીગ્રી સુધી વધે છે. સવાર કરતાં સાંજરે બે ડીગ્રી કમી થાય છે. આ તાવમાં દિવસે દિવસે નબળાઈ વધે છે, ઉંઘ આવતી નથી, તૃષા બહુ લાગે છે, વાંસો ફાટે છે, અને ચહેરો વિચિત્ર થઇ જાય છે. આ પ્રમાણે બીજા અઠવાડીઆમાં શરૂ થયા પછી આઠથી દશમે દિવસે પેટ તથા છાતી પર ગુલાબી રંગના દાણા દેખાય છે, અને તે એકાદ બે દિવસ રહીને અદ્રશ્ય થઈ જાય છે. અને બીજે ઠેકાણે દેખાય છે, બીજું અઠવાડીયું પુરૂ થયા પછી દાળના છોતરા જેવા લોહી સાથેના ઝાડા શરૂ થાય છે. અને તેથી દરદી અશક્ત થઈ જાય છે. તાવનું ત્રીજું અઠવાડીયું પુરૂં થાય તો રોગીના બચવાનો સંભવ રહે છે. આ તાવ ૨૧ દિવસનો છે.

ઉપાય—આ તાવ ઝેરી છે. પ્રથમ તો દરદીને ખુલ્લી હવા વાળા ઓરડામાં સુવાડવો ત્યાં આગળ માણસોની ગીરદી અને ઘોંઘાટ થવા દેવો નહિ. દરદીને બેસવા ઉઠવા દેવો નહિ. તેનું મોઢું તથા દાંત ઉંના પાણીથી કોગળા કરાવી સાફ રાખવા. તાવનું જોર બહુ રહેતું હોય તો માથાના વાળ કઢાવી નાખી માથા પર ઠંડા ઉપચાર કરવા. તાવના જોરથી માથે બહુ ગરમી રહેતી હોય તો કાળી દ્રાક્ષનું પાણી ઉકાળી તેનું ઠંડુ કરેલું પાણી થોડું થોડું પીવા આપવું. આ તાવમાં પ્રથમ (૧) ભારંગમૂળ, ગળો, નાગરમોથ, રીંગણી અને અરડુસીનો કવાથ સવાર સાંજ બે વખત પાવો અને તે સાથે (૨) **પિત્તભંજીરસની** બબે ગોળી સવાર સાંજ તુલસીના પાનના રસમાં આપવી. (**પિત્તભંજીરસ**-શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, શુદ્ધ વછનાગ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંઠ, મરી, પીંપર, ફુલાવેલો ટંકણ, ફુલાવેલી ફટકડી એ સર્વે સમભાગે લઈ પારા ગંધકની કજ્જલી કરી બાકીની વસ્તુઓ તેમાં મેળવી બારીક ખરલ કરીને આદાના રસમાં અને ચિત્રાના રસમાં ત્રણ ત્રણ દિવસ ખરલ કરીને મરીના દાણા જેવડી ગોળીઓ કરવી. આ પ્રમાણે ગોળી આપવાથી તાવનું જોર વધશે નહિ અને તાવની મુદત પુરી થયા સુધી સુખ શાંતિ રહેશે. આ તાવમાં ઝાડા થાય છે માટે **તેને રોકવા અફીણ વાળી કોઈ દવા આપવી નહિ,** પણ, ઉપરની ગોળીઓ (૩) અતિવિષનું ચુર્ણ કરી તેમાંથી વાલ પુર લઇ ગોળીઓને વાટી તે સાથે મેળવી તુલસીના પાનના રસમાં આપવી, આ પ્રમાણે કર્યા છતાં તાવનું જોર વધતું જાય તો પ્રથમ બતાવેલા (૪) **ચિંતામણી રસ** (પાનું ૧૩)ની માત્રા રતી રતીની મધ સાથે ચટાડવી. આ તાવની મુદત ૨૧ દિવસની છે માટે તે મુદત દરમીયાન જે જે ઉપદ્રવો માલુમ પડે તેના ચાલતા ઉપાયો યોગ્ય વિચાર કરીને કરવા.

(૭) **કંઠકુબ્જ**—કપાળ અને ગળામાં દુઃખાવો, બેશુદ્ધિ, કંપારો, લવારી અને મૂર્છા આ લક્ષણો સાથે તાવનું જોર હોય છે. આ સન્નિપાત કષ્ટસાધ્ય છે.

ઉપાય—ભુગ્નનેત્રમાં બતાવ્યા પ્રમાણે કરવા.

(૮) **કર્ણિક**—કાને બહેરાશ, તથા કાનના મૂળમાં ભયંકર સોજો ચઢી આવે છે, અને અત્યંત વેદના થાય છે.

ઉપાય—ભુગ્નનેત્રમાં બતાવ્યા પ્રમાણે કરવા.

(૯) **ભુગ્નનેત્ર**—દ્રષ્ટિ ઠરડાઈ જાય, બરાબર જોઇ શકાય નહિ, બેભાન થવું, સોજા ચઢવા વગેરે.

ઉપાય—આ તાવમાં પ્રથમ તો (૧) કાકડાસીંગી, કડાછાલ, હરડે, ગળો, પોખરમૂળ, ભોંયરીંગણી, દેવદાર, ચવક, સુંઠ અને અરડુસીનો કવાથ સવારસાંજ આપવો. આ કવાથમાં દશમૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પપ ग 20410
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
22

વધારીને **કર્ણિક**માં આપવાથી વિશેષ ફાયદો થાય છે. વિશેષમાં કાનના મૂળમાં જે સોજો આવેલો હોય છે તેનાપર (૨) કાળીજીરી, કાળીપાટ, ઘોડાવજ, સોનાગેરૂ અને ઉપલેટનો લેપ નવસેકો સવાર સાંજ કરવો, અગર તો આંબલીનાં પાન કે નગોડનાં પાન વરાળીયાં કરી બાંધવાં, આ તાવમાં બેશુદ્ધિ વધારે રહે છે માટે (૩) **નસ્ય**-સિંધવ, મરી, અને લીંડીપીપરનું ગરમ પાણીમાં ઘસી આપવું. **ભુગ્નનેત્રમાં** પણ ઉપર બતાવેલો કવાથ સારો ફાયદો કરે છે; છતાં તેનાથી ફાયદો ન જણાય તો (૪) દારૂહળદર, નાગરમોથ, કડવાપંડોળાં, હળદર, કડુ, રીંગણી, લીંબડાની ગળો અને ત્રિફળાનો ઉકાળો આપવો. આ પ્રમાણે સામાન્ય ઉપાય કરવાથી પણ ફાયદો ન જણાય તો (૫) **પંચવકત્રરસની ગોળી** આકડાના મૂળના કવાથ સાથે સવારસાંજ એકેકી આપવી. **પંચવકત્રરસ**—શુદ્ધપારો, શુદ્ધવછનાગ, શુદ્ધગંધક, મરી, શુદ્ધટંકણ, સર્વે સમ ભાગે લઇ પ્રથમ પારા ગંધકની કજ્જલી કરી બીજી વસ્તુઓ મેળવી ધંતુરાના રસમાં ચણોઠી જેવડી ગોળીઓ કરવી.

સન્નિપાતજ્વર.

Typhoid Fever Eruptive Fever.

આ તાવ એકવિસ દિવસનો અગરતો મુદતીઓ તાવ કહેવાય છે. તેની મુદ્દત પુરી થતા સુધી રોગનાં ઝેરી તત્વો દરદીના શરિરમાંથી ઓછાં થતાં નથી. અંગ્રેજીમાં આને Enteric (એન્ટેરીક) કહેવામાં આવે છે તેનું કારણ એ છે કે આ રોગની મુખ્ય અસર મળાશયમાં હોય છે. કેટલીક વખત રોગ, તેની મુદ્દત કરતાં પણ વધારે લંબાય છે. રોગની શરૂઆતથીજ દરદી નબળો થઈ જાય છે, માથુ દુખે છે, પેઢુમાં દુખાવો થાય છે, તે જગ્યાએ સ્હેજ પણ સ્પર્શ થતાં દરદીને દુઃખ થાય છે પેટ ચઢેલું લાગે છે. જેમ જેમ રોગ વધતો જાય છે; તેમ તેમ

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરદીને મરડો કે ઝાડો થાય છે. ઝાડા વધારે થાય છે અને તે પ્રવાહી હોય છે, સ્હેજ પીળા સફેદ રંગના હોય છે. વાસ ઘણીજ ખરાબ મારે છે અને તેમાં વિકારી લોહી પણ આવે છે. તાવની શરૂઆત પછીના ચોથા અઠવાડીઆમાં આરામ થવાનો હોય છે તો તાવ નરમ પડે છે અને દરદિની સ્થિતિ સુધરવા માંડે છે.

ટાઈફોઈડ અને ટાઈફસ એ નામ સહજ મળતાં આવે છે અને આ બંનેનાં કેટલાંક સામાન્ય કારણો છે છતાં તે (ટાઈફોઈડ) ટાયફસ કરતાં તદ્દન જુદોજ તાવ છે.

પાશ્ચિમાત્ય વૈદક પ્રમાણે આ રોગનાં ચિન્હોના બે ભાગ થઈ શકે ૧. રોગની શરૂઆતનાં ચિન્હો. ૨. રોગ થયા પછી તેની મુદતમાં થતા વિકારો.

દરદીની શક્તિ મંદ પડતી જાય છે; અને તેને કામ કરવા ઉપર ભાવ રહેતો નથી, શરીરમાં ઠંડી લાગવાથી કંપારી આવે છે તેથી તાપ આગળ બેસી રહેવું ગમે છે. પીઠમાં દુખાવો થાય છે, પગ ધ્રુજે છે, ભુખ બીલકુલ લાગતી નથી, ઉબકા તથા ઉલટી થાય છે, જીભ ઉપર ધોળી છારી વળે છે, શ્વાસ ગંધાય છે, ગળામાં સોજો આવે છે, ઝાડા વારંવાર થાય છે, નાડી ઉતાવળી ચાલે છે, ઉંઘ બરાબર આવતી નથી, સ્વપ્નાં આવે છે, વખત જતાં તાવની ગરમી વધતી જાય છે, માથું દુખે છે, સ્નાયુઓ એટલા બધા દુખે છે કે ઉઠવાનું મન પણ થતુ નથી.

પહેલા અઠવાડીઆમાં—દરદીને ઘણીજ બેચેની અને શરિરની નબળાઈ જણાય છે નાડી એક મીનીટમાં ૯૦ જેટલા ધબકારા વાળી ચાલે છે. શોષ પડે છે. મગજ ઘણુંજ નબળું પડી જાય છે કે તેને શું થાય છે તે પણ તે કહી શકતો નથી. ફક્ત માથામાં થતા દર્દને માટેજ તે ફર્યાદ કર્યા કરે છે. રાતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણે ભાગે ઘેન રહે છે, પેઢુનો ભાગ વધી જાય છે, **પેટ ચઢેલું હોય તેમ લાગે છે.** પેઢાના જમણા ભાગમાં જરાપણ અડતાં દરદી બુમ મારે છે અને તે ભાગ દબાવ્યાથી ગુડ ગુડ અવાજ થાય છે. આ જગ્યાએ આંગળી મુકીશું તો જાણે ઉભરા આવતા હોય તેમ લાગે છે.

બીજા અઠવાડીઆમાં—આ અઠવાડીઆમાં અશક્તિ તેમજ શરીરનું કૃશ થવું સ્પષ્ટ જણાય છે. શરીરમાંથી પેશાબ ઘણોજ થોડો અને ભારે થવા માંડે છે, ઝાડો પણ થાય છે, કોઇ વારતો દરદીને ચોવિસ કલાકમાં પાંચ છ ઝાડા થાય છે. આવા દરદીના ઝાડામાં ખાસ લક્ષણો છે; કે તેનો રંગ પીળાશ પરનો હોય છે, તે પ્રવાહી હોય છે, વાસ પણ ખરાબ હોય છે અને તેમાં પિત્તનો ભાગ નિકળતો નથી. દરદી એટલો બધો અશક્ત થઈ જાય છે કે તેને સુસ્ત થઇને બિછાનામાં પડયા રહેવું પડે છે.

ત્રીજા અઠવાડીઆમાં—આ અઠવાડીઆમાં તો દરદી તદન અશક્ત થઈ ગયો હોય છે. પથારીમાં ચતો પડયોજ રહે છે. તેના ગાલ ઉપર ગુલાબી ચકચકિત રંગ આવે છે જે તેના શરીરની ફીકાસ કરતાં તદન જુદોજ પડે છે. મોં તથા ઓઠ ઉપર છોડા વળી જાય છે. અને જીભની અમી સુકાવા માંડે છે, જીભ તદન સુકી અને ભુરા રંગની જણાય છે, અથવા તો ચળકતા લાલચોળ રંગની થઈ જાય છે. પણ ઘણી વખતતો જીભ ખરબચડી, સફેદ અને જુતા ચાસડા જેવી થઇ જાય છે. કોઇવાર દરદી કઇ પણ કારણવિના પથારીનાં કપડાં ખેંચે છે અથવા કોઈ વસ્તુ તરફ એક નજરથી જોયા કરે છે તેની નજર આગળ માખીઓ ઉડતી હોય તેવા ઝીણા ઝીણા કાળા ડાઘા દેખાય છે, તેની સાંભળવાની તેમજ ઓળખવાની શક્તિ જતી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ત્રીજા અઠવાડીઆમાં ઘણા ખરા દરદી મરણ પામે છે. આ વખતે ભિન્ન ભિન્ન ચિન્હો જણાય છે. કોઈવાર **મેનીન્જાઇટીસ** પણ થઈ જાય છે.

તાવની ગરમી—ટાઇફોઈડ તાવમાં ગરમી ખાસ નિયમ પ્રમાણે વધે છે એટલે કે સવાર કરતાં સાંજે બે ડીગ્રી વધે છે અને બીજે દિવસે સવારમાં એક ડીગ્રી કમી થાય છે. એ પ્રમાણે એકેક ડીગ્રી વધીને સુમારે ૧૦૪ ડીગ્રી સુધી પહોંચે છે.

ઉપાય અને સારવાર—દરદીને ખુલ્લી હવાવાળા ઓરડામાં સુવાડવો. ત્યાં આગળ માણસની ગીરદી તથા ઘોંઘાટ થવા દેવો નહિ. દરદીનું બીછાનું દિવસમાં બે વાર બદલવું અને તે સાફ રાખવું. દરદીને બેસવા ઉઠવા દેવો નહિ, તેનું મ્હોં તથા દાંત ઉના પાણીમાં મીઠું નાખી કોગળા કરાવી—સાફ રાખવા. તાવ વધારે આવે એટલે ૧૦૦' ડીગ્રી ઉપર જાય કે તરત બરફ મુકવો. તરસ બહુ લાગે તો કાળી દ્રાક્ષને ઉકાળી તેનું પાણી ઠંડુ થયા પછીથી આપવું. ખોરાક બીલકુલ ન આપવો. દુધ કે મગનું ઓસામણ આપવું. નાડી નબળી અને જલદ ચાલતી હોય તો **દ્રાક્ષાસવ** ઔંસ અડધો તથા **અભયારિષ્ટ** ઔંસ અડધો મેળવી દિવસમાં ત્રણ વખત આપવો. આ દરદમાં ઝાડા થાય છે; પણ તેને રોકવા માટે કંઈપણ અફીણવાળી દવા ન આપતાં જંતુઘ્ન દવા અથવા **લવંગાદિ ચુર્ણ** (લવંગ, કપૂર, એલચી, તજ, નાગકેસર, જાયફળ, વાળો, સુંઠ, શાહજીરૂ, કૃષ્ણાગરૂ, જટામાંસી, કાળુ કમળ, પીંપર, સુખડ, તગર, નેત્રવાળો, કંકોલ સર્વનું ચુર્ણ કરી સર્વથી અડધી સાકર મેળવી ખરલ કરવો.) વા. ૨ થી ૮ સુધી મધ અગર પાણીમાં આપવું. ઝાડામાં લોહી પડતું હોય તો પંચામૃત પર્પટિ અગર અગ્નિતુંડીવટી, કુટજારિષ્ટ સાથે આપવી. દરદી બહુ બડબડાટ કરતો હોય તો જાત્યાદિચુર્ણ આપવું. કસ્તુરી અડધી રતી મધમાં સવાર સાંજ આપવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્તષ્ઠીવી (ન્યુમોનીયા) કારણ અને લક્ષણ–આને કેટલાક **શ્વસનક જ્વર** પણ કહે છે. આ રોગની શરૂઆતમાં સળેખમ થઈ ફેફસાં સુજી આવી વરમ થાય છે; અને ટાઢીયો તાવ એકાદ દિવસમાં ચઢી આવે છે. તેની સાથે ખાંસી આવીને કફ થાય છે, શ્વાસ લેવાતો નથી અને છાતીમાં અત્યંત વેદના થાય છે. નાડી ઘણી જલદી ચાલે છે. છાતીમાંથી લોહી પડે છે. અરૂચી, માથામાં દુઃખાવો, પેસાબ લાલ અને થોડો થોડો ઉતરે છે, ઝાડાની કબજીયત, અશક્તિ, બકવા વગેરે થાય છે. તાવ ૧૦૪ એક સરખાં થી ૧૦૫ ડીગ્રી સુધી વધે છે. આ પ્રમાણે પાંચ સાત દિવસ સુધી રહે છે. પરસેવો આવતો નથી, જીભ સુકાય છે અને જીભપર ધોળી છારી બાઝે છે, અને કાંટા પડે છે નાડીના ધબકારા ૧૨૦ થી ૧૪૦ સુધી થાય છે. શ્વાસો શ્વાસ દર મીનીટે ૩૦, ૪૦ અગર વધારે ચાલે છે. ઉપર પ્રમાણે ત્રિદોષના તમામ લક્ષણો થયા પછી તાવ ધીમે ધીમે નરમ પડે છે પરસેવો આવે છે, ઝાડો પેસાબ થાય છે, અને ફેફસાંનો સોજો દિવસે દિવસે ઓછો થઇ વરમ ઉતરી જાય છે. જો દરદ વધવા માંડે તો દરદીની નાડી ક્ષીણ થઈ તે બેભાન થતો જાય છે, અને ગળામાં કફની તાંત બોલે છે; પણ કફ છુટી શકતો નથી. આ રોગની મુદત દિવસ ૧૨ થી ૩૦ દિવસની છે.

ઉપાય–આ તાવમાં ઘણી કાળજી રાખી ઉપાયો કરવાની જરૂર છે. આરામ આપવો. (૧) તીક્ષ્ણ વરમને લીધે દરદીને પથારી બહાર જવા દેવો નહિ, અને ઓરડાની આગળ પાછળ એક સરખી ગરમી રાખવી, અને ઠંડી તથા પવનને આવવા દેવાં નહિ. દરદી આગળ બહુ માણસોની ગીરદી થવા દેવી નહિ, તેમજ બહુ બોલવા દેવું નહિ. (૨) આ તાવમાં છાતીના આગળ પાછળનાં બન્ને ફેફસાંઓમાં જ્યારે વરમ પડે છે, ત્યારે તેને ડબલ ન્યુમોનીયા કહે છે. એ પ્રમાણે બન્ને તરફના ફેફસાંનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘસ્મ હોય તો બન્ને બાજુએ (૩) અળસીને ખાંડી તેની પાણીમાં પોટીસ કરી વારાફરતી પોટીસનો ટરપેન્ટાઇન છાતીપર લગાડી શેક કરવો. એક તરફ હોય તો પણ વારંવાર અળસીની પોટીસ વધારે થશે તેમ જલદી આરામ થવાનો સંભવ છે, અથવા ખસખસના ડોડા પાણીમાં ઉકાળી છાતીપર વરાળીયો સેક કરવો. સેક કરીને છાતી ખુલ્લી નહિ રહેવા દેતાં તેના ઉપર ફલાલીનનો પાટો બાંધવો. (૪) આ તાવમાં ગરમીનું જોર વધારે હોય તો શીતોપચાર કરવા અથવા તાવની ગરમી ઓછી થાય ત્યાં સુધી, બરફ માથાપર મૂકતા રહેવું. બરફની પોટલી કરી માથા ઉપર મૂકવાથી તાવની ગરમી ઓછી થાય છે. તાવની ગરમી ૧૦૦ ડીગ્રી થાય તો બરફ મૂકવો નહિ. બરફ મૂકતાં ઓચીની નીચેથી અગર આગળ પાછળથી બરફનું પાણી છાતીએ ઉતરવું જોઇએ નહિ, કારણ તેથી શરદી થવા સંભવ રહે છે.

આ તાવમાં નીચે પ્રમાણે ઉપાયોની યોજના કરવી.

(૧) **જ્વરાંકુશ રસ**—એકેક રતિ સવાર બપોર ને સાંજ તુલસીના પાનના રસમાં આપવો. **જ્વરાંકુશ**–કુલાવેલી ફટકડી તો. ૧, સમુદ્રફીણ તો. ૧, સિંધવ તો. ૧, શોધેલો વછનાગ તો. ૧, શોધેલાં ઝેરકોચલાં તો. ૧, મરી તો. ૧, એ વસ્તુઓનું ચૂર્ણ કરવું. આ સાથે (૨) કાયફળ, મોથ, ભારંગમૂળ, ધાણા, રેસાનું ઘાસ, ખડસલીઓ, વજ, હરડે, કાકડાસીંગ, સુંઠ, અને દેવદારનો કવાથ આપવો. આ પ્રમાણે આપવા છતાં તાવનું જોર વધારે રહેતું હોય તો (૩) **ઘર્મપ્રસરણેશ્વર**–જવખાર તો. ૧, સુરોખાર તો. ૧, કુલાવેલી ફટકડી તો. ૧, હળદર તો. ૧, ટંકણ કુલાવેલો તો. ૧, એ સર્વને ખરલ કરી તેમાંથી બબ્બે રતીની માત્રા મધ સાથે આપવી. (૪) **અર્કમૂલાદિકવાથ** મધ નાંખીને આપવો તે છતાં ફેફસાંના વરમ સાથે તાવનું જોર નરમ ન પડે તો (૫) **દ્વાત્રિંશાંગકવાથ** શૂળ, શ્વાસ, કફજ્વર તથા બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપદ્રવો સાથેના જ્વરોમાં તેમ ન્યુમોનીયામાં ઘણો ફાયદો કરે છે; તે કવાથ મધ નાંખીને આપવો. અથવા (૬) **ચિંતામણિ** રસ (૭) **ત્રિભુવનકીર્તિ રસ** (૮) **મહામૃત્યુંજયરસ** આ રસો પૈકી ગમે તે રસ તુલસીના પાનના અગર આદાના રસમાં પ્રથમ બતાવેલા માપ પ્રમાણે સવાર સાંજ આપવો. લક્ષ્મીનારાયણરસ કે મહાલક્ષ્મીનારાયણરસ, શૃંગભસ્મ. અભ્રક, દ્રાક્ષાસવ કે સુદર્શન આપવું. કફ પાકવા માટે સોભાગ્ય (ટંકણ ફુલાવેલો) વા. ૪ પડીકામાં અગર તો દ્રાક્ષાસવની સાથે નાંખીને આપવા. યવક્ષાર જરૂર જણાય તો આપવો. શક્તિ રાખવા માટે કસ્તુરી રતિ ૧ મધમાં આપવી. **પથ્ય**-દરદીને ખોરાક બીલકુલ આપવો નહિ. ઉકાળેલું પાણી તુલસીનો ચાહ, મગનું પાણી એજ આપવું આ તાવમાં શકિત રાખવા માટે કસ્તુરી અડધી અડધી રતી સવાર સાંજ મધમાં આપવી. શરીર ઉપર ગરમ કપડાં રાખવાં. ઘરની બહાર જવું નહિ, હલકો ખોરાક આપવો, ખોરાકમાં મગનું ઓસામણ આપવું અથવા વાવડીંગ, પીંપળામૂળ, અને દશમૂળથી ઉકાળેલું દુધ આપવું. છાતી અગર પીઠ ઉપર અગર જે ભાગ ઉપર ફેફસાંનો સોજો હોય ત્યાં અળસીની પોટીસ અડધા અડધા કલાકના અંતરે મૂકવી, અથવા ખસખસના ડોડાવાં ગરમ પાણીમાં નાંખી શેક કરવો. સવાર સાંજ ટરપેં-ટાઇન લગાડી સેક કરવો.

(૧૧) પ્રલાપક—**(ટાઇફસફીવર)** આ ચૌદ દિવસનો તાવ છે. તેના ઘણાખરા લક્ષણો સન્નિપાતને મળતાં છે. આ ભયંકર વ્યાધિથી ઘણાઓનું મૃત્યુ નીપજે છે. આ તાવમાં ઝાડો થતો નથી, તેમ લોહી પડતું નથી, ને પેટ હલકું રહે છે. આ તાવમાં ચારપાંચ દિવસે ઓરી જેવા દાણા ફુટી નીકળે છે અને તે નીકળ્યા પછી તાવ ઉતરે ત્યાં સુધી કાયમ રહે છ, તથા ચામડી કાળી પડી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય—આ તાવમાં સન્નિપાતના જેવી ચિકિત્સા કરવાની છે. તે ઉપરાંત વિશેષ ઉપચારો નીચે પ્રમાણે બતાવવામાં આવ્યા છે. ટાઇફસ ફીવરમાં ઝાડા થતા નથી પણ અશકિત વધારે માલમ પડે છે, માટે શકિત સાચવવા (૧) **સંજીવની**—વાવડીંગ, સુંઠ, પીંપર, ત્રિફળા, વજ, ગળો, ભિલામાં, શુદ્ધ વછનાગ એ દશ વસ્તુઓને ગોમૂત્રમાં ઘુંટી રતિ રતિની ગોળી કરવી. તેમાંથી અકેકી ગોળી પાણી સાથે સવાર સાંજ આપવી. આ તાવ ૧૪ દિવસનો હોય છે, માટે શકિત સાચવી રાખવી જોઇએ. ઝાડો કબજે રહેતો હોય તો (૨) **મળશુદ્ધિચૂર્ણ**—હરડેદળ, સંચળ, સોનામખી અને સુંઠની ફાકી આપવી. આ તાવમાં હલકો ખોરાક આપવાની જરૂર છે.

(૧૨) જીવ્હક (૧૩) અભિન્યાસ (૧૪) હારિદ્રક—પહેલામાં જીભ ઉપર કાંટા પડે છે, જીભ તોતડી થાયછે, અને ટુંકી થઇને બોલાતું નથી. બીજામાં હાલવું, ચાલવું, અને બોલવું બંધ થઈ જાય છે, શ્વાસ લેવાતો નથી, અને ત્રીજામાં દેહ, નખ, નેત્ર હથ, પગ, એ પીળાં થઇ જાય છે, આ રોગથી મરણ થાય છે.

ઉપાય—આ તાવમાં (૧) ઘોડાવજ, રીંગણી, ધમાસો, રાસ્ના, ગળો, સુંઠ, કરીઆતુ, કડુ, કાકડાસીંગ, પોખરમૂળ, બ્રાહ્મી, ભારંગમૂળ અને અરડુસીનો કવાથ આપવો. આ ઉપરાંત (૨) **વિરભદ્ર રસ**—શુદ્ધ પારો ૧ ભાગ, અભ્રક ૧ ભાગ. ગંધક ૧ ભાગ, મરી ૧ ભાગ, પીંપર ૧ ભાગ, પંચલવણ ૫ ભાગ, વરીઆળી ૧ ભાગ, જીરૂ ૧ ભાગ, શાહજીરૂ ૧ ભાગ, સર્વેને ખાંડી આદાના રસમાં ઘુંટી અડદના દાણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી અકેકી ગોળી ચિત્રાના કવાથ સાથે અગર તુળસીના પાનના રસમાં આપવી. આ પ્રમાણે આ રસની માત્રા તથા કવાથ અભિન્યાસ જવરમાં તથા હારિદ્રક સન્નિપાતમાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારૂં કામ કરે છે, માટે રોગની સ્થિતિનો તપાસ કરી જે જે લક્ષણો જણાય તે ઉપર ધ્યાન આપીને ઉપચાર કરવા.

વિષમજ્વર. Malarial Fever.

કારણ–ભેદ–લક્ષણ–વિષમ જ્વર શરદ્‌ઋતુમાં જોવામાં આવે છે. એક વખત તાવ આવી ગયા પછી જ્વરનો બરાબર ઉપચાર કર્યા વિના જ્વરને રોકવાથી, તે જ્વર શરીરની ધાતુઓ (રસ, રક્ત, માંસ વગેરે) માં અંતરગત રહી જવાથી ફરીને આહાર વિહારથી દોષ કોપ પામી **તાવ** ઉત્પન્ન કરે છે; અને તે ઉથલો ખાધેલો જ્વર તે વિષમ જ્વર છે. અંગ્રેજી વૈદ્યક પ્રમાણે "મેલેરીયા" નામની ઝેરી હવાથી આ જ્વર ઉત્પન્ન થાય છે, અને તે ટાઢીયા તાવ સાથે નિયમિત વખતે આવીને ઉભો રહે છે. જમીનમાં પાણી એકઠું થવાથી કાદવમાં સડો થાય છે, તેમ ખાડામાં પાણી ભરાઈ રહેવાથી તેમાં ઝાડપાલો પડવાથી તે સડે છે; અને મેલેરીયાના જંતુઓ મચ્છરના ડંખ મારફતે માણસોના શરીરમાં પ્રવેશ કરે છે. મેલેરીયાનું ઝેર અને જંતુઓ લોહીમાં મળવાથી તે લોહી **વિષમય** થાય છે. આ બાબતનું વર્ણન આયુર્વેદ શાસ્ત્રમાં પણ **કીટકલ્પાધ્યાયમાં** સવિસ્તર આપવામાં આવ્યું છે. વિષમ જ્વરના બીજા કેટલાક ભેદો નીચે પ્રમાણે છે. (૧) સંતત (રીમીટંટ ફીવર) (૨) સતત જ્વર (ડબલ કવોટિડીયન ફીવર) (૩) અન્યેદ્યુષ્ક જ્વર (કવોટીડીયન-ફીવર) આ તાવ ચોવીસ કલાકના આંતરે આવે છે. (૪) તૃતીયક જ્વર (એકાંતરીઓ તાવ ટર્શિયન ફીવર) (૫) ચાતુર્થિક જ્વર (ચોથીઓ તાવ કવૉર્ટન ફીવર) આ પ્રમાણે કેટલાક તાવ રાત દિવસ અગર રાત દિવસમાં એક વખત, અગર બે વખત અથવા ત્રીજે દિવસે, ચોથે દિવસે આવે છે. આ બાબતનું સવિસ્તર વર્ણન **જ્વરચિકિત્સા** નામના ગ્રંથમાં કરેલું છે જેથી તે વાંચવા ભલામણ કરીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય-જ્વરની સ્થિતિ ચાર પ્રકારની છે, માટે તે દરેક સ્થિતિમાં ઉપાયો કરવાની યોજનાનો ક્રમ જાણવાની જરૂર છે.

વિષમજ્વરની પ્રથમ સ્થિતિ—તાવ ચઢીને આવે છે તે વખતે દરદીને પથારીમાં સુવાડી ટાઢ પ્રમાણે ગરમ કામળો, ધુંસો, અગર ગોદડાં ઓઢાડી ટાઢ બંધ કરવાના ઉપચારો કરવા. દરદીની પથારી આગળ દેવતાનો તાપ કરવો, અને લગાર ટાઢ નરમ પડયા પછી રાઇ નાખી ગરમ પાણીમાં પગ બોળાવવા તથા ગરમ કરેલી ઈંટોથી હાથે પગે તપાડવું. પાણીનો શોષ બહુ પડે તો ઉકાળેલું પાણી ઠંડુ કરીને આપવું તથા (૧) કાળી દ્રાક્ષ સિંધાલુણ નાખીને આપવી. કેટલાક દરદીને ટાઢના જોર સાથે ઉલટીના ઉછાળા આવે છે, અને ઉલટી થવાથી દરદીની ગભરામણ તથા તાવનું જોર નરમ પડે છે. માટે ઉલટી થાય તો થવા દેવી, એટલુંજ નહિ પણ ઉલટી કરાવવા મોંમાં આંગળી ઘાલી ઉલટી કરવી. (૨) મીંઢળના ગરભને વાટી અડધા રૂપીઆ ભારના આશરે બેઆની ભાર મીઠા સાથે ફકાવવાં. (૩) વાટેલી રાઈ એક મોટો ચમચો, અને મીઠું એક નાનો ચમચો, તેને પોણોશેરથી દોઢશેર ગરમ પાણીમાં નાખી બધું પાણી પાઇ દેવું એટલે પાંચ સાત મીનીટમાં ઉલટી થશે. આ પ્રમાણે ઉલટી થયા પછી સાદા પાણીથી મોં સાફ કરવું.

બીજી સ્થિતિ—ટાઢ આવી ગયા પછી ઉનો તાવ ભરાય છે, અને કેટલીક વખતે ટાઢ આવી ગઇ હોય તો ત્યાર પછી થોડા વખતે તાવ એની મેળે પણ ઉતરી જાય છે. તાવ બરાબર આવી ગયા પછી બીજી સ્થિતિમાં તાવને હલકો પાડવાના ઉપાયો કરવા. તાવની ગરમીને નરમ પાડવાના બે પ્રકાર છે. (૧) બાહ્યોપચાર અને (૨) અંદરનો ઉપચાર. **બાહ્ય ઉપચાર**માં આખા શરીરે ગરમ પાણીમાં વાદળી બોળીને ફેરવવી અગર (૩) લીલી ચાહ, નગોડાનાં પાન, અને અજમો પાણીમાં નાખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને ઉકાળી તેનો નાસ લેવડાવવો. આ પ્રમાણે શરીર ઉપર ગરમ ઉપચારો કરવા; અને માથા ઉપર ઠંડા ઉપચારો કરવાથી તાવની ગરમી કમી થાય છે, અને દરદીને રાહત મળે છે. શરીરે દાહ થતો હોય તો તેના ઉપાયો નીચે પ્રમાણે છે, (૪) સુખડ, કપુર તથા વાળાનો લેપ કરવો. (૫) હજાર વખત ધોયેલા ઘીનો લેપ કરવો. (૬) અરીઠાનું ફીણ ચોપડવું. આ પ્રમાણે દાહ માટે લેપ કર્યા પછી માથા ઉપર (૭) ગુલાબજળનાં પોતાં મુકવાં. (૮) લવન્ડર વૉટર તથા કોલન વૉટરનાં પોતાં માથે મુકવાં. (૯) સુરાખારના પાણીનાં પોતાં મૂકવાં, કાળી માટી ટાંકાના પાણીમાં પલાળીને તેની થેપલી મુકવી, તે ઉપર પાણીનું પોતુ મુકતા રહેવું પિત્તજ્વરમાં બહુ દાહ થતો હોય અને ગરમી વધારે હોય તો માથા ઉપર એટલે તાળવે, કપાળે; અને લમણા ઉપર બરફની પોટલી ફેરવ્યા કરવી. આ પ્રમાણે ઉપાયો કરતાં પણ કેટલીક વખતે તાવની ગરમી ઓછી થતી નથી તેને હલકી પાડવા નીચેના ઉપાયો કરવા.

અંદરના ઉપચારમાં-(૧૦) શ્રીકૃષ્ણ ચૂર્ણ-કોલંબો, અતિવિષની કળી, કાંકચીયાનાં બીજ, લીંબોળી, કડુ, ત્રાયમાણ, ઇંદ્રજવ, કાળીજીરી, મરી અને કરીઆતાની પાંદડી સમભાગે લઇ ખાંડીવસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાંથી અડધા રૂપીઆભાર ચૂર્ણ સવારસાંજ બે વખત આપવું અગર તેનું હીમ તથા ફાંટ કરી આપવો અને તે સાથે (૧૧) [1]**ગોદન્તિ હરતાલ**—ગોદન્તિ હરતાલને કુંવાર પાઠાના રસમાં ગજપુટ આપવો એટલે તે તૈયાર થશે, તેમાંથી વાલવાલની માત્રા સવાર બપોર ને સાંજરે મધમાં આપવી, તેથી પરસેવો આવી તાવ ઉતરશે; અથવા પરસેવા માટે (૧૨) **ઘર્મપ્રસરણેશ્વર** (જુઓ પાનું ૨૬ મું) દરરોજ સવાર; બપોર ને સાંજ બબે વાલ મધમાં આપવું. આ પ્રમાણે બે ત્રણ દિવસ આપ્યા પછી તાવ ઉતરી જાય છે.

---

૧ ધાપાણ. અભ્રક ગોદંતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી સ્થિતિ—ઉપર પ્રમાણે દવાઓ આપવાથી તાવ ઉતરી જાય છે. પણ તેની મુદતે પાછો ખડો થાય છે, માટે એક વાર તાવ ઉતરી જાય અને પાછો આવે તે દરમીયાન તાવ વિનાની મુદતને તાવની ત્રીજી સ્થિતિ ગણવી. એ મુદતમાં તાવ ફરીને ન આવે તેના ઉપાયો નીચે પ્રમાણે છે—(૧) **સત્યાર્થ જ્વરાંકુશ**—શુદ્ધ કરેલાં ઝેરકોચલાં તો. ૪, સંચળ તો. ૨, મરી તો. ૨, એ ત્રણને એક કરી ખાંડી તેનું ચૂર્ણ સવાર સાંજ વાલ વાલ પાન સાથે આપવું.

(૨) **જ્વરઘ્ની વટી**—શોધેલાં ઝેર કોચલાં તો ૧, મરી તો. ૧, એ બંનેને ખાંડી તેનું ચૂર્ણ થાય તેને ઇંદ્રવાયણાના રસમાં ખરલ કરી મગ જેવડી ગોળીઓ કરવી. આ ગોળી સવાર બપોરને સાંજરે એકેકી ટાઢા પાણી સાથે આપવી.

(૩) **કુમુદેશ્વરરસ**ની રતિ રતિ માત્રા કપુરી પાન સાથે આપવાથી તાવ રોકાય છે. **કુમુદેશ્વરરસ**—તબકીયા હરતાળ તો. ૪ ના કકડા કરી કાળા અભ્રકના વચમાં મુકી તેને માટીની ઢીબમાં મુકો તે અભ્રકના છિદ્રો બોરડીના કલ્કથી પુરી તે ઉપર કાંઠા સુધી ભેંસના છાંણાં મુકી અગ્નિ કરવો. આ પ્રમાણે કરવાથી તાવ ન રોકાય તો (૪) **મલ્લપર્પટી**—સવા સાંજ એકેક ચોખાભાર દવા મધમાં ચટાડવી-(**બનાવટ**) રાળ તો ૧૬ ને કડાઇમાં નાખી ઉંની કરી તેમાં શોધેલો સોમલ તો. ૨ વાટીને નાખવો. પછી સહજ હલાવી એક રસ થાય ત્યારે ખરલમાં નાંખવું, એટલે પર્પટી રસ તૈયાર થશે. દરદીને દવાઓ આપતાં પહેલાં પેટ સાફ હોવું જોઇએ. માટે પેટ સાફ કરવા (૫) **દીનદયાળ ચૂર્ણ**—મીઢીંઆવળ તો ૨, અજમો તો. ૨ અને સંચળ તો. ૧ નું ચૂર્ણ કરીને તેમાંથી દરરોજ રાત્રે અડધા રૂપીઆભારની ફાકી ટાઢા પાણી સાથે આપવી. અગર પ્રથમ બતાવ્યા પ્રમાણે (૬) **મળશુદ્ધિ ચૂર્ણ** આપવું તેથી પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાડો ન થાય તો (૭) **વાજીવર્મારસ** વાલ એક અને ગોળનું પાણી અડધા રૂપીઆભાર બંને લગાર ગરમ કરીને પી જવાં, ઉપર તજ, એલાયચી અને સુંઠનો સમભાગે કરેલો ઉકાળો પીવો, આથી ચારપાંચ વખત ઝાડા થઈ પેટ સાફ થશે. ટાઢીઓ તાવ રોકવાને સોમલ, હરતાલ, અને મનસીલ વગેરે દવાઓ સારૂં કામ કરે છે. માટે તે મિશ્રણવાળા જ્વરાંકુશો આપવા. તેમજ (૮) **શીતજ્વરહર ક્વાથ**—ઉભીરીંગણી, ધાણા, ગળો, મોથ, પદ્મકાષ્ટ, રતાંજલી, કરીઆતુ, કુકડવેલનાં પાન, અરડુસીનાં પાન, પોખરમૂળ, ઈંદ્રજવ, લીંબડાની અંતરછાલ, ભારંગમૂળ અને પિત્તપાપડાનો સમભાગે કવાથ કરવો, આ કવાથ સવાર સાંજ આપવો. (૯) **મહાજ્વરાંકુશ**—શુદ્ધ પારો, શુદ્ધ ગંધક અને વછનાગ, દરેક તોલા ૪, ધંતુરાનાં બી તોલા ૧૨, દારૂડીનાં મૂળનો ભુકો તોલા ૪૮ સાથે મેળવી ખરલ કરવો. ૨ થી ૪ રતી આદાનો રસ કે તુલસીના પાનનો રસ અને મધ મેળવી આપવાથી ટાઢીઓ, તરીઓ, એકાંતરીઓ કે ચોથીઓ તાવ મટી જાય છે. (૧૦) **જ્વરઘ્નીવટી** (મલ્લવાળી) આપવાથી તાવ રોકાય છે.

સુદર્શન, જ્વરાંતક અને સરજીક્ષાર એ ત્રણે છવાલના આસરે આપવાથી તાવ આવેલો ઉતરવા માંડશે.

સંતત જ્વર, સતત જ્વર, એકાંતરીયો, તરીયો, અને ચોથીયો જ્વર, જીર્ણજ્વર વગેરે જ્વરો વિષમજ્વરના અંતરગત જ્વરો છે માટે તેની ચિકિત્સા પણ ઉપર પ્રમાણે કરવી. વિશેષમાં **સંતત જ્વર** કે જેને પાશ્ચિમાત્ય વિદ્વાનો **રીમીટંટ ફીવર** Remittent Fever કહે છે તે જ્વરમાં પિત્તદોષનું પ્રાધાન્ય વધારે જોવામાં આવે છે; એટલે કે પિત્ત પ્રકોપ થવાથી આ જ્વરની ઉત્પત્તિ થાય છે, માટે પિત્તજ્વર પ્રકરણમાં બતાવેલા ઉપાયો કરવાની ભલામણ કરીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. તાવની પ્રથમની સ્થિતિમાં બતાવ્યા પ્રમાણે ટાઢ વાઈને તાવ આવે છે, પણ તેમાં કેટલોક ફેરફાર નીચે બતાવ્યા પ્રમાણે છે. આ સંતત જ્વર, વાત, પિત્ત, અને કફ એ ત્રણ દોષોથી થાય છે, તેમાં વાત દોષથી સાત દિવસે, પિત્ત દોષથી દસ દિવસે અને કફ દોષથી બાર દિવસે તાવ ઉતરે છે એવો આર્ય-વૈદ્યક શાસ્ત્રનો સિદ્ધાંત છે. જે દિવસે તાવ આવ્યો હોય તે દિવસથી ઉપર બતાવેલી મુદતે તાવ કમી થઇ જાય છે. આ તાવમાં સ્વેદલ (પરસેવાની) દવા આપી તાવ ઉતારવાની જરૂર નથી પણ જે દોષનું આ તાવમાં પ્રાધાન્ય હોય તે દોષનું શમન કરવાના ઉપાયો કરવાની જરૂર છે. આ તાવમાં મળ પ્રકોપ થાય છે, માટે મળપાક જ્યાં સુધી ન થયો હોય ત્યાં સુધી તાવ ઉતરતો નથી, માટે મળપાક થવાના ઉપાયો કરવા. અને **પેટ ઉપર બંધારણો** નીચે બતાવ્યા પ્રમાણેનાં કરવાં (૧) મહુડાં શેર ૦।, એરંડાના ગોળા શેર ૦।, ઉસ (ખારો) શેર ૦।, બકરીની લીંડીઓ શેર ૦।, એળીયો રૂ. ૧ ભાર, દેશી સાબુ રૂ. ૦। ભાર, રેવંચીનો શીરો રૂ. ૦। ભાર, આ વસ્તુઓને પાણીમાં ખદખદાવી લુગડાના બેવડમાં રાખી પેટ ઉપર દિવસમાં દસબાર વખત બંધારણ કરવું; અથવા (૨) અળસીની પોટીસ પેટ ઉપર બાંધવી. આ પ્રમાણે બંધારણ કરવાથી મળ પાકીને નીકળી જશે. જેમ જેમ મળદોષ પાકી નીકળતો જશે તેમ તેમ તાવની ગરમી ઓછી થતી જશે. આ તાવમાં (૩) પટોલાદિ કવાથ સવાર સાંજ આપવો—**પટોલાદિ કવાથ**-પટોલ, ઇંદ્રજવ, હરડેદળ, બેહેડાં, આંબળાં, નાગરમોથ, દ્રાક્ષ, જેઠીમધ, ગળો, અને અરડુસીના પાનનો કવાથ કરવો. આ પ્રમાણે કવાથ સાથે (૪) **ત્રિભૂવન કીર્તિરસ** અકેક રતિ સવાર સાંજ તુલસીના પાન સાથે આપવો. આ તાવની જેમ જેમ મુદત લંબાતી જાય છે, તેમ તેમ દરદી બહુ નબળો પડે છે. મૂર્છાનાં લક્ષણો જણાય છે, જીભ સુકાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, નાડી નબળી ને ઉતાવળી ચાલે છે, અને તેની સાથે બકવા જેવું થાય છે. માટે તે દબાવવા (૫) કસ્તુરી સવાર સાંજ અડધી અડધી રતિ મધમાં ચટાડવી, અથવા (૬) **મહામૃત્યું જયરસની** અકેકી ગોળી આપવી. **સતત જ્વરની ચિકિત્સામાં** જે જે પ્રમાણે જે લક્ષણો માલુમ પડે તે ઉપર વિચાર કરીને ઉપર બતાવેલા ઉપાયોની યોજના કરવી. **તરીઆ અને એકાંતરીઆ તાવમાં** પ્રથમ ટાઢ આવીને તાવ આવે છે માટે ટાઢ આવતાં જે ઉપાયો પ્રથમ બતાવ્યા છે, તે કરવા અને તે ઉપરાંત (૧) મોથ, સુંઠ, ગળો, રાતી સુખડ, વાળો, પીંપર અને અરડુસીનાં પાનનો કવાથ મધ તથા સાકર સાથે સાત દિવસ આપવો. એક બે વખત કવાથ આપતાં તાવ ન રોકાય તો (૨) [1]બે રૂપીઆભાર દહીં તથા મધ સાથે ધંતુરાના પાનના રસનાં ત્રણથી ચાર ટીપાં નાંખી તે દહીં તાવ આવતાં પહેલાં આપવું. (૩) એમ કહેવાય છે કે શતાવરીનું મૂળ રવિવારે લાવી કુંવારી છોડીના હાથે કાંતેલા સુતરથી બાંધી, તે કોટમાં અગર હાથે બાંધવું. (૪) અરડુસી, પટોળ, ત્રિફળા, દ્રાક્ષ, ગરમાળાનો ગોળ અને લીંબડાની અંતરછાલનો કવાથ મધ અને સાકર નાંખી આપવો. (૫) હરડેદળ, શુદ્ધ સોમલ, અને મરી સરખા વજને લઈ પાણીમાં સરસવના જેવડી ગોળીઓ કરવી. તેમાથી તાવ આવતાં પહેલાં અકેકી ગોળી આપવી. (૬) તેમજ **મહ્વરાજ રસની** ગોળીઓમાંથી અકેકી ગોળી તાવ આવતાં પહેલાં ગાયના દુધ સાથે આપવી, **બનાવટ**— પચીસ વંત્યાકમાં સિદ્ધ કરેલો સોમલ, લીંડીપીંપર અને હીંગળોક એ ત્રણને ચોખાના ધોવરામણમાં ત્રણ દિવસ ખરલ

---

१ रसं धत्तूर पत्रस्य पलार्धं दधिना सह ।। पीत्वा मधुयुतंहन्ति महदेकांतरज्वरम् ।। वैद्यामृत.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી તેની બાજરીના દાણા જેવડી ગોળી કરવી (૭) શુદ્ધ સોમલ કરતાં બમણો હીંગળોક લેવો. તે બન્નેની ભાંગરાના રસમાં થેપલી બનાવી તેને ઘીથી તપેલી તાવડીમાં સુકાવી ફરીને ભાંગના રસમાં થેપલી બનાવી ઘીથી તપેલી તાવડીમાં સુકાવવી. આ પ્રમાણે ત્રણ વખત કરી સરસવના દાણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી એકેકી ગોળી એકાંતરીયો, તરીયો, અને ટાઢીયો તાવ આવે તે પહેલાં આપવી. તરસ બહુ લાગે તો ગાયનું દૂધ પીવું. ચોથીઆ તાવમાં ઉપરની કેટલીક દવાઓ લાગુ પડે છે.

તે સિવાય **ચોથીયા તાવમાં** નીચે બતાવેલી દવાઓ ઘણું સારૂં કામ કરે છે. (૧) **ચાતુર્થિક કેશરી રસ**ની માત્રા ચોખા ભાર સવાર સાંજ બે આની ભાર પતાસાના ભૂકા સાથે મેળવીને લેવી. **બનાવટ**—મનસીલ તો. ૧, તેથી ત્રણ ગણો સાજીખાર લેવો. તેને ખાંડી તે સાજીખારમાંથી અડધો સાજીખાર માટીના કોડીઆમાં પાથરી તે ઉપર મનસીલના કકડા મુકી તેના ઉપર બાકી રહેલો અડધો સાજીખાર પાથરી સંપુટ કરવો અને તે સંપુટના છિદ્રો માટીથી કપડછાણ કરી તડકે સુકાવી પાંચ શેર છાંણાનો અગ્નિ આપવો. **પથ્ય**—ઘઉંનું ચુરમું નીચે બતાવ્યા પ્રમાણે કરેલું આપવું. ઘઉંનો લોટ તો. ૧૬, તો. ૨ ગાયનુ ઘી અને સાકર સરખા વજને અગર અડધી લેવી. એક દિવસ રસનું સેવન કરવામાં આવે તો ત્રણ દિવસ પથ્ય પાળવું. અને ત્રણ દિવસ સેવન કરવામાં આવે તો નવ દિવસ પથ્ય પાળવું. અને પંદર દિવસ તેલ, આંબલી, મરચું અને હીંગ વગેરે ખાવું નહિ, અને છ મહીના સુધી કડાઇ પર ચડાવેલું અન્ન ખાવું નહિ. આ રસથી હજારો ચોથીઆ તાવના દરદીઓ સારા થયા છે. (૨) **નારાયણજ્વરાંકુશ રસ** નીચેના વિધિ પ્રમાણે આપવો. **બનાવટ**—મનસીલ તો. ૦II, સોમલ તો. ૦II, કાથો તો. ૦II, અને પીંપર તો. ૦II; એ ચારને લીંબુના શેર ૧ રસમાં ખરલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી જ્યારે ગોળી વળાય તેવું થાય ત્યારે બાજરીના દાણા જેવડી ગોળીઓ કરવી. **સેવનવિધિ**—ચોથીઓ તાવ આવવાનો હોય તે દિવસે તાવ આવતાં પહેલાં ત્રણ કલાક આગમચ, જીરા અને સાકરના પાણી સાથે એકથી બે ગોળી ગળાવવી. તે ઉપર સાકરનો શીરો અગર દુધ ભાત આપવો. એકાંતરીયા તાવમાં પણ ઉપર પ્રમાણે આપવાથી તાવ રોકાય છે. ગોળીઓ ત્રણ દિવસથી વધારે આપવી નહિ. સ્ત્રીઓને એક દિવસથી વધારે આપવી નહિ. દુધ, ઘી, ઘઉં, સાકર અને ચોખા સિવાય કાંઈ ખાવા આપવું નહિ. (૩) ફુલાવેલી ફટકડી અને ગોદંતિ હરતાલની ભસ્મ સરખા વજને લઇ ધંતુરાના રસમાં ખરલ કરી ચણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી તાવ આવતાં પહેલાં બબે ગોળી લેવાથી એકાંતરીયો, તરીયો, અને ચોથીયો તાવ મટે છે. આ પ્રમાણે તરીયો, એકાંતરીયો, અને ચોથીયા તાવની ચિકિત્સા બતાવ્યા પછી પાશ્ચિમાત્ય વિદ્વાનો જેને મેલેરીઆ ફીવર કહે છે, તે પણ વિષમ જ્વર છે. તેની ચિકિત્સા નીચે પ્રમાણે કરવી, વિષમ જ્વરના પ્રકરણમાં તાવની પ્રથમ સ્થિતિમાં, બીજી સ્થિતિમાં અને ત્રીજી સ્થિતિમાં બતાવવામાં આવેલા ઉપાયો કરવા. આ તાવમાં જંતુનાશક દવાઓ ઉપર વધારે ધ્યાન રાખવાની જરૂર છે. આ તાવમાં સોમલ, હરતાલ અને મનસીલ વાળી જે જે દવાઓ પ્રથમ બતાવી છે તે પૈકી દવાઓ આપવા ભલામણ કરીએ છીએ. આ તાવ ઘણા દિવસ સુધી આવે છે તો બરોલની ગાંઠ ઉત્પન્ન કરે છે. બરોલની ગાંઠ વધીને ધીમે ધીમે મોટી થાય છે, અને તેવી રીતે યકૃત (કલેજાનો સોજો) વધે છે, ત્યારે પ્લીહોદર અને યકૃદાલ્યુદરનાં લક્ષણો સાથે પાંડુ રોગ જેવા ભયંકર વ્યાધિઓ થાય છે. આ રોગમાં દરદીનું લોહી ધીમે ધીમે બગડતું જાય છે, અને લાલ રજકણો સફેત થઈ શરીર ધોળી પુંણી જેવું થઇ જાય છે. આ પ્રમાણેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાવમા પૂર્ણ વિચાર કરી પ્રથમ બતાવેલ (૧) **તાવહર ચૂર્ણ** સાથે (૨) **કુમારિકાસવ** (૩) **લોહાસવ** એ બન્ને સાથે આપવાં. ઝાડો સાફ ન આવે તો (૪) **મળશુદ્ધિ ચૂર્ણ** તથા (૫) **દીનદયાળચૂર્ણ** આપવું. તાવ ઉતરી ગયા પછી પાશ્ચિમાત્ય વિદ્વાનો તાવ રોકવા માટે (૬) કવીનાઈન આપવા ભલામણ કરે છે. કવીનાઈન આપવાની બે ત્રણ રીત છે. કવીનાઇનનું પાઉડર, પ્રવાહી અગર ગોળી અપાય છે, અથવા ત્વચામાં તેની પીચકારી મરાય છે. (૭) કવીનાઈન ૨૪ ગ્રેન, એસીડ સલ્ફ્યુરીક ડાલ્યુટ ૩૦ ટીપાં, પાણી ૮ ઔંસ; ઉપરની દવા મિશ્રણ કરી દિવસમાં ત્રણથી ચાર વખત એકેક ઔંસ ફરી તાવનો સમય આવે ત્યાં સુધી ડૉકટરો આપે છે, અથવા કવી-નાઇન ૨૪ ગ્રેનની ભૂકી લીંબુના રસમાં અગર તેના શરબતમાં અથવા દ્રાક્ષના પાણીમાં આપે છે; સીંકોનાના છાલનું સત્વ કવીનાઇન છે જેવી રીતે ગળોનું સત્વ, કરીઆતાનું સત્વ તેવું કવીનાઈન છે. કવીનાઈન ઉપર પ્રમાણે ટાઢીયા તાવમાં, તરીયા તાવમાં, એકાંતરીયા તાવમાં અને ચોથીયા તાવમાં પણ અપાય છે. કવીનાઇન **મેલેરિયા ફીવર**માં વધારે અસર કરે છે એમ પાશ્ચિમાત્ય વિદ્વાનોનો મત છે. **ચોથી સ્થિતિ**—વિષમ જ્વર ઘણા દિવસ સુધી લંબાય છે. ત્યારે તેની ચોથી સ્થિતિ ગણાય છે. આ જ્વરની ચિકિત્સાના સંબંધમાં વિશેષ કાળજી રાખવાની જરૂર છે. વિષમ જ્વરને લાંબો વખત થયા પછી (૧) ગળો, આંબળાં, સુંઠ, મોથ, અને રીંગણીનો કવાથ મધ સાથે આપવો. (૨) **ગળોસત્વ** મધ સાથે આપવું. (૩) **મહાસુદર્શન ચુર્ણ** સવાર સાંજ આપવું. (૩) **સુવર્ણ વસંતમાલતી** સવાર સાંજ મધ પીંપરમાં આપવો. વિષમ જ્વરમાં વિશેષ ઉપચાર તરીકે (૪) **શીતભંજી** રસની રતિ રતિ માત્રા તુલસીના પાનના રસમાં આપવી. **બનાવટ**—કડુ, કાળીજીરી, કોલંબો, શોધેલો વછનાગ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધેલો પારો; અને સોધેલો ગંધક, પારા ગંધકની કજ્જલી કરી બીજી વસ્તુઓ પછી મેળવી ખરલ કરવો.

ઇન્ફ્લુએન્ઝા Influenza.

આયુર્વેદમાં આ રોગને દુષ્ટ પ્રતિશ્યાય અગરતો શ્લેષ્મક જ્વરના નામથી ઓળખે છે. (સુ. ઉ. અ. ૨૪

લક્ષણો—આ ફાટી નિકળતો રોગ જંતુજન્ય ચેપી રોગ છે. શરૂઆતમાં સાધારણ સળેખમ જેવાંજ ચિન્હો હોય છે. અને તે સાથે એકદમ અસાધારણ નબળાઇ, ચિંતા, ઉદ્વેગ. વ્યગ્રતા અને તાવ આવી જાય છે. ઘણું કરી ઉધરસ પણ એ સાથે હોય છે. આ દરદીને સસણી કે ન્યુમોનીયા થવાની બીક લાગે છે. ૪–૫ થી ૧૦–૧૧ દિવસ સુધી પહોંચે છે. બાળકોને તથા વૃદ્ધોને વધારે ભયંકર નિવડે છે.

ઉપાય—શરદી વગરના પણ ખુલ્લી હવાવાળા ઓરડામાં દરદીને આરામથી રાખવો. જો પેટ સાફ ન આવતું હોય તો દસ્ત માટે દીનદયાળ કે ઇચ્છાભેદી આપવો. ત્યાર બાદ સુદર્શન ચુર્ણનો કવાથ તથા સંશમનીવટી આપવી. તાવ વધારે આવે તો ત્રિભુવન કિર્તિ વા. ૨, સુદર્શન વા. ૧, જ્વરાંતક વા. ૬, સરજીક્ષાર વા. ૬ નાં ત્રણ પડીકાં કરી મધ પાણીમાં આપવાં.

પથ્ય—પહેલા બે દિવસ પછી ચોખા, મગનું પાણી વગેરે ખોરાક આપવો અશક્તિ વધારે લાગતી હોય તો દ્રાક્ષાસવ આપવો. આ સાથે બીજા કંઇ ઉપદ્રવો જણાય તો તે તે રોગની ચિકિત્સા કરવી.

મોતી ઝરો (સંનિપાતજ્વરનો ભેદ છે) આ દેશમાં કોઈ કોઇ વખતે જોવામાં આવે છે. (૧) નાનાં મોતી ગળવાં અગર સોનાના વરખ મધમાં ચાટવા. (૨) લવીંગ અને બ્રાહ્મીનો કવાથ પીવો. (૩) બાજરી અને ફુદીનાનો કવાથ આપવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂતિકાજ્વર-લક્ષણ અને કારણ-તાવ, કંપારો, તૃષા, સોજો, શૂળ અને શરીરે દુખાવો. આ સૂતિકા રોગનાં લક્ષણો છે. સુવાવડી સ્ત્રીઓએ સમજ્યા વિના અન્નપાન કરવાથી તેમ વિષમ અજીર્ણ, ભોજન, કરવાથી જ્વર ઉત્પન્ન થાય છે.

સૂતિકા જ્વરના ઉપાય—(૧) **દેવદાર્વ્યાદિ કવાથ** (૨) **દ્વાત્રિશાંગ કવાથ** (૩) ધાણા, મોથ, કાળો વાળો, મોટો અરડુસો, ગળો, અતિવિષની કળી, બળબીજ, પિતપાપડો, અને ધમાસો એ ઔષધો સમભાગે લઇ કવાથ આપવો. (૪) **દશમૂળનો કવાથ** આપવો. આ પ્રમાણે ઉપાયો કરતાં જે જે દોષોનું બળાબળ જણાય તે તે પ્રમાણે ઉપર બતાવેલા ઉપાયોની યોજના કરવી. આ તાવમાં **પ્રતાપલંકેશ્વર** નામના રસની માત્રા વાલ-પુરની સવાર સાંજ મધ સાથે અગર આદાના રસમાં આપવી. **બનાવટ**—શુદ્ધ પારો ૧ ભાગ, અભ્રક ભસ્મ ૧ ભાગ, શુદ્ધ ગંધક ૧ ભાગ, મરી ૩ ભાગ, લોહભસ્મ ૪ ભાગ, શંખ ભસ્મ ૮ ભાગ, અડાયા છાંણાની રાખ ૧૫ ભાગ, આ ઔષધોનો ખરલ કરવો. જીર્ણજ્વર, ધાતુગત જ્વર, ગ્રંથીસંનિપાત જ્વર, અને કફોલ્બણ સંનિપાતજ્વર, વગેરેની ચિકિત્સા **જ્વર ચિકિત્સા** નામના મારા બનાવેલા પુસ્તકમાં જોવી.

તાવમાં પથ્યાપથ્ય-(પથ્ય) લાંઘણ કરવી, પરસેવા કાઢવો ઉલટી કરવી. હલકું અને પચી શકે તેવું અન્ન તથા મગનું પાણી ધાણા, જીરૂ અને સિધાલુંણ નાંખીને લેવું, ચોખાની કણકી, સાબુ, ચોખાની કાંજી, ડાંગરની ધાણી, વગેરે કડવા અને તીખા રસથી જ્વરનું પાચન કરવું એ હિતકર છે.

(અપથ્ય) પાણીથી નાહાવું, દોષ પાકયા વિના રેચ આપવો સ્ત્રી સેવન, કસરત, દિવસની નિદ્રા, ભારે ભોજન, બહાર ફરવું, ઘી, કઠોળ, માંસ, છાસ, વગેરે અહિતકર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂચના—સોમલ, મનસીલ વગેરે ઝેરી દવાઓ જે જે પ્રયોગોમાં બતાવવામાં આવી હોય તે તે પ્રયોગો સારા અનુભવી વૈદ્યની દેખરેખ નીચે કરવા. પથ્યની બાબતમાં પણ બરાબર સાવચેતી રાખવી જોઇએ.

સામાન્ય જ્વર માટે નીચે બતાવેલી વનૌષધિઓ પૈકી કોઈ પણ ઔષધીનો ઉપયોગ કરવામાં આવે તો તે તાવને માટે અકસીર છે—ગળો, અરડુસી, કરીઆતુ, ઇંદ્રજવ, કાલીજીરી, કાંચકી, અતિવિષ, પિત્તપાપડો, દીકામાળી, કડુ, પટોળ, હરડે, ભોંયરીંગણી, નાગરમોથ, વાવડીંગ, લીંબડો, સાટોડી, લીંડીપીંપર, આંબળાં, શતાવરી.

દાહજ્વર માટે—વીરણનો વાળો, અરીઠા, અંકોલ, લીંબડો ધાણા, ધમાસો.

ચોથીયા તાવ માટે—અંઘેડો, અગથીયો, ખપાટ, ગળો, ધંતુરો, મોથ, સાટોડી, હીંગ.

આગંતુક જ્વર—તુલસી, કપાસ; ચવક, ચિત્રો; ધમાસો, ત્રાયમાણ, જેઠીમધ

શીતજ્વર—ઝેરકોચલાં, કાકચીયાં, કાળીજીરી, કડુ, અરણી આકડાનાં મૂળ, પટોળ, જીરૂ, કાલીપાટ, પીળો ધંતુરો, કુદેનો શતાવરી, રાસ્ના, કરીઆતુ, લીંબડો, વાવડીંગ, વજ, પિત્તપાપડો સપ્તપર્ણ, પદ્મકાષ્ટ, સુગંધો ચાહ, હરડે.

ધાતુગત જ્વર—શતાવરી, ગળો, લીંબડો, કાળીજીરી, કરીઆતુ, ધમાસો, અરડુસો, પંચસાર; દશમૂળ.

સ્વેદલ દવાઓ—અજમો; લીંબડો; નગોડ; બનફસા, હરડે; સુગંધો વાળો; લીલી ચહા, હળદર; દારૂહળદર; સુરોખાર; નવસાર; ટંકણ; ગંધક; વછનાગ, ઉપલસરી; પંચ લવણ, દશ ક્ષાર; ઉસ્નેખેદુસ; રસવંતી; પિત્તપાપડો; ફટકડી વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્વરઘ્ન—કોલંબો; લીંબડો; કડુ; ધંતુરો, કરીઆતુ; ગળો; સોમલ; મનસીલ; ફટકડી; કડવી જીરી; ઝેરકોચલુ; ઈંદ્રજવ; ઈંદ્રવાયણાં; કાંસકી; સાત્વિનની છાલ; પટોળ; પિત્તપાપડો, ધમાસો; અતિવિષ; સુરોખાર; નવસાર; અરણી વગેરે.

અતિસાર તથા મરડો.

Diarrhoea & Dysentery.

અતિસાર-ઝાડા.

કારણ—ઘણા ભારે પદાર્થનું સેવન કરવાથી, ચીકણાં પદાર્થોનું સેવન કરવાથી, ઠંડી વસ્તુ ખાવાથી, મિષ્ટાન્ન ખાવાથી, અજીર્ણ ઉપર ખાવાથી, વિષનું યુક્તિ વગર ભક્ષણ કરવાથી, શોક, ભય, ખરાબ પાણી, મદ્યપાન અને કરમીયાના ઉપદ્રવથી જળ ક્રિડાથી, ઝાડો પેસાબ રોકવાથી વગેરે કારણોથી ઉપરા-છાપરી ઝાડા થાય છે, તેને અતિસાર કહે છે. ક્ષયરોગ વગેરે કેટલાક દરદોમાં પણ ઝાડા થાય છે તેના જુદા જુદા ભેદ પાડવામાં આવ્યા છે. વાતાતિસાર, પિત્તાતિસાર, કફાતિસાર, ત્રિદોષાતિસાર, શોકાતિસાર, રક્તાતિસાર, અને આમાતિસાર.

લક્ષણ—ઝાડા પાતળા રેચ જેવા ઉતરે છે. આ રેચ જુલાબ નહિ પણ એની મેળે ઉતરે છે. હૃદય, નાભિ, ગુદા, પેટ અને કુખોમાં સોયો ઘોંચ્યા જેવી વેદના થાય, હાથે પગે કળતર થાય ગોટલા ચઢે, ઝાડાની સાથે મોઢે મોળ અથવા અરૂચી હોય છે. ઝાડા આમવાળા કાચા થાય, વાછુટ થાય નહિ, પેટમાં ચુંક આવે, આફરો ચઢી આવીને ઝાડા શરૂ થાય, જીભ ઉપર સફેદ અને પીળી છારી બાઝે, પેસાબનો ખુલાસો થાય નહિ અન્ન વગેરે પચતું નથી; પેટમાં પેઢામાં, અને કુખોમાં ગડગડાટ બોલે છે, ઝાડો દોષપરત્વે લાલ, પીળો, કાળો, રાતો, ફીણ વાળો અને કફ મિશ્રિત થાય છે. **શોકાતિસારમાં** સ્ત્રી, દ્રવ્ય, મિત્ર સંબંધી વગેરેનો નાશ થવાથી અત્યંત દુઃખ થવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. **રક્તાતિસાર**માં લોહી પડે છે. આ લોહી ક્યાંથી આવે છે તેનો નિશ્ચય કરવો જોઇએ. તે પ્રમાણે **આમાતિસાર**માં પણ અન્નનું પાચન નહિ થવાથી, આંતરડામાં બીગાડ થઈ વારંવાર અમળાટ થઇ આમ સાથે લોહી પડે છે. **ભયાતિસાર**માં ચોરી, ખુન, અને રાજ્ય વિરૂદ્ધ ગુન્હાના ભયથી પાતળા ઝાડા થાય છે. ઉપર પ્રમાણેનાં લક્ષણો ધ્યાનમાં લઇ અતિસાર અને અમાતિસારના ઉપાયો કરવા.

ઉપાયો—ઝાડા તથા મરડાના ઉપાય કરતાં પહેલાં તે બંનેના ઝાડાની પરીક્ષા કરવી જોઇએ. ઝાડાનો ઉત્તમ ઈલાજ લંઘન છે. લંઘન કરતાં દરદીને બહુ તરસ લાગે છે, માટે તે શમાવવા (૧) ધાણા, વાળો, નાગરમોથ અને સુંઠનો કવાથ આપવો અગર તેનું હિમ કરી પાવું. કેટલીક વખત આંતરડાંની અંદર કઠણ મળ ભરાઈ રહે છે અને થોડો થોડો પાતળો ઝાડો ઉતર્યા કરે છે. તેની સાથે ચૂંક પણ આવે છે. આવા દરદીને ઝાડો બંધ થવાનાં ઔષધો આપવામાં આવે તો, ફાયદાને બદલે નુકશાન થાય છે. માટે આવા દરદીને સાફ ઝાડો ઉતારવા માટે (૧) **મળશુદ્ધિચૂર્ણ** આપવું અથવા સુંઠના કવાથમાં બે ત્રણ તોલા એરંડીયું તેલ આપવું.

વાયુનો ઝાડો—(૧) ધાવડીનાં ફુલ, સુંઠ, બીલાંનો ગરભ, મોચરસ અને અતિવિષનો; સમભાગે કવાથ કરી પીવો. (૨) જાયફળ અને સુંઠના દશ દશ લસરકા પાણીમાં ઘસી તેનું પાણી રૂ. ૧ ભારના આશરે સવાર સાંજ પીવું. (૩) સુંઠ, કેરીની ગોટલી, વરીઆળી, પોસના ડોડા એ સમ ભાગે લઇ લગાર ઘીમાં શેકી નાખી એ સર્વનો એક ભાગ, ૧ શેકેલું જીરૂં, એ સર્વેનાથી બમણી સાકર નાંખી તેનું ચૂર્ણ કરવું, તેમાંથી સવાર બપોર ને સાંજરે પા પા રૂપીયાભાર ચૂર્ણ લેવું. આ પ્રમાણે કરતાં પણ પેટમાં ચૂંક આવી ઝાડો ઉતરતો હોય તો નીચેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવાઓ આપવી. અફીણવાળી દવાઓ ઝાડા ઉપર સારો ગુણ કરે છે પણ યુક્તિસર આપવી જોઇએ. (૪) અફીણ બે રતિ-કાથો ચાર રતિ–અને સુંઠ આઠ રતિ એ ત્રણને વાટી ચુર્ણ કરી તેની ત્રણ પડીકીઓ સરખા વજને કરવી. તેમાંથી અકેકી પડીકી સવાર બપોર ને સાંજરે ચોખાના ધોવરામણ સાથે લેવી. (૫) [1]**આનંદભૈરવ રસની** ગોળી સવાર બપોર ને સાંજરે અકેકી છાશ સાથે લેવી. (**બનાવટ**) શુદ્ધ વછનાગ તો. ૧, હીંગળોક તો. ૨, મરી તો. ૪, પીંપર તો. ૨ લીંબુના રસમાં સાત દિવસ ખરલ કરવો અને મગ જેવડી ગોળીઓ કરવી.

પિત્તનો ઝાડો-(૧) આંબલીના કચુકા, વરીઆળી, અને સેકેલું જીરૂ અકેક ભાગ, દાડમની છાલ બે ભાગ અને સાકર પાંચ ભાગનું ચુર્ણ કરી તેમાંથી પા પા રૂપીઆભાર ચુર્ણ સવાર બપોર ને સાંજરે લેવું (૨) અતિવિષ, કડાછાલ, અને ઇંદ્રજવનું ચુર્ણ પા પા રૂપીઆભાર, ચોખાના ધોવરામણમાં મધ નાંખી આપવું. (૩) રાળ તો. ૦ાા સાકરમાં મેળવી આપવી. ઉપર પ્રમાણે ઉપચાર કરતાં ન મટે તો પછી (૪) હીંગળોક, હીરાબોળ અને અફીણ સરખા વજને લઇ નાગરવેલના પાનના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી. સવાર બપોર ને સાંજરે અકેકી ગોળી જીરાસાકરના પાણી સાથે લેવી.

કફનો ઝાડો—દોષ પ્રમાણે લંઘન કરવું. (૧) મરડાસીંગ, ઇંદ્રજવ, વરીઆળી, હરડેદળ અને સુંઠનું સમભાગે ચુર્ણ કરી તેમાંથી પા પા રૂપીઆભાર ચુર્ણ ચોખાના ધોવરામણ સાથે લેવું. (૨) વાવડીંગ, વજ, કાયફળ અને બીલીનો ગરભ સમભાગે લઈ તેનો કવાથ પીવો. (૩) જીરૂ, શાહજીરૂ, કાકડાસીંગી અને બીલીના ગરભનું સમભાગે ચુર્ણ કરી પા પા રૂપીઆભાર ચુર્ણ લેવું. **આ પ્રમાણે બબે દોષોનું મિશ્રણ હોય તો, તેના**

---

૧ સિદ્ધભેષજમણિમાલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાયો તે પ્રમાણે કરવા. (૧) બોડીઅજમો, સુંઠ, મોચરસ, અને ધાવડીનાં ફુલ સમભાગે લઇ તેનું ચુર્ણ કરવું. તેમાંથી અડધા અડધા રૂપીઆભારની ફાકી ગાયની છાશ સાથે લેવી. કેટલીક વખતે ઝાડાના દરદીને પેટ ચઢીને આફરા જેવું જણાય છે, માટે દરરોજ દવા લેતાં પહેલાં દરદીએ વિચાર કરીને દવા લેવી. ઝાડો બરાબર ન થતો હોય તો પ્રથમ બે ત્રણ દિવસ (૨) હરડે, અતિવિષની કળી, સિંધવ, સંચળ, વજ અને હીંગનું સરખા વજને ચુર્ણ કરી તેમાંથી પા પા રૂપીઆભાર ચુર્ણ ઉના પાણી સાથે પીવાથી વાછુટ સાથે ઝાડા સારા આવશે. ત્યાર પછી ઝાડો બંધાઇને આવે અને અન્ન પચે તેને માટે (૩) કંકોલ, દેવદાર, તજ, મીઠું, બીલાં, મરી, જાયફળ, શાહજીરૂ અને સુંઠનું સમભાગે કરેલું ચુર્ણ સવાર બપોર ને સાંજરે છાશ સાથે લેવું એથી ઝાડો બંધ થશે.

ઝાડો થઈ આવે ત્યારે પરહેજી રાખવાની વધારે જરૂર છે. પ્રથમ બતાવ્યા પ્રમાણે લંઘન કર્યા પછી હલકો અને પાચન થાય તેવો ખોરાક લેવો. ભારે અનાજ ખાવું નહિ, ઠંડીમાં બેસવું કે સૂવું નહિ. પેટમાં દુઃખે તો ટરપેન્ટાઇન લગાડી ગરમ પાણીનો સેક કરવો અગર આકડાના પાન ઉપર દીવેલ લગાડી ઉના કરી બાંધવા અને ઉપર ઉના પાણીથી શેક કરવો. અતિ-સારમાં (ઝાડામાં) ઉપર બતાવેલાં ઔષધો લાગુ પડે છે તે સિવાય બીજાં કેટલાંક ઔષધો નીચે આપ્યાં છે તેનો ઉપયોગ કરવો. (૪) બીલાં, અતિવિષની કળી, વરીઆળી, ગુલાબનાં ફુલ તેનો સમભાગે કરેલો કવાથ પીવો. (૫) દાડમના પુટપાકના રસમાં તો. ૦ા અફીણ નાંખી તેની ગોળી મગ જેવડી કરી તેમાંથી એકેકી ગોળી સવાર સાંજ આપવી. (૬) શાહજીરૂ, જીરૂ અને મરીનું સમભાગ ચુર્ણ દહીંમાં ખાવું. (૭) અરડુસાની છાલનું ચુર્ણ કરી તેમાંથી અડધા રૂપીઆભાર ચુર્ણ નવટાંક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાશમાં નાંખી પી જવું. આ પ્રમાણે સાત દિવસ કરવાથી ઝાડો મટે છે. **પથ્ય**–ગાયની છાશ અથવા કણકી ને છાશ–બીજું કંઈ નહિ લેવું. (૮) સારા નાળિએરની કાચલી દેવતા ઉપર મુકી તે કાચલીમાંથી જ્યારે તેલ નીકળે ત્યારે તો. ૧ અફીણનો ભુકો કરી કાચલીમાં નાંખી તે તેલ અને અફીણનો ભુકો એક થાય ત્યારે ઉતારી કાચલી ટાઢી થયા પછી તેને વાટી તેમાંથી વાલ વાલ માત્રા સવાર સાંજ લેવી. (૯) પોસના ડોડા અને આંબળાં સરખા વજને લઇ તેને શેકી તેનું ચુર્ણ કરી તેમાંથી બબે આની ભાર ચુર્ણ સવાર સાંજ ચોખાના ધોવરામણમાં લેવું. કેટલીક વખતે ઝાડા થતાં ચુંક ઘણી આવે છે તેને માટે (૧૦) લવીંગ, કેસર, અને ગુંદર એ ત્રણનો લેપ ડુંટીએ કરવો અથવા (૧૧) નવસાર અને મરી સમભાગે લઈ ચુર્ણ કરી પાણીમાં મગ જેવડી ગોળીઓ કરી તેમાંથી એકેકી ગોળી સવાર બપોર ને સાંજે પાણી સાથે ગળવી.

રક્તાતિસાર—(૧) પિત્તના અતિસારના ઉપચારો કરવા, (૨) વરીઆળી તો. ૪, એલાયચી તો. ૧ અને સાકર તો. ૫ લઇ તેનું ચુર્ણ કરી સવાર સાંજ પા પા રૂપીઆભાર લેવું, (૩) ભાંગ તો. ૧. તેને ઉંબરાના દુધમાં ચણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવાર બપોર ને સાંજરે એકેકી ગોળી જીરા સાકરના પાણી સાથે લેવી.

(૪) **જાતિફલાદિ ચુર્ણ**—બબે વાલ ચોખાના ધોવરામણ સાથે લેવું. **(બનાવટ)** જાયફળ, સુંઠ, અફીણ અને ખારેક સરખે વજને લેવું, અને તે સર્વેના વજને અડાયા છાંણાની રાખ લેવી. તે સર્વેને વાટી ચુર્ણ કરવું. (૫) ગાયનું દુધ તો. ૧૦ માં એક લીંબુ નીચોવી તુરત પી જવું (૬) શાહજીરૂ તો ૧ રાત્રે નવટાંક પાણીમાં પલાળવું. સવારમાં સાકર ચારઆની ભાર નાંખી ચાટી જવું આ પ્રમાણે કરવાથી લોહી સાથેનો ઝાડો બંધ થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોકના અતિસારમાં અને **ભયના અતિસારમાં** ઉપર બતાવેલા ઉપચારો સાથે શોક અને ભય જેમ દૂર થાય અને મન આનંદમાં રહે તેવી યોજના કરવી. (પથ્ય) રાતા ચોખા, જુનાં ધાન્ય, અગ્નિને પ્રદિપ્ત કરે તેવું ભોજન, દહી, દાડમ કે છાશ, મસુરની દાળ કે બીલીનો મુરબ્બો લેવો.

આમાતિસાર-મરડો. (Dysentery)

વિશેષ લક્ષણઃ—અતિસારના ઝાડામાંથી મરડો થાય છે. ઝાડાની હાજત વારંવાર થાય છે અને પેટમાં આંકડી આવીને ઘડીએ ઘડીએ ઝાડે જવું પડે છે. ઝાડો થોડો થોડો થાય છે, કરાંજવું પડે છે અને તેમાં પરૂ અને લોહી આવે છે. તે સાથે થોડો ઘણો તાવ પણ આવે છે. જીભ ઉપર થર બાઝે છે, ઝાડો લગાર થાય છે, ફક્ત બે ચાર ટીપાં લોહી અને પરૂનાં પડે છે. ઝાડે જોર કરી પેટમાં અમળાઇને જવું પડે છે તે વખતે દરદીનો જીવ જવો બાકી રહે છે એવી વેદના થાય છે. જેમ દરદ લંબાય છે તેમ લોહી, પરૂ વિશેષ પડે છે.

ઉપાય—આ દરદ સાધારણ છે પણ તે કોઇ કોઈ વખતે ભયંકર રૂપ પકડે છે. દરદીના પેટના જે ભાગમાં દુઃખતું હોય અગર ચુંક આવતી હોય તે ભાગ ઉપર રાઇનું પ્લાસ્ટર મારવું, ગરમ પાણીનો શેક કરવો અગર અળસીની પોટીસ કરવી. અંદરના આંતરડાંનો મળ ખસેડવા સારૂ પ્રથમ તો (૧) સુંઠના કવાથમાં બે ત્રણ રૂપીઆભાર એરંડીયું તેલ આપવું. અગર (૨) હીંમજ તો. ૦॥ અને સુંઠ તો. ૦॥ એ બન્નેને એરંડીયામાં તળી નાખી તેમાં બેઆનીભાર સંચળ મેળવી તેની ફાકી લેવી. કેટલીકવાર આ સાધારણ શોધનથી મરડો બેસી જાય છે. એરંડીયા સિવાય બીજો જુલાબ લેવો નહિ. ઉપર પ્રમાણે કરવાથી ઝાડો ન થાય તો (૩) એરંડીયા તેલમાં તળેલી હીમજ તો. ૧, સુંઠ તો. ૦।, સોનામુખી તો. ૦।, અને સાકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો. ૦ા એ બધાનું ચુર્ણ કરી તેની ફાકી તો. ૦ા લેવી. (૪) મરડાવાળા દરદીએ ખોરાક સાદો અને હલકો લેવો, તેમ દહીંભાત, દુધભાત, દાળનું ઉપરનું પાણી, પાતળી કાંજી અને કણકીની ભઈડકી લેવી. એ સિવાય કંઈ લેવું નહિ

ઉપર પ્રમાણે સાદો જુલાબ આપ્યા પછી નીચેના ઉપાયો કરવા. (૫) લવીંગ તો. ૧, હીંગ તો. ૧, કેસર તો. ૧, અને અફીણ તો. ૧, તેની ગોળીઓ કપુરી પાનના રસમાં મગ જેવડી કરવી, તેમાંથી એકેકી ગોળી સવાર બપોર ને સાંજરે ચોખાના ધોવરામણમાં લેવી. (૬) ખસખસ તો. ૦ા, જાયફળ તો. ૦ા, સુંઠ તો. ૦ા અને સાકર તો. ૦ા ની ફાકી સવાર સાંજ લેવી. (૭) તાજાં ગુલાબનાં ફુલ, વરીઆળી, એલાયચી, જીરૂ અને રૂમીમસ્તકી સમ ભાગે લઇ તેનું ચુર્ણ સવારસાંજ પા પા રૂપીઆભાર સેવન કરવું. (૮) આંબલીની સુકી છાલનું ચુર્ણ ૦ા રૂપીઆભાર ગાયના દુધના દહીં સાથે લેવું. (૯) **બાળકુટજાવલેહ**—કડાછાલ તો. ૮ ને આઠગણા પાણીમાં ઉકાળી ચોથો ભાગ બાકી રહે ત્યારે ગાળી તેમાં અતિવિષ, કાળીપાટ, જીરૂ, બીલાં, આંબલીની ગોટલી, સુવા, ધાણા, મોથ અને જાયફળ એકેક તોલો મેળવી ધીમે આંચે પકાવી જ્યારે ગોળીઓ વાળવા જેવું ઘટ થાય ત્યારે અકેક વાલની ગોળીઓ વાળવી. તેમાંથી સવાર બપોર ને સાંજરે અકેકી ગોળી લેવી. અફીણ વાળી દવાઓ સારો ગુણ કરે છે, પણ તે યુકિત સાધ્ય હોવી જોઇએ. મરડા ઉપર (૧૦) **બીલીનો મુરબ્બો** તથા **સફરજનનો મુરબ્બો** સારો ફાયદો કરે છે. મરડામાં ઘણી ચુંક અને અમળાટ આવતો હોય તો ઝાડાના પ્રકરણમાં બતાવેલો લેપ ડુંટી ઉપર કરવો અને નીચે બતાવેલી દવાઓનો ઉપયોગ કરવો. (૧) **અફીણની ભસ્મ**—અફીણને તાવડીમાં ધીમા તાપે સેકવું ફુલી જાય ત્યારે તેને હેઠે ઉતારી વાટી બારીક ભુકો કરવો. તેમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસવ જેટલી લઇ મધમાં ચાટવી. (૧૨) હીંગ, અફીણ અને કાથો સમ ભાગે લઈ તેની ચણા જેવડી ગાળીઓ કરવી. તેમાંથી સવાર સાંજ એકેકી ગોળી લેવી, (૧૩) હીંગ, અફીણ, અને કેસર, સમભાગે લઇ તેની ટીકડી કરી તાવડી ઉપર લગાર સેકી તેમાંથી ચણાના દાણા જેટલી સવાર સાંજ લેવી. (૧૪) *કેશરાદી ગુટીકા સવાર સાંજ એકેકી ગોળી લેવી. (બનાવટ) જાયફળ, જાવંત્રી, લવીંગ, મોચરસ, કેરીની ગોટલી, લોધર, બીલીનો ગરભ, ધાવડીનાં ફુલ, સુંઠ અને દાડમનાં છોડાં; એ દસ વસ્તુઓ એકેક તોલો, કેસર તો. ૦ાા અફીણ તો. ૩, ભાંગ સેકેલી તો. ૩; એ બધી વસ્તુઓને ખાંડી એક દિવસ કોરી ઘુંટી પછી ભાંગના ઉકાળામાં ઘુંટી, મરીના દાણા જેવડી ગોળીઓ કરવી. (૧૫) કુંકુમવટાની એકેકી ગોળી સવાર, બપોરને સાંજરે ચોખાના ધોવરામણમાં આપવી. (બનાવટ) કેસર તો. ૧; અફીણ તો. ૧ અને પીળું મીણ તો. ૧; પ્રથમ કેસરને ઝીણું વાટી પછી અફીણ સાથે મેળવી વાટવું. પછી મીણને ગરમ કરી તેમાં અફીણ અને કેસરનું ચુર્ણ નાખી મેળવી ચોખા પુરની ગોળીઓ કરવી. (૧૬) અંબર વાલ ૧, કસ્તુરી વાલ ૧, જાયફળ, જાવંત્રી, અકલગરો, લવીંગ, તજ, પીંપર, વંશલોચન અને અફીણ એ સર્વે અડધો અડધો તોલો લઇ વાટી પાણી સાથે મગ જેવડી ગોળીઓ કરવી, તેમાંથી સવાર બપોર ને સાંજરે એકેકી ગોળી લેવી. (૧૭) ×કેશરાદિ ચુર્ણની માત્રા ૦ાા વાલથી ૧ વાલ સુધીની જીરા-

---

* કેશરાદિ (દેવ કુસુમાદિ) નામની ગોળીઓ જેમાં રસકપુર પડે છે તે ગોળીઓ અને આ ગોળીઓની બનાવટ અને ગુણ અલગ છે તે વાંચકોએ ધ્યાનમાં રાખવું.

× ચાંદી, વિસ્ફોટક અને પ્રમેહ ઉપર જે કેસરાદીવટી નામની ગોળીઓ આવે છે તેમાં રસકપુર આવે છે તેના કરતાં આ પાઠ જુદો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાકરના પાણી સાથે લેવી. **(બનાવટ)** કેસર, જાવંત્રી, જાયફળ, એલચી, અફીણ, સુવા, ગુંદર અને બીલાં સમભાગે વાટીને ચુર્ણ કરવું. આ પ્રમાણે ઉપરની દવાઓ આપતાં છતાં પણ જો મરડાનું જોર ઓછું થતું ન હોય અને અમળાટ સાથે લોહી પડું આવતું હોય તો (૧૯) **હરિતક્યાદિ ચુર્ણ** ઝાડાના પ્રકરણમાં બતાવ્યું છે તે આપવું; અથવા શરૂઆતમાં બતાવ્યા પ્રમાણે સુંઠના કવાથમાં એરંડીયેલ બે ત્રણ રૂપીઆભાર ફરીને લેવું; અને ત્યાર પછી (૧૯) એક કળીનું લસણ લઇ તેને ચીરી તેમાં અફીણ ભરીને પુટપાકની રીત પ્રમાણે પકાવી મગ જેવડી ગોળીઓ કરી તે અકેકી સવાર સાંજ લેવી. (૨૦) હીંગ તો. ૧, કાથો તો. ૧, અફીણ તો. ૧ અને તુળસીના પાન તો. ૧ એ ચારને વાટીને ઘુંટીને મગ જેવડી ગોળીઓ કરવી. તેમાંથી બબે ગોળીઓ દિવસમાં બે વખત લેવી. (૨૧) હીંગળોક, હીરાબોળ, અને અફીણ સરખા વજને લઇ નાગરવેલના પાનના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી, તેમાંથી સવાર, બપોરને સાંજરે અકેકી ગોળી લેવી. (૨૨) **કેશરાદી વટી નં. ૨**– કેસર, જાયફળ, એલચી, સુંઠ, લવીંગ, અફીણ, અને હીંગળોક સમભાગે લઇ બારીક વાટી પછી પોસના ડોડાનો કવાથ કરી અષ્ટમાંશ બાકી રહે ત્યારે ગળી લઇ ઉપરના ચુર્ણમાં નાંખી ઘુંટી ચનોઠી જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવાર બપોરને સાંજરે અકેકી ગોળી ચોખાના ધોવરામણ સાથે લેવી. જ્યારે દરદી શક્તિહિન થતો જાય ત્યારે તે બાબત ઉપર વિચાર કરી શક્તિ લાવવા માટે (૧૯) **સુ૦ વસંતમાલતી** (૨૦) **દ્રાક્ષાસવ** (૨૧) કે **લોહાસવ** વાપરવા. જુના મરડાના દરદીને હવાની વધારે જરૂર છે. મરડાના દરદીએ પરહેજી રાખવી અને શ્રમ લેવો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મગજ અને કરોડ રજ્જુના વરમ સાથેનો તાવ.

Cerebro-Spinal-Fever (સેરીબ્રો સ્પાઈનલ ફીવર)

આ તાવ કેટલાક સ્થાનિક કારણોને લીધે એકજ વખતે એકજ જગ્યામાં રહેનારા માણસોમાંથી ઘણાને લાગુ પડે છે. આ તાવ એક જાતના સુક્ષ્મ જંતુમાંથી થાય છે એમ ડો. ફ્રાન્કલનું કહેવું છે. મગજના પડનો તથા કરોડ રજ્જુનો વરમ ઘણા કારણોથી થાય છે અને તે સાથે તાવ આવે છે.

લક્ષણ–મગજના પડમાંથી તથા કરોડ રજ્જુમાંથી પરૂ જેવો રસ નીકળે છે અને તે મગજને તળીએ જામે છે, ટાઢ આવે છે, માથુ સખત દુખે છે, ઉલટી થાય છે, તાવ ૧૦૬'–૧૦૭' ડીગ્રી સુધી થાય છે, દરદી બે ભાન થઇ જાય છે અને સંનિપાત થાય છે, ડોક ને કરોડના સ્નાયુઓ અક્કડ થઈ જાય છે, દરદી કોઇ કોઈ કોઈવાર બારથી ચોવિસ કલાકમાં મૃત્યુને શરણ થઈ જાય છે, તો પણ સાધારણ રીતે છ કે આઠ દિવસ પછી મૃત્યુ નિપજે છે ને દર્દી સાજો થાય છે તો તેની તબીયત સુધરતાં ઘણો વખત જાય છે. તાવ પહેલાં નાડી કઠણ પણ ધીમી ચાલે છે અને ટાઢ આવ્યા પછી કીકીકાંતો વિસ્તૃત થાય છે, અગર સંકુચિત થાય છે. દરદી પોતાના માથાને બીછાનામાં, પછવાડે વાળીને ખોસી દે છે, અને તેનો શ્વાસો શ્વાસ ઉતાવળથી ચાલવા માંડે છે, તેનું માથુ સીધુ કરવા પ્રયત્ન કરવાથી તેને ઘણું દરદ થાય છે અને માથાના બોચીમાં દુખાવો થાય છે, તે સાથે વારંવાર તાણ આવે છે અને લકવાનાં લક્ષણો દેખાવા માંડે છે. આ સાથે ચહેરા ઉપર અને આંખ ઉપર એક ખાસ જાતના દાણા દેખાય છે. ઘણા દરદીને બરોલ પણ વધે છે. જો વ્યાધિ લાંબોવખત ચાલે તો દરદ નરમ પડે છે અને પાછા હતાં તેવાં લક્ષણો થાય છે. દરદી જ્યારે સાવધ થાય છે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉનો પસીનો વળે છે આ એક દરદ મટવાનું ચિન્હ છે. આમાં ઉપદ્રવો જેવા કે ખાંસી, ફેફસાંનો સોજો અગર ન્યુમોનીયા, યકૃત તથા ગુરદાનો સોજો, સાંધાનો દુખાવો અને આંખ કાનનો વરમ થાય છે. કેટલાક દરદીને આ દરદ મટ્યા પછી પણ આંખ કાનના રોગ રહી જાય છે અને ખોડ પણ ઘણે અંશે આવે છે.

ઉપાય–લક્ષ્મીનારાયણ રસથીજ જો ફાયદો થવાનો હોય તો થાય છેજ. બાકી ઉપદ્રવો જે જણાય તેના ઉપાય કરવા, માથે બરફ કાયમ રાખવો.

ગ્રંથિક જ્વર–(પ્લેગ, મરકી Plague)

પથારીમાં પૂર્ણ આરામ આપવો, ખુલ્લી હવા આવવા દેવી, માથા ઉપર બરફ રાખવો, તાવમાં કહેલા ઉપાયો કરવા.

ગાંઠ ઉપર રાઇની પટી મારવી કે ફોલ્લો ઉપાડવો. થોડો થોડો પ્રવાહી ખોરાક આપવો.

ઉપાય–તાવ ઓછો કરવા માટે **ત્રિભૂવનકિર્તિ, રત્નાગિરિ** વગેરે સ્વેદલ દવાઓ આપવી. પણ નબળાઇ ન વધી જાય એ ધ્યાનમાં રાખવું, નબળાઇ લાગે ત્યારે **અગ્નિતુંડી** આપવી. કસ્તુરી રતી ½ મધમાં આપવી. વિશેષ હકીકત માટે પાછળ જુઓ.

મહામૃત્યુંજયવટી–સુંઠ તો. ૪, સિંધવ તો. ૮, ટંકણ તો. ૪, મરી તો. ૪, શોધેલો વછનાગ તો. ૪, પીંપર તો. ૪, હિંગ તો. ૧, કપુર તો. ૦ાા, અજમો તો. ૪, પારા ગંધકની કજ્જલી તો. ૪, લોબાન તો. ૨, જીરૂ તો. ૪, શંખ તો. ૪, એ ચીજોની લીંબુના રસમાં ગોળી કરવી અને તે ગોળી પાણી સાથે ગળી જવી. આ રોગને માટે આ ગોળી બહુજ સારૂ કામ કરે છે, આ રોગ ચાલતો હોય ત્યારે સાજા માણસે પણ આ ગોળી લેવી હિતકરછે. બાકી આવા દરદમાં વિદ્વાન–વૈદ્ય ડૉકટરની સલાહ લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાવ સાથેનો ઝાડો અને મરડો.

જ્વરાતિસાર—ઝાડા અને મરડા સાથે તાવ જણાય તો (૧) ધાણા, સુંઠ અને અતિવિષની કળીનો કવાથ કરી પીવો. (૨) ઈસબગોળ (ઉટીંગુજીરૂં) તો. ૧ રાત્રે નવટાંક પાણીમાં પલાળી તેમાં સાકર નાખી સવારે ચાટી જવું. (૩) સુંઠ, ગળો, વાળો, ચંદન, કડાછાલ, નાગરમોથ, અને કરીઆતાનો કવાથ લેવો. (૪) રતાંદળી, વીરણનોવાળો, કાળોવાળો, કડાછાલ, પહાડમૂળ, પદ્મકાષ્ટ, ધાણા, ગળો, કરીઆતુ, મોથ, બીલીનો ગરભ, અતિ-વિષની કળી અને સુંઠનો કવાથ ચાર ચાર રૂપીઆભાર પીવો. આ પ્રમાણે ઉપાયો કરવા છતાં તાવ સાથેનો ઝાડો નરમ ન પડે (૫) તો **અગ્નિતુંડી વટી**ની ગોળી સવાર, બપોર ને સાંજરે એકેકી લેવી. (**બનાવટ**) શોધેલો પારો, શુદ્ધ વછનાગ, શુદ્ધ ગંધક, અજમો, સાજીખાર, જવખાર. ચિત્રક, સિંધાલુંણ, જીરૂ, સંચળ, વાવડીંગ, સમુદ્રમીઠું, ત્રિફલા, સુંઠ, મરી, પીપર, એ અઢાર ઔષધો એક એક તોલો, શુદ્ધ ઝેર કોચલા તો. ૭ લઇ એ સર્વે ને એક કરી જંબીરાના રસમાં અગર લીંબુના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી.

સૂચના—ઝાડા અને મરડાના દરદમાં ખોરાક ખાવાની ઘણી સંભાળ રાખવાની છે, લાંઘણ એ સારો ઉપાય છે, માટે અજીર્ણનો વિકાર જ્યાં સુધી જણાય ત્યાં સુધી લાંઘણ કરવી.

પથ્ય—લાંઘણ, ઉંઘ, ચોખા, કણકી, કોદરી. તાંદળા, તુવેર, ગાયનું દુધ, દહીં, છાશ, તાજાં બીલી, જાંબુ, કોઠ, દાડમ, હલકું ભોજન વગેરે. **અપથ્ય**—ભારે ખોરાક, ચીકણો પદાર્થ, અભ્યંગ, કસરત, સ્નાન, નવું અનાજ, શોક, ગરમ વસ્તુ, સ્ત્રી સંગ, ચિંતા, ઉજાગરો, ઘઉં, અડદ વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગ્રહણી (Sprue)

કારણ—અતિસાર (ઝાડો) થયાપછી મંદઅગ્નિવાળા અને વિરૂદ્ધ આહાર કરનાર માણસનો અગ્નિ દુષ્ટ થાય છે. એથી આમરૂપ મળ પડવા લાગે છે; તેને સંગ્રહણી કે સંઘરણી કહે છે.

લક્ષણ—સંગ્રહણીના વ્યાધિમાં જે ખોરાક દરદી ખાય છે, તે પાચન થયા વગર અગર પાચન થયેલી સ્થિતિમાં વારંવાર ઝાડા વાટે બહાર નીકળે છે. ચુંક આવીને વારંવાર ઝાડે જવું પડે છે અને તે વેદના બીલકુલ સહન થતી નથી. આમ સાથે ઝાડો થાય છે. એનાથી તરસ, આળસ, દાહ, અપચો, શરીરનું ભારેપણું અને દિવસે દિવસે બળનો ક્ષય થતો જાય છે. ખોરાક લેવામાં આવે તો, તેનો આમ થઇ ઝાડા વાટે નીકળે છે. હાથે, પગે અને કેડમાં કળતર, જીર્ણતાવ, માથામાં દુઃખાવો, મોઢામાં છાળાં પડવાં, મોઢું અને ગળું આવવું, ખોરાકના પ્રમાણ કરતાં ઝાડો આમ થઇ વધારે પ્રમાણમાં આવવો, અશક્તી વધતી જવી, મનનો અણગમો, ઉઠતાં બેસતાં ચકરી આવવી વગેરે. આ પ્રમાણે સંગ્રહણીનાં લક્ષણો છે.

ઉપાય—આ રોગમાં દરદીનું જઠર એટલું બધું દૂષિત થઇ નબળું થાય છે કે તેની હોજરી કોઇપણ જાતના ખોરાકને ધારણ કે પાચન કરી શકતી નથી. સંગ્રહણીના દરદીની હોજરી નાના બાળકની હોજરી કરતાં પણ વધારે નબળી થાય છે. તેથી દરદીએ પ્રવાહી અને હલકા પોષણથી શરૂઆત કરવી.

છાશ—આ રોગ ઉપર છાસનો પ્રયોગ અત્યુત્તમ ગણાય છે. આ દરદમાં ભુખ અને તરસમાં છાસ[1] હિતકર છે. જેવી રીતે ક્ષયમાં ફેફસાં બગડે છે તેવી રીતે આ રોગમાં આંતરડાં બગડે છે. ક્ષય અને આંતરડાંનો ક્ષય એ બંને સરખા વ્યાધિઓ છે. આ રોગમાં આંતરડામાં ચાંદા પડેલા હોય છે. તે જ્યારે

---

१ क्षुधि तृषि च तक्रंग्रहणि गदे. भैषज्यरत्ना०

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂઝાય છે ત્યારે આંતરડા સશક્ત બને છે. **આ રોગમાં પ્રવાહી ખોરાક જીવન છે.** શેર દહીંમાં અડધો અડધ પાણી નાખીને કરેલી તાજી છાશનો ઉપયોગ કરવો. છાશ તાજી અને દહીંની તર ઉતારેલી લેવી. છાશમાં શેકેલી હીંગ, ધાણા, જીરૂ અને સિંધાલુણ નાખવું. મરણની પથારીએ પડેલા સંગ્રહણીના દરદીઓને છાશ જીવાડે છે, પણ લાંબા વખત સુધી એટલે મહિના બે મહિના સુધી એકલી છાશ પીને દરદીએ રહેવું જોઇએ. આ સિવાય ભયંકર સંગ્રહણીના દરદીને બચવાનો એકે સારો ઉપાય નથી. છાશનો પ્રયોગ કરનારે, ઘેર નિરોગી ગાય રાખી છાશનો પ્રયોગ શરૂ કરવો ઉત્તમ છે. છાશનો પ્રયોગ નીચે બતાવેલી દવાઓ સાથે કરવાનો છે.

(૨) કોઠાંનો ભૂકો શેર ૧, સાકર તો. ૨૪, સિંધાલુણ તો. ૮, અજમો તો. ૩; એ વસ્તુઓનું ચુર્ણ કરી તેમાંથી સવાર, બપોર અને સાંજરે અડધા રૂપીઆભાર ચુર્ણ નવટાંક છાશ સાથે લેવું. (૩) પીંપળાની અંતરછાલનું ચુર્ણ તો. ાા, છાશ સાથે લેવું. (૪) ચવક, ચિત્રક, બીલાં અને સુંઠનું ચુર્ણ છાશ સાથે લેવું. આ પ્રમાણે આપતાં ફાયદો ન થાય તો (૫) **કપિત્થાષ્ટક ચૂર્ણ** સવાર, બપોરને સાંજરે અડધા અડધા રૂપીઆભાર નવટાંક છાશમાં નાંખી પી જવું અને તે સાથે (૬) **અગ્નિતુંડીવટી** એકેકી ગોળી સવાર સાંજ લેવી. **કપિત્થાષ્ટક ચૂર્ણ-(બનાવટ)** કોઠાનો ભૂકો ૮ ભાગ, સાકર ૮ ભાગ, તથા દાડમની છાલ, આંબલીના છાલ, બીલાં, ધાવડીનાં ફુલ, અજમોદ, લીંડીપીંપર, એ દરેક ત્રણ ત્રણ ભાગ અને મરી, જીરૂં, ધાણા, પીંપરીમૂળ, વાળો, સંચળ, અજમો, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, ચિત્રો અને સુંઠ એ દરેક એક એક તોલો લઈ ચુર્ણ કરવું આ પ્રમાણે કરતાં પણ જ્યારે તફાવત માલુમ ન પડે તો (૭) **તક્રવટીનો** પ્રયોગ શરૂ કરવો. **(બનાવટ)** હીંગળોક, અફીણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વછનાગ એ ત્રણ સમભાગે લઇ વડના દુધમાં ગોળીઓ મગના જેવડી કરવી. તેમાંથી સવાર સાંજ એકેકી ગોળી છાશ સાથે ગળવી. ઉપર બાતાવ્યા પ્રમાણે પાચનશક્તિ હોય તે પ્રમાણે ભુખ અને તરસમાં [1]છાશ વિના બીજું કાંઇ લેવું નહિ. છાશ શરૂઆતથી કલાકે કલાકે નવટાંક નવટાંક લેવી અને જેમ જેમ પાચન થતી જાય તેમ તેમ છાશ વધારતા જવી. છાશ લેતાં પણ તરસ બહુ લાગે તો સંતરૂ, નારંગી અને દાડમનો રસ ગાળીને લેવો. ટુંકામાં હોજરીને હરકત કરનાર બીજું કાંઇ પણ લેવું નહિ. સંગ્રહણીના કેટલાક દરદીઓને બીજા ઉપદ્રવોને લીધે છાશ અનુકુળ આવતી નથી માટે તેવા દરદીઓને દુધનો ઉપયોગ કરાવવો. (૮) **દુગ્ધવટી**-શોધેલો સોમલ, અફીણ અને હીંગળોક સમભાગે લઈ વડના દુધમાં જારના દાણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી એકેકી ગોળી સવાર સાંજ નવટાંક દુધ સાથે ગળાવવી. દુધના પ્રયોગમાં પણ પ્રથમ જણાવ્યા પ્રમાણે દુધ પાચન થાય તે પ્રમાણે લેવાનું છે. દુધ ધારોષ્ણ એટલે તરતનું દોહેલું ભુખ અને તરસમાં લેવું. **છાશ તથા દુધના પ્રયોગમાં પાણી બંધ કરવાનું છે.** કેટલીક વખતે દુધનો અભાવ થાય ત્યારે તેને રૂપાંત્તર કરવા (૯) કેસર, જાયફળ, જાવંત્રી, એલચી અને લીંડીપીંપર આ વસ્તુઓનું ચુર્ણ કરી તેમાંથી એક શેર દુધે વાલ પુર ચુર્ણ નાંખી તેને આપવું. **દુગ્ધવટી અને તક્રવટી સોજા સાથેની સંગ્રહણીમાં ઘણો સારો ઉપાય છે.** આ સાથે (૧૦) [2]**પંચામૃતપર્પટી** સવાર સાંજ અડધા વાલની માત્રા જીરા અને હીંગના ચુર્ણ સાથે આપવી. આ પ્રમાણે અઠવાડીયા સુધી આપવું, અને તે સાથે છાશ વધારતા જવી. જ્યારે છાશ દસશેર સુધી લેવાય, ઝાડો પચીને આવે, પેટ ચઢે નહિ, ગડગડાટ થાય નહિ તથા

---

૧ ગાયની છાશ ન મળે પછી ભેંસની છાશ લેવી. ૨ લોહ, તામ્ર, પારો, અને અભ્રક એ ચારે એકેક તોલો અને ગંધક તોલા ૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાછુટ અને ઝ.ડો પેસાબ સારી રીતે થાય ત્યારે જાણવું કે દરદ નાબુદ થતું જાય છે. આ પ્રમાણે એક મહિના સુધી કરવું. કદાચ તેમાં પણ કચાશ જણાય તો બે મહિના સુધી આ પ્રયોગ શરૂ રાખવો. ત્યાર પછી અન્ન લેવા વિચાર કરવો. અન્નમાં પ્રથમ તો કણકીનો પાપડ આપવો અને તે થોડા દિવસ આપતાં અન્ન ગ્રહણ કરી શકે છે, તેવું જણાય તો કણકી. કોદરી, અને બંટીના તાંદળાંનો ચઢી ગયેલો ભાત છાશ સાથે આપવો. મગનું ઓસામણ, ધાણા, જીરૂ, મીઠું, હળદર અને મરીનો ગરમ મસાલો નાખી આપવું. આ પ્રમાણે પચીસ દિવસ આપતાં છતાં એક વખત ઝાડો સાફ પચીને આવતો હોય અને જઠરાગ્નિ પોતાનું કામ સારી રીતે કરે છે, એમ જણાય તો પછી ચોખાનો ચઢેલો ભાત અને દાળનું ઓસામણ એક વખત આપવું. કેટલીક વખતે આ રોગમાં ખોટી ભૂખ લાગે છે અને તે ઉપર વગર વિચારે ખાવામાં આવવાથી અજીર્ણ સાથે ઝાડા શરૂ થાય છે; ત્યારે પાછું ફરીને અનાજ છોડી દઇને છાશ અગર દુધ ઉપર આવવું પડે છે, એટલા માટે ફરીને ભૂલ ન થાય તેવી કાળજી રાખવાની છે. કેટલીક વખતે આ રોગ સાથે ખાટી, કડવી, અને તીખી ઉલ્ટી થાય છે અથવા ઝાડા થાય છે વગેરે અમ્લપિત્તનાં લક્ષણો થાય છે, માટે તે ઉપર પણ છાશનો પ્રયોગ કરવો સારો છે. આ દરદમાં મળ સંચય થાય છે એટલે મળ ગંઠાઈ જાય છે અને ઝાડો બીલકુલ ઉતરતો નથી, જો ઉતરે તો બકરીની લીંડીઓની પેઠે મળની લીંડીઓ પડે છે, ગુદા છોલાય છે અને તે સાથે લોહી આવે છે, માટે ઉપર પ્રમાણે સ્થિતિ ન આવે અને દરેક વખતે એક ઝાડો સાફ પચીને આવે તે પ્રમાણે ઔષધ યોજનાના કામમાં ફેરફાર કરતા રહેવાની જરૂર છે. મળ ગંઠાઇ જવાથી ઝાડો ન ઉતરતો હોય તો બે દિવસ ચાલુ દવાનો ક્રમ બંધ રાખી હરિતક્યાદિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચુર્ણની ફાકી સવાર સાંજ આપવી. અથવા કાળી દ્રાક્ષ તો. ૨, હરડે તો. ૨, અને સાકર તો. ૪, ની ગોળીઓ મોટા બોર જેવડી કરી તેમાંથી અકેકી ગોળી લેવી. આ પ્રમાણે કરવાથી ઝાડો પચીને સાફ આવવા લાગે એટલે ફરીને દરદીના શક્તિનો વિચાર કરી પ્રથમની ચાલુ દવામાં જે પ્રમાણે ફેરફાર કરવો ઘટે તે પ્રમાણે કરી, ફરીને ઝાડો ગંઠાઇને આવે નહિ તેવી ઔષધ યોજના કરવી. સંગ્રહણીના સંપૂર્ણ લક્ષણમાં મોઢું અને ગળુ આવી જાય છે, તેવા સમયમાં પણ છાશ અને દુધનો પ્રયોગ સર્વોત્તમ છે. જ્યારે આંતરડાની અંદરનાં છાલા સારાં થાય છે ત્યારે મોઢું અને ગળું વગર દવાએ મટી જાય છે. આ પ્રમાણે **ઉપચાર** કરતાં દરમીયાન કોઇ વખતે અપાન વાયુની છુટ નહિ થવાથી પેટમાં આફરો ચઢે છે અને ગડગડાટ બોલે છે માટે (૧૧) સુંઠ તોલો ૦ા, સંચળ તોલો ૦ા; અને ફુલાવેલી હીંગ વાલ ૪ એ વસ્તુઓના ચુર્ણની ફાકી બબે આનીભાર છાશ સાથે ફાકવી. અથવા (૧૨) **હીંગ્વાષ્ટક ચુર્ણની** ફાકી પા પા રૂપીઆભાર છાશ સાથે લેવી. ઉપર પ્રમાણે કરતાં પણ કેટલીક વખતે **આમસંગ્રહણી**માં બરાબર ફાયદો થતો નથી. માટે (૧૩) **પર્પટીરસ**-જીરા અને હીંગના અનુપાન સાથે ઉપયોગ કરવાથી સારો ફાયદો થાય છે. (**બનાવટ**) પારો ૧ ભાગ, અફીણ ૧ ભાગ, શોધેલો ગંધક ત્રણ ભાગ, આ ત્રણમાંથી પ્રથમ પારા ગંધકની કજલી કરી તેને લોઢાની કડાઇમાં નાંખી લગાર ઉનુ થયા પછી અફીણનો ભૂકો નાંખી એક રસ થાય ત્યારે ખરલમાં નાંખવું એટલે પર્પટીરસ તૈયાર થશે. આ સિવાય નીચે બતાવેલા ઉપાયો કરવા. (૧૪) જાયફળ, અફીણ, અને ખારેક સમભાગે લઇને નાગરવેલના પાનના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવાર સાંજ અકેકી ગોળી છાશ સાથે લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૫) **અવલેહ**—જીરૂ, શાહજીરૂ, મરી, પીંપર, સૌંઠ, એલાયચી, લવીંગ, તજ, જાયફળ, પત્તાં, ચારોળી, ચંદન, દાડમની છાલ, વાંસકપુર, તાલીસપત્ર, બોરની છાલ, કાકડાસીંગી અને શુદ્ધ કરેલાં ઝેરકોચલાં પ્રત્યેક ૫ા ૫ા રૂપીઆભારને ખાંડી ચૂર્ણ કરી ગાયના ૩૨ રૂપીઆભાર દુધમાં પકાવી જ્યારે ઘન થાય ત્યારે ઘી અને સાકર દરેક સોળ સોળ રૂપીઆભાર નાંખી અવલેહ કરવો તેમાંથી બબે રૂપીઆભાર સવારસાંજ લેવો. (૧૬) **કનકસુંદરરસ**—કાળાંમરી, ગંધક, હીંગળોક, વછનાગ, પીંપર, ટંકણ, કનક બીજ સમભાગે લઈ ભાંગના ઉકાળામાં ઘુંટી ચણેઠી જેવડી ગોળી વાળવી. માત્રા ૨ થી ૪ રતી મધમાં આપવી. (૧૭) **ગ્રહણી કપાટ રસ**—બહુજ સારો ફાયદો કરે છે. સંગ્રહણીના દરદમાં તાવ વગેરે ઘણા ઉપદ્રવો થાય છે, તે વખતે તેનો વિચાર કરી ચિકિત્સા કરવી જોઇએ.

વિશેષ સૂચના—નીચે જણાવેલા પ્રત્યેક ઔષધો અતિસાર, આમાતિસાર અને સંગ્રહણી પર ઘણું સારૂં કામ કરે છે અને નીચે જણાવ્યા પૈકી કોઈપણ ઔષધ લેવાની જરૂર જણાય તો ઝેરકોચલાં તથા અફીણ સિવાય તે ઔષધનું ચૂર્ણ સવારસાંજ અડધા રૂપીઆભાર ચુર્ણ નવટાંક છાશ સાથે મેળવી લેવું. અફીણ તથા ઝેરકોચલાની માત્રા રોગપર નજર કરી લેવાની છે. ઇંદ્રજવ, આંબલી, અરડુસો, પીંપળો, જાંબુ, ખસખસ, અફીણ, જાયફળ, જાવંત્રી, જીરૂં, ઉમથુંજીરૂ ઉંબરો, બીલી, કડાછાલ, દાડમ, આંબાની ગોટલી, રાળ, ધાવડીનાં ફુલ, કેશર, લોધર, સુંઠ, મોચરસ, અરલુ, અજમોદ, અતિવિષ, હીંગ, ઝેરકોચલાં વગેરે. ઝેરકોચલાં શુદ્ધ કરેલાં ઘીમાં સેકી લેવાં માત્રા ૦ાા વાલથી ૧ સુધી, અફીણને સેકી સરસવના દાણા જેટલું લેવું.

પથ્યાપથ્ય—અતિસારના રોગમાં બતાવ્યા પ્રમાણે છે દહીંની છાશ અગર ઘોળવું પીવું તેમાં જીરૂ, સિંધાલુણ, હીંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી લેવાને વાંધો નથી. સંગ્રહણીના રોગીએ સ્નાન કરવું નહિ, ઝાઝું પાણી પીવું નહિ, ઉજાગરો કરવો નહિ, શ્રમ લેવો નહિ, ચીકાસવાળો અને ભારે પદાર્થ ખાવો નહિ, તેલમાં તળેલાં શાકભાજી ખાવાં નહિ અને હવાનો ફેરફાર કરવો.

અર્શરોગ-હરસ-મસા-Piles.

ગુદાની આસપાસ તેની કોર ઉપર અથવા સફરાની અંદર સુક્ષ્મ શીરાઓનાં જાળાં ફુલીને વધવાથી જે મસા થાય છે, તેને હરસ કહે છે. આયુર્વેદશાસ્ત્રમાં તેના છ ભેદ બતાવ્યા છે. (૧-૨-૩) ત્રણે દોષના જુદા જુદા, (૪) ત્રિદોષના, (૫) રક્તાર્શ-લોહીના અને (૬) સહજ એટલે વારસામાં ઉતરેલા. તેની બે જાત છે. **અંતરાર્શ** એટલે અંદરના, અને **બાહયાર્શ** એટલે બહારના. અંદરના હરસમાંથી લોહી પડે છે, તેને **દુઝતા હરસ કહે છે** બહારમાંથી લોહી પડે છે, અથવા ચીકણો રસી જેવો પદાર્થ નીકળે છે.

કારણ—ગરમ પદાર્થોનું સેવન કરવાથી, ઝાડાની કબજીયાતથી, આખો દિવસ બેસી રહેવાથી, દારૂ પીવાથી, સ્ત્રીઓને ગર્ભના દબાણથી, વારંવાર જુલાબ લેવાથી, બરોળની ગાંઠ **અને કલેજાના સોજાથી**, વગેરે કારણોથી હરસ થાય છે.

લક્ષણ—ગુદાની કોર ઉપર હરસ થાય છે. તેમાં બહારના કદમાં નાના તથા મોટા થાય છે. નાના હોય ત્યારે બહુ હરકત કરતા નથી. ખજવાળ તથા ગરમી જણાય છે. **અંદરના હરસમાં** સફરામાં ખજવાળ તથા ચટપટી આવીને આગ બળે છે. ઝાડે જતાં કરાંઝવું પડે છે, ઝાડો કબજ અને કઠણ ગંઠાઈને આવે તે વખતે ઘણી પીડા થાય છે, તેમજ સફરા સાથે ઘસવાથી મસામાંથી લોહી પડે છે. સફરાના દરદ સાથે કમ્મરમાં દુખાવો થાય છે, ચહેરો ફીકો પડે છે, ચક્કર આવે છે, લોહી પડ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી મસા નરમ પડે છે અને દરદીને આરામ મળે છે. આ પ્રમાણે લાંબો વખત લોહી પડે છે તો, દરદી એકદમ નબળો પડી લેવાઈ જાય છે. હરસનું લોહી કીરમજી રંગનું હોય છે અને ટીંપે ટીંપે તથા શેડ ફુટી લોહી દુઝે છે.

ઉપાય—(૧) જે કારણથી હરસની ઉત્પત્તિ જણાતી હોય તે કારણ રોકવાનો ઉપાય કરવો અને બીજી તરફથી થયેલા હરસને મટાડવાના ઉપાયો કરવા. દરદીને હલકો અને સાદો ખોરાક આપવો. મરચાં તથા ગરમ મસાલાવાળા પદાર્થો ખાવા આપવા નહિ. ઝાડો સાફ લાવવા (૨) **મળશુદ્ધિ ચૂર્ણ** આપવું, અથવા એરંડીયું બે તોલા સુંઠના કવાથમાં લેવું. કલેજાના દરદને લીધે લોહી ફરવાનો અટકાવ થતો હોય તો તેનો ઉપાય કરવો. બહુ બેસી ન રહેતાં હરવા ફરવાનું રાખવું. આ પ્રમાણે કરતા ઝાડો બરાબર ન આવે અને સફરામાં ઈજા થાય તો (૩) **યષ્ટિમધ્વાદિ ચૂર્ણ** (સ્વાદિસ્ટ વિરેચન) સોનામખી તોલા ૫, વરીઆળી તોલા ૨॥, ગંધકનાં ફુલ તોલા ૨॥, જેઠી-મધનો ભુકો તોલા ૫ અને સાકર તોલા ૧૫ લઈ તેમાંની ફાકી સાંજરે સુતી વખતે અગર સવારસાંજ અડધા રૂપીઆભાર લેવી. અને તે સાથે (૪) આંબાહળદર ને ફટકડીના પાણીમાં થેપલી કરી હરસ ઉપર બાંધવી; (૫) થોરના દુધમાં મેળવીને હળદરના ચુર્ણ નો લેપ કરવો. (૬) કુકડાની હગાર, ચણોઠી અને હળદરનું ચુર્ણ તેનો ગાયના મૂત્રમાં લેપ કરવો. (૭) દુધીયો વછનાગ, ચિત્રક, નેપાળો અને સાજીખારનો ગાયના મૂત્રમાં લેપ કરવો. બે ચણોઠીભાર મોરથુથુ દહીંની પરાશમાં કાલવી ચોપડવું. આ પ્રમાણે કરતાં પણ મસાએ દાહ બહુ થાય તો (૯) બોદારસીંગ, પાપડીઓ કાથો, જસતનું કાસાંજણ, અને એલાયચી એ ચારથી અડધું કપુર અને એ સર્વે વસ્તુઓ કરતાં ચાર ગણું ગાયનું ઘી એ સર્વેને એક કરી, હજાર વખત પાણીથી ધોઇ મલમ બનાવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરસ અને મસા ઉપર ચોપડવું. આ મલમ ગરમીથી થયેલા દુઝતા મસાનો રામબાણ ઇલાજ છે. (૧૦) છાશ-હરસનો સર્વોત્તમ ઉપાય છે. ઘાટી છાશમાં સિંધાલુણ કે મીઠું નાંખી તે ખોરાકની સાથે લેવી. તેથી બળ અને અગ્નિ વધે છે. આ રોગમાં બ્રહ્મ-ચર્ય રાખવું. (૧૧) ગોળ સાથે હરડેનું સેવન કરવું. (૧૨) ગાયના મૂત્રમાં પકાવેલી હરડેનુ સેવન કરવું. (૧૩) શતાવરીના મૂળનો કલ્ક દુધમાં ઉકાળીને પીવો. લોહીના સ્રાવ સાથે મસા ઉપર (૧૪) સાટોડી, ચિત્રક અને સુંઠનો કવાથ દુધમાં કરીને પીવો. (૧૫) **અર્શહરવટી**-લીંબોળીનાં મીંજ અને બોળીઓ તેની રસવંતીના પાણીમાં ચણોઠી જેવડી ગોળીઓ કરવી, તેમાંથી સવાર, બપોરને સાંજરે અકેકી ગોળી લેવી આ પ્રમાણે કરવાથી ઝાડો સાફ આવશે અને હરસનો દુખાવો ઓછો થશે. કેટલીક વખતે ઉપર પ્રમાણે કરતા પણ મસા નરમ નથી પડતાં અને ઘણી વેદના થાય છે. માટે (૧૬) માણસનાં હાડકાંનો ભૂકો તોલો ૧, શોધેલું મોરથુથુ તો. ૧, અને દાલચીકણો તો. ના, એ ત્રણને વાટી તેનું ધોયેલા ગાયના ઘીમાં મલમ કરી ચોપડવું. (૧૭) સુકાં લીંબડાનાં પાન, યવાની અજમો અને કંપીલો એ ત્રણ મળીને એક ભાગ અને શાહુડીનાં કાંટા બે ભાગ. આ આ વસ્તુઓ ઘીમાં મેળવી તેનો ધુપ લેવો. (૧૮) સુરણ એ હરસનો સારો ઉપાય છે. સુરણનું યુક્તિથી સેવન કરવામાં આવે તો, તે હરસનું મૂળ કાઢે છે. સુરણનો પાક, સુરણનું શાક, સુરણનો લાડુ અગર શીરો થઈ શકે છે. **સુરણ વટક, બૃહત્સુરણ વટક** અને તેના મોદકમાં મુખ્ય ભાગ સુરણનો આવે છે. (૨૦) **નાગકેસર**--રક્તાર્શ એટલે લોહી પડતું હોય તેને અટકાવવામાં સારૂ કામ કરે છે. નાગરકેસરનું ચુર્ણ તોલો ના, માંખણ તોલો ૧ અને સાકર તોલો ના એ ત્રણને એક કરી સવારમાં ચાટવું. અને તેજ પ્રમાણે નાગકેસર તોલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બા, કાળા તલ તોલો બા, માંખણ તોલો ૧॥ અને સાકર તોલો ૧ મેળવી કાલવીને ચાટવું. (૨૧) ભીલામાં પણ હરસમાં સારો ફાયદો આપે છે, ભિલામાં, બાલ હરડે (હીંમજ) અને તલ તેનું ચુર્ણ કરી તેમાં બમણો ગોળ મેળવી મોટા બોર જેવડી ગોળીઓ કરવી, તેમાંથી એકેકી ગોળી લેવી. **લોહી પડતું હોય તેને અટકાવવાના શાંત ઉપાયો-**(૨૨) દાડમના દાણા તોલા ૨, સાથે બમણી સાકર મેળવી તેમાં બારગણું પાણી નાંખી હલાવી, તે પાણી પીવું, આ પ્રયોગ સાત દિવસ કરવાનો છે. બાર તોલા માંખણ સાથે ઘઉંનાં ફુલકાં ખાવાં. તેલ, આંબલી, મરચું અને મીઠું બંધ કરવું. (૨૩) આંમલીના મોહોરનો કલ્ક કરી તેને પાણીમાં વાટી લુગડે ગાળી, તેમાં મીઠું નાંખી પી જવું. (૨૪) અંઘેડીનો કલ્ક છાશ સાથે ઓગાળી પીવો. (૨૫) લીંબડાનાં પાન નં. ૪, બકાન લીંબડીનાં પાન નં. ૪ અને હજારી ફુલ નં. ૧ એ ત્રણને નવટાંક પાણીમાં વાટી તેનો રસ કહાડી અરધા રૂપીઆભાર સાકર નાંખી પી જવો. (૨૬) કડાછાલનું ચુર્ણ તોલો-૧, સેકેલા ચણા ફોતરા વગરના તો. ૧ અને સાકર તોલો ૦॥, એ ત્રણનું ચુર્ણ સવારસાંજ લેવું. (૨૭) મૂળાનો રસ તોલા ૨, અને સાકર તોલો ૧ નાંખી પી જવું. (૨૮) ગાજરને સુકવી તેને ખાંડી તેનું ચુર્ણ સવાર સાંજ અડધા રૂપીઆભાર છાશ સાથે લેવું. ધારોષ્ણ ગાયનું દુધ તોલા ૧૬ માં એક લીંબુનો રસ નાંખીને તુરત પી જવું. ઉપર પ્રમાણે ઉપાયો કરતાં પણ ઘણી વખતે અંદરના મસામાંથી લોહી પડે છે તે બંધ થતું નથી માટે (૩૦) અજમો, ખોડી અજમોદ, સુરમો, ફટકડી, દરેક પા પા રૂપીઆભાર, હરડેદળ અને પ્રવાલ ભસ્મ અડધો અડધો તોલો, આંબળાં અને બેહેડાં પા પા તોલો, મોતી બે આનીભાર અને ગુગળ તોલા ૩ લેવો. પ્રથમ ઉપરની વસ્તુઓનું ચુર્ણ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુગળને પાણીમાં પલાળીને પાતળો કરવો. તેમાં ઉપરનું ચુર્ણ નાંખી વાલના દાણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવાર સાંજ એકેકી ગળવી. કેટલીક વખતે દુઝતા મસા સાથે તાવ આવે છે તેમ શરીરે દાહ થાય છે માટે (૩૧) ઇસબગોળ તોલો ૧ તેને રાત્રે પાણીમાં પલાળી તેના લુઆબમાં સાકર તોલો ૦॥ મેળવી ચાટવું. (૩૨) માખણ તોલા ૨, એલાયચી તોલો ૦॥, અને સાકર તોલો ૦॥ મેળવી ચાટવું. આ પ્રમાણે ઔષધોપચાર કરવાની સાથે અંદરના મસામાં દાહ બહુ થતો હોય તો (૩૩) અફીણ તોલો ૦॥, કપુર તો. ૦।, સીંદુર તો. ૦॥, જસતનાં ફુલ તો. ૦॥ અને ગાયનું ધોયેલું ઘી તોલા ૩ લઈ તેમાં મલમ કરીને અંદરના ભાગમાં ચોપડવું. આ મલમ કરતાં પણ બહુ બળતરા થાય તો બરફનો કટકો અંદર રાખવો.

આ રોગમાં આખું શરીર પીળું પડી જાય છે, તેમજ **હાથે પગે અને મોઢા ઉપર થોથર** જણાય છે. જેથી સાધારણ માણસોને પિત્તકમળીનો રોગ થયાનું જણાય છે. આવા રોગમાં બરાબર નિદાન સાથે ચિકિત્સા કરવાની જરૂર જણાય છે. હરસના વ્યાધિમાં કેટલીક વખતે તાવ, બરોલ, ઝાડા અને લીવર (યકૃત્) નો દુઃખાવો થાય છે. માટે ઉપરના ઉપચારોની સાથે **અભયારિષ્ટ, રોહિતારિષ્ટ, કુટજાવલેહ, કુમાર્યાસવ, દ્રાક્ષાસવ** વગેરેનો ઉપયોગ કરવો.

પથ્યાપથ્ય—હરસના દરદીએ ઝાડો પેસાબ રોકવાં નહિ, સ્ત્રીસંગ કરવો નહિ, ઘોડા વગેરે વાહનોની પીઠ ઉપર બેસવું નહિ, ગરમ પદાર્થ ખાવા નહિ, છાશ અને સુરણનો વધારે ઉપયોગ કરવો. ખોરાક હલકો અને પચે તેવો લેવો. મસા કઢાવવામાં બહુ સાવચેતી રાખવાની છે. લોભાણુ કાઢનારાઓથી ભરમાઇ જઇ મસા કઢાવવા નહિ અને તે છતાં કઢાવવાની મરજી થાય તો વિદ્વાન વૈદ્ય ડૉકટરોના હાથે કઢાવવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિમાંદ્ય (મંદાગ્નિ અને અજીર્ણ.)

Dyspepsia (Lost of Appetite) & Indigestion.

અગ્નિમાંદ્યના દેશી વૈદ્યકશાસ્ત્રે ચાર ભાગ પાડ્યા છે. (૧) મંદ (૨) તીક્ષ્ણ (૩) વિષમ અને (૪) સમ. જે માણસનો જઠરાગ્નિ સમ છે, તેને અન્ન પાચન સારી રીતે થાય છે. જેનો જઠરાગ્નિ મંદ છે, તેને થોડું ખાધેલું પણ પચતું નથી. વિષમ અગ્નિવાળાને કોઇ વખતે પચે છે અને કોઈ વખતે પચતું નથી. ખોરાક વધારે લીધા છતાં પણ જેને પચી જાય છે, તે માણસનો તીક્ષ્ણ જઠરાગ્નિ સમજવો. સમ પ્રકારનો જઠરાગ્નિ શ્રેષ્ટ ગણાય છે. મંદાગ્નિ અને અજીર્ણના ચાર પ્રકાર છે. (૧) આમાજીર્ણ (૨) વિદગ્ધાજીર્ણ, (૩) વિષ્ટબ્ધાજીર્ણ અને (૪) રસાજીર્ણ. **અજીર્ણના બીજા ઉપદ્રવો**—અજીર્ણમાં વિષુચિકા, કોલેરા, અલસક અને વિલંબિકા નામના રોગ થાય છે. અજીર્ણનો વ્યાધિ સાધારણ જણાય છે, પણ કેટલીક વખતે ગંભીર સ્વરૂપ પકડે છે અને તેમાં બીજા ઘણા દરદોનું મૂળ રોપાય છે, માટે શરીરમાં લગાર અજીર્ણ વિકાર થયો કે તેનો તરત ઉપાય કરી દુર કરવાની આવશ્યક્તા છે.

કારણ—અજીર્ણ થવાનાં કારણથી ભાગ્યેજ કોઈ અજાણ્યું હશે ! પાચન શક્તિ ઉપરાંત ખાવાથી અને ખાધેલો ખોરાક હજમ નહિ થવાથી અજીર્ણ થાય છે. એકી વખતે વધારે અને ભારે પદાર્થ ખાવામાં આવે, કાચું ખાવામાં આવે, અનિયમિતપણે ખાવામાં આવે, પચ્યા વિના ખાવામાં આવે. ઉતાવળમાં અથવા દાંત, મોઢું દુઃખવાથી અનાજ બરાબર ચાવ્યામાં ન આવે, વગેરે કારણોથી અજીર્ણ થાય છે. દારૂ, ભાંગ, તમાકુ, વ્યભિચાર, ચિંતા, ઉજાગરો અને તન, મનનો શ્રમ વગેરે કારણોથી પણ અજીર્ણનું મૂળ રોપાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણ—કોઇ વખત ખાટા અથવા વાયુના ઓડકાર આવે છે; પેટ ચઢેલું માલુમ પડે છે. ઝાડો સાફ ઉતરતો નથી. ગોળો, ઉછાળો અને ઉલટી થાય છે. જીભ ઉપર સફેદ છારી વળે છે. ગળામાં, છાતીમાં અને પેટમાં બળે છે, છાતીનો ધબકારો વધે છે, માથું ચઢી આવે છે, ચુંક આવે છે, અરૂચી રહે છે, મોઢુ વાસ મારે છે, ઉંઘ આવતી નથી, પેટમાં ગુડગુડ બોલે છે, મળદ્વારથી દુર્ગંધીવાળો પવન છુટે છે, અજીર્ણથી મન ઉપર ઘણી ખરાબ અસર સાથે બેચેનપણું અથવા દીલગીરી થાય છે. વિશેષમાં જણાવવું જોઇએ કે, એક એવા પ્રકારનું અજીર્ણ થાય છે કે, તેમાં ભુખની શાંતિ થતી નથી, ખાધુ હોય તોપણ ભુખની ભુખ લાગેલી હોય છે, તેને દેશી વૈદ્યકમાં " ભસ્મક રોગ " કહે છે.

ઉપાય—અગ્નિમંદતા અને અજીર્ણનું જે કારણ જણાય તે દુર કરવું. કોઇપણ ઔષધ આપવા પહેલાં વમન અને સામાન્ય વિરેચન આપવું. ઘણું ખાવામાં આવ્યું હોય તો ઉલટી કરી કાઢી નાખવું. ઉલટી આપોઆપ થતી હોય તો અટકાવવી નહીં. ગરમ પાણી અગર તેની અંદર મીઠું નાંખી પીવાથી અગર મોઢામાં આંગળાં ઘાલવાથો ઉલટી થશે. ૧ **આમાજીર્ણમાં**-ઉનું પાણી પીવું. ૨ **વિદગ્ધાજીર્ણમાં**—મળશુદ્ધિ સાથે ઠંડુ પાણી પીવું. ૩ **વિષ્ટબ્ધાજીર્ણમાં**—પેટ ઉપર શેક કરવો. ૪ **રસાજીર્ણમાં**—સુઇ રહેવું અને એક દિવસ લંઘન કરવું. હલકો અને પચે તેવો ખોરાક લેવો. જઠરાગ્નિ પ્રદિપ્ત કરવા (૧) લીંડીપીંપર, સિંધવ અને હીંમજનું સમભાગે કરેલું ચુર્ણ પા પા રૂપીઆભાર ઉના પાણી સાથે સવાર સાંજ લેવું. (૨) સંચળ, બીડલવણ, સુંઠ, મરી, પીંપર, હરડે, હીંમજ, જીરૂ, શાહજીરૂ, અજમો, અજમોદ, ધાણા, ચિત્રો અને આંબલીના છોડનો ભુકો એ સર્વેનું સમભાગે ચુર્ણ કરી સવાર સાંજ અડધા રૂપીઆભાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવું. આ ચુર્ણ દીપન અને પાચન કરી જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે. આ સાથે (૩) સિંધવ, સમુદ્રમીઠું, સુંઠ, એલાયચી, જીરૂ, મરી, બાવળનો ગુંદ, પ્રત્યેક પા પા રૂપીઆભાર અને હીંગ બે આની-ભાર એ બધાનું ચુર્ણ કરી ગુલાબજળમાં ખરલ કરી ચણીબોર જેવડી ગોળીઓ કરવી. એકેકી ગોળી સવાર, બપોર ને સાંજરે લેવી. આ ગોળીઓ અગ્નિમાંદ્ય અને અજીર્ણમાં સારો ફાયદો કરે છે. કેટલીક વખતે અજીર્ણમાં ઝાડો કબજીયાત થઈ જાય છે માટે (૪) હીંમજ, હરડે, સુંઠ, સિંધવ અને સંચળની સમભાગે ફાકી લેવી એટલે ઝાડો સાફ આવશે. અજીર્ણમાં કેટલીક વખતે ચુંક આવે છે અને આફરો ચઢે છે માટે (૫) **અજીર્ણહરવટી** સંચળ, નવસાર, આકડાનાં ફુલ, મરી અને સુંઠ સમભાગે લઈ લીંબુના રસમાં ચણોઠી જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવાર સાંજ બબે ગોળીઓ લેવી. (૬) શુદ્ધ ઝેરકોચલાં, નવસાર અને હીંગનું સમભાગે ચુર્ણ કરી તેની લીંબુના રસમાં, દાડમના રસમાં અને બીજોરાના રસમાં ત્રણ ત્રણવાર ભાવના આપી ચણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી બબે ગોળીઓ લેવી. (૭) સુંઠ, સિંધા-લુણ, શોધેલો ગંધક, મરી, પીંપર, જીરૂ, શાહજીરૂ અને હીંગનું સમભાગ ચુર્ણ કરી તેમાંથી પાપા રૂપીઆભાર ચુર્ણ સવાર સાંજ લેવું. (૮) હરડે, સુંઠ, વાવડીંગ, સંચળ, મરી, પીંપર અને હીંગનું ચુર્ણ લેવું. અજીર્ણમાં કેટલીક વખતે ઝાડા થાય છે માટે (૯) **આનંદભૈરવરસ**ની ગોળી સવાર સાંજ એકેકી નાગરવેલના પાન સાથે લેવી અથવા (૧૦) અફીણ ૧ ભાગ, પીંપર ૧ ભાગ અને શુદ્ધ ઝેરકોચલાં બે ભાગ લઈ તેને ગુલાબ-જળમાં ખરલ કરી ચણોઠી જેવડી ગોળીઓ કરવી. તેમાંથી એકેકી ગોળી સવાર સાંજ લેવી અને તે સાથે (૧૧) **અગ્નિ-તુંડીવટી**ની ગોળીઓ બબે બપોરે લેવી. ભોજન કરતી વખતે સવાર સાંજ **હિંગ્વાષ્ટક ચુર્ણ** અડધા રૂપીઆભાર ભાત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘી સાથે મેળવી લેવું. અજીર્ણમાં ઉલટી થતી હોય તો રાઈનું પ્લાસ્ટર છાતીએ લગાડવું અને તે સાથે (૧૨) **શંખુકાદિવટી** સવાર સાંજ બબે લેવી (**બનાવટ**) શંખભસ્મ તો. ૨; મરી તો. ૨; સિંધાલુણ તો. ૨; મીઠુ તો. ૨; પીંપર તો. ૨; બીડલવણ તો. ૨ અને સંચળ તો. ૨. આ સર્વને બીજોરાના રસમાં ત્રણ દિવસ ખરલ કરી ચણીબોર જેવડી ગોળીઓ કરવી, ઉપર પ્રમાણે ઉપચારો કરતાં પણ અજીર્ણનો વિકાર શાંત ન થાય તો (૧૩) **નાગાર્જુનરસ**ની માત્રા અડધી અડધી રતી સવાર સાંજ આદાના રસમાં આપવી. **નાગાર્જુનરસ**-શુદ્ધ પારો તો. ૧; શુદ્ધ વચ્છનાગ તો ૧; શુદ્ધ ટંકણ તો. ૧; શુદ્ધ ગંધક તો. ૧; સુંઠ તો. ૩, મરી તો. ૩, પીંપર તો. ૩. સર્વને તુલસીના પાન અને આદાના રસમાં ત્રણ ત્રણ વખત ભાવના આપવાથી રસ તૈયાર થાય છે. આ રસ અજીર્ણના વિકારમાં સારો ફાયદો આપે છે. અજીર્ણનો વિકાર જેમ જેમ ઓછો થતો જાય તેમ તેમ ખોરાક હલકો અને પચે તેવો લેતા રહેવું, કસરત કરવાની ટેવ રાખવી. આ ઉપરાંત કેટલીક નીચે બતાવેલી દવાઓ લેવા ભલામણ કરીએ છીએ. **અગ્નિકુમારરસ, રામબાણરસ, ક્રવ્યાદરસ, વડવાનલચુર્ણ, ભાસ્કરલવણચુર્ણ, શંખવટી** વગેરે ઔષધીયો યોગ્ય અનુપાન સાથે લેવાથી સારો ફાયદો કરે છે.

પથ્યાપથ્ય—(પથ્ય) અગ્નિપ્રદિપ્ત કરનારા હલકા પદાર્થો, જૂના મગ, જૂના ચોખા, લસણ, સરગવાની શીંગો, પરવળ, વંત્યાક, કારેલાં, મૂળા, જાંબુ, સુંઠ, જીરૂં. અજમો, મેથી, ધાણા, દહીં, છાશ, કડવા અને તીખા રસ, આંબળાં, જુનું કહોળું, નારંગી, દાડમ, લીંબુ, મધ, હીંગ, આદુ વગેરેનું સેવન કરવું સારૂં છે. (અપથ્ય) ઝાડો, પેસાબ અને અપાનવાયુ એટલે વાછુટનું રોકાણ, રેચ, ઘણું ખાવું, ઉજાગરો, મિષ્ટાન્ન, વિરૂદ્ધ અન્નપાન વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોલેરા-(Cholera).

આ મહાન ભયંકર રોગને કોલેરા, કોગળીયું, મહામારી અને વિષુચિકા એ નામથી ઓળખવામાં આવે છે. આ રોગથી કોઇ પણ માણસ અજાણ્યું હશે નહિ. અજીર્ણ રોગનો એક ભાગ કોલેરા છે. જે અજીર્ણમાં સોયો ઘોંચ્યા જેવી શરીરમાં વાયુની પીડા થાય છે તેને વૈદ્યો વિષુચિકા કહે છે. જે માણસો આરોગ્યતાના નિયમોના મર્મને જાણી મિતાહાર કરે છે, તેઓને કોલેરાનો વ્યાધિ થતો નથી, પણ જે અજ્ઞાનિ છે અને જેની ઇંદ્રિયો પોતાના વશમાં રહેતી નથી, તથા જેને આખો દિવસ ખાવાનો ચસકો છે, તે માણસોને કોલેરા લાગુ પડે છે. આ દરદ એટલું ઝેરી અને જોરાવર છે કે તેનું નામ સાંભળતાંજ ગરીબ, તવંગર, રાજા કે રંક સર્વે તેના ભયથી ધ્રુજી જાય છે.

કારણ—(૧) ગંદકી (૨) અસ્વચ્છ હવા (૩) ખરાબ પાણી (૪) ટાઢો અને વાસી ખોરાક (૫) અમિતાહાર (૬) સડેલો ખોરાક (૭) અતિશય માંખો અને મચ્છર (૮) કરમીયા (૯) વિરેચન પદાર્થોનું સેવન કરવું (૧૦) તાપમાં ફરી આવ્યા પછી તરત પાણી પીવું અથવા ખોરાક લેવો (૧૧) ચોમાસાનું ગંદુ પાણી પીવું વગેરે કારણોથી કોલેરા ઉત્પન્ન થાય છે.

લક્ષણ—(૧) પ્રથમ ઝાડો થઇ તરત શરીર શિથિલ અને શીતળ થાય છે. (૨) મૂર્છા આવે છે. (૩) પાણીનો શોષ પડે છે. (૪) ઉલટી થાય છે. (૫) ચુંક આવે છે. (૬) ચકરી અથવા ફેર આવે છે. (૭) શરીરનો રંગ બદલાઇ જાય છે. (૮) જીભ કાળી પડે છે. (૯) હાથ પગ ઠંડા પડે છે. (૧૦) છાતીએ અમુંઝણ થાય છે. (૧૧) હાથે પગે ગોટલા ચડે છે. (૧૨) શરીરની નસો ખેંચાય છે. (૧૩) પેસાબ બંધ થઇ જાય છે. (૧૪) આંખોમાં ખાડા પડે છે. (૧૫) બગાસાં બહુ આવે છે. (૧૬) શરીરમાં સોયો ઘોંચ્યા જેવી વેદના થાય છે. (૧૭) નાડીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગતિમંદ પડી જાય છે. (૧૮) હૃદય નબળું પડતું જાય છે. (૧૯) બોલતાં જીભનો લોચો વળે છે. (૨૦) શ્વાસોશ્વાસ અને રક્તાભિસરણ મંદ પડીને શરીર લેવાઇ જાય છે. વગેરે લક્ષણોમાં પ્રથમ ફક્ત ઝાડો તથા ઉલટી થાય છે. ઝાડા અને ઉલટી સાથે હાથે પગે ગોટલા ચઢે છે.

ઉપાય—આ રોગની ચિકિત્સા કરતાં પહેલાં ઘણો વિચાર કરવાનો છે. કોલેરાના દરદીનો ઝાડો પેશાબ બિછાનામાં કરાવવાં. શરીર ઠંડુ પડવા માંડે કે તુરત (૧) કળથી અને સુંઠનો ભુકો ઉનો કરી શરીરે ઘસવો અથવા શેક કરવો. રાઇનું પ્લાસ્ટર છાતીએ રાખવું. તરસ બહુ લાગે તો લોબાનથી ઝમેલું પાણી પાવું અગર ઉકાળીને ઠંડુ કરેલું પાણી પાવું. ઝાડા અને ઉલટી એ કોલેરાનું મુખ્ય ચિન્હ છે તે જણાયાની સાથે (૨) આદુ રૂા ૧ ભાર, ફુદેનો રૂા. ૧ ભાર અને ડુંગળી રૂા. ૧ ભાર એ ત્રણને વાટી તેનો રસ કહાડી તેમાં તપાવેલી નાની ઠીંકરી બુઝાવી પી જવું (૩) તજ તોલો ૦॥, એલાયચી તો. ૦॥, મરી તોલો ૧, પીંપર તોલો ૧, તેનો કવાથ કરી પીવો અથવા (૪) પાંચ રાતાં મરચાં અને સાત પતાસાંને વાટી ૧૬ તોલા પાણીમાં પલાળી તેને ગાળી ને પાણીમાંથી બબે તોલા પાણી બબે કલાકે આપવું. કોલેરામાં અફીણની દવા સારો ફાયદો કરે છે પણ પેટ ચઢવાનો સંભવ રહે છે માટે સાવચેતીથી આપવું. (૪) અફીણ, હીંગ મરી, બરાસકપુર, મરચાનાં બી, એ ઔષધોને વાટી તેની ગોળીઓ નાગરવેલના પાનના રસમાં મગ જેવડી કરવી. તેમાંથી અકેકી ગોળી સવાર, બપોર ને સાંજરે લેવી. આ પ્રમાણે આપવાથી પેટ ચઢે તો તે બંધ કરીને (૫) કસ્તુરી વાલ ૧, બરાસકપુર વાલ ૧ અને સુંઠ બેઆનીભાર એ ત્રણેની મધ સાથે ત્રણ ગોળીઓ કરવી; તે બબે કલાકે અકેક લેવી. (૬) જાયફળ, જાવંત્રી એલાયચી, કેસર, સુંઠ, મરી, લીંડી પીપર સમભાગે લઇ તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીંગ બેઆનીભાર નાંખી તેની આદાના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી, તેમાંથી બબે કલાકે એકેકી ગોળી લેવી. શરીર બહુ ટાઢું પડતું જાય તો (૭) લસણ, અજમો, ઘોડાવજ અને સુંઠ તેલમાં કકડાવીને તે તેલ શરીરે માલીસ કરવું, અથવા (૮) પીપરમીંટનું તેલ ચોળવું. આ રોગમાં કેટલીક વખતે દવા આપીએ છીએ તે નીકળી જાય છે, માટે પ્રથમ રાઈનું પ્લાસ્ટર કાળજે લગાડીને દસ મિનિટ થયા પછી સૂતે સૂતે દવા આપવી કોલેરાના દરદીને ઉઠવા બેસવા દેવો નહિ. (૯) કપુર કોલેરામાં સારો ફાયદો કરે છે. કપુરનો અર્ક અથવા કપુર વા. ૧ અને અજમાનાં ફુલ વા. ૧ લઈ મેળવી, તેને સોળ રૂપીઆભાર પાણીમાં નાંખી એક રસ થાય ત્યારે તેમાંથી બબે કલાકે બબે રૂપીઆભાર પાણી લેવું. (૧૦) શુદ્ધ ઝેરકોચલાં, હીંગ અને નવસારની પાણીમાં કરેલી ગોળી લેવી. ઉપર પ્રમાણે કરતાં જ્યારે ઝાડો અને ઉલટી બંધ ન થાય ત્યારે ૧૧) **મહામૃત્યુંજયવટી નં. ૨** ની ગોળી કલાકે કલાકે આદાના રસમાં વાટીને આપવી (**બનાવટ**) શુદ્ધ પારો તો. ૧, શુદ્ધ ગંધક તો. ૧, શુદ્ધ વછનાગ તો. ૧, સુંઠ તોલો ૧, પીંપર તોલો ૧, અજમો તોલો ૧, જીરૂ તોલો ૧, સિંધવ તો ૧, ટંકણ તોલો ૧, બરાસકપુર તોલો ૦॥, લોબાન તોલો ૧, શંખભસ્મ તોલો ૧, એ સર્વેની લીંબુના રસમાં ચણીબોર જેવડી ગોળીઓ કરવી. કેટલીક વખતે પેસાબ બંધ થઈ જાય છે અને પેઢામાં દુઃખાવો થઇ આવે છે તે વખતે (૧૨) કેસુડાનાં ફુલ વરાળીયાં કરી પેઢુ ઉપર બાંધવાં અથવા રાઈનું પ્લાસ્ટર મુકવું અને તે સાથે (૧૩) લીંબોળીનાં બીયાંને વાટી તેમાંથી બબે આનીભાર ચુર્ણ બબે કલાકે પેસાબ થતાં સુધી ટાઢા પાણી સાથે ફકાવવું. આ રોગમાં એકદમ ઝાડો અને ઉલટી બંધ કરવામાં આવે છે તો તેનું પરિણામ વિપરિત આવે છે માટે યુક્તિથી પેટ ચઢે નહિ અને ઝાડો તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલટી બંધ થાય તેવી રીતે ઔષધોપચાર કરવાની વધારે જરૂર છે. આ પ્રમાણે ઉપચારો કરતાં દરમીયાન હૃદયની મંદતા તેમ નાડીની મંદતા જણાય તો (૧૪) કસ્તુરી અકેક રતિ મધમાં ચટાડવી અથવા (૧૫) **હિરણ્યગર્ભ**ની માત્રા તુલસીના પાનના રસમાં બબ્બે ત્રણ ત્રણ ઘસરકા ઘસી તેમાં રતી પ્રમાણે કસ્તુરી મેળવી તે રસ પાવો. આ રોગમાં જે જે વખતે જે જે ચિન્હો જણાય તેને માટે યોગ્ય ઉપાયો લેવા. આ રોગમાં (૧૬) **કર્પુરાદિવટી**ની બબ્બે કલાકે અકેકી ગોળી લેવાથી ઘણો સારો ફાયદો થાય છે, **(બનાવટ)** અફીણ તોલો ૦II, બરાસકપુર તોલો ૧, હીંગ તોલા ૨, મરી તોલા ૪, તુલસીના પાનના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી. (૧૭) **લશુનાદિવટી**ની અકેકી ગોળી બબ્બે કલાકે લેવી. **(બનાવટ)** લસણ તોલો ૧, જીરૂ તો. ૧, શુદ્ધ ગંધક તો. ૧, સીંધાલુણ તો. ૧, મરી તો. ૧, પીંપર તો. ૧, કુલાવેલી હીંગ તોલો ૦I, આ દવાઓને ખાંડી ચાળી મિશ્ર કરી તેની ચણીબોર જેવડી ગોળીઓ લીંબુના રસમાં કરવી. કોલેરામાં દરદીને (૧૮) તજ, એલાયચી, ફુદેનો અને પીંપરીમૂળના ગંઠોડાનો પાણીમાં ઉકાળો કરીને આપવો અગર પીંપરીમૂળના પાણીની રાબડી વગેરે પ્રવાહી પદાર્થ વારંવાર આપતા રહેવું. ડાંગરની ધાણીને દળી તેની રાબડી કરીને આપવી. કોલેરાના ઝાડા અને ઉલટીમાંથી બચ્યા પછી સારો થવા પહેલાં દરદીને ઘણીવાર તાવ આવે છે અને તેની સાથે બકવા કરી બેશુદ્ધ થઇ દરદી પડી રહે છે. આ પ્રમાણે ચિન્હો જણાય તે વખતે (૧૯) **નાગાર્જુનરસની** માત્રા રતિ રતિ આદાના રસમાં બબ્બે કલાકે આપવી એટલે શરીરમાં જાગૃતિ આવશે અને તાવ ઉતરી જશે. કોલેરામાં જૂદે જૂદે વખતે વિરૂદ્ધ પ્રકારનાં ચિન્હો ઉત્પન્ન થાય છે. પ્રથમ ઝાડો ઉલટી થાય છે ત્યારે તેને બંધ કરવાનાં ઔષધોની જરૂર પડે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે દરમીયાન આફરો આવી પેટ ચઢે ત્યારે તે વખતે અપાન વાયુની છુટ કરવાને માટે હિંગ્વાદિ ચુર્ણ પા પા રૂપીઆભાર લેવું તથા પેટ ઉપર દેશી સાબુ, એળીયો એકેક રૂપીઆભાર અને હીંગ રૂા. ૦। રૂપીઆભાર તેને પાણીમાં વાટી ઉનું કરી પેટ ઉપર ચોપડવું એટલે વાછુટ થઈને પેટ ઉતરશે. કોલેરામાં તરસ વધારે લાગે છે માટે પ્રથમ બતાવેલો ઉપાય કરવા છતાં પણ શાંતિ ન થાય તો ધાણા અને વાળાનો ઉકાળો કરી તે પાણી ઠંડુ કરીને આપવું અગર બરફ ચુસવા આપવો. કોલેરામાં **લઘુક્રવ્યાદરસ**ની માત્રા ૧ વાલથી ૩ વાલ સુધીની આદાના રસમાં આપવી તથા છાશ શેકેલું જીરૂ, શેકેલી હીંગ તથા સિંધાલુણ સાથે લેવી.

(૧) **કોલેરાની ઉલટી**—આદુ તથા ફુદેનાનો રસ કહાડી તેમાં તપાવેલી ઠીકરી બુઝાવીને રસ પાવો. ડુંગળી સુંઘાડવી કે તેનો રસ પાવો. નાડીની ગતિ અને શક્તિ માટે કસ્તુરી આપવી. પેટઉપર રાઈનો લેપ મારવો. છાતીએ રાઇનું પ્લાસ્ટર રાખવું.

(૨) **કોલેરાની તરસ**-ધાણા અને ઉમથું જીરૂનો કવાથ કરી તેને ઠંડો કરી પાવો. બરફ ચુસવા આપવો ધાણા અને વાળાનો કવાથ આપવો, વળીઆળાનું પાણી આપવું.

પેસાબ બંધ થાય તેને માટે—કેસુડાં વરાળીયાં કરી પેઢુ ઉપર બાંધવાં; રાઈનું પ્લાસ્ટર પેઢુ ઉપર મારવું. લીંબોળીનાં બીયાં ખાંડી આપવાં. દરદીને ગરમ પાણીમાં બેસાડવો અગર શેક કરવો. એલાયચી અને શીલાજીત પાણી સાથે આપવાં.

પેટ ચડવું—ઝાડો બંધ થઈને પેટ ચડે તો દેશી સાબુ, એળીયો અને હીંગનો ઉના પાણીમાં લેપ કરવો. હરડે, સાજીખાર અને હિંગ્વાષ્ટક ચુર્ણની ફાકી આપવી અથવા હરડે, સુંઠ, સંચળ અને હીંગની ફાકી આપવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક—કાંઇપણ ખોરાક આપવો નહિ. પ્રથમ બતાવેલો તજ, એલાયચી વગેરેનો ઉકાળો અગર મગના ઓસામણ સિવાય કાંઇ આપવું નહિ.

સુચના—કોલેરાના દરદીને ઝાડો ઉલટી પથારી આગળ સાવચેતીથી કરાવવાં કારણ કે વખતો વખત બેસઉઠ કરાવવાથી હૃદય નબળુ પડી જાય છે. (૨) કોલેરાનું ચિન્હ માલુમ પડયા પછી કાળજે રાઈનું પ્લાસ્ટર મારવું અને હાથે પગે સુંઠ અને કળથીના ભૂકાને દેવતા ઉપર ગરમ કરી ઘસવો અથવા કપુરનું તેલ, નારાયણ તેલ, ટરપેન્ટાઇન વિગેરે હાથે પગે ચોળવું. ટુંકામાં હાથે પગે ગરમાઇ આવે તેવા ઉપાયો કરવા.

પથ્યાપથ્ય—(પથ્ય) ગરમ મસાલાનો ઉકાળો, સાબુ-ચોખાની કાંજી, મગનું ઓસામણ, કાગદી લીંબુનો રસ, જુના ચોખાની ધાણી, ચોખા તથા મગનું ઓસામણ, શક્તિ આવે ત્યારે ન્હાવું, બ્રહ્મચર્ય રાખવું. (અપથ્ય) ભારે પદાર્થ ખાવો નહિ, ઘી તથા તેમાં થતી ચીજો ખાવી નહિ, કસરત કરવી નહિ વગેરે.

અરોચક-અરૂચિ-Anorexia

ખાધા ઉપર અરૂચિ એટલે ઇચ્છા થાય નહિ અથવા અન્ન દેખીને બકારી આવે તેને અરોચક રોગ કહેવામાં આવે છે.

કારણ અને લક્ષણ—વાત, પિત્ત અને કફને ઉશ્કેરનાર પદાર્થોનું સેવન કરવાથી, અજીર્ણના વિકારથી, કલેજાના દરદથી, જીર્ણજ્વરથી અને મગજના દરદથી અરૂચિ થાય છે. તેમજ શોકથી, ભયથી, ક્રોધથી, માનસિક પીડાથી અને મનને, આંખને તથા નાકને નહિ ગમનારા પદાર્થો જોવાથી તથા સુંઘવાથી પણ અરૂચિ ઉત્પન્ન થાય છે.

ઉપાય—(૧) અરૂચિ ઉત્પન્ન કરવાનાં કારણો ધ્યાનમાં લઈ તે કારણો દુર કરવાં. પ્રકૃત્તિ અને ઇચ્છાને અનુકુળ ખોરાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવાથી ખાવા ઉપર રૂચિ ઉત્પન્ન થાય છે, માટે ખાટા, ખારા, તીખા અને મનગમતા પદાર્થોનું સેવન કરવું. અરૂચિ વાયુના કારણથી થઈ હોય તો વાયડા પદાર્થો ખાવા નહિ, પિત્તના કારણથી થઈ હોય તો પિત્ત કરનારા પદાર્થો ખાવા નહિ અને કફના કારણથી થઇ હોય તો કફ કરનાર પદાર્થો ખાવા નહિ. (૨) કાળીદ્રાક્ષ, મરી, જીરૂ, શાહજીરૂ, વરીઆળી, કોકમ, સિંધવ અને દાડમના દાણાની ચટણી કરીને ખાવી. (૩) કાળીદ્રાક્ષ સિંધાલુણ, પીંપર, તજ અને શેકેલી હીંગ સમભાગે લઇ લીંબુના રસમાં ગોળીઓ કરી લેવી. (૪) **દાડિમાદિ ચુર્ણ** દાડમના ખાટા દાણા તો. ૧૬, હીંગ વાલ ૧, સિંધવ તો. ૪, મરી તો. ૪, જીરૂ તો. ૪, મોટી એલચીના દાણા તો. ૧, તેમાં સાકરનો પાઠ નથી છતાં પણ સાકર તો ૪ નાંખવી એટલે ઉત્તમ ચૂર્ણ થશે. તેનું સેવન કરવાથી રૂચિસારી થશે આ ચુર્ણ દીપન અને પાચન કરનાર છે. (૫) કોકમ, કુદેનો, સુંઠ, મરી, દરેક તોલો અડધો, લવીંગ તો. ૦।, દાડમના દાણા તો. ૪, પીંપર તો. ૦।, સિંધવ તો. ૧, જીરૂ તો. ૧, શાહજીરૂ તો. ૧, તથા સાકર સર્વેના સમાન લઇ તેનું ચુર્ણ કરવું અને તે સવાર સાંજ અડધા રૂપીઆભાર લેવું (૬) કોઠાનો ગર્ભ તો. ૩, સાકર તોલા ૩, જીરૂ તોલા ૩, તજ તોલા ૨, સિંધવ તો. ૨, ચુર્ણ કરી લેવું (૭) કાળીદ્રાક્ષ તોલા ૨, મરી તો. ૧, પીંપર તો. ૧, સુંઠ તો. ૧, જીરૂ તો. ૧, કુદેનો તો ૧, કોથમીર તો. ૧, સિંધવ તો. ૧, સાકર તો. ૨, આ સર્વનું ચુર્ણ કરવું અગર ચટણી કરી લેવી. આદુ તથા લીલી હળદરના કકડા કરી સિંધવ મેળવી તેને લીંબુના રસમાં મેળવીને લેવાથી રૂચિ થાય છે. (૮) જીરૂ તો. ૧, મરી તો. ૦॥, સાકર તો. ૨, સિંધવ તો. ૧, આ સર્વની લીંબુના રસમાં ગોળીઓ કરી લેવી. અરૂચિના રોગમાં કેટલીક વખતે ઝાડાનો ખુલાસો થતો નથી અને ઉલટીના ઉબકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે માટે (૯) કાળીદ્રાક્ષ તોલા ૪, હરડેદળ તો. ૪, સાકર તોલા ૪, સોનામુખી તો. ૪, સુંઠ તોલા ૨ અને સિંધવ તોલા ૬ ની લીંબુના રસમાં ગોળીઓ મોટા બોર જેવડી કરીને સવાર સાંજ લેવી એટલે ઝાડાનો ખુલાસો થશે અને રૂચિ ઉત્પન્ન થશે. આ સાથે (૧૦) **હિંગ્વાદિ ચુર્ણ** અડધા અડધા રૂપીઆભાર સવાર સાંજ બે વખત અધોળ ભાત સાથે ઘી મેળવી ભોજન કરતાં પહેલાં લેવું. **બનાવટ**-સુંઠ, મરી, પીંપર, અજમોદ, સિંધવ, જીરૂ, શાહજીરૂ, એ સાત વસ્તુઓ સમભાગે અને હીંગ ફુલાવેલી તોલો ০। લઇને ચુર્ણ કરવું. (૧૧) **સરલભેદીવટી**-કુદ્દેનો તો. ૫, મરી તો. ૩, સંચળ તોલા ૨ા ને વાટી તેની ગોળીઓ મગના દાણા જેવડી કરીને લેવી. (૧૨) **બીજોરાદીવટી**-સુંઠ તો. ૨, સિંધવ તો. ૨, પીપર તો. ૨, મરી તો. ૨, સંચળ તો. ૨, જવખાર તો ૨, અજમો તો. ૨, પીંપરીમૂળ તો. ૨, અકલગરો તો ૨. ફુલાવેલી હીંગ તો. ০॥ લઇ બીજોરાના તથા લીંબુના રસમાં ચણીબોર જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવાર, બપોરને સાંજરે બબે લેવી. (૧૩) **દ્રાક્ષાદિવટી**-દ્રાક્ષ તોલા ૫, સુંઠ તોલા ૨, મરી તોલા ૨, પીંપર તોલા ૨, જીરૂ તોલા ૨, તજ તો. ૧, લવીંગ તો. ૧, અકલગરો તો. ০॥, ખારેક તોલા ૫, જાવંત્રી તો. ০॥, એલાયચી તો. ০॥, સિંધવ તોલા ૨, સંચળ તોલા ૨, અજમો તોલા ૨, શુદ્ધ વછનાગ તો. ০॥, સાકર તોલા ૧૦, લીંબુના બશેર રસમાં ખરલ કરી ચણીબોર જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવાર સાંજ એકેકી ગોળી લેવી. આ ગોળીઓથી રૂચિ થાય છે અને અજીર્ણના તમામ વિકારો મટે છે. અરૂચિના રોગ ઉપર નીચે બતાવેલી દવાઓ ઘણું સારૂં કામ કરે છે. (૧૪) સુંઠ, મરી, પીંપર, જીરૂ, શાહજીરૂ પ્રત્યેક તોલા ૨, અકલગરો તોલા ૩ સર્વની લીંબુના રસમાં ચણા જેવડી ગોળીઓ કરવી. (૧૫) **શરબત**—લીંબુ, બીજોરૂ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદુ, ફુદીનો અને દાડમ પ્રત્યેકનો રસ તોલા ૧૦, તેનાથી સાકર ચાર ગણી, તેમાં જીરૂ તો. ૧, એલાયચી તો. ૧ અને મરી તો. ૦ll નાંખી શરબત બનાવવું. તેમાંથી દરરોજ સવાર સાંજ રૂપીઆ ૧ ભાર લેવું. (૧૬) ફુદીનો, શાહજીરૂ, જીરૂ સિંધાલુણ, નાગકેસર, મરી, એલાયચી, દાડમ, આદુ, પ્રત્યેક અડધો અડધો તોલો લઈ તેનો કલ્ક કરી તેને લીંબુના રસમાં ખરલ કરી તેમાંથી દરરોજ સવાર સાંજ અડધા અડધા રૂપીઆભાર કલ્ક સેવન કરવો. (૧૭) સિંધવ તો. ૦l, હીરાબોળ તો. ૦l, મરી તો. ૦l અને સાકર તો. ૦ll લઇ લીંબુનો રસ બમણો લઇ તેમાં ઉપરની વસ્તુઓનું ચુર્ણ નાંખી ઉંનુ કરી ચાટવું. (૧૭) પીંપર મરી, મોટી એલાયચી, અકલગરો પ્રત્યેક અડધો તોલો, શેકેલું જીરૂ અને શાહજીરૂ પ્રત્યેક તોલો તોલો, તમાલપત્ર તોલા ૨, જાયફળ તોલો ૧, જાવંત્રી તો. ૧, સુંઠ તોલા ૮, સિંધવ તો. ૧૨, ખારેક ઠળીયા કાહાડેલી તોલા ૨૪, આમાંથી પ્રથમ લીંબુના બશેર રસમાં ખારેકો પલાળવી અને પછી ઉપરનું ચુર્ણ નાંખી એ સર્વ એક કરી પંદર દિવસ રાખી મુકવું પછી તેમાંથી એકેકી ખારેક સવાર બપોર ને સાંજરે લેવી. **ગંધકવટી** મોંમાં રાખવી.

પથ્યાપથ્ય—(પથ્ય) મગ, તુવેર, સાઠીચોખા, ઘઉં; રીંગણાં, કેળાં, પરવળ, દુધ, ઘી, લસણ, કેરી, દહીં, છાશ, કોહું, કારેલાં, ડુંગળી, રાઇ અને સુવા સર્વે હિતકર છે. (અપથ્ય) તરસ, ઓડકાર તથા ભુખને રોકવી, અધિક ભોજન, શોક, ભય, ક્રોધ, લોભ, અને દુર્ગંધીવાળા પદાર્થોનું દર્શન અહિતકર છે.

પાંડુરોગ–Anoemia.

પાંડુરોગ પાંચ પ્રકારનો છે. (૧) વાતપાંડુ (૨) પિત્તપાંડુ (૩) કફપાંડુ (૪) ત્રિદોષ પાંડુ અને (૫) મૃત્પાંડુ એટલે માટી વગેરે ખાવાથી થયેલો પાંડુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંડુરોગમાં શરીરમાં લોહી કમી હોય છે અથવા લોહીના રજકણો કમી થવાથી લોહો ફીકું સફેદ લાગે છે.

કારણ—હરસ તથા સંગ્રહણીમાં લોહી પડવાથી, જખ-મમાંથી અથવા સ્ત્રીઓના રકતપ્રદર (લોહીવા), અતિ આર્તવ અને પ્રસવમાં બહુ લોહી જવાથી, લાંબો વખત તાવ આવવાથી યકૃત (લીવર) માં બીગાડ થઇ પિત્ત બગડવાથી, બરોળ વધવાથી અતિ સ્ત્રીસંગથી, મૂત્રપીંડના વ્યાધિઓથી અને બાળકોને એ ઉપરાંત માટી ખાવાથી પાંડુરોગ થાય છે.

લક્ષણ—શરીર ઉપરથી લોહી ઉડી જવાથી શરીર ધોળું અને ફીકું માલમ પડે છે. હોઠ, જીભ, મોં અને આંખ લોહી વગરના ફીકાં લાગે છે. ચહેરા ઉપર થોથર (સોજો) લાગે છે. શરીરમાં નબળાઇ, શ્વાસ, મૂર્છા, ફેર, કાનમાં અવાજ અને માથામાં દરદ વગેરે થાય છે. ભુખ લાગતી નથી, અનાજ ઉપર અરૂચિ રહે છે, વારંવાર ઉલટી થાય છે, ખોરાક પચતો નથી, પેટમાં દબદબો રહે છે, ઝાડો કબજ રહે છે અથવા ઝાડા થાય છે, ઝાડામાં લોહી પડે છે, નસકોરી ફુટે છે વગેરે લક્ષણો હોય છે.

ઉપર પ્રમાણે સામાન્ય લક્ષણો ઉપરાંત દોષ પરત્વે જુદા જુદા લક્ષણો થાય છે તેનો વિચાર કરીને ઔષધોપચાર કરવો.

ઉપાય-આ રોગમાં જે કારણ જણાય તેને દૂર કરવું. (૧) લોઢાના વાસણમાં ઉકાળેલું દુધ સાત દિવસ પીવું. (૨) પટોળ, સુંઠ, કડુ, ગળો અને દેવદારનો કવાથ પીવો. (૩) ખાખરાના બીનો સ્વરસ મધ નાંખી પીવો. (૪) ત્રિફળા, નસોતર, વજ, દંતીમૂળ અને કંપીલાનું ચુર્ણ લેવું. કેટલીક વખતે સોજા આવેલા હોય છે; માટે (૫) સાટોડી, લીંબડાની અંતરછાલ, પટોળ, સુંઠ, કડુ, ગળો, દેવદાર અને હરડેનો કવાથ પીવો તથા તે સાથે (૬) **મંડુરભસ્મ** સવાર સાંજ બબે વાલ ગૌમૂત્ર સાથે લેવી: આ પ્રમાણે સાત દિવસ કરવાથી સોજા ઓછા થશે. આ રોગમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહીનાં રજકણો વધવાની જરૂર છે. ઉપર પ્રમાણે ઔષધોપચાર કરતાં સોજા અને ફીકાશ ઓછી ન થાય તો (૭) **મંડૂરવજ્ર-વટક**ની અકેકી ગોળી સવાર સાંજ ગાયના મૂત્ર સાથે લેવી. **(બનાવટ)** પીંપર, પીંપરીમૂળ, ચિત્રક, ચવક, સુંઠ, મરી, દેવદાર, હરડાં, બેહેડાં, આંબળાં, વાવડીંગ. મોથ, દરેક બાર બાર તોલા અને મંડુર છત્રીસ તોલા લેવો. એ સર્વેને નવશેર ગૈમૂત્રમાં પકાવીને જ્યારે ઘન થાય ત્યારે પા પા રૂપીઆભારની ગોળીઓ કરવી. (૮) **પાંડુનિગ્રહવટી**ની ગોળો સવાર બપોરને સાંજરે અકેકી ગાયના મૂત્ર સાથે લેવી. **(બનાવટ)** મજીઠ, હીંમજ અને સોનામુખી એ સમભાગે લઈ તેનું ચુર્ણ કરી તેને લોઢાની કડાઇમાં નાંખી લીંબુના રસમાં લીંબડાના દંડાથી સાત દિવસ ઘુંટવું અને તેની ગોળીઓ મોટા બોર જેવડી કરવી. આ ગોળીઓ પાંડુ અને કમળામાં સારૂં કામ કરે છે. આ રોગમાં નીચે બતાવેલી દવાઓ ઘણું સારૂં કામ કરે છે (૯) મંડુર તો. ૨, હરડે તો. ૨ અને કડુ તો. ૪, તેનું ચુર્ણ ગોમૂત્ર સાથે લેવું. (૧૦) ગાડાની મળીની ગોળીઓ ચણીબોર જેવડી કરી તેમાંથી સવારસાંજ અકેકી લેવી. (૧૧) કલમીસુરો તોલો ૧ અને સાકર તોલા ૫, આ બનેનું ચુર્ણ કરી તેમાંથી દરરોજ અડધો તોલો ચુર્ણ ટાઢા પાણી સાથે લેવું. (૧૨) સોનામુખી તોલા ૨, ખજુર તોલા ૪ અને મજીઠ તોલો ૧, એ સર્વેને અધકચરાં કરી રાત્રે માટીના વાસણમાં ૧૮ તોલા પાણીમાં પલાળી અગાસીમાં મુકવું. સવારમાં ગાળી તે પાણીમાં રૂપીઆભાર સાકર નાંખીને પી જવું. આ રોગમાં **લોહભસ્મ, મંડુરભસ્મ, માક્ષિકભસ્મ, લોહાસવ. કુમારિકાસવ, દ્રાક્ષાસવ, દશમૂળારિષ્ટ, ચંદ્રપ્રભા** વગેરે દવાઓ સારૂં કામ કરે છે.

સ્ત્રીઓને આર્તવ (ઋતુ) સંબંધી પાંડુરોગ હોય તો (૧) એળીઓ તોલો ૧, હીરાકસી તોલો ૧, સુરોખાર તો. ૧,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની ગોળીઓ ચણીબોર જેવડી કરી તેમાંથી અકેકી ગોળી સવાર સાંજ આપવી. તે સાથે (૨) વાંસની ગાંઠો તો. ૨, સુવા તોલા ૨ અને જુનો ગોળ તોલા ૨ નો કવાથ આપવો. આ સાથે **લોહાસવ** અગર **અશોકારિષ્ટનો** ઉપયોગ કરવો.

નાના બાળકોને માટી ખાવાથી પાંડુ થાય છે-તેને માટે (૧) **મંડુરભસ્મ**ની અકેક વાલની માત્રા સવાર સાંજ મધમાં આપવી અને તે સાથે (૨) હરડે તોલો ૦।, કાળીદ્રાક્ષ તો. ૦।, સાટોટીનાં મૂળ તોલો ૦।, સોનામુખી તો. ૦। અને સુંઠ તોલો ૦।; તેનો કવાથ મધ નાખીને સવારસાંજ પાવો. તે ઉપરાંત ઉપર બતાવેલી દવાઓની યોજના કરવી.

પાંડુરોગમાં તાવ, ઝાડો અને મરડો વગેરે ઉપદ્રવો જે જે વખતે માલુમ પડે તે તે વખતે તે રોગના ઉપાયો ઉપર વિચાર કરી પાંડુરોગના ઉપાયોની સાથે તેની પણ ચિકિત્સા કરવી. પાંડુરોગમાં તરસ બહુ લાગે તો દ્રાક્ષ અને વાળાનો ઉકાળો પીવો. પાંડુરોગમાં તાવ સાથે ઝાડો હોય તો **અગ્નિતુંડીવટી**ની ગોળીઓ સવાર સાંજ અકેકી લેવી અગર તો **ચિંતામણીરસ** અકેક રતિ સવાર સાંજ મધમાં લેવો અથવા અતિવિષનું ચુર્ણ કરી બબે વાલ મધમાં ચાટવું. કેટલીક વખતે પગે સોજા ચડયા હોય તો પીલુડીનો રસ અથવા ધંતુરાનો રસ ઉંનો કરી ચોપડવો અગર દશાંગલેપ પાણીમાં ઉંનો કરી ચોપડવો.

પથ્ય—જેમાં પૌષ્ટિક તત્વો વધારે હોય એવો ખોરાક લેવો દરદી અગ્નિમાંદ્ય વાળો હોય તો દાળ બહુ થોડી આપવી, તુવર, ચણા, મગ વગેરેની દાળ, બાજરી, જુવાર, જવ વગેરે અનાજ, બંધી જાતની લીલોતરી, શાક, આંમળાં, કેરી, સંતરા, સફરજન વગેરે બધાં ફળો, દુધ, છાશ, માંખણ અને મીઠું હિતકર છે. પ્રવાહી પદાર્થ પુષ્કળ આપવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ મસાલાવાળા પદાર્થો, અથાણાં, ફરી રાંધેલા બધા ખોરાકો અને અડદ જેવો ખોરાક અપથ્ય છે.

સામાન્ય સૂચના—સૂર્યના પ્રકાશવાળા અને હવા ઉજેશવાળા ઓરડામાં રહેવું, ખુલ્લી હવામાં તથા સૂરજના પ્રકાશમાં ફરવું, આરામ લેવો, થાક ન લાગે એટલી સાધારણ કસરત ધીમે ધીમે કરવી, ફરવા જવું, દાંત અત્યંત સાફ રાખવા.

કમળો (Jaundice).

આર્ય વૈદ્યકશાસ્ત્રમાં પાંડુરોગમાં કમળો, હલીમક અને કુંભકામળા એ પ્રમાણે ત્રણ પ્રકાર જુદા જુદા બતાવ્યા છે.

કારણ—પિત્ત યોગ્ય રસ્તે નહિ જતાં પાછું લોહીમાં દાખલ થાય છે, ત્યારે કમળો અગર પિત્ત કમળી થાય છે. મનની ચીંતા, દીલગીરી, મળમૂત્રના રોકાણ, ફેફસાં, મગજ તથા રક્તાશયનાં દરદો, જીર્ણતાવ, કલેજાના દરદથી પિત્ત કરનાર પદાર્થોનું અત્યંત સેવન વગેરે કારણોથી પણ કમળો થાય છે.

લક્ષણ—આંખોનો સફેદ ભાગ પીળો થાય છે. ઝાડો અને પેસાબ પીળો થાય છે; ચહેરો પીળો અને તેજહીન દેખાય છે, નખ, નેત્ર અને ચામડી પીળી દેખાય છે, આળસ આવે છે, બેચેનપણું રહે છે, માથુ દુઃખે છે, ઝાડો કબજ રહે છે, તરસ બહુ લાગે છે, તાવ રહે છે, શ્વાસ ચઢે છે અને આખું શરીર પીળું હળદર જેવું જણાય છે. કમળો જેમ વધારે રહે તેમ નબળાઈ વધતી જાય છે અને શરીર નંખાઈ જાય છે, ખોરાક બીલકુલ લેવાતો નથી અને ઉબકા આવે છે. કેટલીક વખત શરીરમાંના કોઇપણ દ્વારથી જેમકે નાકમાંથી, મોઢામાંથી અને ઝાડામાંથી લોહી પડે છે. શરીર અતિશય નબળું થવાથી આંખે અંધારાં આવે છે અને પથારીમાંથી બેસવાની કે ઉઠવાની બીલકુલ શક્તિ રહેતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય—ઝાડો સાફ લાવવા માટે (૧) **દ્રાક્ષાદિપાચન**-કાળીદ્રાક્ષ, પિત્તપાપડો, ધાણા, કરીઆતુ અને વીરણના વાળાનો ક્વાથ કરી પાવો. (૨) ગળો અને કડુનો ક્વાથ લેવો. ત્યાર પછી (૩) ત્રિફળા, ગળો, દેવદાર અને લીંબડાની છાલનો ક્વાથ મધ નાંખીને પીવો. (૪) હળદર, સોનાગેરૂ અને આંબળાનું અંજન કરવું. (૫) કંકોડાના મૂળના રસનું તથા વાવડીંગ અને પીંપરનું નસ્ય લેવું. (૭) મંડુર, શિલાજીત અને મધ ગૌમૂત્ર સાથે લેવાં. (૭) કડુનો ઉકાળો નવસાર નાંખીને લેવો. (૮) પાંડુરોગમાં બતાવેલા ઉપાય કરવા. (૯) ફુલાવેલો નવસાર અકેક વાલ સવાર સાંજ સાકરના ભૂકા સાથે લેવો. આ રોગમાં સવારે (૧૦) **કુમાર્યાસવ** આપવો અનેસાંજરે **દ્રાક્ષાસવ સાથે લોહાસવ** આપવો. આ પ્રમાણે કરવાથી યકૃત તથા બરોલની ગાંઠ મટતી જશે અને તે સાથે કમળીની કાળજે થયેલી ગાંઠ પણ ઓછી થશે. આ રોગમાં નીચે બતાવેલા કેટલાક પ્રયોગો સારૂં કામ કરે છે. (૧૧) ગળો, લીંબડાની છાલ, કરીઆતુ, કડુ, હરડે, બહેડાં, આંબળાં અને અરડુસાનો ક્વાથ મધ નાંખી પીવો. (૧૨) કુકડવેલાના પાનના રસનાં ટીપાં નાકમાં નાખવાં. (૧૩) **લોહભસ્મ, મંડુરભસ્મ** વગેરે પાંડુ પ્રકરણમાં બતાવેલી દવાઓ આપવા ભલામણ કરીએ છીએ. આ રોગમાં હૃદય નબળું ઘણું પડે છે માટે (૧૪) **સાબરશૃંગભસ્મ** અકેક રતિ મધમાં લેવી અથવા કસ્તુરી અડધી રતિ મધમાં ચાટવી.

પથ્યાપથ્ય—(પથ્ય) મગ, ચોખા, જવ, ઘઉં, તુવેર, મસુરની દાળ, પરવળ, જૂનાં કંટોળાં, ગળો, તાંદળજાની ભાજી, કાળી શેરડી, સાટોડી, વંત્યાક, ડુંગરી, લસણ, ઘીલોડાં, આંબળાં, ઘી, માંખણ, તેલ, હળદર, આંબાહળદર વિગેરે હિતકર છે. (અપથ્ય) ઝાડા, પેસાબનો અટકાવ, સ્વેદ લેવો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીસંગ, શીંગવાળું શાક, હીંગ, અડદ, સરસીયું, દારૂ, ખાટા પદાર્થો, એ સર્વે ન લેવાં.

સૂચના—કમળામાં ભારે ખોરાક ખાવો નહિ તેમ ઘી, તેલ અને ઘઉંનો ખોરાક લેવો નહિ વાવડીંગ, સાટોડીનાં મૂળ અને એરંડાના મૂળમાં ઉકાળેલું દુધ કમળામાં આપવું.

કૃમી-કરમીયાં-Worms.

કૃમિરોગના એકવીસ પ્રકાર છે. તેમાં બે ભેદ છે. (૧) બાહ્યકૃમિ-એટલે બહારના જુ, લીખ વગેરે અને (૨) આભ્યંતરકૃમિ-એટલે શરીરની અંદર તાંતણા જેવા ગોળ, ચપટા હોય છે. કોઈ કૃમિ ૨૦ થી ૩૦ ફીટ લાંબા હોય છે. આમાં કેટલાક કફમાં, લોહીમાં અને ઝાડામાં ઉત્પન્ન થાય છે.

કારણ—બહારના કૃમિ શરીરનો મેલ તથા કપડાંની અસ્વચ્છતાથી થાય છે અને અંદરના કૃમિઓ અજીર્ણમાં ભોજન કરનારને, ખાટા અથવા મીઠા પદાર્થ ખાનારને, લોટ અને ગોળની મેળવણીવાળા પદાર્થો ખાનારને, ઘણી મીઠાશ ખાનારને અને વિરૂદ્ધ અન્નપાન કરનારને કરમીયાંની ઉત્પત્તિ થાય છે. ઘણી વખતે કૃમિના ઇંડા ખોરાકની સાથે પેટમાં દાખલ થાય છે અને આંતરડામાં તેમનું પોષણ થવાથી તેની વૃદ્ધિ થાય છે.

લક્ષણ—બહારના કૃમિમાં જુઓ, લીખો વગેરે પ્રત્યક્ષ જોવામાં આવે છે; અને ચામડી ઉપર ફોડકીઓ, ફોડકા, ધ્રામઠાં, ગડ, ગુમડ વગેરે અંદરના કૃમિજન્ય વિકારો છે. કફથી ઉત્પન્ન થયેલા કૃમિમાં મોળ, અપચો, અરૂચિ, મોંમાંથી લાળ, ઉલટી, મૂર્છા, તાવ, પેટ ચડવું, ઉધરસ, સળેખમ વગેરે લક્ષણો છે. લોહીથી ઉત્પન્ન થનાર કૃમિઓથી ચામડીના કુષ્ટ વગેરે વિકારો અને તાવ, વિસ્ફોટક, ખસ વગેરે રોગો થાય છે. મળથી એટલે ઝાડામાં થનાર કૃમિથી ઝાડો, ગોળો, મળની કબજીયાત,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીરની નિર્બળતા, મંદાગ્નિ, મોળ, ગુદામાં ચળ વગેરે લક્ષણો થાય છે.

કૃમિ વિશેષે કરીને બાળકોને થાય છે. બાળકોને કૃમિથી ભુખ જતી રહે છે અથવા તો આખો દિવસ ખાધા કરે છે. નાક ચોળવું, પેટમાં ચુંક, મોંમાં ખરાબ વાસ, ઉલટી, બેચેની, સફરામાં કરડે અથવા ચળ આવે, ઝાડો પાતળો આવે અને તેમાં કરમીયાં પડે, કોઈ વખતે મોંમાંથી પડે; વગેરે ચિન્હો કૃમિનાં છે.

ઉપાય—કૃમિ રોગના ઉપાય કરવામાં મોટા મોટા વૈદ્ય ડૉકટરો ગુંચવાડામાં પડે છે. અપસ્માર, કોલેરા અને ઉન્માદ રોગનાં લક્ષણો પણ કરમીયાંથી થાય છે. આ રોગમાં પ્રથમ કરમીયાં કાઢવાને દવા આપવી જોઇએ. (૧) કિરમાણી અજમો અને વાવડીંગનું ચૂર્ણ અડધા રૂપીઆભાર સવારસાંજ લેવું. અને તે ઉપર (૨) સુંઠના ઉકાળા સાથે એરંડીયુ રૂપીઆ બે ભાર સવારમાં લેવું. આ પ્રમાણે કરવાથી ન નીકળે તો (૨) [1]કૌવચની રૂંવાટી બેઆનીભાર લઇને ગોળમાં ગોળી કરી પ્રથમ મોંઢામાં અને હોઠે ઘી લગાડી ઘીવાળી ગોળી કરી ગળી જવી અથવા નવટાંક છાશમાં કૌવચની રૂંવાટી બેઆનીભાર નાંખી મોંઢામાં અને હોઠે ઘી લગાડી તે છાશ પી જવી. આ પ્રમાણે કર્યા પછી બે ત્રણ કલાકમાં કરમીયાં ઝાડા વાટે નીકળી જશે અને તેની અસર ન જણાય તો પછી બીજે દિવસે ઉપર પ્રમાણે તે સાથે સુંઠના કવાથમાં બે રૂપીઆભાર એરંડીયું પી જવું એટલે જરૂર કરમીયાં નીકળી જશે. ત્યાર પછી (૩) કાંચકાના

---

૧ એમ્પટી કેપ્સુલ નામની જીલેટાઇનની બનેલી ખાલી લંબગોળ ગોળીઓ મળે છે, તેમાં આ દવા ભરી તેનું ઢાંકણું બંધ કરી પાણી સાથે ગળવાથી ગળામાં કે જીભ ઉપર આ ચુર્ણ લાગતું નથી અને આ ગોળીઓ પેટમાં જઇને ગળી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીંજ સેકી તેની ફાકી સિંધાલુણ સાથે લેવી. (૪) કાંચકાના મીંજ તોલો ૧, વાવડીંગ તો. ૧ અને સિંધવ તો. ૦।, એ ત્રણનું ચુર્ણ કરી તેમાંથી પાવલી ભાર ત્રણ ત્રણ કલાકે પાણી સાથે લેવું. (૫) નાગરમોથ, દેવદાર, વાવડીંગ અને સરગવાના મૂળનો કવાથ પીવો. (૬) વાવડીંગ, લીંડીપીંપર, કાંચકાનાં મીંજ અને વાવડીંગનું ચુર્ણ લેવું. (૭) કરીઆતું, દંતીમૂળ, ત્રિફળા, નસોતર, હળદર, દારૂહળદર, વાવડીંગ અને ચિત્રાનો કવાથ પીવો. (૮) વાવડીંગ, હળદર, સોનાસુખી, પીંપર, સુંઠ, હીંગ, ચિત્રો, અજમોદ, પીંપરીમૂળ અને નાગરમોથનું ચુર્ણ લેવું. (૯) કંપીલો, વાવડીંગ, કાંકચીઆના મીંજ, સુંઠ, નસોતર અને સિંધવનું ચુર્ણ લેવું. (૧૦) વાવડીંગ આ રોગમાં સારો ઉપાય છે. બએ વાલ વાવડીંગનું ચુર્ણ સવાર, બપોર ને સાંજે ટાઢા પાણી સાથે ફાકવું. (૧૧) લીંબડાની છાલ, કડાની છાલ, વાવડીંગ, સિંધવ, હીંગ અને કિરમાણી અજમાનું સમભાગે કરેલું ચુર્ણ લેવું. (૧૨) હરડે, હળદર અને સંચળનું ચુર્ણ ઇંદ્રવાયણાના રસમાં ભાવના આપેલું લેવું. આ રોગમાં કેટલીક વખતે તાવ આવે છે અને તે સાથે ગોળો ચડે છે. માટે (૧૩) **કૃમિમુદ્ગરરસ**-શુદ્ધ પારો તોલો ૧, શુદ્ધ ગંધક તોલા ૨, અજમોદ તો. ૩, વાવડીંગ તો. ૪, શુદ્ધ ઝેરકોચલાં તો ૫, ખાખરાનાં બી તોલા ૬, પ્રથમ પારા ગંધકની કજ્જલી કરી પછી બીજી ચીજોનું ચુર્ણ મેળવીને સવારસાંજ ૦। રૂપીઆભાર નાગરમોથના ઉકાળામાં લેવું. આ રસ કરમીયાના રોગનો કટ્ટો દુશ્મન છે અને તેનું સેવન ઘણા દિવસ કરવું જોઇએ. (૧૪) દાડમના મૂળની છાલનું ચુર્ણ સવારસાંજ સિંધવ મેળવી ફાકવું અને બીજે દિવસે સવારમાં એરંડીયું તોલા બેનો જુલાબ સુંઠના કવાથ સાથે લેવો. કૃમિરોગના દરદીને કાળજે ગભરામણ થાય છે અને કાળજુ અંદરથી કોલી ખાતું હોય એમ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક વખતે કરમીયાનો ગોળો ચડીને કાળજે આવે છે, તે વખતે દરદીને હમણાં પ્રાણ જતો રહેશે એવી વેદના થાય છે. તે માટે (૧૫) ઇંદ્રજવ, વાવડીંગ, કંપીલો, પિત્તપાપડો અને કાળીજીરીનો કવાથ આપવો અગર તે કવાથની બસ્તિ ગુદાવાટે આપવી. આ પ્રમાણે કરતાં ન મટે તો કવાથમાં એરંડીયું રૂપીઆ બે ભાર નાંખી ફરીને બસ્તિ આપવી.

બાળકોને કરમીયાનો રોગ વધારે જોવામાં આવે છે. તેમની ઉમ્મરના પ્રમાણમાં ઉપરની ×દવાઓની યોજના વિચાર કરીને કરવી. (૧૬) વાવડીંગ, કાંકચાનાં મીંજ, ઇંદ્રજવ અને સિંધવનું ચુર્ણ અડધો અડધો વાલ સવાર સાંજ આપવું અને બીજે દિવસે એરંડીયાનો જુલાબ આપવો. આથી કરમીયાં નીકળી પડશે. અંગ્રેજી વૈદ્યકમાં (૧૭) સેન્ટોનાઇન નામની જે દવા કરમીયા માટે પ્રખ્યાત છે અને તે કીરમાણી અજમાનું સત્વ છે આ સત્વ બાળકોની ઉંમર પ્રમાણે ૦॥ થી ૩ રતી મધના પાણી સાથે રાત્રે આપવાથી અને સવારમાં એરંડીયું પાવાથી ઝાડામાં કરમીયા નીકળી પડે છે. આ પ્રમાણે એક બે દિવસના આંતરે આપવાથી તમામ કરમીયાં નીકળી પડે છે. (૧૮) નસોતર અને હરડે મધના પાણીમાં ઘસી આપવાથી પણ ઝાડા વાટે કરમીયાં નીકળી પડશે. દાક્તરો સેન્ટોનાઇન સાથે કયાલોમેલ મેળવીને આપે છે. બજારમાં તેના મિશ્રણની લોઝેન્જીસ એટલે ગોળ ચપટી ટીકડીઓ વેચાય છે, કે જે નાના બાળકો ખાવાની વસ્તુ તરીકે ખાઇ શકે છે આ દવાઓ મોટા માણસોના ઉપયોગમાં પણ લેવાય છે અને તેથી સારો ફાયદો થાય છે. કરમીયાં નીકળી ગયા પછી તંદુરસ્તી માટે (૧૯) ***બાળપર્પટીની** અડધી અડધી રતીની માત્રા સવાર સાંજ

× કૌવચની રૂંવાટીવાળી દવા બાળકોને આપવી નહિ.

* **બાળપર્પટી**-ગોદંતી હરતાલની ભસ્મ તો. ૧, શુદ્ધ ગંધક તો. ०। બંનેને ખરલ કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધમાં આપવી. આ રોગમાં બાળકોને કાચુ દુધ આપવામાં ઘણી સાવચેતી રાખવાની છે. માના ધાવણની તંગાસને લીધે દુધ આપવું પડે તો (૨૦) વાવડીંગના દાણા નં. ૫ પીંપરીમૂળનો ગંઠોડો નં. ૧ અને એલાયચી નં. ૨, એક શેર દુધ અને પોણોશેર પાણી લઇ ઉકાળી જ્યારે દુધ સવાશેર બાકી રહે ત્યારે થોડું પતાસું નાંખી તે દુધ આપવું. કરમીયાંના રોગમાં નીચે બતાવેલી કેટલીક દવાઓ સારૂં કામ કરે છે. (૨૧) કિરમાણી અજમો તોલો ૧, વાયવર્ણાની છાલ તોલો ૧ અને ખડીસાકર તોલા ૩ નું ચુર્ણ મોટા માણસને તોલા ૦। થી તોલા ૧ સુધી અને નાનાં બાળકને એક રતી થી બે રતી સુધીની માત્રા આપવી. (૨૨) વાયવર્ણાની છાલ, એદ્રુસ, કિરમાણી અજમો, સુંઠ, વાવડીંગ અને સંચળનું ચુર્ણ મધમાં લેવું.

પથ્યાપથ્ય—(પથ્ય) કડવા અને તીખા પદાર્થ, મીઠું, મધ, હીંગ, ગોમૂત્ર, અજમો, લીંબુ, લસણ અને રક્તશોધક તથા કફનાશક પદાર્થો હિતકર છે. (અપથ્ય) દહીં, દુધ, ઘી, ખાટો અને મીઠો રસ, ગોળ, સાકર, કેળાં અને કોહોળું અહિતકર છે.

વિશેષ ઉપચાર—ભૈરવસીંગ (કૌવચની રૂંવાટી), કાળીજીરી, કાંચકાનાં મીંજ, વાવડીંગ, કિરમાણી અજમો, કીડામારી, કપૂર, કારેલી, બીલી; ભીલામાં, કડવો લીંબડો, કેસર, ફુદેનો, ઇંદ્રજવ કીડામારી, ગળો, દાડમની છાલ વગેરે ઔષધીઓમાંથી જે મળે તેનો ઉપયોગ કરવો

રક્તપિત્ત-Scurvy.

કારણ—રક્તપિત્તનું દરદ ઘણું ખરાબ છે. ક્ષાર, ઉષ્ણ; અને તીક્ષ્ણ પદાર્થોનું અતિ સેવન, ઘણો તાપ, ઘણો શોક, ઘણી કસરત અને અતિ સ્ત્રીસંગ વગેરે વિરૂદ્ધ આહાર વિહારથી પિત્ત બગડીને લોહીને પણ બગાડે છે અને એ પ્રમાણે બગડેલું લોહી રક્તવહન કરનારી શીરાઓથી છુટું પડી ઉપર નીચેના દ્વારોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે છે, તેને રક્તપિત્ત કહે છે. આયુર્વેદ શાસ્ત્રમાં તેના બે પ્રકાર છે. (૧) ઉર્ધ્વગ તથા (૨) અધોગ. ઉર્ધ્વગ એટલે શરીરના ઉપરના ભાગના છિદ્રો જેવાં કે-નાક, કાન, આંખ અને મોંવાટે વહેનારૂં; અધોગ એટલે નીચલા ભાગનાં છિદ્રો જેવાં કે ગુદા માર્ગથી અને પેસાબ માર્ગથી વહેનારૂં. તાજી વનસ્પતિનો ખોરાક નહિ ખાનારને આ વ્યાધિ થાય છે, એમ પાશ્ચિમાત્ય વિદ્વાનોનું માનવું છે.

લક્ષણ—ઉપર બતાવ્યા પ્રમાણે શરીરના ઉપર નીચેના દ્વારોથી લોહી પડે છે, શરીર દુર્બળ થઇ જાય છે. આ રોગમાં શ્વાસ, કાસ, જ્વર, ઉબકા, પીળાશ, દાહ, માથ માં દુઃખાવો, આળસ, અરૂચી, અગ્નિમંદતા અને મોઢામાં બેસ્વાદ વગેરે ઉપદ્રવો થાય છે. રક્તપિત્ત રોગમાં દાંતનાં પેઢાં સુજેલા, પોચાં અને કાળા રંગનાં હોય છે. કોઈ વાર તે સડે છે અને તેના ઉપર ચાંદાં પડે છે. પેઢાંમાંથી લોહી પુષ્કળ નીકળે છે અથવા થોડું થોડું ઝમ્યા કરે છે. ખોરાક ચાવવામાં ઘણી મુશ્કેલી પડે છે. મોઢામાં ખરાબ વાસ મારે છે. પગ અથવા હાથ ઉપર જાંબુડા રંગનાં ચાઠાં માલમ પડે છે, તેમાંથી લોહી પડે છે, ભુખ લાગતી નથી, ઝાડો કબજ રહે છે અથવા ઉતરે છે તો મરડાના રૂપમાં લોહી પડે છે.

ઉપાય—બળવાન માણસ હોય અને તેને રક્તપિત્ત વધી ગયેલું હોય તો તેને શરૂઆતમાં રોકવું નહિ; પણ નીચેના માર્ગોથી પડતું હોય તો ઉલટી કરાવી બંધ કરવું. ઉપરના માર્ગોથી પડતું હોય તો વિરેચન કરાવી બંધ કરવું. આ પ્રમાણે નહિ કરવાથી પાંડુ, જ્વર, ગ્રહણી વગેરે રોગો થવા સંભવ છે. રક્તપિત્તના દરદીને વિરેચન માટે (૧) દ્રાક્ષ, જેઠીમધ, શીવણનાં ફળ અને સાકરનું ચુર્ણ લેવું. અને ઉલટી માટે (૨) જેઠીમધ અને મીંઢળનાં ગરભનું ચુર્ણ મધમાં લેવું. આ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વમન અને વિરેચન કર્યા પછી (૩) મહુડાના ફુલોનો મધમાં અવલેહ કરી લેવો અને તે પ્રમાણે (૪) સરગવાના ફુલનો અવલેહ કરી લેવો, (૫) ખજૂરનો કલ્ક તથા ધોળા કમળની પાંખડીઓનો કલ્ક કરી મધમાં ચટાડવો; (૬) અરડુસી, અરડુસો, જાંબુ અને આંબો તેનું હિમ કરી લેવું, (૭) ચંદન, જેઠીમધ અને લોધરનો કલ્ક મધ સાથે લેવો (૮) દ્રાક્ષ, વાળો, પદ્મકાષ્ટ અને સાકર દરેક ચાર ચાર તોલા લઈ પાણીમાં નાંખી રાત્રે અગાસીમાં મુકી સવારમાં તે પાણી લેવું. **નાકમાંથી લોહી પડતું હોય** તો (૯) કણજીનાં બીયાંનો કલ્ક મધ સાથે મેળવી તેનું નસ્ય કરવું. (૧૦) ઉંબરાના ફળનો કલ્ક મધ સાથે મેળવી તેનું નસ્ય કરવું (૧૧) દુધ, સાકર સાથે પાણી, દ્રાક્ષનો રસ અને શેરડીનો રસ લેવો અને તે સાથે ઉપરના ઉપચારો પણ કરવા. ઉપરના ઉપચારો કર્યા છતાં પણ જ્યારે રક્તપિત્તનું લોહી બંધ ન થાય તો (૧૨) દ્રાક્ષ, કડુ, સાકર અને જેઠીમધનું ચુર્ણ મધ સાથે અગર બરફના પાણી સાથે લેવું. (૧૩) અરડુસીનો સ્વરસ મધ તથા સાકર મેળવીને લેવો. (૧૪) ડાંગરની ધાણી અને કાળા સુરમાનું ચુર્ણ મધ સાથે લેવુ. (૧૫) વંશલોચનનું ચુર્ણ સાકર તથા મધ મેળવીને લેવું. આ રોગમાં વિશેષ કરીને શીત અને મધુર ઉપચારો કરવા. નાકમાંથી, મોઢામાંથી, કાનમાંથીં અને નેત્રોમાંથી લોહી નીકળતું હોય તો (૧૬) **દુર્વાધૃત**નો ઉપયોગ કરવો. **(બનાવટ)** ધ્રો, કમળના તંતુઓ, મજીઠ, ચણકબાબ, બળદાણા, વાળો, મોથ, કપુર, રતાંજળી અને પદ્મકાષ્ટ એ દરેક એકેક તોલો લઇ તેનો કલ્ક કરવો. પછી ૬૪ તોલા ચોખાનું ધોવરામણ, ૬૪ તોલા બકરીનું દુધ, અને ૬૪ તોલા બકરીનું ઘી, તેમાં કલ્ક મેળવીને ઘી સિદ્ધ કરવું. આ ધૃત ચાટવાથી, નસ્ય લેવાથી, કાનમાં નાખવાથી, આંખમાં આંજવાથી, ગુદા અને મૂત્રમાર્ગે પીચકારી મારવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તે ભાગનું પડતું લોહી બંધ થાય છે. છેવટે આ ઘીનું આખા શરીરે અભ્યંગ કરવું. (૧૭) દાડમનો રસ સાકર મેળવીને લેવો. (૧૮) આંબળાં અને જીરાનું ચુર્ણ ગુલાબજળમાં કે ટાંકાના પાણીમાં પલાળો તેનો લેપ કરી માથા ઉપર મૂકવો અને લેપ ઉપર પાણીનું પોતું મુકવું. આ રોગ ઉપર નીચે બતાવેલી દવાઓ સારૂં કામ કરે છે. (૧૯) લીંબુનો રસ સાકર નાંખીને પીવાથી મટે છે. (૨૦) **પ્રવાલભસ્મ, મોતીનીભસ્મ** એકેક વાલ, વાંસકપુર બેઆનીભાર અને સાકર બેઆનીભાર અડધા રૂપીઆભાર માંખણમાં ચાટવું. આ પ્રમાણે સવાર સાંજ પ્રયોગ કરવો અને તે ઉપર ગાયનું તરતનું દોહેલું દુધ જેટલું લેવાય તેટલું લેવું. બીજું કાંઇ ખાવું નહિ. **જીવન, ચંદ્રકલારસ, દ્રાક્ષાસવ, લીંબુનું શરબત, દાડમનું શરબત, આંબળાનો મુરબ્બો, ગુલકંદ, પ્રવાલપંચામૃત, મુક્તાપ્રવાલ, વાસારિષ્ટ** વગેરે દવાઓ ફાયદો કરે છે. આ રોગમાં પુષ્કળ શાક, ભાજી, પાલો, ફળ, દુધ ઇત્યાદિ ખાવાની જરૂર છે. લીંબુનો રસ આને માટે ઉત્તમ છે. તે ન અપાય ત્યાં સુધી બીજી બધી દવાઓ નિરર્થક છે. બટાટાનું શાક હંમેશાં ઓછામાં ઓછું પાસેરથી અડધો શેર ખાવું. આ રોગમાં જે માર્ગેથી લોહી પડે તેને એકદમ અટકાવવા પ્રયત્ન કરવો નહિ, કારણ કે ઘણીવાર કુદરત પોતે વધી ગયેલા લોહીને એવી રીતે રસ્તો કરી આપી માણસને દરદમાંથી બચાવી લે છે. વૃદ્ધાવસ્થા અને અલ્પ લોહીવાળા માણસના શરીરમાંથી રક્તશ્રાવ થતો અટકાવવા પ્રત્યન કરવો.

પથ્યાપથ્ય—(પથ્ય) મગ, મઠ, તુવેર, મસુર, ચણા, ચોખા, સાઠીચોખા, જવ, કોદરા, કાંગ, મોરઇઓ, તાંદલજો, સાબુચોખા, વડ તથા પીપળાની ટેશીઓ, ઘી, દુધ, કેળાં, સાકર, માંખણ, દાડમ, આંબળા, તડબુચ, શેરડી, ભુરૂ કોહોળુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અપથ્ય) મળસૂત્રનો અટકાવ, ચાલવાનું, તાપ, કસરત, ઘોડા ઉપર સ્વારી, દોડવાનું બીડી ગાંજો પીવાનું, કળથી, ગોળ, તલ, અડદ, પાનસોપારી, તંબાકુ, લસણ, ખાટા પદાર્થો.

વિશેષ ઉપચાર—અરડુસી, અરડુસો, આંબળાં, તાંદલજો, શેરડી, ઉંબરો, જાંબુ ગરમાળો, દ્રાક્ષ, દાડમ, પદ્મકાષ્ટ, પીપજો, અર્જુનવૃક્ષ આમાંથી કોઈપણ દવાનો ઉપયોગ કરવાથી પણ ફાયદો થાય છે.

કાસ અને ઉધરસ-ખાંસી-Cough.

આયુર્વેદશાસ્ત્રમાં ખાંસીના પાંચ પ્રકારો છે-(૧) વાયુથી (૨) પિત્તથી (૩) કફથી (૪) છાતીના જખમથી અને (૫) ક્ષયથી આ પાંચ પ્રકારોમાં છેલ્લા બે પ્રકાર ક્ષય તથા ઉરઃક્ષતના સ્વતંત્ર રોગમાં બતાવવામાં આવ્યા છે.

કારણ—નાકમાં અથવા મોંમાં ધુમાડી તથા ધુળ જવાથી, અતિ કસરતથી, ખાટા પદાર્થ ખાવાથી, ઉતાવળે ભોજન કરવાથી, ઝાડો, પેસાબ, અપાન્ વાયુ અને છીંકોના વેગને રોકવાથી વગેરે કારણોથી વાયુકોપ પામીને કફને કોપાવે છે, તેથી કાસરોગ થાય છે.

લક્ષણ—ગળામાંથી કાંસાના વાસણના અવાજ જેવો અવાજ નીકળવો એ ખાંસીનું લક્ષણ છે. સ્થાન તથા કારણ પ્રમાણે બીજા જુદાં જુદાં લક્ષણો પણ હોય છે. ફેફસાંના પડના વરમમાં ખાંસી સાથે છાતીની બાજુમાં પીડા થાય છે.

ઉપાય—દોષપરત્વે વિચાર કરી જુદાં જુદાં કારણો તથા દરદો પ્રમાણે ઉપાયો કરવા. (૧) ભોંયરીંગણી, દેવદાર, અરડુશી, સુંઠ, પોખરમૂળ અને ×જૂફીકાનો કવાથ પીવો. (૨) જેઠીમધ, કાળીજીરી, ભોંયરીંગણી, દેવદાર અને અરડુશીનો કવાથ સાકર

×જુફીકા યુનાની દવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી પીવો. (૩) એલાયચી અને મરીનો કવાથ સાકર નાંખી પીવો. આથી કાસ સાથે ગળાનો સોજો અને અરૂચિ માટે છે. (૪) ખજૂર, પીંપર, દ્રાક્ષ, સાકર અને હાંગરની ધાણીનું બારીક ચુર્ણ કરી તેમાં મધ અને ઘી મેળવી ચાટણ કરીને ચાટવું. (૪) અરડુશી, ગળો, કાકડાસીંગી અને કાયફળનો કવાથ મધ નાંખી પીવો. (૫) અરડુશીનો સ્વરસ અગર કવાથ મધ નાંખીને પીવાથી પિત્ત તથા કફની ખાંસી મટે છે. (૬) ખસખસ, પાણી અને સાકરનો શરબત કરીને રૂા. ૨ ભાર સવારે બે અગર ત્રણ મરીનો ભૂકો નાખી પી જવો સાત અગર નવ દિવસ આ પ્રયોગ કરવો. (૭) ×જ્જૂફીકાનું ચુર્ણ અને સાકર એકેક આનીભાર સવારસાંજ ટાઢા પાણી સાથે લેવું. આ દવા નામે **દયાળુ** કુંજ કહેવાય છે. (૮) બાવળનો ગુંદ તોલો ૧, ખેરસાર તો. ૦ાા અને સાકર તો. ૧ ની ચણીબોર જેવડી ગોળી કરી સવારસાંજ બબે લેવી. (૯) અરડુશીના રસમાં હગદર તો. ૧ ખરલ કરી સુકાવી તેમાંથી બબે વાલ માવા સાથે મેળવી લેવી (૧૦) અરડુશીનાં પાન નંગ ૭ સાતને અરધો શેર પાણીમાં બાફી નવટાંક પાણી રહે ત્યારે ગાળીને જવખાર એક વાલ અને મધ તો. ૦ નાંખી સવારસાંજ પી જવું. (૧૧) અરડુશીના પુટપાકમાં સંચળ નાંખી લેવો. (૧૨) આંબલીના ફુલને પતાસાની સાથે ખાવાથી ગમે તેવી ખાંસી મટી જાય છે (૧૩) અરડુશીના ફુલને સુકવી તેનું ચુર્ણ બનાવી મધમાં ચાટવું. (૧૪) સુંઠ, અતિવિષ, મોથ, કાકડાસીંગનો સમભાગે કરેલો કવાથ જવખાર અને મધ નાંખીને પી જવો. કેટલીક વખતે ખાંસીના દરદમાં ફેફસાંના પડમાં સોજો આવવાથી શૂળ અને સણકા મારે છે માટે (૧૫) ટરપેન્ટાઇન તેલમાં બદામનું તેલ અગર લાક્ષાદિ તેલ મેળવી માલીસ કરવું અને તે ઉપર પોસના ડોડાનો શેક

×જ્જૂફીકા ચુનાની દવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો અગર અરડુશીના પાન ગૌમૂત્રમાં નાખી તેનો શેક કરવો ગળામાં સોજો જણાય તો (૧૬) લવંગાદિવટી સવાર સાંજ એકેકી ગોળી મોમાં રાખીને રસ ઉતારવો અને ગળામાં ઝીણી ઝીણી અળાઈયો જેવી ફોડકીઓ હોય તો ફટકડીના કોગળા કરવા અગર શંખજીરૂં તોલો ૦ા અને જેઠીમધનો ભૂકો તોલો ૦ા તથા ટંકણ તો. ૦ા તે એકત્ર કરી બબે આનીભાર મધમાં કાળવી સળીને રૂ લગાડી દવામાં બોળી ગળામાં સવાર સાંજ ચોપડવું અને તે સાથે **દ્રાક્ષાસવ** તોલો ૧ અને **વાસાસવ** તોલો ૧ બંનેનું મિશ્રણ સવાર સાંજ લેવું. આ પ્રમાણે કરતાં ખાંસી ઓછી ન થાય તો પછી (૧૭) **સાબરસીંગાનીભસ્મ** એકેક વાલ અને તે સાથે **સિતોપલાદિ ચુર્ણ** બબે વાલ મેળવીને અડધા રૂપીઆભાર મધમાં સવાર સાંજ ચાટવું. (૧૮) હીંગળોક, કાકડાશીંગી, નાગરમોથ, પીંપર, મરી અને લવીંગની લીંબુના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી, તેમાંથી એકેકી ગોળી સવાર સાંજ મોંમાં રાખવી. (૧૯) **કાસઘ્નીવટીની** ગોળીઓ મોંમાં રાખવી. (**બનાવટ**) જેઠીમધ તોલો ૨, મરી તોલો ૧, ખેરસાર તોલો ૧, સાકર તો. ૨ અને બાવળનો ગુંદ તો. ૧ ની પાનના રસમાં ચણા જેવડી ગોળીઓ કરવી. (૨૦) ટંકણ ફુલાવેલો તો. ૧; અફીણ તો. ૧ અને ખેરસાર તો. ૮ નું ચુર્ણ કરી તેમાંથી રતી રતીની માત્રા લેવી. (૨૧) કપુર ૧ ભાગ, કસ્તુરી ૧ ભાગ, લવીંગ ૧ ભાગ, મરી ૨ ભાગ, પીંપર ૨ ભાગ; બહેડાંની છાલ ૨ ભાગ, દાડમની છાલ ૧ ભાગ, કઠ ૧ ભાગ અને ખેરસાર સર્વેના બરાબર લેવો. પાણીમાં ઘુંટીને મગ જેવડી ગોળીઓ કરવી; તેમાંથી સવાર, બપોર ને સાંજરે એકેકી ગોળી લેવી.

(૨૨) ફુલાવેલ ટંકણ એક વાલ અને જવખાર એક વાલ; બંનેને એક કરી સવાર સાંજ તુલસીના પાનના અડધા રૂપીઆભાર રસમાં બે આનીભાર મધ નાંખો પી જવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨૩) **અગ્નિમુખ** ૧ વાલ, ઘી તો. ૦॥ અને મધ તો. ૦)= મેળવીને ચાટી જવું. (બનાવટ) અરડુશીના પાન અને આકડાના પાનને અધકચરાં કરી તેમાં ચારગણું મીઠું મેળવી લોઢાની કડાઈમાં નાખી દેવતા ઉપર જ્યાં સુધી ક્ષાર થાય ત્યાં સુધી રાખવું એટલે ક્ષાર તૈયાર થશે. આ સિવાય બીજા કેટલાક નીચે બતાવેલા ઉપાયો ઘણું સારૂં કામ કરે છે માટે તે અજમાવવા.

સુવર્ણવસંતમાલતી, વાસાવલેહ; ખાંસી સાથે કફનું જોર હોય તો **હરિતકીઅવલેહ, અરડુશીનું ચાટણ, બિભિતકાવલેહ, ચ્યવનપ્રાશાવલેહ;** ખાંસીમાં લોહી પડતું હોય તો **કુષ્માંડાવલેહ, કંટકારી અવલેહ; શ્વાસકુઠારરસ, કટફળાદિ ચુર્ણ** વગેરેનો ઉપયોગ કરવો.

પથ્યાપથ્ય—(પથ્ય) ચોખા, જવ, સામો, મગ; ઘી, દુધ (બકરીનું કે ગાયનું), કળથી, શીંગોડાં, તુવેર, સુવા, તાંદલજો વગેરે પદાર્થો હિતકર છે. (અપથ્ય) તેલ, મરચું, આંબલી, ઠંડી વસ્તુ, ભેજવાળી હવા, કફ કરનાર પદાર્થો વગેરેનો ત્યાગ કરવો, દિવસે સૂવું નહિ.

શ્વાસ-દમ-હાંફણ-Asthma.

આર્યવૈદ્યકશાસ્ત્રમાં શ્વાસ રોગના પાંચ પ્રકાર બતવ્યા છે. (૧) મહા શ્વાસ (૨) ઉર્દ્ધ્વ શ્વાસ (૩) છિન્ન શ્વાસ (૪) તમક શ્વાસ અને (૫) ક્ષુદ્ર શ્વાસ. દમની બે જાતો છે. શુષ્ક દમ અને કફ સાથેનો દમ. જે કારણો કાસ રોગ થવાનાં છે તેમાંના ઘણાંખરાં કારણો શ્વાસ રોગનાં પણ જાણવાં. દમનો રોગ થવાનાં મુખ્ય કારણો નીચે પ્રમાણે. (૧) ફેફસામાં હવા જવાની રોકાણ, (૨) ફેફસાનો સોજો અગર ફેફસાંઓનું ખવાવું, (૩) રક્તાશયના દરદી કે જેને લીધે ફેફસાંમાં જોઇએ તેથી વધારે કે ઓછું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોહી જાય અગર લોહીના સ્રાવથી ફેફસાંનું પોષણ ઓછું થાય, (૪) હીસ્ટીરીઆ, મનોવિકાર, મગજની નબળાઇ અને શરદીની હવા, (૫) નઠારી કે ઝેરી વસ્તુઓના રજકણો શ્વાસમાં જવાં; (૬) શરીરનું જાડાપણું, ચરબી વધવી, ધાતુક્ષીણતા વગેરે કારણોથી શ્વાસ ચડે છે તથા અજીર્ણથી અગર હવામાં એકાએક ફેરફાર થવાથી શ્વાસ ઉત્પન્ન થાય છે. આ દરદ સ્ત્રી કરતાં પુરૂષને વધારે થાય છે.

લક્ષણ--પેટમાં વાયુ થાય છે, માથું દુઃખે છે, પેસાબ થોડો થોડો આવે છે, અને છાતીમાં અમુંઝણ થઇ એકાએક દમ ઉપડે છે, શ્વાસોશ્વાસમાં અટકાવ થવાથી, છાતી જાણે બાંધી લીધી હોય તેની પેઠે અડચણ લાગે છે, ધમણની માફક મોટા પરિશ્રમથી તેનો શ્વાસ ચાલે છે, દમને લીધે દરદીથી વાત પણ થઇ શકતી નથી. શરીર પરથી પરસેવાના ટીપાં પડે છે અને અંગ ઠંડુ થઈ જાય છે, નાડી જલદી ચાલે છે, મોઢું ઉઘાડું રહે છે અને કોઇ રીતે શાંતિ વળતી નથી. સૂવા બેસવાથી પણ આરામ મળતો નથી, ઉંઘ આવતી નથી, ગળામાં કફની તાંત બોલે છે વગેરે લક્ષણો દમનાં છે.

ઉપાય--પ્રથમ દમને અટકાવવા ઇલાજ કરવા. બીજો જ્યારે દમ ઉપડે ત્યારે તેને શાંત પાડવાનો; અને ત્રીજો દમ મટી ગયા પછી ફરીને ઉપડે નહિ તેનો ઈલાજ કરવો. આ પ્રમાણે દમના ઇલાજના ત્રણ પ્રકાર છે. દમ ઉપડવાનાં કારણો દૂર કરવાં. ઝાડાની કબજીયત હોય તો (૧) **દીનદયાળ ચુર્ણ** લેવું. અગર સુંઠના કવાથમાં એરંડીયું બે રૂપીઆભાર નાંખી પી જવું. છાતી ઉપર રાઇનું પ્લાસ્ટર મુકવું; ટરપેન્ટાઇન તથા ગરમ પાણીનો શેક કરવો. (૨) **દ્રાક્ષાસવ** બે તોલા લઇ તેમાં ફુલાવેલો ટંકણ બે વાલ નાંખી સવાર સાંજ પીવો. (૩) ધંતુરાના પાનની બીડી દમનો વેગ આવ્યા પહેલાં લેવી. (૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોમલના ફુલ ચોખાભાર શીરા સાથે અથવા મલાઈ સાથે લેવાં. આ દવા દમ માટે અકસીર છે. **(બનાવટ)** સોમલ તોલા ૧ ને કુંવારના રસમાં તથા ધોળી ડુંગળીના રસમાં ઘુંટી ચકરી બનાવવી પછી લુગડાંથી સાફ કરી તેમાં સોમલની ચકરી મુકી બીજું સરાવડું ઉપર ઢાંકીને મુલતાની માટીથી તેના ઉપર ત્રણ કપડમાટી મજબુત કરી તડકે સુકાવવું. સુકાયા પછી ચુલે ચઢાવી ધીમો અગ્નિ કરતા રહેવું અને ઉપરના કલેડા ઉપર દુધનાં પોતાં મુકતા રહેવું. આ પ્રમાણે ૧ પ્રહર કરવાથી ઉપલા ભાગમાં ફુલ લાગશે. પછી આંખને હરકત ન આવે તેમ યુક્તિથી ફુલ કાઢી લેવાં. માત્રા ચોખા ૧ થી ૨ સુધી. (૫) **અભ્રકભસ્મ**-કાળો અભ્રક શુદ્ધ કરેલો અને સુરોખાર સરખા વજને લઇ આકડાના દુધમાં એક દિવસ મર્દન કરી તેની ચકરી બનાવવી, તડકે સુકવી, શરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો. અભ્રકની માત્રા રતિ રતિની નીચેના અનુપાન સાથે આપવી. **સેવનવિધિ**-ઉનાળામાં દ્રાક્ષના રસમાં, વર્ષાઋતુમાં નાગરવેલના પાનમાં અને શિશિરઋતુમાં ખારેકના ચુર્ણ સાથે લેવી. મોટા માણસને ત્રણ ચોખાભાર અને બાળકને એક ચોખાભારની માત્રા આપવી. (૬) પીંપર ૧ ભાગ, એલચી ૨ ભાગ, જેઠીમધ ૩ ભાગ, દ્રાક્ષ ૨ ભાગ તેનો આદાના રસમાં કલ્ક કરવો. પછી મધ તોલા ૩ ત્રણમાં આ સર્વે વસ્તુ નાખી દેવતા ઉપર ખદખદાવી અવલેહ કરી ચાટવો. (૭ **શ્વાસારિરસ**-જેઠી-મધ તોલા ૨ અને હળદર, સિંધવ, ફુલાવેલો ટંકણ દરેક અકેક તોલો લઇ એક દિવસ ઘુંટી ખરલ કરી તેમાંથી અકેક વાલ નાગરવેલના પાનના રસ સાથે લેવો. આ પ્રમાણે કરતાં દમનું જોર નરમ ન પડે તો (૯) **હિંગ્લુકભસ્મ**ની ચોખાભારની માત્રા શીરા સાથે સવાર સાંજ લેવી. **(બનાવટ)** હીંગળોક તોલા ૧ ને કુંવારના રસમાં ઘુંટી ચકરી બનાવી મોટાં મોટાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાણાં લઈ તેમાંથી એક છાંણાના વચમાં હિંગળોકની ચકરી એટલે લુગડી રહે તેવો નાનો ખાડો કરી તેમાં તે ચકરી મુકી ઉપર બીજું છાણું ઢાંકીને આઠદશ છાણા આગળ પાછળ મુકી અગ્નિ કરવો. ઠંડુ થયા પછી હિંગળોકની ચકરી કાઢીને વાપરવી. દોષપરત્વે વિચાર કરીને ઉપાયોની યોજના કરવી. (૯) **શૃંગ્યાદિચુર્ણ**–કાકડાશીંગી, સુંઠ, મરી, લીંડીપીપર ત્રિફળા, રીંગણી, ભારંગમૂળ, પોખરમૂળ, જટામાંસી, સિંધવ, સંચળ બીડલવણ, કાચલવણ, અને મીઠાનું ચુર્ણ ગરમ પાંણી સાથે લેવું. શ્વાસ, ઉર્ધ્વશ્વાસ અને હેડકીને બેસાડે છે. (૧૦) રાતી ફટકડી ત્રણ ધારા થુવરના દુધમાં નાંખી ભઠ્ઠી કરી ખાખ બનાવીને, તેમાથી રતિ ૧ પ્રમાણે પાનમાં આપવી. (૧૧) હરડે, સુંઠ, નાગરમોથ, લીંડીપીંપર, દેવદાર, ભારંગ અને સિંધવ એ સમાનભાગે લઇ મધમાં અવલેહ કરી લેવો (૧૨) ઇંટો પકાવતાં ફુટી નીકળતો ધોળા રંગનો ખાર નાગરવેલના પાનમાં વાલ વાલ લેવો. (૧૩) અરડુશીનો સ્વરસ તોલો ૧, અંઘેડીનો ખાર વાલ ૨ અને મધ તોલો ૦ા મેળવી પીવું (૧૪) **સાબરસીંગાની ભસ્મ** વાલ ૧, **જવખાર** વાલ ૧, **અંઘેડીનો ખાર** વાલ ૧, એ ત્રણને એક કરી તુલસીના પાનના રસમાં મેળવી સવારસાંજ લેવાથી દમ બેસી જાય છે. દમ સાથે તાવ શૂળ; વાધણી અને ઉલટી વગેરે ઉપદ્રવો હોય તેના માટે (૧૫) **અગ્નિમુખની** માત્રા બબે વાલની મધમાં ચાટવી. (૧૬) પીંપર, પદમક, ભોંયરીંગણીનાં ફળ અને લાખનું ચુર્ણ મધ તથા ઘીમાં ચાટવાથી દમ સાથેની ખાંસી મટે છે. કફ સુકાઇ ગયો હોય તો (૧૭) અરડુસીનો સ્વરસ તોલો ૧, તેમાં ચાર ભાર મધ, બે આનીભાર સાકર અને અંઘેડીનો ખાર વાલ ૧, મેળવી પીવાથી કફ પીગળીને છુટશે અથવા જેઠીમધની ચા સાકર નાંખીને પીવી. કફ બહુ પડતો હોય તો (૧૮) અરડુસીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ; મધ, સાકર અને સંચળ નાંખીને પીવો અથવા એલચીના દાણા; ઘી; તથા જવખાર મેળવીને ચાટવું. (૧૯) અરડુશી, હળદર, ભોંયરીંગણી, લીંડીપીંપર, ગળો, નાગરમોથ અને સુંઠનો ઉકાળો કરી મધ નાખી પીવો (૨૦) **લવંગાદિવટી** મોંમાં રાખવી. (૨૧) **રસરાજવટી**ની એકેકી ગોળી સવાર અને સાંજરે લેવી. **(બનાવટ)** આકડાના મૂળનો ભૂકો તોલો ૧; જાયફળ તોલો ૧; મરી તોલો ૧; ટંકણ તોલો ૧; શુદ્ધ કરેલા ધંતુરાનાં બી તોલો ૦ાા અને અફીણ તોલો ૦ાા મેળવી આદાના રસમાં વાલ ભાર ગોળી કરવી. માત્રા ૧ થી ૩. દમના વ્યાધિમાં હ્રદય નબળું પડે છે માટે (૨૨) કસ્તુરી વાલ ૧ અને જેઠી-મધનો શીરો વાલ ૪ ને વાટી તેનાં પડીકાં સાત કરવાં તેમાંથી એકેકુ પડીકુ મધમાં ચાટવું. (૨૩) **સિતોપલાદિચુર્ણ** સવાર, બપોરને સાંજરે મધ અને ઘીમાં ચાટવું. આ રોગમાં **શ્વાસકુઠારરસ**ની રતિ રતિની માત્રા સવાર, બપોર ને સાંજરે નાગરવેલના પાનના રસ અથવા તુલસીના પાનના રસમાં લેવી અને તે સાથે **વાસાવલેહ; હરિતકીઅવલેહ; અરડુશીનું ચાટણ; વાસાસવ; કુમારિકાસવ, દશમૂળારિષ્ટ, કનકાસવ** વગેરે આપવાં. આ દરદમાં ધંતુરાની બનાવટવાળી દવા ઘણો સારો ફાયદો કરે છે.

(૨૪) આદાનો રસ મધ નાખી પીવો. (૨૫) જવખાર સવારસાંજ તુળસીના પાનના રસમાં લેવો. (૨૬) વાંસકપુર તો. ૧, ટંકણ તો. ૧, જેઠીમધના શીરાનો ભૂકો તો. ૦ાા; એનું ચુર્ણ કરી બબે વાલ સવાર સાંજ મધમાં ચાટવું. દમ શાંત પડયા પછી શક્તિ લાવવાને (૨૮) **સુવર્ણવસંતમાલતી** એકેક રતિ સવારસાંજ મધ અને પીંપરમાં લેવી, અગર **સિતોપલાદિચુર્ણ** બબે આનીભાર સાથે મેળવી લેવું. ઉપર પ્રમાણે ઉપાયો કરતાં દરમીયાન ઝાડો સાફ આવવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆતમાં બતાવ્યા પ્રમાણે (૨૯) **હરિતક્યાદિચુર્ણ** અથવા **દીનદયાળચુર્ણ** લેતા રહેવું. ખાંસીના રોગમાં આપેલા ઘણાખરા ઉપાયો દમ તથા હાંફણમાં સારૂં કામ કરે છે.

પથ્યાપથ્ય—(પથ્ય) જુના સાઠી ચોખા, ઘઉં, કળથી, જવ, દુધ, વંત્યાક, લસણ, તાંદળજો, ઉંનું પાણી વગેરે હિતકર છે. (અપથ્ય) ઠંડા પદાર્થો, દાહ કરે એવા ગરમ પદાર્થો, દહીં, ખાંડ, કંદ, રાઈ, જડ અને રૂક્ષ અન્નપાન અહિતકર છે.

હિક્કા–હેડકી–Hiccough.

અજીર્ણમાં કેટલીકવાર હેડકી ઉપડે છે અને તેથી જાણે ખોરાક છાતીએ રહ્યો હોય એમ લાગે છે. હેડકી ઉપરા ઉપરી આવે છે અને માણસને કાયર કરી નાખે છે.

કારણ—કઠણ, રૂક્ષ અને ઝાડો બંધ કરનારા પદાર્થોનું સેવન કરવાથી; ઠંડુ અન્ન ખાવાથી; ધુમાડો અને ધુળ નાકમાં જવાથી; ઉપવાસ કરવાથી; ગરમી અથવા વાયુનું અતિ સેવન કરવાથી; વગેરે કારણોથી હેડકી થાય છે.

ઉપાય—સાધારણ રીતે હેડકી બંધ કરવાના કેટલાક ઉપાયો ચાલે છે; જેવા કે નાક તથા મોઢું બંધ કરી થોડો વખત શ્વાસ બંધ રાખવો, બીવડાવવું અગર રમુજી વાત કહી મન ભમાવવું વગેરે (૧) ગોળ અને ઘીમાં બે વાલ જવખાર નાખી ભેગાં કરી ચાટવાં (૨) પ્રાણાયામ કરવો એટલે એક નસકોરે ઉંડો શ્વાસ ખેંચી બંધ રાખી તે બીજે નસકોરેથી કાઢવો; અને બીજે નસકોરેથી ખેંચવો અને પહેલે નસકોરે છોડવો. આ પ્રમાણે કેટલીક વખત કરવું. (૩) છાતી ઉપર રાઈનું પ્લાસ્ટર મારવું ઝાડો સાફ ન આવતો હોય તો (૪) **દિનદયાળચુર્ણ** અથવા **હરિતક્યાદિચુર્ણ** લેવું ત્યાર પછી (૫)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોરના પીંછાની ભસ્મ લીંડીપીંપર સાથે મેળવી મધમાં વારંવાર ચાટવી. (૬) ઘોડાવજ, નાગરમોથ અને સુંઠનો કવાથ મધ નાખી પીવો. (૭) ગોળને ઉંનો કરી તેમાં સુંઠનું ચુર્ણ મેળવી તે જ્યારે એકરસ થાય ત્યારે લુગડાના બેવનમાં નાંખી નસ્ય આપવું. (૮) જેઠીમધનું ચુર્ણ મધ સાથે લેવું. (૯) ગાયનું દુધ સાકર નાખીને ઉંનું કરી લેવું. (૧૦) આંબળાં, નાગરમોથ, લીંડીપીંપર અને સુંઠનો ઉકાળો સાકર નાખી પીવો. (૧૧) ઘોડાવજ તો. ૧ અને સુંઠ તો. ૧ તે બંનેના ચુર્ણની બીડીઓ કરીને પીવી. (૧૨) હળદર, ડાંગરના ફોતરાં અને અડદનું ચુર્ણ કરી બીડી કરીને પીવી. આ પ્રમાણે ઉપાયો કરવાથી ન મટે તો (૧૩) કસ્તુરી સવાર, બપોર ને સાંજરે રાઈના દાણા જેટલી મધમાં ચાટવી. (૧૪) **નાગાર્જુનરસ** અકેક રતિ તુળસીના પાનના રસમાં સવાર સાંજે લેવો. હેડકી એ સામાન્ય વ્યાધિ ગણાય છે પણ કેટલીક વખતે તે ભયંકર સ્વરૂપ પકડે છે. કફના દરદમાં જ્યારે ઉપદ્રવ તરીકે હેડકી હોય ત્યારે તેની ચિકિત્સા કરવા માટે ઘણો વિચાર કરવો પડે છે. જે કારણથી હેડકી ઉપડે, તે કારણ જ્યાં સુધી બંધ ન થાય ત્યાં સુધી હેડકી બંધ રહેતી નથી. કફના દરદીને જ્યારે હેડકી ઉપડે છે, ત્યારે કફ ને નાશ કરનારાં ઔષધો સાથે હેડકીની દવા આપવી જોઈએ, આ સિવાય અજીર્ણ, કાસ અને શ્વાસ રોગના પ્રકરણમાં જે જે દવાઓ બતાવવામાં આવી છે તે પૈકી કેટલીક દવાઓ હેડકી ઉપર સારૂં કામ કરે છે. આ રોગમાં રાત્રે બીલકુલ ઉંઘ આવતી નથી માટે (૧૫) **દ્રાક્ષાસવ** સવાર સાંજ બબે રૂપીઆભાર લેવાથી શાંતિ થશે.(૧૬) ધમાસાનો કવાથ મધ નાખીને લેવો. ઉપરના પ્રયોગોથી હેડકી ન બેસે તો (૧૭) **તામ્રભસ્મ**ની અકેક રતિની માત્રા કાળી દ્રાક્ષના રસમાં, નાગરવેલના પાનના રસમાં અગર મધમાં આપવી. આથી હેડકી તુરત બેસી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્યાપથ્ય—ઘઉં, કળથી, ચોખા, કોદરી, જવ, લસણ, પરવળ, હિતકર છે. (અપથ્ય) વાલ, ચણા, અડદ, ખાટા પદાર્થ અહિતકર છે.

છર્દી–ઉલટી. Vomiting.

કારણ—ઉલટી બીજા કેટલા દરદોનું લક્ષણ છે. પિત્તના દરદથી, કલેજાના દરદથી, અતિ પ્રવાહી પીવાથી, ચીકણા પદાર્થો ખાવાથી, અજીર્ણના વિકારથી, આમથી, કૃમિથી, ગર્ભથી, સુગ ચઢે એવા પદાર્થો જોવાથી, સુંઘવાથી કે ખાવાથી, કોલેરાથી, ક્ષતથી, વગેરે કારણોથી ઉલટી થાય છે.

ઉપાય—કારણનો સંપૂર્ણ વિચાર કરી ઉપાય કરવો. (૧) આદુનો રસ તોલા ૨, દ્રાક્ષ તોલો ૧, મરી તોલો ૦।, સિંધવ તોલો ૦।, એલચીના દશ બાર દાણા અને સાકર તોલા ૪; સર્વેને ગુલાબજળમાં પલાળી ઉંનું કરી તેમાં જીરૂ તોલો ૧, સેકી વાટીને નાંખી તેનો અવલેહ કરી ચાટી જવું. (૨) લીંબુનો શરબત આપવો. (૩) કુલ્લ અથવા માટીના ઘડાને લોબાનની ધુંણી આપી તેમાં પાણી નાંખીને તે પાણી પીવું. (૪) મોરની પીછીની ભસ્મ અથવા રેશમની ભસ્મ મધમાં ચાટવી. (૫) તુલસીના પાનનો રસ તો. ૧ માં તો. ૦)॥ મધ નાંખી પીવું. (૬) સફેદ સુખડને પાણીમાં ઘસીને મધ બે આની ભાર નાંખી પી જવું. (૭) આદાનો રસ તો. ૧, ફુદેનાનો રસ તો. ૧, તેમાં માટીની ઠીંકરી દેવતામાં લાલચોળ કરી બુઝાવી તે રસમાં મીઠું નાંખી પી જવું. (૮) **હીંગ્વાષ્ટક ચુર્ણ** તો. ૦। અને સાજીફુલ તો. ૦)॥ મેળવી તેની ફાકી લેવી આ પ્રમાણે કરતાં પણ ઉલટી બંધ ન થાય તો (૯) રાઈનું પ્લાસ્ટર પેટ ઉપર મારવું અને ત્યારપછી (૧૦) **નાગાર્જુનરસ**ની રતિ રતિ માત્રા આદાના રસમાં લેવી. (૧૧) કસ્તુરીની રતિ રતિની પડીકી મધમાં ચાટવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૨) પીંપળાના છોડાંની રાખ એકેક વાલ મધમાં ચાટવી. (૧૩) પિત્તપાપડાનો ક્વાથ મધ નાંખી આપવો. (૧૪) લીંડીપીંપર મધમાં ચાટવી સગર્ભા સ્ત્રીઓને મેલને લીધે જે ઉલટીઓ થાય છે તે બાબત યોગ્ય વિચાર કરી ઔષધ યોજના કરવી. કેટલીક વખતે ઉલટી ફાયદાને માટે થાય છે, તેથી તેવી થવા દેવી, પણ રોકવી નહિ.

પથ્યાપથ્ય—(પથ્ય) ચોખા, મગ, જવ, આંબળાં, સાકર, દાડમ, લીંબુ, નાળીએર, ઘઉં વગેરે હિતકર છે. (અપથ્ય) ભારે પદાર્થો, વ્યાયામ, દુષ્ટ અન્નપાન અહિતકર છે.

ક્ષયરોગ અને ઉરઃક્ષત. (Phthisis & Hoemoptysis)

આ ભયંકર વ્યાધિને ક્ષય, શોષ અને રાજયક્ષ્મા એ ત્રણ નામથી ઓળખવામાં આવે છે. ક્ષય રોગનું નામ સાંભળતાંજ દરદી ગભરાઇ જાય છે. જે માણસને એ રોગ લાગુ પડયો તેનો પ્રાણ લીધા વિના તે છોડતો નથી. તે રોગ પંદર સત્તર વર્ષથી તે પાંત્રીસ ચાલીસ વર્ષની યુવાવસ્થાવાળા માણસોને વધારે જોવામાં આવે છે. આપણા દેશમાં ક્ષયરોગને સામાન્ય વ્યાધિ તરીકે ગણવામાં આવે છે, તેથી તે બાબત બીલકુલ ધ્યાન આપવામાં આવતું નથી

વ્યાખ્યા—ક્ષયરોગ કહેવાનું કારણ એ છે કે દરદીને શરિરીક ચેષ્ટાઓ તથા પાચન ક્રિયાઓને તથા વૈદ્યોની ઔષધ યુક્તિરૂપ ક્રિયાઓનો ક્ષય થવાથી તેને ક્ષયરોગ કહેવામાં આવે છે. આ વ્યાધિ રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એ સાત ધાતુઓનું શોષણ કરે છે તેથી શોષ રોગ કહેવાય છે. પાશ્ચિમાત્ય વિદ્વાનો તેને કન્ઝમ્પશન (Consumption) અથવા થાઇસીસ કહે છે, જેનો અર્થ ક્ષીણ થતા જવું એવો થાય છે. નિદાનોના ભેદ ઉપર શોષ (ક્ષય)ના પ્રકારો નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે છે. (૧) અતિ મૈથુન કરવાથી થયેલા શોષને વ્યવાયશોષ કહે છે. (૨) શોકથી થયેલા શોષને શોકશોષ કહે છે. (૩) વૃદ્ધપણાથી થએલા શોષને જરાશોષ કહે છે. (૪) કસરત કરવાથી થયેલા શોષને વ્યાયામશોષ કહે છે. (૫) પંથ કરવાથી થયેલા શોષને અધ્વશોષ કહે છે. (૬) વ્રણથી થયેલા શોષને વ્રણશોષ કહે છે અને છાતીમાં ક્ષત થવાથી થયેલા શોષને ઉરઃક્ષતશોષ કહે છે.

કારણ—અતિશય સ્ત્રીસંગથી, અતિશય શોક કરવાથી, વધારે ઉપવાસ કરવાથી, વધુ કુસ્તી કરવાથી અથવા તો છાતીને ધક્કો પહોંચે એવાં કામો કરવાથી, ભોજન નિયમ વિરૂદ્ધ ખાવાથી, શરીરે વ્રણ એટલે જખમ, ઘારાં, નાસુર વગેરે પડવાથી, માર્ગમાં ઉતાવળે ઘણું ચાલવાથી, ઘણી મહેનત કરવાથી, તાવ વગેરે રોગ લાગુ પડવાથી, વારંવાર સળેખમ થવાથી, ધાતુના દોષથી એટલે જેઓમાં કફ પ્રધાન દોષ છે, એવા ત્રણે દોષોથી રસને વહન કરનારી ધમનીઓ રોકાઇ જવાને લીધે રસ ક્ષીણ થતાં રસ પછીની સર્વે ધાતુઓ પણ ક્ષીણ થાય છે. જેમ રસના ક્ષયથી કાર્યભૂત રૂધિરાદિ ધાતુઓ ક્રમેક્રમે ક્ષીણ થાય છે, તેમ ઉલટે ક્રમે કાર્યભૂત વાર્યના ક્ષયથી કારણભૂત ધાતુઓનો પણ ક્ષય થાય છે; જેમકે અત્યંત મૈથુન કરવાને લીધે પુરૂષનું વીર્ય ક્ષીણ થાય છે. તે પ્રમાણે મજ્જા, અસ્થિ, મેદ, માંસ, રૂધિર અને રસ પણ ક્ષીણ થાય છે. આ પ્રમાણે શરીરની અંદર જે સાત ધાતુઓ રહેલી છે, તે ક્ષીણ થવાથી માણસ સુકાઇ જાય છે. ચાંદી અને પરમાના કારણથી પણ ક્ષય લાગુ પડે છે; તથા વારસામાં પણ ક્ષય રોગ ઉતરે છે. ઉરઃક્ષતમાં પણ ઉપરના કારણો સાથે ઉંચે સ્વરે ભણવાથી, અત્યંત વાગવાથી, છાતીમાં ક્ષત પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણ—જીર્ણજ્વર (એટલે હાડકચરીઓ તાવ) રાત્રી દિવસ રહે, અગ્નિની મંદતા, અન્ન ઉપર અરૂચી, ખાંસી, ખાંસીમાં લોહી પડવું, કફનું પડવું, શ્વાસ ચડવો, શરીરનું ગળતા જવું, સ્વર બદલાઇ જવો, ટાઢ આવીને તાવ આવવો, ઉંનો તાવ આવવો, છાતી તથા બંને પડખામાં કળતર થવી, હાથપગના તળીયામાં દાહ, તૃષા, ઉલટી, માથામાં સણકા, રાત્રે પરસેવો વધારે આવવો, અશક્તિ, શરીરની સુસ્તી, જીભ તથા મોઢું આવી જવું, મરડો તથા ઝાડો થવો, સવારમાં તાવ ઉતરી ઝીણો તાવ રહે અને દિવસે દશ વાગ્યાથી ટાઢ આવીને તાવ શરૂ થાય તે બપોરના ૧૦૩ ડીગ્રિ સુધી આવે અને સાંજનો ઉતરવા લાગે તે રાત્રે આઠ વાગ્યાના સુમારે સવાર પ્રમાણે તાવ નરમ પડી રાતમાં બાર વાગે ઉપર પ્રમાણે આવે છે, આખું ફેફસું સડીને ખવાઇ જાય છે, જેથી દરદીને શ્વાસ લેવાનું સાધન ભાંગી પડવાથી તે મૃત્યુશરણ થાય છે, જ્યારે ફેફસાંનો ભાગ સડે છે ત્યારે તેના મોઢાનો શ્વાસ દુર્ગંધ મારે છે અને દિવસે દિવસે શરીર ક્ષીણ થઇ મૃત્યુ પામે છે. સ્ત્રીઓને સુવાવડમાંથી સુવાક્ષય લાગુ પડે છે. પાશ્ચિમાત્ય વિદ્વાનોના મત પ્રમાણે જીર્ણ ક્ષય અને તીક્ષ્ણ ક્ષય એ બે ભેદ છે.

દેશી વૈદ્યકમાં ક્ષયની ત્રણ અવસ્થા છે. (૧) ત્રિરૂપ (૨) ષડ્રૂપ (૩) અને એકાદશ રૂપ. **પ્રથમ અવસ્થામાં** શરીરનાં બંને પડખાં તપ્યા કરે છે, હાથ તથા પગમાં દાહ અને આખા શરીરમાં તાવ રહે છે. આ પ્રમાણે ત્રણ લક્ષણો થાય છે. **બીજી અવસ્થામાં** નીચે પ્રમાણે છ લક્ષણો થાય છે, અન્ન ઉપર અભાવ, તાવ, ખાંસી, શ્વાસ, લોહીનું પડવું અને સ્વર ભેદ થવો. **ત્રીજી અવસ્થામાં** અગીઆર લક્ષણો નીચે પ્રમાણે થાય છે; ખભા તથા પડખાંઓ સંકુચિત થાય છે, શૂળ આવે છે અને સ્વરભેદ જણાય છે; એ ત્રણ લક્ષણો વાયુના કોપથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે અને માથાનું ભારેપણું, અન્ન ઉપર અરૂચી, ખાંસી તથા ઘાંટો બેસી જવો એ લક્ષણો કફના કોપથી થાય છે. પાશ્ચિમાત્ય વિદ્વાનો ક્ષયની ત્રણ અવસ્થાની નીચે પ્રમાણે બતાવે છે. **પ્રથમ અવસ્થા**-પ્રથમ ફેફસાંમાં શરદી પહોંચીને કફનો જમાવ થવા માંડે છે, ત્યારે તે પોલાં થઇને નક્કર થાય છે અને સાથે ક્ષયના ચિન્હોમાં જીર્ણજ્વર (હાડકચરીઓ તાવ) આવે છે સહેજ સાજ ઉધરસ આવે છે, અન્ન પચતું નથી, શરીર દિવસે દિવસે સુકાતું જાય છે અને ઉધરસમાં થુંક જેવો કફ પડે છે. **બીજી અવસ્થા**—ફેફસાં નક્કર થઇ ગયા પછી તેમાં સોજો આવે છે અને તે ભાગ નરમ બોદો પડી સડવા માંડે છે; એટલે તેમાં પાક થાય છે. પાકેલ ભાગમાંથી ખાંસી આવીને તે બરખા પડવા માંડે છે. આ વખતે ક્ષયના તમામ ચિન્હો ઉપર કહ્યા પ્રમાણે સ્પષ્ટ દેખાય છે અને તેમાં તાવ અને ઉધરસ સંપૂર્ણ જોસમાં જણાય છે તથા હાંફ, શ્વાસ, અગ્નિમાંદ્ય પણ હોય છે. તેમ સાત ધાતુઓનો દિન પ્રતિદિન ક્ષય થતો જાય છે અને શરીર ગળી જાય છે. **ત્રીજી અવસ્થા**—જેમ જેમ ફેફસાંનો ભાગ સડતો જાય છે, તેમ તેમ તેમાંથી પરૂ નીકળીને છાતીનો ભાગ બોદાઇ જઇ તેમાં ખાડા પડે છે. આ સમય ક્ષય રોગના તમામ ચિન્હો સ્પષ્ટ રીતે બહાર જણાય છે અને તે રોગ સંપૂર્ણ લક્ષણવાળો થઇ દરદીને મરણને સ્વાધીન કરે છે. આ સંબંધમાં સ્પષ્ટ રીતે ફેફસાંની સ્થિતિનું વર્ણન કરવાની ઇચ્છા હતી પણ સ્થળ સંકોચને લીધે તે બાબત કાંઇ પણ કહેવામાં આવ્યું નથી. પરંતુ મારા નવા બહાર પડેલા **ક્ષયચિકિત્સા પદ્ધતિ** નામના પુસ્તકમાં જુઓ.

ઉપાય—જેવી રીતે દવા ક્ષયરોગ મટાડવામાં સાધનભૂત છે, તેવી રીતે ચોખ્ખી હવા, ઉત્તમ ખોરાક, આરામ અને યોગ્ય કસરત એ પણ થએલ ક્ષયરોગ મટાડવામાં સાધનભૂત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧) **ચોખ્ખી હવા**—દરેક પ્રાણી માત્રને ચોખ્ખી હવા ઘણી ઉપયોગી છે. પાણી અનાજ વિના ચાલે પણ ચોખ્ખી હવા વિના બીલકુલ રહી શકાતું નથી શુદ્ધ હવા જ્યારે ફેફસાંની અંદર જાય છે ત્યારે શ્વાસોશ્વાસથી જતી શુદ્ધ હવા ફેફસાંને ઘણી ઉપયોગી થઈ પડે છે. હવાને લીધે શરીરમાં સ્ફુરતી આવે છે, ક્ષુધા બરાબર લાગે છે, ઝાડો બરાબર સાફ આવે છે; તથા લોહી સ્વચ્છ થાય છે અને જલદી ફરે છે. દરેક મનુષ્યના જીવનનો આધાર શ્વાસોશ્વાસ પર રહેલો છે. જેમ **શુદ્ધ હવા**નો શ્વાસ લેવાય, તેમ લોહી વધારે સારીરીતે સ્વચ્છ થાય છે અને દૂષિત લોહીથી જે રોગ થવાનો સંભવ છે તે બધા અટકે છે તથા થયેલ રોગ દૂર થાય છે, એક માણસને અંધારી કોટડીમાં કે જ્યાં લગારે હવા જઈ શકે નહિ, ત્યાં રાખવામાં આવ્યો હોય તો તે માણસને શુદ્ધ હવા નહિ મળવાથી તુરત મરણને શરણ થાય છે. આવા ઘણા દાખલા મળી આવે છે, માટે શુદ્ધ હવા ક્ષય રોગીને માટે કીંમતી દવા છે. શુદ્ધ હવા એજ જીવન છે. આપણા આર્યવૈદ્યક શાસ્ત્ર પ્રમાણે પણ પ્રાણાયમ વિગેરેની જે ક્રિયા કરવાને જણાવ્યું છે, તેનો ઉદ્દેશ એજ છે કે શુદ્ધ હવાને લીધે રક્ત શુદ્ધ થાય ને શરીરના જીવનમાં વધારો કરે. પ્રાણાયમ એ ક્ષયરોગ મટાડવાની ઉત્તમ દવા છે. મહર્ષિ ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટાચાર્ય વગેરેએ આજ્ઞા કરી છે કે " यक्ष्मीप्राणायामादिकमाचरेत् " એ પણ શુદ્ધ હવા મળવાથી ક્ષય રોગ મટવાના ઘણા દાખલા સિદ્ધ થયા છે. માટે ક્ષય રોગીને રહેવાનું મકાન એવું જોઇએ કે જ્યાં હમેશાં શુદ્ધ હવાની આવજાવને માટે પુષ્કળ બારી, બારણાં, જાળીઓ વગેરેની ગોઠવણ હોવી જોઇએ. ફેફસાંની અંદર શુદ્ધ હવા જેમ જેમ દાખલ થાય તેમ તેમ ફેફસાંનું લોહી સુધરી ફેફસાં મજબુત થાય છે અને તે ફેફસાંમાંના જંતુઓનો નાશ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક-ક્ષયવાળા દરદીને સારી રીતે પાચન થાય તેવો રાંધેલો ઉત્તમ ખોરાક આપવો. કાચા ખોરાકથી તેમ ભારે ખોરાકથી જઠરાગ્નિ મંદ થઈ અજીર્ણના વિકારો થાય છે, માટે દરદીએ હલકો પાચન થાય તેવો ખોરાક લેવો. જઠરાગ્નિ મંદ હોય ને ખોરાક વધારે લેવામાં આવે તો ઝાડો ઉલટી વગેરે થઈ શરીર અશક્ત થઇ જાય છે. આ દરદ મટવાનો મુખ્ય આધાર પોષણ પદાર્થ ઉપર છે. માટે દરદીને યુક્તિથી ખોરાક ઉપર ચઢાવવો કે જે ખોરાક હોજરીમાં જઈ હજમ થાય ને તેનો રસ થઇને લોહી થાય. ક્ષયના દરદીને સ્નેહવાળો ભારે ખોરાક આપવાની કેટલાક ભલામણ કરે છે, પણ જ્યારે દુધ જેવો પદાર્થ પાચન થતો નથી ત્યારે પછી ભારે ખોરાક આપવો એ સહીસલામત નથી, માટે દરદીનું યોગ્ય પોષણ થાય તેવો હલકો ખોરાક આપવો.

આ દરદમાં બીજા ખોરાક કરતાં દુધનો પ્રયોગ કરવો અત્યુત્તમ છે " सद्यः शुक्रकरंपयः " એ નિયમાનુસાર દુધ જલદી પાચન થઇને શુક્ર (વીર્ય) ઉત્પન્ન કરનારૂં છે માટે એકલા દુધ ઉપર રોગીને રાખવો એજ ઠીક છે. દુધ જેમ જેમ પાચન [illegible]તું જાય તેમ તેમ માપમાં વધારો કરવો. એકી વખતે વધારે લેવામાં આવે તો ઝાડો થઇ જવાનો સંભવ રહે છે, માટે તુરતનું દોહેલું દુધ લેવું સારૂં છે. પોતાને ઘેર ગાય અગર બકરી રાખીને તેનું ધારોષ્ણ દુધ લેવું સારૂં છે. ગાય અગર બકરીના ખોરાકમાં બરાબર સંભાળ રાખવી અને તેને સારો ખોરાક આપવો કે દુધ પણ સારૂં મળી આવે. આર્ય વૈદ્યકશાસ્ત્રમાં બકરીનાં દુધ દહીં વગેરેની બહુ ભલામણ કરી છે. બકરીનું દુધ, ઘી, દહી, માંસ, વિગેરે ફાયદાકારક કહેલ છે. બકરીના ટોળામાં ક્ષયના દરદીને હમેશાં રાખવો, અગર બકરાં જ્યાં રહેતાં હોય તે જગામાં દરદીને રહેવાની ભલામણ કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુશ્રુતાચાર્યે જણાવ્યું છે કે अजाशकृन्मुत्र पयो घृतासृग्मांसालयानि प्रतिसेव्यमानः ।। स्नाना दिना त्रिविना जहाति मांसा द्दशेषंनियमेन शोषम् ।। બકરીની લીંડીઓ, બકરીનું મૂત્ર, બકરીનું દુધ, બકરીનાં રૂધિર, બકરીનાં માંસ, બકરીઓ રહેવાનાં ઠેકાણાં, એઓનું સ્નાન આદિ પ્રકારોથી નિયમપૂર્વક સેવન કરવામાં આવે તો તેથી અવશ્ય એક માસની અંદર ક્ષયરોગ મટી જાય છે.

(૩) **આરામ**—પરિશ્રમ એ ક્ષય થવાનાં કારણમાંનું એક કારણ છે. શારીરિક અને માનસિક એ બે પરિશ્રમ પણ આ વ્યાધિમાં થાય છે. આરામ લેવાથી શરીરની ઇંદ્રિયોમાં જાગૃતિ અને સ્ફુર્તિ આવે છે અને નિંદ્રા સાથે સુખ શાંતિ મળે છે. નિંદ્રા એજ આરામનો મુખ્ય ઉપાય છે. જ્યારે વધારે વખત મહેનત કરવામાં આવી હોય ત્યારે આરામ લીધા પછી શરીર જાગૃતિમાં આવી ફરી કાર્ય કરવાને શક્તિમાન થાય છે. ક્ષય રોગમાં બળ એ જીંદગીનું જીવન સમજી સાચવી રાખવું જોઇએ. દરદીએ પોતાનો વખત પથારીમાં, આરામ ખુરશોમાં, અગર ચોખ્ખી હવામાં ગાળવો જોઇએ. આખો વખત માનસિક આનંદ થાય તે પ્રમાણે રમત ગમત કરવી જોઇએ, જેથી મનોવૃત્તિ સતેજ રહે અને મનની અસર તન ઉપર અને તનની અસર મન ઉપર થઇ શરીરમાં લોહીનો વધારો થાય. આરામ લેવાથી ફેફસાંમાં જે ભાગ સડયો હોય તે જલદી રૂઝાય છે અને ફેફસાં બળવાન થાય છે. ટુંકામાં આરામ એ પણ ક્ષય રોગનું ઔષધ જાણી તે માટે બનતી કાળજી રાખવાની જરૂર છે.

(૪) **વ્યાયામ**—આર્ય વૈદ્યકશાસ્ત્રમાં કસરત માટે આજ્ઞા કરી છે કે "व्यायाम दृढगात्राणां व्याधिर्नं वोपजायते." કસરતથી જેમનાં શરીર દૃઢ થયાં છે, તેમને કોઇ દિવસ વ્યાધિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતો નથી. આરોગ્ય સાચવવાની ખાતર દરેક મનુષ્યને કસરતની ખાસ જરૂર છે, કારણકે કસરત કરવાથી શરીરનું લોહી સારી રીતે ફરે છે અને શરીરની ઇંદ્રિયો જાગૃત થઈ પ્રફુલ્લિત થાય છે. કસરત કરનાર મનુષ્યના અવયવો ઘણા મજબુત હોય છે, તેમ છાતી મજબુત થઇ શરીર દૃઢ થાય છે, તેમ ફેફસાં પોતાનું કામ ઘણી ઝડપથી કરે છે અને લોહી સ્વચ્છ કરે છે.

ઉપાય—ક્ષયરોગની શરૂઆતમાં નીચે બતાવેલો ફાંટ ઘણો સારો ફાયદો કરે છે. (૧) ચિત્તચંદિર-મોથ, મરી, ચવક, ચિત્રો, હળદર, પીંપર, વાવડીંગ, આંબળાં, વાળો, છાલછડીલો, સોપારી, લોધર, તમાલપત્ર, તજ, કડુ, ચંદન, અગર, જટામાંસી, દેવદાર, ગુંદીના બી, નાગકેસર, એ સર્વે અડધા રૂપીઆભાર અને ધાવડીનાં ફુલ શેર ૦ાા, દ્રાક્ષ શેર ૩ અને પાણી શેર ૨૬ સર્વને મેળવી બરણીમાં ભરવું અને તેમાં ૧૫ દિવસ રહેવાદેવું ત્યાર પછી હલાવીને ગાળી તે ફાંટ લેવો. **પથ્ય**-ઘઉંનો ફુલકો, મગની દાળ, અને જૂના ચોખાનો ભાત લેવો. આનાથી દરેક પ્રકારનો ક્ષય અને ઉરઃક્ષત માટે છે. (૨) કબુતરની હગાર તો. ૦ અને સાકર તો ૦ાા, એ બંનેને શેર ૧ પાણીમાં પલાળી કવાથ કરવો. તે ચાર તોલા કવાથ રહે ત્યારે ગળીને પીવો. (૩) રાત્રે બકરીનું દુધ શેર ૦ાા માટીની હાંડલીમાં ભરી ઢાંકી અગાસીમાં મૂકવું. સવારમાં તેને નાની વલોણીથી વલોવી સાકર તોલા ૨ અને એલાયચી તોલો ૦ વાટીને ભેળવીને પીવું. ઉપરના ત્રણ પ્રયોગો ઘણા અનુભવથી સિદ્ધ કરેલા છે માટે તે વાપરવા ખાસ ભલામણ કરીએ છીએ. (૪) ધોળી મુસળી, શતાવરી, બોડા ગોખરૂ, બનપ્સા અને કૌવચનાં બીનું ચુર્ણ સાકર અને માંખણ સાથે લેવું અને તે ઉપર બકરીનું દુધ પચે તે પ્રમાણે લેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરની યોજના સાથે તાવ, ખાંસી, વગેરે દરદો માટે શરૂઆતમાં (૫) કાયફળ, જેઠીમધ, કાકડાસીંગ, ગળો, કડુ, અને ગોખરૂનો ક્વાથ લેવો. અને તે સાથે સવાર સાંજ **સિતોપલાદિ ચુર્ણ** તોલો ૦।, મધ અને ઘીમાં ચાટવું. મધ વધારે અને ઘી ઓછું લેવું. દવા ઉપર બકરીનું દુધ પીવું. એકલા મધમાં પણ ચાટવાને વાંધો નથી. તે સાથે સોનાના વરખ એકનો ચોથો ભાગ લઈ તેમાં મેળવી ચાટવામાં આવે તો વધારે ફાયદો કરે છે. (૬) ક્ષયના રોગમાં અરડુશી ઘણો સારો ફાયદો કરે છે. તેનો અર્ક, પુટપાક, સ્વરસ કે શરબત કરીને લેવો. અરડુશીનો રસ મધ નાંખી લેવો. (૭) અરડુશીની બનાવટ વાળો **વાસાવલેહ, વાસાહરિતકી** વગેરે દવા લેવાથી પણ સારો ફાયદો થાય છે. (૮) લીંબળાની ગળો, બોડા ગોખરૂ અને અરડુશીની છાલ, એ ત્રણનો ક્વાથ સવાર સાંજ લેવો. (૯) મોથ, જેઠીમધ, લીંબડાની ગળો અને કડુનો ક્વાથ લેવો. (૧૦) લીંબડા ઉપરની ગળોનો ક્વાથ, સ્વરસ અને હીમ એ ત્રણમાંથી એક, જૂનો ગોળ, મધ તથા લીંડીપીપર નાંખીને સેવન કરવામાં આવે તો ઘણા દિવસનો જીર્ણજ્વર, કફ વગેરે દૂર થાય છે, (૧૧) કડુ, કરીઆતુ, પિત્તપાપડો, નાગરમોથ અને ગળોનો ક્વાથ આપવો. (૧૨) **ગળોસત્વ,** સાકર અને મધ સાથે આપવું. (૧૩) ગાયના તથા બકરીના દુધનો ઉપયોગ આ રોગમાં પ્રથમ બતાવ્યા પ્રમાણે અમૃત સમાન ગુણ આપે છે અને તે પ્રયોગ ૨૧ દિવસ સુધી કરવો. (પ્રયોગ વિધિ) ગાયનું દુધ શેર ૦। તેમાં ચારગણું પાણી નાંખી તેમાં લીંડીંપીપર ત્રણ નાંખીને ઉકાળો કરવો ઉકળતાં જ્યારે પાશેર દુધ બાકી રહે એટલે તેમાંથી લીંડીપીંપર બહાર કહાડી ચાવી જઈને ઉપર દુધ પીવું. બકરીનું દુધ, ઘી, માંખણ વગેરે ઘણુંજ ઉપયોગી છે. માટે બકરીનું ધારોષ્ણ દુધ લેવાથી શરીરનો દાહ, ધાતુની નિર્બળતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે દૂર થાય છે. દુધમાં સાકર અગર પતાસું નાખી લેવું. બકરીનું દુધ ન મળે તો ગાયનું દુધ લેવું. (૧૪) માખણ તોલા ૨, મધ તો. ૨, સાકર તો. ૦॥ અને સોનાનો વરખ એકનો ચોથો ભાગ મિશ્રણ કરીને ચાટવું. આથી ક્ષય, ધાતુક્ષય, ઉરઃક્ષત વગેરે દરદો દૂર થાય છે. આ સાથે (૧૫) **વર્દ્ધમાનપિપ્લીનો** પ્રયોગ કરવો. દરરોજ દુધમાં ત્રણ લીંડીપીંપર લઇ તેને ઉકાળી તે દુધ તથા લીંડીપીંપર ખાઇ જવાં પ્રથમ દિવસે ચાર, એમ દરરોજ પીંપર વધારતા જવી. એમ દશ દિવસ સુધી વધારતા જવી અને તેજ પ્રમાણે એકેકી પીંપર દશ દિવસ સુધી ઓછી કરતા જવી. આ વર્દ્ધમાનપિપ્લીનો પ્રયોગ ધાતુગતજ્વરમાં સારો ફાયદો કરે છે. પાંડુ, અગ્નિમંદતા, શ્વાસ, કાસ અને કફના રોગોને પણ મટાડે છે. (૧૬) ગળો, ખડસળીયો, કરીઆતુ, વાળો, અરડુશીની છાલ, જવાસો અને ધાણાનો સમભાગે કવાથ આપવો. (૧૭) શતાવરી, વીદારીકંદ, આસન, હરડે, સાટોડી અને ગોખરૂનો મધ અને ઘીમાં બનાવેલો અવલેહ આપવો. આ દવાઓ સાથે **લાક્ષાદિ તેલ** બદામના તેલ સાથે મિશ્રણ કરી છાતીએ અને વાંસામાં માલીસ કરાવવું. શરીરમાં રહેલ રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એ સાત ધાતુગત દોષોને સુધારવામાં ગળો ઘણું સારૂં કામ કરે છે. આર્ય વૈદકશાસ્ત્રમાં તેનું નામ અમૃતા છે, તે યોગ્ય રીતે અમૃત સમાન ગુણ કરે છે. (૧૮) ગળોસત્વ, આંબળા, જીરૂ, લીંડી-પીંપર, ચિત્રકમૂળ, કૌવચનાં મીંજ અને હરડેનું ચુર્ણ કરી મધ અગર જુના ગોળમાં મોટા બોર જેવડી ગોળી કરી સવારસાંજ એકેકી લેવી. ધાતુગત જ્વર, જીર્ણજ્વર, અને વિષમ જ્વરમાંથી ક્ષયની ઉત્પત્તિ થાય છે. આ જ્વરોમાં કફોત્પત્તિની સાથે ઉધરસ શરૂ થાય છે; સાટે (૧૯) **સુવર્ણવસંતમાલતી** એકેક રતી અને **ગળોસત્વ, વાંસકપુર, એલચી** અને **ખેરસારના**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડધા રૂપીઆભાર ચુર્ણ સાથે, માખણ તો. ૦॥, મધ તો. ૦। અને ચીનાઈ સાકર તોલો ૦। મેળવી સવારસાંજ લેવું. (૨૦) ગાયનું ધારોષ્ણ દુધ તોલા ૧૦ લેવું, તેમાં સાકર તો. ૧, અને ગાયનું ઘી તો. ૦॥, મેળવી તેમાં સુવર્ણવસંતમાલતી, અકેકી રતી નાંખી સવારસાંજ લેવું. **પથ્ય-દુધ સાથે ભાત ખાવો** અગર મગનું ઓસામણ અને ભાત ખાવો. તેલ, આંબલી, મરચુ, વાલ અને હીંગ ખાવાં નહિ. કેટલીક વખતે પેસાબમાં ધાતુનો ભાગ જાય છે અગર ક્ષાર પદાર્થ જાય છે માટે ઉપરની દવાઓની સાથે (૨૧) **ચંદ્રપ્રભા**ની અકેકી ગોળી સવારસાંજ ગાયના દુધ સાથે લેવી. આ રોગમાં દોષપરત્વે ચિકિત્સા કરવાની છે માટે વાત, પિત્ત અને કફ પ્રકૃત્તિવાળા માણસોની સ્થિતિનો વિચાર કરીને ઔષધ યોજના કરવી. વાત્ત પ્રકૃત્તિવાળા દરદીને ઉપરની દવા સિતોપલાદિ ચુર્ણ સાથે આપવામાં આવે તો ઘણો ફાયદો કરે છે અને તેજ અનુપાન પિત્ત પ્રકૃત્તિવાળા દરદીને વિરૂદ્ધ પડે છે માટે તેવા દરદીએ (૨૨) **સિતોપલાદિ નં. ૧**-વાંસકપુર તો. ૧, એલાયચી તો. ૦॥, ખેરસાર તો. ૦।, ગળોસત્વ તો. ૦॥। અને સોનાના વરખ વાલ ૧ ને મેળવી ચુર્ણ કરવું. તે ચુર્ણમાંથી દરરોજ બએ આનીભાર ચુર્ણ અને સુવર્ણવસંતમાલતીની અકેક રતિની માત્રા માંખણ, મધ અને સાકરના અનુપાન સાથે લેવી. ક્ષયરોગમાં મળ અને વીર્યનું સારી રીતે રક્ષણ થવું જોઈએ. **मलायत्तंबलंपुसां शुक्रायत्तंतु जीवनम् । तस्माद्यत्नेन संरक्षेत् याक्ष्मिणो मलरेतसी ॥** મનુષ્યોનું બળ, મળરક્ષણ કરવામાં અને જીવન, વીર્ય રક્ષણ કરવામાં છે. એટલા માટે મળ અને વીર્યનું રક્ષણ બરાબર થવું જોઈએ. સળેખમાંથી ક્ષયની ઉત્પત્તિ થાય છે અને તે સળેખમથી ક્ષયમાં વધારે થાય છે, માટે તેથી બચાવના ઉપાયો કરવાની જરૂર છે. સળેખમ થયા પછી **હરિતકયાદ્યવલેહ, લવંગાદિચુર્ણ, ચ્યવનપ્રાશાવલેહ** આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન કરવામાં આવે તો પક્ષાઘાત મટે છે. આ પ્રમાણે (૧૯) **પ્રસારણીતેલ** તથા **માષાદિતેલ** આ રોગ ઉપર સારો ગુણ કરે છે. (૨૦) ઝેરકોચલાં તોલા ૧૬, આકડાનાં મૂળ તોલા ૧૬, સોમલ તોલા ૨, ધંતુરાનાં ફુલ નંગ–૧૦ અને તલનું તેલ નાંખી પાતાળયંત્રથી તેલ કાઢવું. (૨૧) સોમલ જાયફળ, જાવંત્રી, અજમો, ભાંગનાં બી, લવીંગ પ્રત્યેક અકેક રૂપીઆ-ભાર, માલકાંકણી તોલા ૬, કસ્તુરી વાલ ૨, કેસર વાલ ૨, આ સર્વને કાચની શીશીમાં ભરી પાતાળયંત્રથી તેલ કહાડવું. (૨૨) સરગવાનો રસ શેર ૧, ધંતુરાનો રસ શેર ૧, વછનાગ, સોમલ, ઝેરકાંચલાં, પ્રત્યેક તોલા ૨, તલનું તેલ શેર ૧, લઈ અગ્નિ ઉપર મુકી રસ બળી જઈને તેલ રહે ત્યારે ઉપયોગમાં લેવું ઉપર બતાવેલાં તેલો પૈકી જે મળી આવે તે તેલથી શરીરે મર્દન કરાવવું. તેલ જેમ જેમ અંદર ઉતરશે અને રૂધિરાભિ-સરણ થશે તેમ તેમ શરીરના સાંધાઓ છુટી જઈને લોહી ફરશે અને માથા ઉપર પોતાં મુકવાથી અગર ધીમા ધીમા હાથે માલીસ કરવાથી પણ મજ્જાતંતુઓના વિકારો શાંત થઈ રક્તસ્રાવ વગેરે બંધ થશે. વિશેષમાં (૨૩) **વિડંગારિષ્ટ, દ્રાક્ષારિષ્ટ, દ્રાક્ષાસવ, દશમૂળારિષ્ટ** વગેરે પણ સારી અસર કરે છે. રસાદિ દવાઓમાં (૨૪) **તામ્રભસ્મ, લોકનાથરસ, સ્વચ્છંદભૈરવરસ**ની બબે વાલ માત્રા રાસ્ના, ગળો, દેવદાર, એરંડાનાં મૂળ અને સાટોડીના મૂળના કવાથ સાથે લેવાથી ઘણોજ ફાયદો થાય છે. તે સિવાય (૨૫) **પ્રતાપાગ્નિકુમાર-રસ, લક્ષ્મીનારાયણરસ, વાતવિધ્વંસનરસ, રસસિંદુર** વગેરે પણ ઉપરના અનુપાન સાથે લેવાથી સારો ગુણ આપે છે. વિશેષમાં (૨૬) **પુર્ણચંદ્રોદયરસ** વાલ ૪, કસ્તુરી વાલ ૧, અંબર વાલ ૧, સોનાનો વરખ વાલ ૧, પીંપરનું ચુર્ણ વાલ ૪ મેળવી પડીકાં નં. ૧૭ કરવાં અને તેમાંથી અકેકું પડીકું આદાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસમાં લેવાથી ઘણું સારૂં પરિણામ આવે છે. આ રોગમાં વીજળી લગાડવાથી ઘણો સારો ફાયદો થાય છે, માટે સારા વૈદ્ય, ડૉકટરની સલાહથી તે ઉપાયની યોજના કરવી.

સાધ્યાસાધ્ય વિચાર–બીજા દોષથી મિશ્રિત નહિ થયેલા વાયુએ કરેલો પક્ષાઘાત કષ્ટસાધ્ય છે, બીજા દોષથી મિશ્રિત થયેલા વાયુએ કરેલો પક્ષાઘાત સાધ્ય છે અને ધાતુઓના ક્ષયથી કુપિત થયેલા વાયુએ કરેલો પક્ષાઘાત અસાધ્ય છે.

અર્દિતવા-અડદીયોવા.

Facial Paralysis.

કારણ અને લક્ષણ—ઘણા કઠણ પદાર્થો ખાવાથી, ઘણું હસવાથી, ઘણો બોજો ઉચકવાથી, ઉંઘમાં ગળુ, માથુ અગર શરીર વાંકુચુંકુ થવાથી, વગેરે કારણોથી વાયુકોપ પામી મસ્તક, નાક, હોઠ, ગાલ અને આંખોના સાંધામાંથી મોઢું વાંકુ ફેરવી નાખે છે. જે બાજુનો ચહેરો રહી જાય છે તેની તથા ચહેરાની સામી બાજુની વચ્ચે જોતાંજ તફાવત માલુમ પડે છે, ગાલ ઢીલા લાગે છે, આંખની ઉપલી પાંપણ પણ પુરી મીચાતી નથી, તેથી આંખમાં પાણી આવે છે. પાશ્ચાત્ય વૈદ્યક જણાવે છે કે મગજના મજ્જાતંતુઓની વિકૃતિ થવાથી ચહેરાના તંતુઓ ખેંચાઇને આ રોગ થાય છે. આ રોગને ફારશી ભાષામાં **લકવો** કહે છે.

ઉપાય—આ દરદ ઘણીવાર થોડા દિવસમાં મટી જાય છે. મટે અગર ન મટે તોપણ તેનાથી શરીરને કોઈ પ્રકારનું જોખમ નથી. શરૂઆતમાં પ્રથમ (૧) **દીનદયાળચુર્ણની** રૂપીઆભાર ફાકી આપવી અથવા (૨) સુંઠના ઉકાળામાં બે રૂપીઆભાર એરંડીયું આપવું. (૩) ત્રિફળા (હરડાં, બહેડાં અને આંબળાં), કડવા લીંબડાની લીંબોળીયો, અરડુશી અને કડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંડોળાનો સમભાગે કવાથ ગુગળ નાંખી પીવો અગર (૪) **યોગરાજ ગુગળ**ની એકેકી ગોળી આ કવાથ સાથે ગળવી. (૫) **અજમોદાદિ ગુટિકા**ની ગોળીઓ સવારસાંજ એકેકી ઉના પાણી સાથે લેવી. (**બનાવટ**) અજમો, લીંડીપીંપર, વરીઆળી, નાગરમોથ, મરી અને સિંધવ પ્રત્યેક એકેક ભાગ, હરડેનું ચુર્ણ ૫ ભાગ, સુંઠ ૧૦ ભાગ, વરધારાના લાકડાનું ચુર્ણ ૧૦ ભાગ અને ભારંગમૂળ ૩૭ ભાગ એ પ્રમાણે ઐાષધોનું ચુર્ણ કરી ગોળના પાકમાં મોટા બોર જેવડી ગોળીઓ કરવી. (૬) **લઘુરાસ્નાદિ કવાથ (બનાવટ)** રાસ્ના, એરંડમૂળ, દેવદાર, વજ, સુંઠ, ધમાસો, હરડે, નાગરમોથ, અતિવિષ, શતાવરી અને અરડુશીનો કવાથ કરી પીવો. (૭) **નારાયણતેલ** અને **પ્રસારણી** વગેરે તેલો ચહેરા ઉપર માલીસ કરવાં. આર્દિતવાની ઘણી ચિકિત્સા પક્ષાઘાતને મળતી છે અને તે ઉપરના તમામ ઉપાયો આ રોગમાં સારી અસર કરે છે.

અપતંત્રક-હિસ્ટિરીઆ.
Hysteria.

કારણ—મગજની નબળાઈ, ગર્ભાશયના વ્યાધિ આર્તવ-દોષ, ભય, શોક, કામવિકાર, હાથરસ, અતિવિષયાશક્તિ અને મનને ધક્કો પહોંચવો, એવાં બીજાં અનેક કાર્યોથી તથા કામ વિષયની અતૃપ્તિ, પુરૂષ સાથેના અણગમાથી, અપ્રીતિથી, વગેરે કારણોથી આ રોગ થાય છે. સ્ત્રી જાતિમાં આ રોગ વિશેષ થાય છે.

લક્ષણ—આ દરદના અસંખ્ય લક્ષણો છે. ખેંચતાણ, રડવું, હસવું, ભુમો પાડવી, ધુણવું, ગોળો ચડવો, અવાચક થવું, ઉલટી, હોઈઆં હોઈઆં થવું, ઉદાસીનપણું, દાંત બંધાઇ જવા, આંખોની કીકી ચડાવી દેવી, આ તેનાં સામાન્ય ચિન્હો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. હિસ્ટિરીઆવાળી સ્ત્રીઓની તરેહવાર ફરીઆદો છે. શરીરમાં બળત્રા થાય છે, ગોળો એવો સખત ચડે છે કે જાણે હમણાં પ્રાણ નીકળી જશે, ઘાંટો બેસી જાય છે, મૂર્છાની પેઠે બેશુદ્ધિ થાય છે. હાથપગ અફળાય છે તથા દરદી બહુ ઉછાળા અને પછાડા મારે છે, દાંત બીલી બેસે છે, પણ જીભ કચરાતી નથી, દમ ઘુંટાય છે વગેરે લક્ષણો હિસ્ટિરીઆનાં છે.

ઉપાય—હિસ્ટિરીઆના દરદીને આંચકીના પ્રકરણમાં સૂચવ્યા પ્રમાણે શરીરને ઇજા ન થાય તેવી સંભાળ રાખવી. ટાઢું પાણી મોઢા ઉપર છાંટવું અથવા કૉલનવૉટરનું પાણી કરી મોઢાપર છાંટવું. ચુનો અને નવસાર ભેગાં કરી સુંઘાડવાં. જે કાંઈ કારણ મળી આવે તેનો યોગ્ય ઇલાજ કરવો. મન આનંદમાં રહે તેમ કરવાની વધારે જરૂર છે. પ્રથમ ઝાડાની કબજીયત દુર થાય તેમ કરવું. તે માટે (૧) એળીયો તોલા ૨, કેસર તોલો ૧ અને હીંગ તોલો ૦॥ ની ગોળીઓ પાણીમાં નાના બોર જેવડી કરવી; તેમાંથી સવારસાંજ એકેકી આપવી. અથવા (૨) હરડે, કાળી દ્રાક્ષ, અજમો, સોનામુખી, સુંઠ, સંચળનું સમભાગે ચુર્ણ કરી તેમાંથી સવારસાંજ અડધા રૂપીઆભારની ફાકી લેવી. છાતી ઉપર રાઇનું પ્લાસ્ટર મારવું. હિસ્ટિરીઆમાં જે જે પ્રકારનાં ચિન્હો જણાય તેને અનુસરીને તે તે પ્રકારના ઈલાજો કરવા. (૩) સુંઠ તોલો ૦॥, ઘોડાવજ, વાવડીંગ, પીંપળીમૂળ, પીંપરની અંતરછાલ દરેક તો. ૧; આ સર્વનો કવાથ કરી મધ નાંખી લેવો. (૪) **નાગાર્જુનરસ**—એકેક રતિ સવાર સાંજ આદાના રસમાં લેવો અને ખેંચતાણ વખતે દાંત બંધાઇ ગયા હોય તો આ રસને દાંતે ઘસવો, એટલે ખેંચતાણ ઓછી થઇને દાંત ઉઘડશે. આ પ્રમાણે કર્યા છતાં પણ હિસ્ટિરીઆ શાંત ન થાય તો પછી (૫) સુંઠ, ઘોડાવજ અને ગોળને લગાર પાણીમાં ઉકાળી તેનાં ટીંપા નાકમાં મુકવાં. આ પ્રમાણે કરવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકદમ હિસ્ટિરીઆ બંધ થશે સ્ત્રીઓને ઘણી વખતે આર્તવ-દોષને લીધે હિસ્ટિરીઆ આવે છે માટે (૬) **રૂતુરોધાવવટી (બનાવટ)** એળીઓ તો. ૨, હીરાબોળ તો. ૨, કેસર તો. ૧, અને હીંગ તો. ૦॥ ની ગોળીઓ પાણીમાં ચણીબોર જેવડી કરવી અને તેમાંથી અકેકી ગોળી નીચે બતાવેલા કવાથ સાથે લેવી. (૭) સુવા તો. ૧।, વાંસની ગાંઠો તો. ૧। અને જૂનો ગોળ તો. ૧॥, એ ત્રણનો બશેર પાણીમાં ઉકાળો કરી દોઢ નવટાંક રહે એટલે ગાળી પીવો. આ પ્રમાણે કરવાથી અટકાવ સારો આવશે અને હિસ્ટિરીઆ બંધ થશે. (૮) જટામાંસી તોલો ૧, જુંદબે દસ્તર તોલો ૦॥, તેની બારીક ભૂકી કરી ગુંદરના પાણીમાં ૨૪ ગોળીઓ કરવી; તેમાંથી અકેકી ગોળી સવારસાંજ લેવી. (૯) હીંગ વાલ ૧॥, હીરાબોળ વાલ ૧૨, ગંધોબેરજો વાલ ૧૨, આ સર્વની ગુંદરના પાણીમાં ૨૪ ગોળીઓ કરવી, તેમાંથી અકેકી ગોળી સવાર, બપોરને સાંજરે લેવી. આ રોગમાં શક્તિની વધારે જરૂર છે માટે (૧૦) **મહાયોગરાજ ગુગળની** ગોળી સવાર સાંજ અકેકી લેવી. (૧૧) **દ્રાક્ષાસવ** ખાધા ઉપર સવાર સાંજ બબે રૂપીઆભાર લેવો.

અપતાનક-ધનુર્વા-Tetanus.

કારણ—લક્ષણ-આ દરદ ઘણું ભયંકર છે. તેમાં આખું શરીર કમાનની પેઠે વાંકુ વળે છે. પ્રથમ જડબાંના સ્નાયુ ખેંચાઇને સખ્ત થાય છે, બંધ પડે છે અને ઉઘડતું નથી. દરદ બહુ જોર કરે છે ત્યારે દરદી તીરકામઠાની પેઠે વાંકો વળી જાય છે અને શાંત થાય છે ત્યારે સ્નાયુ ઢીલા પડે છે. આ કામઠું કેટલીકવાર પાછળથી, કેટલીકવાર આગળથી અને કેટલીકવાર આડત્રાંસ પડખાભર વળે છે. જખમ થયા પછી ખાંડ, ખટાઇ ખાવાથી ધનુર્વાની આંચકી આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હડકવા તથા ધનુર્વાનાં લક્ષણો ઘણાંખરાં મળતાં આવે છે. તફાવત એટલો છે કે હડકવામાં દરદી પાણી દેખીને જોર વધારે કરે છે અને દરદી કુતરાની પેઠે બુમો પાડે છે. ધનુર્વામાં એમાંનું કાંઇ થતું નથી.

ઉપાય—આ રોગમાં સૌથી સારો ઉપાય (૧) અફીણ છે. આ દરદવાળાને અફીણ ઝેરનું કામ નહિ કરતાં દરદને દબાવે છે. અને અફીણ તોલો ૦|, કેસર તોલો ૦|, અને લોબાનનાં ફુલ તોલો ૦||, એ ત્રણની નાગરવેલના રસમાં બાજરીના દાણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી બબે ગોળીઓ સવાર, બપોર ને સાંજરે આપવી. (૨) દશમૂળનો કવાથ મધ નાંખી પીવો. (૩) રીંગણી, ઉભીરીંગણી, એરંડમૂળ, સુંઠ, મરી, પીંપર, સંચળ, બીજોરાનાં મૂળ અને સિંધવનો કવાથ હીંગ નાખીને પીવો. જખમથી થયેલો ધનુર્વા હોય તો જખમ મટવાના ઉપાયો કરવા. (૪) **અજમોદાદિ ગુટિકાની** સવાર, બપોર ને સાંજરે એકેકી ગોળી પાણી સાથે લેવી. આ રોગમાં ઝાડો કબજે થઇ જાય છે માટે (૫) **દીનદયાળચુર્ણ**ની રૂપીઆભારની ફાકી લેવી. (૬) ગાંજો તોલો ૦ અને ભાંગ તોલો ૦ ને લગાર ઘીમાં શેકી તેમાં સાકર તોલો ૦ મેળવી ત્રણને એક કરી, તેમાંથી બબે વાલની માત્રા આપવી. એથી આરામ મળશે. સ્નાયુ શિથિલ થવાની આ રોગમાં ઘણી જરૂર છે અને તેને માટે (૭) અફીણ વાલ ૧, કેસર વાલ ૨ નો પાણીમાં કસુંબો કરી પીવો. (૮) કાળી તુલસી, ડુંગળી, આદુ તથા લસણનો રસ ભેગો કરી અડધો તોલો રસ પીવો, બાકીનો શરીરે ચોળવો.

સંધિવા.

કારણ—વિરૂદ્ધ આહાર વિહાર કરવાથી, લોહીમાં ખટાશ વધે છે અને ક્ષાર કમી થાય છે, તેથી સાંધા પકડાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરદી તથા ઠંડીથી સાંધા ઝલાય છે. પરમો (પ્રમેહ) થયા પછી પણ સાંધા અગર બીજા ભાગમાં કોઈવાર દરદ ઉત્પન્ન થાય છે. એક અથવા વધારે મોટા સાંધા સુજી આવે છે. ચાંદી ઉપદંશ રોગના ઉપચારો કરવા જોઈએ.

લક્ષણ—તીક્ષ્ણ અને શાંત એવા બે પ્રકારનો સંધિવા છે. છે. તાવ સાથે જોરમાં હુમલો કરે છે તેને તીક્ષ્ણ સંધિવા કહેછે. તીક્ષ્ણ સંધિવામાં પ્રથમ થોડો તાવ આવે છે અને પછી વધારે જોર કરે છે. શરીર ઉપર પરસેવો, નાડી જલદ, જીભ ઉપર સફેદ છારી, માથામાં દરદ, ઝાડાનો કબજો, તરસ વગેરે લક્ષણો જણાય છે. આ દરદ માત્ર સાંધામાં રહીને બંધ પડતું નથી પણ કોઈવાર સ્નાયુ, રક્તાશય વગેરે ભાગોમાં પણ પ્રવેશ કરે છે. રક્તાશયમાં આ દરદ જાય છે તો તે ભયંકર રૂપ પકડે છે અને હૃદય (હાર્ટ) ના ધબકારા ઘણા જોરથી ચાલે છે.

ઉપાય—પ્રથમ ઝાડો સાફ લાવવા માટે (૧) **દીનદયાળચુર્ણ**ની રૂપીઆભારની ફાકી આપવી અગર (૨) સુંઠના ઉકાળામાં બે રૂપીઆભાર એરંડીયું આપવું. (૩) **નારાયણતેલ** અગર વા ઉપર ચોળવાનાં તેલ પ્રથમ બતાવ્યાં છે તેમાંથી એકાદ તેલનું સાંધા ઉપર મર્દન કરી શેક કરવો. પોસ્તના ડોડાનો શેક કરવાથી દુઃખાવો એકદમ હલકો પડે છે. તાવને માટે (૪) **મહાસુદર્શનચુર્ણ** સવારસાંજ અડધાભાર લેવું અગર તેનો ઉકાળો કરી પીવો. ઉપર પ્રમાણે દવા આપતાં પણ ઝાડો ન થાય તો (૫) **વાજીવર્માંરસ** (અશ્વચોળી) એક વાલ ગોળના ઉંના પાણીમાં પી જવો એટલે ઝાડા સારા થશે. લોહી સુધરે, તાવ અટકે અને સાંધા મટે તેવા ઉપાયો કરવાની જરૂર છે. (૬) **રાસ્નાષ્ટક**-(**બનાવટ**) રાસ્ના, ગરમાળાનો ગોળ, દેવદાર, ગોખરૂ, પોખરમૂળ, સાટોડી અને સુંઠ એ સર્વે સમભાગે લઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્વાથ કરી પીવો. આથી દસ્ત ઉતરશે, સાંધા છુટી જશે અને સોજો ઉતરી જશે. (૭) **વ્યોષાદિચુર્ણ**-(**બનાવટ**) સુંઠ, મરી, પીંપર, હરડાં, બહેડાં, આંબળાં, એલચી, મોથ, વાવડીંગ અને તમાલપત્ર, આ દશ ઔષધો અકેક તોલો, લવીંગ દશ તોલા, નસોતર વીશ તોલા એ સર્વનું ચુર્ણ કરી સવારસાંજ અડધો તોલો સાકર સાથે ફાકવું ચુર્ણ ફાકતાં ઠીક ન લાગે તો પાણીમાં પલાળી અગર ઉકાળી પીવું. (૮) **રાસ્નાદ્વાદશ**-(**બનાવટ**) રાસ્ના, વજ, નાગરમોથ, દેવદાર, પોખરમૂળ, હરડે, ધમાસો, સુંઠ, ગળો, અરડુશો, શતાવરી અને અતિવિષની કળી. એ સર્વે સમભાગે લઇ ક્વાથ કરી પીવો. આ ક્વાથ એક રૂપીઆભાર એરંડીયું નાંખીને પીવો. (૯) **મહાયોગરાજ** અગર (૧૦) **યોગરાજ**ની અકેકી ગોળી સવારસાંજ લઇ ઉપર રાસ્નાષ્ટક અથવા રાસ્નાદ્વાદશ ક્વાથ પીવાથી સારો ફાયદો થાય છે. આ પ્રમાણે કરવાથી તાવ અગર સાંધાનો દુઃખાવો હલકો ન પડે તો (૧૧) **ચિંતામણીરસ** અકેક રતિ તુલશીના અડધા રૂપીઆભાર રસમાં લેવી અને સાંધાના સોજા ઉપર (૧૨) **શોથહરલેપ** પાણીમાં ઉનો કરી લગાડવો. (**બનાવટ**) એળીઓ, દેશીસાબુ, રેવંચીનો શીરો, ગુજ્જર, ગુગળ દરેક તોલો ૧ અને હીંગ તો. ૦)= ભાર. આ સર્વેને ખાંડી ચાળીને લેપ કરવો. (૧૩) **વાતહરલેપ**-(**બનાવટ**) ધંતુરાનાં પાન નંગ ૨, સરગવાની છાલ, અફીણના ડોડવાં, રાઇ, સરસવ અને વછનાગ દરેક તો. ૧, એ સર્વેને વાટીને તેનો લેપ ઉનો કરી ચોપડવો. (૧૪) સંધિવામાં આસન, અસેળીયો, એરંડમૂળ અને ગુગળ વધારે ગુણ કરે છે. અસેળીઆની દુધમાં ખીર કરી પીવાય છે. જુના સંધિવામાં ભીલામાં, લસણ અને મેથી સારો ફાયદો કરે છે. (૧૫) પક્ષાઘાતમાં બતાવેલા ઉપાયો પણ આ રોગમાં સારૂં કામ કરે છે. (૧૬) હરડે, સુંઠ અને દેવદાર એ ત્રણે સમભાગ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુગળ એ ત્રણથી બમણો, આ ચારે વસ્તુઓને ખાંડી એરંડીયામાં બોર જેવડી ગોળીઓ કરવી, તેમાંથી એકેકી ગોળી સવારસાંજ લેવી. આ સાથે (૧૭) **વાતગજકેશરીની** રતિ રતિની માત્રા સવારસાંજ આદાના રસમાં લેવી. (૧૮) **મહારાસ્નાદિકવાથ** મહાયોગરાજ ગુગળ સાથે સેવન કરવો અને સાંધાના સોજા ઉપર પક્ષાઘાત પ્રકરણમાં બતાવેલાં તેલો પૈકી ગમે તે તેલનું મર્દન કરી તે ઉપર પોસ્તના ડોડાનો શેક કરવો, અગર ધંતુરાના પાન, સળગવાનાં પાન અને એરંડાનાં પાન વરાળીયાં કરી બાંધવા. આ પ્રમાણે કરતાં પણ સાંધાનો સોજો અને અંદરનો દુઃખાવો ઓછો ન થાય તો (૧૯) **સંધિવાતરિપુ તેલનો** ઉપયોગ કરવો. **(બનાવટ)** નગોડનોરસ, અરણીનોરસ પીલુડીનો-રસ, કાળીયા સરસનોરસ, ધંતુરાનોરસ, આ સર્વનો રસ પાશેર પાશેર તથા અળસીનું તેલ, સરસીયું તેલ, નખલાનું તેલ, દેવદારનું તેલ અને વછનાગ, માલકાંકણીનું ચુર્ણ એ દરેક શેર ૦।, આ પ્રમાણે રસ તથા તેલ, એકત્ર કરી એક હાંડલીમાં અથવા ત્રાંબાના તપેલામાં ભરી અગ્નિ ઉપર મુકવું. રસ બળી જાય અને તેલ તૈયાર થાય ત્યારે ઉતારી ગાળી લેવું અને તે તેલમાં કપુર તોલો ૧ થી તોલા ૨ મેળવવું અને સંધિવા અથવા વા ઉપર માલીસ કરાવી તે ઉપર શેક કરવો. (૨૦) કળીચુનો અને મધ સરખા વજને લઈ વા ઉપર લેપ કરવો અગર પટી કરી લગાડવી. (૨૧) **એરંડાપાક**—અગર (૨૨) **લસણપાક** આ રોગ ઉપર ઘણો ફાયદો કરે છે. સાંધાના દુઃખાવાને લીધે રાત્રે ઉંઘ આવતી નથી અને દરદી બુમેબુમ પાડે છે, માટે (૨૩) **દ્રાક્ષાસવ** બબે રૂપીઆભાર સૂતિ વખતે આપવો અગર (૨૪) ભાંગ બે આનીભારને ઘીમાં સહજ શેકી સાકર સાથે બબે વાલની ફાકી રાત્રે આપવી. સંધિવાના લક્ષણો રક્તાશય ઉપર માલુમ પડે તો દરદવાળા ભાગ ઉપર રાઈનું પલાસ્ટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારવું, અને (૨૫) **ચંદ્રપ્રભાગુટિકા** સવારસાંજ એકેકી ગોળી ગાયના દુધ સાથે લેવી.

વાતવ્યાધિ.

Diseases of the Nervous System.

દેશીવૈદ્યક પ્રમાણે શરીરમાં વાયુ કોપે છે ત્યારે તે નીચેના ૮૦ પ્રકારના દરદો ઉત્પન્ન કરે છે.

(૧) **આક્ષેપકવાયુ**—(Convulsions) શરીરની નસોમાં ભરાઈને શરીરને આમ તેમ ફેંકે છે તે. (૨) **હનુસ્તંભ**-વાયુથી જડબું એટલે દાઢી જકડાઇ જવી તે. (૩) **ઉરૂસ્તંભ**-વાયુ, જાંગ એટલે સાથળોને અકડાંવી ચાલવાની ગતિ રોકે છે તે. (૪) **શિરોગ્રહ**-માથાની નસોમાં વાયુ ભરાઇ માથાને જકડાવે અને વેદના કરે છે તે. (૫) **બાહ્યાયામ**-પીઠ એટલે વાંસાની નસોમાં તીરકામઠાની પેઠે વાંકી વળે છે તે. (૬) **અભ્યંતરાયામ**-છાતી તરફથી શરીર કમાન જેવું વાંકુ થાય છે તે. (૭) **પાર્શ્વશુળ**-પાંસળામાં એક પડખે શૂળો નીકળે છે તે. (૮) **કટિગ્રહ**-વાયુ કમ્મરને પકડી જડ જેવી કરે છે તે. (૯) **દંડાપતાનક**-લાકડીની પેઠે સજ્જડ કરી નાંખે છે તે. (૧૦) **ખલ્લી**-પગ, હાથ, જાંગ, ગોઠણમાં વાયુ ભરાઈને ખાલી ચડાવે છે તે. (૧૧) **જીવ્હાસ્તંભ**-(Paralysis of the Tongue) વાયુ જીભની નસો પકડી બોલવાની ગતિ બંધ કરે છે. (૧૨) **અર્દિતવા**-(Facial Paralysis) મોંનો અડધો ભાગ વાંકો ઠરડાઈ જાય છે તથા જીભે લોચા વળે છે. (૧૩) **પક્ષાઘાત**-(Hemiplegia) વાયુ અરધા શરીરની નસોનું શોષણ કરી ગતિ અટકાવે છે તે. (અર્ધાંગ) (૧૪) **કોષ્ટુકશીર્ષ**-(Synovitis of the knee joint) વાયુ લોહીનો આશ્રય કરી ગોઠણમાં કઠણ સોજો લાવે છે. (૧૫) **મન્યાસ્તંભ**-(Stiffness of the

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

neck) વાયુ કફની સાથે મળી ગરદનની પાછળ નસોને પકડી અટકાવે છે તે. (૧૬) **પંગુ**–કમ્મર તથા જાંગોમાં વાયુ પ્રવેશ કરી બંને પગને રાંટા કરે છે. (પાંગળાપણું) (૧૭) **કલાયખંજ**–ચાલતાં ચાલતાં શરીરમાં કંપારો થઇ પગ આડા અવળે પડે છે તે. (૧૮) **તુની**–પકવાશયમાં શૂળ ઉત્પન્ન થઈ ગુદા અને ઉપસ્થમાં જાય છે. (મૂત્રાશય શૂળ) (૧૯) **પ્રતિતુની**-તૂનીની વેદના નીચે ઉતરી સફરા તરફ જાય છે તે. (સફરાનું શૂળ) (૨૦) **ખંજ**–પંગુના જેવાં લક્ષણ પણ એકજ પગ લંગડાય છે. (લંગડાપણું) (૨૧) **પાદહર્ષ**–(Anaesttosia) પગમાં આકરી ઝણઝણી ચડવી અને તેથી પગ શૂન્ય થાય છે. (૨૨) **ગૃધ્રસી**–(Sciatica) કેડથી ઘુંટી સુધી નસોને પકડીને તીવ્ર વેદના કરે છે તે. (૨૩) **વિશ્વાચી**–હથેલી તથા આંગલા ઝલાય ને હાથવતી કામ થાય નહિ તે. (૨૪) **અપબાહુક**–હાથની નાડી ઝલાઈ આંખો હાથ ખેંચાઈ જાય તે. (૨૫) **અપતાનક**–વાયુ હૃદયમાં જઈ દૃષ્ટિને સ્તબ્ધ કરે, જ્ઞાન અને ભાનનો નાશ કરે અને કંઠમાંથી વિલક્ષણ પ્રકારનો અવાજ નીકળે. તેવા હૃદયમાંથી બહાર નીકળે એટલે ભાન આવે. આ પ્રમાણે હિસ્ટિરિઆનાં જેવાં ચિન્હો થાય તે. (૨૬) **વ્રણાયામ**–માર અથવા જખમથી વાયુ પીડા કરે છે તે. (૨૭) **વાતકંટક**–ઘુંટીમાં ચાલતાં ચાલતાં દરદ થાય છે તે. (૨૮) **અપતંત્રક**–(Hysteria) ધનુષની પેઠે વળી જવાય, પગ તથા માથામાં પીડા થાય, દૃષ્ટિ સ્તબ્ધ થાય અને કબુતર પક્ષી જેવો ગળામાં અવાજ થાય તે. (૨૯) **ભેદ**–વાયુથી ચામડી ફાટે છે તે. (૩૦) **શોષ**–વાયુ શરીરનું કે તેના એક અંગનું લોહી સુકવી નાખે તે. (૩૧) **મિણમિણત્વ**–મોંમાંથી નીકળતા શબ્દો નાકમાંથી નીકળે. (ગુંગળાપણું) (૩૨) **કલ્લતા**–અચકી અચકીને ટુંકા શબ્દો બોલય. (બોબડાપણું) (૩૩) **અષ્ટિલિકા**–નાભી નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્થરા જેવી ગાંઠ થાય છે. (૩૪) **પ્રત્યષ્ટિલા**-એજ ગાંઠ પેટમાં આડી થઇને પડે છે તે. (૩૫) **વામનત્વ**-વાયુ ગર્ભમાં ભરાઈ ગર્ભને વિકાર કરે તો બાળક ઠીંગણો અવતરે તે. (૩૬) **કુબ્જત્વ**-વાંસા અને છાતીમાં વાયુ ભરાઈ ખુંધ નીકળે છે તે. (૩૭) **અંગપીડા**-આખા શરીરે પીડા થાય છે. (૩૮) **અંગશૂળ**-આખા શરીરમાં શૂળો નીકળે છે તે. (૩૯) **સંકોચ**-વાયુ નસોને સંકોચી શરીરને અકડાવે તે. (૪૦) **સ્તંભ**-વાયુથી શરીર જકડાઈ જાય છે તે. (૪૧) **રૈક્ષ્ય**-વાયુના કોપથી શરીર લુખું અને નિસ્તેજ થાય છે તે. (૪૨) **અંગભંગ**-વાયુથી શરીર ભાંગી જઇ કકડા થતુ લાગે છે તે. (૪૩) **અંગવિભ્રંશ**-શરીરનો એક સાંધો ખસી જાય તે. (૪૪) **મૂકત્વ**-બોલવાની નાડીમાં વાયુ ભરાવાથી વાણી બંધ થાય છે તે (મુંગાપણું) (૪૫) **વિડ્ગ્રહ**-આંતરડામાં વાયુનો કોપ થઇ ઝાડા પેસાબનો કબજો થાય છે તે. (૪૬) **બદ્ધાવિટ્કતા**-વાયુથી ઝાડો બહુ કઠણુ આવે છે. તે. (૪૭) **અતિજૃંભા**-વાયુથી બગાસાં બહુ આવે છે. (૪૮) **પ્રત્યુદ્ગાર**-વાયુના કોપથી ઓડકાર આવે છે તે. (૪૯) **અંત્રકૂંજન**-વાયુના કોપથી આંતરડામાં કુરકુર થાય છે તે. (૫૦) **વાતપ્રવૃત્તિ**-વાયુના કોપથી અધો વાયુ બહુ થયા કરે છે. (૫૧) **સ્ફુરણ**-વાયુથી શરીરનું કોઇપણ અંગ ફરકયા કરે છે, જેમકે હાથ, આંખ વગેરે. (૫૨) **શિરાપૂર્ણ**-વાયુથી શીરાઓ પુરાઈ જાય છે (૫૩) **કંપવાયુ**-વાયુથી સર્વે અંગ અને માથું કપ્યા કરે છે તે. (૫૪) **કાર્શ્ય**-વાયુના કોપથી શરીર દિવસે દિવસે દુબળું થતું જાય છે તે. (૫૫) **શ્યામતા**-વાયુથી શરીર કાળું પડતું જાય છે તે. (૫૬) **પ્રલાપ**-વાયુના જોરથી બહુ બોલ્યા કરે છે તે. (૫૭) **ક્ષિપ્રમૂત્રતા**-વાયુના જોરથી વારંવાર પેસાબ કરવો પડે છે તે. (૫૮) **નિદ્રાનાશ**-વાયુના કોપથી ઉંઘ નાશ પામે છે તે. (૫૯) **સ્વેદનાશ**-વાયુ છિદ્રોને પુરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખી પરસેવાનો અટકાવ કરે છે તે. (૬૦) **દુર્બળત્વ**-વાયુના જોરથી શરીર ગળતું જાય છે. (૬૧) **બલક્ષય**-વાયુના કોપથી બળનો તદ્દન નાશ થાય છે તે. (૬૨) **શુક્રપ્રવૃત્તિ**-વાયુના કોપથી શુક્ર (વીર્ય) ઘણું પડે છે તે. (૬૩) **શુક્રકાર્ષ્ય**-વાયુ ધાતુને સુકવી નાખે છે તે. (૬૪) **શુક્રનાશ** વાયુ શુક્રસ્થાનમાં જઈ ધાતુનો નાશ કરે છે તે. (૬૫) **અનવસ્થિતચિત્ત**-વાયુ મગજમાં જઇ ચિત્તને અસ્થિર કરી નાખે છે તે. (૬૬) **કાઠિન્ય**-વાયુના જોરથી શરીર કઠણ થઇ જાય છે તે. (૬૭) **વિરસાસ્યતા**-વાયુના કોપથી મોઢામાં સ્વાદ માલુમ પડતો નથી. (૬૮) **કષાયવક્તૃતા**-વાયુના કોપથી મોઢું કષાયેલું રહે છે તે. (૬૯) **આધ્માન**-વાયુના કોપથી નાભિ નીચે આફરો ચડે તે. (૭૦) **પ્રત્યાધ્માન**-હૃદયની નીચે અને નાભીની ઉપર આફરો ચડે છે તે. (૭૧) **શીતતા**-વાયુથી શરીર ઠંડુ પડે છે તે. (શૈત્ય) (૭૨) **રોમહર્ષ**-વાયુના કોપથી શરીરના રૂંવાટાં ઉભાં થાય છે તે. (૭૩) **ભીરૂત્વ**-વાયુના કોપથી બીકણ-પણું આવે છે તે, (૭૪) **તોદ**-શરીરમાં સોયો લાગ્યા જેવું તીવ્ર શૂળ આવે છે તે. (૭૫) **કંડુ**-શરીરમાં ખરજ આવે છે તે. (૭૬) **રસાજ્ઞતા**-મીઠા, ખારા, ખાટા વગેરે રસોની ખબર ન પડવી તે. (૭૭) **શબ્દાજ્ઞતા**-વાયુ શ્રવણ તંતુઓમાં ભરાય તેથી કાનથી સંભળાય નહિ તે. (બાધિર્ય) (૭૮) **પ્રસુપ્તિ**-ચામડી બહેરી થવી તે. (૭૯) **ગંધાજ્ઞતા**-નાકેથી ગંધની ખબર ન પડવી તે. (૮૦) **દૃષ્ટિક્ષય**-દૃષ્ટિમાં વાયુ પ્રવેશ કરી જોવાની શક્તિ બંધ કરે છે તે.

ઉપર **બતાવેલા સર્વ સામાન્ય વાતવ્યાધિની ચિકિત્સા**-(૧) **મહારાસ્નાદિ કવાથ, મહાયોગરાજ ગુગળ સાથે** સેવન કરવામાં આવે તો સારો ફાયદો કરે છે. **મહાસ્નાદિકવાથ-(બનાવટ)** રાસ્ના, એરંડમૂળ, ગળો, વજ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીળો કાંટાસળીયો, ચવક, કરીઆતુ, નાગરમોથ, ભારંગમૂળ, અજમો, રાતો ધમાસો, કિરમાણી અજમો, પહાડમૂળ, દેવદાર, વાવડીંગ, કાકડાશીંગી, સુંઠ, ચીકણુંમૂળ, મોરવેલ, કડુ, મજીઠ, અતિવિષ, કચોરો, ત્રિફળાં, લીંડીપીપર, જવખાર, રતાંજળી, ગરમાળાને ગોળ, કાયફળ, કડાછાલ, રાતી સાટોડી અને દશમૂળને કવાથ પીવો. ઝાડો સાફ ન આવતો હોય તો તેમાં એરંડીયું રૂપીઆભાર નાખી કવાથ પીવો. (૨) **દશમૂળ** અથવા **પંચમૂળને** કવાથ પીવો. (૩) **સમીરદાવાનળ કવાથ**-ભીલામાં તોલો ૦॥ તેને તોલા ૧૦ પાણીમાં કવાથ કરી તે પીવો. (૪) **ગુગળપાક**-ઠળીયા કાઢેલી છુવારી ખોરાકો શેર ૦॥, લઇ રાત્રે પાણીમાં પલાળા સવારે તે ખારેકોમાંથી સાત ખોરેકો લઇ, તેમાં શુદ્ધ ગુગળ ભરી તેને બીજી ખારેકના કકડાની બંધબેસતી બીજી ડગળી બેસારી તેના દરેકના ઉપર જુદો જુદો ઘઉંનો લોટ ચડાવવો, ત્યાર પછી એકજ બાખડી ભેંસનું દુધ શેર ૫ થી ૮ સુધી લઇ કટાઇમાં નાખી ચુલા ઉપર મુકી ગરમ થયા પછી ઉપરની લોટ ચડાવેલી સાત ખારેકો એક પછી એક એમ છુટી છુટી એક વખતે નાખવી. ત્યાર પછી તે ખારેકો દાઝે નહિ તે રીતે ધીમે ધીમે હલાવતા રહીને માવો કરી નાખવો. માવો કરતાં જો ખારેક ફુટીને ગુગળનો રસ દુધને લાગશે તો દુધ બગડી જશે અને એ બધું નકામું જશે, માટે તેમ નહિ થવા બાબતની ખાસ કાળજી રાખવી. તે માવો તૈયાર થયા પછી ખેરીગુંદ શેર ૧। (સ્રીયોં માટે બાવળનો ગુંદ લેવો), સુંઠ શેર ૦॥, પીંપરીમૂળ તોલા ૫, લીંડીપીપર તોલા ૨॥, જાયફળ તોલો ૧, મરી તોલા ૨॥, તજ તોલા ૨॥, જાવંત્રી તોલો ૦॥, અકલકરો તોલો ૦॥, ધોળી મુસળી તોલા ૫, (સ્રીયો માટે કાળી મુસળી લેવી), પંજાબી સાલમ તોલા ૫, ચોપચીની શેર ૦।, (સ્રીઓ માટે આ ઉપલી બે ચીજો ન લેવી), લોધર તોલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાા, આ સર્વેને ખાંડી માવા અને ખારેકોની સાથે એક કરી તેમાં સાકર શેર નાખવી. પછી ગોળ શેર ૨ અને ઘી શેર ૩ મેળવી પાશેર પા શેરનો લાડુ તૈયાર કરવો તેમાંથી દરરોજ અકેક ખાવો. **પરહેજી**–આ પાક જેટલા દિવસ સેવન કરે તેનાથી બમણા દિવસ સુધી ખાટું, ખારૂં, તેલ, આંબલી અને મરચું ખાવું નહિ. વાયુના તમામ દરદોને નિર્મૂળ કરી ધાતુની પુષ્ટિ કરે છે. (૫) **અજમોદાદિ** ગુટિકા સવાર સાંજ અકેકી લેવી. આ ગોળી સંધિવાત આમવાત, હનુસ્તંભ, શીરોવાત અને અને પાદહર્ષ વગેરેને મટાડે છે. (૬) **લઘુમૃગાંક**–મરીનું ચુર્ણ વાલ ૪, ઘી તોલો ૦। અને તુલસીના પાનનો રસ તોલો ૦। ને એક કરીને લેવું. (૭) **લસણપાક**–લસણની છોલેલી કળીઓ તોલા ૪૦ ને ચાર પાંચ દિવસ સુધી છાશમાં પલાળવી. દરરોજ આગલા દિવસની છાશ ફેંકી દેવી અને તાજી છાશ લેવી. આ પ્રમાણે ચાર પાંચ દિવસ કર્યા પછી પાણીથી ધોઇ નાખી તેને વાટી લુગદી બનાવી મણ દુધમાં ઉકાળી માવો બનાવવો. એ માવામાં જોઈએ તેટલું ઘી નાખી કીટી કરી દાણો પાડવો, પછી ઉપરના વજનથી દોઢી સાકર લેવી અને સુંઠ, મરી, લીંડીપીપર, ચવક, ચિત્રકમૂળ, હળદર, તજ, તમાલપત્ર, નાગકેસર, પીંપરીમૂળ, વાવડીંગ, દારૂહળદર, વરધારો, પોખરમૂળ, અજમો, લવીંગ, દેવદાર, સાટોડી, ગોખરૂં, રાસ્ના, સુવા, શતાવરી, કચોરો, આસન અને કૌવચનાં બીજ પ્રત્યેક તોલો તોલો લઈ તેનું ચુર્ણ કરવું. સાકરની ચાસણી કરી તેમાં માવો અને ચુર્ણ નાખી **લસણપાક** તૈયાર કરવો, **એંશી પ્રકારના વાત વ્યાધિને મટાડે છે** (૮) **સિદ્ધનારાયણતેલ**–શતાવરીનાં મૂળનો રસ, તલનું તેલ અને દુધ એ પ્રત્યેક ચોસઠ તોલા અને વાયવરણા, અરલુ, દેવદાર, શિલાજીત અને જટામાંસી પ્રત્યેક ૪ તોલા લઇને તેનો કલ્ક કરી તેલ સિદ્ધ કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે તેલનું આખા શરીરે અભ્યંગ કરવાથી તમામ પ્રકારના વાતવ્યાધિનો નાશ થાય છે. (૯) **કલ્યાણકાવલેહ**–હળદર, ઘોડાવજ, ઉપલેટ, લીંડીપીંપર, સુંઠ, જીરૂ, અજમોદ, જેઠીમધ, ઘી અને સાકરનો અવલેહ કરી લેવો. તે સવાર સાંજ રૂપીઆ ભાર લેવાથી તોતડાપણું, બોબડાપણું અને બેહેરાપણું મટી જાય છે. (૧૨) પીંપરીમૂળ, ચિત્રક, લીંડીપીંપર, સુંઠ, રાસ્ના, અને સિંધાલુણનો કલ્ક કરી અડદના કવાથમાં તેલ સિદ્ધ કરવું. તે તેલ સર્વાંગવા, એકાંગવાત (પક્ષાઘાત) વગેરે ઉપર ચોળવાથી સારો ફાયદો થાય છે.

પરમો અગર ચાંદીના કારણથી સાંધાનો દુઃખાવો અગર સોજા હોય તો (૨૫) **કેસરાદિવટી**ની અકેકી ગોળી સવારસાંજ લેવી અને દાંતના પારા એટલે અવાળું સુઝેલો માલુમ પડે એટલે બંધ કરવી. **(બનાવટ)** કેસર, રસકપુર, સાકર, સુખડ, લવીંગ અને જાવંત્રી સમભાગે લઈ નાગરવેલના પાનના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી. આ રોગમાં વિશેષ સૂચના કરવાની કે લોહી સુધારનારી દવાઓનું લાંબા વખત સેવન કર્યા વિના આ રોગ મૂળમાંથી જતો નથી. આ દરદમાં તાવ હોય તો તેની બરાબર કાળજી રાખી તેના ઉપાયો કરવા. પવનમાં તથા શરદીવાળી હવામાં ફરવું નહિ. ઠંડા પાણીએ ન્હાવું નહિ, અતિ ઠંડા તથા લુખા પદાર્થો ખાવા નહિ. ખોરાક હલકો અને પોષણકારક લેવો.

પથ્યાપથ્ય—(પથ્ય) દુધ, ઘી, નવા તલ, ઘઉં, અડદ, સાઠી ચોખા, કળથી, તેલ, સરગવાની શીંગો, પંડોળાં, લસણ, વંત્યાક, કેળનાં ફુલ, પાકેલી કેરી, દાડમ, ફાલસાં વગેરે હિતકર છે. (અપથ્ય) જાગરણ, ચિંતા, મળમૂત્રનો અવરોધ, ઉલટી, શ્રમ, અપવાસ, ચણા, વટાણા, વાલોળ, વાલ, ચોળા, સોપારી, કારેલાં, ઠંડુ ધાન્ય, ક્ષાર, શુષ્ક માંસ, કડવા અને તીખા રસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરદમાં ઘણા ઉપયોગી છે; એટલું જ નહિ પણ ખોરાક તરીકે કામ લાગે છે. **જીવન**-એ ચ્યવનપ્રાશાવલેહનો એક ભાગ છે. તેમાં કેટલીક વસ્તુઓનો ફેરફાર કરી બનાવેલ રૂચિકર અને સ્વાદિષ્ટ દવા છે. આ અવલેહ દરદી ખુશીથી લઇ શકે છે. તે ક્ષય, ધાતુક્ષય, ધાતુદોષ, રક્તપિત્ત, અમ્લપિત્ત, અજીર્ણ, કાસ, ખાંસી, દમ અને વિષમજ્વર વિગેરે રોગોમાં સારો ફાયદો કરે છે. માત્રા દરરોજ સવારસાંજ તોલો ૧ થી ૨ સુધીની છે, આ ઉપરાંત નીચે બતાવેલી દવાઓ ક્ષયની પ્રથમની અવસ્થામાં ઘણું સારૂં કામ કરે છે. **ત્રિફલાદિલોહ, દ્રાક્ષાસવ, લોહાસવ, દશમૂળાસવ.** સળેખમમાંથી ખાંસી થાય તે માટે **કુષ્માંડાવલેહ** આપવો, તે ક્ષય, ઉરઃક્ષત અને રક્તપત્તિમાં ઘણો સારો ફાયદો કરે છે અને છાતીમાંથી ગળફામાં પડતું લોહી એકદમ બંધ કરે છે. માત્રા તોલો ૦ાા થી ૧. **બબ્બુલારિષ્ટ, તાલિસાદિ ચુર્ણ** વગેરેનો ઉપયોગ કરવો. શરૂઆતમાં ક્ષયરોગના જે જે ભેદો બતાવેલા છે તે તે ક્ષયરોગના ભેદોની ઔષધ યોજના નીચે પ્રમાણે છે.

(૧) **વ્યવાયશોષ**—આ રોગવાળાએ ભોજન સાથે ઘી અને જીવનીય ગણની દવાઓ નાંખી તૈયાર કરેલું દુધ લેવું.

(૨) **શોકશોષ**—આ રોગવાળાને શાંતિ આપનારાં પ્રીય વચનો બોલીને ધૈર્ય આપવું. ભોજનમાં દુધ અને સ્નિગ્ધ, મધુર, શીતલ અને જઠરાગ્નિ પ્રદિપ્ત કરે તેવા પદાર્થો આપવા.

(૩) **વ્યાયામશોષ**—આ રોગવાળાને **દ્રાક્ષાદિ ઘૃતનું** સેવન અત્યુતમ છે.

(૪) **અધ્વશોષ**—આ રોગવાળાને સુંદર શય્યા ઉપર સુવાડવો અને શીતળ, મધુર અને પુષ્ટિકારક ભોજન આપવું.

(૫) **વ્રણશોષ**—આ રોગવાળાને સ્નિગ્ધ અને જઠરાગ્નિ પ્રદિપ્ત કરનાર પદાર્થો હિતકર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) ઉરઃક્ષતશોષરોગવાળાએ **એલાદિગુટિકા, દ્રાક્ષાદિ** ઘૃત અને **અમૃતપ્રાશાવલેહ**નું સેવન કરવું. ઉપર પ્રમાણે ક્ષયના ભેદોની ચિકિત્સા જણાવ્યા પછી, ક્ષયરોગની બીજી અવસ્થાના કેટલાક અનુભવી પ્રયોગો ઉપર બતાવવામાં આવ્યા છે છતાં પણ તે ઉપરાંત બીજા પ્રયોગો નીચે પ્રમાણે બતાવીએ છીએ.

(૨૩) આસનના કલ્કથી દુધ પકાવીને પીવું. (૨૪) આસનના કલ્કથી દુધ ઉકાળી તેનું દહીં જમાવી તેમાંથી ઘી કહાડી તે ઘી સાકર સાથે સવારસાંજ લેવું (૨૫) અરડુશીના પંચાંગનો કવાથ એક ભાગ તથા અરડુશીના ફુલનો કલ્ક આઠ ભાગ લઈ તેમાં ઘી પકાવી તે પીવામાં આવે તો ખાંસી, તાવ, શ્વાસ અને શરીરની નબળાઈ દુર થાય છે. ક્ષય રોગની પ્રથમની અવસ્થામાં અને બીજી અવસ્થામાં (૨૬) **ક્ષયામૃતનું** સેવન અત્યુત્તમ છે. ક્ષયામૃતના ઘીની ચાર ચાર તોલાની માત્રા સવાર સાંજ લેવી અને તે ઉપર દુધ લેવું. **(બનાવટ)** એલચી, બોડી-અજમોદ, આંબળાં, બેહેડાં, હરડે, ખેરસાર, લીંબડાનો સાર, સાલવૃક્ષનો સાર, ભિલામાં, ચિત્રક, વજ, સુંઠ, મરી, પીંપર, મોથ અને ફટકડી એ વસ્તુઓનો કવાથ કરી તે કવાથમાં ૬૪ તોલા ઘી પકાવવું. તૈયાર થાય ત્યારે ઉતારી લઈ તેમાં ૧૨ તો. ખડી સાકર, ૪૦ તોલા વાસકપુર અને તેથી બમણું મધ નાંખી મેળવવું. આ ઘી ક્ષયનો કટ્ટો દુશમન છે અને તે બળ, બુદ્ધિ અને વીર્યનો વધારો કરે છે. મન પવિત્ર કરી આંખનું તેજ વધારે છે, આયુષ્યની વૃદ્ધિ કરે છે અને પાંડુરોગ, ભગંદર, શ્વાસ, સ્વરભેદ, કાસ, હૃદરોગને મટાડે છે, ક્ષયમાં દાહ વધારે થાય છે. તેને માટે (૨૭) **મુક્તાદિચુર્ણ**—માત્રા ૩ રતિ, માંખણ તોલો ૧ અને મધ તો. ૦। સાથે મેળવીને ચાટવું. **(બનાવટ)** મોતી તો. ૧, અંબર ૩ માસા, સોનાના વરખ ૩ માસા, કસ્તુરી ૧॥ માસો, વાંસકપુર ૬ માસા, એલચીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાણા ૩ માસા અને પીંપર ૩ માસા, પ્રથમ મોતિના ભુકાને ગુલાબજળમાં ખરલ કરી સુકાયા પછી બીજી ઔષધીઓને બીજા ખરલમાં વાટી ખરલ કરેલા મોતીના ભુકાને તે સાથે મેળવી ચુર્ણ તૈયાર કરવું. (૨૮) માંખણ તોલો ૧, ચીનાઇ સાકર તો. ૦।।, મધ તો. ૦। અને સોનાના વરખનો અડધો કકડો એ ચારે ભેગાં કરી તેમાં **મોતીની ભસ્મ** અને **પ્રવાલ ભસ્મ** એ બંને મળી વાલ એક નાંખવાં. તેને કાલવીને ચાટવું. (૨૯) સાકર, લીંડીપીંપર, દ્રાક્ષ, ખારેક, જેઠીમધ, તમાલપત્ર અને નાગકેસરનું ચુર્ણ માંખણ અને મધમાં આપવું. (૩૦) અરડુસો; સરગવાની છાલ, પાનની જડ, કાસની અને બનફસાનો કવાથ આપવો. ક્ષયરોગમાં અનેક પ્રકારનાં ચિન્હો થાય છે એટલે તેને માટે ચોકસ દવાની ભલામણ થઇ શક્તિ નથી પણ જે જે દવાઓનો અમોએ અનુભવ કર્યો છે અને દરદીઓને અમૃત સમાન ગુણ આપેલો છે, તે તે દવાઓ નીચે બતાવ્યા પ્રમાણે સેવન કરવા ભલામણ કરીએ છીએ (૩૧) **પ્રયોગપંચદશી**માંથી ગમે તે દવાનો ઉપયોગ કરવામાં આવે તો તેથી ફાયદો થયા વિના રહેતો નથી. (૧) **લઘુલોકનાથરસ** (૨) **અમૃતેશ્વરરસ** (૩) **ક્ષયકેસરી** (૪) **ક્ષયાંતકલોહ** (૫) **બૃહત્વાસાવલેહ** (૬) **જીવન્ત્યાદિ ઘૃત** (૭) **દ્રાક્ષારિષ્ટ** (૮) **બબુલારિષ્ટ** (૯) **પિપ્પલ્યાસવ** (૧૦) **સિતોપલાદિ ચુર્ણ** (૧૧) **જાતિફલાદિ ચુર્ણ** (૧૨) **તાલિસાદિ ચુર્ણ** (૧૩) **ચવાની ખાંડવ** (૧૪) **ચંદનાદિ તેલ** (૧૫) **અશોકારિષ્ટ** ઉપર બતાવેલી દવાઓ પૈકી ગમે તે દવાઓનો ઉપયોગ કરવાથી ક્ષય, ધાતુક્ષય અને ઉરઃક્ષત વગેરે મહાન ભયંકર વ્યાધિઓ મટે છે.

આ દરદમાં કેવી જાતનો ખોરાક, કેટલો અને કયારે તથા કેવી રીતે આપવો, એ દરદની સ્થિતિ તથા દરદીની પાચન શક્તિ ઉપર આધાર રાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્ય—મગ, ચોખા, ઘઉં, બધા માંસના રસો, કાચાં ઇડાં, ચણા, બકરીનું દુધ, માખણ, ઘી, માંસ વગેરે, માંખણ, દૂધ, બધાં ફળો, બધી લીલોતરી (થોડા પ્રમાણમાં)

અડદ, કળથી, મીઠાવાળું માંસ, ફરી રાંધેલો ખોરાક, અથાણાં એ અપથ્ય છે.

સામાન્ય સૂચના—ક્ષયના દરદીને ખોરાક આપવાની રીત અને તેને સારવાર આપવાની રીત પણ વધારે ઉપયોગી છે.

દરેક વસ્તુ જુદી જુદી રાંધવી જોઇએ, એક દુધ આપવામાં પણ જુદે જુદે વખતે એટલી બધી નવીનતા કરવી જોઇએ કે લેતાં દરદી ખુશ થાય.

દરદી જાગે કે તુરત ઉનું દુધ આપવું. એનું પ્રમાણ ધીમે ધીમે વધારતા જવું. જો અનુકુળ આવે તો સવારે દીપન તરીકે દુધનો ચા આપવો તે પછી એક કલાકે નાસ્તો આપવો. જે પ્રાણીજન્ય ખોરાક ન ખાતા હોય તેને ફરી વાર દુધ આપવું. બપોરે દ્રાક્ષાસવ સાથે રીતસર પચે તેવું ખાવું. તે પછી બપોરે એટલે દોઢ બે કલાકે દુધ અથવા ઇંડાં આપવાં. સાંજે દુધનો ચા અને તે સાથે પુરી કે બાટી આપવી. રાત્રે પાછું ભોજન કરાવવું. રાતે સુતી વખતે દુધ આપવું.

દરદીએ સવારમાં સૂર્યના કોમળ કીરણોમાં ખુલ્લા દિલે બેસવું અને ખુલ્લી હવા ઉજાશવાળા ઓરડામાં કે જ્યાં સૂર્યનો પ્રકાશ આવી શકતો હોય ત્યાં રહેવું. કપડાં હલકાં અને ખુલ્લાં પહેરવાં બનતા સુધી ગરમ કપડાંજ પહેરવાં.

ક્ષયના દરદીએ કોઇ દિવસ જુલાબ ન લેવો અને બ્રહ્મચર્ય પાળવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉરઃક્ષત.

આ રોગનાં કારણો અને લક્ષણો ક્ષય પ્રકરણમાં બતાવવામાં આવેલાં છે એટલે તેનો વિશેષ વિચાર કરવાની જરૂર નથી.

ઉપાય—ક્ષયના કેટલાક સૌમ્ય ઉપચારો લાગુ પડે છે. જખમમાં રૂઝ લાવે, લોહીને અટકાવે અને શરીરમાં શક્તિ ઘટવા ન દે એવા પુષ્ટિકારક ઔષધો તથા ખોરાકની જરૂર છે. (૧) અરડુસીની તમામ બનાવટો આ રોગની દવા માટે પ્રસિદ્ધ છે. **વાસાવલેહ, વાસાસ્વરસ, વાસાચુર્ણ વસાકા, શરબત** વગેરે. (૨) કોહોળાંનો રસ તોલા ૨ તેમાં લાખનું ચુર્ણ તો. ૦। નાખીને આપવું. (૩) દાણાવાળી લાખનું ચુર્ણ બએ વાલ સવાર, બપોરને સાંજરે માંખણ અને સાકર સાથે લેવું. (૫) **મોતીની ભસ્મ** તથા **પ્રવાલ ભસ્મ** બંને અડધો વાલ આંબળાના મુરબ્બા સાથે અગર ગુલકંદ સાથે મેળવીને ચાટવાં. (૬) **કુષ્માંડાવલેહ તથા ભુરાકોહોળાનો મુરબ્બો** ઘણો સારો ફાયદો કરે છે. (૭) વાંસકપુર તો. ૧, એલચી તો. ૧, જેઠીમધનું ચુર્ણ તો. ૦॥, પ્રવાલ ભસ્મ તો. ૦॥ અને મોતીની ભસ્મ તો. ૦।, એ સર્વેને એક કરી તેમાંથી બએ વાલની માત્રા સવાર સાંજ માંખણ અને સાકર સાથે લેવી. (૮) ચંદનબલા લાક્ષાદિ તેલ છાતીએ માલીસ કરવાથી ઘણો ફાયદો થાય છે.

પથ્યાપથ્ય—ક્ષય તથા ઉરઃક્ષતના દરદીએ ફળોમાં દાડમ, દ્રાક્ષ, ફાલસાં, કેળાં તથા અંગુરનો ઉપયોગ કરવો. બનતાં સુધી ફળનો રસ લઇ કુચા કહાડી નાંખવા. **શાકમાં** દુધી, તુરીયાં, ઘીલોડાં, પરવળ વગેરે હિતકર છે દરદીની પાચન ક્રિયા બગડી ન હોય તો મગની દાળનું અગર તુવેરની દાળનું ઓસામણ ચડેલો ભાત, ઘઉંની રોટલી, પુરી, ચોખાનો પાપડ, બકરીનું દુધ અને ગાયનું દુધ આપવું. જંઠરાગ્નિનું બળ ઓછું થયું હોય તો દુધ તથા છાસ સાથે ચડેલો ભાત, સાબુચોખાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંજી, તુવેરની દાળનું અગર મગની દાળનું ઓસામણ આપવું, શરીરે સુગંધી તેલનું માલીસ કરવું. ઉત્તમ, સુંદર અને મનોરમ્ય એવાં સ્થાનો અને ગૃહોમાં વાસ, પુષ્પની માળાઓ ધારણ કરવી કથા પુરાણનું શ્રવણ, એ સર્વે હિતકર છે. **(અપથ્ય)** વિરેચન, મગ, કારેલાં, વંત્યાક અને બીલાં ખાવાં નહિ. મૂત્રનો અટકાવ, શ્રમ, અંજન, જાગરણ, સાહસ કર્મ, રૂક્ષાન્ન, રૂક્ષપાન, રાઈ, હીંગ, તેલ, ખારા ખાટા રસ, સ્ત્રી સંગ, ધુમ્રપાન (બીડી, હુક્કો પીવો.) સ્નાન, દહીં, લાલ મરચાં, બહુ જોરથી બોલવું, ઘોડા વગેરેની સ્વારી કરવી એ સર્વેનો ત્યાગ કરવો.

વિશેષ ઉપચાર—અરડુશી, અરડુસો, પીંપળો, ગળો, લીંડીપીંપર, જેઠીમધ, માંખણ, મધ, સાકર, મગ, કેળાં, તાજી દ્રાક્ષ, આંબળાં વગેરેમાંથી જે મળે તેનો ઉપયોગ કરવો.

અમ્લપિત્ત-Acidity.

કારણ અને લક્ષણ—અમ્લપિત્તના બે ભેદ છે. (૧) ઉર્ધ્વગ એટલે ઉંચે ગતિ કરનારૂં અને (૨) અધોગ એટલે નીચે ગતિ કરનારૂં, પીળા લીલા રંગવાળી, જરા લાલ, કફના સંસર્ગ-વાળી અને ખારા, ખાટાં તીખા તથા કડવા રસવાળી ઉલટીઓ થાય તે **ઉર્ધ્વગ અમ્લપિત્ત** જાણવું અને દાહ, તૃષા, મૂર્છા તથા ભ્રમ કરવાવાળું. ધ્રામઠાં, અગ્નિમાંદ્ય, શરીરમાં પીળાશ એ સર્વને ઉત્પન્ન કરનારૂં પિત્ત ગુદા વાટે અતિસારથી નીકળે તે **અધોગ અમ્લપિત્ત છે.** ખાટાં, ખારાં પિત્તને વધારનારાં પદાર્થો સેવન કરવાથી આ રોગ ઉત્પન્ન થાય છે; અને અન્ન નહિ પચવું, ઉલટીના ઉછાળા, કડવા તથા ખાટા ઓડકાર, હૃદયમાં દાહ, શરીરમાં ભારેપણું, ગળામાં બળતરા તથા અરૂચી એ તેનાં લક્ષણો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાયો—પ્રથમ પેટ સાફ લાવવા માટે (૧) **દ્રાક્ષાદિવટી સવારસાંજ એકેકી ગોળી લેવી.** (**બનાવટ**) દ્રાક્ષ અને હરડે સરખા વજને અને તે એનાથી બમણી સાકર મેળવી મોટા બોર જેવડી ગોળીઓ કરી તેમાંથી સવારસાંજ એકેકી ગોળી લેવી અથવા (૨) દીનદયાળ ચુર્ણની ફાકી લેવી અને તે સાથે (૩) કુષ્માંડાવલેહ સેવન કરવો. પિત્તનું જોર છાતીએ વધારે હોય અને દાહ બહુ થતો હોય તો ઉલટી કરાવવા સારૂં (૪) મીંઢળનું ચુર્ણ તો. ૦। મધમાં આપવું અને ત્યાર પછી (૫) **અવિપત્તિકર** ચુર્ણ–સુંઠ, મરી, પીંપર, ત્રિફળા, મોથ, વાવડીંગ, એલચી અને તમાલપત્ર, દરેક તો. ૧, લવીંગ તો. ૧૦, નસોતર તો. ૨૦, સાકર તોલા ૪૦ તેનું ચુર્ણ કરવું. આ ચુર્ણ અમ્લપિત્ત ઉપરાંત અર્શ, શૂળ, પ્રમેહ, મૂત્રાઘાત અને મૂત્રાશ્મરીને પણ મટાડે છે. (૬) આંબળાં અથવા ત્રિફળાનો કવાથ નસોતરનું ચુર્ણ અને મધ નાંખી પીવો. (૭) સુંઠ ૧ ભાગ, સોનાગેરૂ ૨ ભાગ, એ બંનેને નાગરવેલના પાનના રસમાં ખરલ કરી વાલ જેવડી ગોળીઓ કરવી. તેમાંથી સવાર સાંજ બબે ગોળીઓ પતાસુ નાંખેલા દુધ સાથે લેવી. (૮) કરીઆતુ, ગળો, નાગરમોથ અને સુંઠનો કવાથ પીવો. (૯) અરડુશી, ગળો અને ઉભીરીંગણીનો કવાથ મધ નાંખી પીવો. ગળામાં બળતરા વધારે થતી હોય અને કફ તથા પિત્તનું જોર વધારે જણાતું હોય તો (૧૦) દ્રાક્ષ, ધાણા, લીંડીપીપર, હરડે, ધમાસો અને ખડી સાકરનો કવાથ મધ નાંખીને પીવો. (૧૧) **આંબળાંનું શરબત** તથા મુરબ્બો લેવો. (૧૨) **નારિકેળ ખંડપાક** સવાર, બપોર અને સાંજરે રૂપીઆ રૂપીઆભાર લેવો. (**બનાવટ**) છીણેલું એટલે ઝીણું કરેલું ટોપરૂં તોલા ૧૬ ને ઘી તોલા ૪ માં સેકી તેના સમભાગે સાકર અને નાળીએરનું પાણી તોલા ૬૪ નાંખી ચાસણી કરી તેમાં ધાણા, જીરૂ, લીંડીપીપર, નાગરમોથ, વંશ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોચન, જીરૂ, શાહજીરૂ, તજ, એલચી, તમાલપત્ર અને નાગકેસર પ્રત્યેક તો. ૦। નાંખી પાક તૈયાર કરવો. (૧૩) જીરૂ અને ઘઉંલાનું ચુર્ણ સાકરમાં લેવું. (૧૪) ચુનાનું નીતારેલું પાણી દુધ નાંખી પીવું. (૧૫) હરડેનું ચુર્ણ સાજીનાંફુલ મેળવીને લેવું. (૧૬) **ભાસ્કરલવણચુર્ણ** સવાર સાંજ લેવું. ટુંકામાં અમ્લવિરૂદ્ધ એટલે ક્ષારવાળી દવાઓનો હદમાં ઉપયોગ કરવો. ક્ષારવાળી દવાઓ કરતાં પિત્તશામક ઉપાયોની આ રોગમાં વિશેષ જરૂર છે. ઉપર બતાવ્યા પ્રમાણે ઉર્ધ્વગ અને અધોગ માર્ગેથી પિત્તનો નિકાલ કરવો. ઉપરની દવાઓ કરતાં પણ ન મટે તો (૧૭) **લીલાવિલાસરસ**ની માત્રા સવાર સાંજ બબે રતિ, મધમાં લેવી. **(બનાવટ)** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, તામ્રભસ્મ, અભ્રક ભસ્મ, લોહ ભસ્મ, દરેક તો. ૧, એ સર્વેને ખરલ કરી પછી હરડાં, બેહેડાં અને આંબળાંના ઉકાળાની અને ભાંગરાના રસની પચીસ પચીસ ભાવના આપવી એટલે રસ તૈયાર થશે. આ રોગમાં ઔષધોપચાર કરતાં ખાનપાન ઉપર વધારે આધાર રાખવો.

પથ્યાપથ્ય-(પથ્ય) મગ, જવ, ચોખા, કારેલાં, પરવળ, કહોળું, કેળાનાં ફુલ, પિત્તશામક ખાનપાન હિતકર છે. (અપથ્ય) તેલ, તીખું, તલ, કળથી, ખાટું અહિતકર છે.

વિશેષ ઉપચાર—આંમળાં, આદુ, અરડુશી, કરીઆતું, કોકમ, ઘઉંલાં, દ્રાક્ષ, સાકર, નાળીએર, લીંડીપીંપર, સાટોડી, હરડે, શતાવરી, ગળો, વગેરેમાંથી જે મળે તેનો ઉપયોગ કરવો.

અપસ્માર-વાઈ-ફેફરૂં-Epilepsy.

કારણ—અપસ્મારનું ખરૂં કારણ મગજની નબળાઈ છે (૧) માનસિક કારણ, જેમકે મનની ફિકર, દીલગીરી, ખેદ, બીક, ગુસ્સો અથવા મગજ ઉપર અતિશય કામનો બોજો, (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારીરિક કારણ, જેમકે મસ્તક ઉપર માર અથવા ધક્કો. (૩) રક્ત વિકાર (લોહી વિકાર) જેમ કે ઉપદંશ, સંધિવા અને વાતરક્ત વગેરે. (૪) અતિ વિષયાસક્તપણું અને તેથી થયેલ ધાતુક્ષય તથા હાથરસ વગેરે કુટેવોથી થતો વીર્યપાત. (૫) કૃમિરોગથી, ગર્ભાશયના દરદથી, બાળકોને દાંત ફુટવાથી. (૬) અતિકેફી વસ્તુઓના સેવનથી વગેરે કારણોથી અપસ્માર રોગ થાય છે. આ રોગ કેટલીક વખત વારસામાં પણ ઉતરે છે.

લક્ષણ—વાઇમાં એકાએક ક્ષણીક બેશુદ્ધિ થાય છે. દરદી જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાં સ્તબ્ધ થઈ જાય છે. કોઇ વખતે બેશુદ્ધિની સાથે હાથપગના સ્નાયુ જરા ખેંચાય છે. સખત વાઈમાં દરદી બેભાન થઇ જમીન ઉપર પડી જાય છે. હાથપગ ખેંચાય છે, તાંણને લીધે હાથપગ તથા આખું શરીર જોરથી તરફડે છે. મોંમાંથી ફીણ આવે, આંખના ડોળા ફરી જાય, દાંત જોરથી ભીડાઇ જાય અને વખતે વચ્ચે જીભ આવે તો કરડાઇને લોહી નીકળે, વખતે ઝાડો પેસાબ થઇ જાય; આવી સ્થિતિમાં થોડી મિનિટ સુધી અથવા વખતે કેટલાક કલાક સુધી પડી રહ્યા પછી દરદી જાણે સાધારણ ઉંઘમાંથી ઉઠયો હોય એવો તંદુરસ્ત દેખાય. સ્ત્રીઓને આ દરદ વધારે જોવામાં આવે છે.

ઉપાય—દરદીને વાઇ આવ્યા પછી તેના શરીરની સંભાળ રાખવી. જીભ કરડાય નહિ માટે બે દાંત વચ્ચે દાતણ અગર બુચ જેવડી કઠણ વસ્તુ મૂકી દેવી. ખુલ્લી હવામાં રહેવું, ખેંચતાણ આવતી વખતે દરદીને જોરથી પકડવો નહિ. ખેંચતાણ બહુ વખત રહે તો મોઢા ઉપર ટાઢું પાણી છાંટવું અગર કોલનવૉટરનું પાણી છાંટવું. છાતી ઉપર રાઇનું પ્લાસ્ટર મારવું. તાણ આવી રહ્યા પછી દરદીને ઉંઘવા દેવો. વચલા ગાળામાં જે કારણ જણાય તે દુર કરવા પ્રયત્ન કરવો. દરદીને ઉંઘ આવે તો (૧) **દ્રાક્ષાસવ** બબે રૂપીઆભાર આપીને સતેજ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષાટોડીના સ્વરસનું નસ્ય આપવું અગર લીંડીપીપર તોલો ૦।, ઘોડાવજ તોલો ૦। અને સાટોડી તોલો ૦।; તેનું ચુર્ણ કરી ખુબ ઝીણું ચાળી સુંઘાડવું એટલે દરદીની બેશુદ્ધિ જશે. નાકમાં બળતરા થાય તો ઘીનાં ટીપાં મુકવાં. (૨) માલકાંકણી, ખોરાસાની અજમો, અજમો, અકલકરો, લવીંગ, એલચી, વાવડીંગ અને નાગકેસર સમભાગ લઇ ભાંગરાના રસમાં બોર જેવડી ગોળીઓ કરવી તેમાંથી એકેકી ગોળી સવાર, બપોર ને સાંજરે લેવી. (૩) પથ્ય-દુધ અને ભાત.

ઘોડાવજનું ચુર્ણ સવારસાંજ અડધો તોલો મધમાં લેવું. (૪) કહોળું અને સોનાગેરૂ વાટી તેના રસમાં જેઠીમધનું ચુર્ણ નાંખી ત્રણ દિવસ પીવું. આ પ્રમાણે કરવાથી તાંણનું જોર ઓછું ન થાય તો (૫) **ગોદંતિ હરતાલ ભસ્મ** બબે વાલ, દહીં તોલા ૨૦ અને સાકર તોલા ૩ સાથે મેળવી દરરોજ સવારે બાજરીની નાની રોટલી સાથે ખાઈ જવું. એક માસનો આ પ્રયોગ છે. આ રોગમાં ઝાડાની કબજીયાત થાય છે માટે (૬) **દીનદયાળ ચુર્ણ** અડધા રૂપીઆભાર લેવું. અગર સુંઠનો કવાથ અને એરંડીયું બે રૂપીઆભાર લેવું. (૭) **બ્રાહ્મીધૃત**-તોલા ૩ થી ૪ સુધી લેવું. (૮) **કલ્યાણક ચુર્ણ** સવાર સાંજ ઉંના પાણી સાથે અડધા રૂપીઆભાર લેવું. **(બનાવટ)** સુંઠ, મરી, પીંપર, પીંપળીમૂળ, ચવક, ચિત્રો, હરડે, બહેડાં, આંબળાં, બીડલવણ, સિંધવ, વાવડીંગ, અજમોદ, ધાણા, જીરૂ તેનું ચુર્ણ કરવું. (૯) ઘોડાવજ, સુંઠ, બ્રાહ્મી, હરડે અને ચિત્રાનો કવાથ મધ નાંખીને પીવો (૧૦) ગૌમૂત્ર તોલા ૧૬, સરગવો, અરડુશો, ધોળી અરણી અને લીંબડાનો સ્વરસ દરેક તો. ૧, તલનું તેલ તો. ૪ ને પકાવી તે તેલનો અભ્યંગ કરવો. (૧૧) કળથી, જવખાર, શણનાં બીજ, ગુગળ, જટામાંસી, દશમુળ અને હરડે એ વસ્તુઓનાં કવાથમાં બકરાનું મૂત્ર નાંખી તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘી પકાવીને ખાવું. (૧૨) દેવદાર, વજ, કઠ, મજીઠ, હળદર, રીસામણી, ત્રિફળા, મોથ, કરંજ બીજ, સરસડીયાના બીજ, ગરણી અને ચીત્રકનો કલ્ક નાંખી ચોગણા ગૌમૂત્રમાં ઘી પકાવવું. આ **સિદ્ધાર્થકઘૃત** કહેવાય છે તેનું સેવન કરવું. આ પ્રમાણે (૧૩) **પંચગવ્યઘૃત** પણ સારો ફાયદો કરે છે. **(બનાવટ)** દશમૂળ, કડાછાલ, મોરવેલ, ભારંગી, ત્રિફલા, ગરમાળો, હરડે, રીસામણી, અંઘેડી અને પીલુ (ખારી જારી) ના કવાથમાં કરીઆતું, કરંજ, સુંઠ, મરી, પીંપર, ચિત્રક, નસોતર, કાળીપાટ, હળદર, દારૂહળદર, કાળી ઉપલસરી, ધોળી ઉપલસરી, પોખરમૂળ, કડુ, વજ, ગળી અને વાવડીંગનો કલ્ક નાંખો ગાયનું દુધ, દહીં, મૂત્ર અને ગાયના છાંણનો રસ નાંખી તેમાં ગાયનું ઘી પકાવવું. આ અપસ્માર રોગ સિવાય પણ ક્ષય, ધાતુક્ષય, ચાતુર્થીકજ્વર, શ્વાસ અને ઉન્માદને મટાડે છે. (૧૪) સારસ્વત ચુર્ણ વા. ૮, લક્ષ્મીનારાયણ રસ વા. ૨ ને મેળવી ત્રણ પડીકાં કરવાં, સવાર બપોર ને સાંજે મધમાં ચટાડવાં.

પથ્યાપથ્ય-(પથ્ય) ઘઉં, ઘી, દુધ, મગ, જુનું કોહાળું, સરગવો, દ્રાક્ષ, આંબળાં, ચોખા વગેરે હિતકર છે. (અપથ્ય) ગરમ પદાર્થો, વિરૂદ્ધ અન્નપાન, અતિ મૈથુન, મહેનત અહિતકર છે.

વિશેષ ઉપચાર-ઘોડાવજ, બ્રાહ્મી, શંખાવળી, અગથીઓ, આકડો, જેઠીમધ, ડુંગળી, તલ, બીજોરૂં, મોથ, લસણ, મેથી, લીંડીપીંપર, પીંપરીમૂળ, શતાવરી, હીંગ, કંકોડી, અકલગરો, વાવડીંગ આ ચીજોમાંથી જે મળી શકે તેનો ઉપયોગ કરવો.

વાતવ્યાધિ.

Diseases of the Nervous System.

વિવેચન—પ્રાણ, ઉદાન, સમાન, વ્યાન અને અપાન એ પાંચ નામવાળો વાયુ પોતપોતાના સ્થાનમાં રહી સર્વ પ્રાણીઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્વાહ ચલાવ્યા કરે છે. હૃદય; કંઠ, ઉદર, ત્વચા અને ગુદાએ પાંચ ઠેકાણે તેનું જુદું જુદું કાર્ય હોય છે. તમામ નાની મોટી ચેષ્ટાઓ એટલે કે શરીરવ્યાપારનું પ્રવર્તન વાયુ વડે જ છે. મનમાં સઘળી વૃત્તિઓને વાયુ નિર્માણ કરે છે અને તેનું નિયમન પણ વાયુજ છે. વાતવ્યાધિમાં વાયુ એ શરીરની (રોગીની) શીરાઓનું તથા સ્નાયુઓનું શોષણ કરીને સાંધાના બંધનને ઢીલા કરે છે, તેથી આ રોગ થાય છે. પાશ્ચાત્ય વૈદ્યક આ પ્રકારના વાતવ્યાધિમાં મજ્જાતંતુઓની વિકૃતિ થાય છે, એમ કહે છે.

કારણ—સુકું, લુખું, ઠંડુ અને હલકું અન્ન ખાવાથી, અતિ સ્ત્રીસંગથી, ઘણો ઉજાગરો કરવાથી, વિરૂદ્ધ ઔષધ લેવાથી, કફ, પિત્ત, વાત, મળ, મૂત્ર, રક્ત (લોહી) વગેરે વહી જવાથી (ધમની ટુટી જવાથી), ખાડા ખાબોચીયાં કુદવાથી, નદીમાં તરવાથી, લાંબી મુસાફરી કરવાથી, શક્તિ ઉપરાંત મહેનત કરવાથી, ધાતુક્ષીણ થાય એવી વિરૂદ્ધ ચેષ્ટા કરવાથી, ચિંતા કરવાથી, શોક અને ભય વધારે કરી શરીર સુકવી નાંખ્યાથી, ઝાડો પેસાબ રોકવાથી, આમના સંચયથી, લાકડી વગેરે જડ પદાર્થો શરીર પર લાગવાથી, અપવાસ વધારે કરવાથી, મસ્તક હૃદય વગેરે મર્મસ્થાન પર વાગવાથી; કુપિત થયેલો વાયુ શરીરમાંના ખાલી પડેલા શ્રોતો વગેરે ભાગોમાં ભરાવાથી, વાતવ્યાધિઓ થાય છે.

લક્ષણ—હાડકાં તથા સાંધાઓના ભાગમાં વેદના, હાથ પગ તથા માથાનું જકડાવું, સાંધાઓનો સંકોચ, રૂંવાટા ઉભાં થવાં, અસંબંધ ભાષણ, લંગડાપણું, પાંગળાપણું, કુબડાપણું, અર્થાત અવયવોમાં ખોડ આવવી કે ખુંધ નીકળવી, નિદ્રાનાશ, અંગ ઉપર સોજો, ગર્ભ ધારણ ન થવો, શુક્ર અને રજ (સ્ત્રીઓનું અર્તવ) નો નાશ, અંગો ફરકવાં, મસ્તક, નાસિકા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગરદન વગેરે વાંકા થઈ જવાં સ્પર્શજ્ઞાનનો નાશ, તાણ, શૂળ, મોહ વગેરે અનેક લક્ષણો વાયુથી ઉત્પન્ન થાય છે. હેતુ તથા સ્થાન ભેદે કરી વાતવ્યાધિના ૮૦ પ્રકાર છે. સ્થળ સંકોચને લીધે પક્ષાઘાત, અર્દિતવા, આક્ષેપક, (આંચકી), અપતંત્રક (હીસ્ટિરીઆ) વગેરે રોગોનાં સ્પષ્ટ લક્ષણો બતાવ્યાં નથી. આર્ય વૈદ્યક શાસ્ત્રમાં જે જે રોગોને વાતવ્યાધિમાં મુકેલા છે, તે તે રોગોને એલોપથીમાં "Nervous System" નર્વસ સીસ્ટમનાં દરદો કહે છે. આ પ્રમાણે જુદા જુદા પ્રકારો હોવાથી તે ઉપર ધ્યાનમાં આપી તેની ચિકિત્સા કરવી જોઇએ.

પક્ષાઘાત–Hemiplegia.

કારણ અને લક્ષણ—વાયુથી શરીરનો અડધો ભાગ દબાય છે અને નસો તથા વાયુનું શોષણ થાય છે ત્યારે શરીરનો અરધો ભાગ ડાબો કે જમણો કામ કરતો બંધ પડે છે, એટલે તે ભાગમાં કોઈ પ્રકારનું હલન ચલનનું કાર્ય થઈ શકતું નથી, અર્થાત્ રૂધિરાભિસરણ બીલકુલ થતું નથી. સાંધાઓના બંધનો શિથિલ થવાથી રોગીનું અરધુ શરીર લાકડા જેવું જડ થઇ જાય છે, તેથી તે ભાગમાં લગારે સ્પર્શાદિ જ્ઞાન રહેતું નથી. ટુંકામાં મગજ તથા બરડાની કરોડ સાથે સંબંધ ધરાવનારા મજ્જાતંતુઓ પર દબાણ થવાથી તે તંતુઓનો વ્યાપાર બંધ પડે છે, તેથી પક્ષાઘાત થાય છે. પક્ષાઘાત બે પ્રકારે થાય છે. (૧) મગજમાં રક્તશ્રાવ થવાથી એકાએક થાય છે અને (૨) મગજના બીજા દોષ સંચયને લીધે ધીમે ધીમે પણ થાય છે.

ઉપાય—વાતવ્યાધિના રોગીની ચિકિત્સા અભ્યંગ, બસ્તિ, નસ્ય, સ્વેદન અને વિરેચન વગેરેથી કરવી. પક્ષાઘાતના દરદીને ચિકિત્સા કરતી વખતે ઘણી સાવચેતી રાખવાની છે. શરીરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કયા ભાગમાં વિકાર થઇ પક્ષાઘાત થાય છે, તે બરાબર સમજીને તેની ચિકિત્સા કરવી જોઇએ. પ્રથમ દરદીને એક સારો હલકો જુલ્લાબ થવા માટે (૧) **દિનદયાળચુર્ણ** આપવું અથવા સુંઠના ઉકાળા સાથે એરંડીયું બે રૂપીઆભાર આપવું અથવા મળદ્વારે પીચકારી મારવી. દરદીને શાંત પડી રહેવા દેવો. તેની આસપાસ માણસોની ગીરદી થવા દેવી નહિ. માથા ઉપર (૧) **નારાયણતેલ** (૨) **બલ્લાતેલ** (૩) **અણુતેલ** અથવા (૪) **પ્રસારણી તેલ**માં બોળેલું કપડું રાખવું. આ વ્યાધિમાં એટલું ધ્યાનમાં રાખવું જોઇએ કે મગજની નબળાઈથી આ રોગ થાય છે માટે એકદમ સારૂં થતું નથી. પક્ષાઘાતના રોગીને પ્રથમ સ્નેહનથી તથા સ્વેદનથી ઉપચાર કરી, વમન વિરેચનાદિક ક્રિયાઓ કરવી. વમન પછી એક પખવાડીએ વિરેચન આપવું. વિરેચન આપ્યા પછી સાત રાત્રિ બાદ સ્નેહબસ્તિ આપવી. ત્યારપછી નિરૂહબસ્તી આપવી, ત્યારબાદ ઉપાયો શરૂ કરવા. (૫) રેવંચીનો શીરો, તજનો ભૂકો, એળીયો, વીલાયતી સાબુ દરેક તો. ૦૧, એ સર્વેને એકત્ર કરી પાણીમાં ગોળીઓ ૬૦ કરવી. તેમાંથી દરરોજ બબે ગોળી સવાર સાંજ ગળવી. (૬) કૌવચનાં મૂળ, અડદ, એરંડાનાં મૂળ અને લઘુ ચિકણાં મૂળનો સમભાગે કવાથ હિંગ અને સિંધવ નાંખી પીવો (૭) રાસ્ના, કૌવચનાં મૂળ, કદૃતૃણ, આસન, એરંડાના મૂળ અને સુંઠનો સમભાગે કવાથ રૂપીઆભાર એરંડીયું નાખી પીવો. (૮) રાસ્ના, ગોખરૂ, સુંઠ, ગળો, એરંડાનાંમૂળ અને સાટોડીનો કવાથ મધ નાખી પીવો. આ પ્રમાણે સવારસાંજ કવાથ આપવો. અને તે સાથે (૯) **મહાયોગરાજગુગળ**ની એકેકી ગોળી લેવી. **(બનાવટ)** મહાયોગરાજ તથા યોગરાજ–સુંઠ, પીંપર, ચવક, પીંપરીમૂળ, શેકેલી હીંગ, અજમોદ, ધોળા સરસવ, જીરૂ, શાહજીરૂ, નગોડનાં બી, ઇંદ્રજવ, કાળીપાટ, વાવવીંગ, ગજપીંપર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કડુ, અતિવિષ, ભારંગમૂળ, વજ, મોરવેલ એ દરેક પાપા તોલો, સર્વથી બમણાં (તોલા ૧૦) ત્રિફળા સર્વનું ચુર્ણ કરવું, એ સર્વેની બરાબર (તોલા ૩૦) શુદ્ધ ગુગળ; ગુગળને ધીમે તાપે સારી પેઠે ગોળ જેવો નરમ કરી તેમાં ચુર્ણ મેળવવું અગર ગોળની પેઠે ચુલે ચઢાવી થોડા પાણીમાં પાક કરવો. તેમાં તૈયાર કરેલું ચુર્ણ મેળવી દઈ પાવલીભારની ગોળીઓ કરવી. આ **યોગરાજ** કહેવાય છે. તેમાં બંગભસ્મ, લોહભસ્મ, રૂપાનીભસ્મ, નાગ ભસ્મ, અભ્રકભસ્મ, મંડુર તથા રસસિંદુર દરેક તોલા ૪ મેળવવામાં આવે તો તે **મહાયોગરાજ** કહેવાય છે.

(૧૦) [૧]**મહારાસ્નાદિકવાથ** સાથે મહાયોગરાજ ગુગળ આપવાથી પરિણામ ઘણું સારૂં આવે છે ગુગળમાં રક્તશ્રાવ બંધ કરવાની, મજ્જાતંતુઓને પુષ્ટી કરવાની, રૂધિરાભિસરણ કરવાની તેમજ મગજના તમામ વ્યાધિઓને મટાડવાની ઘણીજ શક્તિ છે. વાતવ્યાધિના દરદો ઉપર ગુગળ અકસીર ઉપાય છે. (૧૧) **ગોક્ષુરાદિગુગળ**-ધાતુગત પક્ષાઘાત ઉપર ઘણો સારો ગુણ આપે છે. [૨]**ગુગળ સેવન કરનારે** ખટાશ અને તીખું ખાવું નહિ અને અજીર્ણ, મૈથુન, શ્રમ, તડકો મદ્ય અને રોષનો ત્યાગ કરવો. (૧૨) **રસોનકલ્ક**-લસણની છોલેલી કળીઓ તોલા ૪ અને શેકેલી હીંગ, જીરૂ, સિંધાલુણ, સંચળ, સુંઠ, મરી, પીંપર પ્રત્યેક અકેક માસો, તેનું ચુર્ણ લસણ સાથે ઘુંટીને તેની પાવલીભારની ગોળીઓ કરવી. દરરોજ અકેક ગોળી એરંડાના મૂળના કવાથ સાથે લેવી. આ કલ્ક સેવન કરનારે મદ્ય, માંસ અને ખટાઇનો ત્યાગ કરવો. (૧૩) **ભીલામાની ગોળી**-

---

૧ रास्नादिक्वाथ संयुक्तो विविधंहन्ति मारुतं ।

२ अम्लतीक्ष्ण मजीर्णं च व्यवायंश्रममारुतं मद्यंरोषं त्यजेत् पुरसेविनः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીલામા તોલા ૮, ગોળ તોલા ૫, પીંપરીમૂળ, પીંપર, અકલગરો, સુંઠ, માલકાંકણી, દરેક તો. ૧ સર્વ વસ્તુઓને વાટીને ગોળમાં બોર જેવડી ગોળીઓ કરવી. દરદીનું બળ જોઇને સવાર સાંજ એકેકી ગોળી પાણી સાથે લેવી. તેલવાળા પદાર્થો પુષ્કળ આપવા. પણ દુધ, ઘી, ખટાશ, રાઇ, ગળપણ બીલકુલ આપવું નહિ. તેલ વધારે ખવાશે તેટલો ફાયદો થશે. (૧૪) **લશુનાદિગુટિકા**–લસણની કળી તોલા ૫, ગુગળ તોલા ૧૦, લવીંગ તોલા ૫, પીંપર તોલા ૨, મરી તોલો ૧, રાસ્ના તોલા ૩, એરંડાના મીંજ તોલા ૩, એ વસ્તુઓને ખાંડી એક કરી ચણીબોર જેવડી ગોળીઓ કરવી. સવાર, બપોર ને સાંજરે એકેકી ગોળી પાણી સાથે લેવી. (૧૫) **વિષતિંદુક ચુર્ણ**–ઝેર કોચલાંને ગાયના મૂત્રમાં શોધી પછી ઘીમાં તળી નાંખી તેનું ચુર્ણ તથા કાળાં મરી એ બંને સરખા ભાગે લઈ તેમાંથી વાલ વાલભારની **પડીકી** સવારમાં સાત દિવસ લેવી. (૧૬) **શ્રીકૃષ્ણચિંતામણિરસ**–હીંગળોકમાંથી કાઢેલો પારો તોલો ૧॥, શુદ્ધ ગંધક તોલા ૨, શુદ્ધ વછનાગ તો. ૧॥, શુદ્ધ કરેલા ધંતુરાનાં બી તોલો ૧॥, પીંપર તોલા ૫, મરી, ચીત્રાની છાલ, જાયફળ, ટંકણ દરેક તોલા ૨॥ તેમાંથી પ્રથમ પારા ગંધકની કજ્જલી કરી બાકીની વસ્તુઓનું વસ્ત્રગાળ ચુર્ણ કરી નાગરવેલના પાનના રસની તથા આદાના રસની ત્રણ ત્રણ ભાવના આપી ચણોઠી જેવડી ગોળીઓ કરવી. અનુપાન પરત્વે પક્ષાઘાત, અર્દિતવા, હનુસ્તંભ, શ્વાસ, કાસ, ગળગ્રહ વગેરેને મટાડે છે. (૧૭) **વાતગજાંકુશરસ**–એકેક રતિ આદાના રસમાં સવાર સાંજ લેવી. **(બનાવટ)** શુદ્ધ પારો તો. ૪, શુદ્ધ ગંધક તો. ૪, શુદ્ધ ઝેરકોચલાં તોલા ૪, ત્રિકટુ (સુંઠ, મરી, પીંપર) તોલા ૬, પ્રથમ પારા ગંધકની કજ્જલી કરી પછી બીજી વસ્તુઓ મેળવી ખરલ કરવો. (૧૮) **નારાયણતેલનું** અભ્યંગ કરવામાં આવે અગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્તસ્રાવ, મૈથુન, વાહનપર બેસવું, શોક, ક્રોધ, ઉદ્વેગ, દારૂ, આળસ, તડકો, દિવસની નિંદ્રા, ખારા અને ખાટા પદાર્થો એ અહિતકર છે.

વિશેષ ઉપચાર–શરીરના રસ, રક્ત (લોહી), માંસ, મેદ, મજ્જા, અસ્થિ તથા શુક્ર એ સાત ધાતુઓમાં વાયુ આશ્રય કરી રહેલો હોય તે પ્રમાણે તેની ચિકિત્સા જુદી જુદી છે. વાયુ રસ ધાતુમાં હોય તો તેલથી મર્દન કરવું અને સ્વેદ વિધિ કરાવવો. વાયુ રક્તમાં (લોહી) હોય તો ઠંડા લેપ, જુલાબ તથા ફસ ખોલાવાના ઉપાયો કરવા. વાયુ માંસ અને મેદમાં હોય તો રેચ આપવો અને ક્વાથની પીચકારીઓ આપવી; વાયુ હાડકાં તથા મજ્જા તંતુઓમાં રહેલો હોય તો અંદર તથા બહાર તેલનો ઉપચાર કરવો. વાયુ વીર્યમાં હોય તો વીર્યવર્ધક ઔષધો તથા અન્નપાન આપવા આર્યવૈદ્યક ભલામણ કરે છે.

સર્વાંગ વાયુ અને વાતવિકાર માટે–સરગવો, અજમો, ગળો, ગોરખમુંડી, ઇંદ્રજવ, કઠ, કાળીજીરી, ચિત્રક, તજ, તુલસી, માલકાંકણી, મોરવેલ, ગુગળ, લસણ, અડદ, મેથી, વછનાગ, ઝેરકોચલાં, ભીલામાં, અરણી, આદુ, ધંતુરો, રાઇ, રેણુકબીજ, સમેરવો

સાત ધાતુગત વા અને બીજા દરેક પ્રકારના વા માટે–રાસ્ના, શતાવરી, ગોખરૂ, આદુ, પીંપળો, એરંડાનાં મૂળ, કણજી, કપુર, બકામ લીંબડો, અસેળીઓ, આકડો, લીંડીપીંપર, અરજુન, સાદડો, હાડસાંકળ, વાયવરણો, તુલસી, ભાંગરો, અગથીયો, કરીઆતુ, સવા, અડદ, નાગલા, ખસખસ વગેરેમાંથી જે મળે તેનો ઉપયોગ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતરક્ત—Gout.

લક્ષણો—એકા એક, રાતમાં પાછલે પ્હોરે પગના અંગુઠામાં અતિશય દરદ અને ટાઢની ચમક સાથે તાવથી શરૂ થાય છે. પગના અંગુઠામાં નહિ, તો પછી પગના તળીઆમાં, પાનીની અંદરની બાજુમાં અથવા હાથના અંગુઠામાં શરૂ થાય છે. પણ જ્યાં થાય ત્યાં અસહ્ય વેદના થાય છે. તે ભાગ સૂજીને રાતો થઇ આવે છે, તેની અંદર અગ્નિ મુકયો હોય અગર તેને ફાડી નાંખતા હોઇએ તે પ્રમાણે વેદના થાય છે, સવારની વખતે દરદ થોડુ કમી હોય છે. પેશાબ લાલ પીળા રંગનો આવે છે, પણ તે થોડો થોડો વારંવાર આવે છે, પેશાબ આવતાં બળતરા થાય છે; અને તેને કાચના પ્યાલામાં રાખી મેલવાથી નીચે થોડો ડહોળો પદાર્થ જામે છે. આવી રીતે બે ત્રણ રાત સુધી દરદ વધે છે, પછી તાવ ઉતરી જાય છે અને તબીયત સારી થાય છે. આ રીતનોજ દરદનો હુમલો અમુક વખત પછી, માસ બે માસ કે વર્ષ પછી થાય છે; ધીમે ધીમે હુમલાઓ નજીક નજીક આવતા જાય છે અને છેવટે દરદ જુનુ થઇ જાય છે. આ જુના દરદમાં તાવ કે સોજો નથી હોતો, પણ હાથ પગ અને આંગળાં ઉપર ટીંબરૂ જેવા ટેકરા હોય છે, તેના સાંધા સજ્જડ થઈ જાય છે અને આંગળાં વળેલાં રહે છે, અજીર્ણનાં ઘણાં ચિન્હો જણાય છે. પેશાબ પાણી જેવો ઉતરે છે તેમાં એસિડ સ્વાભાવિક જોઇએ તેથી ઓછો હોય છે. કોઈવાર ઉપર કહેલા ગાંઠા પાકી આવે છે અને તેની આસપાસ પરૂ થઇ છુટા પડી નીકળ જાય છે, તેને લીધે ચાંદાં પડે છે અને તે ઘણા કાળ સુધી રૂઝાતાં નથી.

વાતરક્ત (નજલો) અને સંધિવાનો ભેદ—નજલો ઘણું કરી પગના અંગુઠામાં શરૂ થાય છે અને પછી બીજા હાથ પગના ન્હાના સાંધાઓમાં ફેલાય છે, વળી શરૂઆતમાં એક બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંધાઓમાં ફેલાય છે પણ સંધિવા પ્હેલેથી મોટા અને ઘણા સાંધાઓને પકડે છે નજલામાં સાંધાઓની આસપાસ યુરેટ ઑફ સોડાનો ક્ષાર આવે છે, સંધિવામાં એવું નથી, નજલો ઘણું કરી પુરૂષોને થાય છે. સંધીવા (આમ વાત) બંને ને થાય છે. નજલામાં હાથ પગ હલાવી શકાય છે. સંધીવામાં હલાવી શકાતા નથી.

ઉપાય-આ દરદનો હુમલો અટકાવવા માટે કબજીઅત દેખાય કે તરતજ રાતે સ્વાદિષ્ટ વિરેચન ચુર્ણ કે એલિઆદિ ગુટીકા લઈ લેવી. ત્યારબાદ ચંદ્રપ્રભા, કૈશોર ગુગળ ગરમ પાણી કે ચા સાથે લેવો. એરંડીયું તેલ દરરોજ એક વખત લેવું થોડા દિવસ મંજીષ્ટાદિ કવાથ કે મંજીષ્ટાદિ ચુર્ણ લેવું.

દરદવાળા ભાગ ઉપર વિષગર્ભતૈલ કે નારાયણતૈલ લગાડવું. અને ગરમ અળસીની પોટીસ બાંધવી. જે ભાગમાં સોજો હોય તે ભાગ ઉંચો રાખવો અને તેને ગરમ કપડાથી વીંટી રાખવો અને તે ઉપર પોસના ડોડાંના પાણીનો શેક કરવો. જવનું પાણી સોડા વૉટર, દુધ વગેરે પ્રવાહી પદાર્થ પુષ્કળ આપવાં.

પથ્ય—બધાં તાજાં લીલોતરી શાકો, ચોખા, સામો, તાજાં પાકાં ફળો (ખટાસ વગરનાં), ઘઉં, બાજરી, જુવાર, બટાટા, દુધ, લીંબુનું શરબત, સાદીચા, થોડી તમાકુ, ટમેટા, વટાણા, વાલ અને બીજી દાળો. માખણ, પનીર, ઘી વગેરે થોડા પ્રમાણમાં લેવાં.

માંસનો ખોરાક, મીઠાઈ, મુરબ્બા, અથાણાં, તેજાના, ખાટાં ફળો, સાકર અને બીજુ ગળપણ, દારૂ વગેરે અપથ્ય છે.

ઉરૂસ્તંભ—Paraplegia.

આ રોગમાં જેમ પક્ષાઘાતમાં શરીર જમણું કે ડાબુ અડધું અંગ જુઠું પડે છે, તેમ કેડથી નીચેનું અડધું અંગ જુઠું પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ—કરોડરજ્જુના નીચલા ભાગમાં કાંઇ વ્યાધિ થવાથી એટલે કરોડરજ્જુનો વરમ થવાથી અથવા તે રજ્જુ વધારે ઢીલો કે વધારે સખ્ત થવાથી અથવા કરોડરજ્જુ ઉપર કાંઇ દબાણુ થવાથી આ રોગ થાય છે. પીઠ ઉપર માર પડવાથી અને તેથી બરડાના હાડકાંને તથા તેની અંદરના કરોડરજ્જુને ઇજા પહોંચવાથી મજ્જાતંતુઓ કામ કરતા બંધ પડે છે અને તેથી ચાલવાનો વ્યાપાર બંધ થાય છે. જેથી ઉરૂસ્તંભ એટલે સાથળ **ઝલાવાનો** વ્યાધિ થાય છે. તેમજ વિરૂદ્ધ આહાર વિહારથી, અતિ શીત, અતિ ઉષ્ણુ, ભારે અને ચીકણા ભોજનો કરવાથી, ઘણા પરિશ્રમથી, દિવસે સુવાથી અને રાત્રે જાગવાથી, કફ તથા મેદ સહિત વાયુ અંદર વીંટાયેલા કફથી, સાથળના અસ્થિઓને પુરી નાંખી જડ બનાવે છે, જેથી સાથળો જડ-શૂન્ય, ભારે તથા ક્રિયા વગરની થાય છે.

લક્ષણુ—શરીરે કળતર, તંદ્રા, જ્વર, અરૂચિ, ઉલટી, પગ પરાણે ઉપડવા, તથા જડ બનવા, પગ જમીન ઉપર મુકતાં તેમાં દરદ થાય છે. ઉઠવા, બેસવા કે ચાલવામાં અશક્ત પણું આવે છે. ઉરૂસ્તંભનો દરદી પોતાના પગ ભાંગી ગયેલા માને છે. બીજા માણસો પગ ઉપાડે તોજ ઉપડે છે. ઉરૂસ્તંભના દરદીનો ઝાડો પેસાબ કબજામાં રહી શકતો નથી.

ઉપાય—(૧) માર પડવાથી કે ભોંયપર પડી જવાથી આ દરદ થયું હોય તો દરદીને સંપૂર્ણ આરામ આપવો. સોજો આવ્યો હોય તો (૨) **દશાંગલેપ-(બનાવટ)** સરસડાની છાલ, જેઠીમધ,તગર, રતાંજળી, જટામાંસી, હળદર, દારૂહલદર, કઠ, વાળો, એલચી એ દશ વસ્તુઓનું સમાન વજને ચુર્ણ કરવું. આ લેપ પાણી કે ગુલાબજળ નાંખી વાટીને સોજા ઉપર ચોપડવો અથવા (૩) અફીણ, રેવંચીનો શીરો, દેશી સાબુ અને એળીયો દરેક તોલા ૧ નો પાણીમાં લેપ કરી ચોપડવો. આ દરદમાં ઝાડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેસાબ બંધ થાય છે માટે (૪) કળથી અને ભોંયગોખરૂનો ઉકાળો કરીને પીવો અને પેઢા ઉપર કેસુડાંનાં ફુલ વરાળીયાં કરી બાંધવાં. ઝાડો થવા માટે (૫) સોનામુખી, કાળી દ્રાક્ષ, ગુલાબનાં ફુલ, રાસ્ના અને સુંઠ દરેક તોલા ૧ નો ક્વાથ કરી પીવો. આ પ્રમાણે કરવાથી ઝાડો પેસાબ ઉતરશે આ રોગમાં પરસેવો બહાર કાઢવા લંઘન તથા રૂક્ષ પદાર્થો ખવરાવવાં તથા કફને શાંત કરનાર અને વાયુને નહિ કોપાવનાર એવી ક્રિયાઓ કરવી. (૬) **પુનર્નવાદિક્વાથ-(બનાવટ)** ભિલામાં, ગળો, દેવદાર, સુંઠ, હરડે, સાટોડી તથા દશમૂળનું ચુર્ણ કરીને ખાવું કે ઉકાળો કરીને પીવો. (૭) ભીલામાંનો કવાથ સાકર, મધ, ઘી તથા મરી નાખીને પીવો. (૮) ગોમૂત્ર તોલા એમાં શીલાજીત, ગુગળ તથા પીપર નાખીને લેવું. (૯) **રાસ્નાસપ્તક**નો કવાથ સુંઠ નાંખી પીવો. (૧૦) ત્રિફળા તથા કડુનું ચુર્ણ અડધા રૂપીઆ ભાર મધ નાખીને ચાટવું. આ રોગમાં તાવ આવે છે માટે (૧૧) **સુદર્શનચુર્ણનો ક્વાથ** કરીને પીવો. આ સિવાય વાતવ્યાધિના પ્રકરણમાં બતાવેલી દવાઓનો ઉપયોગ કરવો.

પથ્યાપથ્ય—(પથ્ય) કોદરા, સાઠી ચોખા, જવ, કળથી, સામો, કારેલાં, પંડોળાં, બથવાની ભાજી, ઉનું પાણી, મીઠા સિવાયના હિતકારક શાક, એ સર્વ હિતકર છે. (અપથ્ય) ભારે ખોરાક, ઠંડો ખોરાક, ઉલટી, જુલાબ, ફસખોલાવવી, લોહી કાઢવું એ સર્વ અહિતકર છે.

આમવાત-Rhevmatism.

આમવાત ચાર પ્રકારનો છે. વાત, પિત્ત, કફ અને સન્નિપાત.

કારણ—પોતાની પ્રકૃતિને માફક ન આવે તેવા આહાર વિહાર કરનારા, મંદ અગ્નિવાળા. વ્યાયામ (કસરત) નહિ કરનારા એવા માણસોનો આમ (જઠરનો કાચો રસ) વાયુથી પ્રેરાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કફસ્થાનોમાં જાય છે અને ત્યાંના કફના સંબંધથી વિશેષ બગાડ થઇને શરીરમાં આમ ફેલાય છે આ આમ વિવિધ રંગનો અને ચીકણો હોય છે. આ આમયુક્ત વાત તથા કફ એક જ સમયે કુપિત થઈ કેડમાં પ્રવેશ કરીને શરીરને જડ બનાવે છે

લક્ષણ—આ રોગમાં સંધિવા અને અજીર્ણનાં મિશ્રિત લક્ષણ હોય છે, જીર્ણતાવ, શરીરે કળતર, પાણીનો શોષ, હાથ, પગ, ઘુંટી, કેડ, ઘુંટણ અને સાથળના સાંધાઓમાં વેદનાવાળો સોજો થાય છે. જ્યાં જ્યાં આમ ફેલાયો હોય ત્યાં વીંછીના ડંખ જેવી વેદના થાય છે, અનાજ ઉપર અભાવ થાય છે, શરીર ભારે થાય છે, સોજામાં બળત્રા થાય છે, પેસાબ ઘણો થાય છે, દિવસે ઉંઘ અને રાત્રિએ અનિંદ્રા, છાતીમાં દરદ તથા શૂળ, વગેરે આમવાતનાં લક્ષણો છે. આ દરદમાં દોષપરત્વે વિચાર કરીને ચિકિત્સા કરવી.

ઉપચાર—સંધિવાના ઉપાયો બતાવેલા છે, તે ઘણાખરા આમવાતને પણ લાગુ પડે છે. એ સિવાય નીચે બતાવેલા ઉપાયો અજમાવવા. (૧) **ધાન્યાદિકવાથ (બનાવટ)** ધાણા, સુંઠ અને એરંડમૂળનો કવાથ પીવો. (૨) સુંઠનો ઉકાળો કરી એરંડીયું મેળવી પીવો. (૩) **રાસ્નાપંચક-(બનાવટ)** રાસ્ના, ગળો, દેવદાર, ભીલામાં, સુંઠ, મરી, પીંપર, એરંડાના મૂળ, સાટોડી અને ગળોના કવાથમાં સુંઠનું ચુર્ણ અને એરંડીયું નાંખી આપવું આ રોગમાં એરંડીયું ઘણું સારૂં કામ કરે છે. (૫) ગોખરૂ અને સુંઠનો કવાથ પીવો. આ કવાથ આમવાત સિવાય કટિશૂળ તથા પીઠનું શુળ મટાડે છે. (૬) લસણ, નગોડ અને સુંઠનો કવાથ પીવો. (૭) ગળોનો કવાથ, સુંઠનું ચુર્ણ નાખી પીવો. આ પ્રમાણે કરતાં આમવાતનું જોર કમી ન થાય તો (૮) ભીલામાં, તલ અને ગોળ સરખા વજને લઇ તેની મોટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોર જેવડી ગોળીઓ કરી સવાર સાંજ એકેકી લેવી. આ રોગમાં આમ સંચય થવા દેવો નહિ; કારણ આમ સંચયથી તાવ આવે છે અને શરીરના તમામ સાંધાઓમાં કળતર થાય છે. તાવ માટે (૯) **ગોદન્તિ હરતાલભસ્મ**–એક વાલ સવારમાં લેવી અથવા (૧૦) **સુદર્શન ચુર્ણનો** ક્વાથ પીવો. જઠરાગ્નિ સતેજ થાય અને અપકવ આમ રહે નહિ માટે (૧૧) **અજમોદાદિ ચુર્ણ**–સવાર સાંજ અરધા રૂપીઆભાર ઉના પાણી સાથે લેવું. **(બનાવટ)** અજમો, વાવડીંગ, સિંધાલુણ, દેવદાર, ચિત્રકમૂળ, પીંપરીમૂળ, વરીઆળી, પીંપર, મરી એ નવ ઔષધો એકેક તોલો; હરડે તોલા ૫, વરધારો તોલા ૧૦; એ સર્વેનું ચુર્ણ કરવું. (૧૨) **પંચસમચુર્ણ**–સુંઠ, હરડે, પીંપર, નસોતર અને સંચળનું સમભાગે ચુર્ણ લેવું. (૧૩) સુંઠ, હરડે અને અજમાનું ચર્ણ છાશ સાથે લેવું (૧૪) હરડે ૧૨ ભાગ, સુંઠ ૪ ભાગ, અજમોદ ૩ ભાગ, ખોરાસાની અજમો ૨ ભાગ તથા સિંધાલુણ ૨ ભાગ, તેનું બારીક ચુર્ણ ખાટી છાશ સાથે કે ઉના પાણી સાથે પીવું. (૧૫) **લસણપાક** તથા **એરંડપાક**-**(બનાવટ)** એરંડીનાં બીજ તોલા ૧૬ ને આઠગણા દુધમાં ઉકાળી, અરધું દુધ બળ્યા પછી તેમાં ૮ તોલા ઘી, સાકર તોલા ૩૨ અને [1]લસણપાકમાં બતાવેલી દવાઓ પ્રત્યેક ૦। તોલો બારીક ખાંડી તેનું ચુર્ણ નાંખીને પાક તૈયાર કરવો, તેમાંથી દરરોજ સવારમાં ત્રણ ત્રણ રૂપીઆભાર પાક લેવો. આ રોગમાં જ્યાં સોજો જણાય ત્યાં (૧૬) **દોષઘ્નલેપ**-**(બનાવટ)** સરગવાનામૂળનીછાલ, સુંઠ, સરસવ, સાટોડીનાં મૂળ તથા દેવદાર સમભાગે લઇ ચુર્ણ કરવું. આ ચુર્ણ ખાટી છાશમાં વાટી સોજા ઉપર જાડો લેપ કરવો. (૧૭) **શુંઠયાદિઘૃત**-**(બનાવટ)** સુંઠનો કલ્ક તોલા ૫, સુંઠનો ક્વાથ તોલા ૨૫૬ અને ઘી તોલા ૬૪, એ સર્વેને ઉકાળી ઘી

---

૧ લસણપાક–સંધિવાના પ્રકરણમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધ કરવું અને તેમાંથી દરરોજ સવારમાં અઢી અઢી રૂપીઆભાર ઘી લેવું. (૧૮) **ખંડશુંઠી**-(બનાવટ) સુંઠ તો. ૩૨, ઘી તો. ૮૦, દુધ ૧૨૮ તોલા, સાકર ૨૦૦ તોલાની ચાસણી કરી તેમાં સુંઠ, મરી, પીંપર, તજ તમાલપત્ર, અને એલચી દરેક તોલા ૪ નું ચુર્ણ નાંખી પાક કરવો. તેમાંથી દરરોજ સવારમાં બબે તોલા લેવો. (૧૯) સુંઠ, હરડે તથા ગળોના ઉકાળામાં ગુગળ નાખી પીવો. (૨૦) લસણનો રસ તોલો ૧॥, તેમાં ગાયનું ઘી તો. ૨ નાંખી પીવું. (૨૧) પાશેર અન્જુર પલાળીને પીજવું. (૨૨) રાત્રે કરીઆતુ તોલો ૧ ચારગણા પાણીમાં પલાળવું, સવારમાં ગાળી લઇ તેમાં કપુર, શિલાજીત અને મધ દરેક બબે આનીભાર નાંખી પી જવું. (૨૩) **આમવાતવિધ્વંસરસ**-(બનાવટ) શુદ્ધ પારો ૧ ભાગ, શુદ્ધ ગંધક ૪ ભાગ, એ બંનેની કજલી કરી, તેનાથીસોળમો ભાગ વછનાગનું ચુર્ણ મેળવી ચિત્રાના રસમાં ભાવના આપવી અને તેની ત્રણ રતીની ગોળીઓ કરવી. આ રસ અપસ્માર, ઉન્માદ, સર્વાંગ વાયુ અને એકાંગવાયુ વગેરે ઉપર સારો ફાયદો કરે છે. માત્રા-૧ થી ૨ ગોળી લેવી. (૨૪) **આમવાતારિરસ**-(બનાવટ) પારો ૧ ભાગ, ગંધક ૨ ભાગ, ત્રિફલા ૩ ભાગ, ચિત્રો ૪ ભાગ, ગુગળ ૫ ભાગ એ સર્વેનું ચુર્ણ કરી એરંડાનાં પાંદડાંના રસમાં ઘુંટી મર્દન કરવું. ત્રણ ત્રણ રતિની ગોળીઓ કરવી, તેમાંથી એકેકી ગોળી રૂપીઆભાર એરંડીયા સાથે અગર ઉંના પાણી સાથે લેવી. **પથ્યમાં** દુધ, મગ, ક્ષારવાળા પદાર્થો ખાવા નહિ. ભેંસનું મૂત્ર નવટાંક અને હળદર બેઆનીભાર મેળવી પીવું. આ સિવાય-**મહારાસ્નાદિ કવાથ અજમોદાદિ ચુર્ણ, મહાયોગરાજ ગુગળ** વગેરે વાતવ્યાધિમાં બતાવેલા કેટલાક ઉપાયો સારો ફાયદો કરે છે. શરીરના જે જે ભાગમાં કળતર, દુઃખાવો થતો હોય તે તે ભાગ ઉપર **નારાયણતેલનું મર્દન કરવું.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરોગ્યવર્ધની-(બનાવટ) શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, લોહભસ્મ, અભ્રકભસ્મ, તામ્રભસ્મએ દરેક એકેક તોલો, ત્રિફલા તો. ૧૦, શીલાજીત તો. ૧૫, ગુગળ તો. ૨૦, ચિત્રો તો. ૨૦, કડુ તો. ૭૦, એ બધુ લીંબડાના પાનના રસમાં ઘુંટી ચાર રતિની ગોળી વાળવી. આ **આરોગ્યવર્ધનીરસ** સારામાં સારો ફાયદો કરે છે.

પથ્યાપથ્ય—(પથ્ય) રેચ, લાંઘણ, શેક, જવનું પાણી, રૂક્ષ પદાર્થનું સેવન, પરસેવો કાઢવો, જુના ચોખા, કળથી, વાતકફનાશક પદાર્થો, છાસ, લસણ, કડવા તથા તીખા પદાર્થો, પરવળ, કારેલાં, વટાણા તથા ચણાનું ઓસામણ, બાફેલાં રીંગણાં, ગરમ પાણી હિતકર છે. (અપથ્ય) દહીં, ક્ષારપદાર્થો, અડદ, મળમૂત્રનો અટકાવ, કફકારક પદાર્થો, ઉજાગરો, સ્નિગ્ધ અને ભારે પદાર્થો જેમકે ઘી, માંખણ, મલાઈ વગેરે અહિતકર છે.

ચુંક તથા પરિણામ શૂળ
Colic and Neuralgic Pain.

આ રોગના બે પ્રકાર છે-પેટમાં ચુંક આવે, આંકડી આવે અથવા શૂળ મારે તે. ચુંક અને શરીરના કોઈ પણ ભાગમાં વાયુથી દરદ થાય તે શૂળ કહેવાય છે.

કારણ—ઝાડાનો કબજો રહેવાથી, કચરો પેટમાં ભરાઈ રહે તેથી ચુંક આવે છે, ઠંડી હવા, ઠંડો ખોરાક, અને ઠંડા પાણીમાં રહેવાથી ચુંક આવે છે, કાચો ખોરાક ખાવાથી ચુંક આવે છે. સફેદો, સીસાના રજકણો અને બીજાં ઝેરી રંગના રજકણો પેટમાં જવાથી ચુંક આવે છે. શરીરે શરદી લાગવાથી અને ઉપરનાં કારણોથી પણ શૂળ આવે છે.

લક્ષણ—આખા પેટમાં અગર ડુંટી આગર પીડ, ચુંક, આંકડી અને શૂળ આવે છે, દસ્ત કબજે રહે છે, ઘણી વખત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલટી થાય, વાછુટ થતી નથી, કેટલીક વખત ઉપરાઉપરી એવી જોરથી ચુંક આવે છે કે દરદી બૂમેબૂમ પાડે છે. પીડાથી દરદી પછાડા મારે અને તે વખતે પેટપર દબાણ કરવાથી અગર ચાંપવાથી સારૂં લાગે, આંતરડાંમાં સોજો થવાથી અગર બીજા દરદને લીધે પણ પેટમાં દરદ થાય છે. મૂત્રાશયના તેમજ પિત્તાશયના દરદોને લીધે કેટલીક વખત ચુંક આવે છે.

ઉપાય—ચુંક અને શૂળનું દરદ એવું અસાધારણ છે કે તેના સાધારણ ઉપાય સર્વેને માલુમ હોય છે (૧) શેક કરવો અથવા ટરપેન્ટાઇન લગાડીને ગરમ બાટલીનો શેક કરવો. (૨) શૂળ ઉપર સાબરશીંગું અને સુંઠ પાણીમાં ઘસી ચોપડવું. (૩) સાબરશીંગું અને સુંઠ પાણીમાં ઘસી તેમાં સંચળ એક વાલ નાખીને પીવું (૪) સુવા અને મેથી ફાકવાં. (૫) લસણની કળી નં ૩ ગળી જવી. ઉપરના ઉપાયો સામાન્ય છે. ઝાડો બંધ હોય તો (૫) સુંઠના કવાથમાં બે રૂપીઆભાર એરંડીયું તથા ફુલાવેલી હીંગ એક વાલ અને સંચળ બે આનીભાર નાંખીને પીવું. અથવા (૬) સુંઠના કવાથમાં એરંડીયું તોલા ૨ અને એલચી, હીંગ, જવખાર અને સિંધાલુણ સમભાગે લઇ તેનું ચુર્ણ પા પા રૂપીઆભાર નાંખી લેવું. આથી પેટ, પેઢુ, નાભી, કાન, આંખ અને પાંસળાનું શૂળ હોય તે પણ મટે છે. (૭) કાંચકાનાં મીંજ ૪ ભાગ, હીંગ ૧ ભાગ, બહેડાં ૨ ભાંગ, સુંઠ ૩ ભાગ, તેનું ચુર્ણ અડધાભાર પાણીમાં લેવું. (૮) શુદ્ધ ઝેરકોચલાં તો. ૨, ગંધક તો. ૧, હીંગ તો. ૦।, સિંધાલુણ તો. ૧ નું ચુર્ણ બબે વાલ પાણી સાથે લેવું. ઉપર પ્રમાણે દવાઓ આપતાં ઝાડો થાય નહિ અને ચુંક અને શૂળ મટે નહિ તો પછી (૯) **વાજીવર્માંરસ**-(અશ્વચોળી)ની અકેકી ગોળી સુંઠના ઉકાળા સાથે આપવી અને પેટમાંથી તમામ કચરો નીકળી જઇ પેટ સાફ થયું જણાય ત્યાર પછી (૧૦) **સાબરસીંગાની**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભસ્મ એક વાલ આદાના રસમાં લેવી (**બનાવટ**) સાબરસીં-ગાના નાના કકડા કરી આંકડાના દુધમાં પલાળી ગજપુટ આપવો. પડખામાં શૂળનો સણકો વધારે રહેતો હોયતો (૧૧) ગુજ્જર, ગુગળ, સરેસ, એળીઓ, રેવંચીનો શીરો, દેશી સાબુ દરેક તોલો ૧ અને હીંગ તો. ૦)ꠊ એ વસ્તુઓનું ચુર્ણ કરી પાણીમાં ખદખદાવી શૂળની જગાએ ચોપડી રૂ દબાવવું. આ લેપ શૂળ માટે સારો છે. પેટમાં ચુંક આવતી હોય તો (૧૨) એળીઓ તો. ૧, રેવંચીનો શીરો તોલો ૧, હીંગ વાલ ૨ ને પાણીમાં વાટી ઉંનું કરી ડુંટીની આગર પાછળ ચોપડવું. અથવા (૧૩) રાઈનું પ્લાસ્ટર રાખવું. ચુંક અને શૂળનું દરદ સાધારણ જણાય છે પણ ઉપડે છે ત્યારે ભયંકર સ્વરૂપ પકડે છે માટે પ્રથમ તો તે બેસી જવાના ઉપાયો કરવા. (૧૪) ચણાનો ખાર રૂપીઆભાર પીવાથી ચુંક મટે છે. (૧૫) શેકેલી હીંગ એકલી અગર લસણ મેળવીને ગોળી કરી ગળી જવી. પેટમાં દુઃખાવા સાથે છાતીમાં ગભરામણ અને ઉબકા આવતા હોય તો છાતીએ ટરપેન્ટાઇન લગાડી પોસના ડોડાનો શેક કરવો. આ રોગમાં નીચે બતાવેલી દવાઓ સારૂં કામ કરે છે. (૧૬) કાંચકાનાં મીંજ, અજમો, સાજીખાર, આંબાહળદર, સંચળ અને શેકેલી હીંગ સરખા ભાગે લઇ ચુર્ણ કરી દિવ-સમાં ત્રણ વખત પાવલીભાર લેવું, (૧૭) [1]**લશુનાદિવટી**ની બબે ગોળી ત્રણ ત્રણ કલાકે લેવી. (૧૮) **પંચલવણ**ની આદાના રસમાં ગોળી કરી લેવી. (૧૯) હીંમજ, અતિવિષ, સંચળ, હીંગ, વજ અને ઇંદ્રજવનું સમભાગે ચુર્ણ કરી અરધો તોલો પાણી સાથે લેવાથી પેટનો વાયુ, શૂળ અને ચુંક બંધ થશે. (૨૦) [2]એરંડાના મૂળ, મેથી અને ગોળનો કવાથ પીવો. (૨૧) હળદર તોલો ૧, અજમો તો. ૧, મીઠું તોલા ૦ા એ ત્રણને

---

૧ કોલેરાના પ્રકરણમાં છે. ૨ સિદ્ધ ભેષજ મણિમાલા—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર તોલા ઘીમાં ઉંનું કરી પીવું. (૨૨) કણુજીનાં બે અગર ત્રણ બીયાંને લગાર ઘીમાં શેકી વાટીને બે વાલ મીઠા સાથે ફાકવાં. (૨૩) બાવળનાં ફુલ તોલા ૧ ને લગાર માટીના વાસણુમાં શેકી ઉંના પાણી સાથે ફાકવાં. (૨૪) પાનમાં ખાવાનો ચુનો વાલ બે અને ફોતરાં કહાડેલો અજમો તોલો ૦॥, તે બંનેને ખુબ મસળી નાંખી તેમાં સંચળ બે આનીભાર મેળવી તેની ફાકી લેવી. (૨૫) ચુનાની ગોળી ચણા જેવડી કરી તેલમાં બોળી ગળી જવી. (૨૬) કાળાં મરી તોલો ૧ અને શુદ્ધ ઝેરકોચલાં તોલો ૦।,નું ચુર્ણ કરી ગુલાબજળમાં ચણા જેવડી ગોળીઓ કરીને તેમાંથી અકેક ગોળી સવારસાંજ લેવી. (૨૭) શુદ્ધ કરેલો સોમલ તોલો ૦। અને મરી સવાપાંચ તોલા તેને કુંવારના રસમાં ખરલ કરી મગ જેવડી ગોળીઓ કરવી. તેમાંથી એકેકી સવાર સાંજ લેવી. (૨૮) **હિંગ્વાષ્ટક ચુર્ણ-(બનાવટ)** સુંઠ, મરી, પીપર, અજમોદ, સિંધવ, જીરૂ, શાહજીરૂ, હીંગ ફુલાવેલી સરખા વજને ચુર્ણ કરી લેવું.

શૂળના પ્રકારો ઘણા છે (૧) વાતશૂળ, (૨) પિત્તશૂળ, (૩) કફશૂળ, (૪) આમશૂળ વગેરે ઉદરના શૂળ ઉપરાંત હૃદય, બસ્તિ, પડખાં વગેરે ભાગોમાંના શૂળનો સમાવેશ થાય છે. દોષપરત્વે તેના ઉપાયો કરવા. **વાતશૂળ**-(૧) એરંડમૂળ અને સુંઠનો કવાથ, હીંગ અને સંચળ નાખી પીવો. (૨) હીંમજ, અતિવિષ, હીંગ, સંચળ, વજ તથા ઇંદ્રજવનું ચુર્ણ પાણી સાથે પીવું. **પિત્તશૂળમાં**-(૧) ઉલટી કરાવી સુક્ષ્મ જુલાબ આપવો. (૨) આંબળાનું ચુર્ણ મધમાં આપવું, (૩) કડુ, ત્રીફળા, તથા ગરમાળાનો ગોળ મધ તથા સાકર નાંખી પીવો. **કફશૂળમાં**-(૧) લંઘન કરવું. (૨) ચિત્રક, વજ અને કડુનું ચુર્ણ ગોમૂત્રમાં લેવું. **સંનિપાતશૂળમાં** બબે દોષના મિશ્રિત ઉપાયો કરવા **આમશૂળમાં** (૧) અજમો, સિંધવ, હીંમજ તથા સુંઠનું ચુર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવું. (૨) એરંડીયું તો. ૬ લસણ તો. ૮, હીંગ તો. ૧ અને સિંધાલુણ તો. ૩ મેળવીને બે ત્રણ તોલા ખાવું. **પરિણામ-શૂળમાં** ખાધેલું અન્ન પચ્યા પછી થનારા શુળમાં પ્રથમ (૧) લંઘન કરી સુક્ષ્મ જુલાબ લેવો. (૨) શેકેલાં કાચકાં તો. ૧, સુંઠ તો ૦ાા, સંચળ તો. ૦ા અને અજમો તો ૦ાા એ સર્વેનું ચુર્ણ પાણી સાથે લેવું. **જ્યાં આગળ શુળ આવતું હોય ત્યાં (૧) રાઇનું પ્લાસ્ટર મારવું.** (૨) અફીણ અને હીંગનો લેપ કરવો. (૩) **કપુરનું તેલ, વછનાગતેલ** કે નારાયણતેલ માલીસ કરી શેક કરવો.

આ બંને રોગ ઉપર **અગ્નિકુમારરસ** ઘણું સારૂં કામ કરે છે. માટે એકેક રતિની માત્રા આદાના રસમાં અગર તુલસીના પાનના રસમાં સવારસાંજ આપવી. **(બનવટ)** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક અને ટંકણ દરેક એકેક તોલો, શુદ્ધ વછનાગ તોલા ૩, કોડીની ભસ્મ તથા શંખભસ્મ બબે તોલા, મરી તો. ૮, બીજોરાના અગર લીંબુના રસમાં ભાવના આપી રસ તૈયાર કરવો, (૨) **ચીત્રકાદિવટી**-(**બનાવટ**) ચિત્રક, મીઠું, પહાડમૂળ, સુંઠ, મરી, પીંપર, કાચલવણ, સિંધવ, બીડલવણ, સંચળ, જીરૂ, ધાણા, જટામાંસી, પીંપરીમૂળ અને અજમો સમભાગે લઇ ચુર્ણ કરી લીંબુના રસમાં મોટા બોર જેવડી ગોળીઓ કરી સવાર, બપોરને સાંજરે એકેકી ગોળી લેવી. (૩) **બીજોરાદિવટી, શંખવટી, શંખદ્રાવ** વગેરે આ રોગ ઉપર સારૂં કામ કરે છે. ચુંક અને શૂળ ઉપર પણ સામાન્ય લોકો (૪) **પીંપરમીંટ, પેનકીલર, અજમાનાં ફુલ, તજનો અર્ક, અજમાનો અર્ક** વગેરે વાપરે છે.

પથ્યાપથ્ય—(પથ્ય) લંઘન, નિંદ્રા, દસ્તનો ખુલાસો, પાચન થવું, સાઠી ચોખા, જૂની ડાંગર, પરવળ, ગરમ દુધ, સરગવો, કારેલાં, મીઠું, હીંગ, લસણ, એરંડીયું, ગોમૂત્ર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીંબુ, ઉલટી, વગેરે (અપથ્ય) વિરૂદ્ધ અન્નપાન, ઉજાગરો, તુરૂં, લુખું, ઠંડુ અન્ન, મૈથુન, મહેનત, મદ્ય, વાલ, વટાણા, તીખા પદાર્થ, વાયડા પદાર્થ, મળમૂત્રનો અટકાવ શોક, ક્રોધ, વગેરેનો ત્યાગ કરવો.

વિશેષ ઉપચાર—ચુંક માટે અજમોદ, આદુ, લસણ, હીંગ, ઝેરકોચલાં, એરંડીયું, સુંઠ, કળથી, બીજોરૂં, મીંઢીઆવળ, હરડે, અજમો, ચિત્રક, એરંડાનું મૂળ, આકડાનાં ફુલ, કાચકાં, વાવડીંગ, વગેરે. **પેટના શુળ માટે** ઉપરની ચીજો ઉપરાંત અંઘેડો;. કપૂર, કરીઆતુ, ફુદિનો, રાઈ, દીકામળી, ચણાનો ખાર, મીંઢળ **વાતશુળ માટે**-ઇંદ્રજવ, ગળો. પિત્તશૂળ માટે આંબળાં, શતાવરી. **આમશુળ માટે**-લીંડીપીંપર. **લેપ માટે**-ગુગળ, ગુજ્જર, એળીઓ, રેવંચીનોશીરો વગેરે

ગુલ્મ-ગોળો.

Abdominal Tumour.

આ રોગ પાંચ પ્રકારનો છે. (૧) વાતગુલ્મ (૨) પિત ગુલ્મ (૩) કફગુલ્મ (૪) ત્રિદોષ ગુલ્મ અને (૫) રક્ત ગુલ્મ. આ પ્રમાણે પાંચ પ્રકાર છતાં એ પાંચેમાં વાયુની પ્રધાનતા છે.

સામાન્ય કારણ અને લક્ષણો-મિથ્યા આહાર તથા વિહારથી વાતાદિ દોષ કુપિત થઇ પેટમાં ગ્રંથી રૂપ પાંચ પ્રકારનો ગુલ્મ ઉત્પન્ન કરે છે અને તે ગુલ્મની ગોળાકાર અથવા લંબગોળાકાર જેવી ગાંઠો પેટમાં ફરતી જણાય છે, અને તે સાથે દુઃખાવો થાય છે તેને ગુલ્મ કહે છે. ઝાડાનો કબજો, અન્નનો ઉછાળો, ઘણા ઓડકાર, આંતરડામાં ફુરફુર અવાજ થવો, પેટ ફુલવું, આંતઢાંમાં દરદ થવું, મંદાગ્નિ, વગેરે લક્ષણો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતગુલ્મ—કારણ અને લક્ષણ—ઝાડો પેશાબનો અટકાવ, શોકથી હૃદયનો અભિઘાત, વારંવાર જુલાબ લઈને મળનો અતિશય ક્ષય થવો, ઝાડો તથા વાછુટ થવી, ગળામાં શોષ, શરીરે રાતાશ અને કાળાશ વગેરે લક્ષણો છે.

ઉપાય—આ રોગમાં (૧) પ્રથમ લંઘન કરાવી દીપન અને સ્નિગ્ધ, ઉષ્ણ અને વાયુને અનુલોમન કરે તેવાં ઔષધો આપવાં. ઝાડો સાફ લાવવા માટે (૨) એરંડીયામાં શેકેલી હીંમજ તોલો એક અને એરંડીયામાં શેકેલી સુંઠ તોલો ૦॥ અને સંચળ તોલો ૦।, ની ફાકી અડધા રૂપીઆભારની લેવી. આથી ઝાડો સાફ આવશે. (૨) બીજોરાના બે રૂપીઆભાર રસમાં બબે આનીભાર બીડલવણ અને સીંધવ નાંખી પી જવુ. (૩) **હિંગુ-પંચક ચુર્ણ** સવાર બપોરને સાંજરે પાપા રૂપીઆભાર લેવું. **(બનાવટ)** હીંગ, સિંધવ, આંબલીની રાખ, રાઈ અને સુંઠનું ચુર્ણ લેવું. (૪) **લશુનાદિવટી** બબે ગોળી સવાર બપોર ને સાંજરે લેવી ગોળો જે જગ્યાએથી ચડે તે જગ્યાએ રાઈનું પ્લાસ્ટર મારવું અથવા ટરપેંટાઈન ચોપડવું.

પિત્તગુલ્મ-કારણ અને લક્ષણ—ખાટાં, ખારાં, ઉષ્ણ અને દાહ કરનાર પદાર્થો સેવન કરવાથી, લોહીના વિકારથી, મદ્યપાન સેવન કરવાથી પિત્તગુલ્મ થાય છે અને તાવ, તરસ, રાતાશ, પાચનક્રિયાની મંદતા વગેરે તેનાં લક્ષણો છે. **ઉપાય**-(૧) હરડે અને ગોળ તોલો ૧, એ બંનેની ગોળીઓ મોટા બોર જેવડી કરવી. તેમાંથી સવાર, બપોર ને સાંજરે અકેકી લેવી. (૨) ત્રિફળાના કવાથમાં નસોતરનું ચુર્ણ તો. ૦। નાખીને તે કવાથ પીવો. હરડે અને કાળી દ્રાક્ષના ઉકાળામાં ગોળ મેળવીને પીવો. (૩) **ત્રિફળા ચુર્ણ** સાકર સાથે લેવું. (૪) આંબળાના રસમાં સિદ્ધ કરેલું ઘી લેવું. (૫) કંપીલાનું ચુર્ણ મધમાં ચાટવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કફગુલ્મ-કારણ અને લક્ષણ—ભારે, ચીકણાં તથા ઠંડા અન્નપાન, વગેરે કારણો તથા તાવ, ગ્લાની, મોગ, અરૂચી અને શરીરમાં ભાર વગેરે લક્ષણો છે.

ઉપાય—(૧) લંઘન, ઉલટી અને શેક સાથે સ્વેદ આપવો. (૨) તલ, એરંડી, અળશી તથા સરસવ વાટીને લેપ કરવો. (૩) વાતગુલ્મના ઉપાયો કરવા.

રક્તગુલ્મ—(Ovarian Tumour) સ્ત્રીઓના આર્તવ-દોષથી થાય છે.

ઉપર બતાવેલ ગુલ્મના ઉપાયો દોષપરત્વે છે જેમાં જે જે દોષોનું મિશ્રણ જણાય તે દોષોની ચિકિત્સા કરવી.

ગુલ્મની સામાન્ય ચિકિત્સા—(૧) લીંડીપીંપર અને જવખારનું ચુર્ણ આદાના રસમાં લેવું. (૨) સિંધવ, સંચળ, બીડલવણ, અજમોદ, એરંડમૂળ, જવખાર બાળહરડે, વાવડીંગ અને ફુલાવેલી હીંગ સમભાગે લઈ તે બધાથી ત્રીજા ભાગે નસોતર લઇ તેનું ચુર્ણ કરવું અને તેમાંથી અરધાભાર ચુર્ણ ઉના પાણી સાથે લેવું. આ ચુર્ણ ગુલ્મ, શૂળ, ચુંક વગેરે મટાડે છે. (૩) કાચકાનાં મીંજ, સંચળ, અજમો, સુંઠ અને હરડેનું ચુર્ણ સમભાગે કરી તેમાંથી અરધાભાર લેવું. (૪) શર-પંખાનો ક્ષાર હરડેના ચુર્ણ સાથે લેવો. આ પ્રમાણે દવા આપવી અને પેટ ઉપર બંધારણ કરવું. (૫) બકરીની લીંડીઓ, મહુડાં, સાજીખાર, આંબાહળદર, એળીયો, સાબુ દેશી, દરેક તોલા ૨, હીંગ અને રેવંચીનો શીરો અકેક તોલો, તેને ખાંડીને ગરમ કરીને પેટ ઉપર ગોળાની જગ્યાએ લેપ કરવો. આ રોગમાં (૬) **શંખવટી**ની ગોળી સવાર બપોર ને સાંજરે અકેકી લેવી. અથવા (૭) **શંખભસ્મ** વાલ ૧, **છીપભસ્મ** વાલ ૧ આદાના રસમાં લેવી. (૮) પીંપળના પાન નં. ૩ ને ગોળ સાથે મેળવી ગોળી કરીને લેવી. (૯) શુદ્ધ કરેલાં ઝેરકોચલાં તો. ૧,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજમો તોલો ૧, સિંધવ તોલો ૦ા એનું ચુર્ણ અકેક વાલ સવારસાંજ લેવું. (૧૦) **અગ્નિમુખક્ષાર** બબે આનીભાર લીંબુના રૂપીઆભાર રસમાં પીવો. (૧૧) **કુમાર્યાસવ** બબે રૂપીઆભાર શુદ્ધ નવસાર વા. ૪, ટંકણ વા. ૨ નાખી સવારસાંજ લેવો ઉપર પ્રમાણે વારા ફરતી દવાઓ આપતાં ગુલ્મ (ગોળો) ન મટે તો. (૧૨) **અગ્નિમુખરસ** તો. ૦ા ઉંના પાણી સાથે લેવો. **(બનાવટ)** હીંગ ૧ ભાગ, વજ ૨ ભાગ, લીંડીપીંપર ૩ ભાગ, સુંઠ ૪ ભાગ, અજમો ૫ ભાગ, હરડે ૬ ભાગ, ચીત્રો ૭ ભાગ, ઉપલેટ ૮ ભાગનું ચુર્ણ કરવું. આ ચુર્ણ ઉદાવર્ત, અજીર્ણ, બરોળ, ઉદરરોગ (પેટના વ્યાધિ) અર્શ, શૂળ અને ગુલ્મને મટાડે છે. (૧૩) **શંખદ્રાવ**ના બબે ટીપાં પતાસામાં નાંખી લેવાં અગર પાણીમાં લેવાં. શૂળના ઘણા ઉપાયો ગુલ્મ રોગમાં પણ લાગુ પડે છે માટે તે ઉપાયો કરવા.

પથ્યાપથ્ય—(પથ્ય) આંબળાં, જુના ચોખા, કળથી લીંબુ, છાશ, લસણ, કુણો મુળો, સરગવો, હીંગ, દુધ, દાડમ અને વાતહર પદાર્થો, પથ્ય છે. (અપથ્ય) અડદ જવ, મીઠાં ફળ, કોહોળું, કઠોળ, જડ અને તેલવાળા પદાર્થો અહિતકર છે.

વિશેષ ઉપચાર—એરંડો, ગુગળ, ચુકો, લીંડીપીંપર, શરપંખો, સાટોડી, લવીંગ, હરડે, વાતગુલ્મ-ઇંદ્રજવ, કાંચકી, તજ અને ઉપરની વસ્તુઓ, પિત્તગુલ્મ-નસોતર, રેણુકબીજ, કફગુલ્મ-અજમો, ત્રિદોષગુલ્મ-અરણી, ગોરખમુંડી, વાયવરણો.

હૃદ્રોગ-રક્તાશયનો વ્યાધિ.
Heart-Disease.

આર્ય વૈદ્યકશાસ્ત્ર પ્રમાણે હૃદ્રોગના છ પ્રકાર છે. (૧) વાત (૨) પિત્ત (૩) કફ (૪) ત્રિદોષજન્ય (૫) કૃમિજન્ય (૬) ઉરોગ્રહ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ—ખાટાં, ખારાં, તુરાં, કડવાં અને અતિ ઉષ્ણ પદાર્થોનું સેવન, અભિઘાત, અજીર્ણ છતાં ખાવામાં આવવાથી, મળમૂત્રના અટકાવથી, ભય, શોક અને ચિંતા વગેરે કારણોથી, હૃદ્રોગ થાય છે.

લક્ષણ—હૃદયમાં શૂળ, છાતીની ડાબી બાજુએ શૂળ આવે છે. છાતી બાંધી લીધી હોય અને શ્વાસ રોકાઇ જતો હોય એવું બહારથી જણાય છે; ખરૂં જોતાં શ્વાસ લેવાતો નથી. દરદીનો દેખાવ ભયંકર થાય છે, નાડી નબળી અને પરસેવો થવો, બોલવાનું બંધ થાય છે પણ અંદર શુદ્ધિ રહે છે; લાંબો વખત આવે તો આંચકી અને તાણ આવે છે. દોષપરત્વે તેનાં જુદાં જુદાં કારણો અને લક્ષણો હોય છે

ઉપાય—આ રોગનો ઉપાય કરતાં પહેલાં રોગનો નિર્ણય કરવાની વધારે જરૂર છે; અને તે માટે વિદ્વાન વૈદ્ય અગર વિદ્વાન દાક્તરની સલાહ વિના કે રોગનો નિર્ણય કર્યા વિના ઉપાય કરવો નહિ. (૧) છાતી ઉપર ગરમ પાણીનો શેક કરવો અગર (૨) અળસીની પોટીસ મુકવી. **પિત્તજન્ય** હૃદ્રોગ માટે (૩) અર્જુન વૃક્ષની છાલનું ચુર્ણ બબે આનીભાર દુધ, મધ, ઘી અને ગોળ સાથે લેવું. (૪) વાવડીંગને ઉપલેટનું ચુર્ણ વાવડીંગના કાઢામાં લેવું. કરમીયાથી થએલ હૃદ્રોગ માટે આ સારો ઉપાય છે. (૫) પોખરમૂળનું ચુર્ણ મધમાં ચાટવું. (૬) હરડે, રાસ્ના, વજ, પીંપર, સુંઠ, મોથ, પોખરમૂળનું ચુર્ણ બબે આનીભાર પાણી સાથે લેવું. (૭) ગાયના સારી રીતે ઉકાળેલા દુધમાં સાકર, મધ, ઘી બબે તોલા અને પીંપરનું ચુર્ણ માષા ત્રણ નાખીને પીવું. આસોંદરાની છાલના કલ્કથી તૈયાર કરેલું ઘી લેવું. (૯) પારા તથા ગંધકની સમભાગે કજ્જલી કરી એ બંનેના સમભાગે અભ્રક મેળવી આસોંદરાની છાલના રસની તથા ડુંગળીના રસની એકવીસ ભાવના આપી તૈયાર કરવું. તેમાંથી અકેક રતિની મધમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવાર સાંજ પડીકી લેવી. **કફથી** થયેલા હૃદ્રોગ માટે (૧૦) કાયફળ, આદુ, દારૂહળદર, હરડે અને અતિવિષની કળીનો કવાથ ગોમૂત્ર સાથે પીવો. (૧૧) કડુ અને જેઠીમધનું ચુર્ણ ઉંના ગરમ પાણી સાથે લેવું. (૧૨) સહદેવી તોલો ૦ાા અને ગંગેટી તો. ૦ાા ને ગાયના પોણોશેર દુધમાં ઉકાળી પીવું. આ રોગમાં (૧૩) **સાબરસીંગાની ભસ્મ** એકેક વાલ મધમાં ચાટવી. ઉપર પ્રમાણે ઉપાયો કરતાં હૃદયનું શૂળ ન મટે તો (૧૪) **કલ્યાણસુંદરરસની માત્રા** એકેક રતી મધમાં આપવી. **(બનાવટ)** રસસિંદુર, અભ્રકભસ્મ, ચાંદીની ભસ્મ, તામ્રભસ્મ, સોનાની ભસ્મ અગર વરખ, હીંગળોક ભસ્મ એ સમ ભાગે લઇ ચિત્રાના રસની સાત ભાવના આપવી એટલે રસ તૈયાર થશે છાતીનાં અને ફેફસાનાં દરદો માટે આ રસ અકસીર છે પ્લુરસીમાં પણ આ દવા ઘણું સારૂં કામ કરે છે. (૧૫) **સિતોપલાદિ ચુર્ણ** સવાર સાંજ બબ્બે આનીભાર ઘી સાથે લેવું (૧૬) **દશમૂળારિષ્ટ, દ્રાક્ષારિષ્ટ, દ્રાક્ષાસવ** એ ત્રણે છાતિના થડકારા વધી જાય તેમાં સારૂં કામ કરે છે. સવારસાંજ બબ્બે રૂપીઆભાર લેવું. (૧૭) **અર્જુનાસવ-(બનાવટ)**(અરજુન)સાદડની છાલ શેર ૧૦, કાળાંદ્રાક્ષ શેર ૫, મહુડાં રતલ ૨ એ ત્રણ ને આઠગણા પાણીમાં ઉકાળવાં. જ્યારે મણ પાણી રહે ત્યારે ધાવડીનાં ફુલ બે રતલ, ગોળ શેર ૧૦ નાખી મેળવીને એક મહીના સુધી રહેવા દેવું એટલે તૈયાર થશે. માત્રા તોલા ૨ થી ૪. (૧૮) **અર્જુનઘૃત-(બનાવટ)** (અર્જુન) સાદડની છાલ શેર પાંચ લઇ તેને ખાંડી પાંચશેર દુધમાં ચટણી બનાવી તેમાં ગાયનું ઘી શેર ૧ નાખી ઉકાળતાં ઘી બાકી રહે ત્યારે તે ઘી વાપરવું માત્રા ૨ થી ૪ તોલા. આ બન્ને પ્રયોગો આ રોગ માટે ઘણા ઉત્તમ છે. છાતીમાં માર પડવાથી અગર બીજી ચોટ લાગવાથી હૃદયની પીડા થઈ હોય તો ટરપેન્ટાઇન લગાડી પોસના ડોડાનો શેક કરવો. આ રોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક વખતે ભયંકર સ્વરૂપ પકડે છે માટે બરાબર નિદાન કરીને તેની ચિકિત્સા કરવી. છાતીમાં ગભરામણ થઇ માથે અને શરીરે પરસેવો વહુ વળે છે અને જીવ હમણાં નીકળી જશે, એવાં ચિન્હો જણાય ત્યારે +**હિરણ્યગર્ભરસ**–માત્રાના ત્રણ ત્રણ લસરકા આદાના રસમાં ઘસી પાવાં અથવા (૨૦) કસ્તુરી એકેક રતીનો ચોથો ભાગ મધમાં આપવો. (૨૧) મોતી તોલો ૦।, ગુલાબજળમાં વાટી તેનો ભુકો લેવો અને અંબર વાલ એક, બંનેને વાટી તેમાં સોનાના વરખ નં. ૨ મેળવી ખરલ કરી તેમાંથી રતીની માત્રા મધમાં લેવી. આ રોગ ઉપર જે જે ઉપાયો કરવામાં આવે તે સારા ચિકિત્સકની સલાહથી કરવા.

પથ્યાપથ્ય—(પથ્ય) પંડોળાં, જૂના ચોખા, કેરી, દાઢમ, ગોળ, લસણ, મધ, ધાણા, પાન, આદુ વગેરે. (અપથ્ય) શ્રમ, ચિંતા, ભય, શોક, બહુ ચાલવું, ઉત્તેજક ખાનપાન, ઝાડાની કબજીયાત, મૈથુન વગેરે અહિતકર છે.

વિશેષ ઉપચાર—અરજુન (સાદડ), એરંડો, આદુ, જેઠીમધ, ગંગેટી, બીજારૂં, લીંડીપીંપર, વાવડીંગ, શેમળો, સમેરવો, પીંપળો, આસુંદરો, કસ્તુરી, અંબર.

પ્રમેહ–પરમીચો.

Gonorrhoea.

આર્યવૈદ્યકશાસ્ત્ર પ્રમાણે પ્રમેહના ૨૦ પ્રકારો છે. (૧) ઉદકમેહ (૨) ઈક્ષુમેહ (૩) સાંદ્રમેહ (૪) સુરામેહ (૫) પિષ્ટમેહ (૬) શુક્રમેહ (૭) સિકતામેહ (૮) શીતમેહ (૯) શનૈર્મેહ (૧૦) લાલામેહ. એ દશ કફ સંબંધી પ્રમેહ છે. (૧૧) ક્ષારમેહ

+ હિરણ્યગર્ભ–रसबलि रविरजत कनक मुक्ताप्रवाल लोहा-भ्रम् । बध्वापटे विपक्वात्रलितैलेहेमगर्भपोटालिका ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૨) નીલમેહ (૧૩) કાલમેહ (૧૪) હારિદ્રમેહ (૧૫) મંજીષ્ઠમેહ (૧૬) રક્તમેહ. એ છ પિત્ત સંબંધી પ્રમેહ છે. (૧૭) વસામેહ (૧૮) મજ્જામેહ (૧૯) હસ્તિમેહ (૨૦) ક્ષૌદ્રમેહ. એ ચાર વાયુ સંબંધી પ્રમેહ છે.

કારણ—બેસી રહેવાથી, બહુ ઉંઘવાથી, દહીં ખાવાથી, ગોળ વગેરે ગરમ પદાર્થો ખાવાથી, ગ્રામ્ય પ્રાણીઓનાં માંસ તથા જળચર પ્રાણીઓનાં માંસનું અતિ સેવન કરવાથી, સ્ત્રીસંગથી, રજસ્વલા સ્ત્રીઓની સાથે મૈથુન કરવાથી, વ્યભિચારી અને વારાંગનાઓની સાથે મૈથુન કરવાથી, વારંવાર સ્વપ્ન સ્ખલિત થવાથી વગેરે કારણોથી પરમીઓ થાય છે.

લક્ષણ—પેસાબ માર્ગેથી પરૂ નીકળે છે, ઇંદ્રિના આગલા ભાગમાં ખરજ આવીને સોજો આવે છે અને મોઢું લાલ થઇ જાય છે, દાબતાં પરૂનું ટીપું નીકળે છે અને તેથી ધોતીયું બગડે છે, પેસાબ કરતાં બળતરા બહુ થાય છે, પેસાબ બરાબર થતો નથી, તણખા મારે છે તેથી તેને તણખીયો પરમો કહે છે. તાવ આવે છે, ઝાડો ઉતરતો નથી, રાત્રે ઇંદ્રિમાં વાયુ ભરાય છે ત્યારે તે કઠણ દોરડા જેવી થઇ જાય છે, ઘણી બેચેની રહે છે અને કેટલીકવાર ઇંદ્રિમાંથી લોહી આવે છે. પરમાનાં આવાં સખત ચિહ્ન દશથી પંદર દિવસ રહી નરમ પડે છે. પરૂ કમી થઇ ને પાતળું અને પીળાને બદલે સફેદ રંગનું આવે છે. પરમીયાને લીધે કોઇવાર બદ થાય છે તથા વૃષણ ઉપર રસ ઉતરવાથી કોથળીએ સોજો આવે છે. પ્રમેહ શરીરના ફક્ત ઇંદ્રિના ભાગનું દરદ છે, તોપણ શરીરમાં તેનાં બીજાં ચિન્હો ઉત્પન્ન થાય છે; જેમકે શરીર ઉપર ચાંદાં ફુટી નીકળવાં, સાંધા દુઃખવા, આંખો દુઃખવી, વૃષણ વૃદ્ધિ વગેરે શરીરના વ્યાધિઓ પ્રમેહને લીધે થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય—પરમીયો શરૂ થાય ત્યારે ઇંદ્રિના મોઢા ઉપર ઘણો સોજો અને અસહ્ય વેદના થાય છે માટે ગરમ પાણીનો શેક કરવો. ઇંદ્રિને ગરમ પાણીમાં બોળેલા કપડાથી વીંટવી. પેસાબ અને દસ્ત થવા માટે બીજી દવાઓ આપવી. (૧) દુધ અને પાણી જરા ઉકાળી ઠંડુ થયા પછી પીવું. અગર (૨) ગોખરૂ અને કળથીનો ઉકાળો પીવો. (૩) તકમરીઆં, બહુફળી, ગોખરૂ અને સાજીનાં ફુલ દરેક તોલો ૦ા એ સર્વેને ખાંડી તેનું ચુર્ણ સવાર, બપોર ને સાંજરે અરધાભાર લેવું. (૪) **ગળોસત્વ** બેઆનીભાર અને **ત્રિફળા** અરધા રૂપીઆભાર મેળવી સવારસાંજ બે વખત લેવું. ઝાડો ન આવે તો (૫) ગુલાબનાં ફુલ, સોનામુખી અને કાળી દ્રાક્ષ દરેક તોલો ૧ નો કવાથ કરી લેવો. ઉપરની દવાથી પેસાબની વેદના ઓછી થઇ ઝાડો અને પેસાબ સારી રીતે આવશે ઉપરની દવાથી ફાયદો ન થાય તો (૬) **પ્રમેહારિચુર્ણની** અરધાભારની ફાકી પતાસું મેળવી પાણી સાથે લેવી. (**બનાવટ**) તકમરીઆં, સુરોખાર અને પાષાણભેદ દરેક તોલા ૨, એ ત્રણને ખાંડી ચુર્ણ કરવું. (૭) **પ્રમેહાન્તકવટીની** બબે ગોળીઓ સવાર, બપોર ને સાંજરે પાણી સાથે ગળવી. (**બનાવટ**) વાંસકપુર, શીલાજીત, રૂમીમસ્તકી, શેરી લોબાન, રાળ, ચણકબાલા, એલચી અને હળદર સમભાગે લઇ તેનું ચુર્ણ કરી સુખડના તેલમાં મર્દન કરી વટાણા જેવડી ગોળીઓ કરવી. (૮) ગળજીભીનો રસ તોલા ૨ માં ગોદન્તિ હરતાલની ભસ્મ વાલ એક અને બેઆ-નીભાર સાકર લઇ હલાવીને સવાર, બપોર ને સાંજરે ચાર પાંચ દિવસ પીવાથી તણખીયા પ્રમેહની બળત્રા ઓછી થાય છે. પરમીયાના દરદમાં ફુલના નીચેની નસમાં દુઃખાવો ઘણો થાય છે અને ઇંદ્રિમાં વાયુ ભરાય છે ત્યારે પ્રાણ જવો બાકી રહે તેવી વેદના થાય છે તે માટે (૯) **ચંદ્રપ્રભાની** અકેકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોળી સવારસાંજ પાણી સાથે લેવી. આ ગોળીઓ પ્રમેહનો કટ્ટો દુશ્મન છે. (બનાવટ) કચુરો, વજ, મોથ, કરીઆતુ, ગળો, દેવદાર, હળદર, અતિવિષ, દારૂહળદર, પીંપરીમૂળ, ચિત્રક, ધાણા, હરડાં, બેહેડાં, આંબળાં, ચવક, વાવડીંગ ગજપીંપર, સુંઠ, મરી, પીંપર, સુવર્ણમાક્ષિક, જવખાર, સાજીખાર, સિંધવ, સંચળ અને બીડલવણ, એમ ચાળીશ ઔષધો પા પા તોલો, નસોતર, દંતીમૂળ, તમાલપત્ર, તજ, એલચી અને વાંસકપુર દરેક અકેક તોલો, લોહભસ્મ તોલા ૨, સાકર તોલા ૪, શિલાજીત તોલા ૮, ગુગળ તોલા ૮, એ સર્વનું ચુર્ણ કરી પાણીમાં ગોળીઓ ચણી બોર જેવડી કરવી. [1]અનુભવ પ્રમાણે ઉપર લખેલાં કાષ્ટાદિક ઔષધો ચારગણા લઇ તેને અધકચરા કરી ખાંડીને સોળ ગણા પાણીમાં પલાળવાં. ૩૨ તોલા ગુગળ લેવો અને તેને આગલે દિવસે પાણીમાં પલાળવો પછી બીજે દિવસે કાષ્ટાદિ ઔષધોનો ઉકાળો કરી ગાળી લેવો. ગુગળનો ઉકાળો કરી ગાળી તેમાં શિલાજીત ૩૨ તોલાનું પાણી કરી નાંખો એ ત્રણેને ચુલા ઉપર ચડાવી ઉકાળવું. ઉકળતાં ઘન ચાસણી જેવું થાય ત્યારે લોહભસ્મ તોલા ૪, માક્ષિકભસ્મ તોલા ૨, વાંસકપુર તોલા ૪ અને સાકર તોલા ૧૬ મેળવીને ચાસણી કરવી. નાના બોરજેવડી ગોળીઓ કરવી. આ ગોળીઓ પ્રમેહ સિવાય મૂત્રકૃચ્છ્ર મૂત્રાઘાત, પથરી વગેરે મૂત્રાશયના તમામ દરદો અને દરેક પ્રકારના પ્રમેહ ઉપર ઘણું સારૂં કામ કરે છે. ઈંદ્રિના સોજા ઉપર (૧૦) ઝેરકોચલાં અને આંબળાંને પાણીમાં ઘસી તેને સહજ દેવતા ઉપર ઉનું કરી ચોપડવું. આ રોગ મૂળમાંથી જવાને માટે (૧૧) [2]બંગભસ્મ અકેક રતિની માત્રા સવાર સાંજ ઘીમાં મેળવીને લેવી.

---

૧ ગુરૂગમ્ય રિતિ પ્રમાણે ચંદ્રપ્રભા બનાવવાનો પ્રકાર.

૨ ગુરૂગમ્ય પ્રયોગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બનાવટ)[1] કલઇ શેર ૧ ને તેલ, છાશ, ગાયનું મૂત્ર, કળથી, ત્રિફળાં, કાંજી અને વરીઆળીમાં ત્રણ ત્રણ વખત શુદ્ધ કરી તેના પતરાં કરી તેના ઝીણા ઝીણા કકડા કરવા, પછી હળદર, અજમો. લવીંગ અને જીરૂ પ્રત્યેક બત્રીસ બત્રીસ તોલા લેવું અને આંબલી તથા પીંપળાની છાલ સુકી પ્રત્યેક શેર શેર લેવી, એ સર્વેને ખાંડી રાખવાં; પછી લોઢાની કડાઇમાં ઉપર બતાવ્યા પ્રમાણે શુદ્ધ કરેલી કલઇના કકડા નાંખી તે ઉના થાય એટલે ઉપરનું ચુર્ણ થોડું થોડું નાખતા જવું ને લોઢાના તાવેતાથી હલાવતા જવું. જ્યાં સુધી કલઈની ભસ્મ થાય ત્યાં સુધી ઉપરનું ચુર્ણ નાખી હલાવવું એટલે ભસ્મ થશે, ત્યાર પછી તેને લુગડાથી ચાળી તેમાં કુંવરના પાઠાનો રસ નાંખી ખરલ કરી ટીકડીઓ કરવી અને માટીના કોડીઆમાં શરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો. ઠંડુ પડયા પછી તેને બહાર કહાડી તે ભસ્મમાં ઉપરની ચાર ચીજો (હળદર, લવીંગ, જીરૂ અને અજમાનો ઉકાળો નાંખી ખરલ કરી શરાવ સંપુટમાં મુકી ફરી ગજપુટ આપવો એટલે સફેદ બંગભસ્મ થશે. પ્રમેહ, મધુપ્રમેહ અને બીજા સત્તર પ્રકારના પ્રમેહને મટાડે છે.

પથ્ય—મગની દાળ અને ફુલકો રોટલી ખાવી. તેલ, આંબલી, મરચું, મીઠું, વાલ અને હીંગ ખાવાં નહિ. (૧૨) [2]**બંગેશ્વર**-(**બનાવટ**) શંખજીરૂ તો. ૫ ને બકરીના દુધમાં સાત દિવસ ખરલ કરી પછી તેનો પેંડો વાળી શરાવ સંપુટમાં મુકી ગજપુટ આપવો એટલે ભસ્મ થશે. આ બબ્બે વાલની માત્રા સવાર, બપોર ને સાંજરે ઘી સાકરમાં લેવી. (૧૩)[3]**પ્રવાલભસ્મ**- પરવાળાંની ડાંખલીને ગાયના દુધમાં, બકરીના દુધમાં અથવા

---

૧ જમીન ઉપર ખાડો કરી તેમાં તેલ વગેરે નાખીને પછી કલઈ ઉની કરી નાંખવી ને ધંટીનું નાનું પડ ઢાંકી દેવું.

૨ ગુરૂગમ્ય પ્રયોગ છે. ૩ ગુરૂગમ્ય પ્રયોગ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુવારના પાઠાના રસમાં શરાવ સંપુટ કરી ગજપુટ આપવો. આ ભસ્મમાંથી એકેક વાલ, બેઆનીભાર ગળોસત્વ સાથે મેળવી ઘી સાકરમાં ચાટવી. (૧૪) ત્રિફળાનો કવાથ મધ નાંખી પીવો. આ પ્રમાણે દવા આપતાં પરમાનું જોર ઓછું થતું જાય છે પણ કેટલીક વખતે ગરમીનું જોર વધારે હોય છે તો પેસાબ બંધ થઇ જાય છે માટે પેડુ ઉપર (૧૫) કેસુડાનાં ફુલ વરાળીયાં કરી બાંધવાં અને પેસાબ થવા માટે (૧૬) લાંબડીનાં બીયાં તો. ૨ અને સુરોખાર તોલો. ૧ બન્નેનું ચુર્ણ તો. ૦।। પતાસા સાથે લેવું. આથી પેસાબનો ખુલાસો સારો રહેશે. પરમાનો રોગ એવો વિચિત્ર છે કે તેમાં દોષપરત્વે પ્રકૃતિ અનુસાર દવાઓનો ફેરફાર કરતાં જે દવા લાગુ પડે છે તેના ઉપર આધાર રાખવામાં આવે છે. માટે પરમાના વીસ પ્રકાર છે તે ઉપર અનુભવ કરેલી કેટલીક દવાઓ નીચે બતાવવામાં આવી છે તેનો ઉપયોગ કરવો. (૧) **ઉદકમેહ**માં–મેલું પાણી સરખું અને ચીકણું મૂત્ર ઉતરે છે. **ઉપાય**–(૧) **ચંદ્રપ્રભા**ની એકેકી ગોળી પાણી સાથે આપવી. (૨) **શીલાજીત** એકેક વાલ દુધમાં નાખી લેવો. (૩) પારિજાતક અને નિર્મળીનો કવાથ આપવો (૨) **ઇક્ષુમેહ**માં–શેરડીના રસ જેવો મીઠો અને ઘણો પેસાબ આવે છે. **ઉપાય**–(૧) હરડે, કાયફળ, મોથ અને લોધરનો કવાથ મધ નાંખી પીવો. (૨) અરણીનાંમૂળનો કવાથ પીવો. (૩) **ચંદ્રપ્રભા**ની ગોળી એકેકી પાણી સાથે લેવી. (૩) **સાંદ્રમેહ**માં પેસાબ રાત્રે રાખી મુકવાથી ઘાટો થાય છે. **ઉપાય**—(૧) હળદર, દારૂહળદર, વાવડીંગ અને તગરનો કવાથ મધ નાંખી પીવો. (૨) સાત્વિનનો કવાથ પીવો. (૩) સપ્તપર્ણનો કવાથ પીવો. (૪) **સુરામેહ**માં રાત્રે પેસાબ રાખી મુકવાથી મદિરા જેવો ઘાટો થાય છે **ઉપાય**–(૧) દેવદાર, કઠ, સુખડ અને અગરનો કવાથ પીવો. (૨) શીમળાનો કવાથ મધ નાંખી પીવો. (૩) ગળોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્વાથ મધ અને હળદર મેળવી પીવો, (૫) પિષ્ટમેહમાં-પેસાબનાં લોટ જેવો ભાગ જાય છે અને પેસાબ કરતાં રૂંવાટાં ઉંચાં થાય છે-અંગ્રેજીમાં "કાંઈલ્યુરીઆ" કહે છે. ઉપાય-(૧) હરડે, દારૂહળદર, વજ, અરણી, બહેડાં અને આંબળાંનો ક્વાથ મધ નાંખી પીવો. (૨) હળદર, દારૂહળદર, ગળો અને આંબળાનો ક્વાથ મધ નાંખી પીવો. (૬) શુક્રમેહમાં-પેસાબ સાથે વાર્ય જાય અગર પેસાબ કરી રહ્યા પછી વાર્યનાં ટીપાં પડે છે. અંગ્રેજીમાં તેને "સ્પર્મેટોરીયા" કહે છે. ઉપાય-(૧) સોપારીનાં ફુલ તોલો ૦॥ અને સાકર તોલો ૦। બંનેનું ચુર્ણ ગાયના દુધ સાથે સાકર નાંખી લેવું. (૨) ખાખરાનો ગુંદ, પાષાણભેદ, સમુદ્રશીણ, દારૂહળધર અને સાકરનું સમભાગે કરેલું ચુર્ણ અડધા ભાર ગાયના દુધ સાથે લેવું. (૩) રતાંજલી, આસોંદરો અને દુધનો ક્વાથ મધ નાંખી લેવો (૪) મુગલાઈ બેદાણા તોલો ૧ રાત્રે પલાળી તેના લુઆબમાં સાકર તોલો ૦। નાંખી લેવું (૭) સિકતામેહમાં-પેસાબ કરતી વખતે રેતી જેવી ઝીણી કણીઓ પડે છે. ઉપાય-ચિત્રકમૂળનો ક્વાથ મધ અને હળદર નાંખી લેવો. (૨) લીંબડાના ગળો, આબળાં, હરડે અને બહેડાંનો ક્વાથ મધ નાંખા પીવો. (૮) શીતમેહ-પેસાબ ટાઢો અને મીઠો ઉતરે છે. ઉપાય-(૧) આંબલીની છાલ, કમળ અને આંબળાંનો ક્વાથ શિલાજીત એક વાલ નાંખી પીવો. (૨) ગોખરૂ, બહુફળી સમભાગે લઇ તેનો ક્વાથ મધ નાંખી પીવો. (૯) શનૈમેહમાં-પેસાબ થોડી થોડી ધારે મંદવેગથી ઉતરેછે. ઉપાય-૧) ખેરની છાલ, આંબળાં અને હરડેનો સમભાગે ક્વાથ લેવો. (૨) ગળજીભીનો રસ તોલો ૧ તેમાં બે આનીભાર સાકર નાંખો પીવો. (૧૦) લાલામેહમાં-પેસાબ કરતી વખતે લાળના તાંતણાના જેવું નીકળે છે. ઉપાય-(૧) ત્રિફળા, ગરમાળો અને કાળીદ્રાક્ષનો ક્વાથ મધ નાંખી પીવો. (૨) વાળો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરડે, વજ બે જાતની અને ગળોનો કવાથ મધ નાંખી પીવો. (૧૧) **ક્ષારમેહમાં**-પેસાબમાં ખારા પાણી જેવો ભાગ જાય છે. **ઉપાય**-(૧) વાળો, લોધર, આસોંદરો અને સુખડનો કવાથ મધ નાંખીને પીવો. (૨) ત્રિફળાનો કવાથ શિલાજીત એક વાલ નાંખી પીવો. (૩) લીંબડાની ગળો, કાળીદ્રાક્ષ અને હરડેનો કવાથ પીવો. (૧૨) **નીલમેહમાં**-પેસાબ નીલા રંગનો થાય છે. **ઉપાય**-(૧) સોથ, હરડે, વાળો અને રતાંજલીનો કવાથ પીવો (૨) પીંપળનો કવાથ પીવો. (૧૩ **કાલમેહમાં**-પેસાબ મેશ જેવો કાળો ઉતરે છે. **ઉપાય**-(૧) લીંબડાની છાલ, પટોળ, ગળો અને આંબળાનો કવાથ મધ નાંખીને પીવો. (૨) લોધર, આંબળાં અને હરડેનો કવાથ મધ નાંખી પીવો. (૧૪) **હારિદ્રમેહમાં**-પેસાબ કરતાં હળદરના રંગ જેવો પેસાબ ઉતરે અને બળતરા વાળો પેસાબ થાય છે **ઉપાય**-(૧) આંબળાની છાલ, લોધર, દારૂહળદર અને ધાવડીનો કવાથ મધ નાંખી પીવો. (૨) ત્રિફળા અને ગરમાળાનો કવાથ મધ નાંખી પીવો. (૧૫) **મંજીષ્ટમેહમાં**-પેસાબ મજીઠના રંગ જેવો ઉતરે છે. **ઉપાય**-(૧) કાળીપાટ, પીંપળો અને નેતરનો કવાથ મધ નાંખી પીવો. (૨) વાળો, મજીઠ અને રતાંજલીનો કવાથ પીવો (૩) ગરમાળો અને ગળોનો કવાથ પીવો. (૧૬) **રક્તમેહમાં**-પેસાબ ગરમ લોહી જેવો ઉતરે છે. **ઉપાય**-(૧) ખજુર, ગળો અને શીવણનાં-મૂળનો કવાથ પીવો. (૨) આંબળાં તથા ગળોનો કવાથ મધ નાંખી પીવો. (૩) હીરાબોળ, આંબળાં અને એલચીનો કવાથ પીવો. **વસામેહમાં**-પેસાબમાં ચરબી, નીલ અગર તેવા રંગનો પેસાબ થાય છે. **ઉપાય**-[૧] અરણીનાં મૂળ તથા સીસમનો કવાથ પીવો. [૨] હળદર, જેઠીમધ અને વાવડીંગનો કવાથ પીવો. (૧૮) **મજ્જામેહમાં**-પેસાબ મજ્જાના રંગ જેવો ઉતરે છે. **ઉપાય**-[૧] હરડે, ધાણા, ગરમાળાનો ગોળ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંબળાંનો કવાથ પીવો. [૨] ગળો, આંબળાં, હળધર અને આંબાહળદરનો કવાથ પીવો. (૧૯) **હસ્તિમેહમાં**-હાથીના કુંભસ્થળમાંથી જેવા રંગનો મદ ઝરે છે, તેવા રંગનો પેસાબ ઉતરે છે. અંગ્રેજીમાં "એન્યુરેસિસ" કહે છે. ઉપાય-[૧] સરસડો, કાળીપાટ, મોરવેલ અને ધમાસાનો કવાથ પીવો. [૨] પાનનો કવાથ પીવો. [૩] હરડે, કાળીદ્રાક્ષ અને ધમાસાનો કવાથ પીવો. (૨૦) **ક્ષૌદ્રમેહમાં**-જુવો મધુમેહ ડાયાબીટીસ. ઉપર પ્રમાણે વીસ પ્રકારના પ્રમેહોના ઉપાયો જણાવ્યા છે છતાં પણ કેટલીક બાબતો પર વિશેષ જણાવવાની જરૂર છે. પરમાનું પરૂ એકદમ બંધન કરતાં જે જે કારણોથી પરમો થયેલો છે તે તે કારણો દુર થવાથી પરમો મટે છે. ઇંદ્રિની નીચેની નસોમાં દુખાવો પુષ્કળ થાય છે અને નીચેના ભાગમાં આગળ પેસાબ આવતાં ઘણોજ દુઃખાવો થાય છે તેમજ તે જગા દાબવવાથી પરૂ નીકળે છે માટે **પ્રમેહારિવટી**ની એકેકી ગોળી સવાર, બપોર ને સાંજરે ગાયના દુધ સાથે અગર પાણી સાથે લેવી. [બનાવટ] ચનીકબાલા, શંખજીરૂ અને સોનાગેરૂ, દરેક તોલો ૧ નું ચુર્ણ કરી સુખડના તેલમાં ગોળીઓ ચણીબોર જેવડી કરવી. આ ગોળીઓથી નસોનો દુઃખાવો ઓછો થશે અને પરૂ ધીમે ધીમે કમી થતું જશે. ભીમસેની કપુર વાલ ૧ અને અફીણ અરધી રતી, એ બેને વાટી મધમાં ગોળી કરી સવારસાંજ એકેક ગળવી. પરમાનું જોર ઓછું થયા પછી પણ તદ્દન મટી જાય તેવા ઉપાયો કરવા જોઈએ. આ રોગમાં પાશ્ચિમાત્ય વિદ્વાનો પીચકારીનો ઉપયોગ કરવા ભલામણ કરે છે. કાચની પીચકારી લાવી જરા ગરમ કરેલું પાણી તોલા ૪ લઈ તેમાં ફુલાવેલી ફટકડી વાલ ૧ તથા જસતનાં ફુલ વાલ ૧ નાંખી હલાવીને પીચકારી લેવી. પીચકારીની દવાઓ-મોરથુથુ, ફટકડી, જસતનાં ફુલ, સીલ્વર નાઇટ્રેટ, પોટાસપરમેંગ્નેટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે. દવાઓ માટે કોપેબા બાલસમ, ચણકબાબ, સુખડનું તેલ અને સેન્ટલસ્માડોની ગોળીઓ ખાવા ભલામણ કરે છે. ઉપરની દવાઓ આપણી દેશી દવાઓની સાથેની છે એટલે તે બતાવી છે. **બહુમૂત્રવાળા પ્રમેહ** ઉપર (૧) કાળા તલ તોલો ૧ સવારમાં સેવન કરવા. (૨) **આનંદભૈરવરસ**ની એકેકી ગોળી સવાર, બપોર ને સાંજરે દુધ સાથે લેવી. (બનાવટ) શુદ્ધ હીંગ-ળોક, શુદ્ધ વછનાગ, મરી, ટંકણ, પીંપર સમભાગે ચુર્ણ કરી આદાના રસમાં મગ જેવડી ગોળીઓ કરવી. (૩) **પંચવકત્ર** રસની એકેકી ગોળી સવાર, બપોર ને સાંજરે પાણી સાથે લેવી અને તે ઉપર અરધો તોલો ચારોળી ચાવી જવી. (૪) ત્રિફળા, વાંસનાંપાંદડાં, મોથ, પહાડમૂળ અને જેઠીમધનો કવાથ પીવો. ઉપર બતાવેલા વીસ પ્રકારના પ્રમેહો ઉપર પ્રથમ બતાવેલા ઉપાયો પૈકી **બંગભસ્મ, ચંદ્રપ્રભાગુટીકા** અને **પ્રમેહાન્તકવટી** સારૂં કામ કરે છે. માટે તેનો ઉપયોગ કરવો. પ્રમેહ ઉપર કેટલાક **સામાન્ય ઉપાયો** સારૂં કામ કરે છે તે નીચે પ્રમાણે છે. (૧) સુવા શેર ૧, મેંદો શેર ૦॥, ગુંદ શેર ૦॥, રાતી ખાંડ શેર ૧॥ અને ઘી શેર ૧ સર્વેને ખાંડી અધોળ અધોળના મોદક બનાવવા તેમાંથી સવારસાંજ એકેક લેવો. (૨) ધોળો ગુંદ શેર ૦।, શીંગોડાનો લોટ શેર ૦।, બુરૂ ખાંડ શેર ૦॥, ઘી શેર ૧।; મેંદો શેર ૦॥। એ બધાં વસાણું એક કરી અધોળ અધોળના મોદક બનાવી તેમાંથી એકેક લેવો. (૩) કેવડાની જડનો રસ શેર ૦। માં સાકર તો. ૧॥ નાંખી પીજવું. (૪) ગળોસત્વ તો. ૦॥, પિત્તપાપડો તોલો ૧, આંબળાં તો. ૧, બહેડાં તોલો ૧, હરડે તોલો ૧, ધરો તોલો ૧ એ સર્વેને પાણી શેર ૧॥ માં ઉકાળી પાંચ તોલા રહે ત્યારે તેમાં તોલો ૧ મધ નાંખી પીવું. (૫) ચણકબાબ અને કાંચકીનાં પાંન સમભાગે લઇ તેને પાણીમાં વાટી તેનો રસ પી જવો. (૬) દાડમ અને જાંબુનો શરબત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવો. (૭) વડનું દુધ પતાસામાં ભરી સાત દિવસ લેવુ. (૮) ફટકડી તોલો ૧, એલચી તોલો ૧, સાકર તોલા ૨ નાં પડીકાં નં. ૩ કરી લેવાં. (૯) શંખાવળી, સાકર, ધાણા અને વરીઆળી સમભાગે લઇ રાત્રે પાણીમાં પલાળી સવારમાં હિમ કરી પીવું. (૧૦) ખાખરાના ફુલનો કવાથ સાકર નાંખી પીવો. (૧૧) વાવડીંગ, હળદર, જેઠીમધ, સુંઠ અને ગોખરૂનો કવાથ મધ નાંખી લેવો. (૧૨) ચણકબાબ તોલો ૧ નો કવાથ કરી તેમાં સુખડના તેલનાં પાંચ પાંચ ટીપાં નાંખી તે કવાથ પીવો. (૧૩) વંશલોચન, એલચીદાણા, ચણકબાબ, ધોળો કાથો અને માયફળ દરેક તોલો ૧ નું ચુર્ણ કરી તે ચુર્ણમાં સુખડનું તેલ નાંખી નાના બોર જેવડી ગોળીઓ કરવી; તેમાંથી સવારસાંજ બબે ગોળીઓ ઠંડા પાણી સાથે લેવી. (૧૪) નવટાંક ઘઉં રાત્રે પાણીમાં પલાળી રાખી સવારમાં વાટી વસ્ત્રગાળ કરી તે પાણીમાં સાકર તોલો ૧ નાંખી સાત દિવસ પીવું.

પરમાવાળાને બીજા ઉપદ્રવો નીચે પ્રમાણે થાય છે. (૧) મૂત્રકચ્છ-નળીના સોજાને લીધે પેસાબ અટકી જાય છે અને ટીંપે ટીંપે થાય છે. (૨) રક્તસ્રાવ-પેસાબ વાટે લોહી આવે છે. (૩) ચાંદીમાં બદ થાય છે તેવી પરમામાં પણ થાય છે. (૪) વૃષણવૃદ્ધિ ગોળી સુજી આવે છે. (૫) આંખ ઉઠવી. (૬) સંધિવા. આ ઉપદ્રવોની ચિકિત્સા આગળ બતાવવામાં આવી છે.

પથ્યાપથ્ય—પરમાના દરદીએ આહારમાં જેટલી સંભાળ રાખવાની છે તેથી વિશેષ વિહારમાં સંભાળ રાખવાની જરૂર છે. પરમો એ નાદાની અવસ્થાની શિક્ષા છે. પરમાનું ઝેર ઘણું ચેપી છે અને ખરાબ છે, માટે સંભાળ રાખી રહેવાની જરૂર છે. [**પથ્ય**] ડાંગર, જવ, સાઠીચોખા, મઠ, ઘઉં, જુની કળથી, મગ, તુવેર, ચણા એ સર્વેનું ઓસામણ, પરવળ, કાકડી, જુનું મધ, પાકાં કેળાં જાંબુ ખજુર, તરબુચ, કડવા તથા તુરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થો હિતકર છે. [**અપથ્ય**] પેસાબ રોકવો, દિવસે ઉંઘવું, બીડી પીવી, વાલ, મિષ્ટાન્ન, તેલ, દહીં, શેરડી, ખાટા, ખારા, તીખા અને ઉષ્ણ પદાર્થ, મૈથુન, નવો દારૂ, તેલ, દુધ, ગોળ, વગેરે અહિત કરનાર છે.

વિશેષ ઉપચાર—અરલુ, આંબળાં, સુખડ, રતાંજલી, ચનીકબાલા, સોનાગેરૂ, ઉંબરો ઉમથુંજીરૂં, કેવડાનું ઝાડ, કેળ, ખાખરો, ખીજડો, ખેર, ગળો, ગોખરૂ, તલ, નિર્મળી, પાષાણભેદ, બકાન લીંબડો, હીરાબેળ, બાવળ, ભોંયઆંબળાં, ગળજીભી, હળદર, દારૂહળદર, ભોંયકહોળું, મેંદી, મેંદાલકડી, લીંબડો, વાંસ, શતાવરી, શરપંખો, સીસમ, હરડે, કમળ, એલચી, સાત્વીન, શેમળો, મજીઠ, પારિજાતક, ગરમાળો, રતનજોત, પીંપળો, કાયફળ, અળશી.

તા. ક. આ દરદ માટે અઢાર માસ દવા કરવી જોઇએ તોજ જડમુળમાંથી મટે છે.

મધુમેહ-મીઠો પેસાબ.
(Diabetes-ડાયાબીટીસ)

આ રોગમાં પેસાબ વધારે વખત થાય છે અને તેમાં સાકર જાય છે. વીસ પ્રકારના પ્રમેહ બતાવ્યા છે, તેમાંનો ક્ષૌદ્ર પ્રમેહ એજ મધુમેહ છે. સુશ્રુતાચાર્યે તેનું નિદાન અને ચિકિત્સા અલગ બતાવી છે. લોહીમાં સાકરનો ભાગ હોય છે, તે યોગ્ય પ્રમાણમાં હોય છે ત્યાં સુધી પેસાબમાં નીકળી જતો નથી; પણ સાકર તથા સાકરના ગુણવાળા પદાર્થો બહુ ખાવાથી, યકૃત (લીવર) ની ક્રિયા બગડવાથી તથા મગજના કેટલાક દરદો થવાથી પેસાબમાં સાકર જાય છે.

કારણ—મીઠાશવાળી વસ્તુઓનું અતિ સેવન કરવાથી તથા મગજ અને કરોડરજ્જુનાં દરદોથી મધુમેહનો ભયંકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોગ થાય છે. આર્ય વૈદ્યકશાસ્ત્ર પ્રમાણે ક્ષૌદ્રમેહના જે કારણ લક્ષણો છે તેજ મધુમેહનાં છે. જે લોકો ખાંડ, મીઠાઇ તથા ચોખા બહુ પીવાથી, મનની દીલગીરીથી, શોક અને ભય વગેરે કારણોથી આ મધુમેહ થાય છે. આ રોગ વંશપરંપરામાં ઉતર છે.

લક્ષણ—પેસાબ કરવા ઘણી વખતે જવું પડે છે. રાતમાં પણ કલાકે બે કલાકે ઉઠવું પડે છે અને શરીર ક્ષીણ થતું જાય છે. પેસાબ કરતાં બળત્રા બળે છે અને મૂત્ર માર્ગમાંથી રસી નીકળે છે અથવા તેના મોઢા ઉપર ચાંદાં પડે છે. પેસાબ રંગે ફીકો અને સ્વાદે ગળ્યો હોય છે. પેસાબમાં સાકર વધારે પ્રમાણમાં જાય છે. તાવ આવતો હોય તો કમી નીકળે છે. પેસાબની પરીક્ષા કરવાથી માલુમ પડે છે. તે ઉપરાંત પેસાબ વધારે વખત રાખી મુકવાથી તેમાં ફીણ થવા માંડે છે, પેસાબ ઉપર કીડી, મંકોડા વગેરે જીવ ચઢે છે, તે મધુમેહની પરીક્ષાનું **ખાસ** ચિન્હ છે, તરસ બહુ લાગે છે, જીભ તથા ગળુ સુકાય છે, કોઈવાર અરૂચી થાય છે. જીભ રાતી થાય છે, પેઢાં સુજી આવે છે અને તેમાંથા લોહી નીકળે છે, ઝાડો બહુ કબજે રહે છે, શરીર બહુ દુર્બળ થતું જાય છે અને પુરૂષાર્થ ઓછું થઇ નબળાઇ દિનપ્રતિદિન વધતી જાય છે વગેરે લક્ષણો મધુમેહનાં છે.

ઉપાય—(૧) ઔષધોપચાર કરતાં ખોરાકની તજવીજ વધારે ફાયદો કરે છે. આ રોગમાં (૨) **શિલાજીત** સારૂં કામ કરે છે. શિલાજીત દરરોજ એકેક વાલ સવારસાંજ ઘીમાં લેવો. (૩) **ચંદ્રપ્રભા**ની ગોળી સવારસાંજ એકેકી પાણી અગર દુધ સાથે લેવી. (૪) **બંગભસ્મ** એકેક રતિ ઘીમાં લેવી. ચંદ્રપ્રભા અને બંગ આ રોગમાં રામબાણ ઈલાજ છે. (૫) કાળીપાટ, અરણી અને વાવડીંગનો કવાથ પીવો. (૬) **મહાયોગરાજ ગુગળ**—એકેક ગોળી સવારસાંજ ગાયના દુધ સાથે આપવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારો ફાયદો થાય છે. (૭) ગોદન્તિ હરતાલની ભસ્મ અકેક વાલ સવાર, બપોર ને સાંજરે ઘીમાં લેવી. (૮) પીંપળો, વડ, જાંબુ, આંબો, ગરમાળો, ધાવડો, મહુડો, લોધર, કરંજ એમાંથી ગમે તે ઝાડના મૂળની છાલ, ત્રિફળા, ઇંદ્રજવ અને ભીલામાં તે સર્વેનું સમભાગે ચુર્ણ કરી મધ સાથે ચાટવું. આ રોગમાં જે જે વખતે જે જે ઉપદ્રવો જણાય તેની ચિકિત્સા કરવી. આ રોગમાં સાકરવાળાં મીષ્ટાન્ન ખાવાં નહિ. સાકરની જગાએ "સેકેરીન" વાપરી શકાય છે. શેર પાણીમાં એક ઘઉં ભાર સેકેરીન નાંખવાથી ગળ્યું થાય છે. આ રોગમાં અફીણની દવા સારો ફાયદો કરે છે. તે સિવાયબૃહદ્વંગેશ્વર, મેહાન્તક, મેહમુદ્ગર, બંગેશ્વર વગેરે દવાઓ સારૂં કામ કરે છે.

પથ્યાપથ્ય—પ્રમેહમાં બતાવ્યા પ્રમાણે પથ્યાપથ્ય રાખવું. આધુનિક પાશ્ચિમાત્ય વિદ્વાનો નીચે પ્રમાણે વિશેષ પથ્યાપથ્યની ભલામણ કરે છે. (પથ્ય) સત્વ કાઢી લીધેલ ઘઉંની થુલી, જવની કે જાડા ઘઉંની પુરી કે રોટલી, બદામની પુરી, ચાહ, કોકો, લીલા પાંનનું શાક, ભાજી, કારેલાં, કમળ કાકડી, કાકડી વગેરે પથ્ય છે. તર કાઢી નાંખેલું દુધ, માંખણ, ઘી, તુવેરની દાળ, ચણા, મઠ, ઓછા પ્રમાણમાં આપવાં. (અપથ્ય) નહિ ખાવાલાયકમાં સાકર, ખાંડ, ગોળ સત્વવાળા ઘઉં, મકાઇ, ચોખા, સાબુ ચોખા વગેરે ધાન્યો. શાક તરકારીમાં બટાટા, તગાજર, ડુંગળી, પાકેલાં ફળો, કાલ્રી ફલાવર, વટાણા, બુંદદાણા, સુકો મેવો, સર્વ પ્રકારના દારૂ, મીઠાં પાણી જેમકે લેમોનેડ, જીંજર, શરબતો, બહુ દુધ વગેરે નહિ ખાવાં.

વિશેષ ઉપચાર—જાંબુ, ઉંબરો, પીંપળો, આંબો, કોઠ, કરંજ, મહુડો, લોધર, ગળો, હરડે, કાળીપાટ, શિલાજીત, અફીણને ઉંનું કરી બાજરીના દાણા જેટલું લેવું, વડ, ગરમાળો, કાકડી, ભિલામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂત્રકૃચ્છ્ર-મૂત્રગાંઠ.
(Stricture of the Urethra-સ્ટ્રિક્ચરઑફધીયુરેથ્રા.)

પેસાબનું રોકાણ થાય અને ઘણા કષ્ટથી પેસાબ થાય તેને મૂત્રકૃચ્છ્ર કહે છે. તેના આઠ પ્રકાર છે (૧) વાતિક (૨) પૈત્તિક (૩) કફજ (૪) સંનિપાતજ (૫) શલ્યજ (૬) અશ્મરિજન્ય (૭) મળજન્ય (૮) શુક્રજન્ય.

કારણ—પેસાબ બહાર આવવાનો માર્ગ સંકોચાઈ જવાથી, રસપીંડ સુજી જવાથી અને વરમ તથા જખમને લીધે રસ્તો સાંકડો થઇ પેસાબ બંધ થઇ જાય છે. ગરમ ખોરાક, ઘણા ગળ્યા પદાર્થો, નિરંતર મદ્યપાન, ઘોડા ઉપરની મુસાફરી, પથરી આડી આવવી વગેરે કારણો છે. દોષપરત્વે તેનાં જુદાં જુદાં કારણો છે.

લક્ષણ—પેસાબ કરવા વારે ઘડીએ જવું પડે, પેસાબ કરી રહ્યા પછી પેસાબનાં ટીપાં ટપકે અને તેથી ધોતીયુ બગડે, પેસાબ કરતી વખતે ઇંદ્રિમાં અસહ્ય વેદના થાય, પેસાબની ધાર પાતળી અને વાંકી થાય, પેસાબના દ્વારે ખરજ આવે.

ઉપાય—(૧) ગોખરૂ અને કળથીનો સમભાગે કવાથ કરી પીવો. (૨) ગોખરૂના કવાથમાં જવખાર નાંખી પીવો. (૩) કેસુડાંના ફળનો ઉકાળો કરી મધ નાંખી પીવો. (૪) ગોખરૂ, ગરમાળો, દર્ભ, કાસડો, ધમાસો, આંબળાં, પાષાણુભેદનો કવાથ મધ નાંખી પીવો. (૫) આ કવાથ પથરીથી થયેલા મૂત્રકૃચ્છ્રને મટાડવામાં અકસીર છે. એલચીદાણા, પાષાણુભેદ, ગોખરૂ, શિલાજીત, કાકડીનાં બી, સિંધવ અને કેસરનું ચુર્ણ ચોખાના ધોવરામણ સાથે લેવું. આ કવાથથી વાતિક, પૈત્તિક અને કફ સંબંધી થયેલો મૂત્રકૃચ્છ્ર જરૂર મટે છે. વાતમૂત્રકૃચ્છ્ર ઉપર (૬) દુધ ઉંનું કરી ગોળ નાંખી પીવો. તથા આંબળાના કવાથમાં ગોળ નાંખી પીવો. પિત્ત સંબંધી માટે (૭) દ્રાક્ષ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખડી સાકર દહીંની તર સાથે લેવાં તથા (૮) નાળીએરનું પાણી ગોળ અને ધાણામાં પીવું. (૯) શતાવરીનો કવાથ મધમાં પીવાથી સંનિપાતથી થયેલો મૂત્રકૃચ્છ્ર મટે છે. (૧૦) લાંબડાનાં બીયાંનું ચુર્ણ અરધાભાર સાકર સાથે ફાકી, ઉપર તાજી છાશ લેવી. શુક્ર (વીર્ય) સંબંધી મૂત્રકૃચ્છ્ર અને મળ સંબંધી મૂત્રકૃચ્છ્ર ઉપર (૧૧) ખજૂર, આંબળાં, શિલાજીત, એલચી, જેઠીમધ, પીંપર, પાષાણભેદ, સુખડ ચીભડાનાં બીયાં અને ધાણા એ બધાનું ચુર્ણ જેઠીમધના કવાથ સાથે લેવું. આથી ઉપરના દરદ સિવાય ઇંદ્રિમાંની તણખ, ગુદાનો દુખાવો, પથરીનો અટકાવ, શૂળ વગેરેનો નાશ કરી બળ અને વૃષ્ય કરનાર છે. (૧૨) ગોખરૂના પંચાગનો કવાથ શિલાજીત તથા સાકર મેળવીને લેવો. (૧૩) શિમળાની છાલનું ચુર્ણ ગાયના દુધ સાથે લેવું. (૧૪) ઉંદરની લીંડીઓ અને સુરોખારને ઉંનો કરી વાટી બસ્તિ ઉપર લેપ કરવો. (૧૫) શિલાજીત દરરોજ બબે વાલ ગાયના દુધ સાથે લેવો. મળ સંબંધી મૂત્રકૃચ્છ્ર–ઝાડો રોકવાથી વાયુ કુપિત થઇને પેટ અને પેઢામાં આફરો કરે છે, તે માટે (૧૬) હરડે ગરમાળાનો ગોળ, પાષાણભેદ, ધમાસો અને ગોખરૂનો કવાથ મધ નાંખી પીવો (૧૭) ઘાણી પીલતા બળદના પગની રેત, ખાતર, જૂની ઇંટ, મીઠું, વછેરાની લાદ, એ સર્વેને છાશમાં ખદખદાવી પેડુ ઉપર બાંધવું. (૧૮) ઉંબરાનું દુધ પતાસું મેળવી પીવું. (૧૯) એલચી, પાષાણભેદ, કપુર, શિલાજીત સાઠી ચોખા અને લીંડીપીંપરનો કવાથ પીવો. (૨૦) મુળાનો રસ તોલા ૧ માં એક વાલ જવખાર નાંખી પીવો. (૨૧) [1]**શિતળપર્પટીરસ**-એક વાલ, પૈસા ભાર જીરા સાથે આપવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે. (બનાવટ) સુરોખાર તોલા ૪ ને વાટવો. પછી ગંધક તોલો ૦ાા ને કડઈમાં ઉંનો કરી સુરોખાર

૧ સિદ્ધભેષજમણિમાલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાંખી ખરલમાં ઢાળવો એટલે શીતળ થઇ તે તૈયાર થશે. [૧](૨૨) લીંબડાનાં બીને ખાંડી સાકર સાથે ૬ વાલ પાણી સાથે ફાકાવી દેવું. સવાર, બપોરને સાંજે એમ ત્રણ વાર લેવું. (૨૩)[૨] ત્રાંબાના જૂના ઢબુનો કવાથ કરી તેમાં મધ નાંખી પીવો. [૩](૨૪) ભેંસના કાનનો મેલ પાણીમાં ઘોળી પેડુ ઉપર ચોપડવો. (૨૫) સુરોખાર, ફુલાવેલી ફટકડી, પાષાણભેદ, ચનીકબાલા, એલચી, સાકર અને સોનાગેરૂ એ સર્વે સમભાગે લઇ તેનું ચુર્ણ કરી તેમાંથી અરધાભાર ચુર્ણ દુધ અને પાણી ઉકળીને તે સાથે ફાકવું. (૨૬) લીંબુના બીયાંનું ચુર્ણ કરી લેવું.

પથ્યાપથ્ય–(પથ્ય) જુના ચોખા, છાશ, દુધ, દહીં, મગની દાળ, સાકર, જુનુ કોહોળું, કાકડી, આદુ, ખજૂર, નાળીએર, તાંદળજો, પંડોળાં, શીતળ અન્નપાન,–(અપથ્ય) મધ, મૈથુન, શ્રમ, હાથી ઘોડા ઉપર બેસવું, વિરૂદ્ધ અન્નપાન, તાંબુલ, મીઠું તેલ, હીંગ, રાઇ, સરસવ, મૂત્રના વેગને રોકવો, લસણ, ડુંગળી, અતિ રૂક્ષ, વિદાહી અને અતિ તીક્ષ્ણ પદાર્થો ખાવાં નહિ.

વિશેષ ઉપચાર—આંબળાં, અળશી, એલચી, ઇંદ્રજવ, ગોખરૂ, કેળ, ગળો, ખેર, લાંબડીનાં બી, ચનીકબાલા, ધમાસો, દ્રાક્ષ પાષાણભેદ, જેઠીમધ, ભોંયરીંગણી, લુંણીની ભાજી, વાયવરણો, વાળો, શીમળો, સાગ, સુખડ, સાત્વિન, શતાવરી, કળથી, બોરડી.

મૂત્રાઘાત–મૂત્રબંધ.

(Retention of Urine–રીટેન્શન ઓફ યુરીન)

કારણ—અને **લક્ષણ**—પથરી આડી આવવાથી અગર મૂત્રની ગાંઠ પડી જવાથી પેસાબ બંધ થાય છે. મૂત્રાવરોધ બે

૧–૨–૩ સિદ્ધભેષજમણિમાલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારે થાય છે. એક તો પેસાબની ઉત્પત્તિ થતી અટકે છે, જેમકે કોલેરામાં અને બીજી રીતે એ છે કે, મૂત્રાશય ચૈતન્ય રહીત થવાથી, પેડુ ભરાઈ આવે છે, પણ પેસાબ રોકાઈ જાય છે, જેમકે ઉરૂસ્તંભમાં પેસાબ બંધ થઈ જાય છે. મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાઘાતમાં ભેદ એટલોજ છે કે પહેલામાં મૂત્ર માર્ગ સંકોચ પામે છે અને બીજા મરજમાં મૂત્રાશય જાુઠું પડી જાય છે એટલે પેસાબની ઉત્પત્તિ બંધ થાય છે. આર્ય વૈદ્યકશાસ્ત્રમાં તેના તેર ભેદ છે. (૧) વાત કુંડલિકા (૨) અષ્ટિલા (૩) વાત-બસ્તિ (૪) મૂત્રાતીત (૫) મૂત્રજઠર (૬) મૂત્રોત્સંગ (૭) મૂત્ર-ક્ષય (૮) મૂત્રગ્રંથી (૯) મૂત્રશુક્ર (૧૦) ઉષ્ણવાત (૧૧) મૂત્રસાદ (૧૨) વિડ્ઘાત (૧૩) બસ્તિકુંડલ.

ઉપાય—મૂત્રકૃચ્છ્ર રોગ ઉપરના ઔષધોની યોજના દેશ, કાળ અને દરદીને સ્થિતિ પ્રમાણે કરવી. (૧) કળથી અને ગોખરૂનો કવાથ શિલાજીત નાંખી આપવો. (૨) ધમાસો, અરડુશી, કાળી દ્રાક્ષ અને ગોખરૂનો ક્વાથ પીવો. (૩) ઇંદ્રવાયણાની જડનું ચુર્ણ તોલો ૦। લેવું. (૪) કળથીનો ઉકાળો જવખાર નાંખી લેવો. આ રોગમાં પેડુ ઉપર સણકા બહુ આવે છે અને પેડુ ફાટી જતું હોય એમ લાગે છે, માટે (૫) કેસુડાનાં ફુલ શેર ૦। અને મહુડાં શેર ૦। ને વરાળીયાં કરી પેડુ ઉપર દશબાર વખત ઉનાં કરીને બાંધવાં. આ રોગમાં (૬) **ગોક્ષુરાદિ-ગુગળ** સારૂં કામ કરે છે માટે ગોખરૂ, કળથી, ધમાસો અને અરડુશીના કવાથ સાથે એકેકી ગોળી સવારસાંજ લેવી. **(બનાવટ)** ગોખરૂ તોલા ૧૧૨, તેને અધકચરા કરી છગણા પાણીમાં ઉકાળવા. અરધું પાણી બાકી રહે ત્યારે ગાળી લઇ તેમાં શુદ્ધ ગુગળ તોલા ૮ મેળવીને અગ્નિ ઉપર ચાસણી કરી તે ઘટ થાય ત્યારે ત્રિકટુ (સુંઠ, મરી અને લીંડીપીપર), ત્રિફળા (હરડાં, બહેડાં અને આંબળાં) તથા મોથ એ સાતે ચાર ચાર રૂપીઆ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારનું ચુર્ણ કરી નાંખીને મોટા બોર જેવડી ગોળીઓ કરવી. (૭) કાકડીનાં બીયાં, સિંધવ અને ત્રિફળાનું ચુર્ણ લેવું. (૮) પેડુ ઉપર પોસના ડોડાનો શેક કરવો અથવા ગરમ પાણીમાં કેડ બુડે તેવી રીતે દરદીને બેસાડવો. (૯) ગુંદાનાં બીયાં, કાકડીનાં બીજ, ગોખરૂ અને કપાસનાં મૂળનો ઉકાળો કરી સાકર નાંખી પીવો. (૧૧) કાળો વાળો, ઉપલેટ, આંબળાં, તમાલપત્ર, વાળો, ધોળી મુસળી, રતાંજલી, સુખડ, ત્રિકટુ, પીંપરીમૂળ, એલચી, આસન, ગોખરૂ, શતાવરી, કાકડાસીંગી, જુઇ, કંકોળ અને ડાંગરની ધાણી સમભાગે લઇ ચુર્ણ કરવું. આ ચુર્ણ તો. ૦।, તો. ૦॥ ઘી અને તો. ૦। સાકર મેળવી ચાટવું. આ ચુર્ણ મૂત્રાઘાત સિવાય ક્ષય, રક્તપિત્ત, રક્તપ્રદર (લોહીવા) મૂત્રકૃચ્છ્ર અને પ્રમેહને મટાડે છે. (૧૨) પાષાણભેદ, એલચી, લીંડીપીંપર અને શીલાજીતનું ચુર્ણ ચોખાના ધોવરામણ સાથે લેવું. દોષ-પરત્વે તેના ૧૩ પ્રકારો છે, તેની ચિકિત્સા નીચે પ્રમાણે છે. (૧) **વાતકુંડલીકામાં** મળદ્વારનો કોપ પામેલો વાયુ વેદના કરી મૂત્રને રોકી નાંખે છે તેથી ટીંપે ટીંપે થોડો થોડો પેસાબ તણખા મારી થાય છે. **ઉપાય**-(૧) તાંદળજાનો રસ તોલા ૩ માં સુરોખાર બેઆની ભાર નાંખીને પીવો. (૨) કેળાનો રસ શેર ૦। માં સુરોખાર ચાર વાલ નાંખી પીવો. (૩) ગોક્ષુરાદિ ગુગળની ગોળી એકેકી સવારસાંજ પાણી સાથે લેવી. **અષ્ટિલામાં**-ઇંદ્રિના છિદ્રને અને ગુદાને ફુલાવી તેના માર્ગને રોકી કઠણ ગાંઠ થાય છે, તેથી પેસાબ રોકાઇ તીવ્ર વેદના થાય છે. **ઉપાય**-(૧) મકાઇના રેસા તોલા ૧ ને શેર પાણીમાં ઉકાળી પાશેર બાકી રહે, ત્યારે જવખાર વાલ ૪ નાંખી પીવું. (૨) ફુલાવેલો ખડીઓ-ખાર અને ફુલાવેલી ફટકડી બંને મળી વા. ૪ સાકર સાથે લેવું. (૩) **વાતબસ્તિમાં** પેસાબની હાજત થયા છતાં પેસાબ નહિ કરવાથી પેડુમાં વાયુ ભરાઇ જઈ પેડુનું મોઢું બંધ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેસાબ રોકે છે. **ઉપાય**—કલમીસુરો શેર ૧, નવસાર તો. ૩ અને ખડીઓખાર તો. ૩ ને ખાંડી પીતળની કડાઇમાં ગરમ કરવાં. ઉપર પીતળની થાળી ઢાંકવી. એકરસ થયેથી પીતળની થાળીમા ઠારી પર્પટી કરવી, તેમાંથી ઉમરના પ્રમાણમાં એક આનીભાર અગર તેથી વધઘટ પાણીમાં આપવાથી પેસાબ થાય છે. (૪) **મૂત્રાતીતમાં**–પેસાબની હાજતને પરાણે રોકવાથી તે જલદી ન ઉતરતાં ધીમે ધીમે થાય છે. **ઉપાય**–(૧) સાંભરલવણ બાળકના પેસાબમાં વાટી નાભીમાં ભરવું (૨) ગોક્ષુરાદિ ગુગળની એકેકી ગોળી સવાર સાંજ પાણી સાથે લેવી. (૫) **મૂત્રજઠરમાં** પેસાબનો વેગ દાબી રાખવાથી અપાન વાયુ કોપ પામી પેડુનો ચડાવો કરે છે અને નાભિની નીચે આફરો કરે છે. **ઉપાય**–(૧) પાષાણભેદ, એલચી, શિલાજીત, વડવાઈનાં કુંપળાં પાન અને સુરોખાર વાટી વસ્ત્રગાળ કરી ચોખાના ધોવરામણમાં પીવું. (૬) **મૂત્રોત્સંગમાં**–પેસાબ મળદ્વારમાં આવી અટકે છે, તેને પરાણે ગતિ આપવા જતાં વાયુથી ઇંદ્રિનું છિદ્ર ફાટી જઈ ધીરે ધીરે લોહી મિશ્રિત પેસાબ ઉતરે છે અને તણખા મારે છે **ઉપાય**–(૧) ગલજીભીનો રસ તોલા ૨ માં સાકર તોલો ૦ા નાંખી પીવો. (૨) હજરતહો પત્થરીને ગાયના દુધમાં દશ-બાર લસરકા ઘસી સવારસાંજ પીવું. (૭) **મૂત્રક્ષયમાં**–રૂક્ષ શરીરવાળા માણસોનો અપાનવાયુ પેસાબનો ક્ષય કરે છે. **ઉપાય**–(૧) ગોક્ષરાદિ ગુગળ અથવા (૨) ચંદ્રપ્રભા ગુટિકાનું સેવન કરવું. (૮) **મૂત્રગ્રન્થિ**–પેડુની વચ્ચે સ્થિર અને ગોળ ગાંઠ થાય છે. **ઉપાય**–(૧) ઉપર પ્રમાણે ઉપચારો કરવા. (૯) **મૂત્રશુક્રમાં**·પેસાબ થતા પહેલાં અગર થયા પછી અડાયા છાંણાની રાખ જેવો પદાર્થ નીકળે છે. **ઉપાય**–(૧) ખેરની છાલ, પાષાણભેદ, જેઠીમધ અને ગોખરૂનો કવાથ કરી શિલાજીત નાંખી પીવો. (૧૦) **ઉષ્ણવાતમાં**–હળદરના જેવો પેસાબ લોહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે ઉતરે છે. **ઉપાય**-(૧) તાડનાં મૂળ, ગોખરૂ અને કાસનો ક્વાથ સાકર નાંખી પીવો. (૨) ભુરાકહોળાનો રસ તોલા ૨ સાકર નાંખી પીવો. (૧૧) **મૂત્રસાદમાં**-પેસાબ લાલ, પીળો, જાડો, શંખભસ્મ અને ચુનાની રાખ જેવો ઉતરે છે. **ઉપાય**-૧) ધમાસો, આંબળાં અને ગોખરૂનો ક્વાથ સાકર નાંખી પીવો. (૧૨) **વિડ્ઘાતમાં**-પેસાબ મળ જેવો ઉતરે અને વાસ પણ મળના જેવી મારે છે. **ઉપાય**-(૧) જટામાંસી, ચંદન, રતાંજલી, અને ગોખરૂનો ક્વાથ પીવો. (૧૩) **બસ્તિકુંડલમાં** પેડુમાં થયેલી મોટી ગાંઠ હાલેચાલે નહિ અને દબાવાથી પેસાબનું ટીંપુ પડે છે. ઉપાય-(૧) વાયવરણાની છાલ, જેઠીમધ ગોખરૂ, કળથી અને મીઠીઆવળનો ક્વાથ આપવો. (૨) ચંદ્રપ્રભા ગુટિકા સવાર સાંજ એકેકી આપવી. આ રોગમાં પેસાબના જુલાબની જરૂર વધારે છે, માટે નીચે બતાવેલાં મૂત્ર વિરેચનો પૈકીના ઉપાયો કરવા. (૧) સોનામુખી તોલા ૨, રાત્રે અચ્છેર પાણીમાં પલાળી સવારમાં ચોળીને ગાળી, તેમાં સાકર નાંખી તે પીવું. (૨) ચણકબાબ, સુરોખાર, એલચીદાણા અને રેવંચીની છાલ સમભાગે લઇ ચુર્ણ કરી દુધ અને પાણીના ઉકાળામાં પાવલીભાર નાંખી પી જવું. (૩) ખાખરાનાં સુકાવેલાં ફુલ તોલા ૧૦, તેમાં પાણી નાંખી બાફવાં, તેમાં સુરોખાર તોલો ૧ નાંખી પેડુ ઉપર ઉનાં ઉનાં બાંધવાં.

પથ્યાપથ્ય-(પથ્ય) રાતી ડાંગર, છાસ, દુધ, દહીં, જુનું-કહોળું, ખજૂર, પંડોળાં, નાળીએર, મગનું ઓસામણ, સાકર, તાંદરજાની ભાજી, ગલજીભીની ભાજી, ગોખરૂ અને કાકડી, ઠંડા પદાર્થો હિતકર છે. (અપથ્ય) મૈથુન, દારૂ, શ્રમ, ઘોડાની સ્વારી, નાગરવેલનાં પાન, અડદ, મીઠું, તેલ, હીંગ, રાઇ, મળમૂત્રના વેગનો અટકાવ, તીખાં અને દાહકારક પદાર્થો, લુખાં પદાર્થો, વગેરે અહિતકર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષ ઉપચાર—અરડુશી, આંબળાં, કેળાં, કારેલાં, નાળીએર, ભોંડાગોખરૂ, ધમાસો, સુરોખાર, લાંબડીનાં બી, મુળા, કાકડી, ખાખરો, દાભડો, દ્રાક્ષ, મીંઢીઆવળ, રેવંચી, લીંબોળી, તલ, ધમાસો.

મૂત્રાશ્મરી- પેસાબની પથરી.
(Urinary Stone-Gravel.)

કારણ—પેસાબના ક્ષારમાં વધારો થવાથી અથવા બીજા ક્ષાર પેદા થઈ તેની ધીમે ધીમે પથરી બંધાય છે અને તે પછી તે મોટી થતી જાય છે. કાંકરા અથવા ધુળ ખાનારને પથરી થાય છે એમ લોકોનું કહેવું ખોટું છે. યકૃત (લીવર)ની અવ્યવસ્થાને લીધે ગુદામાં કોઇ પદાર્થ પડવાથી ત્યાં પથરી બંધાય છે. આર્ય વૈદ્યકશાસ્ત્રમાં આ રોગના ચાર પ્રકાર છે. (૧) વાત (૨) પિત્ત (૩) કફ અને (૪) વીર્યથી. નાના બાળકોને થતી પથરી તેની માના ખાવામાં ભારે, મીઠા, ઠંડા અને ચીકણા પદાર્થો અત્યંત આવે છે જેથી તેની ઇંદ્રિ નાની અને કોમળ હોવાથી તેમાં પથરી બંધાઇ જાય છે. તેવી રીતે શુક્રાશ્મરી ઘણું કરીને પુખ્ત વયના પુરૂષનેજ થાય છે

લક્ષણ—પથરી બંધાવાની હોય ત્યારે મૂત્રાશય ફુલી જાય છે અને અંદર અત્યંત વેદના થાય છે, પેશાબ બંધ થાય છે અને આવે છે તો બકરીના મૂત્ર જેવો પેશાબ ટીંપે ટીંપે આવે છે, પેસાબ કરતાં ઘણું કષ્ટ થાય છે, તાવ આવે છે, દરદી ધ્રુજે છે, દાંત કકડે છે, પેડુ દબાવીને પેશાબ કરે ત્યારે ટીંપે ટીંપે પેસાબ થાય છે. ઇંદ્રિને મસળ્યા કરે છે અને આખો દિવસ જીવ ત્યાં રહ્યા કરે છે અને બીલકુલ ચેન પડતું નથી. આ પથરી ગુરદા (કીડની)માંથી પેડુ (મૂત્રાશય)માં જતાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેડુમાંથી પેસાબની નળી વાટે બહાર આવતાં પીડા કરે છે. પથરીનું કદ રેતીના કણથી વટાણા જેવડું હોય છે અને પછી વધીને ઘણી મોટી થાય છે.

ઉપાય—મૂત્રઘાત તથા મૂત્રકૃચ્છ્રના મૂત્રલ ઉપાયો પથરીમાં ઘણું સારૂં કામ કરે છે. મૂત્રલ દવાથી રેતીને પેસાબ વાટે બહાર કાઢવી અથવા મોટી પથરીને તોડી ફાડીને કકડા કરી અથવા ધોઇ ધોઇને પેસાબ વાટે બહાર પાડવી એ દવાનો મુખ્ય હેતુ છે. (૧) શરપંખાના પાંદડાનો રસ તોલો ૧, અરધા રૂપીઆભાર સાકર નાંખી પીવો. (૨) સફેદ રાળ તોલો ૧, જેઠીમધ તોલો ૦ાા, એલચી તોલો ૦ાા, શુદ્ધ કપુર વાલ ૪, સાકર તોલા ૩ નું ચુર્ણ કરી તેમાંથી સવારસાંજ તો. ૦ા પાણી સાથે લેવું. (૩) ગોખરૂ, પાષાણભેદ, શંખજીરૂ, એલચી અને સાકર દરેક તોલો ૧ નું ચુર્ણ કરી તો. ૦ા પાણી સાથે લેવું. (૪) વરણાની છાલના ઉકાળામાં જવખાર વાલ ૪ નાંખી પીવો. (૫) શતાવરીના મૂળનો રસ સાકર નાંખી પીવો. (૬) વાયવર્ણાની છાલનો કવાથ ગોળ નાંખી પીવો. (૭) નસોતર અને ઇંદ્રજવનું ચુર્ણ પાવલીભાર ચોખાના ધોવરામણ સાથે લેવું. (૮) તલ, અંઘેડો, જવની સળીઓ, કારેલી, ખાખરાનું લાકડું એ સર્વે સમભાગે લઇ માટલામાં નાંખી કપડછાંણ કરી તેની રાખ કરવી. તેમાંથી બબે આનીભાર રાખ બકરીના મૂત્ર સાથે લેવી. આ રોગમાં પ્રથમ જણાવ્યા પ્રમાણે મૂત્રલ ઔષધિઓની વધારે જરૂર છે. પ્રથમ બતાવેલાં બંધાણો બાંધવાં. ઉપર પ્રમાણે ઉપાયો કરતાં પણ પથરી નીકળે નહિ અને દરદની શાંતિ ન થાય તો (૯) **પાષાણવજ્રકરસ**—અકેક રતી પાષાણભેદના બે માષા ચુર્ણ સાથે લેવી. (બનાવટ) શુદ્ધ પારો તોલો ૧, શુદ્ધ ગંધક તોલા ૩, એ બંનેની કજલી કરી ઘોળી સટોડીના રસમાં એક દિવસ મર્દન કરી ભુધરયંત્રમાં પકાવવાથી રસ તૈયાર થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્યાપથ્ય—(પથ્ય) જુના ચોખા, કળથી, જવ, જુનું કહોળું, આદુ, જવખાર. (અપથ્ય) મળમૂત્ર અને વીર્યનો અવરોધ. નોંધ—આગળ બે વ્યાધિમાં બતાવેલા નિયમો પાળવા, ખાનપાનમાં કાંકરી ન આવે તેની સંભાળ રાખવી.

વિશેષ ઉપચાર—કળથી, પાષાણભેદ, મૂળા, લાંબડી, જવ, ગોખરૂ, તલ, વાયવરણાં, શતાવરી, દ્રાક્ષ, હળદર, અંઘેડો, ઇંદ્રજવ, વાંસ, નસોતર, ધમાસો, કેસુડાં, કડવી ગલકી, કાળીપાટ.

ધાતુસ્રાવ.

Spermatorea.

પેસાબના માર્ગથી ધાતુ જાય છે, તેને **ધાતુસ્રાવ** અથવા વીર્યસ્રાવ કહે છે. ધાતુ જવો એ વાત આજકાલ બહુ સાધારણ થઇ પડી છે. બીજા દરદોમાં પેસાબમાર્ગેથી પરૂ, શ્લેષ્મ પદાર્થ, ક્ષાર પદાર્થ વગેરે જાય છે તેને ભૂલથી ધાતુ ગણવામાં આવે છે. ધાતુસ્રાવ એટલે ધાતુનું જવું થાય છે. પેસાબની સાથે અથવા પેસાબના આગળ પાછળ વીર્ય જાય છે. સ્વપ્નાવસ્થામાં ઘણીવાર વીર્ય સ્ખલિત થઇ જાય છે. ઝાડો અને પેસાબ કરતાં કરાંઝવાથી વીર્ય પડે છે. હાથરસ વગેરેની કુટેવથી ઇંદ્રિની નસો ઢીલી થયેલી હોવાને લીધે ધાત ઝમ્યા કરે છે. સ્પર્શથી અને ચિંત્વનથી પણ ધાતુ ઝરે છે.

કારણ—વિષયયુક્ત વાતો કરવાથી, વાંચવાથી કે સાભળવાથી, વિષયાસક્તપણાથી, અતિ ગરમ ખાનપાનથી, હસ્તદોષની કુટેવથી અને પુખ્ત ઉમ્મરે વીર્યના સ્વાભાવિક વેગનો રસ્તો નહિ મળવાથી પણ આ વ્યાધિ થાય છે.

લક્ષણ—પેસાબની સાથે વીર્ય પડે છે, સ્વપ્નાવસ્થામાં વારંવાર વીર્ય જાય છે, કોઇવાર ઝાડાની કબજીયતથી કરાંઝ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થામાં આવે તેને લીધે પણ વીર્ય પડે છે. પુખ્ત ઉમ્મરે આવ્યા પછી દશ પંદર દિવસના અંતરે વીર્ય સ્ખલિત થાય તે સ્વાભાવિક છે, તેને વ્યાધિ નહિ સમજવો; પણ વારંવાર થાય તો, તેને વ્યાધિગણવામાં આવે છે. નબળાઇ આવે છે, મન ચિંતાતુર રહે છે, હાથપગમાં કળતર થાય છે, છાતિમાં ધબકારો થાય છે, ભુખ લાગતી નથી, માથું દુઃખે છે, ચકરી આવે છે અને શરીર ગળતું જાય છે.

ઉપાય—(૧) ધાતુસ્ત્રાવને ઉત્તેજન આપનારા કારણો પ્રથમ દૂર કરવાં. ઝાડાનો ખુલાસો ધાતુસ્ત્રાવને બંધ કરે છે. માટે **મળશુદ્ધિચુર્ણ** અને **દીનદયાલચુર્ણ** લેવું. (૩) ઠંડા પાણીથી સ્નાન કરવું અથવા થોડો વખત કમ્મર સુધી ઠંડા પાણીમાં બેસવું. (૪) પરણેલ પુરૂષોએ પોતાની સ્ત્રી સાથે રહેવું અને તે સાથે પંજાબી સાલમ, ધોળી મુશળી, કૈવચનાં બી, બોડા ગોખરૂ, શતાવરી અને સાકર સમભાગે લઇ તેનું ચુર્ણ સવારસાંજ અરધો તોલો દુધ સાથે લેવું. (૫) આંબળાં, ગળો અને ગોખરૂનું ચુર્ણ અરધાભાર ઘી સાકરમાં ચાટવું. (૬) મુગલાઇ બેદાણા અને ગોખરૂનો લુઆબ સાકર નાંખી લેવો. (૭) **ચંદ્રપ્રભા**ની ગોળી એકેકી સવારસાંજ દુધ અગર પાણી સાથે લેવી. (૮) **વીર્યસ્તંભનવટી**–(**બનાવટ**) જાયફળ, લવીંગ, જાવંત્રી, કેસર, એલચી, અફીણ અને અકલગરો દરેક તોલો ૧, એનું ચુર્ણ કરી નાગરવેલના પાનના રસમાં ચણા જેવડી ગોળીઓ કરી સવારસાંજ એકેકી ગોળી દુધ સાથે લેવી. આ ગોળીઓનું સેવન કરતાં ઝાડો કઠણ થાય તો દરરોજ સાંજરે હરડેનું અડધાભાર ચુર્ણ લેવું. (૯) **જીવન**–સવારસાંજ બબે તોલા ગાયના દુધ સાથે લેવું. (૧૦) આસન, ગોખરૂ, શિલાજીત અને આંબળાં દરેક તોલો ૧, એ સર્વેનું ચુર્ણ પા પા તોલો દુધ સાથે લેવું. (૧૧) વડના દુધનાં દશ દશ ટીપાં પતાસામાં સવારે લેવાં. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિવાય નીચે બતાવેલી દવાઓ આ રોગ ઉપર સારૂં કામ કરે છે. **પુષ્પધન્વારસ, પૂર્ણચંદ્રોદયરસ, બંગભસ્મ, મદનકામદેવરસ** એકેક રતિ મધ પીંપરમાં લેવી. આ રોગમાં (૧૨) **અગ્નિતુંડિવટી**—બબે ગોળી સવારસાંજ પાચન થાય તેટલા દુધ સાથે લેવી. ત્વચાની ગરમીને લીધે ધાતુસ્ત્રાવ થતો હોય અગર સ્વપ્નસ્ખલીત થતું હોય તો (૧૩) **પ્રવાલભસ્મ** વાલ ૧ અને **મોતીનીભસ્મ** રતી ૧ ને આંબળાના ૧ તોલા મુરબ્બા સાથે અગર ગુલકંદ સાથે મેળવી લેવાં. શંમશમની નં ૧ની બબે ગોળી દુધ સાથે સવારસાંજ લેવી. આ રોગમાં અજાણ્યા વૈદ્યની દવા લેવાને મનાઈ કરવામાં આવે છે. આ દરદ એવું છે કે, શરીરને માફક ન આવે તેવી કોઈ દવા પેટમાં જાય તો દરદ મટવાને બદલે દરદ વધીને બીજા દરદોને ઉત્પન્ન કરે છે, માટે આવાં દરદોમાં જેમબનેતેમ સાદી અને નિર્દોષ દવાઓનો ઉપયોગ કરવો અને દવા કરતાં વર્તન અને ખાનપાન ઉપર વિશેષ આધાર રાખવો.

વિશેષ ઉપચાર—કૌવચનાં બી, મુગલાઇ બેદાણા, વરધારો, પંજાબી સાલમ, ગોખરૂ, શિલાજીત, આસ્કન, અસેળાયો શતાવરી, ગળો, આંબળાં, ઝેરકોચલાં, ધોળી મુસળી, બહુફળી, જેઠીમધ, ધોળાં મરી, જાયફળ, જાવંત્રી, કપુર, અગર, કેસર, કસ્તુરી, અંબર.

ઉપદંશ, ગરમી, ટાંકી, ચાંદી અને વિસ્ફોટક.

આ રોગવાતાદિ દોષ ભેદે કરીને પાંચ પ્રકારનો છે. (૧) વાતોપદંશ (૨) પિત્તોપદંશ (૩) કફોપદંશ (૪) સંન્નિપાતોપદંશ અને (૫) રક્તોપદંશ. **કારણ**—વ્યભિચારી દુષ્ટ સ્ત્રી પુરૂષોની સાથે સંભોગ કરવાથી આ રોગ લાગુ પડે છે. પુરૂષ અને સ્ત્રીની ગરમી અરસપરસ લાગુ પડે છે, આ રોગ ચેપી છે. જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માબાપને ગરમી હોય છે તેનાં બાળકોને પણ ગરમીનો રોગ લાગુ પડે છે. એટલે આ રોગ વારસામાં ઉતરે છે. ગુહ્યભાગોની અતિ મલિનતા પણ ચાંદી જેવા વિકારોને ઉત્પન્ન કરે છે. રજસ્વલા, સુવાવડી અને રોગી સ્ત્રીઓનો સંગ કરવાથી પણ આ રોગ થાય છે.

લક્ષણ—સ્ત્રી અને પુરૂષોના ઉત્પત્તિ અવયવો છોલાવાથી અને ચેપ લાગવાથી તે ઉપર ફોલ્લીઓ થાય છે; અને તે ફુટીને ચાંદાં પડે છે. આ ફોલ્લીઓ સંભોગ કર્યા પછી તરતજ અગર કેટલાક દિવસ પછી દેખાવ દે છે. ચાંદીનું વિષ (ઝેર) શરીરમાં પ્રસરવાથી તે ઉપદંશથી અનેક વિકારો થાય છે. વિસ્ફોટક, સંધિવા, ચાંદાં, ધારાં, ગાંઠો, ફિરંગવા, હિસ્ટીરીઆ, ઉન્માદ વગેરે અસંખ્ય રોગો થાય છે.

પ્રકાર—ચાંદીની ઘણી જાત છે, માટે તેનાં નામ તથા ઓળખાણ નીચે પ્રમાણે છે. (૧) **નરમ ચાંદી**—ચેપ લાગવાથી તથા છોલાવાથી થાય છે. આ ચાંદી ઇંદ્રિના ઘુમટાની ચામડીમાં મૂત્ર નળીના આંકામાં અથવા તેના ઉપરના ભાગમાં પડે છે. ચાંદુ દાળના જેવું ગોળ હોય છે અને દાબવાથી કોર નરમ લાગે છે. કેટલીક વખત મૂત્રમાર્ગમાં પણ ચાંદી પડે છે. પુરૂષને ઇંદ્રિનો ઉપલો ઘુમટો ફુલના ઉપર ચડેલો હોય છે, તેની અંદર ચાંદી પડવાથી ઉપર સોજો આવે છે તો, ઘુમટાં ઉપર નહિ ચડવાથી દરરોજ તે જગા સાફ નહિ થઇ શકવાથી ચાંદી વધતી જાય છે. આ સાથે બદ પણ થાય છે. (૨) **કઠણ ચાંદી**—આ ચાંદી ખરાબ ચેપ લાગ્યા પછી લગભગ ત્રણ અઠવાડીયા પછી શરૂ થાય છે. શરૂઆતમાં પ્રથમ ચામડી ઉપર નાની ફોલ્લી થઇ આવે છે અથવા ચીરો પડે છે, તે વધીને ગોળ ચાંદુ થાય છે. તેમાંથી પાતળી રસી ઝરે છે. ચાંદીને આંગળીવતી દબાવી જોવાથી કુમળા હાડકાં જેવી કઠણ જણાય છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતની ચાંદી ચેપી ગણાય છે. (૩) **પ્રસરતી ચાંદી**–આ ચાંદી ખરબચડી, ખવાઇ ગયેલી અને વાંકીચુંકી નાની ટાંકી માત્ર હોય છે. તેમાંથી ગંધાતું પાતળુ પરૂ આવે છે. આ સાથે જાંગોમાં બદ થાય છે, ને તે પાકી ફુટે છે, તાવ, અશક્તિ, અનિંદ્રા વગેરે ઉપદ્રવો થાય છે. (૪) **સડાવાળી ચાંદી**–ચામડીને ભાગ સુજી આવી લાલ થાય છે, સડાવાળા ભાગમાંથી વાસવાળું લાલ પાતળું પ્રવાહી ઝરે છે.

ઉપાય—આ રોગમાં બાહ્યોપચાર અને આંતરોપચાર કરવાની જરૂર છે. **બાહ્યોપચાર**-(૧) લીંબડો, આવળ, બાવળ, બોરડી અને આસોપાલવની છાલ દરેક તોલો ૧ ને દશશેર પાણીમાં ઉકાળી અરધો ભાગ પાણીને રહે ત્યારે તે પાણી ગાળીને તેનાથી વારંવાર ધોવું. (૨) ત્રિફળાના કવાથથી ધોવું. (૩) ફુલાવેલી ફટકડી તોલો ૦। બશેર પાણીમાં નાંખી, તેનાથી ધોવું. ઉપર પ્રમાણે ધોઈ સાફ કર્યા પછી (૪) **મલમ**–જસત તોલો ૧, શંખજીરૂ તોલો ૧, સિંદુર તોલો ૦।, કાથો તોલો ૦।, એ સર્વેનું બારીક ચુર્ણ કરી ધોયેલા ઘીમાં મલમ કરી ચોપડવું. (૫) પીળી કોડીની ભસ્મ તોલો ૦॥, જુની સોપારીને કોલસો તોલો ૦॥, સફેદ કાથો તોલો ૧, શંખજીરૂ તોલો ૦॥, જસત તોલો ૦॥, બોદારસીંગ તોલો ૦।, કપુર તોલો ૦ એ સર્વેનું બારીક ચુર્ણ કરી તે ચાંદી ઉપર દબાવવું અગર ગાયના ધોયેલા ઘીમાં મલમ કરી લગાડવું. લીંટનું કપડુ અગર રૂનું પુમડું ઉપર બતાવેલા પાણીમાં બોળી તેનાથી ચાંદી સાફ કરી તે ઉપર સુખડના તેલનું પુમડું લગાડી ઉપલી ભૂકીઓ દબાવવી. આ પ્રમાણે ચારપાંચ દિવસ કરવાથી ચાંદી મટશે. ચાંદીને લીધે સોજો આવ્યો હોય તો (૬) ઝેરકોચલુ અને આંબળું પાણીમાં ઘસી ઉનું કરી સોજાની ઉપર લગાડવું. કેટલીક વખતે ઉપરની ચામડીની અંદર ટાંકીઓ પડે છે. સોજો વધારે આવેલો હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે અને ચામડી જાડી થઈ ગયેલી હોય છે તેથી ફુલ ઉઘાડવા માટે (૭) સો વખત ધોયેલા બેરૂપીઆભાર ઘીમાં જસત તોલો ૦ાા, સીંદુર તોલો ૦ા અને શંખજીરૂ તોલો ૦ા, એ ત્રણને કાલવી લીંટના કપડા ઉપર અગર મલમલના લુગડાપર પટી કરી સોજાપર લગાડવી અને અંદરના ભાગમાં (૮) ઉપર બતાવેલ ધોવાનું પાણી કાચની પીચકારીમાં લઈ સાફ કરી રૂપાની સળીએ રૂ લગાડી તે સળી ઉપર બતાવેલી ભૂકીમાં બોળી અંદરના ચાંદાને લગાડવી. આ પ્રમાણે થોડા દિવસ કરવાથી ઉપરનો સોજો ઉતરી જઇ અંદરની ચાંદીઓ મટી જાય છે. કેટલીક વખતે (૯) સ્યુગરલેડ અડધો વાલ શેર પાણીમાં નાખીને તેનાં પોતાં સેજા ઉપર મુકવાથી સોજો ઉતરી જાય છે અને ત્યાર પછી અંદરની ચાંદીઓ મટવા માટે રૂપાની સળીએ રૂ લગાડી, તે ઉપરની બતાવેલી ભૂકી બોળી તે સળીથી અંદરની ચાંદીઓ ઉપર દવા લગાડવી, આ પ્રમાણે કરવાથી ફુલ ઉપરની ચામડી ઉઘડશે. ચાંદીઓ ધોઇ સાફ કરીને તેના ઉપર મલમ અગર ભૂકી બરાબર દબાવવામાં આવે તો ચાંદીઓ રૂઆઈ જાય છે, (૧૦) કેસુડાનાં ફુલને બાફી ઇંદ્રિની ચામડીના સોજા ઉપર બાંધવાં અગર કેસુડાને પાણીમાં બાફી તે નવસેકું પાણી સોજા ઉપર રેડવું. આથી સોજો હલકો થશે અને ત્યાર પછી અંદરની ચાંદીઓ ઉપર નીચેની ભૂકી લગાડવી. (૧૧) શંખજીરૂ, માણસના હાડકાની ભૂકી, કાથો, જસત એ સર્વેનું ચુર્ણ કરીને ઉપર પ્રમાણે લગાડવી, આ પ્રમાણે કરવા છતાં પણ ચાંદીઓ ન રૂઆય તો (૧૨) **રાતોમલમ**-કંપીલો, સીંદુર, બેરેજો, બોદારસીંગ અને સુરોખાર દરેક તોલો ૧ નું બારીક ચુર્ણ કરી, તેમાં મીણ તોલા ૨ તથા સરસીયું તેલ તોલા ૪ મેળવી, ગરમ કરી; તે મલમની પટી ચાંદી ઉપર લગાડવી અગર પટી વગર મલમ ચોપડવો. ચાંદાં, વ્રણ, ગડગુમડ, વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર આ મલમ ઘણું સારૂં કામ કરે છે. આ કરતાં પણ ચાંદાં, ચાંદી, ટાંકી અને વ્રણ ઉપર રૂઝ લાવવા નીચેનો (૧૩) **કાળો મલમ**--સારૂં કામ કરે છે. સિંદુર તોલા ૫, મોરથુથુ ૧ પૈસા ભાર, લીંબડાની સુકી લીંબોળી અગર સુકાં પાન તોલા ૨॥, તલનું તેલ તોલા ૧૦ ને લોઢાની કડાઇમાં ગરમ કરી મલમ કરવો. આ મલમની પટી અગર મલમ ચોપડવો. ચાંદી ધોઇ સાફ કર્યા પછી દારૂડીઆનું પીળુ દુધ (ચીક) ચાંદીપર ચોપડવાથી ચાંદી રૂઝાય છે. પડ ન બાઝે તેની ખબર રાખતા રહેવું. (૧૪) રસકપુર તોલો ૦॥ ને ખેરસારના પાણીમાં ખરલ કરી ચાંદી ઉપર ચોપડવું. (૧૫) જાયફળ, વાવડીંગ, રસકપુર અને લવીંગ, સમભાગે લઇ ચુર્ણ કરી માંખણમાં કાલવી ચોપડવું. (૧૬ રસકપુર ૧ ભાગ અને પાણી ૨૦૦૦ ભાગ લેઈ તે પાણીથી ચાંદી ટાંકી અને ચાંદુ હોય તે ધોઈ નાંખી રૂ અગર લીંટના કપડાથી સાફ કરી તેના ઉપર (૧૭) નાઇટ્રિક એસીડનાં બે ટીપાં બરાબર ચાંદી ઉપર મુકવાં અગર એસીડમાં સળીવતી રૂ બોળી તે ચાંદા ઉપર મુકવું તે ન લાગે તેની સંભાળ રાખવી. બળતરા બહુ બળે તો આ એસીડના ભાગપર પાણીની ધાર કરવાથી વધારાનો એસીડ ધોવઈ જશે. ત્યાર પછી (૧૮) જસતનાં ફુલ તોલો ૧, આયડોફોર્મ વાલ ૨, એ બંનેને એક કરી ચાંદા ઉપર દબાવવું અથવા (૧૯) કયાલોમેલ અને બૉરીક ઍસીડ ભૂકી દબાવવી અગર વેસેલાઇનમાં મલમ કરી લગાડવું. ચાંદીનો સડો વધારે થયો હોય તો પાશેર પાણીમાં એક રતિ મોરથુથુ નાંખી તેની પીચકારી મારવી અને તે ઉપર, ઉપરની ભૂકી ભભરાવી લીંટનું કપડું મુકી પાટો બાંધવો. પરમેગ્નેટ પોટાસના પાણીથી ચાંદી સાફ કરીને બોદારસીંગ ગુલાબજળમાં ઘસી ચોપડવો. અથવા કેવડીયો કાથો ઝીણો વાટી ઉપર ચોપડવો. **અંદરના ઔષધોપચાર** આ રોગમાં શરૂઆતથીજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા. (૧) લઘુ **મંજીષ્ટાદિકવાથ, કૈશોરગુગળ સાથે** આપવો. **લઘુમંજીષ્ટાદિ-(બનાવટ)** મજીઠ, ત્રિફલા, કડુ, વજ, દારૂહળદર, ગળો, લીંબડાનીઅંતરછાલનો ઉકાળો સવારસાંજ પીવો અને તે સાથે કૈશોરગુગળની અકેકી ગોળી લેવી દરરોજ ઝાડો સાફ લાવવાને માટે મળશુદ્ધિ ચુર્ણ અથવા દીનદયાળ ચુર્ણની ફાકી અરધાભારની લેવી.

આ રોગમાં **ચોપચીન્યાદિ ચુર્ણ** દરરોજ સવારસાંજ પા પા રૂપીઆભાર ગાયના દુધ સાથે લેવું. **(બનાવટ)** ચોપ-ચીની તોલા ૧૬, સાકર તોલા ૪, પીંપર, પીંપરીમૂળ, મરી, લવીંગ, અકલકરો, બંગ ભસ્મ, સુંઠ, વાવડીંગ, હરડે, બહેડાં, આંબળાં દરેક તોલો અરધો, તેનું ચુર્ણ કરવું. આ ચુર્ણ વીસ પ્રકારના પ્રમેહ, ઉપદંશ વ્રણ રોગ અને દરેક પ્રકારના કુષ્ટને મટાડે છે. પંચનિંબ ચુર્ણ તથા તેનો કવાથ સારો ફાયદો કરે છે અને તેની સાથે ગુગળની બનાવટવાળી દવાઓ પણ સારો ફાયદો કરે છે. લઘુમંજીષ્ટાદિકવાથ પીવાથી ફાયદો ન થાય તો બૃહદ્દમંજીષ્ટાદિકવાથ શરૂ કરવો. આ રોગ ઉપર પારો સર્વોત્તમ દવા છે. દેશી વૈદ્યકમાં પારાની બનાવટવાળી દવાઓ આ રોગને માટે વખણાય છે; પણ બીન અનુભવી વૈદ્યના હાથેથી લેવામાં ઘણું જોખમ છે. (૪) **કેશરાદિવટી (દેવકુસુમાદિવટી)**ની અકેકી ગોળી સવારસાંજ ગાયના દુધ સાથે લેવી અને લવણ વિનાનું અન્નપાન રાખવું. આ ગોળીઓ બરાબર પરહેજી રાખીને લેવામાં આવે તો ઉપદંશનો સડો મટી જાય છે. આ રોગમાં ઉપદંશની ખોટી ગરમીને લીધે શરીરે વિસ્ફોટકનાં ચાંદાં નીકળે છે અને તે સાથે સાંધા પણ રહી જાય છે માટે (૫)× મોરથુથુ તોલો ૧ ને

× तुत्थंदुग्धेन सघृष्टं गर्तेगर्दभविष्टया । संपकंहन्ति विस्फोट मुपदशादिकव्यथां ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુધમાં ઘુંટીને ગોળી કરી પછી શરાવ સંપુટમાં મૂકી ગધેડાના લીંડા સુકાં શેર ૭ માં પકવીને તેમાંથી રતિ ૧ ગોળમાં ગોળી કરી ઘીવાળી કરી સવારસાંજ એકેકી ગળી જવી. તેના ઉપર ઘઉંનો ફુલકો ઘીવાળો ખાવો. ખટાસ, તેલ, આંબલી, મરચું, વાલ, હીંગ અને ગોળ એટલાં ખાવાં નહિ, આ દવાથી શરીરે વિસ્ફોટકનાં ચાંદાં નીકળ્યાં હોય અને અંદરથી પરૂ નીકળતું હોય અને તેમાં જીવ પડયા હોય તો તે પણ મટી જાય છે.

(૬) **નીલકંઠરસ**—ફુલાવેલુ મોરથુથુ, ફુલાવેલી ફટકડી, હરડાં, બેહેડાં, આંબળાં, મોટી હરડે, સમુદ્રફળ, બોદાર, પારો, ગંધક, એ દરેક અકેક તોલો લઈ, પારા ગંધકની કજ્જલી કરી તેમાં બીજી વસ્તુઓનું ચુર્ણ મેળવી લીંબુનો રસ તોલા ૪૦ માં પકાવી વટાણા જેવડી ગોળીઓ કરવો, તેમાંથી અકેકી ગોળી સવારે લેવી. તેલવાળાં પદાર્થો વધારે ખાવાં. હીંગ અને ચણા ખાવાં નહિ. (૭) **ઉપદંશહરીવટી-(બનાવટ)** રસકપુર,એલચી, કાળીદ્રાક્ષ અને લવીંગ ઉપરનાં કુલ દરેક તોલો ૦ાા પ્રથમ રસકપુરને વાટી તે સાથે બીજી વસ્તુઓ મેળવી કાળીદ્રાક્ષના ઠળીઆ કહાડી નાંખી તે દ્રાક્ષ સાથે ખરલ કરી ચણા જેવડી ગોળીઓ કરવી. દરરોજ સવારમાં અકેક ગોળી ઘી સાથે ગળવી. ખોરાકમાં ઘી, સાકર, દુધ અને રોટલી સિવાય કાંઈ પણ ખાવું નહિં. ગોળી સાત દિવસ કરતાં વધારે ખાવી નહિ. ઉપર પ્રમાણે કરવાથી વિસ્ફોટક સાથેનો સંધિવા જરૂર મટે છે. (૮) લીંબોળીનાં મીંજ અને બાવળનો ગુંદર ખરખા વજને લઈ તેને વાટી વટાણા જેવડી ગોળીઓ કરવી. દિવસમાં ત્રણ વખત બબે ગોળીઓ પાણી સાથે ગળવી. આથી વિસ્ફોટકના ચાંદા મટે છે. ઉપદંશના સંધિવાને માટે બાહ્યોપચાર તરીકે સંધિવાના પ્રકરણમાં બતાવેલા તેલો અને લેપો કરવા. ઉપર પ્રમાણે દવાંઓનો ઉપયોગ કરતાં સંધિવા ન મટે તો (૯) રસકપુર તોલા ૧ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાશેર ગાયના ઘીમાં પરિપકવ કરવો ત્યારપછી તે રસકપુરને ત્રાંબાની કથરોટમાં ત્રાંબાના વાટકાથી ૨૪ તોલા ઘેટીના દુધમાં ઘુંટતા જવું. જ્યારે ગોળીઓ વળાય તેવું થાય ત્યારે ચણીબોર જેવડી ગોળીઓ કરવી. સવારસાંજ અકેકી ગોળી ટાઢા પાણી સાથે ગળવી. તેલ, આંબલી અને મરચું બંધ. આ ગોળીઓના સેવનથી પ્રમેહ, ઉપદંશ અને સંધિવા મટે છે. આ સિવાય નીચે બતાવેલા ઉપાયો ઉપદંશ સાથે સંધિવા અને વિસ્ફોટક હોય તેના ઉપર સારૂં કામ કરે છે. (૧૦) **ઉપદંશકુઠાર-(બનાવટ)** મરડાસીંગ, ઉપલેટ અકેક તોલો, મોરથુથુ ૬ માષાને આદાના રસમાં ખરલ કરી ચણીબોર જેવડી ગોળીઓ કરી અકેકી સવારસાંજ લેવી. મીઠાઇ, ખટાઇ, મત્સ્ય, દુધ અને કહોળું ખાવું નહિ. **ચંદ્રપ્રભાગુટિકા** અથવા **અમૃતાગુગળ**ની અકેકી ગોળી સવારસાંજ લેવી. (૧૧) **બાળહરીતકીયોગ**-હીંમજ તોલા ૪ અને મોરથુથુ તોલો ૦। ને સાત દિવસ સુધી લીંબુના રસમાં મર્દન કરી **ચણા** જેવડી ગોળીઓ કરવી. તેમાંથી દરરોજ અકેકી ગોળી ટાઢા પાણી સાથે લેવી. ખોરાકમાં ચોખા, ઘઉં, મગ અને ગાયનું ઘી ખાવું. (૧૨) **રસગંધક કજ્જલી પ્રયોગ**-શુદ્ધ પારો તોલો ૧ અને શુદ્ધ ગંધક તોલા ૨ નો કજ્જલી કરી, તેમાંથી અકેક રતિ ગાયના ઘી સાથે સવારમાં એક વખત લેવી. એકવીસ દિવસનો આ પ્રયોગ છે. ખોરાકમાં લવણ વિના ઘઉં અને ઘીનું સેવન કરવું. આ રોગમાં જે જે વખતે જે જે ઉપદ્રવો શરૂ થાય તે ધ્યાનમાં લઈ તે વખતે તે તે ઉપદ્રવોના ઉપાયો ચાલુ દવાની સાથે શરૂ કરવા.

વિસ્ફોટકના ચાંદાં શરીર ઉપર નીકળે છે અને તેમાંથી પરૂ નીકળી સડો થાય છે માટે (૧૩) **માહેશ્વરલેપ**-સો વખત ધોયેલા ઘીમાં કાલવી વિસ્ફોટકના ચાંદા ઉપર ચોપડવો. **(બનાવટ)** પારો, જીરૂ, શાહજીરૂ, હળદર, દારૂહળદર, મનસીલ, મરી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંદુર દરેક તો. ૧ નું બારીક ચુર્ણ કરવું. આથી તમામ શરીર ઉપરનાં ચાંદાં રૂઝાઇને મટી જશે ઉપદંશના રોગ સાથે કેટલીક વખતે બે જાંગોના વળામાં બદ થાય છે તેના **ઉપાયો**. (૧૪) કાળા પત્થરનો શેક કરવો. (૧૫) લીંબડાના પાન વરાળીયાં કરી બાંધવાં. (૧૬) ભીલ્લામાં તથા સરગવાની છાલ પાણીમાં વાટી થેપલી કરી મુકવી. (૧૭) ગાંઠ લોહીથી ગંઠાઈ ગઈ હોય તો જળો લગાડવી. (૧૮) **પારાની પટી** મારવી અગર બતાવેલા (૧૯) **રાતા મલ્લમની પટી** મારા ઉપર કાળા પત્થરનો શેક કરવો એટલે ગાંઠ વેરાઇ જશે છતાં ન વેરાય તો ગરમ પાણીનો શેક કરવો અગર અળશીની પોટીસ કરવી. આ પ્રમાણે કરવાથી ગાંઠ ફાટી જાય તો પછી પરૂ ખેંચવાને માટે રાતા મલમની પટી દરરોજ મારવી અને રૂઝ લાવવાને કાળા મલમની પટી મારવી. આ પ્રમાણે કરવાથી થોડા દિવસમાં રૂઝ આવી જશે.

પથ્યાપથ્ય—(પથ્ય) વમન, વિરેચન, ચોખા, જવ, મગ, ઘી, ઘઉં, કારેલાં, પરવળ, હિતકર છે. (અપથ્ય) દિવસે નિંદ્રા, મૈથુન, મૂત્રાવરોધ, ગોળ, ખાટા પદાર્થ, લવણ એટલાં અહિતકર છે.

વિશેષ ઉપચાર–ખેર, આવળ, ઉંબરો, ગળો, ચોપચીની, બાવળ, પીંપળો, લીંબડો, બાળહરડે, આંબળાં, કાંસકી, ભાંગરો, મીંઢીઆવળ, ખજૂર, શેમળો, સાંધા માટે ગુગળ, વાસનવેલ, ભિલામાં વિસ્ફોટક માટે મજીઠ, કાળી દ્રાક્ષ, વરીઆળી, શતાવરી, હરડે.

ઉદરરોગ.

વિવેચન–ઉદરરોગના આઠ પ્રકાર છે (૧) વાતથી વાતોદર (૨) પિત્તથી પિત્તોદર (૩) કફથી કફોદર (૪) ત્રિદોષથી સંનિપાતોદર (૫) પ્લીહા એટલે બરોલ વધવાથી પ્લીહોદર (૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુદાના માર્ગમાં અટકાવ થાય તે બદ્ધગુદોદર (૭) આંતરડામાં જખમ પડે તે ક્ષતોદર (૮) જળોદર અથવા દકોદર.

કારણ–અજીર્ણથી, અગ્નિમંદ પડવાથી, અતિદોષ કરનારાં અન્નપાનથી અને મળસંચયથી ઉદરરોગ થાય છે. એકઠા થયેલા દોષો પરસેવાનું તથા જળનું વહન કરનારા માર્ગોને રોકી પ્રાણવાયુ, જઠરાગ્નિ અને અપાનવાયુને દુષિત કરી ઉદરરોગને ઉત્પન્ન કરે છે.

લક્ષણ–પેટ ભારે અને ઢમઢોલ, ચાલવાની અશક્તિ, શરીરની દુર્બળતા, મંદાગ્નિ, સોજા, ગ્લાની, મળનો અને અપાનવાયુનો અટકાવ, આળસ, ઉંઘ, બળત્રા વગેરે તમામ પ્રકારના ઉદરરોગના સામાન્ય લક્ષણો છે. જુદા જુદા પ્રકારના ઉદરરોગોના લક્ષણો નીચે પ્રમાણે છે. (૧) **વાતોદર**–હાથે પગે, પેટે અને નાભિમાં સોજો, સાંધાઓમાં ફાટ, પેટના બે પડખામાં, મધ્યમાં, કેડમાં તથા પીઠમાં દરદ, મળનો સંચય, પેટમાં સોયા ખોચ્યા જેવી વેદના વગેરે. (૨) **પિત્તોદર**–તાવ, મૂર્છા, ફેર, તરસ, ચામડી, નેત્ર અને નખમાં પીળાશ, પેટમાં બળત્રા, બહાર દાહ, પેટમાં ઘણો દુઃખાવો વગેરે. (૩) **કફોદર**–સોજા, શરીરનું ભારેપણું, અરૂચી, પેટ ભારે, ધોળી અને લીલી નસોવાળું પેટ જણાય, દબાવવાથી પેટ કઠણ લાગે, બોજાવાળું અને અવાજ વગરનું થાય છે. (૪) **સંનિપાતોદર**–વિષદ્દ પદાર્થોનું સેવન કરવાથી, દુષ્ટ પદાર્થો ખાવાથી, બગડેલું પાણી પીવાથી વગેરે કારણથી લોહી તથા વાતાદિ દોષો ઘણાજ દુષ્ટ થઇ આ દુષ્ટ રોગને ઉત્પન્ન કરે છે. આ ઉપરથી કેટલાક આચાર્યો આ રોગને દુષ્યોદર કહે છે. (૫) **પ્લીહોદર**–બરલના વધવાથી જે લક્ષણો થાય છે તેજ પ્લીહોદરનાં છે. જીર્ણજ્વર, ઝાડાની કબજીયત વગેરે. એવી રીતે જમણા પડખામાં યકૃત વધે છે તેને **યકૃતોદર** કહે છે. (૬) **બદ્ધગુદોદર**–પેટમાં ચોંટી રહેનારા પદાર્થોનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સેવન કરવાથી આંતરડાના નળમાં મળ જમા થઇ જાય અને ગુદામાં મળ રોકાઇ જાય અને કષ્ટથી થોડો થોડો ઝાડો થાય, હૃદય અને નાભિની વચમાં પેટ વધે. (૭) **ક્ષતોદર**–અન્ન સાથે અથવા બીજી રીતે પેટમાં કાંટા, કાંકરી વગેરે પદાર્થ જવાથી આંતરડામાં કાંણા પડી તેમાંથી નીકળતો પાણી સરખો સ્રાવ ગુદા વાટે નીકળી નાભિ અને હૃદયના વચમાં સોયો ઘોંચ્યા જેવી વેદના થાય. (૮) **જળોદર**–ઘી તેલ જેવા ચીકણા પદાર્થોનું સેવન કર્યા પછી, ઉલટી થયા પછી, ચીકણું ખાધા પછી, રેચ લીધા પછી જો ઠંડુ પાણી પીવામાં આવે તો તે રસવાહિની નળીઓ બગડી જઇ ચીકણા પદાર્થથી લીંપાઇ જાય છે અને તેથી જળોદર થાય છે.

ઉપાય–આ રોગના ઉપાયો સ્વેદલ, મૂત્રલ અને રેચક હોવા જોઇએ, પણ તે વિરેચન એવું હોવું જોઈએ કે દરદીની શક્તિને કાયમ રાખી દોષને ઝાડા પેસાબ વાટે બહાર કહાડી નાંખે.

(૧) **વાતોદર** (૧) સુંઠના કવાથ સાથે એરંડીયું બબે રૂપીઆભાર આપવું. (૨) ગોમૂત્ર ત્રિફળા સાથે લેવું. (૩) **દશમૂળનો કવાથ** બબે રૂપીઆભાર એરંડીયું નાખી પીવો. (૪) **દીનદયાળચુર્ણ** અરધા રૂપીઆભાર સવારસાંજ ગાયના મૂત્ર સાથે લેવું. (૫) લીંડીપીંપર તથા સિંધાલુણ નાંખી છાશ પીવી.

(૨) **પિત્તોદર**–(૧) નસોતરનું ચુર્ણ સાકર સાથે લેવું.(૨) બાળહરડે, દેવદાર, સાટોડી અને નસોતરનો કવાથ પીવો. (૩) મરીનું ચુર્ણ નાંખીને છાશ પીવી.

(૩) **કફોદર**–(૧) જીરૂ, સિંધાલુણ, સુંઠ, મરી અને પીંપરનું ચુર્ણ છાશ સાથે લેવું. (૨) ગરમ પાણીનો વારંવાર શેક કરવો. (૩) કળથીનો ઉકાળો ત્રિકટુનું ચુર્ણ નાંખી પીવો. (૪) દૂધમાં એરંડીયું નાંખી પીવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૪) **સંનિપાતોદર**-(૧) હીંમજ અને નગોડનો રસ ગોમૂત્રમાં આપવો. (૨) સાટોડીનું મૂળ, હરડેદળ, સુંઠ, ગળો અને પોખરમૂળનો કવાથ એરંડીયું નાંખી પીવો. (૩) ત્રિકટુ, સિંધવ અને જવખાર નાખી છાશ પીવી. (૪) તાંદળજાનાં મૂળ પાણીમાં વાટી તેમાં ચોગણું ઘી નાંખી, ઘીથી ચોગણું દૂધ નાંખી ઉકાળી ઘી તૈયાર થાય તે પાવું. આથી સર્વ વિષનો નાશ થાય છે.

(૫) **પ્લીહોદર અને યકૃતોદર**-(બરોલ અને કલેજાની ગાંઠો) (૧) પુનર્નવાદિમંડુર ગાયના મૂત્ર સાથે પા પા રૂપીઆભાર લેવો. (૨) કુંવારનો રસ હળદર નાંખો પીવો. (૩) રગત રોહીડો અને હરડેનો કલ્ક ગાયના મૂત્રમાં લેવો. (૪) **+કુમાર્યાસવ** સવારસાંજ બબે રૂપીઆભાર લેવો. **(બનાવટ)** કુંવારનો રસ શેર ૮, ગોળ તોલા ૩૨, મંડુર, જવખાર, ટંકણ, સાજીખાર, પંચલવણ, નવસાર, એ દરેક ચાર ચાર તોલા, એ સર્વેને કાચની બરણીમાં ભરી પેક કરી આઠ દિવસે તડકે રાખવું. (૫) ભિલામાં, હીંમજ, અને વાવડીંગ દરેક ત્રણ તોલા અને અને શાહજીરૂ તોલો ૧, એ સર્વને ખાંડી ગોળમાં ચણીબોર જેવડી ગોળી કરી સાત દિવસ સવારમાં એકેકી લેવી. (૬) રેવ.ચીની તોલા ૨, મરી તોલા ૦॥, લવીંગ તોલો ૦॥, હીકા-માજી તોલો ૦।, બદાસ તોલો ૦॥, એ સર્વેને કુંવારના પાઠાના રસમાં ઘુંટી, નાના બોર જેવડી ગોળીઓ કરવી, તેમાંથી એકેકી ગોળી સવારસાંજ પાણી સાથે લેવી. (૭) લીંબુનો રસ શેર ૧, ટંકણ કુલાવેલો તોલા ૮, કોડીઓ પીળી નંગ ૩૦. જૂના વાસણમાં નાંખી તેના ઉપર કપડછાણ કરી પંદર દિવસ દાણાની કોઠીમાં રહેવા દેવું. તેમાંથી સવારસાંજ એકેક રૂપી-આભાર લેવાથી બરોલની ગાંઠ, કલેજાની ગાંઠ અને ગોળો મટે

+ ગુરૂગમ્ય પ્રયોગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. (૮) આકડાનાં પાન અને સિંધવ માટલામાં ભરી મોં બંધ કરી ગજપુટ આપવો તેથી ભસ્મ થશે. તેમાંથી બએ આનીભાર ભસ્મ દહીંમાં લેવી. (૯) કુંવારના પાઠાનો ગરભ તોલા ૧૦, જુનો ગોળ તોલા ૨, સોનામુખી તોલા ૨, સુંઠ તોલા ૨, અજમો, આંબાહળદર, સિંધવ, હળદર, જવખાર અને ટંકણ દરેક તોલો ૧, એ સર્વેને એક કરી કાચની બરણીમાં ભરી મોં બંધ કરી દશ દિવસ રહેવા દેવું. તેમાંથી બએ રૂપીઆભાર સવારસાંજ લેવું એટલે બરોલ અને કલેજાની ગાંઠ મટશે.

(૬) **બદ્ધગુદોદર**-(૧) સોનામુખી તોલા ૨, હીંમજ તોલા ૨, સંચળ તોલો ૧, અજમો તોલો ૧, ગાયના મૂત્રમાં મોટા બોર જેવડી ગોળી કરી, તેમાંથી સવાર, બપોર ને સાંજે અકેકી ગોળી ગાયના નવટાંક મૂત્ર સાથે લેવી. (૨) **વાજીગર્ભા**-(અશ્વ-ચોળી) આ ગોળીઓમાંથી એક ગોળી ઉંના પાણી સાથે લેવી. (૩) **પુનર્નવાદિ ક્વાથ**માં-ગાયનું મૂત્ર નાંખી પીવો. આ પ્રમાણે ઉપરના દવાઓથી ઝાડો ન થાય તો (૪) **ઇચ્છાભેદીરસ**ની અકેકી ગોળી ઉંના પાણી સાથે લેવી. અંદરના મળદોષને લીધે સર્વ અંગ ઉપર સોજો આવે છે તેને સોફોદર અથવા શોથોદર કહે છે. (૧) **શોથોદરમાં પુનર્નવાદિ ક્વાથ-(બનાવટ)** સાટોડી, દેવદાર, ગળો, હરડે અને સુંઠનો કવાથ ગુગળ તથા ગોમૂત્ર સાથે પીવો. (૨) પુનર્નવાદિમંડુર અગર મંડુરભસ્મ વાલ ૪ થી ૮ ગોમૂત્ર સાથે લેવાથી સોજા ઉતરે છે.

(૭) **ક્ષતોદર**-(૧) દેવદાર અને ચિત્રકનો કવાથ જવખાર નાંખી પીવો. (૨) આકડાનાં રતૈયાં, કાળાં મરી અને સાજીખાર સરખાં વજને લઇ લીંબુના રસમાં ચણીબોર જેવડી ગોળીઓ કરવી અને અકેકી ગોળી સવાર સાંજ લેવી.

(૮) **જળોદર**-જળોદરના ત્રણ ભેદ છે. (૧) સઇઓધર (શોથોદર) (૨) જકીજલોદર (૩) કઠોદર. શોથોદરના ઉપાયો પ્રથમ બતાવ્યા પ્રમાણે કરવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જળોદર—આ રોગમાં પેટમાં પાણી જેવું પરૂ એકઠું થાય છે અને પેટ પાણીની ગાગર જેવું થાય છે. આ રોગને પણ જળોદર કહે છે. (૧) એરંડીયામાં શેકેલ હરડેદળ ૧ ભાગ, સંચળ ૨ ભાગ, એ બંનેને ઘીમાં જરા શેકવાં. શુદ્ધ કરેલાં નેપાળાનાં બી ત્રણ ભાગ એ સર્વનું બારીક ચુર્ણ કરી તેનાથી બમણા ગોળમાં ગોળીઓ ચણા જેવડી કરવી, તેમાંથી અકેકી ગોળી ઉંના પાણી સાથે લેવી. (૨) રસકપુર તો ૨, લવીંગ તો. ૨, એ બંનેને ઇંદ્રવાયણા નંગ ૧૦૦ ના રસમાં ખરલ કરી મગ જેવડી ગોળીઓ કરવી, તેમાંથી અકેકી ગોળી માવાના પેંડા સાથે લેવી અને ઉપર ઉંટડીનું દુધ પીવું. ભુખ તરસમાં પણ ઉંટડીનું દુધ પીવું. બીજું કાંઈ લેવું નહિ. ત્રણ માસ પ્રયોગ કરવાથી જળોદર મટે છે. (૩) **ઇચ્છાભેદીરસ-(બનાવટ)** શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, ટંકણ, મરી, સુંઠ, એ દરેક અકેક તોલો અને શુદ્ધ નેપાળો ૩ તોલા, તે સર્વને લીંબુના રસમાં ઘુંટી ચણોઠી જેવડી ગોળીઓ કરવી, તેમાંથી અકેકી ગોળી સવાર સાંજ ઉંના પાણી સાથે આપવી. આ ગોળી આપ્યા પછી ઝાડા વધારે થાય તો જીરાસાકરની ફાકી અગર પાણી પાવું એટલે ઝાડા બંધ થશે. જળોદરમાં પ્રથમ બતાવ્યા પ્રમાણે કફોદરનું રૂપ થાય છે માટે પેટમાં પાણીનો ભાગ ન દેખાય અને પેટમાં કઠે તો તેના ઉપર નીચે પ્રમાણે બંધારણ કરવું. (૪) આંબાહળદર, સાબુ, ટંકણ, હીંગ, ખારો, સાજીખાર, સંચળ, લસણ, એરંડાના ગોળા અને એળીઓ દરેક તોલા ૨, એ સર્વેને ખાંડી એરંડીયામાં મેળવી પાડીનું છાણ અને મૂત્ર મેળવી દેવતા ઉપર પકાવવું; જ્યારે જાડું થાય ત્યારે આકડાના પાન ઉપર ઘી ચોપડી ઉંનાં કરી પેટ ઉપર મુકવાં અને ત્યાર પછી ઉપરનો લેપ પાંદડાં ઉપર મુકી બીજાં આકડાનાં પાન તેના ઉપર મુકી પેટ ઉપર લુગડાનો પાટો બાંધવો. આ પ્રમાણે બંધારણ દિવસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચ છ વખત કરવું. આ બંધારણથી આંતરડાની અંદરનો સોજો ઓછો થઇ આંતરડાની રગોમાં ભરાયેલું પાણી ઝાડા અને પેશાબ માર્ગે બહાર નીકળી જશે. આ પ્રમાણે (૫) લાંબડીનાં બીયાંનું ચુર્ણ દરરોજ તો. ૦ા દિવસમાં ત્રણ વખત પાણી સાથે લેવું એટલે પેસાબનો સારો ખુલાસો થશે. આ રોગમાં વિરેચન અને મૂત્રલ દવાની વધારે જરૂર છે માટે ધ્યાન રાખીને તે દવાનો ઉપયોગ કરવો. (૬) ગાયનું તથા બકરીનું મૂત્ર પચાસ વખત ગળી દરરોજ બબે રૂપીઆભાર પીવામાં આવે તો પણ સારો ફાયદો થાય છે. (૭) **કુમાર્યાસવ** અને (૮) **અર્કાદિકવાથ**–(**બનાવટ**) મરી, સુંઠ, ગજપીંપર અને સીંધાલુણ સરખા ભાગે અને વીસમા ભાગે આકડાની છાલનો કવાથ કરવો. (૯) **દંતિહરીતકી** આ રોગ ઉપર ઉપયોગી છે.

સર્વ ઉદરરોગના સામાન્ય ઉપાયો–(૧) એળીઓ અને ગરમાળાનો ગોળ સરખા વજને લઈ તેની મોટા બોર જેવડી ગોળીઓ કરી સવારસાંજ એકેકી લેવી. (૨) કાળીદ્રાક્ષ, સોનામુખી, ગુલાબનાં ફુલ, ખજૂર અને સાકરનો કવાથ પીવો. (૩) **એલાદિગુટિકા**–(**બનાવટ**) એળીયો, સોનામુખી અને સુંઠ દરેક તોલો ૧, સિંધવ અને સંચળ અરધો અરધો તોલો, વાવડીંગ અને રેવંચી પા પા તોલો, એ સર્વેનુ ચુર્ણ કરી મધમાં ચણીબોર જેવડી ગોળીઓ કરવી, તેમાંથી એકેકી ગોળી સવારસાંજ લેવી. (૪) અજમાને ઇંદ્રવાયણાના રસમાં પાંચ છ વખત ભાવના આપી તડકે સુકવી તૈયાર થાય ત્યારે તેમાંથી પા પા રૂપીઆભારની ફાકી લેવી. (૫) **દીનદયાળ** ચુર્ણ અરધાભાર સવાર સાંજ લેવું. બકરીની લીંડીઓ શેર ૧, ટંકણ તોલા ૨, હળદર તોલા ૨, જવખાર તોલા ૨, એળીઓ તોલા ૨, હીંગ તોલો ૦ા સર્વને બકરીના મૂત્રમાં ખદખદાવીને પેટ ઉપર લુગડાના બેવનમાં બંધારણ કરવું. અને તે સાથે (૭) ચિત્રક, ચવક, સુંઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને દેવદારનો કવાથ નસોતરનું ચુર્ણ નાંખી પીવો. (૮) **રજની-ચુર્ણ** પા પા તોલો ઉના પાણીમાં લેવાથી સારો ફાયદો થાય છે. (**બનાવટ**,-આંબાહળદર, સાજીખાર અને વાંસકપુર સમભાગે લઈ તેનું ચુર્ણ કરવું. આ રોગમાં સ્નુહીક્ષીરગુટીકા, અમૃતા-ગુગળ, પુનર્નવાદિ ગુગળ, ચંદ્રોદયરસ, પંચામૃતપર્પટી, લોહ-પર્પટી. સુવર્ણપર્પટી યોગ્ય અનુપાન સાથે આપવાથી સારો ફાયદો થાય છે.

પથ્યાપથ્ય—(પથ્ય) રેચક અને મૂત્રલ દવા, લાંઘણ, મગ, રાતી ડાંગર, જુની કળથી, મધ, સિંધાલુણ, છાશ, લસણ, એરંડીયું. આદુ, પરવળ, સરગવાની શીંગો, બકરીનું, ભેસનું અને ગાયનું દુધ તથા મૂત્ર, હલકું અગ્નિદીપક ભોજન હિતકર છે. (અપથ્ય) ઘી વગેરે ચીકણા પદાર્થોનું સેવન, ઉલટી, બહુ ચાલવું, દિવસની ઉંઘ, આટામાં બનાવેલા પદાર્થો, સ્નેહપાન, ઝાડો બંધ કરનારાં અન્નપાન વગેરે.

કંઠમાળ-ગંડમાળ-ગલગંડ.

(Scrofula-સ્ક્રોફ્યુલા)

કારણ—લોહીના વિકારથી આરોગ થાય છે. આહાર વિહાર, કસરત, હવા પાણી વગેરેમાં પ્રકૃતિ વિરૂદ્ધ વર્તન કર-વાથી લોહી બગડે છે અને તે બગડવાથી શરીરના તમામ ભાગોને પોષણ નહિ મળવાથી દોષ ગ્રંથો રૂપે બહાર આવે છે. આ રોગ વારસામાં ઉતરે છે અને તે નાનાં બચ્ચાંઓમાં વિશેષ જોવામાં આવે છે. પાશ્ચિમાત્ય લોકો આ રોગને ચેપી ગણે છે અને કહે છે કે "ટયુબલરકલ બેસીલી" નામના જંતુથી આ રોગ ઉત્પન્ન થાય છે. સ્ત્રીઓને સગર્ભાવસ્થામાં શ્વેતપ્રદર (ધુપણી)નો વ્યાધિ કોઈવાર થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણ—ગળાની બંને બાજુએ ગાંઠો થાય છે અને પાછળથી વધીને ગાંઠોની હાર થાય છે, તેથી **ગંડમાળ** અથવા **કંઠમાળ** એવું નામ આપવામાં આવ્યું છે. આ ગાંઠોમાં બહુ દરદ થતું નથી, પણ તેનો અટકાવ થતો નથી તો, તે વધીને શ્વાસનળી અને અન્નનળી ઉપર દબાણ થવાથી જીંદગી જોખમમાં આવી પડે છે. શરીરિક ચિન્હોમાં શરીર નબળું, અતિશય મંદાગ્નિ, જીર્ણજ્વર વગેરે થાય છે.

ઉપાય—(૧) ઈંદ્રવાયણાનું મૂળ, દેવદાર, વજ, સરસવ અને ધોળી ગરણીનુંમૂળ ગોમૂત્રમાં ઘસી લેપ કરવો. (૨) બાજરીનો લોટ તો. ૧, પાપડીઓખાર તો. ૦।, મીઠું તો. ૦।, હળદર તોલો ૦।, ને પાણીમાં ખદખદાવી ગાંઠો ઉપર ચોપડવાથી ગાંઠો વેરાઈ જશે. (૩) **રાતોમલમ**–(ઉપદંશ પ્રકરણમાં બતાવેલો) ગાંઠો ઉપર લગાડવો. આ સાથે (૪) **કાંચનારગુગળની** એકેકી ગોળી બૃહદ્‌મંજીષ્ટાદિકવાથ સાથે સવારસાંજ લેવી અથવા લઘુમંજીષ્ટાદિકવાથ કૈશોરગુગળ સાથે લેવો. આ રોગમાં ગુગળ ઘણો સારો ગુણ કરે છે ઝાડો સાફ ન આવતો હોય તો કવાથમાં એરંડીયું લેવું. ઉપર પ્રમાણે લેપ કરતાં પણ ગાંઠો હલકી ન પડે તો (૬) ચિત્રક, ભિલામાં, હીરાકસી, થોરનાં મૂળ, તેને ચોખાના ધોવરામણમાં વાટી લેપ કરવો (૭) લીંબડાના રસમાં વછનાગ ઘસી લેપ કરવો. ગાંઠ વેરવા તથા પકવવા માટે નીચેના ઉપાયો સારૂં કામ કરે છે. (૮) ચોળાની ભાજીનો રસ કહાડી તેમાં મુલતાની માટી મેળવી તેને ઉંનો કરી લેપ કરવો. આથી ગળાની ગાંઠો વેરાઇ જાય છે. (૯) નાઇના કંદના પીળા રસમાં સોનાગેરૂ મેળવી ઉંનું કરી ચોપડવું. (૧૦) કાચબાના બરડાની કરોડ પાણીમાં ઘસી ચોપડવાથી કંઠમાળ મટે છે. સિંદુર, સાપની કાંચળી અને એલચીનો સાટોડીના રસમાં ઘુંટી લેપ કરવો. (૧૨) પારો તોલો ૧, ગંધક તો. ૧, શેરી લોબાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તોલો ૧, ગુગળ તોલો ૧ા, દેશી કપુર તોલા ૬ પ્રથમ પારા ગંધકની કજ્જલી કરવી અને તેમાં બાકીની ચીજોને મેળવી, તડકાના તાપમાં ઘુંટી, તેની પટી કરી ગાંઠ ઉપર મારવી. આથી ગાંઠો ફાટી જશે અને પાકી હોય તો રૂઝાઈ જશે. આ પ્રમાણે આ મલમમાં બે ગુણો છે. ઉપર પ્રમાણે બાહ્યોપચાર કરવા અને તે સાથે ચંદ્રપ્રભાગુટિકા, અમૃતાગુગળ, ગંધકરસાયન, ત્રિફળાગુગળ વગેરે રક્તશોધક દવાઓ ઘણા વખત સુધી ચાલુ રાખવી. આ રોગમાં તાવ, ઉધરસ અને શરીરની નબળાઈ પણ થાય છે અને તેમાંથી લાંબા વખતે ક્ષયનું સ્વરૂપ પકડે છે માટે તેની કાળજી રાખવી.

પથ્યાપથ્ય—(પથ્ય) મગ, જવ, રાતી ડાંગર, કારેલાં, સરગવો, તીખા અને અગ્નિપ્રદિપ્ત કરનાર પદાર્થો હિતકર છે (અપથ્ય) મિષ્ટાન્ન, ખાટાં અને મધુર પદાર્થો અહિતકર છે.

વિશેષ ઉપચાર—એરંડો, હીરાકસી, ગુગળ, બેરજો, લીંબડો, ઇંદ્રવાયણાનું મૂળ, આકડો, થોર, વછનાગ, સરગવો, ધંતુરો, કાંચનાર, વાયવરણો, કળથી, કપાસ, ભિલામું.

અંડવૃદ્ધિ—વધરાવળ.
(Hydrocele.)

આ રોગના સાત પ્રકાર છે. (૧) વાત (૨) પિત્ત (૩) કફ (૪) સંનિપાત (૫) રક્ત (૬) મૂત્ર અને (૭) આંતરડાના કારણથી

કારણ—પાણી ભરાવાથી, લોહી ભરાવાથી, નસ ફુલવાથી, કોથળીની ચામડી જાડી થવાથી, વરમથી, આંતરડુ ઉતરવાથી વૃષણ વધીને મોટાં થાય છે, તેને અંડવૃદ્ધિ અથવા વધરાવળ કહે છે

લક્ષણ—વૃષણની ગોળીની આસપાસના રસપડમાં પાણી ભરાય છે. આવી રીતે પાણી ભરાવાથી વૃષણ નારંગીથી તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટા નાળીયેર જેવડો થાય છે. વૃષણના વરમમાં વૃષણ મોટા થાય છે અને તે સાથે દરદ અને થોડો તાવ આવે છે. આ પ્રમાણે વૃષણનો વરમ, રક્ત જન્યવૃદ્ધિ, જળવૃદ્ધિ, શિરાવૃદ્ધિ, વૃષણગ્રંથી અને કોશવૃદ્ધિ વગેરે જુદા જુદા પ્રકારો છે. દોષનો વિચાર કરીને તેની ચિકિત્સા કરવી.

ઉપાય—(૧) કોથળીને ગાદીના આધારથી અથવા કચ્છ (પાટા)થી અદ્ધર રાખવી. (૨) ગરમ પાણીનો શેક કરવો અને એળીઆનો લેપ કરવો. (૩) સુંઠના કવાથમાં એરંડીયું આપવું. (૪) રાસ્ના, ગળો, જેઠીમધ, ચિકણામૂળ, ગોખરૂ, એરંડાના મૂળનો કવાથ એરંડીયું મેળવી પીવો. આ સાથે (૫) રૂમીમસ્તકી, હીરાદખણ, શીકોતરી એળીઓ અને હીરાબોળનું બારીક ચુર્ણ કરી મધ મેળવી પટી મારવી. ગોળી ઉપરના વાળ કહાડી નાંખીને પટી મારી ઉપર લંગોટ રાખવો. દરદીએ ત્રણ દિવસ સુધી ચત્તા સૂઈ રહેવું અને હાલવું ચાલવું નહિ. ત્રણ દિવસ પછી હાલવું ચાલવું હોય તો ધીમે ધીમે ચાલવું. ઘાંટો કહાડીને બોલવું નહિ, તેમ ઉધરસ પણ ખાવી નહિ. બંને તરફની ગોળી મોટી થતી હોય તો બે તરફ બરાબર આવે તેવો લંગોટ રાખવો. પવન ગોળીમાં ઉતર્યો હોય તો તે, ગોળી દાબ્યાથી તરત પાછો ચઢી જાય છે. ચઢતી વેળા કડકડ બોલે છે. આવા દરદીએ મજબુત કચ્છ (લંગોટ) રાખવો. (૬) ગાયના દુધમાં એરંડીયું લેવું. (૭) એળીઓ અને શિલારસને પાણીમાં ખરલ કરી લેપ કરવો અને ઉપર તંબાકુના પાન બાંધવાં. તંબાકુનાં પાન બાંધવાથી ઉલટી થશે અગર ફેર આવશે પણ ઉંધું માથું રાખી પડી રહેવું. આ પ્રમાણે કરવાથી ગોળીમાં પાણી ભરાતું બંધ થશે. જળવૃદ્ધિને માટે (૮) સુંઠ, એરંડાના મૂળ અને ઘોડાવજ દરેક તોલો ાા, તેનો કવાથ એરંડીયું નાખી પીવો. ઘણું પાણી ભરાય તો જળોદરની પેઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણી કાઢી નંખાવવું. •રક્તજન્યવૃદ્ધિમાં જુલાબ લેવો અને જળો મુકી લોહી કાઢી નંખાવવું અગર નવસારના પાણીનાં પોતા મુકવાં. (૯) ભિલામું અને હળદર પાણીમાં ઘસી ચોપડવાં અને ઉપર શેક કરવો. (૧૦) લજ્જાળુંનાં પાંદડાં ગરમ કરી બાંધવાં. (૧૧) ભિલામાના ઝાડનાં પાંદડાંમાં હળદર નાંખી ગરમ કરી વૃષણ ઉપર બાંધવાં. (૧૨) ઘોડાવજ અને રાઈ સમભાગે લઇ લેપ કરવો. આ રોગમાં ઝાડો સાફ આવવાની ખાસ જરૂર છે, માટે એરંડીયું, મળશુદ્ધિચુર્ણ અગર દીનદયાળચુર્ણનો ઉપયોગ કરવો. જ્યારે વૃષણમાં રસ ઉતરે છે ત્યારે બંને વૃષણોની ગોળીની આસપાસ માંસના લોચા જેવું વળગેલું રહે છે અને તે દરરોજ વધતું જાય છે અને તેથી વૃષણવૃદ્ધિ થતી જાય છે, માટે ઉપર કહ્યા પ્રમાણે શિલારસ લગાડી તંબાકુનું પાન બાંધવું અને તે સાથે (૧૩) ઇંદ્રવાયણાની જડ અથવા રેવંચીનો જુલાબ રાત્રે લેવો (૧૪) નસોતરનું ચુર્ણ અડધાભાર સાકર સાથે લેવું. ઉપર પ્રમાણે ઉપાયો કરતાં જ્યારે ન મટે તો પછી (૧૫) હાથના અંગુઠાની નીચે એક જાડી મોટી રગ છે, તે રગ ઉપર લોઢાનો ડામ દેવો. ડાબી બાજુનો અંડ વધતો હોય તો જમણા હાથની રગને ડામ દેવો. અને જમણી બાજુનો અંડ વધતો હોય તો ડાબા હાથે ડામ દેવો. કેટલાક લોકોને કાનની રગો વીંધવાથી પણ આંતરગાંઠ મટેલી છે. આજ સુધિ અંડવૃદ્ધિના રોગને માટે જો કે શાસ્ત્રમાં ઘણા ઉપાયો લખવામાં આવ્યા છે તથાપી અંડવૃદ્ધિ એકવાર વૃદ્ધિ પામી, એક રતલ કરતાં વધારે વજનની થઇ ગયા પછી તે મટી ગયાના દાખલા કવચિત જોવામાં આવે છે. પિત્ત પ્રાધાન્ય અંડવૃદ્ધિ અને બીજી વૃદ્ધિ ઉપર (૧૬) ગુલેઅરમાની અને ગુલાબજળ વારંવાર લગાડવાથી દાહની શાંતી થાય છે. (૧૭) કાળી દ્રાક્ષના બીયાં વાટી તેની પટી મારવાથી ગાંઠ જલદી ફુટી પરૂ નીકળી જાય છે. ત્યાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી (૧૮) કાળો મલમ ઉપદંશ પ્રકરણમાં બતાવેલો છે તેની પટી મારવી. અંડવૃદ્ધિ ફરી ન થવા માટે (૧૯) **વૃદ્ધિરસની**- અકેકી ગોળી સવાર સાંજ પાણી સાથે આપવી. **(બનાવટ)** શુદ્ધ પારો તોલા ૫, શુદ્ધ ગંધક તોલા ૫, સુવર્ણમાક્ષિક તોલા ૧૦, હીંમજ તોલા ૨૦. પ્રથમ પારા ગંધકની કજ્જલી કરી તેમાં માક્ષિકભસ્મ તથા હીંમજ મેળવી એરંડાના પાનના રસની ત્રણ ભાવના આપી ચણીબોર જેવડી ગોળીઓ કરવી. પેટના પડદાનાં છિદ્રોવાટે આંતરડું સાથળના મૂળમાં સરીને ઉતરી આવે તે ખરી સારણ કહેવાય છે. સારણ નીચે ન ઉતરે તેને માટે કમ્મરપટો પહેરવો. સારણ ઉતરે તો નવસારનાં પોતાં મુકવાં.

પથ્યાપથ્ય—(પથ્ય) મગ, ચોખા, ઘઉં, ઘી, દુધ, લસણ, વટાણા હિતકર છે, (અપથ્ય) અડદ, દહીં, અપવાસ, મળમૂત્રનો અવરોધ, મિષ્ટાન, મૈથુન, ખરાબ અન્ન અહિતકર છે.

વિશેષ ઉપચાર—એરંડો, તંબાકુ, ઇંદ્રવાયણાનું મૂળ, રેવંચી,દારૂહળદર,ભીલામું,અરણી,હરડે,ચિત્રો,એળીઓ,શિલારસ.

કુષ્ટરોગ (કોઢ).

શરીરની ચામડીનો કુદરતી રંગ બદલાઇને તેના ઉપર ધોળા, કાળાં, રાતાં વગેરે ઘણા પ્રકારના ચાઠાં નીકળે છે, તેને **કુષ્ટ** અથવા **કોઢ** કહેવામાં આવે છે. લોકો ધોળાં ચાઠાંનેજ કોઢ ગણે છે, પણ ખરૂં જોતાં તો તે માત્ર ૧૮ ભેદોમાનો એક ભેદ છે. કુષ્ટરોગના ૧૮ ભેદ છે. (૧) કપાળ (૨) ઉદુંબર (૩) મંડળ (૪) ઋક્ષજીંહ્‌વ (૫) પુંડરીક (૬) સિધ્મ અને (૭) કાકણ. એ સાત મહાકુષ્ટ અને (૮) એક કુષ્ટ (૯) ગજચર્મ (૧૦) ચર્મદળ (૧૧) વિચર્ચિકા (૧૨) પામા (૧૩) દદ્રુ (૧૪) વિસ્ફોટક (૧૫) વૈપાદિક (૧૬) કિટિતી (૧૭) અસલ અને (૧૮) સતારૂ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ—લક્ષણ-વિરૂદ્ધ પદાર્થોનું સેવન, મળમૂત્રના વેગનો અટકાવ, મદ્ય, માંસ તથા દુષ્ટ પાણીનું સેવન, અતિ સ્ત્રીસંગ, અતિ સંતાપ વગેરે કારણોથી વાતાદિ દોષો કોપ પામી ચામડી, લોહી, માંસ વગેરેને દુષિત કરી કુષ્ટરોગ ઉત્પન્ન કરે છે. દાદર, ખસ, ખરજવાં વગેરે આ રોગના ભેદો છે.

ઉપચાર—(૧) લઘુમંજીષ્ટાદિ અગર બૃહદ્ મંજીષ્ટાદિ-ક્વાથ એરંડીયું નાંખી લેવો અને તે સાથે કૈશોર ગુગળની બબે ગોળી સવારસાંજ લેવી તથા બાહ્યોપચાર તરીકે (૨) **કુષ્ટહર-લેપ-(બનાવટ**; હરડે, કરંજનાં બી, સરસવ, હળદર, ચણોઠી, સિંધાલુણ અને વાવડીંગના ચુર્ણનો પાણીમાં વાટી લેપ કરવો. (૩) પારા ગંધકની કજ્જલી કરી સરસીયું તેલ અને ભાંગરાના રસ સાથે કાલવી લેપ કરવો. (૪) વજ્રતેલ આ રોગ ઉપર સારો ફાયદો કરે છે. (૫) જળો વારંવાર લગાડી લોહી કાઢવું. (૬) ખેરની અંતરછાલ, ત્રિફળા, કડવા લીંબડાની છાલ, પંડેળા, ગળો અને અરડુશીના પાંદડાનો ક્વાથ કરી પીવો. (૭) આંબળાં અને ખેરની છાલનો ક્વાથ બાવચીનું ચુર્ણ તો. ૦। નાંખી પીવો. (૮) ખેરનાં પંચાંગનો ક્વાથ પીવો અને તે ક્વાથથી સ્નાન કરાવવું. આ રોગ લોહીના વિકારથી થાય છે માટે રક્ત-શોધક દવાઓની વધારે જરૂર છે. ચળ, ખસ, લુખસ, ખરજવું, દાદર વગેરે દરદો કુષ્ટના ભેદો પૈકીના છે અને તેમના ઉપચારો ઉપર બતાવેલા કરવા. તે ઉપરાંત (૯) સોનામુખી, હરડે, મજીઠ, આંબાહળદર, કાળીદ્રાક્ષ અને વાવડીંગ દરેક તો. ૧ નો ક્વાથ કરી પીવો એટલે ખોટી ગરમી પેસાબવાટે ઝરી જશે અને ખસ લુખસ ઉપર (૧૦) **માહેશ્વરરસ**માં સો વખત ધોયેલું ઘી મેળવી લેપ કરવો. ખસ, લુખસમાં ઘણી ચળ આવે છે તે વખતે (૧૧) સુખડનું તેલ, લીંબુનો રસ અને કપુર કાલવીને ચોપડવું. (૧૨) ગુલકંદનું સેવન કરવું અથવા (૧૩) ત્રિફળાની અરધાભારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફાકી સવારસાંજ લેવી. આ દરદમાં ઝાડો પેસાબ હમેશાં બરાબર રીતે થવો જોઇએ અને તે સાથે રક્તશોધક દવાઓ કરવી. (૧૪) મજીઠ, કાળીદ્રાક્ષ, ધાણા, વરીઆળી અને સાકર દરેક તોલો ૧ ને શેર પાણીમાં હીમ કરી પીવો આ રોગમાં (૧૫) ગંધક સારૂં કામ કરે છે માટે શુદ્ધ ગંધક એક વાલ સવારમાં ઘી સાથે ચાટવો અને ઉપર દુધ, ભાત, સાકર ખાવાં. તેલ, આંબલી, મરચું, હીંગ અને વાલ ખાવાં નહિ. (૧૬) લીંબડાની અંતરછાલ અને ગળો સમભાગે લઈ તેનો કવાથ પીવો. (૧૭) લીંબડાના પંચાંગનો કવાથ પીવો. (૧૮) જસત તોલો ૧, શંખજીરૂ તોલો ૧, કંપીલો તોલો ૧ અને ફુલાવેલું મોરથુથુ તોલો ૦। એ સર્વેને એક કરી સો વખત ધોયેલા ઘીમાં કાલવી ચોપડવું. બાહ્યોપચારથી ફાયદો થાય છે પણ જ્યાંસુધી અંદરનું લોહી સુધરતું નથી ત્યાંસુધી બહારની દવા બરાબર કામ કરતી નથી, માટે અંદરની દવા સાથે બાહ્યોપચાર કરવા. **ખરજવા** માટે પ્રથમ બતાવેલા ઉપચારો કરવા છતાં ન મટે તો (૧૯) આમલસારો ગંધક તોલો ૧, રસકપુર તોલો ०॥, સાકર તોલો ૧, ખડીઓ ખાર તો. ૧ ને જાલીયાનાં પાનના રસમાં વાટી ખરજવા ઉપર ચોપડવું. (૨૦) **અર્કતેલ-(બનાવટ)** સરસવનું તેલ શેર ०॥, આકડાના દુધમાં હળદર તથા મનશીલ ઘુંટી જરા પાણી નાંખી ચટણી કરવી, તે ચટણીને તેલમાં નાંખી તેલ તૈયાર કરવું. આ તેલથી ખસ, ખરજવું મટે છે. પ્રથમ બતાવેલો માહેશ્વર રસનો ભુકો ધોયેલા ઘીમાં ચોપડવો. (૨૧) લસણ વાટીને ખરજવાની જગાએ લેપ કરવો એટલે તેને પાકીને અંદરથી તમામ ભાગ બહાર આવે એટલે તેને કહાડી નાંખી સાફ કરી ઉપર (૨૨) જસતનો ઘીનો મલમ કરી ચોપડવો. જે ખરજવાં સુકાં હોય તેના ઉપર થોડું ઘી લગાડી ઘઉંના આટાની કે અળસીની પોટીસ બાંધવી એટલે ભીંગડાં કુણાં પડશે, તેને ગરમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીથી ધોવાં પછી ઉપર તેલ અને મીણ મેળવી લગાડવું અગર વેસેલાઇન લગાડવું. પાશ્ચિમાત્ય લોકો કાસ્ટીક અથવા નાઇટ્રિક એસીડથી બાળી નાંખે છે. **દાદર**–ગજકર્ણ તથા દરાજના નામથી લોકોમાં ઓળખાય છે. ચામડી લાલ થઇ ઉપડી આવે છે અને સફેદ ફોતરી ઉખડે છે. તેમાં ઘણી ચળ આવે છે અને ચકરડાં જેવો તેનો આકાર હોય છે. જુની થયા પછી દરદની ભોંય કાળી થઈ જાય છે. દાદરના અસંખ્ય ઉપાયો છે. વિશેષ કરીને રક્તશોધક, કૃમિહર અને કુષ્ટહરના ઉપાયો દાદરને લાગુ પડે છે. (૨૩) પારો, ગંધક, કાથો, મોરથુથુ, પાષાણભેદ અને મુરદારશીંગ એ સર્વનું ચુર્ણ કરી તેથી ચારગણું ઘી લઈ ત્રાંબાના વાસણમાં ખરલ કરી તે ચોપડવું. આથી ખસ, લુખસ, દાદર અને ખરજવાં ગમે તેવાં હોય તે માટે છે. (૨૪) નાળીએરની કાચળીનો ચુવો ચોપડવાથી દાદર અને ખરજવું મટે છે. (૨૫) આમલસારો ગંધક, કપુર, ટંકણ અને મીણનો કોપરેલ તેલમાં મલમ કરી ચોપડવાથી દાદર મટે છે. (૨૬) વછનાગ, ઝેરકચુરો, અને મોરથુથુ દહીંમાં કાલવી ચૌદ દિવસ લેપ કરવો. (૨૭) ફુલાવેલો ખડીઓખાર, ગંધક, લોબાન અને રાળ સમભાગે લઇ તેનું બારીક ચુર્ણ કરી લીંબુના રસમાં ચોપડવું. અને તે સાથે (૨૮) **કુષ્ટહરચુર્ણ**–(**બનાવટ**) લીંબડાના પાન, મીઢીઆવળનાં પાન, હળદર, દારૂહળદર, જીરૂ, ધાવડી, લીંબોળી, હરડે, બહેડાં, આંબળાનું સમાનભાગે ચુર્ણ કરી સવારસાંજ પાપા તોલો પાણી સાથે લેવું. આ ચુર્ણના સેવનથી અઢાર પ્રકારના કુષ્ટનો નાશ થાય છે. **વિચર્ચિકા**–(ઝામરો) ચામડી ઉપર એક મોટો ફોલ્લો થાય છે. પ્રથમ પાણી ભરાય છે. પછી પરૂ થાય છે અને સખ્ત બળતરા તથા વેદના થાય છે, તેને વિચર્ચિકા કહે છે. સોયવતે ફોડી નાંખીને (૨૮) જસત તોલો ૧, શંખજીરૂ તોલો ૧ અને સોનાગેરૂ તોલો ૦। ના ચુર્ણને માંખણમાં કાલવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝામરની જગાએ ચોપડવું. (૨૯) અફીણનો લેપ કરવો. ચામડી છુટી પડયા પછી રૂઝ લાવવા માટે (૩૦) કાળો મલમ લગાડવો અથવા સિંદુર તોલો ૧, શંખજીરૂ તોલો ૧, જસત તોલો ૧ અને આયડોફોર્મ વાલ ૨ ને વાટી ઝીણું કરી તેને ધોયેલા ઘીમાં મલમ કરી પટી મારવી અને ચાંદીઓ પડી હોય તો તે ભૂકી લગાડી તેના ઉપર મલમની પટી મારવી. **વિસ્ફોટક**–ચામડી ઉપર નાના મોટા પીળા પરૂવાળા ફોલ્લા થાય છે તેને વિસ્ફોટક કહે છે. આ ફોલ્લાઓ ફુટીને ઘારાં પડે છે, ભીંગડાં વળે છે અને અંદરથી કચકચે છે. (૩૧) લીંબડો, બાવળ, બોરડી, આવળ અને આસોપાલવની છાલનો ઉકાળો કરી તેનાથી નિત્ય ધોવું. ભીંગડાં વળ્યાં હોય તો તેના ઉપર પોટીસ બાંધીને અથવા તેલ લગાડી ઉખેડી નાંખી તેના ઉપર સાદો મલમ ચોપડવો. આ સાથે (૩૨) ગળોના ઉકાળામાં એરંડીયું નાંખી પીવું. (૩૩) મહામંજીષ્ટાદિકવાથ કૈશોરગુગળ સાથે પીવો. (૩૪) કરીઆતુ, લીંબડો, ઇંદ્રજવ, જેઠીમધ, નાગરમોથ, પિત્તપાપડો, પંડોળ, અરડુસી, વાળો અને ત્રિફળાનો ક્વાથ પીવો. (૩૫) પંડોળ, ગળો, કરીઆતુ, અરડુશી, કડવો લીંબડો, પિત્તપાપડો, ખેરની છાલ અને નાગરમોથનો ક્વાથ પીવો અને તે સાથે પ્રથમ બતાવેલા મલમોનો ઉપયોગ કરવો, છતાં વિસ્ફોટક શાંત ન થાય તો (૩૬) **કેસરાદિવટી** (ઉપદંશ પ્રકરણમાં બતાવવામાં આવી છે) ની ગોળી સવારસાંજ એકેકી પાણી સાથે લેવી. અને વિસ્ફોટકનાં ચાંદા ઉપર (૩૭) માહેશ્વરરસનો ધોયેલા ઘીમાં લેપ કરવો અથવા (૩૮) કંપીલો, સિંદુર, શંખજીરૂ, જસત દરેક તોલો ૧ અને મોરથુથુ ફુલાવેલું તોલો ૦၊ એ સર્વેને ખરલ કરી ધોયેલા ઘીમાં મલમ કરી ચોપડવો. વિસ્ફોટકમાં તાવ આવે છે અને શરીરે દાહ બહુ થાય છે માટે (૩૯) કરીઆતુ, કડુ, અરડુશી, લીંબડાની છાલ, પટોળ, ત્રિફળા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતાંજલીનો કવાથ આપવો અને (૪૦) ચંદન, નાગકેસર, સરસડાની છાલ અને જાઇનાં પાદડાંને તાંદળજાના રસમાં વાટી લેપ કરવાથી દાહ શાંત થાય છે. **વિપાદિકા**-(વ્યાફાટવી) હાથ પગમાં જરા સોજો, દાહ અને ચળ સાથે તેમાં ફાટો પડે છે તેને વ્યાફાટવી કહે છે. ઉપરના તમામ ઉપાયો કરવા. (૪૧) કોકમનું તેલ, રાળનો મલમ, રાતો મલમ, વગેરે આ રોગમાં લગાડવાથી સારો ફાયદો થાય છે.

પથ્યાપથ્ય—(પથ્ય) ચોખા, ઘઉં, ઘી, મગ, તુવેર, મસુર, પરવળ, ગલકાં, કડવા પદાર્થ હિતકર છે. (અપથ્ય) મૈથુન, શેરડી, ગોળ, દહીં, ખાટા પદાર્થો, તલ, મદ્ય, અડદ અહિતકર છે.

વિશેષ ઉપચાર—ગરણી, ગરમાળો, મજીઠ, લીંબડો, **રક્તકુષ્ટ** ઉપર-મંદાર. **સિદ્દમકુષ્ટ**-સહદેવી. **મંડળકુષ્ટ**-ચિત્રક, **ખરજમાં** આંબાહળદર, ઇંદ્રજવ, વાપુંબા. **ખસ માટે** અરડુશી, આંબળાં, આંબાહળદર, કણઝી, કરમદી, ગળમાળો, ગુગળ, લીંબડો, પીળો ધંતુરો, માલકાંકણી, બાવચી સુખડ. **દાદર માટે**-એરંડો, કાસુંદરો, દીકામાળી, કુંવાડીયો, ગંધક, હીરાબોળ, ભીલામાં, મીંઢીઆવળ, કાળીજીરી, **સર્વકુષ્ટ ઉપર**-ખજૂરી, ખીજડો, ગળો, હરડે, રતાંજલી, ધરો, આંબળાં, મજીઠ, કાળી દ્રાક્ષ, ઇંદ્રજવ, આસોપાલવ, બોરડી, બાવળ, ખાખરો.

મહાકુષ્ટ.
(Laprosy-રગતપિત્ત)

આ દરદનો ચોકસ ઈલાજ હજુ જાણવામાં નથી, પણ તે ન ફેલાય તે માટે દરદીને ગરમ પાણીથી નવરાવવો, તેનાં કપડાં વારંવાર બદલાવવાં, સારો તથા જાત જાતનો ખોરાક આપવો. બીજાને ચેપ ન લાગે તેની બરોબર સંભાળ રાખવી. આવા દરદીને રગતિઆની ઇસ્પિતાલમાંજ રાખવો એ સારૂં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દવા—મંજીષ્ટાદિકવાથ સાથે લોહભસ્મ, કૈશોરગુગળ આપવો. કેસરાદિવટી (દેવકુસુમાદિવટી) રોજની બે ગોળી ઘીમાં બોળી ગળી જવાથી શરૂઆતનું થતું દરદ અટકે છે. મીઠું સુદ્ધાંત બંધ કરાવવું. મહાતિક્તકતેલ તથા ચાર મોગરાનું તેલ માલીસ કરાવવું.

ક્ષુદ્રરોગ.

(Minor Diseases.)

આયુર્વેદાચાર્યોએ વિશેષ દરદોનું વિશેષ રૂપમાં વર્ણન નહિ કરતાં તેને ક્ષુદ્રરોગમાં ગણી તેનાં સામાન્ય નામો આપેલાં છે. (૧) **અજગલ્લીકામાં**-કફ અને વાયુના કોપથી જવના દાણા જેવી, કઠણ ગાંઠોવાળી, મગના દાણા જેવી, વેદના રહિત ફોલ્લીઓથાય છે. (૨) **યવપ્રખ્યામાં**-કફ અને વાયુના કોપથી જવના દાણા જેવી કઠણ ગાંઠોવાળી ફોલ્લીઓ થાય છે. (૩) **અંધાલજીમાં**-કફ અને વાયુના પ્રકોપથી મોઢા વગરની ઉપસેલી ફોલ્લીઓ થાય છે અને તેની આસપાસ ચાંદા પડે છે અને થોડું થોડું પરૂ હોય છે (૪) **વિવૃત્તામાં**-પિત્તના પ્રકોપથી મોટા મોઢાની, બળત્રાવાળી, પાકેલા ઉંબરના ફળ જેવી અને આસપાસ ચાંદી પડેલી ફોલ્લીઓ થાય છે. (૫) **કચ્છપિટિકામાં**-કફ ને વાયુના કોપથી પાંચ અગર છ ગાંઠો કઠણ અને કાચબાની પીઠ જેવી ઉંચી ફોલ્લીઓ થાય છે. (૬) **વલ્મીકપુટિકામાં**-ગરદન, ખભો, બગલ, હાથ, પગ, સાંધાઓ તથા ગળું આ જગાએ કીડીઓના દર ઉપર જેવી ટેકરીઓ થાય છે, તેવી ગાંઠો થાય છે તેને રાફો કહે છે. (૭) **ઇંદ્રવૃદ્ધામાં**-વાત અને પિત્તના પ્રકોપથી કમળના ફુલની પાટીકા જેવી એક ફોલ્લી વચમાં થઇ તેની આસપાસ બીજી ફોલ્લીઓ થાય છે. (૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્દભિકામાં-લાલ રંગનું ગોળ અને આસપાસ ફોલ્લીઓવાળું ચાઠું પડે છે અને તેમાં દુઃખાવો થાય છે. (૯) **પાષાણગર્દભમાં**-વાત અને કફના પ્રકોપથી હડપચીના સાંધા ઉપર કઠણ ચળકતો સોજો આવે છે. (૧૦) **પનસિકામાં**-કાનની અંદર વાત અને પિત્તના પ્રકોપથી ફણસની ગાંઠ જેવી કઠણ ફોલ્લી થાય છે. (૧૧) **જાળગર્દભમાં**-વિસર્પની પેઠે એકદમ સોજો આવે છે અને તેમાં બળત્રા થાય છે. (૧૨) **ઇરિવેલ્લિકામાં**-માથામાં ગોળ ફોલ્લીઓ નીકળે છે અને તેનાથી તાવ આવે છે. (૧૩) **કક્ષામાં**-હાથ, બગલ, ખભા અને પાસળાંની જગાએ કાળી ફોલ્લીઓ થાય છે. (૧૪) **ગંધનાશ્નો**- (૧૫) **અગ્નિરોહિણીમાં**-બગલની આસપાસ ફોલ્લા થાય છે અને તેનાથી આખા શરીરે દાહ થાય છે, તાવ આવે છે. આ ફોલ્લા અગ્નિ જેવા લાલ હોય છે. (૧૬) **કુનખમાં**-વાત અને પિત્ત, નખોના માંસમાં રહી બળત્રા સાથે માંસ પકવે છે. (૧૭) **અનુશયીમાં**-પગ ઉપર ચામડીના રંગ જેવી સૂજેલી પણ અંદરથી પાકેલી ફોલ્લી થાય છે. (૧૮) **વિદારિકામાં**-વિદારીકંદ જેવી બગલમાં અથવા અંડના સાંધાઓમાં ફોલ્લી થાય છે. (૧૯) **શર્કરામાં**-નસો અને સ્નાયુમાં ગાંઠ થાય છે. આ ગાંઠ પાકીને ફુટયા પછી તેમાંથી મધ, ઘી કે ચરબીના જેવી રસી ઝરે છે. (૨૦) **શર્કરાર્બુદમાં**-ઉપર પ્રમાણે શર્કરા થયા પછી તેમાંથી દુર્ગંધીવાળું, ઘા, મેદ અને વસા જેવું નાના પ્રકારના રંગવાળું લોહી એકદમ ઝરવા માંડે છે. (૨૧) **પાદદારીમાં**-ઘણી મુસાફરી કરવાથી પગના તળીયાં લુખાં પડી તેમાં ચીરા પડે છે (૨૨) **કદરમાં**-ચાલતાં પથ્થરની અણી ખુંચવાથી કે તેમાં વાગેલો કાંટો ભાંગી ભરાઇ રહેવાથી, થોડા દિવસ પછી ચણીબોરના ઠળીયા જેવડી ગાંઠ થાય છે તેને ખણ કહે છે. (૨૩) **અલસમાં**-પગના આંગળાની વચમાં દુર્ગંધીવાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સડેલો કાદવ ભરાઇ રહેવાથી આંગળાની વચ્ચેની ચામડી કોહાઈ જાય છે અને તેમા ચેળ આવી પાણી છુટે છે. (૨૪) **ઇંદ્રલુપ્તમાં**-માથાના વાળ ખરી પડે છે તેને **તાલ** પડી કહે છે. (૨૫) **દારૂણમાં**-માથા ઉપરનો ભાગ કઠણ થઈ તેમાં ચેળ આવે છે તેને **ઉંદરી** કહે છે. (૨૬) **અરૂંષિકામાં**-લોહી, કફ અને કૃમિના કોપથી માથાપર ચકરડાં પડે છે, તેનાં મોઢાં પુષ્કળ હોય છે તેમાંથી રસી નીકળે છે. (૨૭) **પલિતમાં** માથામાં ગરમી વધારે થવાથી માથાના વાળ ભુરા રંગના થાય છે અગર પળીયાં આવે છે. (૨૮) **તારૂણ્યપિટિકામાં**-શિમળાના ઝાડના કાંટા જેવી યુવાન માણસોનાં મોઢાપર ફોલ્લીઓ નીકળે છે, તેને **ખીલ** કહે છે. (૨૯) **પદ્મનિકંટકમાં**-કમળના કાંટા જેવાં પાંડુ વર્ણનાં ચાઠાં નીકળે છે. (૩૦) **જતુમણિમાં**-જન્મની સાથે એક સરખું, લગાર ઉપસેલું અને ન દુઃખે એવું શરીર ઉપર મંડળ નીકળે છે. (૩૧) **માષમાં**-અડદના દાણા જેવડી કાળી ગાંઠ શરીર ઉપર વેદના વગર નીકળે છે. (૩૨) **તિલકાલકમાં**-તલ જેવાં કાળા રંગનાં ચાઠાં નીકળે તે. (૩૩) **ન્યચ્છમાં**-શરીર ઉપર મોટાં કે નાનાં, ધોળાં, રાતાં અગર કાળાં વેદના વિનાનાં ચાઠાં નીકળે છે, તેને **લાખુ** કહે છે. (૩૪) **વ્યંગમાં**-મોઢા ઉપર સુક્ષ્મ કાળા રંગનું મંડળ થાય છે. (૩૫) **નીલિકામાં**-ઉપર બતાવેલું મંડળ શરીરે થાય છે. (૩૬) **પરિવર્તિકામાં**-ઇંદ્રિ ચોળવાથી કે તેના ઉપર વાગવાથી આખી ઇંદ્રિ સુજી આવી મણીની નીચે એક ગાંઠ બાઝે છે અને તેમાં બળત્રા થઈ સણકા મારે છે. (૩૭) **અવપાટિકામાં**-જે સ્ત્રીઓની યોની નાની છે તે સ્ત્રીઓની સાથે પરાણે સંયોગ કરવાથી અથવા ઇંદ્રિ ઉપરની ચામડીને બળથી હાથે ઉલટી કરી ઉપર ચઢાવવાથી અથવા ઇંદ્રિને ચોળવાથી કે દાબવાથી અથવા શુક્રની ગતિને પરાણે રોકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શખવાથી યોની અગર લીંગ ઉપરની ચામડી ફાટી જાય છે. (૩૮) **નિરૂદ્ધપ્રકાશમાં**-ઇંદ્રિ ઉપરની ચામડી સુજી આવી મણીને ઢાંકી દે છે અને તે મણી ઢંકાઇ જવાથી પેસાબના મારગનો અટકાવ થાય છે, તેથી પેસાબની ધાર ન થતાં તેનાં ટીંપાં પડે છે અને ઢંકાયેલો મણી ખુલ્લો થતો નથી, (૩૯) **સન્નિરૂદ્ધગુદમાં**-ઝાડા પેસાબના ગતિને પરાંણે દાબી રાખવાથી ગુદાશ્રિત વાયુ ઘેરાઇને ગુદાનો અવરોધ કરી મળદ્વારના માર-ગને ટુંકો કરે છે અને તેથી મળ ઉતરતાં ઘણી પીડા થાય છે. (૪૦) **અહિપુતનામાં**-ઝાડો થયા પછી બાળકની ગુદાને ધોવામાં આવતી નથી અથવા તો તેના ઉપર પરસેવો વછ્યા પછી બાળકને સ્નાન કરાવવામાં આવતું નથી તેથી ચેળ આવી તેના ઉપર ફોલ્લાઓ થાય છે. (૪૧) **વૃષણકચ્છુમાં**-સ્નાન કરતાં જે માણસ પોતાના શરીરનો મેલ ઘસીને કાઢી નાંખતો નથી, તે મેલ એકઠો થઇ પોપડો બાઝે છે અને તે જગાએ ચેળ આવીને ફોલ્લીઓ નીકળે છે અને તે પાકી તેમાંથી રસી ઝરે છે. ખાસ કરીને આ રોગ કોથળી ઉપર થાય છે (૪૨) **ગુદભ્રંશમાં**-શરીરે અશક્ત માણસ કરાંજીને દસ્ત કરતાં અથવા ઝાડાના દરદથી ગુદાનો ભાગ બહાર નીકળી પડે છે જેને **આમણ** કહે છે. (૪૩) **સુકરદંષ્ટ્રમાં**-કોરપર લાલાશ ઉપરની ચામડી પાકી ગયેલી હોય અને ચેળ વધારે આવે છે તે.

ઉપાય—દરેક ક્ષુદ્રરોગ ઉપર (૧) બનફસાનો શરબત સવારસાંજ બે વખત દોઢ દોઢ રૂપીઆભાર લેવો. નાનાં બાળ-કોને તો. ૦)= થી તો. ૦I આપવો. (૨) શુદ્ધ કરેલો ગંધક નાનાં બાળકને એક રતી અને મોટા માણસને અકેક વાલ દુધ સાથે સવારસાંજ આપવો. આથી ચામડી ઉપરના લીલા તથા સુકા ક્ષુદ્રરોગ મટી જાય છે. (૩) સુવર્ણમાક્ષિક ૧ રતીથી ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલ સુધી સવારસાંજ મધમાં લેવી. આ ભસ્મથી અંદરથી પરૂ નીકળી ચાંદા રૂઝાઈ જાય છે. ઉપર સેવન કરવાની જે દવાઓ બતાવી છે તે પૈકીની સવર્ણમાક્ષિકભસ્મ વાતપ્રાધાન્ય અને કફપ્રાધાન્ય ક્ષુદ્રરોગમાં સારૂં કામ કરે છે અને પિત્તપ્રાધાન્યમાં બનફસા તથા મંજીષ્ઠાદિકવાથ સારૂં કામ કરે છે. બાહ્યોપચાર તરીકે (૪) **રાતોમલમ**-(ઉપદંશ પ્રકરણમાં બતાવેલો છે) પટી કરીને ગડગુમડ ઉપર લગાડવો અથવા (૫) મનશીલ, રસકપુર, બાવચી, બેદાર, કાથો, ગંધક, કુંવાડીઆનાં બીજ, શેરી લોબાન, પલાસપાપડો, સિંદુર અને કપુરનું બારીક ચુર્ણ કરીને ધોયેલા ઘીમાં મલમ કરી ચોપડવો. આ મલમ ચાંદાં, ચાંદી, નાની ફોલ્લીઓ, કાળી ધોળી દાદર ઉપર સારૂં કામ કરે છે. આ ચુર્ણ કણઝીઆ તેલમાં કાલવીને ચોપડવામાં આવે તો માંથાની ઉંદરી, ખસ, લુખસ મટે છે. જે ગાંઠો મોટી છે તેને પકવવા માટે (૬) અળસીની પોટીસ બાંધવી. આ પ્રમાણે કરતાં પણ ગુમડું ન ફાટે તો પછી (૭) પારાના મલમની પટી મારી ઉપર પોટીસથી શેક કરવો. આ પ્રમાણે કરવાથી ગુમડું પાકીને પરૂ નીકળી જશે ત્યાર પછી પરૂ અંદરથી ખેંચી કહાડવા એકાદ દિવસ પોટીસ મારવી. પછી (૮) **કાળા મલમની** પટી મારવી એટલે ગુમડું રૂઝાઇ જશે. **વલ્મીક**-(રાફડા) ઉપર (૯) મનસીલ, ભિલામું કાગદી એલચી, ચંદન, અગરૂ અને જુઇના પાંદડાનો કલ્ક કરી તેમાં કડવા લીંબડાની લીંબોળીઓનું તેલ બનાવોને તે તેલ લગાડવું. **કક્ષા**-(કાખમાંજરી) ઉપર (૧૦) વડના દુધનો અથવા વછનાગનો વારંવાર લેપ કરવો (૧૧) ધોળી કલગારીનો કંદ ઘસી ચોપડવો. **અજગલ્લીકા**-કાચી હોય તો જળો મૂકીને લોહી કઢાવી નાંખવું અને તે ઉપર (૧૨) નસોતર (૧૩) દુધીયો વછનાગ અગર (૧૪) કાળીપાટને પાણીમાં ઘસી લેપ કરવો ગાંઠ પાકી ગયા પછી ઉપદંશ પ્રકરણમાં બતાવેલા કાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલમની પટી મારવી એટલે રૂઝાશે. **અંધાલજી, યવપ્રખ્યા, પનસી, કચ્છપી તથા પાષાણગર્દભ**–ઉપર પ્રથમ (૧૫) નગોડનાં પાન વરાળીયાં કરી બાંધવાં. ત્યારપછી (૧૬) હરતાલ-મનસીલ, કઠ ને દારૂહળદરના કલ્કનો લેપ કરવો પાકયા પછી ઉપદંશ પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે ધોઇ સાફ કરીને પછી કાળા મલમની પટી મારવી એટલે રૂઝ આવશે **વિવૃતા, ઇંદ્રવૃદ્ધા, ગર્દભી, જાળગર્દભ, ઇરિવેલ્લિકા, ગંધનામ્ની**-ઉપર (૧૭) નાગરમોથ, રતાંજલી, ચંદન, વીરણનો વાળો અને શીંગોડાનો ગુલાબજળમાં લેપ કરી ચોપડવો અથવા (૧૮) વાળો, પીળો વાળો, સુખડ, સોનાગેરૂ અને સુરસાને દુધમાં વાટી લેપ કરવો (૧૯) જેઠીમધ, મજીઠ, પદ્મકાષ્ટ, ચંદન અને ધોળી ઉપલસરીનો લેપ કરવો. **ચિપ્પ** ઉપર–(૨૦) જળો લગાડી લોહી કહાડી નાંખી અગર તે ગાંઠને પ્રથમ બતાવ્યા પ્રમાણે પોટીસથી પકવીને કાળા મલમની પટી રૂઝ લાવવા મારવી. **કુનખઉપર**–લોહી સુધારવા માટે (૨૧) મંજીષ્ટાદિ કવાથ આપવો અને નખ પાકી ગયા હોય તો ફટકડીના પાણીથી સાફ કરીને કાળા મલમની પટી મારવી અથવા છીપનો ચુનો અને સિંદુર માખણમાં કાલવી મલમ કરી લગાડવો. **વિદારિકા**–ઉપર (૨૨) લાક્ષાદિ-તેલનું મર્દન કરી પછી સાટોડી, ગરણી અને બીલીનાં મૂળનો લેપ કરવો. (૨૩) પકાવા માટે **રાતા મલમની** અગર **પારાના મલમની** પટી મારી ઉપર અળસીની પોટીસનો શેક કરવો. **પાદદારિકા**–(પગના તળીયાના વાઢીયા)માં (૨૪) મીણ ઉંનુ કરી લગાડવું અગર (૨૫) રાળ, ઘી, મીણ અને સોના-ગેરૂનો મલમ લગાડવો. (૨૬) કોકમના તેલની ગોટી ઉંની કરી, તે તેલ વાઢીયામાં પુરવાથી સારૂં થાય છે. **અલસ**–(હાથપગની આંગળીયોના કોહવાટ)માં (૨૭) એરંડીયું ઉંનું કરી લગાડવું. (૨૮) જસતનાં ફુલ તો ૧, સિંદુર તોલો ૧, શંખજીરૂ તોલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ અને મીણ તોલા ૪ નો મલમ કરી ચોપડવો (૨૯) મેંદીના કલ્કનો લેપ કરવો. (૩૦) બોરડીનાં પાન અને આંબળાને વાટી રસ કહાડી હાથ અને પગના તળીએ મર્દન કરવું. (૩૧) મીંઢળ, સિંધવ, ગુગળ, ગેરૂ અને વાળાનું ચૂર્ણ મધ તથા ઘીમાં કાલવી લેપ કરવો. (૩૨) છીંપો બાળી તેની રાખ માંખણમાં કાલવી ચોપડવી. **કદર નામના**-ક્ષુદ્રરોગમાં શસ્ત્રથી કાપી નંખાવી (૩૩) આંબળાના તેલથી સ્નેહન કરવું. **ઇંદ્રલુપ્ત**-માથા ઉપર ટાલમાં (૩૪) ગળી, મરી, હીરાકસી અને મોરથુથુનો કલ્ક કરી માથામાં લેપ કરવો. (૩૫) કેવડીઓ કાથો અને દારૂહળદરનો કલ્ક કરી લેપ કરવો. (૩૬) રાતી જાસુદીના ફુલ અથવા પાંદડાંનો રસ ચોપડવો. (૩૭) ગોખરૂ, તલનાં ફુલ, મધ અને ઘીનો લેપ કરવો. (૩૮) કડવી પંડોળીના પાંદડાનો રસ ચોપડવો. **દારૂણ-(ઉંદરી)** ઉપર (૩૯) કોદરાના ક્ષારના પાણીથી માંથું ધોવું. (૪૦) હાથીદાંતને શેકી તેની બારીક ભૂકી કરી બકરીનું દૂધ અને રસાંજન એકત્ર કરી ખરલ કરી લેપ કરવો. (૪૧) રીંગણીના સ્વરસમાં મધ નાંખી ચોપડવું અથવા જાળીયાના પાનનો રસ માથા ઉપર ચોપડવો. (૪૨) જુઈ, કરંજ, વાયવરણો અને કણેરના રસમાં તેલ નાંખી પકાવી તે તેલ માલીસ કરવું. (૪૩) **ભૃંગરાજતેલ-(બનાવટ)** ભાંગરાનો રસ, લોહકાટ, ત્રિફળા અને ઉપલસરીના કલ્કમાં તેલ પકવી, તે તેલનું માલીસ કરવું. આથી માથાની ટાલ, ઉંદરી, પળીયાં વગેરે મટે છે. (૪૪) આંબાની ગોટલી અને હરડેનું ચુર્ણ બકરીના દુધમાં ખરલ કરી લેપ કરવો. **અરૂંષિકા (ખોડો)**-(૪૫) લીંબડાને ઉકાળીને તેના પાણીથી ધોઈને ઘોડાની લાદના રસમાં સિંધવ નાંખી લેપ કરવો. (૪૬) હરતાલ; હળદર, લીંબડો અને પટો-ળના કલ્કનો લેપ કરવો. (૪૭) જેઠીમધ, નીલ કમળ, એરંડો અને ભાંગરાના કલ્કનો લેપ કરવો. (૪૮) કુકડાની હગારનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોમૂત્રમાં લેપ કરવો. (૪૯) લીંબુનોરસ કપુર નાંખી લગાડવો. (૫૦) ખેર, કડવો લીંબડો, કડુ અને જાંબુના ઝાડની છાલ વાટી ગોમૂત્ર અને સિંધવમાં મેળવી લેપ કરવો. (૫૧) હળદર, દારૂહળદર, કરીઆતુ, ત્રિફળાં, કડવો લીંબડો અને ચંદનના ક્વાથમાં અગર કલ્કમાં તેલ પકવી તે તેલ માલીસ કરવું. (૫૨) મેંદી વાટી તેનો એક આંગળ થર કરી ચાર પ્રહર રહેવા દઈ તેના ઉપર નાળીએરના છોડાની રાખ તેલમાં કાલવી ચોપડવી. (૫૩) શંખજીરૂ, ચીકણી સોપારી અને ધોળા કાથાનું ચુર્ણ માંખણમાં કાલવી ચોપડવું. (૫૪) ગેરૂ અને કાળી તુલસીનાં પાન એકઠાં વાટી લેપ કરવો. (૫૫) કળીચુનો અને હરતાલને પાણીમાં વાટી લેપ કરવો. (૫૬) **પલિત (પળીયાં)**–ઉપર (૫૬) લોહચુર્ણ, ભાંગરો, ત્રિફળાં અને કાળી માટીને શેરડીના રસમાં વાટી એક મહિનો લેપ કરવો એટલે કેશ (વાળ) કાળા થશે. (૫૭) આંબળાં ૮ તોલા, હરડાં ૮ તોલા, બેહેડાં ૪ તોલા, આંબાની ગોટી ૨૦ તોલા અને લોહચુર્ણ તોલો ૧, એ સર્વે એક કરી તેનો પાણીમાં કલ્ક કરી લોઢાના વાસણમાં મુકવો અને રાત્રે તે લેપ કરવો. (૫૮) કડવા લીંબડાના બીયાનું તેલ કહાડી ચોપડવું. (૫૯) બદામ, પસ્તાં અને ઘી સાકરનો આથો કરી દરરોજ સવારમાં ખાવો. **તારૂણ્ય પિટિકા (ખીલ)**–લોહી સુધરે તેવા ઉપાયો સાથે ખીલ ઉપર (૬૦) વજ, લોધર, સરસવ અને સિંધવનો લેપ કરવો. (૬૧) વજ, મરી, લોધર અને ઉપલેટનો લેપ કરવો. (૬૨) કેસર, ચંદન અને મરીનો લેપ કરવો. (૬૩) બીજોરાનું મૂળ, મનસીલ, ગાયના છાંણનો રસ અને ઘીનો લેપ કરવો. (૬૪) જાયફળ, ચંદન અને મરીનો લેપ કરવો. (૬૫) લોધર, ધાણા અને વજનો લેપ કરવો. (૬૬) ગોરોચન, કેસર અને ચંદનનો લેપ કરવો. (૬૭) અર્જુનવૃક્ષની છાલને દુધમાં વાટી લેપ કરવો. (૬૮) મજીઠને મધમાં કાલવી તેનો લેપ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્મનિકંટક–(૬૯) લીંબડાનો કવાથ પાઇને વમન કરાવવું. (૭૦) લીંબડાનાં પચાંગમાં ઘી પકવી સેવન કરવું (૭૧) લીંબડો અને ગરમાળાનો કવાથ શરીરે ચોપડવો **વ્યંગ (ચાંગા)**—(૭૨) વડની વડવાઇઓનું ચુર્ણ કરી મધમાં લેપ કરવો. (૭૩) વાયવરણાના કવાથથી મોઢું ધોઈ નાંખવું. (૭૪) આસોંદરાની છાલ, મજીઠ અને અરડુશીનો મધમાં લેપ કરવો. **પરિવર્તિકા**—(૭૫) **દશાંગલેપ**–ગુલાબજળમાં કાલવી ચોપડવો. (૭૬) ગાંઠ ઉપરનો સોજો અગર ઇંદ્રિ ઉપરનો સોજો ઉતરવા માટે ઝેરકોચલું અને આંબળાં પાણીમાં ઘસી ઉનું કરી ચોપડવું. **અવપાટિકા**–(૭૭) મીંણનો મલમ લગાડવો અથવા જસત અને સિંદુરને ધોયેલા ઘીમાં મેળવી લગાડવું. (૭૮) વેસેલાઇનમાં જસત સિંદુર અને શંખજીરાનો મલમ કરી ચોપડવો. **નિરૂદ્ધ પ્રકાશ**–(૭૯) પ્રથમ સોજો ઉતારવા માટે આંબલીનાં પાન વરાળીયાં કરી બાંધવા અને જ્યારે સોજો ઉતરે ત્યારે ચાંદીની સળી ઘીવાળી અગર તેલવાળી કરી અંદર દાખલ કરવી એટલે સંકોચાયેલો મારગ ખુલ્લો થશે. આ પ્રમાણે કરવા છતાં મૂત્રમાર્ગ ખુલ્લો ન થાય તો સારો વૈદ્ય કે દાક્તરની મદદ લેવી. **સંનિરૂદ્ધગુદ**–(૮૦) વાતહર તેલો જેવાં કે નારાયણતેલ, વિષગર્ભતેલ અને માષતેલથી સીંચન કરવું. આ બાબતમાં સારા **વૈદ્યદાક્તરની** સલાહ લેવી. **અહિપુતના**-(બાળકની ગુદા પાકે છે તે.) આ રોગને **આગરૂ** કહે છે. (૮૧) શંખજીરૂ, સુરમો અને જેઠીમધનો લેપ કરવો. (૮૨) ખેર અને ત્રિફળાના કવાથથી ધોઈ નાંખીને (૮૩) જસત તોલો ૧, છીંપની ભસ્મ તોલો ૧, જીરૂ તોલો ૧, સિંદુર તો. ૦ાા ને વાટી ધોયેલા ઘીમાં અગર માંખણમાં મલમ કરી ચોપડવું (૮૪) પટોળ, તમાલપત્ર, ત્રીફળા અને રસવંતીનો કવાથ કરી તેમાં ઘી પકવી તે ઘી પાવું (૮૫) ત્રિફળા, બોર અને ખેરના કવાથથી વ્રણોને ધોઈ (૮૬) હીરાકસી, મોરથુથુ, હરતાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને રસવંતીનો લેપ કરવો. (૮૭) વ્રણમાંથી રસી બંધ પડવા માટે જુના માટીના વાસણના કકડાનો ભૂકો વસ્ત્રગાળ કરી તેમાં ફુલાવેલું મોરથુથુ નાંખીને વ્રણ ઉપર ભભરાવવું (૮૮) મજીઠ, જેઠીમધ, હરડે અને કરીઆતાનું ચુર્ણ એકેક વાલ મધના પાણીમાં પાવું. **વૃષણકુચ્છુ** (કોથલીમાં ચેળ આવી રસી ઝરે છે તે)-(૮૯) પંચ વલ્કલના કવાથથી ધોઈ નાખીને તેના ઉપર સુખડનું તેલ રૂના પુંમડા વતી લગાડી તેના ઉપર જસત અને સિંદુર સમભાગે લઈ, તે ભૂકી લગાડવી અગર માંખણમાં મલમ કરી ચોપડવો. (૯૦) રાળ, કાથો, આમલસારો ગંધક, કપુર, કંપીલો અને જસત સમભાગે લઇ વસ્ત્રગાળ કરી સો વખત ધોયેલા ઘીમાં કાલવી ચોપડવું. (૯૧) મોરથુથુ, ગંધક, બોદાર-સીંગ, હરતાલ, જસત, કપુર, કંકુ, મનસીલ, કાળાંમરી, સમ-ભાગે લઈ વસ્ત્રગાળ કરી કણઝીના તેલમાં કાલવી ચોપડવું **ગુદભ્રંશ (આમણુ)**-(૯૨) જસત અને માયાં ઝીણાં વાટી આમણ ઉપર ભભરાવી લુગડાના લોચાથી હળવે હળવે દાબી આમણને બેસાડવું. (૯૩) કચુકાનું અને વડના ગોળાનું ચુર્ણ આમણ ઉપર ભભરાવી ધીમે ધીમે આમણ બેસાડવું. (૯૪) ચિત્રક, ચુકો, બીલી, કાળીપાટ અને જવખાર છાશમાં વાટી પીવો. **સુકરદંષ્ટ્ર**-(૯૫) ભાંગરાનું મૂળ અને હળદરના કલ્કનો લેપ કરવો. (૯૬) રાતા કમળનો કલ્ક ગાયના ઘી સાથે લેવો. પાઠા ઉપર (૯૭) કુંવાડીઆનાં પાંદડાં બાફીને બાંધવાં. (૯૮) ઇંદ્રવાયણાનું મૂળ ઠંડા પાણીમાં ઘસી ચોપડવું. (૯૯) લીંબડાનાં પાંન બાફીને બાંધવાં. (૧૦૦) વાંકેરીની જડ ઠંડા પાણીમાં ઘસી ચોપડવી. પ્રમેહના પ્રકરણમાં બદ માટે સામાન્ય હકીકત જણાવવામાં આવી છે. **બદ**-(સાથળના ભાગમાં ભયંકર ગાંઠ નીકળે છે તેને બદ કહે છે.) પ્રમેહ અને ઉપદંશના દરદીઓને આ ગાંઠ વધારે જોવામાં આવે છે, તે સિવાય પણ લોહીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીગાડથી આ ગાંઠ નીકળે છે. આ બદની તીવ્ર વેદના થાય છે. (૧૦૧) કહોળું બાફી મીઠું નાંખી બાંધવું. (૧૦૨) ગાંઠ વેરી નાખવા માટે રાતા મલમની પટી મારવી અને તે ઉપર કાળા પથ્થરથી શેક કરવો. આ પ્રમાણે કરતાં ગાંઠ ન બેસી જાય તો (૧૦૩) પારાના મલમની પટી મારી ઉપર અળસીની પોટીસ કરવી. (૧૦૪) ઘઉંના લોટમાં ડુંગળી નાંખી તેની પોટીસ કરવી આ પ્રમાણે કરવાથી બદ પાકીને ફાટી જશે. ત્યાર પછી તેને પંચવલ્કલના કવાથથી ધોઈ નાંખી અથવા ફટકડીના પાણીથી ધોઈ નાંખી કાળામલમની પટી મારવી અને ખાડો પડી ગયો હોય તો (૧૦૫) જસત તો. ૦ા, કયાલોમેલ તો. ૦ અને સિંદુર તો. ૦, એ ત્રણને મેળવો, તે ભૂકી બદના ખાડામાં પુરી ઉપર કાળામલમની પટી મારવી. આ પ્રમાણે કરવાથી રૂઝ આવશે. તે છતાં રૂઝ ન આવે તો પ્રથમ બતાવેલી ભૂકીમાં **આયડોફોર્મ** વાલ ૧ મેળવી તે ભૂકી બદના વ્રણમાં પુરી કાળામલમની પટી મારવી. (૨૯) **અગ્નિરોહિણી** (બાંબળી વગેરે) ઉપર બદમાં બતાવ્યા પ્રમાણેના ઉપાયો કરવા.

વિશેષ ઉપચાર–મજીઠ, ઇંદ્રવાયણાનુંમૂળ, રતાંજલી, અગર, ચંદન. રાફડા ઉપર–સાગ. કાખમાંજરી ઉપર–ભીલામાં, લસણ, વછનાગ. પાઠા ઉપર–ઇંદ્રવાયણાં, કલગારી, કુંવાડીઓ, ખપાટ. બદ ઉપર–આકડો, ઉંબરો, અફીણ, લીંબડો. બદ પાકવા માટે–અળસી, ડુંગળી. બદ ફાટવા માટે–કુંવાડીઓ. પગની બળતરા માટે–અરીઠાં, મેંદી, ધોયેલું ઘી. રક્તશુદ્ધિ માટે–ગળજીભી, ગુલાબ, શતાવરી. રતવાના ગુમડા માટે–રતનજોત, ગળી, આંબળાં, સોનાગેરૂ, જસત, શંખજીરૂ, હીરાકસી, બોદારસીંગ, કાળીજીરી, કચુરો, ગરમાળો, ચંબેલી, ખેર, કુંવાર, કુંવાડીઓ, હળદર, દારૂહળદર, એરંડો, ઉપલસરી, સહદેવી, ધોળી પીલુડી, લસણ, વાંકેરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રોગમાં **પથ્યાપથ્યના** સંબંધમાં રક્તશોધક અને મગજની ગરમી ઓછી કરી શરીરની શક્તિને આપનારાં ખાન-પાનની ઘણી જરૂર છે. ખોટી ગરમી કરનારાં પદાર્થોનું સેવન કરવું નહિ. દુધ, ઘી, ઘઉં, ચોખા, તાજી ભાજી, મગની દાળ, તુવેરની દાળ વગેરે પદાર્થો આ રોગમાં હિતકર છે.

શીતપિત્ત–શીળસ.
(Urticaria–અર્ટિકેરીઆ)

કારણ અને **લક્ષણ**–ઠંડી વસ્તુના સંસર્ગથી કફ અને વાયુ દુષ્ટ થઈ પિત્તમાં મળી જાય છે; તે પિત્તથી શરીરના ભાગમાં લોહી સાથે અને બહાર ચામડીમાં મધમાખીના દંશ જેવાં શરીરપર ધ્રામઠાં નાનાં મોટાં, લાલ અને સફેદ રંગનાં થાય છે. ચામડી સુજેલી તથા ઉપસેલી લાગે છે અને અત્યંત ચેળ તથા દાહ થાય છે. શીળસ એકદમ અદ્રશ્ય થાય છે. અજીર્ણ અને તેના વિકારો, ખટાશ વગેરે શીળસ અથવા શીળસ જેવા ધ્રામઠાંનું કારણ છે. ઝેરી જંતુ કરડવાથી પણ શરીર ઉપર ધ્રામઠાં નીકળે છે.

ઉપાય—(૧) આ રોગમાં ઝાડો સાફ લાવવા માટે દીનદયાળચુર્ણ અગર મળશુદ્ધિ ચુર્ણ લેવું. છતાં ઝાડો ન થાય તો (૨) વાજીવર્મારસ એક વાલ ગોળના ઉંના પાણીમાં લેવો. (૩) મરીનું બેઆનીભાર ચુર્ણ ઘી સાથે દિવસમાં બે વખત ચાટવાથી ઘણો ફાયદો થાય છે. (૪) શીળસવાળાના આખા શરીરે અડાયાં છાંણાની રાખ ખુબ ચોળી ઉનની કામળી ઓઢી સુઇ રહેવાથી સારો ફાયદો થાય છે. (૫) હોકકો પીવાનો ગડાકુ બનાવવાનું ઠામ ધોઈ તે પાણી શીળસ ઉપર ચોપડવાથી મટી છે. (૬) ગળો, હળદર, કડવો લીંબડો અને ધમાસાનો કવાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીવો. (૭) **શીળસહરવટી**–(બનાવટ) અજમો અને ગોળની બોર જેવડી ગોળી કરી સાત દિવસ લેવી. (૮) સિંધવ ઘીમાં વાટી ચોપડવો. (૯) ત્રિફળા ચુર્ણ સવાર સાંજ મધમાં લેવું. (૧૦) તુલસીનો રસ શરીરે ચોપડવો. **પથ્યાપથ્ય**–(પથ્ય) મગ, ચોખા, કારેલાં, કળથી, દાડમ, ગરમ પાણી, કફ અને પિત્તહર પદાર્થો હિતકર છે. (અપથ્ય) ખાટુ, ભારે અન્ન, સ્નાન.

વિસર્પ–રતવા.

(Erysipelas–ઈરીસીપેલાસ)

કારણ–પ્રકૃતિ વિરૂદ્ધ આહાર, જખમ, ઝેરી હવા, મધુપ્રમેહ વગેરે રતવાનાં કારણો છે. આ રોગ શરીર ઉપર સર્પની પેઠે ફરે છે માટે વિસર્પ કહે છે.

લક્ષણ–રતવા એ ચામડીનો વરમ છે. તે એક જગાથી બીજી જગાએ ફરે છે અને ફેલાય છે તેથી વા કહેવામાં આવે છે. આ રોગમાં તાવ આવે છે અને તેની સાથે ચામડી સુજી જાય છે, હાથને ગરમ લાગે છે અને અંદર તણખા મારે છે. પ્રથમ ટાઢની કંપારી આવી તાવ આવે છે, નાડી જલદ ચાલે છે, તેની સાથે ઉલટી અને ફેર થાય છે. આવાં ચિન્હો થયા થયા પછી બીજે કે ત્રીજે દિવસે શરીરના કોઇ પણ ભાગમાં રતવા દેખાય છે. દાહ સાથે લાલ સોજો થઇ આવે છે. રતવા કળથીના દાણા જેવડા ફોલ્લાઓથી શરૂ થાય છે. સોજો, દાહ અને તાવ બહુ હોય છે, ફોડતાં પાકે છે, ફુટે છે, સોજો ઘણો વધે છે અને વેદના બેહદ થાય છે.

ઉપાય–(૧) રતવાના લક્ષણો જણાય કે તુરત હલકા જુલાબ માટે મળશુદ્ધિ ચુર્ણ કે દીનદયાળચુર્ણ આપવું અથવા હીંમજ, સુંઠ અને સંચળની ફાકી બે વખત લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રતવાના સોજા ઉપર (૨) **દશાંગલેપ** પાણી સાથે કાલવી ચોપડવો. (૩) સુગંધીવાળો, રતાંજલી, રતવેલીયો અને કપુરકાચલીનો ઠંડા પાણીમાં કે ગુલાબજળમાં વાટીને સોજાવાળી ચામડી ઉપર ભીનો સૂકો લેપ કરવો. રતવાનો સોજો ચારે બાજુએ ફેલતો અટકાવવા માટે સોજાને ગરમ પાણીથી ધોઇ તે જગા કોરી કરી તેની આગળ પાછળ (૪) નાઇટ્રેટ ઓફ સીલ્વરના પ્રવાહી (૧ ઔંસ પાણી, ૧૦ ગ્રેન નાઇટ્રેટ સીલ્વર)ની લીટી કરવી અથવા (૫) લાઇકર ફેરી પર કલોરાઈડને લાલ ચામડીની બહારની બાજુ બએ ઇંચ ફરતું બારી દેવાથી રતવા આગળ વધશે નહિ. રતવાની શાંતિ માટે વિશેષ નીચે પ્રમાણે ઉપાયો કરવા. રતવામાં વાયુનું જોર હોય તો (૬) રાસ્ના, કમળ, દેવદાર, રતાંજલી, જેઠીમધ અને બળદાણા વાટી દુધ તથા ઘીમાં કાલવી લેપ કરવો. રતવામાં પિત્તનું જોર હોય તો (૭) શંખજીરૂ, તપખીર, શીંગોડાં, પદ્મકાષ્ટ, નદીનો સેવાળ તે સર્વેને વાટી ઘીમાં કાલવી ઝીણા લુગડાના બેવનમાં ઠંડો લેપ બાંધવો. રતવામાં કફનું જોર હોય તો (૮) હરડાં, બહેડાં, આંબળાં, પદ્મકાષ્ટ, વાળો, રીસામણી, કણેરનાં મૂળ, બરૂનાં મૂળ, ત્રિફળાં, રતાંજલી તથા રાતા ધમાસાનો લેપ કરવો. (૯) કરીઆતુ, અરડુસીનાં પાન, કડવાં પરવળ, કડુ, લીંબડાની અંતરછાલ એ સર્વેનો ઉકાળો કરીને પીવાથી રતવા, દાહ, તાવ, સોજો, વિસ્ફોટક, તૃષા અને ઉલટી મટે છે. (૧૦) દુધીયો હેમકંદ, સોનાગેરૂ, રતવેલીયો, કાળો હંસરાજ, ચીનીકબાબ, સુખડ, વાળો, રતાંજલી વગેરે મળી શકે તેટલી વસ્તુઓનો ઠંડો લેપ કરવો તથા પીવામાં પણ ઉપયોગ કરવો. (૧૧) ગોરોચંદન અથવા પીળી માટીનો લેપ કરવો. (૧૨) પંચવલ્કલને ઉકાળીને તે પાણીની રતવાના સોજા ઉપર ધાર કરવી આ પ્રમાણે કરતાં સોજો બેસી ન જાય તો અને પાકે તેમ લાગે તો (૧૩) ઘઉંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થુલાની પોટીસ મારવી તથા ખસખસના ડોડાને ઉકાળી શેક કરવો. બરાબર પાકીને ફુટી જાય એટલે પરૂ કાઢીને ફરી તેના ઉપર ગરમ પાણીનો શેક કરવો અથવા એકાદ દિવસ પોટીસ બાંધવી. પછી રૂઝ લાવવાના ઉપાયો કરવા. ઉપદંશ પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે કાળા તથા રાતા મલસનો ઉપયોગ કરવો. આ રોગમાં રતવાનાં ચિન્હો તથા તાવ નરમ પડયા પછી લોહી સુધારવાની દવા આપવી. (૧૪) સંનિપાત દોષના વિસર્પ ઉપર સો વખત ધોએલા ઘીનો લેપ કરવો. અગ્નિ વિસર્પ ઉપર–(૧૫) જટામાંસી, લોધર, જેઠીમધ, રેણુકબીજ, મોરવેલ, લીલા કમળ અને સરસડાના ફુલનો લેપ કરવો. (૧૬) ગ્રંથી વિસર્પ ઉપર-ઉપર વડની વડવાઈ, ગણોઠી, કેળનો ડોડો એ સર્વનો ધોયેલા ઘીમાં લેપ કરવો. (૧૭) સરસડાના ઝાડની છાલનું ચુર્ણ ધોયેલા ઘીમાં કાલવી ચોપડવું. (૧૮) પટોળ, અરડુશી, કરીઆતુ, કડવો લીંબડો, કડુ, હરડે, બહેડાં, આંબળાં અને ચંદનનો ક્વાથ ગુગળ નાંખી લેવો. આ દરેક દોષથી ઉત્પન્ન થયેલો રતવા, દાહ, ઉલટી, તાવ, સોજો અને તરસને મટાડે છે. લોહી સુધારવા માટે ચંદ્રપ્રભા, લોહભસ્મ, ત્રિફળાચુર્ણ, પ્રવાલભસ્મ વગેરે આપવાં.

પથ્યાપથ્ય—(પથ્ય) મગ, ઘઉં, સાઠી ચોખા, તુવેર, ચણા, મસૂરની દાળ, દ્રાક્ષ, પટોળ અને કારેલાં. (અપથ્ય) કળથી, લસણ, તલ, ભારે અન્નપાન, અડદ, મીઠું, ખાટા પદાર્થ, તીખું, મદ્ય અહિતકર છે.

સુખરોગ–મોઢાના રોગો.
Stomatitis.

મુખરોગના ૬૫ પ્રકાર છે. દાંતના રોગ ૮, હોઠના રોગ ૮, દંતમૂળના રોગ ૧૫, તાળવાના રોગ ૯, જીભના ૫, કંઠ-રોગ ૧૭, સર્વસર ૩.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ—જળચર પ્રાણીઓનું માંસ, દહીં, દુધ, અડદ વગેરે પદાર્થોના સેવનથી કુપિત થયેલા કફાદિક દોષો મુખરોગ ઉત્પન્ન કરે છે. તેમ નહીં ઘસવાથી, કોગળા બરાબર નહીં કરવાથી અને ધુમ્રપાનથી પણ આ રોગ થાય છે.

દાંતનાં દરદો.

દાંતના મૂળમાં, પારામાં કે દાંતના મથાળાના ભાગમાં સડો કે સોજો લાગવાથી દાંતનું દરદ થાય છે.

કારણ—પેટમાં બિગાડ અને ઝાડો કબજ હોવાથી, ઠંડીને લીધે જડબામાં વા આવવાથી, પારાવાળી ઘણી દવાઓ સેવન કરવાથી, દાંતમાં સડો લાગુ પડવાથી, દાંત ઉપર મેલનો થર બાઝવાથી વગેરે કારણોથી દાંતનાં દરદો થાય છે.

ઉપાય—દાંતમાં દરદ થતાની સાથે ઝાડો સાફ લાવવા (૧) દીનદયાળ ચુર્ણ અથવા (૨) મળશુદ્ધિચુર્ણ લેવું. અવાળુ સુજી આવવાથી જડબાં તથા ગાલમાં દરદ બહુ થતું હોય તો ગરમ કપડાંથી પોસના ડોડા ઉકાળી તેના ગરમ પાણીનો શેક કરવો અને (૩) ચનીકબાલા, ફટકડી, સોનાગેરૂ અને મરી દરેક તોલા ૧, મોરથુથુ ફુલાવેલું તોલો ૦॥ એ સર્વેની બારીક ભૂકી બનાવીને અવાળુ ઉપર ઘસવી અને મોઢું નીતરતું મુકવું. ત્યાર પછી ઉના પાણીના કોગળા કરી મોઢું સાફ કરવું. દાંતના અવાળુ સુજી આવવાની સાથે તાવ આવે છે, માટે તાવ નરમ પાડવા માટે (૪) સુદર્શનચુર્ણ પાપા રૂપીઆભાર સવારસાંજ લેવું. અવાળાની પીડાથી ગાલ ઉપર સોજો આવે છે અને ઘણી વેદના થાય છે માટે (૫) વડગુંદાનાં પાન બાફીને ગાલ ઉપર બાંધવાં. આ પ્રમાણે વારંવાર બબે કલાક બાંધવાથી સોજો નરમ પડે છે અને અંદરના અવાળુ પાકી જાય છે. આ પ્રમાણે કરતાં અવાળાંમાંથી પરૂ ન નીકળે તો નસ્તર મુકાવવું. ખોરાક હલકો અને પચે તેવો લેવો. પરૂ નીકળી જઇ દાંતના અવાળુ સાફ થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે (૬) સોપારીના કોયલા તોલા ૫, બદામના છોડાના કોયલા તોલા ૫, ચાક તોલા ૫, હીરાબોળ તોલા ૨, શેરી લોબાન તોલા ૨, રૂમીમસ્તકી તોલા ૨, કપુર તોલા ૪, એ સર્વેનું ચુર્ણ કરવું તે મંજન દાંતમાંથી પરૂ કે લોહી નીકળતું હોય, દાંતમાં કળતર થતી હોય અને ઠંડુ પાણી પીતાં દાંતે કળતર થતી હોય તો દાંતે આ મંજન ઘસવું. (૭) મોચરસ, મસ્તકી, હીરાદખણ, દાડમનાં સુકાં ફુલ, હીંમજ, આંબળાં અને કાથાનું ચુર્ણ કરવું. દાંતના મંજનો ઘણાં છે પણ જેવાં જેવાં દરદો દાંતમાં થતાં હોય તેવાં દરદોનો વિચાર કરી મંજન કરવાની યોજના કરવી-(૮) **દાંતના કળતરના મંજનમાં** કપુર, હીરાબોળ, મસ્તકી વગેરે ચીજો વાપરવી. (૯) **પારાની મજબુતી માટે** માયાં, કાથો વગેરે ચીજો વાપરવી. (૧૦) **ખરાબ વાસ દુર કરવાના મંજનોમાં** માયફળ, કોયલા, મસ્તકી અનેકપુરનો ઉપયોગ કરવો. (૧૧) જીરૂ, ફટકડી ફુલાવેલી, મીઠું, મરી અને સોનાગેરૂ દરેક તો. ૧નું મંજન કરવાથી દાંતનાં પેઢાં, સારાં થાયછે. (૧૨) બોરસલીની છાલ, એલચીના છોડાની રાખ, બદામના છોડાની રાખ, જીરૂ, ફટકડી ફુલાવેલી અને માયફળનું મંજન કરવું.

દાંતનો સડો—દાંત બે રીતે સડે છે. એક તો દાંતની પાછળ પોપડો બાઝી તેનો કોહવાટ દાંતના મૂળથી શરૂ થાય છે અને દાંતના આસપાસનો ભાગ ખવાઇ જઇ વચમાંનો નાકાવાળો ભાગ ખુલ્લો થઈ રહે છે. બીજી રીત એ છે કે દાંત મથાળેથી સડવા માંડે છે અને કાળો ડાઘ પડે છે, પછી તે સડો દાંતના મધ્યમાં મૂળ સુધી પહોંચે છે અને દાંત ખવાઇ બોખું થઇ રહે છે આ દરદમાં પીડા ઘણી થાય છે. દાંત વડે કાંઇ ચવાતું, ખવાતું કે ઠંડુ પાણી સરખું પીવાતું નથી અને આખા જડબામાં દરદ થાય છે, ઉંઘ જતી રહે છે અને દરદી દરદ કરતાં મોત વધારે પસંદ કરે એવું દરદ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ—દાંતને સાફ નહિ રાખવાથી દાંતના સડાનું દરદ થાય છે. ખાધા પછી દાંત બરાબર સાફ નહિ કરવાથી ખોરાકની કણીઓ દાંતમાં ભરાઇ રહે છે અને પછી તેમાં તે કુલે છે તથા સડે છે અને તેને લીધે દાંતના પારા સુજી આવે છે અને સડો લાગુ પડે છે. પેટમાં વાયુ અને અજીર્ણ પણ દાંતના સડાનું કારણ છે. ગળ્યા પદાર્થોનું સેવન અને ખટાસ ખાવાથી પણ દાંત બગડે છે.

ઉપાય—(૧) ઉંના પાણીમાં મીઠું નાંખી તેના કોગળા કરવા. (૨) દાંત સડયાની જગાએ ઉંના ઘીના ચાબકા દેવા. (૩) લવીંગનું પાણી અગર તેલ દાંત ઉપર ચોપડવું (૪) અફીણુ અને કપુરની ગોળી કરી સડેલા દાંતના કોતરમાં મુકવી, (૫) અફીણુના કસુંબામાં તથા અર્કમાં રૂ બોળીને તે દુખતા દાંત ઉપર દબાવવું. (૬) ઇંદ્રવાયણાના રસમાં રૂ બોળી સડેલા દાંતના કોતરમાં મુકવું. (૭) એલચીના અર્કનું પુમડું મકવું. આ ઉપાયોથી એકવાર તો દાંતનું દરદ હલકું પડે છે, પણ દાંતનું કોતર પુરાતું નથી; જેથી ફરી એ દરદ ઉપડયા વિના રહેતું નથી, માટે હંમેશનું દરદ મટે એવા ઉપાયની જરૂર છે. એ ઉપાય બે રીતે થાય છે. કાંતો દાંતના કોતરને કોઈ પદાર્થ મુકી પુરી દેવું અથવા દાંતને કાઢી નાંખવો. (૮) રૂમીમસ્તકી ને પાણીમાં વાટી ખુબ ખરલ કરી તેની ગોળી દાંતના કોતરમાં મુકવી. આ બાબતમાં દાંતના રોગના વિશેષ અનુભવી વૈદ્ય દાક્તરની સલાહ લેવી.

મોંનો ખરાબ વાસ—જે કારણથી દાંત સડે છે તેજ કારણથી મોંઢુ પણ વાસ મારે છે, તેને આપણા લોકો આગરૂ કહે છે. **ઉપાય**-જમ્યા પછી દાંતને સારી રીતે ધોવા, દાંતમાં ભરાયેલા અન્નની કણીઓ કાઢવા માટે કેટલાક દાંત ખોતરણી, સળી કે ટાંકણીનો ઉપયોગ કરે છે પણ તેમ કરવાથી દાંતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ગ વધારે પહોળા થઇ ઉલટું વધારે અન્ન ભરાય છે. ગરમ પાણીના કોગળા કરવાથી દાંત સાફ થઇ જાય છે. ઉપર બતાવેલા મંજનો પૈકી મંજનનો ઉપયોગ કરવો.

દાંત સાફ કરવાના નિયમો—(૧) દાંતને બાવળના દાતણથી કે બ્રસવતી રોજ ધીમે ધીમે ઘસવા. (૨) કોયલાનો ભૂકો, મીઠું, માયફળ, ચાક અને કપુરનું મંજન ઘસવું. (૩) રાત્રે દાંત સાફ કરી સુવું (૪) ઘણા ગળ્યા પદાર્થો ખાવા નહિ, (૫) સોપારીથી દાંત બગડે છે માટે વાપરવી નહિ. સોપારીના રાખ દાંતે ઘસવી. (૬) ઝાડાનો કબજો થવા દેવો નહિ. (૭) ખોરાક હલકો તથા પચે તેવો લેવો અને અપચો થાય કે તરત ઈલાજ કરવો. પાચનશક્તિ અને પેટના ખુલાસા ઉપર દાંતના રક્ષણનો આધાર છે.

મુખપાક—મોઢામાં ફોલ્લા થઈ ઘણી પીડા થાય છે. દોષ પરત્વે લાલ, ધોળા કે પીળા ફોલ્લા થાય છે તેને **સર્વસર** મુખપાક કહે છે. (૧) ચનીકબાબ તોલો ૧, ફટકડી ફુલાવેલી તોલો ૧, મરી તોલો ૧, મોરથુથુ તોલો ૦। એ સર્વેનું ચુર્ણ મોંમાં ફોલ્લા ઉપર ચોપડી મોં નીતરતું મુકવું, પછી ગરમ પાણીના કોગળા કરવા. (૨) ફુલાવેલી ફટકડીના કોગળા કરવા. (૩) હીંમજ, જીરૂ અને ફુલાવેલી ફટકડીનું ચુર્ણ કરી તે મોંમાં લગાડી મોં નીતરતું મુકવું. ગરમીથી મોઢું આવેલું હોય તો (૪) તપખીર તોલો ૧, શંખજીરૂ તોલો ૧, સોનાગેરૂ તોલો ૦॥, જીરૂ તોલો ૦॥ એ સર્વેનું ચુર્ણ મધમાં કાલવી મોઢાની અંદરની ચાંદીઓ પર લગાડી મોં નીતરતું મુકવું. પેટ સાફ રાખવું. જ્યાં સુધી ઝાડો સાફ ન આવે ત્યાં સુધી મોઢાની ગરમી ઓછી થશે નહિ. (૫) પંચવલ્કલના પાણીના કોગળા કરવા (૬) મોં વાસ મારતું હોય તો કસ્તુરી, અગર અને લવિંગનું મંજન દાંત ઉપર ઘસવું. (૭) ચણોઠીનાં પાન મોંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાખવાં. (૮) માયફળ, સોનાગેરૂ, ફુલાવેલો ટંકણ અને ચીની-કબાબનું ચુર્ણ કરીને ચોપડવું. આ સાથે કેટલીક વખતે ગળામાં કાકડા ફુલી જઈ ગળેથી થુંક ઉતરતું નથી અને થુંક ઉતરતાં ઘણી વેદના થાય છે. ગળાના કાકડા (ચોરીયા) વાત, પિત્ત અને લોહીના વિકારથી થાય છે. કાકડા ફુલી જવાથી ગળામાં દુઃખાવો થાય છે અને ગળાની બહાર સોજો આવી જાય છે માટે (૯) બહારના સોજા ઉપર **દશાંગલેપ** ગરમ કરી ચોપડવો અગર કાળીજીરી, ઘોડાવજ અને સોનાગેરૂનો લેપ ગરમ કરી ચોપડવો અને અંદરના ભાગમાં (૧૦) જીરૂ, સાકર અને શંખજીરૂ એકેક તોલો એ સર્વનું ચુર્ણ કરી તેને કાકડા ઉપર દબાવવું અગર તે ચુર્ણ મધમાં કાલવી કાકડા ઉપર ચોપડવું. આ પ્રમાણે કરવાથી કાકડા પાકી જઈ તેમાંથી ખરાબ લોહી નીકળી જશે. કેટલીક વખતે કાકડા એટલા બધા ફુલી જાય છે કે બે બાજુના બે કાકડા ફુલી જવાથી થુંક કે પાણી બીલ-કુલ ઉતરતું નથી અને ઘણીજ વેદના થાય છે, માટે (૧૧) અળસીની પોટીસ કરી બહાર બાંધવી અગર તાંદળજાની ભાજી બાફીને બાંધવી અને અંદર કાકડા ઉપર (૧૨) ટંકણ ફુલાવેલો તોલો ૦ા ને મધમાં કાલવી ચોપડવો. ગળામાં બંને બાજુએ કેટલીક વખતે વરમ થાય છે અને તેની પણ વેદના અસહ્ય થાય છે તે માટે ઉપરના ઉપચારો કરવા. પાશ્ચિમાત્ય વિદ્વાનો આ રોગ ઉપર લગાડવા માટે ગ્લીસરાઇન અને ટંકણ, ટેનિક એસિડ અને બેલોડોના, કોગળા માટે પરમેંગ્નેટ પોટાસ અને શેક માટે પોસના ડોડાની ભલામણ કરે છે. આ સિવાય નીચે બતાવેલા ઉપાયો આ રોગ ઉપર સારૂં કામ કરે છે (૧૩) બાવળની છાલના કે ત્રિફળાના કોગળા કરવા. (૧૪) ચનકબાબ અને સાકર દાઢ નીચે ચાવી રસ ગળી જવો. (૧૫) વાંસકપુર, એલચી, જેઠીમધ, સાકર અને ખેરસાર દરેક તોલો ૧ એ સર્વેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચુર્ણ કરી મધમાં ચણીબોર જેવડી ગોળીઓ કરી મોંમાં રાખવી. આ ગોળીથી જીંહ્વારોગ, મુખરોગ, તાલુરોગ, ઓષ્ટરોગ, દંતરોગ અને ગળાનો રોગ મટે છે. (૧૬) ખેરની છાલ તોલા ૧૦૦, પાણી તોલા ૮૦૦ લઇ તેનો ઉકાળો કરી અષ્ટમાંશ પાણી રહે ત્યારે તે પાણી ગાળી તેમાં જાયફળ, કપુર, ચીકણી સોપારી, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, કસ્તુરી એ સર્વ વસ્તુઓ અકેક તોલો લઇ ચુર્ણ કરી તે કવાથમાં મેળવી તેની ચણા જેવડી ગોળીઓ કરવી. તેમાંથી અકેકો ગોળી મોઢામાં રાખવાથી ગળાનો રોગ, મુખપાકરોગ, દંતરોગ, ઓષ્ટરોગ, તાલુરોગ, જીંહ્વારોગ વગેરે મટે છે. પેટના રોગને લીધે અગર પારાવાળી દવાના સેવનથી મોઢું આવેલું હોય તો તે માટે સારા વૈદ્યની સલાહથી ઉપાયો કરવા. જે કારણથી મોઢું આવેલું હોય તેનું કારણ દુર કરવું. હોઠ ફાટી ગયા હોય તો ઘી, દીવેલ, અગર વેસેલાઈન લગાડવું અગર મીણનો મલમ લગાડવો.

પથ્યાપથ્ય—આ રોગમાં જેમ બને તેમ હલકો અને પચે તેવો ખોરાક લેવો. દુધ, સાબુચોખાની કાંજી, કણકીને દુધ, મગનું પાણી, ચઢેલો ભાત, જવની કે ઘઉંની થુલી દુધ સાથે લેવી, મગ, જવ, ચોખા, કળથી વગેરે હિતકર છે. (અપથ્ય) ખાટું, તીખું, દહીં, ગોળ, અડદ, રૂક્ષાન્ન, કઠોર અન્ન વગેરે અહિતકર છે.

વિશેષ ઉપચાર—દંતકૃમિ—ઇંદ્રવારણાં, કપુર, અફીણ, હીંગ, કાંટાશેળીઓ. **દંતશૂળ**—અંઘેડો, આદુ, કપુર, નાકછીંકણી; **દુઃખતા દાંત માટે**—અકલકરો, લવીંગ, ગુંદી; **દાંત કઠણ થવા માટે**—બદામ, તુવેર, બોરસલી; **દાંત હાલતા હોય તેને માટે**—કાંટાશેળીયો, ગુગળ, રૂમીમસ્તકી, હીરાબોળ; **પિત્તથી ગળામાં દાહ થતો હોય તેને માટે**—જેઠીમધ, ચણોઠીનાં પાન, આંબળાં, જીરૂ, ચનીકબાલા. **મુખરોગ માટે**—એલચી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેરસાર, અરડુશી, બોરડી, બાવળ, આવળ, જાંબુ, જીરૂ, દાડમ. મુખપાક-શંખજીરૂ, ફટકડી, ટંકણ, સોનાગેરૂ, બોરસલી, ભાંગરો. **જીભ શુદ્ધ થવા** માટે-અકલકરો; **જીભના શોષ માટે** દ્રાક્ષ, દાડમ, ખજૂર; **જીભ નીચેનો ભાગ સુજેલો હોય તો**—મરેઠી.

કર્ણરોગ-કાંનનાં દરદો.
(Diseases of Ear.)

કાનમાં દરદો ઘણી જાતનાં થાય છે. તેના મુખ્ય ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે. (૧) કાનનો પાક (૨) બેહેરાપણું અને (૩) કાનનો સોજો. **કાનનો પાક**-કાનનો આગલો ભાગ અગર છેક અંદરનો ભાગ પાકે ત્યારે તેમાંથી ઘાટું પરૂ અથવા રસી નીકળે છે. કોઈ વખતે કાનના સુંવાળા હાડકાસાં સડો લાગે છે, તો પરૂ સાથે લોહી પણ નીકળે છે. પ્રથમ કાનમાં સોજો થાય છે અને પરૂ આવતું થયા પછી દરદ નરમ પડે છે.

કારણ-કાનમાં પવન ભરાવાથી સોજો આવે છે અને તેમાંથી નાની ફોલ્લીઓ થાય છે. નબળાં અને ગડગુમડવાળાં બાળકોને આ દરદ વારંવાર થાય છે, કાનની નળી પાકે છે તેને **નાડીવણ** કહે છે.

ઉપાય-(૧) ફલાલીનનો અથવા પોસના ડોડાનો શેક કરવો. (૨) લીંબડાનાં પાન અથવા નગોડનાં પાન બાફીને બાંધવાં (૩) લસણની કળી, ઘોડાવજ, અજમો, સુંઠ અને ઉપલેટ તેલમાં કકડાવી કાનમાં ટીપાં પાડવાથી કાનનો દુઃખાવો મટે છે. (૪) ડમરો બાફી તેના પાનના રસનાં ટીપાં પાડવાં. આ પ્રમાણે કરવાથી કાનની અંદરની ફોલ્લીઓ પાકી જઈને પરૂ નકળશે. ફુલાવેલી ફટકડી બે વાલ એક શેર ગરમ પાણીમાં નાંખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાચની પીચકારીથી સાફ કરીને પછી (૫) જસત તોલો ૦।, શંખજીરૂ તોલો ૧, સિંદુર તોલો ૦। ને ખરલ કરી તેમાંથી કાગળની ભુંગળી બનાવી ફુંકવી અગર (૬) બદામના તેલમાં ભૂકી નાંખી તે તેલનાં ટીપાં કાનમાં પાડવાં. આ પ્રમાણે હમેશાં કાન ધોઇને ઉપર પ્રમાણે ભુકી નાંખવી. નાનાં છોકરાંઓનો કાન હમેશાં ધોવામાં આવે છે તો પાણી ભરાઇ રહે છે, માટે સળીએ રૂ લગાડી કાન સાફ કરીને ભૂકી તેલમાં નાંખી તે તેલનાં ટીપાં પાડવાં. (૭) સુંઠ, સિંધવ, દેવદાર અને ઘોડાવજને તેલમાં કકડાવીને તે તેલનાં ટીપાં પાડવાં. આ પ્રમાણે કરતાં પરૂ બંધ ન થાય તો પછી (૮) પંચવલ્કલના ઉકાળાથી અથવા (૯) પરમેંગ્નેટ પોટાસથી કાન ધોઇ સાફ કરીને પછી (૧૦) જસત, સિંદુર, કંપીલો અને શંખજીરાનું ચુર્ણ કરી તે ભૂકી ઉપર પ્રમાણે કાનમાં ફુંકવી અગર સુખડ અને બદામના તેલમાં ભૂકી મેળવીને તેલનાં ટીપાં પાડવાં. (૧૧) જાત્યાદિતેલનાં ટીપાં પાડવાં. (૧૨) લીંબોળીનું તેલ નાંખવું. પાશ્ચિમાત્ય વિદ્વાનો કાનમાં ફોલ્લી થઇ હોય છે ત્યારે. (૧૩) ટીં૦ આયોડાઇન ફોલ્લી ઉપર લગાડી રૂ દબાવે છે અને ઉપર પોસના ડોડાનો શેક કરવાની ભલામણ કરે છે. આ પ્રમાણે કરતાં કાન પાકી જાય ત્યારપછી ગરમ પાણીમાં (૧૪) બોરીકએસીડ નાંખી પીચકારીથી કાન સાફ કરીને (૧૫) ગ્લીસરાઈનમાં ટેનીકએસીડ નાંખી તેનાં ટીપાં પાડે છે. આ પ્રમાણે કેટલાક દિવસ કરતાં પરૂ બંધ ન થાય તો પછી ઉપર પ્રમાણે કાન સાફ કર્યા પછી (૧૬) બોરીકએસીડ ગ્રેન ૧૦, જસત ગ્રેન ૧૦, આયડોફાર્મ ગ્રેન ૧, એ સર્વેનું મિશ્રણ કરી તેમાં લીંટના કપડાની દીવેટ લપેટી તે કાનમાં મુકે છે અગર ગ્લીસરાઇનમાં તે ભૂકી મેળવી તેનાં ટીપાં કાનમાં મુકે છે. આથી કાનનું પરૂ ઓછું થઈ જાય છે. (૧૭) આંબો, જાંબુ, મહુડો અને વડના કુમળાં પાન વાટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં ચોગણું તેલ અને તેલથી ચોગણું પાણી નાંખીને તેલ તૈયાર કરવું. પછી તે તેલનાં ટીપાં પાડવાં.

કાનનો સોજો—(Inflammation of the ear) કાનના બહારનો ભાગ અને ઘણીવાર અંદરનો પડદો અથવા પડઘમ સૂજી આવે છે અને પીડા, તાવ વગેરે લક્ષણો થાય છે. આ સોજાથી માથામાં દરદ, કાનમાં ચસકા, તાવ, ઝાડાની કબજીયત, વગેરે ઉપદ્રવો થાય છે. સોજો પાકે ત્યારે કાનમાંથી પરૂ આવે છે. **કારણ**—ઠંડી હવા જવાથી, ગરમ દવા પાડવાથી, કાનને ખોતરવાથી, સખ્ત મેલ એકઠો થવાથી, કાનને વાગવાથી વગેરે કારણોથી સોજો આવે છે. લોહી બગડેલા બાળકોને આ દરદ વધારે જોવામાં આવે છે. **ઉપાય**—(૧) કાનમાં દરદ થવા માંડે કે તુરત ગરમ પાણીનો અથવા પોસના ડોડાનો શેક કરવો. (૨) કાનમાં ઠંડી હવા ન જાય માટે કાનમાં રૂ રાખવું. (૩) પેટ સાફ થવા માટે મળશુદ્ધિ ચુર્ણ લેવું. ખોરાક હલકો અને પચે તેવો લેવો. આ દરદમાં તાવ આવે છે માટે (૪) સુદર્શનચુર્ણની પા પા રૂપીઆભારની ફાકી લેવી અથવા જ્વર પ્રકરણમાં બતાવેલી જ્વરઘ્ન બીજી દવાઓ લેવી; (૫) નગોડ અગર લીંબડાનાં પાન વરાળીયાં કરી બાંધવાં. (૬) અફીણનો કસુંબો અગર અફીણના અર્કનાં ટીપાં કાનમાં પાડવાં; કાનની બહાર પણ સોજો વધારે આવેલો હોય તો (૭) દશાંગલેપ ગરમ કરી ચોપડવો. આ પ્રમાણે કરતાં સોજો ન ઉતરે તો પછી જળો મુકાવવી. દરદીની શક્તિ જાળવવા માટે શક્તિની દવાઓ આપવી.

કર્ણશોથ- સંનિપાત રોગમાં જ્યારે કર્ણ સંનિપાત થાય છે ત્યારે કાનના મૂળમાં મોટો સોજો આવ્યા પછી દરદી ઘણું કરી બચતો નથી. આવો સોજો તાવ આવવા પહેલાં કે પછી, અગર તાવ હોય ત્યારે પણ આવે છે. આવો સોજો તાવ પેલાં આવે તો અસાધ્ય, તાવની વખતે આવે તો કષ્ટસાધ્ય, અને પાછળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે તો સાધ્ય ગણાય છે. **ઉપાય**-(૧) પોખરમૂળ, ચિત્રક, તજ, કાયફળ, ગોળ, ઉપલેટ અને હીરાકસીને આકડાના દુધમાં ખરલ કરી સોજા ઉપર લેપ કરવો. (૨) ધંતુરાનાં બીયાં, રાઇ અને ગોળનો લેપ કરવો. (૩) રગતરોહીડો, પીલુની છાલ, મોતીની છીંપ, ભારંગમૂળ, નાની કારેલી, મોરથુથુ, મનસીલ, હીરાકસી, ગંધક, ઉપલેટનો લેપ ગરમ કરીને ચોપડવો. (૩) જળો વારંવાર લગાડી લોહી કઢાવી લીંબડાનાં પાન વરાળીયાં કરી બાંધવાં, (૪) ઘોડાવજ, રતાંજલી, સુંઠ, એળીઓ, રેવંચીનો શીરો અને દેશી સાબુ સમભાગે લઈ તેનો પાણીમાં લેપ ગરમ કરી ચોપડવો.

બેહેરાપણું-(Deafness) કાન પાકવાથી, કાનમાં સોજો આવવાથી, કે મેલ ભરાવાથી બેહેરાપણું આવે છે. કાનમાં પાણી જવું, કાન ખોતરવો, કાનમાં ઠંડી હવા જવી, ભેજવાળી જગ્યામાં સુવું વગેરે કારણોથી કાનમાં સોજો આવીને આ રોગ થાય છે. સાંભળવાના તંતુઓ નબળા પડવાથી પણ આ રોગ થાય છે. **ઉપાય**-(૧) ગોમૂત્રમાં બીલાનો કવાથ કરી ચતુર્થાંશ ગોમૂત્ર રહે એટલે બકરીનું દુધ અને તેલ નાંખી તે, તેલ પકવી તેનાં ટીપાં કાનમાં નાંખવાં. (૨) લસણ, ઘોડાવજ, બોડા-અજમો, વછનાગ અને સુંઠને તેલમાં કકડાવી તે, તેલનાં ટીપાં નાંખવાં. (૩) નગોડ, જુઇનાં પાન; આકડો, ભાંગરો, લસણ, કેળ, કપાસ, સરગવો, તુલસી, આદું અને કારેલાના રસમાં તલનું તેલ નાંખી સિદ્ધ કરવું, તે, તેલનાં ટીપાં નાંખવાથી બેહેરાપણું, કર્ણનાદ, કાનના કરમીયા, સણકા અને પરૂનો નાશ થાય છે. (૪) નાગરમોથ, સુંઠ, સિંધવ, લીંડીપીંપર, હીંગ, ઘોડાવજ અને લસણના કલ્કમાં તલનું તેલ નાંખી તેમાં આકડાનો અને ખાખરાનો રસ નાંખી તેલ સિદ્ધ કરવું, તેનાં ટીપાં નાંખવાથી બહેરાપણું, પરૂ, કર્ણનાદ, કાનના ચસકા મટે છે. **કાંનનો**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેલ-ઘણીવાર કાનમાં મેલ ભરાવાથી કાનમાં ઘણું દરદ થાય છે. કાનનો માર્ગ પૂરાઇ જવાથી બરાબર સંભળાતું નથી. મોઢું ઉઘાડવા વાસવાથી કાનમાં ખટાક જેવો અવાજ થાય છે. કાન ઉંચો કરી જોવાથી મેલનો ડુચો માલમ પડે છે. **ઉપાય**-(૧) મેલ કાઢવાનો સૌથી સારો ઉપાય એ છે કે રાત્રે સૂતિ વખતે કાનમાં મીઠું તેલ, ધુપેલ અને બદામનાં તેલનાં ટીપાં નાંખવાં અને સવારમાં ગરમ પાણીની પીચકારી મારવી. કાન ખોતરવાથી ઘણું નુકશાન થાય છે, માટે કાન ખોતરવો નહિ. (૨) કાનમાં કાંઇ ચીજ, વસ્તુ કે જંતુ જવાથી દરદ થાય તો, તે કાઢવા માટે હથીઆર કે સળી કાનમાં ન નાંખતાં ઉપર બતાવ્યા પ્રમાણે પીચકારી મારવી અને તેલનાં ટીપાં નાંખવાં. (૩) જંતુ ગયા પછી પણ તલનું તેલ અગર બદામનું તેલ નાંખવું જેથી જંતુ મરી જશે, પછી પીચકારી મારવાથી પાણીના જોરથી ધોવાઈને બહાર નીકળી જશે. કાનની અંદર કેટલાક દરદો એવાં છે કે જેમાં સારા વૈદ્યની સલાહ લેવી.

નાકનાં દરદો.

આર્ય વૈદ્યકશાસ્ત્રમાં નાકના ૩૪ રોગો બતાવેલા છે. (૧) પીનસ (૨) પૂતિનાસ (૩) પુયરક્ત (૪) ક્ષવથુ (વારંવાર છીંકો આવવી તે) (૫) ભ્રંશથુ (છીંકો નહિ આવવી તે) (૬) દીપ્ત (નાકનું બળવું) (૭) પ્રતિનાહ (૮) નાસાસ્ત્રાવ (૯) નાસાશોષ (૧૦) નાસાપાક; ૧૧ થી ૧૫ વાત, પિત્ત, કફ, સંનિપાત અને રક્તજ છે; એ પ્રમાણે પાંચ પ્રકારના પ્રતિશ્યાય (સળેખમ) છે. સાત પ્રકારના અર્બુદ, ચાર પ્રકારના અર્શ અને ચાર પ્રકારનાં રક્તપિત્ત સોજો વગેરે.

કારણ અને લક્ષણ—બહુ ભાષણ કરવાથી, અતિ નિદ્રાથી, અતિ જાગરણ કરવાથી, નિર્વાતિક અને ઉંચાં એવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપધાન કરવાથી, ખરાબ પાણી પીવાથી, જળક્રીડા કરવાથી, ઉલટી અને રડવાનો નિગ્રહ કરવાથી, વાતપ્રધાન દોષો કોપ પામી નાકનાં દરદોને ઉત્પન્ન કરે છે. નાકનાં ઘણા પ્રકારનાં દરદો થાય છે; જેમકે વાસ પારખવાની શક્તિનો નાશ, નાક પાકી જવું અને તેમાંથી લોહી મિશ્રિત પરૂનું વહેવું, મોટા અવાજ સાથે છીંકો, પ્રતિશ્યાય એટલે સળેખમ, પીનસ, નસકોરી ફુટવી, નાકમાં બળતરા, નાક સુકુ પડવાથી શ્વાસનું રોકવું, નાડીવ્રણ, નાકના મસા, વગેરે નાકનાં ઘણાં દરદો મગજ સાથે સંબંધ ધરાવે છે; જેમકે માથાનો કફ નાકમાં ઉતરે છે તેમજ, મગજનું લોહી નાકવાટે બહાર આવે છે. મગજની સાથે સંબંધ વાળા દરદોમાં મગજના ઉપાયો કરવાથી નાકનાં દરદોની શાંતિ થાય છે. **પીનસ**—(Ozoena) કફવાયુના કોપે કરી માણસનું નાક સૂકાયા જેવું થઈ, કોરૂં પડી ફરી નીતરે છે અને બંધ થાય છે. સુગંધી અને દુર્ગંધી જણાતી નથી, સળેખમના ઘણાખરા લક્ષણો હોય છે તેને પીનસ રોગ કહે છે **ઉપાય**-(૧) દહીંમાં મરીની ભુકી નાંખીને દહીં લેવું. (૨) ઘી સાથે ઘઉંનું અન્ન લેવું. (૩) કાયફળ, પોખરમૂળ, કાકડાશીંગી, સુંઠ, મરી, પીંપર, ધમાસો અને અજમો, તેના ચુર્ણમાં અથવા ક્વાથમાં આદાનોરસ મેળવી પીવાથી પીનસ રોગ સાથેનો કફ અને શ્વાસ મટે છે. (૪) અજમાની બીડી કાગળની કરી તેનો ધુમાડો નાકમાં લેવાથી મટે છે. (૫) મરી, દહીં અને ગોળનું પીનસના દરદીએ સેવન કરવું, એ ત્રણ ચીજોની મેળવણીવાળાં પદાર્થો ખાવાથી નાકના તમામ દરદોમાં સારો ગુણ આપે છે, માટે શરદી, પીનસ વગેરે નાકના દરદોમાં આ ત્રણ વસ્તુનું સેવન કરવું. (૬) નાક છીંકણી, તંબાકુની છીંકણી વગેરે છીંકો લાવનાર પદાર્થોનું નસ્ય લેવાથી પીનસ તથા શરદીનો કફ ઝરી નીકળી જાય છે. (૭) એરંડીયું વારંવાર નાકે સુંઘવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂતિનાસ--ગળામાં અને તાળવામાં દુષ્ટ થયેલા દોષો સાથે વાયુ મિશ્રિત થઇ નાક અને મોં વાટે દુર્ગંધયુ કફ બહાર નીકળે છે, તેને પૂતિનાસ કહે છે. **ઉપાય**—(૧) વ્યાઘ્રિ તેલનાં ટીપાં પાડવાં અગર સુંઘવું. **(બનાવટ)** રીંગણી, દંતીમૂળ, વજ, સરગવાની છાલ, તુલસીનાં પાન, રાસ્ના, સુંઠ, મરી, લીંડીપીંપર અને સિંધવ સમભાગે લઇ તેનો કલ્ક કરી તેનાથી ચારગણું તલનું તેલ અને તેલથી ચારગણું પાણી નાંખી ઉકાળવું, તેલ બાકી રહે ત્યારે ગળી તેલનાં ટીપાં નાકમાં પાડવાં અગર સુંઘવું. **નાસાપાકમાં**-Pustule in the Nose—નાકમાં પિત્ત દુષ્ટ થઈ વ્રણ કરે છે, અંદર પાકે છે અને તેમાંથી દુર્ગંધીયુક્ત લીંટ નીકળે છે. **ઉપાય**—(૧) રાળ, અરજુન, સાદડ, ઉંબરો અને કડાની છાલનો કવાથ કરી નાકને ધોવું તથા તેના કવાથ અને કલ્કથી સિદ્ધ કરેલું ઘી સુંઘવું અને તેનાં ટીપાં નાકમાં નાંખવાં. **પુયરક્તમાં**-માથામાં વાગવાથી અગર વાતાદિ દોષ કુપિત થઇ નાકમાંથી પરૂની સાથે લોહી પડે છે. **ઉપાય**-(૧) જેઠીમધ, ઉપલેટ, ભાંગરો અને આંબાહળદરને ઘીમાં કકડાવી તે ઘીનું નસ્ય લેવું. (૨) શંખજીરૂ ઝીણું કરી સુંઘવું. (૩) બદામ ઘીમાં કકડાવી તે ઘીનાં ટીપાં પાડવાં. **નાસા પરિશોષમાં**—પિત્તને લીધે નાકનું દ્વાર તપી જવાથી શ્વાસ બરાબર લઈ શકાતો નથી. **ઉપાય**—(૧) સાકર નાંખી દુધ પીવું. (૨) નાગકેસર બએ આનીભાર દુધ સાથે લેવું. **નસકોરી ફુટવી**-નાકમાંથી લોહી પડતું હોય તો **ઉપાય**-(૧) ઠંડુ પાણી માથા ઉપર તથા નાક ઉપર ખુબ રેડવું; અથવા માથા ઉપર ઠંડા પાણીમાં કપડું બોળીને મૂકવું. કાળી માટી ઠંડા પાણીમાં પલાળી માથા ઉપર મુકવી. (૨) આંબળાં શેર ૦। અને જીરૂ શેર ૦। ને ખાંડી ચાળી તેને ગુલાબજળમાં અગર સુરાખારના પાણીમાં પલાળી માથા ઉપરથી વાળ કઢાવીને ચોપડવું અને તેના ઉપર ગુલાબજળમાં ભીંજવેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપડું મુકવું. આ થેપલી માથા ઉપરની સુકાવા દેવી નહીં. આ પ્રમાણે કરવાથી નાકમાંથી પડતું લોહી બંધ થાય છે. (૩) શંખજીરૂ અને તવખીર બંનેને એક કરી તેની ભૂકી સુંઘાડવી. (૪) ફટકડી અથવા માયાની ભૂકી નાકમાં દાબવી અગર સુંઘાડવો. (૫) મુલતાની માટીનું બારીક ચુર્ણ સુંઘાડવું. (૬) મેદીના પાનની થેપલી માથા ઉપર મુકવી. (૭) દાડમના ફુલનો રસ અથવા ધરોના રસનાં ટીપાં નાકમાં નાંખવાં.

પ્રતિશ્યામ-સળેખમ.

(Cold in the Nose)

સળેખમનાં શરદી, જુખામ, શ્લેષ્મ વગેરે જુદાં જુદાં નામો છે. **કારણ**-ઘણે ભાગે હવાપાણીના ફેરફારથી સળેખમ થાય છે. સળેખમ શરદીથી થાય છે અને શરદી પાણીના ફેરફારથી, નવું અનાજ ખાવાથી, બહુ શરદ હવામાં રહેવાથી, રસાજીર્ણથી, ભેજવાળી અને છોબંધ જગા ઉપર સુવાથી વગેરે કારણોથી થઇ આવે છે. કેટલાકને આ રોગ વારંવાર થાય છે ને દબાય છે આ દરદમાં ઉપરના કારણોથી નાકની અંદરના પડમાં સોજો થાય છે. મીઠાં, ભારે, ચીકણાં અને બહુ પ્રવાહી પદાર્થો ખાવાથી, દહીં ખાવાથી, દિવસે નિદ્રા કરવાથી, કસરત નહિ કરવાથી વગેરે કારણોથી કફ વધે છે. **લક્ષણ**-સળેખમનો અનુભવ નહિ હોય એવાં કોઇ માણસો હશે નહિ શરૂઆતમાં નાક સુકું પડી એકદમ ઉપરા ઉપરી છીંકો, બેચેની, હાથ પગમાં કળતર, માથામાં ભાર, કમ્મરમાં દરદ, દમ લેવામાં અડચણ અને તેથી પણ વધારે સ્પષ્ટ લક્ષણોમાં ગળામાં દાહ, નાકમાં બળતરા, નાક તથા આંખોમાંથી પાણી ઝરે, કંઠ બેસી જાય, જીભ ઉપર સફેદ છારી, નાકમાં ખજવાળ, થોડો તાવ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગ્નિની મંદતા અને ઝાડાની કબજીયત થાય. ઉપાય-સળેખમનું દરદ સાધારણ સમજીને લોકો વૈદ્ય કે દાક્તર પાસે જતા નથી અને સાધારણ રીતે પોતાની મેળે ઉપાય કરી લે છે. આ દરદ કેટલીક વખતે એવું ગંભીર સ્વરૂપ પકડે છે કે તેમાંથી કફનો રોગ, ન્યુમોનીયા, ખાંસી અને ક્ષય જેવા ભયંકર રોગો થઇ આવે છે, માટે આ દરદની ઉપેક્ષા કરવી નહિ. (૧) પેટ સાફ લાવનારી દવા લેવી. (૨) સુંઠના કવાથમાં એરંડીયું બે તોલા લેવું. (૩) દુધમાં કુદેનો, તજ, એલચી અને ગરમ મસાલો નાંખી દુધ લેવું. (૪) મગનું ઓસામણ અથવા સાબુચોખાની કાંજી દુધમાં લેવી. (૫) સળેખમમાં કફનો ઉપાડ થયો હોય તો છાતીએ અજમાનું તેલ અથવા ટરપેન્ટાઇન લગાડી પોસના ડોડાનો શેક કરવો. આ પ્રમાણે ઉપાય કરતાં શાંત ન પડે તો બીજા ઉપાયો કરવા. (૬) અરડુશીનો સ્વરસ કહાડી મધ નાંખી પીવો. (૭) આંબળાં, સુંઠ, મરી અને પીંપરનું ચુર્ણ મધ અગર ઘીમાં લેવું. (૮) અફીણનો કસુંબો કાઢી ઉંનો કરી નાક ઉપર ચોપડવો. (૯) સુંઠ, તજ અને મરીનો ઉકાળો રાત્રે લેવો. (૧૦) સિતોપલાદિચુર્ણ મધમાં ચાટવું. (૧૧) સુંઠ અને તજનો લેપ માથે કરવો. (૧૨) લીલી ચાહ, તજ અને આદાનો ઉકાળો કરી પીવો. (૧૩) અજમાની પોટલી કરીને સુંઘવી. સળેખમ ઘણા દિવસ જારી રહે તો નીચેના ઉપાયો કરવા. વાસાવલેહ, હરિતકીઅવલેહ, લવંગાદિવટી, સુદર્શનચુર્ણ. સળેખમમાં (૧૪) યુકેલીપ્ટસ ઓઇલ સુંઘવાથી આરામ રહે છે. માથા ઉપર (૧૫) જાયફળને દુધમાં ઘસી લેપ કરવો; (૧૬) એરંડીયું ઉંનું કરી માથા ઉપર ઘસવું. આ દરદમાં ન્યુમોનીયા જેવાં ભયંકર દરદો થાય છે માટે જે જે ઉપદ્રવો માલુમ પડે તે ઉપર વિચાર કરી ઔષધ યોજના કરવી. **નાકનાં બીજાં દરદો** જેવાં કે નાકના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્શ, નાકનાં વ્રણો, નાસુર વગેરે ઘણાં ગંભીર દરદો થાય છે. તેને માટે સારા વૈદ્ય દાક્તરોની સલાહથી ઉપાયો કરવા.

પથ્યાપથ્ય—હલકો અને પચે તેવો ખોરાક લેવો.

શિરોરોગ-માથાનું દરદ.
(Diseases of Head)

આર્ય વૈદ્યકશાસ્ત્રમાં શિરોરોગના ૧૧ પ્રકાર બતાવ્યા છે. વાત, પિત્ત, કફ, ત્રિદોષ, રક્તજ, ક્ષયજ, કૃમિજન્ય, સૂર્યાવર્ત, અનંતવાત (ઝામર), અર્ધાવભેદ (આદાશીશી) અને શંખક.

કારણ અને લક્ષણ—અતિ જાગરણ, અતિ નિદ્રા, જળક્રીડા, તાપ, ધુણી, વાયુનો નિગ્રહ, મળમૂત્રનો અટકાવ, કૃમિ (કરમીયાંથી), ઘણા વખત સુધી એકી નજરે જોવું, ખરાબ ગંધ, ખરાબ અન્ન, ઉંચા સ્વરથી ભાષણ વગેરે કારણોના મસ્તકથી રોગ છે. માથાનાં દરદ થવાના બીજા અનેક કારણો છે અને તે દરેક કારણ ઓળખ્યા કે સમજ્યા વિના માથાના દરદનો ઉપાય કરી શકાતો નથી. માથાના દરદનો સંબંધ નીચેના સ્થળો સાથે છે. અન્નાશય (હોજરી), યકૃત (લીવર), પકવાશય (આંતરડાં), મજ્જાતંતુઓ અને મગજ.

ઉપાય—વાયુથી માથુ દુઃખતું હોય તે. (૧) એરંડાના મૂળ, ઉપલેટ અને સુંઠ છાશમાં વાટી ગરમ કરી માથે લેપ કરવો. (૨) ઘોડાવજ, તજ, સુંઠ અને મરીનો લેપ ઉંનો કરી માથે ચોપડવો. **પિત્તથી**-(૧) ઠંડુ પાણી માથા ઉપર રેડવું અગર (૨) વિરણનો વાળો, કપુર, કપુરકાચલી, ચંદન અને રતાંજલીનો લેપ ગુલાબજળમાં કરી માથા ઉપર ચોપડવો. **કફથી**-(૧) નાગરમોથ, તગર, રેણુકબીજ, ઘોડાવજ, એલચી, દેવદાર, જટામાંસી અને એરંડાના મૂળનો લેપ ગરમ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોપડવો. (૨) કાયફળ, ઉપલેટ, ઘોડાવજ, અરડુશીની છાલનો લેપ ઉનો કરી માથા ઉપર ચોપડવો. **સંનિપાતથી**-(૧) મીંઢળ, નાક છીંકણીનાં પાન અને વડનાં બીયાંનું બારીક ચુર્ણ કરી સુંઘાડવું **રક્તજથી**-(લોહીના જમાવથી અગર મસ્તકની શીરામાંથી લોહી પડવાથી)-(૧) કાળી માટી ટાંકાના પાણીમાં પલાળી માથે થેપલી કરવી. (૨) સો વખત ધોયેલું ઘી માથા ઉપર ઘસવું. (૩) આંબળાં અને જીરાનો લેપ કરવો. (૪) સુંઠના કલ્કમાં દુધ નાંખી તેનું નસ્ય કરવું. (૫) કમળ અને રાસ્નાનો લેપ કરવો. (૬) ઉંબરાના ફળને ઘી સાકરમાં મેળવી તેનું સેવન કરવું. **કૃમિથી**-માથામાં ભાલા મારવા જેવી પીડા થાય છે અને મગજ કીડા ફોલીખાતા હોય એમ લાગે છે તથા નાકમાંથી લોહી, પરૂ અને કીડા પડે છે.

ઉપાય-(૧) સુંઠ, મરી, પીંપર, સરગવાની છાલ, કણજીની છાલ એ સર્વેના ચુર્ણને બકરીના મૂત્રમાં વાટી તેનું નસ્ય આપવું. (૨) કડવા લીંબડાનાં પાન અને મરી વાટી તેનાં ટીપાં નાકમાં નાંખવાં. (૩) કાંટાશેળીઆનાં પાંદડાનો રસ ઘીમાં કકડાવી તેનાં ટીપાં નાકમાં પાડવાં. (૪) કુકડવેલાના પાનના રસનું નસ્ય આપવું અગર તે પાનનું ચુર્ણ કરી સુંઘવું એટલે તમામ કૃમિ બહાર પડી જશે. વાઘરી લોકો કુકડવેલના પાંદડાનો રસ નાકમાં પાડી માથામાંથી જીવડા કહાડે છે. **સૂર્યાવર્ત**માં સૂર્યનો ઉદય થયાની સાથે ધીમે ધીમે કપાળનો દુઃખાવો શરૂ થાય છે. જેમ જેમ સૂર્ય ચઢતો જાય તેમ તેમ માથામાં શૂળો, આંખોમાં વેદના અને ભ્રમરો તુટી પડતી હોય એમ થાય છે અને સૂર્ય નમ્યા પછી તે દરદ ઓછું થાય છે. **ઉપાય**-(૧) દશમૂળના કવાથમાં ઘી અને સિંધવ નાખી તે કવાથ પીવો. (૨) ગોળમાં ઘી મેળવી લેવું અને તલને દુધમાં વાટી માથે લેપ કરવો. (૩) નારાયણતેલનાં ટીપાં મુકવાથી મટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે (૪) બદામ ઘીમાં કકડાવી, તે ઘીનાં ટીપાં મુકવાં. (૫) ચુનો અને નવસાર એકઠો કરી સુંઘાડવાં. (૬) બદામનાં બી, પીસ્તાં, ચારોળી, દુધનો માવો અને ઘી સાકર મેળવી તેનો આથો કરી, તેમાંથી દરરોજ સવારે ચાર વાગે ઉઠી દાતણ પાણી કરી અધોળ ભાર ખાઇને સૂઇ જવું. **અનંતવાતમાં**-(ઝામર) ત્રણે દોષો કોપ પામી ગળાની પાછલી શિરાને પકડી આંખો અને ભ્રમરોમાં તીવ્ર વેદના કરે છે. આ રોગથી આંખોને નુકશાન થાય છે. આપણા લોકોમાં કહેવત છે કે ઝામરવા આંખે ઉતરે તો આંખો જાય અને દાતે ઉતરે તો દાંત પડી જાય. **આ ઝામરવાનો** વ્યાધિ ભયંકર છે.

ઉપાય-સૂર્યાવર્તની તમામ દવાઓ લાગુ પડે છે. વિશેષમાં (૧) અનંતના ઝાડનું મૂળ ઉત્તર દિશાએ ઉભા રહી કહાડી તે મૂળને પાણીમાં ઘસી માથે લેપ કરવો અને તાળવા ઉપર ચોળતા રહેવું. તે મૂળનો કકડો દોરે વીંટી ગળે બાંધવો અને દશદશ ઘસરકા પાણીમાં ઘસી પીવા. (૨) *ગલકીના એક શેર પાનના રસમાં ઘઉંનો લોટ બંધાય તેટલો મેળવી, તેમાં ગાયના ઘીનું મોણ નાખીને ખાખરો બાંધી લોઢાની તવેતી ઉપર બરાબર શેકીને પછી તેનું ચુરમું કરવું. ને ચુરમામાં ગાયનું ઘી, સાકર+ગોદંતિ ભસ્મ તોલો ૧ નાંખી અધોળ અધોળના મોદક કરવા. સવારમાં ચાર વાગે ઉઠી દાતણપાણી કરી મોદક ખાઈને ઉંધુ માથું રાખી સૂઈ જવું. આ પ્રમાણે મોદકનું સેવન કરવાથી અનંતવાત એટલે ઝામરવા મટે છે. આ અકસીર ઇલાજ છે. **અર્ધાવભેદક**-(આદ્દાશીશી)માં રૂક્ષાન્ન, અતિ ભક્ષણ, મળમૂત્રનો અટકાવ, વ્યાયામ વગેરે કારણોથી કોપ પામેલો વાયુ અગર કફ સાથેનો વાયુ અરધું મસ્તક પકડી ગળાની શિરા, ભ્રમરો,

---

* ૧ સિદ્ધ ભેષજ મણિમાલા.

\+ આ ભસ્મ ન નાંખે તો પણ ચાલે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ, કાન, ડોળા, કપાળ એ સર્વેની એક બાજુ પકડી કુહાડીના ઘાની પેઠે વેદના કરે છે. **ઉપાય**-(૧) ચુનો અને નવસાર મેળવી સુંઘવું અગર લમણા ઉપર ચોપડવું. (૨) સુંઠ અને અફીણ પાણીમાં ઘસી તેનો લેપ ઉંનો કરી ચોપડવો. (૩) મરીને સરગવાના રસમાં વાટી લેપ કરવો. (૪) અગથીયાના પાન અગર ફુલનો રસ દુઃખાવા ઉપર ચોપડવો અને નાકમાં બે ટીપાં નાંખવાં. (૫) કેસર અને ઘીનું નસ્ય આપવું. આ સાથે મગજ તર થવા માટે પ્રથમ બતાવ્યા પ્રમાણે બદામ વગેરેનો આથો કરી સવારમાં ખાવો. કેટલીક વખતે સળેખમને લીધે મગજ ખાલી પડી જવાથી પણ આધાશીશી ચઢે છે, તેમ ચોથીઓ તાવ, એકાંતરીઓ તાવ, વગેરે તાવ ગયા પછી પણ આધાશીશી ચઢે છે, માટે તે બાબતનો સંપૂર્ણ વિચાર કરી જે જે કારણો મળી આવે તે તે કારણો ધ્યાનમાં લઇ તેના ઉપાયો કરવા. (૬) બદામનો શીરો માવા સાથે કરાવી ખાવો. (૭) રાસ્ના, સુંઠ, વાવડીંગ, એરંડાનાં મૂળ, ત્રિફળા, દશમૂળ અને હરડેનો કવાથ આપવો. તે આધાશીશી, અર્દિતવાયુ વગેરેને મટાડે છે, (૮) આધાશીશી જે બાજુ તરફ ચઢતી હોય તે બાજુ તરફની ભ્રમરને અડાયા છાંણાની રાખ આંગળીથી લઈ તેના ઉપર ફેરવીને ભ્રમર ચપટીથી પકડવી. આ પ્રમાણે ત્રણ વખત ધન્વંતરિ ભગવાનનું સ્મરણ કરી કરવું એથી આધાશીશી મટી જાય છે. (૯) તજનો અર્ક, અજમાનો અર્ક અને એલચીનો અર્ક લગાડવો. (૧૦) દુઃખાવો બહુ થતો હોય તો પોસના ડોડાનો શેક કરવો. પાશ્ચિમાત્ય વિદ્વાનો આ રોગમાં એમોન્યા સુંઘાડે છે, કવીનાઈન અને ફીનાસીટીન આપે છે. પેટ સાફ થાય અને પાચન થાય તેવા ઉપાયો લેવા.

શંખકમાં—પિત્ત તથા રકત દુષ્ટ થઈ આંખો ઉપર ભયંકર સોજો થાય છે, તેથી સણકા ઘણા આવે છે, બળતરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે અને સોજો વધીને ગળા સુધી આવે છે. (૧) દારૂ-હળદર, મજીઠ અને પદ્મકાષ્ટનો લેપ કરવો. (૨) દશાંગલેપ સોજા ઉપર ચોપડવો. (૩) આદાનો રસ, લીંડીપીંપર, ગોળ અને સિંધવ પાણીમાં ઘસીને નસ્ય આપવું. **ક્ષયજમાં**—(૧) દુધમાં બદામની ખીર કરી આપવી. (૨) ગોળ, ઘી, માવો અને બદામનો શીરો કરી આપવો. (૩) માથા ઉપર બદામના તેલનું માલીસ કરવું અને તેના નાકમાં ટીપાં પાડવાં.

નેત્રરોગ-આંખનાં દરદો.

(Diseases of Eye)

આર્ય વૈદ્યકશાસ્ત્રમાં નેત્રરોગના ૭૮ પ્રકાર છે.

કારણ અને લક્ષણ—શરીર તપ્યા છતાં ટાઢા પાણીથી સ્નાન કરવું, દૂર દૃષ્ટિ કરી જોવું, વખતસર નહિ ઉંઘવાથી, ધુળ, ધુમાડો અને પરસેવાનો આંખોએ સ્પર્શ થવો, ઉલટી રોકવાથી, અતિ ઉલટી થવાથી, મળમૂત્ર અને અપાન વાયુનો વેગ રોકવાથી, રડવાથી, તાપ, ક્રોધ અને માથાકુટ કરવાથી, અતિ મદ્યપાનથી, દરેક ઋતુમાં જે પ્રમાણે નિયમો પાળવાના બતાવ્યા છે તે પ્રમાણે વર્તન નહિ રાખવાથી, અભિઘાત, અતિમૈથુન, આંસુ રોકવાથી, અતિ સૂક્ષ્મ પદાર્થો નિરંતર જોવાથી વગેરે કારણોથી નેત્રરોગ થાય છે.

(૧) **અભિષ્યંદ**—(આંખઉઠવી)-આંખની અંદરની ત્વચા ક્ષોભ પામી લાલ થાય છે અને દાહ, વેદના તથા શ્રાવ થાય છે, તે વધારે જોરમાં આવે છે તો અંદરથી પરૂ (પાચ) નીકળે છે. તેનો તરત ઉપાય ન થાય તો તેમાંથી ફુલ્લાં પડે છે, આંખ ઉઠે કે તુરત તેનો ઉપાય કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય—(૧) રસવંતી તોલો ૦|, ફટકડી તોલો ૦|, અફીણ બે આનીભારને લીંબુના રસમાં ઘુંટી આંખની આગળ પાછળ ચોપડવો. (૨) જીરૂ તોલો ૦|, આંબાહળદર તોલો ૦|, રસવંતી તોલો ૦| અને અફીણ બે આનીભાર, એ સર્વેનું ચુર્ણ કરી લીંબુના રસમાં ઘુંટી તેનો ઉપટો આંખની આગળ પાછળ ચોપડવો. (૩) ગુલાબજળનાં પોતાં મુકવાં. (૪) એખરો તોલો ૦|| વાટી દુધમાં પલાળી તેમાં રૂનાં પેલ બોળીને આંખ ઉપર મુકીને પાટો બાંધવો. માથે ગરમી ચઢી જવાથી તેમ ઝાડાની કબજીયતથી આંખોમાં સણકા થાય છે માટે (૫) મેંદીનાં પાન પાણીમાં વાટીને તેની થેપલી માથા ઉપર મુકવી અને ઝાડો સાફ લાવવાની દવા લેવી. નીચે લખેલી દવાઓનાં ટીપાં આંખની રાતાશ ઓછી કરીને સોજો ઉતારે છે. (૬) મોરથુથુ એક રતી અને પાણી તોલા ૩ ને એક કરી તેનાં ટીપાં નાંખવાં. (૭) ફટકડી એક રતી અને પાણી તો. ૧ને એક કરી તેનાં ટીપાં નાંખવાં. (૮) જસતનાં ફુલ એક રતીને ગુલાબ-જળમાં મેળવી ટીપાં નાંખવાં. આ સાથે (૯) કપુર હળદર, લોધર, ફટકડી, કડવા લીંબડાનાં બીયાં અને અફીણ, મેંદીના રસમાં ખરલ કરી લેપ કરવો આંખોની ગરમી ઓછી કરવા માટે (૧૦) અરડુશી, હરીતકી, વજ, હળદર અને સુંઠનો કવાથ પીવો રક્તશ્રાવ તથા કફનો નાશ કરે છે અને આંખોને હિતકારક છે. ઉપર પ્રમાણે ઉપાયો કર્યા છતાં આંખની રતાશ ઓછી ન થાય તો (૧૧) ચીભડોને ફોલી અંદરના બીજને તડકે થોડીવાર રહેવા દઈ તેમાં અરધી રતી મીઠું મેળવી થાળી ઉપર વાડકીથી ખુબ વાટી તેનું ભરણુ આંખોમાં ભરવું. આથી આંખોની રાતાશ ઓછી થઈ દુઃખાવો ઓછો થાય છે. આ પ્રમાણે ત્રણ દિવસ ભરણુ ભરવાં. ભરણુ બપોરે ભર્યા પછી સાંજરે ઘીમાં બોળેલાં રૂનાં પોતાં આંખ ઉપર બાંધવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખોમાં ખીલ પડયા હોય અને તેને લીધે આંખોમાં રતાશ જણાય અને અંદર શૂળો ઘોંચ્યા જેવી તીવ્રવેદના થતી હોય તો (૧૨) જસતનાં ફુલ ૧ ભાગ અને ફટકડી ૪ ભાગને ખરલ કરી ભૂકો બનાવી તેમાંથી એકેક રતી એક તોલા પાણીમાં નાંખી તેનાં ટીપાં નાંખવાં. આથી આવેલી આંખો, ખીલ, પીયા અને રતાશ મટે છે. (૧૩) ત્રિફળાના કવાથનાં ટીપાં નાંખવાં. (૧૪) હળદર, ફટકડી અને અફીણને તાંબાની કથરોટમાં નાંખી તેને લીંબુના રસમાં ખરલ કરી તેનો લેપ કરવો. **આંખોમાં સૂળ આવતુ હોય તો**-(૧૫) પોસના ડોડાનો શેક કરવો. (૧૬) લીંબડાનાં પાંન વરાળીયાં કરી બાંધવાં. શેક ઘણું કરીને દિવસે કરવો. દરદ ઘણું થતું હોય તો રાત્રે પણ કરવો. આંખ બહુ આવી હોય, પરૂ નીકળતું હોય અને પોપચાં સુજી ગયાં હોય તો પ્રથમ બતાવ્યા પ્રમાણે ચીમડાનું ભરણ ભરાવવું અને તેથી પણ આરામ ન થાય તો પછી (૧૭) સીલ્વર નાઈટ્રેટનાં ટીપાં નાંખવાં. સીલ્વર નાઈટ્રેટ ૧ થી ૩ ગ્રેન અને પાણી ૧ ઔંસ. બહુ પરૂને લીધે પોપચાં બીડાઇ ચોંટી જાય તો ફટકડીના ગરમ પાણીની પીચકારીનો ઉપયોગ કરવો અગર આંખો ધોવા માટે કાચનો પ્યાલો આવે છે તેમાં પાણી ભરી આંખે લગાડવાથી આંખો ધોવાઈને તમામ પરૂ બહાર નીકળી જાય છે. આંખનાં પોપચાં રાત્રે ન ચોટી જાય માટે એરંડીયું અગર સાદો મલમ લગાડવો.

ખીલ—પાંપણની અંદર રાતા અને સાબુચોખા જેવા દાણાદાર નાના ધોળા દાણા થાય છે તેને ખીલ કહે છે. પાંપણ ઉથલાવી જોતાં ઘણીવાર તે ખીલ જણાય છે. આંખ ઉઠે છે ત્યારે પણ તેવા દાણા જણાય છે.

લક્ષણ-ખીલમાં પણ આંખ આવવાનાં કેટલાંક ચિન્હો જણાય છે. આંખ લાલ થઈ સુજી આવે છે, પાણી ઝરે છે, અજવાળુ સહન થતું નથી, આંખમાં કાંકરી જેવું ખુંચે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખટકો થાય છે. ખીલ જુના થાય તેમ આંખ વારંવાર દુઃખવા આવે છે. ખીલ ડોળા સાથે વારંવાર ઘસાવાથી ડોળો ઝાંખો પડે છે, દૃષ્ટિ મંદ પડે છે, પાંપણ અંદર વળી જાય છે, ઝાંખ વધતી જાય છે. **ઉપાય**–આંખ ઉઠવાના તમામ ઉપાયો લાગુ પડે છે. ખીલના સખ્ત ચિન્હોમાં (૧) મોરથુથાની સળી ફેરવવી. **(બનાવટ)** મોરથુથુ તોલો ૧ ને લીંબુના રસથી ૨૧ દિવસ ઘુટીને સળીઓ કરી તડકે સુકવવી. (૨) ફટકડીની સળીઓ પણ સારૂં કામ કરે છે, તેની બનાવટ ઉપર પ્રમાણે. (૩) કોડીખાર પાણીમાં ઓગાળી તેનાં ટીંપાં નાંખવાં. મોરથુથુનાં ટીપાં પાડવાં, મોરથુથુ લગાડયા પછી એરંડીયું તથા ઘી લગાડવું. (૪) કાસાંજણ આંજવાથી સારો ફાયદો થાય છે. પાશ્ચિમાત્ય વિદ્વાનો (૫) ખીલ ઉપર આટ્રોપીન સારૂં ગણે છે. **ફુલું**–(શુક્ર) આંખોમાં ફુલ પડે છે તે ઉપર (૧) હીંમજ, પલાસપાપડો, સિંધવ, રતાંજલીને ગુલાબજળમાં વાટી ગોળી કરી, આંજવાથી ફુલું મટી જાય છે (૨) નિર્મળીનાં બી મધમાં ઘસી આંજવાં. (૩) સમુદ્રફીણ અને સાકરનું ચુર્ણ આંજવું. (૪) વડના દુધમાં બરાસ કપુર મેળવીને આંજવું. (૫) ઘીમાં તળેલી હીંમજ તોલા ૧૦, ગાયના દુધનો સુકો માવો તોલા ૧૦, મોરથુથુ, ટંકણખાર રસવંતી, ફોલેલી ચીમડ અને જેઠીમધનો શીરો હરેક તોલો ૧, એ સર્વેને વાટી ચુર્ણ કરી તેને ધંતુરાના રસમાં ઘુંટી લુગદી બનાવી તેની સળીઓ કરી તડકે સુકાવવી. સુકાયા બાદ તે સળીને ઠંડા પાણીમાં આંજવાથી આંખોમાં પડેલું ફુલું, ખીલ, ઝાંખ, પાપણની ખવાઈ ગએલી કોરો મટે છે. (૬) બરાસકપુર, કનકબીજ, સુંઠ, મરી, પીંપરીમૂળ અને સમુદ્રફીણ હરેક માષો ૧, એ સર્વેને બારીક વાટી જાઇના ફુલના રસમાં ગોળી બનાવી તે ગોળી પાણીમાં ઘસી એક મહિના સુધી અંજન કરવું. (૭) ધોળી સાટોડીનું મૂળ ઘીમાં ઘસી અંજન કરવાથી ફુલું ઝરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે, મધમાં ઘસીને આંજવાથી આંખોમાં થતા પીયા બંધ થાય છે, તલના તેલમાં ઘસીને આંજવાથી તિમિર રોગ (અંધારાં) મટે છે, દુધમાં ઘસીને આંજવાથી આંખનો કંડુ (ચેળ) મટે છે, ગુલાબજળમાં ઘસીને આંજવાથી પડળ મટે છે. (૮) સરગવાનાં બી, સમુદ્રફીણ, શંખ અને સિંધવની સરખા વજને કરેલી ગોળી પાણીમાં ઘસીને આંજવાથી ફુલું મટે છે. **તિમિર**-(ઝાંખ, અંધારાં અને નજલો) ડોળાની અંદર પડદા છે, તેમાં દોષ જવાથી આ રોગ થાય છે અને તેથી દરદી બહારની આકૃતિઓનાં વિપરીત સ્વરૂપ દેખે છે એટલે પદાર્થનો જે રંગ હોય છે તેથી જુદો રંગ જોવામાં આવે છે. દૃષ્ટિ સામે કુંડાળાં દેખાય છે. **ઉપાય—વાતતિમિર**-(૧) દશમૂળ અને ત્રિફલાના કવાથમાં એરંડીયું આપવું. (૨) શતાવરી, બળદાણા શિલાજીત, અતિવિષ અને ત્રિફળાના કવાથમાં ઘી સિદ્ધ કરી લેવું. (૩) ઉપલસરી, વાળો, મોતી, ચંદન અને પદ્મકાષ્ટની ગોળી કરી અંજન કરવું. (૪) સરગવાના પાંદડાનો રસ મધમાં નાંખી આંજવો. (૫) આંબળાં અને રસવંતી મધમાં ઘુંટી અંજન કરવું. (૬) દારૂહળદર, ત્રિફળા અને જેઠીમધ પ્રત્યેક બબે તોલાને અરધોશેર નાળીએરના પાણીમાં ઉકાળી ઘાટું કરવું, તેમાં કપુર, સિંધવ અને મધ મેળવી અંજન કરવું (૭) ખાપરીયું, શંખ, હીરાબોળ અને મોરથુથાનું સમભાગે ચુર્ણ કરી લીંબુના રસમાં ખરલ કરી સળી બનાવવી. તે સળી આંજવાથી ઝાંખ, આંખની ચેળ, મોતીયા, પડળ, ફુલું વગેરે દરદો મટે છે. **પિત્તતિમિર**—(૧) (પિત્ત વધી જવાથી બધા પદાર્થો પીળા દેખાય છે) રસાંજન, ઘી, મધ, તાલીસપત્ર અને સોનાગેરૂ ને ગાયના છાંણના રસમાં ખરલ કરી અંજન કરવું. **કફતિમિર**—(કફે કરી સર્વે પદાર્થો ધોળા દેખાય છે) (૧) ખાખરાનાં બી અને પીંપળનાં બી, એ બંન્નેને બકરીની લીંડી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓના રસમાં અગર ગાયના છાંણના રસમાં ખરલ કરી અંજન કરવું. **પરવાળાં**—પાંપણ અંદર વળી જવાથી તેના વાળ ખુંચે છે અથવા પોપચાની કોર ઉપર નવા વાળ ઉગીને આંખની અંદરના ભાગ તરફ જઇને આંખને ઇજા કરે છે. **ઉપાય**—(૧) વાળ અંદર વળી ગયા હોય તેને ચુંટાવી કાઢવા. આ બાબતમાં સારા નેત્રવૈદ્યની સલાહ લેવી. **આંજણી**–(અંજનનામિશ) પાંપણના મૂળમાં નાની ફોડકીઓ થાય છે, તેને આંજણી કહે છે. તે પાકે છે ત્યારે તેમાંથી પીળું પરૂ નીકળે છે અને આંજણી મટી જાય છે. આ દરદ લોહી બીગાડવાળા બાળકોને વધારે થાય છે. બેદરકારી રાખવામાં આવે છે તો પાંપણોને ઈજા પહોંચે છે. **ઉપાય**—(૧) ગરમ પાણીથી શેક કરવો. (૨) ફટકડી નાંખેલા ગરમ પાણીથી ધોવું. (૩) સિંદુર લગાડવું અગર મલમ કરી ચોપડવો. (૪) કેસર, સુખડ, રતાંજળી અને રસવંતી એ સર્વેને પાણીમાં ઘસીને ચોપડવું. (૫) લોહી સુધરે તેવા ઉપાયો કરવા. આંખના દરદોના સામાન્ય **ઉપાયો**—(૧) ધાંણા શેર ૧ ને અધકચરા કરી તેમાંથી જે દાળ નીકળે તેના ભૂકામાં બે તોલા ચાંદીના વરખ મેળવી ખરલ કરવો ત્યારપછી શેર ૧ ગુલકંદમાં તેને મેળવી રહેવા દેવો, તેમાંથી રાત્રે દરદીને એક થી બે તોલા સુધી ખવડાવવો, જેથી મગજ ઉપરનું પિત્ત શાંત થઇ આંખોમાં થતી ગરમાને શાંત કરે છે. તેનું સેવન કરવાથી આંખો ઉઠી આવવી, ખીલ થવા, પાણી નીકળવું, ઝાંખ વગેરે ઉપર સારો ફાયદો કરે છે. (૨) વાસાદિકવાથ સાથે પથ્યાદિ ગુગળની એકેકી ગોળી સવારસાંજ લેવી. (૩) **કાળો-સુરમો**–(**બનાવટ**) કાળો સુરમો તોલા ૨૦ ને વાટી તેમાં બહેડાનાં મીંજ તોલા ૨, કોડીની ભસ્મ તોલો ૧, મોતી તોલો ૧, મનસીલ તોલો ૧ એ સર્વેને વાટી મેળવવાં. પછી મોરથુથુ તોલો ૧ લઈ તેનું શેર ૧ પાણી બનાવી તે પાણી સુરમામાં નાંખતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવું અને ખરલ કરતા જવું. તે પ્રમાણે ખરલ કરતાં સુકાઈ જાય એટલે પાંચશેર ગુલાબજળમાં પણ ઉપર પ્રમાણે ખરલ કરવો. આ સુરમાના અંજનથી ફુલાં, છારી, ઝાંખ, ખીલ અને ચાંદીઓ વગેરે મટે છે. (૪) **ધોળા મોતીનો સુરમો**–મોતીનો ભુકો તોલો ૧, સમુદ્રફીણ તોલો ૧, જસતનાં ફુલ તોલો ૧ અને બરાસકપુર તોલો ૦। ને વાટી તેને ગુલાબજળની પચીસ ભાવના આપવી એટલે સુરમો તૈયાર થાય છે. તે સુરમો સીસાની સળીથી લઇ આંખોમાં આંજવાથી ઝાંખ ખીલ, ફુલું, રતાશ અને રતાંધળાપણું મટાડે છે.

પથ્યાપથ્ય-(પથ્ય) ઘઉં, ચોખા, મગ, કળથી, જવ, તાદલજો, પંડોળાં, મધ, દુધ, ઘી, માંખણ વિગેરે હિતકર છે. (અપથ્ય) ક્રોધ, શોક, મૈથુન, તાપ, દહિં, ગરમ પદાર્થોનું સેવન ખારાં, તીખાં, પદાર્થો અહિતકર છે.

મુત્રાતીત-બહુમૂત્ર.

કારણ–દિવસની નિંદ્રા, માનસીક પરિશ્રમ કરવો, શારિરીક પરિશ્રમ થવો, અતિ વિલાસીપણું, દહિં, મિષ્ટાન્ન. કફજન્ય કે ચરબીના પદાર્થો ભક્ષણ કરવા, તેમજ દેહમાંથી વિર્યનો અતિશય નાશ કરવો વિગેરે કારણોથી મુત્રાતીત-બહુમુત્ર રોગ ઉત્પન્ન થાય થાય છે.

લક્ષણ–શોષ, ચક્કર આવવા, હાથે પગે દાહ, પેશાબની હાજત થયા છતાં પરાણે મુત્રને રાખી મુકવાથી પેશાબ તરત આવતો નથી અને પેસાબ કરવા બેસતાં ધીરે ધીરે થોડા પ્રમાણમાં થાય છે તેને મુત્રાતીત કહે છે.

ઉપાય-(૧) **લોહભસ્મ**ની રતિ રતિની માત્રા મધમાં ચાટવી. (૨) **શીલાજીત** પ્રયોગ સારામાં સારો ફાયદો કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) **ચંદ્રપ્રભા ગુટીકા** સવાર સાંજ બબે ગોળી દુધ સાથે લેવી. (૪) આનંદભૈરવરસ લેવો. તેમ છતાં જો મુત્રની હાજત ઓછી થતી માલુમ ન પડે તો (૫) કાળા તલનો સાકર સાથે ઠંડા પાણીમાં સમયાનુસાર તેમજ દરદીના બળ, ને અગ્નિ ઉપર વિચાર કરી ઉપયોગ કરવો. તેમ છતાં ન મટે તો (૬) **બહુમુત્રાંતકરસ—(બનાવટ)** શુદ્ધ પારો, સેમળાની છાલ, કેળનાં મુખ, ઉંબરાના બીજનું ચુર્ણ, લોહભસ્મ, બંગભસ્મ, પ્રવાલભસ્મ, મોતિનીભસ્મ, અફીણ એ બધી દવાઓ સમભાગ, અફીણ સિવાય સર્વનું ચુર્ણ કરી તેમાં પારદ નાંખી ઘુંટવું (પારદ દેખાય નહિ) ત્યાર બાદ અફીણ નાંખી ખરલ કરવો, સર્વ એકત્ર થએથી માલતીના ફુલના રસની એક ભાવના આપવી ને તેને સુકવી શીશીમાં ખરલ કર્યા બાદ ભરી રાખવો. માત્રા ૧ થી ૨ રતી. (૭) દુધ ને સોડાનો ઉપયોગ કરવો.

પથ્યાપથ્ય--હલકુ, સુક્ષ્મ, મનપસંદ ભોજન કરવું. સ્ત્રી-સંગ, મદ્ય, માંસ અને ભારે ખોરાકનો ત્યાગ કરવો.

ઉન્માદ—દિવાનાપણું.
(Insanity–Mania–ઇનસેનિટિ–મેનિયા.)

મનનું અવ્યવસ્થિત થવું અથવા બુદ્ધિ કે જ્ઞાનનો થોડો યા વધુ નાશ થવો તે ઉન્માદ. લોકો તેને "ભ્રમવા" પણ કહે છે કેમકે તેમાં મન ભ્રમિત થઇ ચિત્તસ્થિર રહી શકતું નથી. **પ્રકાર**—છ જાતના છે. વાત, પિત્ત, કફથી, સંનિપાતથી, માન-સીક ને વિષથી.

કારણ–(૧) વારસો. (૨) સગોત્ર કે સગા સંબંધીમાં લગ્ન. (૩) દારૂનું હદપારનું વ્યસન. (૪) મદકારકવસ્તુનું સેવન. (૫) અતિ સ્ત્રી પ્રસંગ (૬) હાથરસ. (૭) ભારે નુકશાન યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટ. (૮) વ્હાલાનું મરણ. (૯) પસાની હાની. (૧૦) શોક. (૧૧) ભય. (૧૨) કલેશ. (૧૩) મગજનો હદથી ઉપરાંત પરિશ્રમ આ બધાં ચિતભ્રમનાં કારણો છે.

ચિત્તભ્રમમાં-(Mania) મનુષ્ય પોતાની અક્કલ ખોઇ બેસે છે. મનમાં તરંગો ઉઠે છે, બકે છે, તોફાન કરે છે, કોઇ વખતે હસે છે, કોઇ વખતે રડે છે, ગાવું, નાચવું, કોઇને મારવા જવું, અનિદ્રા, ઝાડા પેશાબની ખબર ન રહેવી વિગેરે લક્ષણો હોય છે. **ઉદાસીનતા**-(Malancholia)ના લક્ષણમાં માણસ છેક અક્કલમંદ થઇ જતો નથી પરંતુ, વૈરાગ ઉત્પન્ન થયો હોય તેમ કરે છે, કોઇ કામમાં ચિત્ત રહેતું નથી, સંસાર ઉપર અપ્રિતી થાય છે, જાણે તેણે ઘોર પાપ કર્યું છે તેમ ધારે છે, ઉંડા વિચારમાં પડી જાય છે, કોઈ વખત આપઘાત કરવાનો યત્ન કરે છે અને કોઈ વખત દિલગીરી હોય તેમ મુઢ માફક બેસી રહે છે વિગેરે લક્ષણો ઉદાસીનતાનાં છે. **બુદ્ધિનાશનાં**-(Dementia) લક્ષણ-આમાં બુદ્ધિ ઓછી થઇ જાય છે, નિરાંતે બેસતો નથી, શોક કે પ્રિતિનું ભાન રહેતુ નથી, યાદ શક્તિ બિલકુલ નથી રહેતી, મર્યાદા મુકી બોલ્યા કરે છે. આ દરદ ઘડપણમાં થાય તો મટતું નથી. **ઉપાય**-(૧) ઉન્માદનો દરદી બીજાને નુકશાન ન કરે તે તથા પોતાની જાતને કોઇ પ્રકારથી નુકશાન ન કરે તે ખાસ ધ્યાનમાં રાખવું. (૨) ઉન્માદમાં સ્નાયુઓને શક્તિ હિન બનાવનારી દવાઓનો ઉપયોગ કરવો. (૩) અપસ્માર અને આંચકીમાં લખેલી દવાઓનો આ દરદમાં ઉપયોગ કરવો. (૪) મગજ શાંત થાય અને સ્નાયુઓને અસલ સ્થિતિમાં લાવે તે માટે ઉપરથી તેલ વિગેરેનું માલીસ કરવું તથા (૫) બ્રાહ્મી કવાથ-બ્રાહ્મીધૃત આપવું. (૬) આ દરદમાં **સારસ્વતચુર્ણ** સારો ગુણ કરે છે. (૭) મગજ ઉપર ગાયનું ઘી ઘસવું. (૮) આંબળાંનું સેવન કરવું અથવા **જીવન**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ચ્યવનપ્રાશવલેહ) આ દરદને ફાયદો કરે છે. (૯) **ઉન્માદગજકેસરીરસની** સવાર, બપોર, સાંજ રતિ રતિની માત્રા મધમાં ચટાડવો. (૧૦) મગજ ઉપર શીતળ ઉપચાર કરવા.

પથ્ય—પચે તેવો હલકો ખોરાક લેવો. દુધ, માખણ, સાકર, ઘી, શિખંડ વિગેરે પચે તે પ્રમાણમાં ઉપયોગમાં લેવું. મદ્ય, માંસ, ભાંગ, ગાંજો, તાડી વિગેરે વાપરવાં નહિ.

ઉદાવર્ત.

કારણ—વાયુ, ઝાડો, પેસાબ, બગાસુ, આંસુ, છીંક, ઓડકાર, ઉલટી, શુક્ર, ભુખ, તરસ, શ્વાસને નિંદ્રા આ તેરમાંથી કોઇપણ વેગ રોકવાથી ઉદાવર્ત નામનો વ્યાધિ થાય છે.

લક્ષણો—મસ્તકમાં દરદ થવું, આફરો ચઢવો, અજીર્ણ, કબજીઆત થવી, ઉલટી થવી, શુળ આવવું, પેશાબ રોકાઇ જવો, પેટને પેઢામાં દરદ થવું, શરીરે તોડ થવા, દાહ થવો, તૃષા લાગવી, હેડકી, મોળ આવવી, અન્નપર અભાવો થવો તથા ઘેન કે નિંદ્રા જેવું લાગે છે ઇત્યાદિ.

ઉપાય—(૧) **મળશુદ્ધિચુર્ણ** પેટ સાફ લાવવા આપવું. (૨) હિંગ્વાષ્ટકચુર્ણ લેવું. (૩) શિવાક્ષારપાચન ાા ાા તોલા સુધિ લેવું. (૪) ભાસ્કરલવણ બબ્બે વાલ ઠંડા પાણી સાથે લેવું. (૫) ઇચ્છાભેદીરસ (૬) **આરોગ્યવર્ધની નં. ૧** તથા નં. ૨ નો ઉપયોગ સમયાનુસાર કરવો. (૭) પીંપળને સુંઠનું ચુર્ણ ગોળમાં ગોળી કરી ખાવું. (૮) નારાયણચુર્ણ સારૂં કામ કરે છે.

પથ્ય—વિરેચન, શેક, તૈલાભ્યંગ તથા સ્નીગ્ધ પદાર્થનું સેવન ફાયદો કર્તા છે, હલકો ને પચે તેવો તેમજ પ્રવાહી પદાર્થ લેવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામ શુળ.

પ્રકાર-પાંચ છે, વાત, પિત્ત, કફ, દ્વિદોષ ને ત્રિદોષથી થતું પરિણામ શૂળ.

કારણ—ભારે પદાર્થ ભક્ષણથી, વારેઘડીએ ખાવાથી, પચ્યા વિના ખાવાથી, સ્ત્રીસંગથી, કસરતથી, ખરાબ શાક પાનના સેવન વિગેરેથી ઉત્પન્ન થાય છે.

લક્ષણ—પેટ ચઢે, મળમુત્ર કબજીયત થાય, પેટમાં ને પડખાંમાં પિડા થાય, કેટલીક વખત ખાધેલો ખોરાક પચી રહેવા આવે ત્યારે પણ શૂળ આવે છે ઈત્યાદિ.

ઉપાય-(૧) શંખભસ્મ પાણી સાથે આપવી. (૨) હીંગને કાંકચીઆની ફાકી લેવી. (૩) પેટમાં શુળ આવતું હોય તો હીંગ ડુંટીની આસપાસ પાણી સાથે ચોપડવી. (૪) જરૂર જણાયતો હલકો જુલાબ લેવો. (૫) લંઘન કરાવવું. (૬) પછી ઉલટી અને રેચનો જરૂરે ઉપયોગ કરવો. (૭) નાની છીપોનીભસ્મ પરિણામશૂળને મટાડે છે.

પથ્ય—જુની ડાંગરના ચોખા, દુધ, ક્ષાર, નિંદ્રા, રેચ, લાંગણ, શેક, મીઠું, હિંગ, લસણ, એરંડીયુ, લીંબુ વિગેરે.

અપથ્ય-ઉજાગરો, વિરૂદ્ધ આહાર વિહાર, મહેનત, મૈથુન, મદ્ય, વેગોનો અટકાવ, શોક, ભય, ક્રોધ, લુખુ, તીખુ, ખાટુ ને ભારે અન્ન વિગેરે.

સ્વરભેદ—કંઠનળીનો સોજો.
(Laryngitis—લારિન્જાઇટીસ)

દેશી વૈદ્યકશાસ્ત્રમાં "સ્વરભેદ" નામનો રોગ છે તેને પાશ્ચમાત્યો લારિન્જાઇટીસ કહે છે કારણકે શ્વાસનળીનો સોજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અગર ઓછા વધતા પ્રમાણમાં વરમ થઈ આવે છે. તે બે જાતના હોય છે (૧) તીક્ષ્ણ અને (૨) દીર્ઘ. તીક્ષ્ણ વરમ ભયંકર છે અને દીર્ઘ ભયંકર નથી. તીક્ષ્ણ વરમનો દરદી અને આ દરદ વાળું બાળક ગુંગળાઇને થોડાજ કલાકમાં મરી જાય છે, જ્યારે દીર્ઘ વરમ લાંબો વખત ચાલે છે. **પ્રકાર**—છ જાતના છે. વાત, પિત્ત, કફ, સન્નિપાતથી, ક્ષયથી અને મેદથી.

કારણ—શરદીથી, ઘણા પ્રમાણમાં ગાવાથી, સંગીતથી, ક્ષયમાં અને ઉપદંશ વિગેરે ગરમીના દરદોમાં સ્વરભંગનો રોગ ઘણી વખત થાય છે. શરદીનો સ્વરભેદ કફથી, ઉપદંશનો પિત્તથી, સંગીતનો વાયુથી અને ત્રિદોષથી અસાધ્ય સ્વરભેદ ઉત્પન્ન થાય છે.

લક્ષણ— હલકા સોજાથી અવાજ ખોખરો થાય છે. પણ જો વરમ સખત પ્રમાણમાં હોય તો તાવ, વેદના, વધારે ગુંગળાઇ જવું, ગળુ જકડાઇ જઈ અવાજ બેસી જવો અને ખોખરો ધાતુના રણકાર જેવો થવો વગેરે લક્ષણો હોય છે. કેટલીક વખત કફ પડે છે, શ્વાસ રૂંધાઇ જાય છે, તેમજ લેતાં મુકતાં ઘણીજ હરકત પડે છે, અનિંદ્રા, ગળુ લાલ થઇ સૂજે છે આ લક્ષણો સ્વરભેદનાં છે.

ઉપાય—(૧) શરદીથી બચવા ગલપટો રાખવો. (૨) બહુ બોલવું નહિ. (૩) દરદ બહુ હુમલો કરે તો ચાંપતા ઉપાયો લેવા. ગળે ગરમ પાણીનો શેક કરવો, ખાવાને પ્રવાહિ પદાર્થ આપવો, ગરમ પાણીની વરાળ મોંથી ખેંચવી. (૪) જરૂર પડે પ્લાસ્ટર ને ઉલટીની દવાઓ વાપરવી. (૫) ઉલટી માટે મીઠાનું પાણી ઉનું આપવું. મીંઢળનુંચુર્ણ યુક્તિપૂર્વક આપવું. (૬) વાતજન્ય દોષ હોય તો તેલમાં મીઠું નાંખી કોગળા કરવા. (૭) પિત્તજન્ય દોષમાં મધ, ઘીના કોગળા કરવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૮) કફજન્યમાં સીંધવ, મરી તથા મધના કોગળા કરવા. (૯) ઉપરની વસ્તુના કોગળા કરવા એટલે મોંમાં રાખી મોં બંધ રાખવું, જેથી તે શ્વાસનળી સુધી પહોંચી અંદરના દોષને અસર કરે. (૧૦) કસ્તુરી, એલચી, લવીંગ તથા વાંસકપુરનું કપડછાણ ચુર્ણ મધ તથા ઘીમાં ચાટવાથી સ્વરભંગ તથા જીભનું અટકવું મટે છે. (૧૧) ગાયના દુધમાં આંબળાંનું ચુર્ણ નાંખી ઉપયોગ કરવો. (૧૨) જેઠીમધનો કવાથ સિંધવ નાંખી લેવો. (૧૩) રાત્રે ઉંનું કરેલું સ્વચ્છ દુધ વાપરવું. (૧૪) બ્રાહ્મી, વજ, હરડે, અરડુસીનાં પાન તથા પીંપરનું ચુર્ણ મધમાં સાત દિવસ મેળવી ચાટવાથી સ્વરભંગને સારો ફાયદો કરે છે. **પથ્ય**—સાદો ખોરાક લેવો, હલકો અને પ્રવાહિ પદાર્થનો વધારે ઉપયોગ કરવો.

મૂર્છા.

પ્રકાર-વાત, પિત્ત, કફ, રક્તથી, મદ્યથી અને વિષથી.

કારણ-ઘણીજ અશક્તિ, ક્રોધ, શોક, ભય, મળમુત્રનો અવરોધ, વિરૂદ્ધ આહાર વિહરનું સેવન, તમોગુણ, આઘાત, વિગેરે કારણોથી વાતાદિદોષ જ્ઞાનેન્દ્રિયસ્થાનમાં પ્રવેશ કરે છે એટલે મૂર્છાવસ્થા પ્રાપ્ત થાય છે. કેટલીક વખત તમાકુ તથા વછનાગ વિગેરે ઝેરોથી પણ મુર્છા આવે છે

લક્ષણ—આંખે અંધાળાં આવવાં, ચક્કરી, મોળ, ઉલટી, ચહેરાનું ફીકા પડવું, કંપારી, શીતાંગપણું, નાડીની અનિયમીતતા, શ્વાસ, ગભરામણ અને બેચેની વિગેરે. પુર્ણ મુર્છામાં દરદી તદ્દન બેભાન હોય છે.

ઉપાય-(૧) સંજ્ઞાનાશ દરદીને શરીરની જાગ્રતીમાં લાવવો. સોંય ઘોચવી અથવાં નસ્યદ્વારા ઉઠે તેવા ઉપચાર કરવા. (૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાયોગરાજ ગુગળ બરાબર ઉપર વિચાર કરી આપવો. (૩) **રાસ્નાદિકવાથ, બ્રાહ્મીધૃત** કે ક્વાથ **સારસ્વતચુર્ણ** વિગેરે આપવાં. (૪) મહારાસ્નાદિકવાથ આપવો ફાયદાકારકછે.

પથ્ય–કપડાં ઢીલાં કરવાં, દરદીને લીંપણવાળી જગ્યાએ હવાવાળા ઓરડામાં સુવાડવો, મોં ઉપર પાણી છાંટવું, દ્રાક્ષાસવ કે પાણી આપવું. ખોરાક હલકો આપવો.

દાહ.

દાહ–બે જાતના છે. સ્થાનિક ને શારિરીક. (૧) જખમમાં ભીલામા વિગેરે દાહજનકચીજના સ્પર્શવાળા ભાગોમાં અને હાથ પગમાં દાહ થાય છે તે. (૨) જવર વિગેરે રોગોમાં આખા શરીરે દાહ થાય છે તે. **પ્રકાર**–સાત છે. મદ્યથી, રક્તથી પિત્તથી, તૃષાનિરોધજ, શસ્ત્રથી, ધાતુક્ષયથી, મર્માભિઘાતજથી.

ઉપાય–(૧) દાહશામક શીતળ ઉપચારો કરવા. સ્થાનિક દાહમાં લેપ વિગેરે બહારના ઉપચારો અને શારિરીક દાહમાં અંદર ખાવાના ઉપચારો કરવા. (૨) લેપ–લોશન–દશાંગલેપ, ચંદન, ગાયનું ઘી, અરીઠાનું ફીણ, નવસારનાં પોતાં ગુલાબજળ વિગેરે ઉપાયો કરવા તેમજ (૩) "હજાર વેળા જલથી ઘી ધોશો ચોળી શરિરે જવરદાહ ખોશો" એન્યાયે વર્તવાથી સારો ફાયદો થાય છે. (૪) પિત્તશામક દવાઓ વાપરવી. ગુલાબનું શરબત, ખસનું શરબત વાપરવું. (૫) દ્રાક્ષ, ગુલકંદ, ગળજીભીનો રસ, જવનું પાણી, તાંદલજાનો રસ વાપરવો. (૬) દ્રાક્ષ, ધાણા, વરીઆળીને સાકરનું હીમ કરી પીવું. **પથ્ય**–શીતળ ભોજનનું સેવન કરવું અને ઠંડી હવા લેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃષા (તરસ)

પ્રકાર—સાત છે. વાત, પિત્ત, કફ, ક્ષતજ, ક્ષયની, અજીર્ણની અને ખાધા પછી લાગે છે તે.

કારણ—અતિશય તડકામાં ફરવાથી, કેટલીક વખત ભારે પદાર્થો ભક્ષણ કરવાથી, શોકથી વિગેરે કારણો હોય છે.

લક્ષણ—મ્હોંને હોઠ સુકાઈ જવા, તરસનો વેગ રોકવાથી જીવ ગભરાય છે, ચક્કર આવે છે, થાક લાગે છે, શ્વાસ ચઢે છે ને છાતીમાં પીડા થાય છે.

ઉપાય—કબજીઆત હોય તો પેટ સાફ કરવા (૧) દિનદયાળચુર્ણ લેવું. (૨) કાળીદ્રાક્ષ અને સિંધવ મોંમાં રાખવાં. નાળીએરના પાણીમાં ધાણા, સાકર નાંખી તે લેવું. (૪) જેઠીમધને ગળોનું હિમ પિવાથી તરસ મટે છે. આ દરદમાં પિત્ત શમન ઉપાયો કરવા.

પથ્ય—દુધ, હલકો અને શીતળ ખોરાક લેવો, નારંગી, દ્રાક્ષ વિગેરે હિતકર છે. સાકરનો કકડો મોંમાં રાખવો ફાયદા કારક છે.

મેદોરોગ.
(Obesity-ઑબેસીટી)

કારણ—કસરત નહિ કરનારને, દિવસે સુવાથી, ચરબી કર્તા પદાર્થ ખાવાથી, તેમજ ચીકણા પદાર્થના ભક્ષણથી, મન ગમતા મધુર પદાર્થો ખાવાથી અને કફ જન્ય પદાર્થના સેવનથી મેદરોગ થઈ માણસ કામ કરવાને અશક્તિમાન થઇ જાય છે.

લક્ષણ—ચરબીથી પેટનું વધવું, નિતંબને છાતિના ભાગમાં વધુ મેદ જણાવો, થોડો શ્રમ પણ ન સહન થતાં થાક લાગવો, શ્વાસ ચઢવો, તૃષા લાગવી, છાતીમાં ગભરાટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવો, પરસેવો પણ ગંધાવો, ચરબી વધવાથી શરીરમાં વાયુના ફરવાના માર્ગો બંધ થઇ જતાં વાયુ કોઠામાં ભરાય છે, ખાધેલા બધા ખોરાકને જલદી સુકવી નાંખે છે અને શરીર બેડોળ બનાવે છે, આ રોગમાંથી પાંડુ, કમળો, બરોલ વિગેરે વ્યાધિઓ પણ થાય છે. **ઉપાય**—(૧) શરીરની ચરબી ન વધે તેવા ઉપાય પ્રથમ લેવા, (૨) ચરબી કર્તા પદાર્થો ખાવા બંધ કરવા. (૩) કસરત કરવી. (૪) ફરવા જવાય ત્યાં સુધી જવું. (૫) લંઘન કરવું (૬) લુખ્ખા પદાર્થ ખાવા. (૭) સવારમાં ઉઠી દરરોજ મધ ને પાણી પુષ્કળ પ્રમાણમાં લેવું. (૮) **લઘુ-યોગરાજ**—ગુગળનું લાંબા વખત સુધી સેવન કરવું. (૯) આરોગ્યવર્ધનીની ગોળીઓ બેબે સવાર બપોરને સાજે લેવી. (૧૦) ગરમ પાણી ઠારીને પીવું (૧૧) ગળોને ત્રિફળાનો ઉકાળો મધ નાંખીને પીવો. (૧૨) મળશુદ્ધિ અવશ્ય થવીજ જોઇએ ઈત્યાદિ. **પથ્યાપથ્ય**—હલકો ખોરાક ખાવો. મધ, ગરમ પાણી, છાશ, રૂક્ષ અનાજ પથ્ય છે. **અપથ્ય**–દુધ, ઘી, ચીકણાને ચરબી કર્તા પદાર્થ, માખણ, માંસ અને પાકાં કેળાં વિગેરે.

શોથરોગ.

પ્રકાર—નવ છે. વાત, પિત્ત, કફ, દ્વંદજ, સંનિપાતજ, અભિઘાતજ ને વિષજન્ય.

કારણ—ઉલટી તથા જુલાબ લેવાથી, કોઇપણ રોગમાં લાંઘણથી, કૃષ શરીરવાળાએ ભારે પદાર્થો ખાવાથી, દહિંથી, કાચુ અન્ન જમ્યાથી, વિરૂદ્ધ ભોજનથી, ઝેરથી, બગડેલું અન્ન ઉપયોગમાં લીધાથી, હરસથી, બેઠાડુ જીંદગીથી, જરૂર વગર રેચ લીધાથી, કસુવાવડથી, વમન વિરેચન ખોટી રીતે કરવાથી, સોજા ઉત્પન્ન થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણ—શરીર જડ થાય છે; બેચેની થાય છે, ચામડીનો ભાગ ઉંચો ચઢી તેમાં ગરમી થાય છે, રગો બારીક બને છે; સોજાવાળી જગ્યાનો રંગ બદલાઈ જાય છે, રૂંવાટાં ઉભાં થાય છે; તે પ્રમાણે દરેક દોષમાં જુદાં જુદાં લક્ષણો થાય છે તે સુજ્ઞ વૈદ્યે જાણી લેવાં. ખાસ આંગળી દબાવતાં ખાડો પડે છે.

ઉપાય-(૧) પરસેવો કઢાવવો ફાયદો કર્તા છે (૨) વિરેચન બરાબર જોઈને આપવું હિતકર છે. (૩) દશમૂળ કવાથ, (૪) પુનર્નવાદિ કવાથ ઘણોજ સારો ફાયદો કરે છે. (૫) પથ્યાદિ કવાથ, (૬) આરોગ્યવર્ધની ગોળીઓ ઘણુંજ સારૂં કામ કરે છે. (૭) સોજા ઉપર **દશાંગલેપ** પાણીમાં ઉંનો કરી લગાવવો. (૮) તેમજ **દોષઘ્નલેપ** પણ તેવીજ રીતે સોજા ઉપર લગાવવો. (૯) ઝાડો પેશાબ સાફ થાય માટે મળશુદ્ધિચુર્ણ આપવું. (૧૦) સુંઠ, મરીનું ચુર્ણ મેળવી ધોળીસાટોડીનો રસ પીવો. (૧૧) ધોળી સાટોડી, દેવદાર અને ચિત્રકમુળ તેમાં સારી રીતે પકાવેલું દુધ અવશ્ય સોજા ઉતારે છે. **પથ્યાપથ્ય**-દુધ સર્વોત્તમ પથ્ય છે. રેચ, લંઘન, મગ, રાતા ચોખા, સિંધવ, આદુ, લસણ, એરંડીયું વિગેરે પથ્ય છે બાકી અપથ્ય છે.

અગ્નિદગ્ધ-દાઝવું અને બળવું.

લક્ષણ—સાધારણ એટલે થોડું દાઝવાથી ચામડી લાલ થાય છે અને વધુ દાઝવાથી ફોલ્લા થાય છે, તેમજ સખત રીતે દાઝવાથી ચામડીનો ભાગ નાશ થઈ જાય છે, મતલબ કે બળી જઈ કાળો કે લાલ ચોળ થઇ જાય છે અને એકદમ દાઝવાથી ચામડી તથા માંસ બળી જઇ ખાડા પડી જાય છે. **ઉપાય**-(૧) ઘી, રાળને મીણનું મલમ લગાવવું. (૨) **વેસેલાઇનને** ઝીંકનું મલમ ઉપયોગમાં લેવું. (૩) કેટલીક વખત ગામડામાં લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોપરૂ પણ લાગાડે છે. (૪) **ચુનાનું પાણી ને તેલ** મિશ્રણ કરી ખુબ ફીણી તે ફીણ ધોળું થાય એટલે દાઝયા ઉપર લગાવવું. આ દાઝ્યા ઉપર સારૂ કામ કરે છે તેવો મારો ખાસ અનુભવ છે. (૫) ફોલ્લા થયા હોય તો ફોડી તે ચામડી ખસેડી નાંખીને મલમો લગાવવાં. (૬) સાધારણ દાઝયામાં **તલનું તેલ** લગાવવું કે જેથી તુરત ફાયદો થશે. (૭) પરૂ વિગેરે ભાગ બાવળની છાલના ઉકાળાથી ધોવો. (૮) અળસીનું તેલ લગાડવું.

સુચના—દાઝેલો ભાગ ખુલ્લો રાખવો નહિ ફોલ્લાની ચામડી કાઢીનાંખવી, પરૂ થવા દેવું નહિ અને **ઠંડા ઉપચાર બિલકુલ** કરવા નહિ.

નાડીવ્રણ—
(Sinus–સાઈનસ)

પ્રકાર—પાંચ છે. વાત. પિત્ત, કફથી, સંનિપાતથી, શલ્યથી.

કારણ—જે દરદી પાકેલા સોજાને કાચો સમજી તેની દરકાર કરતો નથી. કિંવા આહારવિહારની દરકાર કરતો નથી, પુષ્કળ પરૂવાળા વ્રણની પરવા કરતો નથી તેવા માણસને તે પરૂ, માંસને ત્વચામાં જઈ નાસુર ઉત્પન્ન કરે છે.

લક્ષણ—વ્રણ દિવસે દિવસે ઉંડુ ઉતરતું જાય છે, મોં સાંકડુ હોય છે અને પુષ્કળ પરૂ વહે છે કેટલીક વખત પાણી જેવો પદાર્થ વહે છે.

ઉપાય—(૧) **ત્રિફળાગુગળ**, (૨) **યોગરાજગુગળ**,(૩) હવાનો ફેરફાર, (૪) આંબળાંનું સેવન હિત કર્તા છે. (૫) સોનાગેરૂ તો. ૦ાા, કપુર ૦)ˉ, પારસપીંપળાના ડોડવાંની રાખ તો. ૧ ને ગૌમુત્રમાં વાટી ઘી મેળવી મલમ કરી લગાવવું (તેની વાટ મુકવી). (૬) જાત્યાદિ મલમ આ દરદમાં સારો ફાયદો કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગંદર—(Fistula-ફીશ્ચુલા)

પ્રકાર—પાંચ છે. શતપોનક, ઉષ્ટ્રશિરોધર, પરિશ્રાવી, સંબુકાવર્ત અને ઉન્માર્ગી. **કારણ**—ઝાડોરોકવાથી, અર્શથી ફુલેલા અંકુરો ગુદામાં દરદ કરવાથી, રક્તદોષ એટલે બિગાડથી એક જગ્યાએ હદ ઉપરાંત બેસી રહેવાથી પણ આ દરદ થાય છે.

લક્ષણ—ગુદાની આસપાસ એક બે કે ત્રણ નાનાં નાનાં ગડ થઇ પાકે છે. ફુટે છે ને અંદરના ભાગમાં વધે છે તથા સડે છે, ઉંડો ખાડો પડતો જાય છે ને તેમાંથી પરૂ વહે છે. કેટલીક વખત રસીબંધ થઇ પાછુ પાકીને ફુટે છે. આ દરદમાં ઝીણો ઝીણો શ્રાવ થયાજ કરે છે. **ઉપાય**—(૧) ત્રિફળાગુગળ, (૨) મહામંજીષ્ટાદિકવાથ, (૩) ચંદ્રપ્રભા, (૪) કેશરાદિવટી. (૫) નસોતર, તલ, નેપાળો, મજીઠને સિંધવ ઘી તથા મધમાં વાટી ભગંદર ઉપર લગાડવું. (૬) જાત્યાદિ તેલ, (૭) જાત્યાદિ મલમ સારો ફાયદો કરે છે. (૮) હરડે, બહેડાં, આંબળાંને બિલાડીના દાંતનો લેપ કરવો. (૯) કાસીસાદીમલમ સારો ફાયદો કરે છે ઇત્યાદિ.

પથ્યાપથ્ય—ભગંદર મટયા પછી એક વરસ સુધિ ઘોડાની સ્વારી, કસરત, મૈથુન, યુદ્ધ ને ભારે અન્નપાનનો ત્યાગ કરવો.

સૂચના-શસ્ત્ર ક્રિયાથી પણ આ દરદ મટે છે.

શ્લીપદ—હાથીપગુ

પ્રકાર—ત્રણ છે. વાત, પિત્તને કફ.

કારણ—દેશી વૈદ્યકશાસ્ત્રમાં કહેલું છે કે જે પ્રદેશમાં ઘણું પાણી ભરાઈ રહેતું હોય અને તમામ રૂતુઓમાં ઠંડક રહેતી હોય તે પ્રદેશમાં આ દરદ વધુ માલુમ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણ—પગ સુજીને મતલબકે તેનું માંસ વધીને ધીમે ધીમે થાંભલા સાફક થાય છે આ તેનું ખાસ લક્ષણ છે. ત્રણ દોષના શ્લીપદમાં કફનું પ્રાધાન્ય હોય છે. વાયુનું કાળુ, ખરબચડુ, ફાટેલુ, વેદનાવાળુ અને વખતે તાવ પણ હોય છે. પિત્તનામાં પીળા રંગનું અને બળત્રાવાળુ હોય છે. તાવ આવે છે ને સ્પર્શ કરતાં મૃદુ લાગે છે. કફમાં ચળકતુ, સફેદ, ફિક્કુ ને જડ તથા કઠણ હોય છે. કાંણાંવાળુ ઉપર કાંટા થઈ ગયા હોય તેવું અને એક વર્ષ ઉપરાંતનું અસાધ્ય છે. **ઉપાય**—(૧) લંઘન, સ્વેદન, વિરેચન વિગેરે કરવું. (૨) આ દરદમાં ૨ મોક્ષણ (લોહિ કઢાવવું) ફાયદો કર્તા છે. (૩) હરડે ને એરંડીયામાં પકાવી ગૌમુત્ર સાથે સાત દિવસ અથવા દોષ પ્રમાણે વધારે મુદ્દત સુધી ખાવી (૪) હળધરને ગૌમુત્ર પીવાં. (૫) પાન (નાગરવેલનાં) નં-૭ નો રસ ને થોથો સિંધવ ગરમ પાણીમાં લેવાં. (૬) ધંતુરો, એરંડમૂળ, નગોડ, સરગવો, સાટોડી તથા સરસવ વાટી લેપ કરવો. (૭) તુરતમાં થતા સોજા ઉપર **દશાંગલેપ** ઉનો કરી લગાડવો. (૮) સરસવ, સરગવાની છાલ, દેવદાર તથા સુંઠ ને ગૌમુત્રમાં વાટી લેપ કરવો. (૯) **દોષઘ્નલેપ** લગાવવો. (૧૦) મંજીષ્ટાદિકવાથ લેવો.

મદાત્યય
(Alcoholism)

પ્રકાર—સાત છે, વાત, પિત્ત, કફ, ત્રિદોષથી, પરમદ, પાનાજીર્ણ, પાનવિભ્રમ.

કારણ—દારૂના અતિશય સેવનથી એક પ્રકારનો ભ્રમ ઉત્પન્ન થઇ બુદ્ધિનો નાશ થાય છે. મદ્યને વિધિપૂર્વક સેવન કરવાથી ફાયદો કરે છે. જ્યારે વધુ સેવન કરવામાં આવે તો મદાત્યય ઉત્પન્ન કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણ—બેચેની, નિંદ્રાનાશ, સર્પો તથા ભુતોની કલ્પના થવી, ભડકવું, ધ્રુજવું, નાડી ધીમી થવી, પરસેવો થવો, શાંત પડી રહેવું, બડબડાટ, ભાન ન રહેવું, ઉંઘ્યા કરવું વિગેરે. હૃદયમાં પીડા, ઉલટી, કબજીઆત, અજીર્ણ, દાહપણ જોવામાં આવે છે.

ઉપાય—(૧) પ્રથમ જુલાબ આપવો હિતકર્તા છે. (૨) દેખાવ રાતો થઈ ગયો હોય, શ્વાસ ખરાબ હોય, ઘણું ખાધુ પીધુ હોય, જીભ મેલી હોય તેને અવશ્ય રેચ આપવો. (૩) દારૂમાં ખાનપાનથી અસર સારી થાય છે માટે થોડા થોડા અંતરે ખવરાવવું (૪) દ્રાક્ષાસવ દુધમાં આપવો, (૫) બ્રાન્ડી દુધ સાથે આપવી. (૬) પોષણકારક અને પ્રવાહિ પદાર્થો દરદીને ટકાવી રાખે છે તેથી તે આપવા.

પથ્યાપથ્ય—ખજુર, ફાલસાં દાડમ વગેરે મધુર પદાર્થોનો રસ સાકર નાંખી કે મધ નાંખી પીવો. મીંઠા ચોખા દુધ સાથે આપવા. માખણ, મલાઈ, દુધપાક, શિખંડ અને શીતળ તથા તૃપ્તિકારક ઉપાયો કરવા.

પામા–ખસ.

કારણ—ખસના દરદથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. આ દરદ ઘણા ગંદા છોકરાઓને ગંદાપણાથી જંતુ ઉત્પન્ન થઈ થાય છે, પછી તેનો ચેપ પ્રસરે છે, ગરમ પદાર્થના સેવનથી, કબજીઆતથી, લોહિ બગડવાથી તથા વાસી ગએલું અન્ન જમવાથી વગેરે કારણોથી આ ચેપી દરદ થાય છે.

લક્ષણ—હાથ, પગ અને સાંધાઓના ભાગમાં ફોલ્લાઓ થાય છે. કોઇ કોઇ વખત મોટા ફોલ્લાઓ પણ થાય છે. ખજવાર આવે છે, પરૂ નીકળે છે, એ પરૂ જ્યાં અડે છે ત્યાં બીજા ફોલ્લા થાય છે ઈત્યાદિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપાય–રક્ત શોધક દવાઓ (૧) મહામંજીષ્ટાદિ કે મંજીષ્ટાદિ ક્વાથ. (૨) **યસ્ટિમધ્વાદિચુર્ણ**, (૩) **કિશોરગુગળ**, (૪) હરડે, બહેડાં, આંબળાં અનુક્રમે ચઢતા ભાગે લઈ તેનું ચુર્ણ સાકર સાથે લેવું. (૫) **શુદ્ધગંધક** આ દરદમાં સારો ફાયદો કરે છે, પણ તે સારા પ્રમાણમાં શુદ્ધ થએલો ન હોય તો વધુ ફુટી નીકળે છે તે ખાસ ધ્યાનમાં રાખવું. (૬) **માહેશ્વર લેપ**–

મરી, જીરાં બે, મનસીલ, પારો,
સિંદુરને, ગંધક માંહી ધારો;
નિશાદ્વિ, કેરૂ કરી મલ્મ ઘી શુ,
મારે ત્રિલેપે ખસને નહિશુ ? વૈદ્યજીવન.

આ ઉપાય અત્યુતમ છે. (૭) ગંધકનું તેલ પણ લગાડવાથી ફાયદો થાય છે, (૮) જસદ, શંખજીરૂ, સિંદુર ને ધોએલું ઘી (૧૦૦ થી વધુ વખતનું) તેનું મલમ બનાવી ચોપડવાથી ખસ જરૂર મટે છે.

પથ્યાપથ્ય-હલકો ને પચે તેવો ખોરાક લેવો, મીઠુ બની શકે તો ન ખાવું. જ્યારે ગંધક લેવો ત્યારે મીઠુ અવશ્ય બંધ કરવું. ઉષ્ણ પદાર્થ ન ખાવો, બ્રહ્મચર્ય રાખવું વિગેરે.

વાજીકરણ

ગ્રહસ્થાશ્રમીઓને શરીર તંદુસ્ત તથા ટકાવી રાખવા માટે, બળ, બુદ્ધિ ને વીર્યના રક્ષણ માટે, સંસાર સુખપ્રાપ્તી માટે દર વર્ષે ઠંડી રૂતુ એટલે શિયાળામાં વાજીકરણ ઔષધીઓ લેવાની વૈદ્યકશાસ્ત્ર આજ્ઞા કરે છે

પ્રયોગો—શાસ્ત્રીય પદ્ધતિના પ્રયોગોમાં (૧) **માષાદિમોદક** (૨) **જીવન** (ચ્યવનપ્રાશાવલેહ), (૩) પૂર્ણચંદ્રોદયરસ, (૪) વસંતકુસુમાકરરસ, (૫) લોહભસ્મ, (૬) અભ્રકભસ્મની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અડધિ અડધિ રતિની માત્રા ઘી, મધને સાકર સાથે લેવી. (૭) **ત્રિફળારસાયન**–હરડે, બહેડાં, આબળાંનું સરખા ભાગનું ચુર્ણ કરી દુધ, સાકર સાથે લેવું. **વાજીકરણગુટીકા–(બનાવટ)** જાયફળ, જાવંત્રી, એલચી, કેસર, પૂર્ણચંદ્રોદય, લીંડીપીંપર ને અફીણ સરખે ભાગે લઈ મગ જેવડી ગોળી વાળી દુધ સાથે સવારસાંજ બબ્બે લેવી. (૯) **રસાયણચુર્ણ–(બનાવટ)** પંજાબી શાલમ, ધોળીમુશળી, બોડાગોખરૂ, શતાવરી, આસંધ ને સાકરનું ચુર્ણ સમભાગે કરી દુધસાથે લેવાથી ધાતુ પુષ્ટી થાય છે. (૧૦) દુધ, સાકર, એલચી રાત્રે સુતી વખતે યા સવારમાં લેવું. (૧૧) ચંદ્રપ્રભા ગોળીઓ સમયાનુસાર વાપરવી. (૧૨) **શતાવર્યાદિ-ચુર્ણ–(બનાવટ)** શતાવરી, ગોખરૂ, કૌવચનાં બીજ, નાગબલા બળદાણા, એખરો તેનું ચુર્ણ ૦ા ૦ા તોલો દુધ, સાકર સાથે લેવું. (૧૩) **ચંદ્રોદયવટી**ની ગોળીઓ સવારસાંજ બેથી ચાર પાનમાં ચાવી જવી. **બનાવટ**-પૂર્ણચંદ્રોદય તો. ૦ા, જાયફળ, તો. ૦ાા, જાવંત્રી તો. ૦ાા, લીંડીપીંપર તો ૦ાા, કેસર ૦)= ને બરાસકપુર ૦)=ની મગ જેવડી ગોળી બનાવવી, પાનના રસમાંજ ખરલ કરવો તે ધ્યાનમાં રાખવું. (૧૪) **વૃદ્ધ દારૂ ચુર્ણ–(બનાવટ)** વરધારાના ચુર્ણને શતાવરીના રસની સાતભાવના-ઓથી ૦ા થી ૦ાા તોલા સુધો શક્તિ પ્રમાણે ઉપયોગ કરવો. (૧૫) **વિદારીકાદિચુર્ણ–(બનાવટ)** વિદારીકંદ, વાંસકપુર, જેઠીમધ, પીંપર સમભાગે લઈ ચુર્ણ કરવું. (૧૬) **પારાની** ગોટી બાંધી હસેકા દુધમાં બોળી તે દુધ દરરોજ પીવું.

સ્ત્રીરોગ (સ્ત્રીઓનાં દરદો.)
(Female Diseases)

સ્ત્રીઓનાં દરદોના ઉપાયો લખતાં પહેલાં ગર્ભાધાનના તથા ગર્ભાવસ્થાના કેટલાક ઉપાયોગી નિયમો આર્ય વૈદ્યકશાસ્ત્રના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધારે જણાવવામાં આવે છે. તે નિયમોનું પાલન કરવામાં આવે તો સ્ત્રીઓ રોગના સંકટમાંથી બચી જઇ શરીરસંપત્તિ સારી રીતે મેળવે છે. **સગર્ભાવસ્થામાં પાળવાના નિયમો.** (૧) ગર્ભિણીએ પહેલા ત્રણ માસ સુધી વધારે સાવચેતીથી વર્તવું, કેમકે ઘણાખરા ગર્ભસ્રાવ ત્રણ મહિને થઈ જાય છે. ત્રણ ચાર મહિના સુધી બહુ સાચવીને હરવું ફરવું, વખતે પગ લપશી પડે, ઉંચો નીચો પડીને શરીરને ધક્કો લાગે, કોઈ વજનવાળી ચીજ ઉંચકે ઇત્યાદિ કારણોથી ગર્ભસ્રાવ થઈ જાય છે. વાહનમાં બેસવું નહિ કેમકે શરીરને આંચકો લાગે તો ગર્ભસ્રાવ થઈ જાય છે. ગર્ભિણીને ચોથે કે પાંચમે મહિને વાહનમાં લઇ જવાય. (૨) કેટલીક સ્ત્રીઓને મહિને અટકાવ આવે છે, ત્યારે પીડા ઉપડી આવે છે. આવી સ્ત્રીએ ગર્ભ રહ્યા પછી પણ સાવચેત રહેવું જોઈએ, કેમકે વખતે તેને બીજાં કારણથી પણ દસ્તાનના જેવી પીડા ઉપડી આવે છે અને ગર્ભસ્રાવ થઇ જાય છે. (૩) પડોશમાં કોઇ સ્ત્રીને પ્રસવ થતો હોય તે વખતેગર્ભિણી સ્ત્રીએ અને ખાસ કરીને પહેલીવારની ગર્ભિણી સ્ત્રીએ તેની પાસે જવું નહિ, કારણકે તેનું પ્રસવ દુઃખ જોઇને તે ભય પામી જાય છે અને પ્રસવ વખતે કષ્ટાય છે. (૪) ગર્ભિણી સ્ત્રીઓનો કોઠો હમેશાં કબજીયતવાળો રહે છે, તે પ્રસવ વખતે દુઃખ પામે છે અને બાળકનું માથું બહાર આવી શકતું નથી. પ્રસવ થયા પછી ઝાડા થઈ આવે છે. દુધની સાથે એરંડીયું પીવાથી ઝાડાનો ખુલાસો થઇ જાય છે. (૫) ગર્ભિણી સ્ત્રીએ સખ્ત રેચની દવા લેવી નહિ. હદ ઉપરાંત રેચ લાગવાથી ગર્ભપાત અને કસુવાવડ થઇ જવાનો સંભવ રહે છે. (૬) ગર્ભિણીને ઝાડાના ખુલાસાની જેટલી જરૂર છે એટલીજ જરૂર પેસાબના ખુલાસાની પણ છે. પેસાબ કબજ રહેવાથી પેસાબની અંદર જે ઝેર શરીરમાંથી બહાર નીકળવું જોઇએ, તે ઝેર શરીરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે. પેસાબના અટકાવથી પ્રસવવેદના શરૂ થયા પહેલાં કે વેણ શરૂ થતાંજ ખેંચતાણ જેવું દરદ થઇ આવે છે. ગર્ભિણી સ્ત્રીને ઝાડાના તથા પેસાબના અવયવો ઉપર ગર્ભનું દબાણ થવાથી ઝાડા પેસાબનો કબજો થવાનો સંભવ રહે છે. તેને માટે લાંબડાનાં બીયાંની ફાકી તોલો ૦ાા પાણી અથવા દુધ અને પાણીમાં પીવી. (૭) ગર્ભિણીએ ખાવાપીવામાં ઘણી સંભાળ રાખવાની છે. તેણે સાદો, સહેલાઇથી પચે તેવો અને પૌષ્ટિક ખોરાક ખાવો જોઇએ. વાયડો, ભારે અને ચાવ્યા વિનાનો ખોરાક જ્યારે પચતો નથી ત્યારે કોઇવાર પેટમાં પીડ ઉપડે છે, અને અજીર્ણથી વેદના થાય છે, છતાં પ્રસવ વેદના જેવું તેને લાગે છે તેથી ઘણા ચિંતામાં પડી જાય છે અને આવા ભયમાં બખતે ગર્ભ અધુરે પણ જાય છે. (૮) ન પચે એવો ભારે ખોરાક અને મિષ્ટાન્ન વારંવાર ખાવાથી પેટમાં દરદ ઉપડી આવે છે અને તેમાંથી પ્રસવના જેવી ખરી પ્રસવ પીડા ઉપડી આવીને ગર્ભપાત થઇ જાય છે. (૯) જમતાં જમતાં વારંવાર પાણી પીવું નહિ, જમી ઉઠીને તરત ઘણું પાણી પીવું નહિ, કેમકે તેથી અગ્નિ મંદ પડે છે. જમી ઉઠીને તરત કાંઇ મહેનતનું કામ ન કરવું. તેમ ખાઇને ઉંઘવું નહિ. (૧૦) ગર્ભિણીને બહુ ભુખી પણ રાખવી નહિ સવારમાં ઉઠતાંજ ખરી ભુખ લાગે તો પચે એવો ખોરાક ખાવા આપવો. વારંવાર અપવાસ કરવા નહિ, કેમકે તેથી અંદરનું છોકરૂં ભુખે દુઃખ પામે છે અને નબળું આવે છે. (૧૧) ગર્ભિણી સ્ત્રીએ આળસુ થઈ પડયા રહેવું નહિ, શરીરને કસરત મળે એવું ઘરનું કામકાજ કરવું, બહુ શ્રમ પડે એવું મહેનતનું કામ ન કરવું; પણ સાધારણ ઘરનાં કામકાજ તો કર્યાજ કરવાં. જે શ્રીમંતના ઘરની સ્ત્રીઓ કામ કરતી નથી અને આળસુ થઈ ઘરમાં પડી રહે છે, તેમનો પ્રસવ સુખથી કદી પણ થતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. (૧૨) ગર્ભિણીએ પોતાનાં લુગડાં સાફસુફ રાખવાં, કપડાં તંગ નહિ પહેરવાં, વળી કપડાં ભીનાં પહેરવાં નહિ. (૧૩) ગર્ભિણીસ્ત્રીને ભય લાગે એવા સ્થળમાં કે અંધારે કદિ પણ એકલી મોકલવી નહિ; કેમકે એવાં સ્થળમાં ઝબકે છે, વાતો તેના શરીરને એવો ધકકો લાગે છે કે વખતે, તેજ દિવસે કે એકાદ દિવસ પછી ગર્ભસ્ત્રાવ થઇ જાય છે અને કવચિત જીવ પણ જોખમમાં આવી પડે છે. વળી ગર્ભિણી ભય પામવાથી અંદરનું છોકરૂં બુદ્ધિનું જડ થાય છે. સંક્ષેપમાં પરિશ્રમ, પુરૂષ સમાગમ, બોજો ઉચકવો, દિવસે સુવું, રાત્રે જાગવું, શોક કરવો, સ્વારી કરવી, ભય, વાંકું વળવું, ઝાડા તથા પેસાબના અટકાવનો ત્યાગ કરવો. સારો અને સાદો ખોરાક લેવો, ચોખ્ખી હવામાં રહેવું, સદાચાર અને સારા સહવાસનું સેવન કરવું આનંદમાં રહેવું, સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરવાં તથા સ્ત્રી પુરૂષોના ઇતિહાસો તથા કથા વાર્તાઓનું શ્રવણ કરવું, કારણ કે ગર્ભાવસ્થામાં સ્ત્રીઓ જે જે વસ્તુઓનું નિત્ય દર્શન કરે છે અને જે જે પુરૂષોનું ચિંતવન કરે છે, તેવા તેના સંસ્કારો બંધાય છે. માટે ઉપરના નિયમોનું પાલન કરવું સારૂં છે. **સગર્ભાવસ્થાના દરદો**–સ્ત્રીઓને ગર્ભ એટલે હમેલ રહ્યા પછી કેટલાક દરદો થાય છે; માટે સગર્ભાવસ્થાની સ્થિતી જોઇને ઉપાયો કરવા. **તાવના ઉપાય**–(૧) પિત્તપાપડો, જેઠીમધ, રતાંજલી, વાળો, ઉપલસરીનો કવાથ મધ સાકર નાંખીને આપવો. (૨) દ્રાક્ષ, ધાણા, વરીઆળી અને બનફસાનો કવાથ સાકર નાંખી આપવો. તાવમાં શોષ બહુ પડે તો પિત્તજ્વરના પ્રકરણમાં બતાવ્યા પ્રમાણેના ઉપાયો કરવા. (૩) પદ્મકાષ્ટ, કાળી દ્રાક્ષ, વાળો, સાલવણ, ચંદન, જેઠીમધ અને આંબળાંનો કવાથ આપવો. છાતીએ દાહ બહુ થતો હોય તો (૪) આંબળાંનો શરબત અગર દ્રાક્ષ અને આંબળાંનો કવાથ સાકર નાંખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવો. (૫) ગળોનું સત્વ વાલ ૨ અને પ્રવાલ ભસ્મ વાલ ૧ દુધ અને સાકરમાં આપવી. વિષમજ્વર ઉપર બકરીના દુધમાં સુંઠ ઉકાળીને આપવી. તાવ સાથે ઝાડા ઉપર મજીઠ, જેઠીમધ અને લોધરનું ચુર્ણ સાકર મેળવી લેવું. ઝાડા ઉપર (૧) ધાવડીનાં ફુલ, મોચરસ અને ઇંદ્રજવનું ચુર્ણ આપવું. (૨) ખસખસ તોલો ૧, જાયફળ તોલો ૧, સુંઠ તોલો ૦। નું ચુર્ણ બબે આનીભાર સાકર સાથે લેવું. (૩) જાયફળ અને મરડાસીંગ પાણીમાં ઘસી પીવાં. (૪) અતિવિષની કળી તોલો ૧, બીલીનો ગરભ તોલા ૨, મોચરસ તોલો ૧, સુંઠ તોલો ૦॥ નું ચુર્ણ પાવલીભાર સવાર સાંજ પાણી સાથે લેવું. મરડા ઉપર-(૧) આંબાની ગોટલી તોલા ૨, ખસખસ તોલા ૨, જાયફળ તોલો ૧, લવીંગ તોલો ૧, કેસર તોલો ૦। અને સાકર તોલા ૨ ને ખાંડી તેનું ચુર્ણ તો. ૦। લેવું. (૨) જાયફળ, જાવંત્રી, એલચી, લવીંગ કેસર અને બીલીનું ચુર્ણ લેવું. (૩) **જાતીફલાદિચુર્ણ**-બબે આનીભાર સવાર, બપોર ને સાંજરે ચોખાના ધોવરામણ સાથે લેવું. **ઉલટી**-સગર્ભા સ્ત્રીઓને હમેલને લીધે ઉલટી વધારે થાય છે. પાણી અને અન્ન બીલકુલ ટકતું નથી માટે (૧) ધાણા તોલો ૧, સુંઠ તોલો ૦॥, અતિવિષની કળી તોલો ૦। નો ક્વાથ કરી આપવો. (૨) હિંગ્વાષ્ટકચુર્ણ બબે આનીભાર આપવું. (૩) ધાણાનો રસ બે રૂપીઆભાર સાકર નાંખી પાવો. (૪) રાઈનું પ્લાસ્તર છાતીએ લગાડવું અને ત્યાર પછી દવા આપવી. (૫) બીજોરાદિવટી અગર (૬) શંખવટીની અકેકી ગોળી બે ત્રણ વખત લેવી. ખોરાકમાં દુધનો તજ, એલાયચી અને ફુદેનો નાંખી તેનો ઉકાળો આપવો અગર ડાંગરની ધાણીની રાબ આપવી પણ ભારે ખોરાક આપવો નહિ. **અરૂચી**-(૧) સુંઠ, તજ, એલચી, તમાલપત્ર, ધાણાજીરૂ અને સિંધવનું ચુર્ણ બબે આનીભાર પાણી સાથે લેવું. (૨) પંચસમચુર્ણ (૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાસ્કરલવણચુર્ણ અથવા (૪) દ્રાક્ષાદિચુર્ણ (અરોચક પ્રકરણમાં જુઓ) લેવું. ઝાડાના ખુલાસા માટે (૧) દીનદયાળચુર્ણ અથવા મળશુદ્ધિચુર્ણ લેવું. નેપાળો, નસોતર, એળીયો, રેંવચીના શીરાની કોઈપણ બનાવટ આપવી નહિ. (૨) કાળીદ્રાક્ષ તોલા ૪, હરડેદર તોલા ૪, સિંધવ તોલો ૧ ની લીંબુના રસમાં મોટા-બોર જેવડી ગોળીઓ કરી, તેમાંથી એકેકી આપવી. (૩) ઝાડો સાફ લાવવા સારૂ રાત્રે દુધ લેવું. (૪) દુધના ઉકાળામાં એરંડીયું આપવું. આ પ્રમાણે કરતાં ઝાડો સાફ ન થાય તો એરંડીયાની પીચકારી આપવી, પણ સખ્ત જુલાબ આપવો નહિ. **ઉધરસ**–(૧) ભારંગમૂળ, સુંઠ અને લીંડીપીંપરનું ચુર્ણ ગોળમાં આપવું. (૨) લવીંગાદિવટી એકેકી મોંમાં રાખવી. (૩) સિતોપલાદિચુર્ણ બબે આનીભાર મધ અને ઘીમાં ચાટવું. (૩) જેઠીમધનો શીરો મોંમાં રાખવો. (૪) બહુફળીનાં મૂળ, બળદાણાનાં મૂળ અને અરડુશીના પાનનો કવાથ પીવાથી કમળો, સોજો, શ્વાસ, કાસ તથા રક્તપિત્તના દરદો મટે છે. (૫) ખેરસાર, જેઠીમધ અને કાથાની ગોળી મોંમા રાખવી. **શોથ ઉપર**–(૧) ચંદન, જેઠીમધ, વાળો, નાગકેસર, સાટોડી, તલ, મેઢાશીંગ, મજીઠ અને આકડાના મૂળનો લેપ કરવો. (૨) શાહજીરૂ, ધોળું જીરૂ અને કડુનો કવાથ પીવો. (૩) પુનર્નવાદિ કવાથ મધ નાંખી પીવો. (૪) આસોંદનાં તાજાં મૂળ ગોમૂત્રમાં ઘસી સોજા ઉપર લેપ કરવો. (૫) ધોળી સાટોડીનાં મૂળ પાણીમાં ઘસી ઉનું કરી તે ઉંનો લેપ કરવો. (૬) દશાંગલેપ કરવો. **શૂળ ઉપર**–(૧) અજમોદ, સુંઠ, લીંડીપીંપર અને જીરાનું સમભાગે ચુર્ણ કરી આપવું. (૨) ગોખરૂ, જેઠીમધ અને દ્રાક્ષ દુધમાં નાંખી તે સાથે સાકર મેળવીને લેવું (૪) પદ્મકાષ્ટ, જેઠીમધ, ગોખરૂ અને નીલકમળનો કવાથ કરી સાકર નાંખી પીવો. **શ્વેતપ્રદર**–(૧) ધાવડીનાં ફુલ, રસાંજન, સોનાગેરૂ અને રાળનું સમભાગે ચુર્ણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી તેમાંથી બબ્બે આનીભાર ચુર્ણ ચોખાના ધોવરામણ સાથે સવાર, બપોર ને સાંજરે લેવું. (૨) વરધારો સમુદ્રશોષ અને લોધરનું ચુર્ણ કરી તેમાંથી બબ્બેઆની ભાર સવાર સાંજ ગાયના દુધ સાથે લેવું. (૩) વાળો, અતિવિષ, નાગરમોથ, મોચરસ અને ઇંદ્રજવનો કવાથ આપવો. **ગર્ભિણી સ્ત્રીઓનો રક્તશ્રાવ**—હમેલ રહ્યા પછી ઋતુ બંધ થાય છે, તોપણ કોઈ વાર દેખાય છે માટે (૧) વાળો, રતાંજલી, કમલ, વડ, ઉંબરો, પીંપળો, પીંપર, જાંબુનીઅંતરછાલ એ સર્વેને ખાંડી પલાળી તેનો રસ કહાડી તેમાં ઘી નાંખી ઉકાળી, તેમાં ફટકડી બે આનીભાર નાંખી તે ઘીમાં રૂનું પુમડું બોળી યોનીમાં રાખવું અને ડુંટીએ તે ઘીનો લેપ કરવો, (૨) જીરાનો પાક કરીને સવારમાં લેવો. (૩) શાહજીરૂ રાત્રે તોલો ૧ પલાળી સવારમાં અરધા રૂપીઆભાર સાકર નાંખી તેનો લુઆબ ચાટવો. (૪) પ્રવાલ ભસ્મ એક વાલ સવારસાંજ આંબળાના મુરબ્બામાં લેવી. (૫) વાંસકપુર તોલો ૧, એલચી તોલો ૦॥, જેઠીમધ તોલો ૦॥નું ચુર્ણ કરી તેમાંથી બે આનીભાર, એક વાલ ચાંદીનાવરખ, માંખણ અને સાકર મેળવી ચાટવી.

ગર્ભસ્રાવ અને પાત (Abortion)ના કારણો અને લક્ષણો—શોક, ભય, અભિઘાત, વિષમાશન, નીચે ઉપર અને ઉપરથી નીચે ઉતરવું; ક્રોધ કરવો, તીક્ષ્ણ અને ઉષ્ણ પદાર્થોનું સેવન, ભાર ઉંચકવો, શ્રમ કરવો, જુલાબ વગેરે કારણોથી સ્રાવ અને પાત થાય છે. ગર્ભશ્રાવ થવા લાગે ત્યારે દાહ, પડખામાં શૂળ, પ્રદર, આફરો, પેસાબનો અટકાવ વગેરે ઉપદ્રવો થાય છે.

ઉપાય—(૧) કળથીનો કવાથ પીવો. (૨) રીંગણી, ભોંયરીંગણી, સાલવણ, પીઠવણ અને ગોખરૂનો કવાથ પીવો. **પહેલા મહીનામાં** ગર્ભશ્રાવ થતો હોય તો—દ્રાક્ષ, શતાવરી. જેઠીમધ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને રતાંજલીનો કવાથ. **બીજા મહીનામાં થતો હોય તો—** નાગકેસર, કમળ, તગર, કપુર અને બીલાંનું ચુર્ણ તો. ૦। બકરીના દુધ સાથે પીવું. **ત્રીજા મહીનામાં** નાગકેસર, પદ્મકાષ્ટ, ચંદન, વાળો, કમળ અને સાકરનું ચુર્ણ તો ૦। દુધ સાથે લેવું. **ચોથા મહીનામાં** રાસ્ના, ધમાસો, ઉપલસરી, કમળનું ઠીડું અને જેઠીમધનું ચુર્ણ તો. ૦। બકરીના દુધ સાથે પીવું. **ચોથા મહીનામાં** ઘણી વખતે તાવ, ઉધરસ, શ્વાસ. શૂળ અને દાહ થાય છે, માટે સિતોપલાદિ અને સુદર્શનચુર્ણ લેવું. **પાંચમા મહીનામાં** (૧) દાડમના પાંદડાનો રસ મધ નાંખી પીવો અથવા રતાંજળી પાણીમાં ઘસી સાકર નાંખી તેનું ચંદન પીવું (૨) નાગકેસર, પદ્મકાષ્ટ, કમળ અને જેઠીમધનું ચુર્ણ તો. ૦। પીવું. **છઠ્ઠા મહીનામાં**—(૧) પીઠવણ, બલદાણા, ગોખરૂ, સરગવો અને શીવણનું ચુર્ણ તો. ૦। બકરીના દુધ સાથે પીવું. (૨) સોનાગેરૂ, અડાયા છાણાની રાખ, પીંપર અને મુલતાની માટી સમભાગે લઈ દુધમાં નાંખી પીવું. **સાતમા મહીનામાં** (૧) શીંગોડાં, કમળતંતુ, દ્રાક્ષ અને જેઠીમધનાચુર્ણની લાપશિ દુધમાં કરીને આપવી. (૨) વીરણવાળો, ગોખરૂ, નાગરમોથ, પદ્મકાષ્ટ અને મજીઠનું ચુર્ણ મધના પાણી અગર દુધ સાથે લેવું. **આઠમા મહીનામાં**—(૧) કોઠીનાં મૂળ, બીલાં, ઉભીરીંગણી, પટોળ અને શેરડીના મૂળનો કવાથ પીવો અને ઉપર બકરીનું દુધ પીવું. ***નવમા મહીનામાં**—(૧) જેઠીમધ ધમાસો, શતાવરી અને ઉપલસરીનો કવાથ દુધ સાથે પીવો. આ પ્રમાણે નવમા મહીનામાં પ્રસૂતિનો સમય ગણાય છે છતાં નવ મહીના પછી પ્રસૂતિ ન થાય તો ગર્ભ અને ગર્ભિણીનું રક્ષણ કરવા માટે ઉપાયો બતાવવામાં આવ્યા છે. **દશમા મહીનામાં**—(૧) શતાવરી અને સુંઠનો ક્વાથ દુધ

---

* નવથી બાર માસ સુધી પ્રસૂતિ થવાના ઉત્તમ મહિના ગણેલા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે પીવો. **અગિયારમા મહીનામાં**—(૧) રાયણની છાલ, કમળ, આંબળાં, લજ્જાળુના મૂળને દુધમાં વાટી પીવાં. **બારમા મહીનામાં**—આસોંદ, શતાવરી, કમળતંતુ અને ભોંયકોળુને દુધમાં વાટી તે પાવું. **ગર્ભપાત ઉપર**—(૧) દુધ ઉકાળીને સાકર નાંખી આપવું. (૨) ધાવડીનાં ફુલ, લજ્જાળુ, જેઠીમધ અને લોધરનો ક્વાથ પીવો. (૩) કસ્તુરી એક રતી, જાવંત્રી ત્રણ રતી, જાયફળ બે રતી અને પીંપળાનાં બી નંગ છ લઇ તેની નાગરવેલના પાનના રસમાં ચણોઠી પ્રમાણે ગોળી કરી, તેમાંથી અકેકી ગોળી સવારસાંજ લેવી. આ ગોળીનો પ્રયોગ સાત મહીના સુધી રાખવો. (૪) ગોખરૂ, જેઠીમધ અને દ્રાક્ષ ને દુધમાં ઉકાળી તે દુધ પીવું. **ધાતુસ્રાવ ઉપર**—(૧) કાળીમુસળી, વાંસકપુર, એલચી, મુગલાઇબેદાણા અને સાકર સમભાગે લઇ ચુર્ણ કરવું તેમાંથી બબે આનીભાર દુધ સાથે લેવું. આ રોગમાં પાણી જેવો પ્રવાહી ભાગ જાય છે તેને માટે પ્રથમ પ્રદરમાં બતાવેલા ઉપાયો કરવા. ઉપર પ્રમાણે ગર્ભિણી સ્ત્રીઓનાં સાધારણ દરદોના ઉપચારો બતાવેલા છે છતાં વિશેષ ઉપચારો માટે વિદ્વાન વૈદ્યની સલાહ લેવી.

સુવારોગ.

સુવાવડ તથા કસુવાવડમાંથી રહી ગયેલા દોષથી જે દરદ થાય છે તેને સુવારોગ કહે છે.

લક્ષણો—તાવ, ખાંસી, ઝાડો, મરડો, ઉલટી, યોનીશૂળ, અરૂચી વગેરે લક્ષણો છે. કેટલીક સ્ત્રીઓને અપચો, સોજો, પેટ ચડવું, ઝાડો, શૂળ, માથામાં દરદ, ઝાડાની કબજીયત વગેરે વાયુ પ્રાધાન્ય ચિન્હો થાય છે. કેટલીક સ્ત્રીઓને શરીરમાં તથા હાથ પગમાં દાહ, પેસાબમાં દાહ તથા ઉનવા, મોં આવી જવું, અવાળાં ફુલી જવાં, શરીરમાં ફીકાશ, પેટમાં દાહ; અતિ પરસેવો વગેરે પિત્તપ્રાધાન્ય લક્ષણો માલુમ પડે છે. બાળક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મ્યા પછી યોનિને રગડી, વાયુ અંદર પ્રવેશ કરે નહિ એવી રીતે તેનું સંરક્ષણ કરવું; નહિ તો યોનીગત સુવાવડી સ્ત્રીઓનો વાયુ કોપ પામવાથી, શરીરમાંથી બહાર નીકળતું રૂધિર રોકાય છે અને તેથી માથામાં, બસ્તિમાં અને કોઠામાં શૂળ આવે છે તેને **મક્કલશુળ** નામનો રોગ કહે છે. **ઉપાય—(૧) પીપલ્યાદી ક્વાથ—(બનાવટ)** સુંઠ, મરી, પીપર, તજ, તમાલપત્ર, જુનો ગોળ અને એલચીનું ચુર્ણ આપવું. (૨) જવખાર ઉંના પાણી સાથે આપવો. (૩) **પીપલ્યાદીગણ—(બનાવટ)** પીંપર, પીંપરીમૂળ, મરી, ગજપીંપર, સુંઠ, ચિત્રો, ચવક, પીત્તપાપડો, એલચી, અજમોદ, સરસવ, હીંગ, ભારંગમૂળ, પહાડમૂળ, ઈંદ્રિજવ, જીરૂ, બદામ, લીંબડાની છાલ, મોરવેલ, અતિવિષની કળી, કડુ અને વાવડીંગનો ક્વાથ મીઠું નાંખીને આપવો. આ ક્વાથ કફ, વાયુ, તાવ, શૂળ અને ગોળાનો નાશ કરે છે, દીપન પાચન કરીને આમને પકાવે છે. (૪) સુંઠ, મરી, પીંપર, તજ, તમાલપત્ર, એલાયચી, નાગકેસર અને ધાણાનું ચુર્ણ જુના ગોળ સાથે આપવાથી ઉપરનો વ્યાધિ દૂર થાય છે. (૫) હીંગ ઘીમાં લેવાથી મક્કલશૂળ મટે છે. ***સૂતિકાજ્વરના ઉપાય—(૧) દેવદાર્વ્યાદિ ક્વાથ**—સવારસાંજ મધ નાંખીને પીવો. **(બનાવટ)** દેવદાર, વજ, કઠ, પીંપર, સુંઠ, કાયફળ, મોથ, કરીઆતુ, કડુ, ધાણા, હીંમજ, ગજપીંપર, બેઠીભોંયરીંગણી, ગોખરૂ, ધમાસો, અતિવિષ, ગળો, કાકડાસીંગી અને શાહજીરૂ. (૨) ધાણા, મોથ, કાળો વાળો, ધોળો વાળો, મોથો, અરડુસો, ગળો, અતિવિષની કળી, બળબીજ, પિત્તપાપડો અને ધમાસાનો ક્વાથ પીવો. (૩) દશમુળનો ક્વાથ આપવો (૪) ગળો, સુંઠ, પંચમૂળ અને નાગરમોથનો ક્વાથ મધ નાંખી આપવો.

* જ્વર પ્રકરણનાં બતાવેલા ઉપાયો ઉપરાંત વિશેષઉપચાર અત્રે બતાવવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છતાં તાવ ન ઉતરે તો પછી (૫) જુનાલીંબડાની અંતરછાલને ઉકાળી ત્રણ દિવસ બાફ આપવો એટલે શરીરમાંથી પરસેવા રૂપે સર્વ રોગ નીકળી જશે. (૬) દશમૂળનો અર્ક કહાડી બબ્બે તોલા આપવો. (૭) **પંચજીરાપાક**-(**બનાવટ**) જીરૂ, શાહજીરૂ, વરીઆળી, સુવા, અજમો, અજમોદ, ધાણા, મોથ, સુંઠ, પીંપર, પીંપરીમૂળ, ચિત્રો, શેરડી, ઉપલેટ, કહોળાનું ચુર્ણ અને અરડુશી દરેક ચાર તોલા, ગોળ ૪૦૦ તોલા, મધ ૧૨૮ તોલા, ઘી ૧૬ તોલાનો પાક સિદ્ધ કરવો. તે સુવારોગનો તાવ ઉધરસ, દમ, ક્ષયરોગ, વાતરોગ વગેરેને મટાડે છે. સુવાવડી સ્ત્રીઓને (૮) **સૌભાગ્યસુંઠીપાક**—આપવાનો રીવાજ ઘણા વખતથી ચાલ્યો આવે છે. આ પાક સુવાવડી સ્ત્રીઓને આપવાથી બળ, વર્ણ અને પુષ્ટી આપનાર છે તથા સૂતિકારોગ, મક્કલ-શૂળ આમવાત, મંદાગ્નિ, જ્વર અને શ્વાસને મટાડે છે. (**બનાવટ**) સુંઠ તોલા ૩૨ ના ચુર્ણને ગાયના ઘીમાં ધાઓ દઈ આઠ શેર ગાયના દુધમાં નાંખી માવો કહાડવો પછી તે માવામાં ઘી નાંખી દાણો પાડવો; પછી સાકર શેર ૮ ની ચાસણી કરી તેમાં ઉપર પ્રમાણે તૈયાર કરેલો સુંઠનો માવો તથા ધાણા તો. ૦1, વરીઆળી તોલો ૧1, વાવડીંગ, સુંઠ, નાગકેસર, મરી, પીંપર, મોથ એ દરેક તોલા ૪ એ સર્વેનું ચુર્ણ તથા પ્રકૃતિને માફક આવે તે પ્રમાણે બદામ, પસ્તાં અને ચારોળી નાંખીને પાક તૈયાર કરવો. (૯) ચિંતામણીરસ એકેક રતિ તુલસીના પાનના રસમાં આપવી અને છાતીએ પોસના ડોડાનો અથવા અરડુશીના પાનનો શેક કરવો. ઉધરસનું જોર બહુ હોય તો (૧૦) લવંગાદિવટીની ગોળી એકેકી સવાર, બપોરને સાંજરે મોંમાં રાખવી અને રસ ઉતારવો. ત્રિભૂવનકીર્તિરસ, મહામૃત્યું-જયરસ, શ્વાસકુઠારસ, પ્રતાપલંકેશ્વરરસ વગેરેનો ઉપયોગ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રક્તપ્રદર-અસૃગ્દર.

(Menarrhoegia)

કારણ—વિરૂદ્ધ આહાર, અજીર્ણ, ગર્ભપાત, અતિમૈથુન, મદ્યપાન, ઘણું ચાલવું, અતિ શોક, ઘણા ઉપવાસ કરવા, ભાર ખેંચવાથી, દિવસે સુઈ રહેવાથી વગેરે કારણોથી રક્તપ્રદર થાય છે.

લક્ષણ—નબળાઈ, ભ્રમ, પીકાશ, મૂર્છા, તૃષા, તંદ્રા અને યોનિમાર્ગેથી લોહીનું વહેવું એ રક્તપ્રદરનાં લક્ષણો છે.

ઉપાય—(૧) આસોપાલવ, અરડુશી, લીંબડો, બાવળ અને બોરડીની છાલનો ઉકાળો કરી તેની પીચકારી આપવી. (૨) આસોપાલવની છાલ, ફટકડી, જીરૂ અને સાકરનું ચુર્ણ પાવલીભાર સવાર, બપોરને સાંજરે ચોખાના ધોવરામણ સાથે લેવું. (૩) તાંદળજાનું મૂળ અને રસાંજનનું ચુર્ણ પાવલીભાર ઉપર પ્રમાણે લેવું. (૪) લાખ, અરડુશીનાં સુકાં પાન, શંખજીરૂ અને શાહજીરૂનું ચુર્ણ પાવલીભાર ટાઢા પાણી સાથે સવાર, બપોરને સાંજરે લેવું. આ રોગમાં સવાર સાંજ ઉપર પ્રમાણે પંચવલ્કલના ઉકાળાની પીચકારી આપવી અને તે સાથે ગોક્ષુરાદિગુગળની એકેકી ગોળી ચોખાના ધોવરામણ સાથે આપવી. (૫) **બોળપર્પટીરસ**—બબ્બે વાલ સાકર અગર મધ સાથે સવારસાંજ લેવી. (**બનાવટ**) શુદ્ધ પારો અને શુદ્ધ ગંધક સમભાગે લઈ તેની પર્પટી કરી તેટલાજ વજને હીરાબોળ લઈ મેળવવું. (૬) અરડુશીના પાનનો અથવા ગળોનો રસ મધમાં આપવો. (૭) ગળજીભીનો રસ તો. ૨ અને ગોદન્તિહરતાલ બેવાલ અરધા રૂપીઆભાર સાકર સાથે મેળવી લેવું. (૮) નાગકેસરનું ચુર્ણ બે આનીભાર ઘી સાકરમાં લેવું. (૯) ઉંદરની લીંડીઓનું ચુર્ણ બબ્બે વાલ ચોખાના ધોવરામણ સાથે લેવું. (૧૦) કોઠના પાનનો રસ તોલો ૧ સવાર સાંજ સાકર નાંખી લેવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રોગમાં રક્તશ્રાવ થઈ જવાથી હીસ્ટીરીઆ વગેરે ઉપદ્રવો થઈ જાય છે માટે તે ઉપર ધ્યાન આપીને તે તે રોગમાં બતાવેલા ઉપચારો કરવા. (૧૧) દારૂહળદર, રસાંજન, અરડુશી, નાગરમોથ, કરીઆતુ, સુકાં બીલાં અને ભીલામાનો કવાથ મધ નાંખી પીવો. (૧૨) ધાવડીનાં ફુલ અને હીરાબોળનું ચુર્ણ તો. ૦। સવાર સાંજ ચોખાના ધોવરામણ સાથે લેવું. (૧૩) અશોકાસવ બબે રૂપીઆભાર લેવો.

શ્વેતપ્રદર.

(Loucorrhoea.)

યોનીના સંબંધવાળા જુદા જુદા ભાગોમાં અને કમળાના મોંમાંથી પાણી જેવો શ્રાવ નિરંતર આવ્યા કરે છે, તેને ધાતુશ્રાવ, શ્વેતપ્રદર, ધુપણી અથવા શરીરનું ધોવાવું કહેવામાં આવે છે.

કારણ–અતિ મૈથુન કરવાથી, ટુંકા ટુંકા સમમે વારંવાર ગર્ભ રહેવાથી, દસ્તાન બંધ કરે એવી વસ્તુઓ વાપરવાથી, ઘણું દસ્તાન જવાથી, દારૂ વગેરે ગરમ ચીજો વાપરવાથી થાય છે.

લક્ષણ-ધોળી, પીળી કે મળગુગળી રસી વહેવી, પાણી જેવી અથવા ઘાટી અને ચીકણી રસી વહેવી, એ આ રોગનું મુખ્ય લક્ષણ છે. માથામાં પીડા, મંદાગ્નિ, પેટમાં વાયુ, કમ્મરમાં દુખાવો, થાક, શ્વાસ, જીભ ઉપર મેલ, ફીકાસ, ઝાડાનો કબજો, છાતીમાં ફડક, ફેર, મૂર્છા, માથામાં તથા જમણા પડખામાં દરદ અને વખતે હીસ્ટીરીઆ જેવાં ચિન્હો થઇ આવે છે.

ઉપાય–(૧) પંચવલ્કલના કવાથની પીચકારી આપવી. સ્ત્રીઓ માટે ખાસ કાચની જુદી પીચકારીઓ મળે છે તે વાપરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ફુલાવેલી ફટકડી વાલ ૨ શેર ૧ પાણીમાં નાંખી તેની પીચકારી લેવી. (૩) મુલતાની માટીની ગોળીઓ કરીને પહેરવી. (૪) ધાતુસ્ત્રાવના કારણો પ્રથમ દુર કરવાં. આહાર તથા વિહારમાં નિયમિત રહેવું. (૫) રક્તપ્રદરમાં બતાવેલી ઘણી ખરી દવાઓ શ્વેતપ્રદરમાં લાગુ પડે છે. વિશેષમાં (૬) આસોંદનું ચુર્ણ બબેઆનીભાર ગાયના દુધમાં સાકર નાખી લેવું. (૭) કાળી મુસળી, કૌવચનાં બી, ગોખરૂ અને સાકરનું ચુર્ણ તો. ૦। સવારસાંજ ગાયના દુધ સાથે લેવું. (૮) ધોળી જાસુદીનાં મૂળ, કમળકંદ, ધોળા શેમળાનો કંદ અથવા છાલનું ચુર્ણ તો. ૦। ગાયના દુધ સાથે લેવું. (૯) ચંદ્રપ્રભા એકેકી ગોળી સવાર સાંજ દુધ સાથે લેવી. આ રોગમાં (૧૦) માલિનીવસંત એકેક વાલ મધ પીંપર સાથે લેવાથી શ્વેતપદર નિર્મૂળ થાય છે. પથ્યમાં ફક્ત ભાત દુધ રાખવું. (૧૧) સુવર્ણવસંતમાલીની એકેક વાલ મધપીંપરમાં લેવી. (૧૨) સાલમ, રૂમીમસ્તકી, શતાવરી અને સાકરનું ચુર્ણ તો. ૦। ગાયના દુધ સાથે લેવું.

રક્તગુલ્મ.

Blood Tumours of the Females.

કારણ—તુરતમાં પ્રસવ થયો હોય તેવા બાળકની માતા જો વિરૂદ્ધ આહાર વિહાર કરે તો, કસુવાવડ થયાપછી અયોગ્ય આહાર વિહાર કરે તો તેના રક્તને વાયુ પકડી ગર્ભાશયમાં દુખ આપનાર અને દાહ કે બળતરા યુક્ત ગોળો ઉત્પન્ન કરે છે તેને રક્ત ગુલ્મ કહેવાય છે. **ચરકના** મત પ્રમાણે રૂતુ વખતે ઉપવાસ કરવાથી, ભયથી, રૂક્ષ પદાર્થોથી, મળમૂત્રના વેગો રોકવાથી, સ્તંભનથી, યોની છોલાયાથી અને બીજા યોનિના દોષોથી સ્ત્રીઓને રૂધિરથી થનારો રક્તગુલ્મ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષણ—પિત્તગુલ્મ જેવાં લક્ષણો માલુમ પડે છે. દાહ, તૃષા, ગ્લાની, તાવ, પાચન થતાં શૂળ થાય, પરસેવોને ગુમડાની માફક દુખાવો પણ થાય છે. આ ગુલ્મની ગાંઠ કેટલીક વખત ગોળો ને ગોળો જ હાલે છે, (ગર્ભના અવયવો જુદા જુદા હાલે અને ગાંઠ આખી હાલે છે, એ રીતે ગર્ભ ને ગાંઠમાં ફેર બતાવ્યો છે.) શૂળો ફુટે છે, ગર્ભરહ્યા જેવાં લક્ષણો થાય છે. (અટકાવ બંધ થઇ જાય છે; મુખમાંથી પાણી છુટે છે તેમ સ્તનની હિંટડીઓ કાળી પડે છે અને જેમ બે જીવવાળી સ્ત્રી ઉદાસ વૃત્તિની બની કશાની આતુરતાથી વાટ જુએ છે તેમ આમાં પણ થાય છે આવાં વિચિત્ર લક્ષણો વ્યાધિના સ્વભાવથી થાય છે) આ રક્તગુલ્મ સ્ત્રીઓને થાય છે. રક્તગુલ્મ થયા પછી દસ મહીને તેની ચિકિત્સા કરવી.

ઉપાય—(૧) પ્રથમ સ્નેહ અને પછી સ્વેદન કરી સ્નેહનું વિરેચન આપવું (૨) શતાવરી, દેવદાર, ભારંગી, કરંજનીછાલ, તલ અને પીંપર નો ઉકાળો આપવો (૩) વાંસની ગાંઠો, જુનો ગોળ અને સવા તેનો કવાથ સાત દિવસ પીવો. (૪) **રૂતુરોધાવટીની** ગોળીઓ સવાર બપોર સાંજ પાણી સાથે લેવી. **બનાવટ**—એળીઓ તો. ૧, હિરાબોળ તો-૧, હિંગ તો ०।, કેસર તો. ०।. મરી તો-૧, પીંપર તો-૧, વાવડીંગ તો-૧, તેની ચણીબોર જેવડી ગોળી વાળવી. (૫) ખાખરાના ક્ષારથી સિદ્ધ કરેલું દુધ પીવું. (૬) અરીઠાના પાણીમાં ઇંદ્રવરણાનાં મૂળ ઘસીને પીવાં. (૭) આંબળાના રસમાં મરીનું ચુર્ણ લેવું. **પથ્યાપથ્ય**—જુના ચોખા, દુધ, કળથી, દાઢમ, આંબળાં. લીંબુ, લસણ, મુળો, છાશ, હિંગ અને ઉષ્ણ ભોજન પથ્ય છે. અડદ જવ, મીઠાંફળ, રીંગણ, કોળું, કઠોર, ભારે અન્ન, મદ્ય, માંસ અને તેલ વાળા પદાર્થો અપથ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નષ્ટાર્તવ, પીડિતાર્તવ અને અત્યાર્તવ.

નષ્ટાર્તવ-કારણ-અવયવની સ્વાભાવિક ખામી, યોની-માર્ગનો સંકોચ અથવા પ્રતિબંધ, કમળનું મોં બંધ થવું, વગેરે કારણોથી દસ્તાન થતું નથી અથવા પેદા થાય છે તો પ્રતિબંધને લીધે બહાર દેખાતું નથી. આળસ, ઘણી ઉંઘ, એશઆરામ, ખરાબ હવા, ભેજવાળું ઘર એ પણ આર્તવ રોગના કારણ છે. **લક્ષણ**-દરમાસે ઋતુ વખતે દસ્તાન બહાર આવવાનો યત્ન કરે પણ બહાર આવી શકતું નથી, તેથી પેડુ, કમ્મર તથા સાથળોમાં દરદ, શરીરમાં ધ્રુજ, ગળામાં ગાંઠો, પ્રદર, નાક અને મોંમાંથી લોહીનો સ્રાવ, હીસ્ટીરીઆ, છાતીમાં ગભરામણ, ઝાડાની કબજીયત, મંદાગ્નિ વગેરે તેનાં લક્ષણો છે. ઉપાય-(૧) કોઈ અવયવની ખામી હોય તો તેની તપાસ કરાવી ઉપાય કરવો. દસ્તનો કબજો હોય તો (૨) દીનદયાળચુર્ણ તો. ૦| સવારસાંજ લેવું અથવા (૩) **મળપ્રભંજનગુટિકાની** એકેકી ગોળી લેવી. **(બનાવટ)** સોનામુખી તોલા ૫, હીંમજ તોલા ૫, સંચળ તોલા ૩ એ સર્વેનું ચુર્ણ કરી પાણીમાં મોટા બોર જેવડી ગોળીઓ કરવી. (૪) ગરમ પાણીની પીચકારી લેવી અગર ગરમ પાણીમાં બેસવું અથવા પેડુ ઉપર ગરમ પાણીનો શેક કરવો. (૫) એળીઓ, સુરોખાર અને હીરાબોળના ચુર્ણને પાણીમાં વાટી નાના બોર જેવડી ગોળીઓ કરી એકેકી ગોળી નીચે બતાવેલા કવાથ સાથે સવાર સાંજ લેવી. (૬) વાંસની ગાંઠો, સુવા, જુનો ગોળ દરેક તોલો ૧નો કવાથ કરી લેવો. (૭) એળીઓ અને હીરાબોળના ચુર્ણની ગુલકંદમાં બબે વાલની ગોળી કરીને સવાર સાંજ એકેકી લેવી. કેટલીક વખતે દસ્તાનના બંધ ને લીધે રક્તગુલ્મની ગાંઠ થાય છે માટે (૮) ઉપરની ગોળીઓનું સેવન કરવાની સાથે કુમાર્યાસવ બબે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપીઆભાર સવાર સાંજ લેવો. આ પ્રમાણે કરતાં પણ દસ્તાન બરાબર ન આવે તો પછી (૯) કેસર, એળીઓ અને હીરાબોળને વાટી તેની ચણા જેવડી ગોળીઓ કરી, તેમાંથી અકેકી ગોળી લેવી. **પીડિતાર્તવ**–દરદ સાથે દસ્તાન જવું. **કારણ**–શારીરિક તથા માનસિક નાજુકાઈ, ગર્ભસ્થાનનો વરમ અને ઋતુસ્ત્રાવને પ્રતિબંધ થવાનું ખાસ કારણ, એ આ દરદના કારણો છે. **લક્ષણ**—દસ્તાન શરૂ થયા પહેલાં એકાદ દિવસ અગાઉથી દરદ શરૂ થાય છે. કમરમાં શૂળ માથામાં દરદ, પેડુમાં ગાંઠ જેવો દેખાવ, હીસ્ટીરિઆ, ઓડકાર તથા ઝાડાની કબજીઅત. **ઉપાય**—(૧) કેસર, એળીઓ અને હીરાબોળ સમભાગે લઈ તેની સોગઠી પહેરવી. (૨) અફીણ એક રતી અને કપુર બે રતીની છ ગોળીઓ કરી અકેક ગોળી ત્રણ ત્રણ કલાકે લેવી. (૩) ગરમ પાણીમાં બેસવું અથવા ગરમ પાણીનો શેક પેડુ ઉપર કરવો. (૪) પુનર્નવાદિ મંડુર બે વાલ કુમાર્યાસવ તો. ૨ સાથે લેવો. (૫) કુષ્માંડાવલેહ આ રોગ ઉપર સારૂં કામ કરે છે. (૬) લોહભસ્મ, માક્ષિકભસ્મ જે દવામાં આવે તેવી દવા આપવી. (૭) મહાયોગરાજગુગળની અકેકી ગોળી સવાર સાંજ લેવી. **અત્યાર્તવ**–દસ્તાન દર માસે આવવાને બદલે થોડી થોડી મુદતે આવે, જોઈએ તે કરતાં વધારે પ્રવાહથી આવે અને દર મહિને ત્રણ ચાર દિવસે દેખાવું જોઈએ તેને બદલે વધારે દિવસ સુધી દેખાયા કરે તે અત્યાર્તવ કહેવાય. **કારણ**—શરીરના બીજા વ્યાધિ જેવાં કે રક્તાશય, યકૃત, પ્લીહા તથા ફેફસાનાં વ્યાધિ તથા પાંડુ વગેરે દરદોમાં આ દરદ થાય છે. **લક્ષણ**—શરીર ફીકું પડે, ખાલી ચડે, શ્વાસ, ઉલટી, મંદાગ્નિ, ઝાડાનો કબજો. **ઉપાય**–(૧) રક્તપ્રદરના શરૂઆતના તમામ ઉપચારો કરવા. (૨) પ્રવાલભસ્મ બબે વાલ આંબળાના મુરબ્બા સાથે સવાર સાંજ લેવી. (૩) મોતીનીભસ્મ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રમાણે લેવી. (૪) ઉથસીજીરૂ, જીરૂ, ટંકણ, કહોણું, હીરાબોળ, ગુગળ અને શિલાજીત જેમાં આવે તેવી દવાઓ આ રોગ ઉપર સારૂં કામ કરે છે (૫) ચંદ્રપ્રભાની અકેકી ગોળી સવાર સાંજ લેવી. સ્ત્રીઓનાં બીજાં દરદો જેવાં કે સંગ્રહણી, ક્ષય, ચાંદી વગેરેને માટે તે તે પ્રકરણમાં બતાવેલી દવાઓ યોગ્ય વિચાર કરીને કરવી **પથ્યાપથ્ય** રક્તપિત્ત ઉપર જે પથ્ય બતાવેલું છે તે પથ્ય પ્રદરરોગ ઉપર પણ રાખવું વાતવ્યાધિ ઉપર જે પથ્ય બતાવેલું છે તે ઉપરાંત સાઠીચોખા, મગ, જવ, ઘઉં, ઘી, દુધ, મધ, સાકર, ફણુસ, કેળાં, આંબળાં, દ્રાક્ષ, મીઠા અને ઠંડા પદાર્થો **અપથ્ય**–ઉલટી, શોક, વિષમાશન, મૈથુન, ક્ષાર પદાર્થો, પરિશ્રમ, ભાર ઉંચકવો, તીખા, ખાટા, કડવા અને તુરા પદાર્થો ગર્ભિણીએ તજવા; કારણકે વાયુ કરનાર પદાર્થો ખાવાથી ગર્ભ જડ અને ખુંધો થાય છે. પિત્તકારક પદાર્થો ખાવાથી ગર્ભનું માથું વાળ રહિત થાય છે અને તે પીળા વર્ણનો થાય છે; તથા કફ પદાર્થોનું ભક્ષણ કરવાથી ગર્ભ શ્વેત, કુષ્ટી અને પાંડુ રોગી થાય છે. **વિશેષ ઉપચાર રક્તપ્રદર**– આસોપાલવ, એલચી, ઉથમુંજીરૂ, જીરૂ, નાગકેસર, આંબો. **શ્વેતપ્રદર**–આસોંદ, કાળી મુસળી, જાસુંદીનાં ફુલ, વરધારો. **ઋતુપ્રાપ્તિ**--એળીઓ, હીરાબોળ, કેસર, ગાજર, તલ, અંઘેડો, ઈંદ્રવરણા. **સુવારોગ**–અતિવિષ, દેવદાર, અરડુસો, પડકચુરો, ગળો, સમેરવો, કાંટાશેળીઓ. **સુવાવડી રક્તસ્રાવ માટે**– રસાંજન, તાંદળજો, શંખજીરૂ.

સોમરોગ—મૂત્રાતીસાર

સ્ત્રીઓને પુરૂષોની પેઠે પેસાબ વાટે પુષ્કળ પાણી જેવો પ્રવાહ ચાલે છે, તેને આર્ય વૈદ્યકશાસ્ત્રમાં સોમરોગ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ—અતિ મૈથુન, શોક, ભય, અતિસાર કિંવા વિષદોષે કરી શરીરમાંનું પાણી ક્ષોભ પામી, મૂત્રમાર્ગે આવી પ્હોચી મૂત્રદ્વારે સ્રવે છે.

લક્ષણ—યોનીદ્વારે પાણી જેવો પ્રવાહી ભાગ વહ્યા કરે છે, માથુ દુઃખે છે, તાળવું સુકાય છે. મૂર્છા, બકવાટ તથા શરીરની ચમડી રૂક્ષ થાય છે, ભોજન કરવા છતાં પણ તૃપ્તિ થતી નથી.

ઉપાય-(૧) પાકેલાં કેળાં સાકર નાંખી લેવાં અગર આંબળાંનો શરબત પીવો. (૩) કાળીમુસળી, ખારેક, જેઠીમધ અને ભોંયકહોળાનું ચુર્ણ મધ અને સાકરમાં લેવું. (૪) અડદનો લોટ, જેઠીમધ અને વીદારીકંદનું ચુર્ણ મધ સાકર નાંખી લેવું. (૫) તલ અને ચારોળી સવારમાં ચાવી જવાં (૬ કુંબાડીઆના મૂળને ચોખાના ઓવરામણમાં ઘસી પીવાં. (૭) નાગકેસરનું ચુર્ણ તો. ૦| છાશ સાથે લેવું અને તે ઉપર છાશ અને ભાત ખાવાં. (૮) શુદ્ધ પારો તોલો ૧ અને શુદ્ધ ગંધક તોલો ૧ ની કજ્જલી કરી તેને લોઢાની કડાઈમાં ઉનું કરી તેમાં મરીનું ચુર્ણ તોલો ૧ મેળવીને તેમાંથી એકેક વાલ ભુરા કહોળાના પાનના રસમાં અથવા કેળના કંદના રસમાં પીવું. પ્રમેહમાં જે પથ્ય બતાવ્યું છે તે પથ્ય આ રોગમાં પાળવું. ગરમ પદાર્થો ખાવા નહિ. (૯) વડ, પીંપળો, ઉંમરો, પારસપીંપળો, આંબો, જાંબુ, નેતરનીછાલ ઉકાળીને મધ નાંખી પીવાથી પેસાબનો અટકાવ થાય છે. પંચવકત્રરસ એકેક રતિ સવાર સાંજ મધમાં લેવો. **સ્તનપાક**-માટે પ્રથમ આંબલીના પાન બાફીને બાંધવાં અગર અળસી અગર ઘઉંની થુલીની પોટીસ કરવી અને પાક્યા પછી કાળામલમ તથા રાતામલમની પટી મારવી. બહુ દાહ થતો હોય તો દશાંગલેપ પાણીમાં ઉનો કરી ચોપડવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળરોગ ચિકિત્સા.

જેમ સ્ત્રીઓના ખાસ દરદ હોય છે, તેમ બાળકોનાં પણ કેટલાંક ખાસ દરદો હોય છે. બાળકોને રોગ થવાનું કારણ તેની મા છે. માએ ભારે ખોરાક ખાધો હોય, તેમ પ્રકૃતિને માફક ન આવે તેવા આહાર વિહાર કરવાથી શરીરમાં દોષનો પ્રકોપ થઈ ધાવણ વિકારવાળું થાય છે. બાળકોને અનિયમિત રીતે ધવરાવવાથી, ઘણીજ વખત ઉંઘાડવાથી, ઘણીજ વખત પાણી પાવાથી, ગરમીમાં બહાર લઇ જવાથી બાળરોગ ઉત્પન્ન થાય છે. બાળકોની સ્થિતિ ત્રણ પ્રકારની છે. (૧) દુધ પીનાર (૨) દુધ અને અન્ન ખાનાર (૩) કેવળ અન્ન ખાનાર આ પ્રમાણે ત્રણ સ્થિતિના બાળકો હોય છે. અન્નને દુધ સારાં હોય તો બાળક નિરોગી હોય છે અને દુધ અને અન્નમાં ફેરફાર થવાથી તાવ, ઝાડો, ઉલટી, વરાધ, વાવળી, કફ અને રતવા વગેરે રોગો થાય છે. બાળકોના ખાસ દરદોમાં જેમકે દાંત આવવાની વખતે તાવ, આંચકી, કરમીયા, ઉધરસ, ઓરી, અછબડાં, ઉંટાટીઓ, ગાલપચોળાં, વાવળી, વરાધ વગેરે. બાળકોના દરદોની ચિકિત્સામાં મોટા માણસોના દરદોની ચિકિત્સા કરતાં વધુ વિચાર કરવો પડે છે. બાળકોને દવા આપવામાં સોમલ, વછનાગ, ધંતુરો, રસકપુર એવી કેટલીક ઝેરી દવાઓનો ઉપયોગ કરવો નહિ, કારણકે નાના બાળકો ઉપર જોખમ ભરેલી દવાઓનો ઉપયોગ કરવાથી પરિણામ માઠું આવે છે. બાળકને સૌમ્ય અને બેચેની ન કરે તેવાં ઔષધો આપવાં અને જરૂર સિવાય રેચ આપવો નહિ. બાળકોને ઔષધ આપવાનું માપ બાળક ઉત્પન્ન થાય એટલે તેને વાવડીંગના દાણા જેટલું અથવા ચણોઠીના પ્રમાણ જેટલું આપવું અને પછી ઉમ્મરના પ્રમાણમાં એકેક માસો વધારતા જવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ-(૧) નાના બાળકોનાં દરદોનો ઘણો આધાર તેની માતાઓની સાથે સંબંધ રાખે છે અને ઋતુ, હવા, પાણી વગેરે બહારના સામાન્ય કારણો પણ જોવામાં આવે છે. (૨) માતાઓનો અવ્યવસ્થિત આહાર તથા પ્રકૃતિનો વિકાર બાળકોની પ્રકૃતિને પણ બગાડે છે, તેમ ધાવણનો બીગાડ બાળકોને રોગ ઉત્પન્ન કરે છે. (૩) દાંત આવવાના હોય છે ત્યારે બાળકોને તાવ, ઉલટી, ઝાડો, આંચકી, અપચાનાં દરદો થાય છે. (૪) ઓરી, અછબડા, બળીઆ, ખાંસી વગેરે ચેપી રોગો થાય છે.

રોગપરીક્ષા-નાનાં બાળકોના રોગની પરીક્ષા કરવામાં ઘણીજ ચાતુરી વાપરવી પડે છે; કારણકે નાના બાળકો પોતાના દરદોની કાંઈપણ વાત કરી શકતાં નથી, તેમ દરદ થવાની જગ્યા બતાવી શકતાં નથી. રડવા ઉપરથી બાળકોના દરદની પરીક્ષા થઈ શકે છે. ભુખ્યું હોય તો રડતાં રડતાં પોતાના હાથની આંગળીઓ વાંકી કરે છે તથા હાથ પગ વાળે છે. પેટમાં ચુંક કે આંકડી આવતી હોય તો જોરથી રડે છે અને બેચેનીના લીધે શરીર જોરથી હલાવે છે. આંખો બંધ કરીને ઉંઘમાં પડેલું બાળક રહી રહીને તીક્ષ્ણ બુમો પાડી ઉઠતું હોય તો જાણવું કે બાળકના માથામાં દાહ થાય છે. શરદીમાં બાળકને લઈ જવામાં આવવાથી કેટલીક વખત સળેખમ થઈ તાવ સાથે સસણીનું જોર થવા માંડે છે ને છાતીમાં કફ ભરાય છે, ત્યારે જણાય છે કે વરાધની શરૂઆત થઈ બાળક રડયા વગર સુઈ રહ્યું હોય તો સમજવું કે ઘણું નબળું પડી ગયું છે ને દરદના જોરથી અશક્ત થઇ ગયું છે. આ સિવાય પેટ, આંખો, ચામડી, ચહેરો વગેરે ઉપરથી દરદીની પરીક્ષા થઈ શકે છે. **જ્વર**-(તાવ)-નાના બાળકોને તેની માતાના અજીર્ણ-અપચો વગેરે દરદોવાળા ધાવણના કારણથી તેમજ શરદી કે ગરમી લાગવાથી તાવ આવે છે. તાવ શરૂ થયાની સાથે રડવા માંડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે: તાવ આવ્યા પછી પારણામાં સુવાડી કપડાનો બંદોબસ્ત સારી રીતે રાખવો અને પારણા નીચે લોઢીમાં દેવતા રાખી અજમાની કે સુવાની ધુંણી આપવી. પેટમાં બગાડ જણાતો હોય તો (૧) જન્મ્યા પછી નાના છોકરાંઓને પેટમાંથી મળ નીકળતો નથી માટે **જન્મઘુંટી**-(બાળાગોળી)નો ઉપયોગ કરવો પડે છે (**બનાવટ**) વાવડીંગ, વરીઆળીનાંમૂળ, ગરમાળો, સોનામુખી, હરડે, હીંમજ, વજ, જીરૂ, અજમો, ગુલાબનાં ફુલ, ખાખરાનાં બી, કાળીદ્રાક્ષ, જુનોગોળ, ટંકણ, સંચળ અને એળીઆના ચુર્ણની પાણીમાં મોટાબોર જેવડી ગોળી કરીને રાખવી. તેના બબે લસરકા પૈસાભાર પાણીમાં ઘસીને પાવા. આ પ્રમાણે કરીને પાવાથી પેટ સાફ થઈ તાવ ઉતરી જાય છે. (૨) હરડે, સંચળ, કરીઆતુ, ઇંદ્રજવ, જેઠીમધ અને કાયફળનું ચુર્ણ એકેક રતી સવારસાંજ મધ સાથે આપવું આથી ઝાડો થઈ પેટ સાફ થશે. કફ પાકવા માટે (૩) અરડુશીનાં પાન વરાળીયાં કરી છાતીએ બાંધવાં (૪) નાગરવેલનું પાન ઉંનું કરી છાતીએ મુકી તે ઉપર અજમો નાંખેલા ઘીના દીવાના તાપથી શેક કરવો. (૪) ભારંગમૂળ, કાયફળ, આંબાહળદર અને સાજીખારને પાણીમાં વાટી ઉંનું કરી છાતી ઉપર લેપ કરવો. ઉપર પ્રમાણે કરવાથી તથા બાળાગોળી પાવાથી ઝાડો સાફ ન થાય તો (૫) વાજીવર્મા (અશ્વચોળી) એક રતી બાળકની ઉમ્મરનો વિચાર કરી ગોળના ગરમ પાણીમાં મેળવીને આપવી અને તે સાથે પેટ ઉપર (૬) એળીઓ, દેશી સાબુ, હીંગ અને દીકામારીના ચુર્ણને પાણીમાં ગરમ કરી લેપ કરવો. (૭) **શૃંગ્યાદિ ચુર્ણ-(બનાવટ)** કાકડાશીંગી, અતિવિષ, કાયફળ અને પીપરનું ચુર્ણ રતી ૧ થી વાલ ૧ સુધી મધના પાણીમાં પાવું. આથી તાવ સાથે ખાંસી અને ઉલટી મટે છે. (૮) હરડાં, બહેડાં, જેઠીમધ અને કાયફળ પાણીમાં ચાર ચાર લસરકા ઘસી ઉંનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી તેમાં ૧ રતી સિંધાલુણ નાંખી હલાવીને દિવસમાં બે વખત પાવું. (૯) અરડુશીના પાનનો રસ મધ સાથે મેળવી પાવો. છાતીએ કફનું જોર વધારે હોય તો (૧૦) પાપડીઓ ખાર ચણાની દાળ જેટલો લઈ ગોળના ઉંના પાણીમાં તથા દુધમાં મેળવી પાવાથી ઉલટી થઈ કફ નીકળી જશે.

વરાધ—(સસણી)–બાળકોને વરાધનું દરદ થાય છે ત્યારે તે દરદમાં કફથી છાતી ભીડાઇ જાય છે, પેટ ફુલી ભારે થાય છે અને તાવ ૧૦૩ થી ૧૦૪ સુધી રહે છે. કેટલીક વખતે તાવ વધારે વધે ત્યારે આંચકી આવે છે, તેને વરાધ કહે છે. જેવી રીતે મોટા માણસોને સન્નિપાત, ન્યુમોનિયા વગેરે દરદો થાય છે, તેવી રીતે બાળકોને પણ વરાધ, વાવળી વગેરે દરદો થાય છે. છાતીમાં કફનું જોર વધારે હોય તો પ્રથમ બતાવ્યા પ્રમાણે (૧) કાયફળ, ભારંગમૂળ વગેરેનો ગરમ લેપ છાતીએ કરવો (૨) ટરપેન્ટાઇન તલના તેલ સાથે મિશ્રણ કરી લગાડવું અને તે ઉપર પોસના ડોડાનો વરાળીયો શેક કરવો. (૩) અરડુશીનાં પાનનો રસ તો ०॥, એક રતી જવખાર અને ફુલાવેલ ટંકણ એક રતી મેળવી પાવું અથવા (૪) વાવડીંગ, ઈંદ્રજવ, કાંકચીયા, અતિવિષની કળી અને સંચળનું ચુર્ણ એકેક રતિ બાળકની ઉમ્મરના પ્રમાણમાં મધના પાણીમાં આપવું. ઝાડો સાફ ન આવતો હોય તો ઝાડો સાફ આવે તેવી દવા આપવી અથવા એરંડીયું આપવું. (૫) શૃંગ્યાદિચુર્ણ એકેક રતિ મધમાં આપવું. (૬) સુવર્ણમાક્ષિકભસ્મ (૭) ગોદન્તિહરતાલભસ્મ એકેક રતિ મધમાં આપવી. શરદીથી તથા હવાથી શરીરનું રક્ષણ કરવું. ગરમ કપડાં પહેરાવી રાખવાં.

કૃમિજ્વર—નાના બાળકોને કેટલીક વખતે નાના મોટા કરમીયા પડે છે અને તેથી એકદમ જોસભેર તાવ આવે છે અને બાળક તંદ્રામાં પડી રહે છે અને ઉંઘમાં દાંત કકડાવે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે માટે તાવના ઉપચારોની સાથે કૃમિરોગના સામાન્ય ઉપચારો કરવાની જરૂર છે, (૧) કંપીલો, સૈરવસીંગ (કૌવચની ઉપરની છાલ) અને સાકરનું ચુર્ણ અકેક રતિ બાળકની ઉમ્મર પ્રમાણે હરડે અને જેઠીમધના ઉકાળામાં આપવું અને બીજે દિવસે એરંડીયું આપવું. તેથી જુલાબ ન લાગે તો (૨) વાજીવર્માનો જુલાબ પ્રથમ સૂચના પ્રમાણે આપવો. આથી ઝાડા સાથે કરમીયા નીકળી જશે અને તાવ ઉતરી જઈ પેટ સાફ થશે. આ પ્રમાણે કરતાં પણ પેટ વધારે કઠણ જણાતું હોય તો (૩) **બંધારણ**—મહુડાં તોલો ૫, એરંડાના ગોળા તોલા ૫, ઉસ તોલા ૫, એળીયો તો. ૧, દેશીસાબુ તો. ૧, રેવંચીનો શીરો તો. ૧, આંબાહળદર તો. ૧, બકરીની લીંડીએ તો. ૫ ને અધકચરાં કરી ગાયના મૂત્રમાં અગર પાણીમાં ગરમ કરી બંધારણ આખા દીવસમાં દશબાર વખત કરવું. આ પ્રમાણે બંધારણ કરવાથી પેટ હલકું પડીને ઝાડવાટે મળ નીકળશે. (૪) અતિવિષનું ચુર્ણ (૫) કટફલાદિચુર્ણની રતિ એક મધ સાથે આપવી. આ દવાઓ બાળકોના તાવ સાથે ઝાડો, ઉલટી, ખાંસી, કરમીયા વગેરે તમામ દરદોને મટાડનાર છે. (૬) પદ્મકાષ્ટ, કડવો લીંબડો, ધાણા, ગળો અને રતાંજલીનો ક્વાથ બાળકને તથા તેની માને પાવો. (૭) હરડે, કંપીલો અને સંચળનું ચુર્ણ અકેક રતિ મધ સાથે સવાર સાંજ આપવું. ડાક્તરો આ રોગમાં ક્યાલોમેલ સાથે સેન્ટોનાઇન આપવાની ભલામણ કરે છે. આ બાબતની વિશેષ ચિકિત્સા કૃમિ પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે કરવી.

તાવ સાથે ઝાડો—(૧) બીલીનો ગરભ અને અતિવિષની કળીનું ચુર્ણ અકેક રતિ ચોખાના ધોવરામણ સાથે આપવું. (૨) મોચરસ, અતિવિષની કળી, જાવંત્રી, એલચી અને પીંપરનું ચુર્ણ અકેક રતિ મધ સાથે આપવું. તે ઉપરાંત પ્રથમ તાવ અને અતિસારના પ્રકરણમાં જે જે ઉપાયો બતાવવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ્યા છે તે તે ઉપાયો બાળકનો રોગ, પ્રકૃતિ અને ઉમ્મરનો વિચાર કરી યોજવા.

મરડો—(૧) એરંડીયાનો પ્રથમ જુલાબ આપીને આમનો નીકાલ કરવો અને પછી (૨) બીલીનો ગરભ અને અતિવિષની કળી ચોખાના ધોવરામણમાં ઘસીને પાવાં; (૩) ઇંદ્રજવને શેકી તેનું ચુર્ણ કરી તેમાંથી એકેક રતિ સવાર સાંજ ચોખાના ધોવરામણ સાથે આપવું, (૪) **ચાતુર્ભદ્રચુર્ણ**—(**બનાવટ**) અતિવિષ, મોથ, કાકડાશીંગી અને પીંપરનું ચુર્ણ એકેક રતિ મધના પાણીમાં આપવું, (૫) કડુને પાણીમાં ઘસી તે પાણી પાવું.(૬) જાયફળ, જાવંત્રી અને કેસરનું ચુર્ણ અરધી રતિ પાણીમાં સવાર સાંજ આપવું.

ખાંસી—(૧) વંશલોચન તોલો ૧, એલચી તોલો ૦॥, ખેરસાર તોલો ૦। અને જેઠીમધ તોલો ૦॥ નું ચુર્ણ એકેક રતિ અરડુશીના રસમાં નાંખી પાવું. (૨) ફુલાવેલો ટંકણખાર, આંબાહળદર અને ફુલાવેલી ફટકડીનું ચુર્ણ અરડુશીના રસ સાથે આપવું, (૩) અરડુશી, રીંગણી, જેઠીમધ અને કાકડાશીંગીનો ઉકાળો મધ તો. ૦॥ નાંખી પાવો. (૪) જેઠીમધનો શીરો પાણીમાં ઘસી પાવો. (૫) ગળોસત્વ એક રતિ અને માલીનીવસંત અરધી રતિ મધના પાણીમાં અગર જેઠીમધના ઉકાળામાં પાવાં.

ઉટાંટિયો—નાના છોકરાઓને આ દરદ વિશેષ જોવામાં આવે છે. તે એક ચેપી દરદ છે માટે બીજાં બાળકોને દરદીથી અલગ રાખવાં. ખાંસી સાથે તાવ હોય છે અને ખાંસી ખાતાં ખાતાં ઉલટી પણ થાય છે. ખાંસી થોડીવાર આવે છે પણ એવી તો જોરથી આવે છે કે બાળકનો ચહેરો લાલચોળ બની જાય છે, શરીર વાંકુ વળી જાય છે અને વખતે ઝાડો પેસાબ થઈ જાય છે, વખતે આંચકી પણ આવે છે. **ઉપાય**—ખાંસીના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમામ ઉપાયો લાગુ પડે છે. (૧) શ્વેતખર્પર—(બનાવટ) ધાપાણને દીવેલમાં અઠવાડીયું રાખીને પછી ગળજીભીના રસમાં પલાળી ગજપુટ આપવો એટલે ભસ્મ થશે. તે ભસ્મ તોલો ૧ અને નેવાનું ખાપરીયું ગૌમૂત્રમાં શુદ્ધ કરેલું તો. ૧ એ બંનેને ખરલ કરી તેમાંથી અકેક રતિ મધમાં આપવી. અગર અરડુશીના રસમાં અગર શરબત સાથે આપવી; (૨) વાસાવલેહ અથવા (૩) હરિતક્યાવલેહ સાથે આપવામાં આવે તો સારો ફાયદો કરે છે. આ સાથે તાવ ન હોય તો ઉપરની માત્રા અકેક રતિ ગરમ ઘી તો. બા અને સંચળનું ચુર્ણ રતિ એક મેળવીને ઉટાંટીયાના દરદીને પાવું. ઉંટાટીયો પહેલા અઠવાડીયામાં વધારે જોર કરે છે અને બીજા અઠવાડીઆમાં સહજ નરમ પડે છે અને ત્રીજા અઠવાડીઆમાં તદ્દન નરમ પડી જાય છે. આ દરદ કેટલીક વખતે ગંભીર સ્વરૂપ પકડે છે માટે સારા વૈદ્યની સલાહ લઈ બીજા ઉપાયો યોજવા.

ઉલટી—(૧) કરમીયાના કારણથી તેમ ધાવણના દોષથી થાય છે, માટે તેના ઉપાયો કરવા. ઉછાળા બહુ આવતા હોય તો કરમીયાના કારણથી સમજી પ્રથમ બતાવ્યા પ્રમાણે કરમીયાના પ્રકરણમાં બતાવેલી દવાઓ આપવી. દરદીને લીધે ઉલટી થતી હોય તો (૧) **બાળપર્પટી** અકેક રતિ મધમાં આપવી. (૨) જાવંત્રી અને એલચીનું ચુર્ણ અકેક રતિ અને બાળપર્પટી અકેક રતિ મેળવી મધના પાણીમાં આપવાં. (૩) રાઈની પટી બે ચાર મીનીટ રાખવી. (૪) પીંપળાના છોડાની રાખ અકેક રતિ મધમાં આપવી.

દાંત ફુટવા–દાંત આવે ત્યારે ઝાડો વધારે થાય છે. તાવ આવે છે અને કેટલીક વખતે આંચકી પણ આવી જાય છે. **ઉપાય**–ધાવડીનાં ફુલ અને જાવંત્રીનું ચુર્ણ બબે રતિ મધમાં મેળવી દાંતના પારા ઉપર ઘસવું. **આંચકી**–માટે માથા ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંડુ કપડું મુકવું અગર ગુલાબજળનાં પોતાં મુકવાં. (૧) ગરમ પાણીનો શેક છાતી, પેટ અને હાથપગ ઉપર કરવો. (૨) ઝાડો સાફ થાય તેવી દવા આપવી અગર સાબુ અને એરંડીયું સમભાગે લઈ મિશ્રણ કરી તેમાં રૂ બોળી ગુદામાં તે રૂની દીવેટ મૂકવી. જે જે દરદથી આંચકી આવતી હોય તે તે દરદોના ઉપાયો કરવા.

અપસ્માર (વાઈ)-(૧) વજનું ચુર્ણ અકેક રતિ મધમાં આપવું. (૨) કેસરના ત્રણ પુંખડાને પાણીમાં વાટીને પાવું. (૩) ભુરા કહોળાના રસમાં જેઠીમધનું ચુર્ણ પાવું. **મુખપાક**–મોં પાકી જાય છે અને બાળક ધાવી શકતું નથી. મોંમાંથી લાળ નીતરે છે. મોંમાં, તાળવે, જીભે ચાંદીઓ પડેલી હોય છે. (૧) શંખજીરૂ, હીંમજ અને સાકર પાણીમાં ઘસીને તે ચોપડવું. (૨) તપખીરને મધમાં મેળવી ચોપડવું. ચોપડયા પછી બાળકને ઉંધુ સુવાડવું જેથી મોંમાંથી તમામ લાળ નીકળી જશે. (૩) બકરીના દુધની શેડ બાળકના મોઢામાં પાડવી. (૪) ગધેડીનું દુધ પાવું (૫) વાંસકપુર, ફુલાવેલી ફટકડી અને સોનાગેરૂની ભુકી મધમાં કાલવી ચોપડવી અને લાળ બહાર જવા દેવી. આ રોગમાં પેટ સાફ રાખવાની જરૂર છે માટે (૬) હરડે સાકરમાં ઘસી આપવી અગર એરંડીયાનો જુલાબ આપવો. **થુલીઓ**– દાંત આવવાના સમયમાં પાચનક્રિયા બગડવાથી મોંની અંદર જીભની નીચે અગર દાંતના પારા ઉપર અગર તાળવા ઉપર સફેદ ધાબાં પડે છે અને થર બાઝે છે અને તેમાં ગોળ આકારના જખમ પડીને ચામડી ધોળી થઇ જાયછે, રેશમના લુગડાની રાખ કરીને મધમાં કાલવી લગાડવી. (૨) હરડેદળની રાખ મધમાં મેળવી લગાડવી. પેટ સાફ કરવાની દવા સાથે પાચન-ક્રિયા સુધરે તેવી દવાઓ આપવી **ગુદપાક**–આગરૂ-ઝાડાની જગા પાકી આવે તેને ગુદપાક કહે છે. (૧) પંચવલ્કલના પાણીથી તે ભાગ ધોઇ સાફ રાખવો. (૨) શંખજીરૂ તોલો ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કાથો તો. ૦ા ની ભુકી ધોયેલા ઘીમાં ચોપડવી. ચાંદીના ઘણાખરા મલમ અને ભુકીઓ આ રોગમાં સારૂં કામ કરે છે, **મૃત્પાંડુ**-(માટી ખાવી) નાનાં છોકરાં માટી તથા ભોંયના પોપડા ઉખાડી ખાય છે માટે તેની દેખરેખ રાખવી. (૧) મંડુરભસ્મ અકેક રતિ અને હરડે ઘસીને પાણી અગર ગોમૂત્રમાં આપવી. (૨) કડુ અને હરડે પાણીમાં પાવલી ભાર પાવું. પાંડુરોગની દવાઓ આપવી. **પારગલો**-ગર્ભવાળી સ્ત્રીઓને ધાવવાથી આ રોગ થાય છે. **લક્ષણ**-"હાથ પગ દોરડી અને પેટ ગાગરડી" થાય છે. ખાંસી, તાવ, અગ્નિમાંદ્ય, ઉલટી, અરૂચી વગેરે દરદો થાય છે. **ઉપાય**-(૧) હરડે દરરોજ ગાયના મૂત્રમાં ઘસી પાવી. (૨) અજમોદ, શાહજીરૂ, જીરૂ અને લીંડીપીંપરનું ચુર્ણ મધમાં ચટાડવું. (૩) બાળપર્પટી મધમાં ચટાડવી (૪) પ્રવાલભસ્મ અને ગળોસત્વ અકેક રતી મધમાં આપવી. **શક્તિ માટે**—(૧) સુવર્ણવસંતમાલતી (૨) પ્રવાલભસ્મ (૩) માક્ષિકભસ્મ (૪) બાળપર્પટી (૫) બાળસંજીવન (૬) શ્વેતખર્પર વગેરે દવાઓનો ઉપયોગ કરવો. **પથ્યાપથ્ય**—નાના છોકરાઓને માનું દુધ ઉત્તમ છે. છોકરાંની માએ પ્રકૃતિને માફકસર આહાર વિહાર કરવો. હલકો અને પચે તેવો ખોરાકલેવો. છોકરાને દુધ આપવામાં આવે તો નિરોગી ગાયનું દુધ આપવું. દુધમાં પાણી બમણું નાંખી તે દુધ ઉકાળી ઠંડુ થયા પછી આપવું. છોકરાની માએ વાલ, ચણા, અડદ, ખાંડ, વગેરે પદાર્થો ખાવાં નહિ.

પ્લેગ.

બ્યુબૉનિક પ્લેગ.

પ્લેગે આજકાલ આપણા દેશના લોકોના હૃદયને ભયભીત કરી નાંખ્યાં છે. આ શબ્દ આંગ્લ ભાષાના છે અને તેનું મૂળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રીક અને લેટીન ભાષામાંથી મળી આવે છે. એ બે ભાષામાં એનો અર્થ "ફટકો" અથવા "દૈવીઘાત" (A Stroke or blow from heaven) એમ થાય છે. ગ્રીક અને લેટીન ભાષા શિવાય જર્મન, ડેનીશ, સ્વીડીશ વિગેરે ભાષામાં પણ એ શબ્દનો મૂળ શબ્દ દ્દશ્ય થાય છે. પરંતુ પ્લેગ એ મહાન ભયંકર, કાળરૂપ, પ્રાણનાશક, દુષ્ટ રોગ છે કે જેને **'મરકી' 'ગાંઠીયો તાવ' 'મહામારી' 'અગ્નિરોહિણી' 'સંનિપાત ગ્રંથી'** વિગેરે નામથી કહેવામાં આવે છે. પ્લેગને માટે આર્ય વૈદ્યકમાં **'અગ્નિરોહિણી'** એવું નામ આપ્યું છે. મહર્ષિ ચરકાદિ મુનીયોયે તેનાં લક્ષણ નીચે પ્રમાણે દર્શાવ્યાં છેઃ— બગલ, જાંગ વિગેરેની (કક્ષાનો અર્થ દરેક પ્રકારના સાંધા એવો આ સ્થળે થાય છે.) આસપાસ માંસને વિદારણ કરનારા ફોલ્લા (એટલે ગાંઠો) થાય છે અને તેથી શરીરમાં બળતરા બળે છે અને સખત તાવ આવે છે. આ ફોલ્લા (ગાંઠો) અગ્નિ જેવા લાલચોળ હોય છે અને તે વાયુથી હોય તો સાત દિવસે, પિત્તથી હોય તો બાર દિવસે, કફથી હોય તો પંદર દિવસે મનુષ્ય મૃત્યુને સ્વાધિન થાય છે. આ ત્રિદોષજન્ય અગ્નિરોહિણી પિટિકા અસાધ્ય છે. ઘણા ભાગે ઠંડી ઋતુમાં અને વરસાદના દિવસોમાં તેને ઉત્પન્ન થવાનો વધારે સંભવ રહે છે, કારણ કે હવા મેલેરીયલ હોય છે.

પ્લેગની ઉત્પત્તિનાં કારણો.

આ દુષ્ટ ઉપદ્રવને ઉપસ્થિત કરનાર અનેક કારણોમાં મુખ્યત્વ કરીને (૧) ગંદકી, (૨) અસ્વચ્છ હવા, (૩) ખરાબ પાણી, (૪) ભજવાણુ ઘર, (૫) મચ્છર અને ચાંચડ, (૬) ઉંદર, (૭) **મળમૂત્રનો** જમાવ, (૮) શરદી, (૯) બહુ વરસાદ, (૧૦) ગંદા પાણીનો જમાવ અને સૂર્યનો તાપ લાગીને તેમાંથી થતો કોહવાટ જેમાંથી જુદી જુદી જાતની ઝેરી હવા ઉત્પન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે તે, (૧૧) પ્લેગ ચેપી રોગ હોવાથી તે જેને થયો હોય તેનો ખોરાક, પાણી, લુગડાં વીગેરે **વાપરનાર માણસનો સ્પર્શ**, (૧૨) મરકીપીડિત દેશમાં જવું, (૧૩) સાફસુફ ન થયેલી ગંદી ગટરો, (૧૪) મરકીના જંતુનું શ્વાસોચ્છ્વાસમાં વાયુ માર્ગે જવું, (૧૫) કોહી ગયેલાં શાકભાજીનું ખાવું, (૧૬) કૃમી, (૧૭) ટાઢો અને ઉભવાળો ખોરાક તથા ભારે ખોરાક વિગેરે છે. આ રોગ ચેપી છે એ વાત નિઃસંશય છે. બીજા પ્રદેશમાં આ વ્યાધિ પ્રચલિત હોય અને ત્યાંના અન્ન, ખોરાક, ફળ, તેલ, ઘી વિગેરે અન્ય પદાર્થો તે રોગમુક્ત પ્રદેશમાં જવાથી તે પ્રદેશમાં તરત આ દૈવીકોપરૂપ રોગ શરૂ થાય છે ઈ. સ. ૧૮૯૬ ના ઓગસ્ટ માસમાં મુંબાઈમાં મરકી અતિશય ચાલતી હતી, ત્યારે તપાસ કરતાં જણાયું કે યાત્રાળુઓનો મોટો મેળો હતો ત્યાંથી યાત્રાળું લોકોની આવજાવ **મુંબાઇમાં** થઇ તેથી ત્યાં રોગ શરૂ થયો. પ્રથમ તો ફક્ત બંદરમાં શરૂ થયો. ત્યાં અનાજની મોટી વખારો હતી અને તેથી ઉંદરો તેની આસપાસ ઘણા મરણ પામ્યા હતા અને અનાજ પણ સડી ગયાં હતાં, પછી તે રોગ આખા મુંબાઈમાં આવજાવથી અને હવાના તથા જંતુના પ્રસરવાથી જામ્યો હતો.

આ રોગ માણસના શરીરને અને ઉંદરના શરીરને તરતજ અસર કરે છે. જ્યાં હવા આ રોગથી દુષિત થાય છે, ત્યાં પ્રથમ ઉંદરો ઘણા મારવા પામે છે. ઘરમાં ઉંદરો આમ તેમ ફરતાં ચક્કરી ખાઇને પાણીના નળની પાસે અગર પાણીઆરા પાસે અથવા ઘરની વચ્ચે તરફડી મરણ પામે છે **આ મરકીનું મુખ્ય ચિન્હ** છે. આ રોગનો ચેપ જેટલે **દરજ્જે અસર** કરે છે તેના કરતાં તે રોગનાં સંસર્ગવાળા તેમજ ઉંદર કે જે પ્લેગનાં મૂળ નિમિત્ત ભૂત છે, તે ઉંદરો અનાજમાં રહે- વાથી તે અનાજ ઝેરી થયેલું હોય છે તે વિશેષ રોગને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેલાવનાર છે. યાત્રાળુ લોકો યાત્રાર્થે અમુક સ્થળે જાય છે અને ત્યાં પ્લેગ શરૂ થતાં પાછા પોતાના સ્વદેશ તરફ ફરે છે; પરંતુ તેમની સાથે તે સ્થળની દુષ્ટ હવા, ખોરાક પાણી વિગેરેથી ઉત્પન્ન થયેલા પ્લેગના જંતુઓ લઇ જાય છે અને પોતાના દેશમાં પ્લેગ પ્રસરાવે છે.

લક્ષણ—(૧) ટાઢીયો તાવ આવે છે. (૨) કોઈ વખતે ઉંનો પણ આવે છે. (૩) માથુ બહુ દુખે છે. (૪) શરીરમાં સુસ્તી વધારે રહે છે કે જેથી આંખો પણ ઉઘડી શકતી નથી. (૫) શરીરના તમામ સાંધાઓમાં કળતર થાય છે. (૬) હાથે પગે અને આંખોમાં દાહ થાય છે. (૭) ડાબી બાજુએ હૃદયમાં ધબકારા મારે છે. (૮) આંખોમાં ખાડા પડે છે. (૯) બગલમાં, જાંગમાં, ગળામાં અગર કોઇપણ સાંધાના વલણમાં ગાંઠ નીકળે છે. (૧૦) અને તે કોઇ વખતે તાવ આવતા પહેલાં અગર પછી દેખાય છે. (૧૧) ગાંઠો રાતી અને કાળી હોય છે. (૧૨) ગાંઠોમાં બળતરા ને વેદના ઘણી થાય છે. (૧૩) ફેફસાંમાં સોજો આવે છે. (૧૪) લોહી પણ પડે છે. (૧૫) પ્રથમ બગલ, જાંગ અગર ગળામાં સોજો આવીને થોડા વખત પછી ટાઢ વાઇને તાવ આવે છે. (૧૬) તાવ એકદમ–૧૦૪–૫–૬ સુધી ચઢે છે. (૧૭) બોલ્યાનું ભાન રહેતું નથી. (૧૮) નાડી નરમ અને અતિશય ચાલે છે. (૧૯) ઉધરસ આવે છે. (૨૦) બલગમમાં લોહી પડે છે. (૨૧) શ્વાસ ચઢે છે. (૨૨) જીભ, ઓઠ સૂકાય છે, (૨૩) શોષ બહુ પડે છે. (૨૪) હેડકી ઉપડે છે. (૨૫) ઝાડો પેસાબ બંધ થાય છે. (૨૬) સંનિપાતનાં ઘણાં ચિન્હો જોવામાં આવે છે. (૨૭) હૃદય નબળું પડી જાય છે. (૨૮) મોઢામાં કડવાસ રહે છે. (૨૯) ઉઠતાં બેસતાં ચકરી આવે છે. (૩૦) મૂર્છા આવે છે. (૩૧) આંખો લાલ રહે છે. (૩૨) જીભ કાળી પડે છે. ઇત્યાદિ લક્ષણોમાં ઘણા ખરાં ચિન્હો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકી વખતે અગર આગળ પાછળ જોવામાં આવે છે. જૂદીજૂદી જગા ઉપર નરમ અગર સખત હુમલો થાય છે. મારકીના દરદમાં મુખ્યત્વે કરીને બગલમાં અને સાથળમાં ગાંઠ જોવામાં આવે છે. ઘણી વખતે તાવને ગાંઠ એકી વખતે થાય છે અને તાવ આવ્યા પછી, એક બે દિવસે પણ ગાંઠ જણાય છે. ઉપાય–તાત્કાલિક કરવાના કેટલાક ઉપચારો નીચે પ્રમાણે બતાવવામાં આવ્યા છે.

નં. ૧–લીંબડાની લીંબોળી તોલા બે, કરીઆતું તોલા બે, વાવડીંગ તોલા બે, પિત્તપાપડો તોલા બે, હરડેદળ તોલા બે, ઇંદ્રજવ તોલા બે, કાલી દ્રાક્ષ તોલા બે, શોધેલો ગંધક તોલા બે. ઉપરની ચીજો ખાંડીને તેમાંથી સવાર બપોરને સાંજરે દરરોજ રૂ. ાા ભારની ફાકી લેવી. તંદુરસ્ત માણસો પણ પ્લેગના વખતમાં આ ચુર્ણ ઉપર બતાવ્યા પ્રમાણે સવાર સાંજ લે તો આ દુષ્ટ વ્યાધિના ભયથી બચી જાય છે. (નં. ૨)–લીંબડાની ગળો તોલા ત્રણ, વાવડીંગ તોલા ૩, સેકેલા કાચકાં તો. ૩, કાલાજીરો તોલા ૩, સંચળ તો. ૩, હરડેદળ તો. ૩, જુનો ગોળ તોલા ૬. ઉપરની ચીજો એકઠી કરીને તેમાંથી દરરોજ સવાર, બપોર ને સાંજરે રૂ ાા ભાર ચુર્ણ પાણીમાં અગર તેની મોટા બોર જેવડી ગોળી કરીને ટાઢા પાણી સાથે લેવી, તંદુરસ્ત માણસોને પણ સવાર સાંજ બે વખત એ ગોળી આપવી. (નં. ૩)–લીંબડાના પાન તોલો ૧, તુલસીનાં પાન તોલો ૧, મરી તો. ાા, કાળીજીરી તોલો ૧, સંચળ તોલો ૧, એ વસ્તુઓને તુલસીના રસમાં વાટી નાના બોર જેવડી ગોળીઓ કરવી અને તે સવાર, બપોર ને સાંજરે અકેકી ગોળી પાણી સાથે લેવી. (નં. ૪)–શાસ્ત્ર સિદ્ધ કરેલું લીંબોળીનું તેલ સવાર સાંજ પાંચ પાંચ ટીપાં પતાસામાં ખાવાથી પ્લેગના જંતુઓ ઉત્પન્ન થતા નથી. (નં. ૫)–લીમડાનાં પાન તો.૫,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજમો ખોડી તો. ૫. વાવડીંગ તો. ૩, અરડુસીનાં પાન તો. ૧. ઉપરની ચાર ચીજો એક તપેલીમાં શેર પાંચ પાણી લઈ તેને દેવતા ઉપર મુકી સારી રીતે ઉભરો આવે તેવું પાણી થાય ત્યારે બતાવેલાં માપ પ્રમાણે નાંખી વરાળ જાય નહિ તે પ્રમાણે તરત ઢાંકી દેવું. ત્યાર પછી અરધા કલાકે પ્લેગના તાવવાળાને ગરમ કપડું ઓઢાડી બાફ આપવો, સવારસાંજ બે વખત આપવો. (૬) અભયાદિ કવાથ ત્રિદોષના તાવમાં ઘણો સારો ફાયદો કરે છે; તાવની ગરમીને દબાવે છે, મળને પકાવે છે અને બગડેલા મળને તથા જંતુઓને ખસેડી બહાર કાઢે છે તાવનુ જોર પ્લેગના જંતુઓના પ્રમાણુમાં હોય છે. આ રોગમાં સ્વેદલ, જંતુનાશક, જ્વરઘ્ન, તેમજ શકિત આપનાર એ ચાર પ્રકારની દવાઓ ચાલુ રાખવી. (૭) **અભયાદિ કવાથ**—તો, ૫ સવાર સાંજ આપવો. **દ્રાક્ષાસવ**—તો. ૨. બપોરના ૧૨ અને સાંજના ૬ વાગે આપવો. (૮) **ચંદ્રપ્રભા**—તો. ૦। ની ગોળી અશક્તિ જણાય તો દીવસમાં એક વખત રોગીની સ્થિતિ ઉપર વિચાર કરીને આપવી આ પ્રમાણે દિવસમાં બે ત્રણવાર દવા આપવાથી તાવ નરમ પડવા માંડશે, દસ્ત સાફ આવશે અને શક્તિ કાયમ રહેશે. (૯) **દ્વાત્રિશાંગ કવાથ**—જો ન્યુમોનિક પ્લેગ હોય અને કફ તથા તાવ સાથે આવતો હોય તો આ કવાથ આપવો. (૧૦) ડૉકટરો બ્રાંડીની ભલામણ કરે છે અને તે પણ આવા મરજમાં ઘણું કામ કરી શકે છે (૧૧) કસ્તુરી પણ તેના કરતાં વધારે સારૂ કામ કરે છે. (૧૨) **ત્રિફલાદિ કવાથ-(બનાવટ)** હરડે, બહેડાં, આંમળાં, દેવદાર, નાગરમોથ ઉદરકની તથા સરગવાના મુળની છાલ, તેના ઉકાળામાં પીંપર તથા વાવડીંગનું ચુર્ણ નાંખીને પીવો. (૧૩) હરડેદળ, બેહેડાં, આંબળાં, ઘોળી-સાટોડી એ ચારે સરખા વજને લઈ તેનું અડધા રૂા. ભાર ચુર્ણ સવાર સાંજ રૂ ૧ ભાર મધ સાથે ચાટવું. (૧૪) લીંબડાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળો રૂપીઆ બે ભાર, લીંબડાની અંતરછાલ રૂપીઆ બે ભાર, કાળીજીરી રૂપીઆ બે ભાર, ઇંદ્રજવ રૂપીઆ બે ભાર, વાવડીંગ રૂપીઆ બે ભાર, કાળીદ્રાક્ષ રૂપીઆ બે ભાર, હરડેદળ રૂપીઆ બે ભાર, પિત્તપાપડો રૂપીઆ બે ભાર, ગરમાળાનો ગોળ રૂપીઆ બે ભાર, કરીઆતું રૂપીઆ બે ભાર. ઉપર પ્રમાણે ચીજોની સરખા વજને સાત પડી કરવી તેમાંથી એકેકી પડી રાત્રે બશેર પાણીમાં માટીના વાસણમાં પલાળી સવારમાં ઉકળતાં ચોથા ભાગનું પાણી રહે એટલે ગાળીને કવાથનું પાણી રૂપીઆ ૦। ભાર મધ નાંખીને પાવું. (૧૫) કાલીજીરી તોલો ૦।, વાવડીંગ તોલો ૦।, ઇંદ્રજવ તોલો ૦।, બનપ્સા, ૦।, એ ચીજોને અધકચરી કરીને શેર ૧ પાણીમાં ઉકાળીને અચ્છેર પાણી રહે એટલે તે પાણીને ઠંડુ કરીને તૃષા લાગે ત્યારે આપવું અગર પાછળ કહેવામાં આવેલા ઉપાયો કરવા. (૧૬) હૃદયમાં નબળાઈ જાણ્ય તો કસ્તુરી રતી એક, ૦॥ ભાર મધમાં ચટાડવી બ્રાન્ડી કરતાં અત્યુત્તમ કામ કરે છે. (૧૭) **મહામૃત્યુંજયવટી**—દરરોજ બબ્બે ગોળી પાણી સાથે લેવી. (૧૮) પ્લેગ થનાર માણસને ડુંગળીને વચમાંથી કાપીને તુરત સુંઘાડવી અને જ્યાં ગાંઠ નીકળી હોય ત્યાં ડુંગળીને કાપીને તુરત બાંધી દેવાથી પ્લેગનું વિષ ઓછું થાય છે. (૧૯) મરકીના દરદી આગળ હાથ ધોવા તેમ લુગડાં ધોવા વિગેરે કામ માટે પાણી નીચે લખેલું વાપરવું. રસકપુરનું પાણી બે ભાગ અને ૨૦૦૦ ભાગનું મીઠું એ બે ચીજોને પાણીમાં મેળવીને વાપરવી, અગર મીઠું, મોરથુથુ, ટંકણખાર વિગેરેનું પાણી વાપવું. (૨૦) **મહાસુગંધીધુપ**—રતાંદલી, અગર, કઠ, તગર, દેવદારનો ગુંદર, પાંડેરવો, વાળો, શરૂ, દેવદાર, સુખડ, દુધેલી, ભારંગી, નોરવલ, દારૂહળધર, પદ્મકાષ્ટ, જેઠીમધ, નાગરમોથ, જટામાંસી, પુન્નાગ, એલચી, ચનીકબાલા, મુરામાંસી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝાયપસુકડાંહરણું, તાલીસપત્ર, નાનીએલચી, ઘઉંલો, અરડુસો, હીરાકસી, પત્થરફુલ, તમાલપત્ર, પીડીતગર, સુંઠ, મરી, પીંપર, કપુર, સીવણ, કડુ, બાવચી, અતિવિષ, કાળીજીરી, ઇંદ્રવારૂણા, પીળોવાળો, વાયવરણાં, મોથ, નખલાં, ધાણા, સફેદ ગરણી, સફેદ વજ, હળધર, દારૂહળધર, ભરંઠ, થુણેરલાખ, સિંધવ, બીડલવણ, સંચળ, પોયણાં, રક્તકમળ, શ્વેતકમલ, આકડાનાંફુલ, જાઇનાંફુલ, તિલકવૃક્ષ, કળફુલ, તુલસીની માંજર, મોગરાનાંફુલ, શેમણનાંફુલ, નગોડનાંફુલ, ધાવડીનાંફુલ, રાળનાંફુલ, મીણાહરમાનાંફુલ, ગુગળ, કેસર, કડવી ઘોળી, શંખાવળી અને કડવી નઇ એ પંચાશી દ્રવ્યોના સૂક્ષ્મ ચુર્ણને ઘી સાથે મેળવી ધુપ કરવાથી ઝેરી હવાનો નાશ કરે છે. (૨૧) **ધુપ**—સુખડ રતાંદલી, અગર, તગર, કંપેળો, અજમો, કાલીજીરી, ગંધક, લોબાન, કપુર, ગુજ્જર, ગુગળ, કંદરૂપ, સરસવ, લીંબડો, દેવદાર ઇત્યાદિમાંથી ઘણાં દ્રવ્યો સાથે મેળવીને સવાર, બપોર અને સાંજરે ધુપ આપવો. (૨૨) **જંતુનાશક દવા**—ધંતુરો, ગંધક, ગજકરણ, કંપેલો, કાલીજીરી, ફુલફુલ, (ચુનાની) ગુલે હમાઝની, ગુંડી, પારાગંધકની કજ્જલી, કડવો લીંબડો અને તેનાં પંચાંગ, રસકપુર, કપુર, રાજહંસ, ડુંગળી, વાવડીંગ, સુખડ, રતાંદળી, અગર, તગર, વિગેરે. (૨૩) **દુર્ગંધનાશક**-રસકપુર, કપુર, ડુંગળી, ગુગળ, કંદરૂપ, મોરથુથુ, ટંકણ, કોલસા, રાખ, ચુનો, છાણ, ગોમૂત્ર ગંધક, હીરાકસી, કાંદો, મીઠાનો તેજાપ, ડામર, કોલનવોટર, ફિનાઇલ, લીંબડાનો ઝરો વિગેરે. (૨૪) **સ્વેદલ**-અજમો, લીંબડો, બનપ્સા, લીલ્લીચા, ચોપચીની, હળધર, દારૂ હળધર, કાળોવાળો, મરી, સુરોખાર, ઉપલસરી, ઉસ્તેખુદુસ, રસવંતી વિગેરે. (૨૫) **ગાંઠ વેરી નાંખનાર**—ગુલઆસ, હીંગળોક, કાથો, રાતો મલમ, કાળોમલમ, કાંદો, રગતરોહીડો, રતવેલીયો, એળીયો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેશી સાબુ, રેવંચીનો શીરો, તમાકુ, આયોડાઈન, બેલાડોના, તથા પારાનુંમલમ વિગેરે. (૨૬) **પકાવનારી**—ભીલામુ, ડુંગળી, લસણ, અલસી, બેફ્રેબનાસા, ભોંયચંપો, જમાલગોટો, લાલચિત્રક, પાલાસપાપડો, થુવરનુંદુધ વિગેરે. (૨૭) **ગાંઠ ઉપર-લેપ**—(૧) કાચએળીયો રૂ. ૧ ભાર (૨) દેશી સાબુ રૂપીઆ એક ભાર (૩) રેવંચીનો શીરો રૂપીઆ એક ભાર એમ ત્રણને વાટી પાણીમાં ખદખદાવીને લેપ દિવસમાં બે વખત કરવો. (૨૮) **લુગદી**—(૧) સોનાગેરૂ રૂપીઆ એક ભાર, (૨) ઉપલેટ રૂપીઆ એક ભાર, (૩) જેઠીમધ રૂપીઆ એકભાર, (૪) કંપેલો રૂપીઆ એક ભાર (૫) વાવડીંગ રૂપીઆ ૧ ભાર, (૬) લીંબડાની લીંબોળી રૂપીઆ એક ભાર. પાણીમાં વાટી લુગદી બાફીને દીવસમાં બે વખત બાંધવી. (૨૯) દ્રાક્ષાદિ કવાથ, અભયાદિ કવાથ, ઇંદ્રયવાદિ કવાથ, ગુડુચ્યાદિ કવાથ, મહામૃત્યુંજયરસ, મૃતસંજીવનીવટી વિગેરે કવાથો, રસો તથા ચંદ્રપ્રભાગુટિકા, ચિંતામણિરસ વિગેરે શાસ્ત્રસિદ્ધ દવાઓ સદરહુ રોગ ઉપર સારૂં કામ કરે છે. ઝાડો સાફ ન આવતો હોય તો દીનદયાળચુર્ણ, યષ્ટીમધ્વાદિ ચુર્ણ તથા સોનામુખી તો. ૦। , દ્રાક્ષકાળી તો. ૦। તથા સવા તો. ૦। તેનો ઉકાળો કરીને આપવો. ગુદામાં એરંડીચેલ અને સાબુની બસ્તિ મુકવી પણ જુલાબ આપવો નહિં અને ઝાડો બહુ હોય તો વૈદ્ય ડૉકટરની સલાહ લેવી. (૩૦) ગાંઠ પાકવા માટે અળસીનું અગર ઘઉંનું પોટીસ ડુંગળી નાંખીને કરવું. (૩૧) રાતા મલમ, કાળા મલમ (આગળ બતોલા મલમો) અને પારાના મલમની પટી ગાંઠના દરદ પ્રમાણે વિચાર કરીને ચોઢવી. ઘણી વખતે આ મલમથી ગાંઠ વેરાઇ જાય છે અગર પાક થતો જણાય તો તે ઉપર અળસી તથા ઘઉંનું પોટીસ બાંધવામાં આવે તો પાકીને પરૂ લોહી વિગેરે જંતુવાળો ભાગ નીકળી જાય છે અને જળો મુકવાના સંબંધમાં વૈદ્ય દાકતરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સલાહ વિના કાંઈ કરવું નહિ. **ખોરાક**–સાબુ ચોખાની કાંજી, મગનું પાણી, ચોખાની કાંજી, ગાયનું દુધ, મોસંબીનો રસ વિગેરે હલકા અને પચે તેવા ખોરાકો હમેશાં દરદીને આપવા.

પ્લેગના અનેક ઉપાયોમાંથી કયા ઉપાયો ચોકસ ફાયદો કરે છે તેનો હજુ કશો નિર્ણય થયો નથી. પ્લેગના દરદીને પ્લેગની હવા વિનાની ખુલ્લી હવાની જગામાં લઇ જવો. જે માણસો હવાનો ફાયદો નથી સમજતા તેઓ દરદીને ઘરમાં રાખી મુકે છે, તેથી તે માણસની જીંદગી જોખમમાં આવી પડે છે. પ્લેગનો તાવ ઘણો સખત ચડે છે અને તે વધીને ૧૦૫-૧૦૬ ડીગ્રી સુધી વધી જાય છે. માટે તે તાવને નરમ પાડવા માટે નીચે બતાવેલી દવાઓ ઉપયોગ કરવો, વિશેષમાં ચિંતામણિ રસ, મહામૃત્યુંજય રસ, મૃતસંજીવનીવટી વિગેરે રસાદિ દવાઓ તથા સંનિપાત ઉપર જે જે અભયાદિકવાથ, દ્વાત્રિશાંગ-કવાથ, ત્રિફલાદિ કવાથ વિગેરે દવાઓ આપવાની ભલામણ કરી છે તેમાંની પણ આપવી.

પ્લેગ શરૂ થતાં પહેલાં અને થયા પછી લોકોએ કેટલીક સૂચનાઓ ધ્યાનમાં રાખવાની છે તે નીચે પ્રમાણે છેઃ—

(૧) પ્લેગના ઉંદરો ધોળા સફેદ હોય છે અને તેવા ઉંદરો પ્લેગ રોગને ઓળખાવનાર હોઇ પ્રથમ પ્લેગરોગ તેમને લાગુ પડે છે ત્યારે ઘરના વચમાં એટલે ચોકમાં, મેદાનમાં, પાણી-આરામાં અને પાણીવાળી બીજી જગ્યામાં એકદમ કુંદડીની માફક ચકરી ખાઇ પડે છે અને પાંચ દસ મીનીટમાં તે મરી જાય છે. એ ઉપરથી જણાય છે કે આ સ્થળને પ્લેગની હવા લાગુ પડી છે માટે ત્યાં રહેવું નહિ અને ત્યાંથી બીજી જગાએ ખસી જવું જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્લેગની શરૂઆતમાં ચાંચડો વધારે થાય છે અને તે ચાંચડો ઉંદરોને પણ વળગે છે અને ઘરની હવાને તે પણ ખરાબ કરે છે, માટે જ્યાં ઉંદરો અને ચાંચડોનું જોર વધારે હોય ત્યાં ક્ષણભર રહેવું નહિ.

(૩) ચાંચડો, મચ્છરો અને ઉંદરો બહુ ન થાય માટે રહેવાની જગાએ લગારે ગંદકી થવા દેવી નહિ અને તે જગાઓ ઘણીજ સાફસુફ રાખવી.

(૪) ગંદકી ન થવા માટે તેમ હવા સારી થવા માટે ગંધક, લોબાન, કંદ્રૂપ અને ગુગળનો દરરોજ ધુપ કરવો, પાણી જ્યાં બહુ વપરાતું હોય ત્યાં ગાયનું મૂત્ર, લીંબડાનું પાણી તથા ફીનાઇલ દરરોજ છાંટવું.

(૫) પાણી ઉકાળીને પીવું.

(૬) મિતાહાર કરવો.

(૭) ટાઢો, વાસી અને ઉબાયેલો ખોરાક ખાવો નહિ.

(૮) સડેલાં શાકભાજી ફ્રુટ વગેરે ખાવાં નહિ.

(૯) મરકીવાળાએ ખાધેલો ખોરાક, ચહા, બીડી, પાન કે પાણી પીધેલાં હોય તે પણ પીવાં નહિ.

(૧૦) મરકીવાળાનો ઝાડો, પિશાબ અને કફ યુક્તિથી નિવૃત કરવાં.

(૧૧) રોજ લીંબડાના સાબુથી અગર સ્વચ્છ પાણીથી નહાવું.

---

*આક્ષેપકજ્વર—(સેરીબ્રો સ્પાઈનલ મેનીનજાઇટીસ)

આ શબ્દ આંગ્લ ભાષાનો છે. આ રોગને આયુર્વેદમાં આક્ષેપકજ્વર કહેવામાં આવે છે. આયુર્વેદમાં ત્રિદોષ સિદ્ધાંતને અનુસરીને રોગોની ચિકિત્સા થાય છે, તેને દોષાનુસારીચિકિત્સા

* આ રોગ વિશે આગળ કહ્યુ છે પરંતુ અત્રે વિશેષ હકીકત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહે છે. મહર્ષિચરકાચાર્યના સિદ્ધાન્ત પ્રમાણે જ્યારે દેશમાં વાયુ (હવા), જળ, કાળ તથા ખાનપાનાદિક વસ્તુઓમાં ફેરફાર થાય છે ત્યારે આવા દુષ્ટ પ્રાણઘાતકમહામારી જેવા વ્યાધિઓ દેશને પાયમાલ કરે છે.

આ રોગ માટે સિદ્ધાન્તનિદાનમાં જણાવ્યું છે કે શરીરના સ્નાયુઓ ખેંચાય છે અને તે કેટલીક વખતે સંકોચાય છે, અત્યંત તાવ આવે છે, જેથી માણસ બેભાન થઈ જાય છે, બીલકુલ ભાન રહેતું નથી તેને આક્ષેપકજ્વર કહે છે. આ હકીકતને માધવનિદાનકાર પણ વધારે પ્રમાણમાં ટેકો આપે છે. વિકાર પામેલો વાયુ જ્યારે શરીરમાંની તમામ શિરાઓમાં પ્રવેશ કરે છે, ત્યારે વારંવાર વાયુ શરીરમાંના જૂદા જૂદા ભાગોમાં ફરી, ઘડીએ ઘડીએ ખેંચતાણ સાથે આંચકી લાવે છે અને તેમાં જ્વર એકદમ જોરમાં આવીને તે સાથે મગજની શિરાઓમાં સોજો લાવે છે. તે વખતે કુપિતથયેલો વાયુ હૃદયમાં માથામાં, કરોડરજ્જુમાં અને ગળામાં પ્રવેશ કરીને અત્યંત પીડા કરે છે, રોગી ચીસો પાડવા લાગે છે અને તે સાથે આંચકી જોરમાં આવે છે. આ વખતે રોગી બેભાન થઈ જાય છે, શ્વાસોશ્વાસ બરાબર લેવાતો નથી અને ગળામાં કબુતરના અવાજ જેવો અવાજ થાય છે. આ રોગનો સંબંધ કરોડરજ્જુની સાથે હોવાથી મસ્તિષ્કની શિરાઓમાં સોજો આવી જાય છે. આક્ષેપક સાથે જ્વર અને કરોડરજ્જુનો સોજો આવવાથી તેને આક્ષેપકજ્વર કહેવામાં આવે છે. એટલાજ માટે સિદ્ધાન્તનિદાનકારે જણાવ્યું છે કે—

"आक्षिप्यन्ते यतोऽङ्गानि संकोचं यान्ति चाञ्जसा ।
घोरो ज्वरश्च संज्ञाहृत सोऽयमाक्षेपको ज्वरः ॥

આ પ્રમાણે રોગનો પરીચય કરાવ્યા પછી તેમણે નિદાનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે આ રોગ શિયાળાની ઋતુમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારે જોવામાં આવે છે. આ તાવ એક જાતના સૂક્ષ્મ જંતુથી થાય છે અને તે સાથે વિશેષ ભાર દઇને જણાવ્યું છે કે જે શહેરમાં વસ્તીનું પ્રમાણ વધારે હોય, જે લોકોનાં ઘરો ગીચોગીચ વસ્તીથી સંકડાએલાં હોય, જે શહેરમાં ધુમાડો, ધુળની રજ વધારે પ્રમાણમાં ઉડતાં હોય અને જે ભુમિમાં દરિદ્ર માણસોનું પ્રમાણ વધારે હોય તે શહેરમાં આ ચેપી રોગનાં જંતુઓ નાક અને ગળાના ભાગમાંથી પ્રવેશ કરી આ રોગના ઝેરી ચેપને દાખલ કરે છે. આ હકીકતનું વર્ણન સિદ્ધાન્તનિદાનમાં નીચે પ્રમાણે આપ્યું છે.

"वसतां संकुले देशे रजोधूमाकुले चिरं ।
दरिद्राणां भवेद् भूम्ना सोऽयं जीवाणु संभवः ॥

આ પ્રમાણે ચોકસ નિદાન જણાવીને પછી તેની સંપ્રાપ્તિ નીચે પ્રમાણે જણાવી છે. મસ્તિષ્કના મૂળમાં ચારે તરફ સ્થુલ પટાકારના સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થાય છે અને તે તમામ દોષો જેવા કે વાત, પિત્ત અને કફનો પ્રકોપ કરી ચેષ્ટાઓને વહન કરનારી નાડીઓને ઉત્તેજીત કરે છે, જેથી શરીરના જૂદા જૂદા અંગોને ખેંચતાણ સાથે આંચકી લાવે છે અને તે સ્નાયુને સંકોચે છે. મગજને કરોડરજ્જુમાં સોજો આવી જાય છે અને મગજના પડમાં તથા કરોડરજ્જુમાં વરમ પડી તેમાંથી પરૂ થાય છે, માથામાં તથા ગળામાં ઘણો દુઃખાવો થાય છે, તેમાં પણ ગરદનના સ્નાયુઓમાં વધારે દુઃખાવો થવાથી રોગી ચીસો ચીસ પાડે છે અને કરોડથી આરંભીને પાછલા ભાગના તમામ સ્નાયુઓ અત્યંત ખેંચાય છે, તેથી રોગી બેભાન થઈ જાય છે એટલે બીલકુલ તેને ભાન રહેતું નથી. આ રોગમાં કેટલાકને માથામાં દુઃખાવો, ઉલટી, ટાઢ વાઇને તાવ આવવો, ડોકનું રહી જવું, કંપારો, આ લક્ષણો સાથે માથુ, ગરદન અને તે સાથે કરોડરજ્જુ ખેંચાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક વખતે શરીરપર રાતાં અને કાળાં ચાઠાં પણ નીકળે છે. ટુંકામાં સંનિપાતનાં ઘણાં ખરાં લક્ષણો થાય છે. આ રોગનો દરદી એક, બે, ચાર અને સાત દિવસમાં મરણને શરણ થાય છે. કદાચ તે ઉપરાંત મુદત વધે છે તો સારી સારવારથી સારો થવાની આશા રહે છે.

મહર્ષિચરકાચાર્યના કહેવા પ્રમાણે પણ જનપદોદ્ધંસન એટલે દેશની જ્યારે ખરાબી થવાની હોય છે, ત્યારે એક રૂપમાં વ્યાધિનું આક્રમણ થાય છે અને તે સમયે દરેક માણસોને એક રૂપનોજ વ્યાધિ લાગુ પડે છે. તેમાં પણ કારણભુત વાયુ (હવા), જળ, દેશ અને કાળ ચાર હોય છે.

આ રોગ એક જાતના સૂક્ષ્મ જંતુથી થાય છે, એમ ડો. ગણનાથસેને કહ્યું છે. જીવાણુ સંભવ: એ સૂત્ર વાક્યથી સિદ્ધ થાય છે.

આ રોગના કારણો જનસમુદાયને જાણવાની ખાતર નીચે આપવામાં આવ્યાં છે.

આક્ષેપકજ્વરની ઉત્પત્તિનાં કારણો.

(૧) ગંદકી (૨) અસ્વચ્છ હવા (૩) ખરાબ પાણી (૪) ભેજવાળું ઘર (૫) હવા અજવાળું ન આવે તેવાં ઘરો (૬) મળમૂત્રનો જમાવ (૭) દરીદ્રી માણસોની અતિશય વસ્તી (૮) મચ્છર અને ચાંચડ (૯) ગંદા પાણીનો જમાવ (૧૦) ધુમાડાનો ત્રાસ (૧૧) ધુળની રજ ઉડવી (૧૨) સાફસુફ થયા વિનાની ગંદી ગટરોની હવા (૧૩) ટાઢો અને ઉબવાળો ખોરાક (૧૪) આ રોગ જેને થયો હોય તેનો ખોરાક પાણી, લુગડાં વિગેરે વાપરનાર માણસોનો સ્પર્શ (૧૫) કોહી ગયેલા ખોરાક ખાવા. (૧૬) કોહેલા શાકભાજીનું ખાવું (૧૭) ઘણા માણસોનો જમાવ, મનોબળની નબળાઇ (૧૮) શરીરની નબળાઇ (૧૯) મગજની નબળાઈ (૨૦) મનનો અતિશ્રમ (૨૧) કાનનાં દરદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨૨) રતવા (૨૩) શરદી વારંવાર થવી (૨૪) મગજનો દાહ (૨૫) મગજમાં અતિશય લોહિ પડવાથી (૨૬) સુર્યનો તાપ બરાબર ન પડવાથી (૨૭) આ રોગના જંતુનું શ્વાસોશ્વાસ માર્ગે જવું વિગેરે ઘણાં કારણો છે.

આ રોગનાં સ્પષ્ટ લક્ષણો નીચે પ્રમાણે છે.

(૧) મગજ અને કરોડરજ્જુમાં સખ્ત દુઃખાવો થાય છે, (૨) ટાઢવાઈને તાવ આવે છે અને તે તાવ ૧૦૩ થી તે ૧૦૬-૭ સુધી પણ વધી જાય છે. (૩) દરદી ઘણીજ ચીસો પાડે છે, (૪) ભાન રહેતું નથી. (૫) સંન્નિપાત ઉપડે છે. (૬) ડોક અને કરોડના સ્નાયુઓ અક્કડ થઈ જાય છે. (૭) કેટલાક સ્નાયુઓમાં દઢ આક્ષેપ થાય છે એટલે ખેંચાય છે. (૮) શ્વાસોશ્વાસ ઉતાવળથી ચાલે છે. (૯) કીકી કાંતો વિસ્તૃત થાય છે, અગર સંકુચિત થઇ જાય છે. (૧૦) ઉલટી થાય છે. (૧૧) મસ્તિષ્કના મુળમાં ચારે તરફ સૂક્ષ્મ જંતુઓ સ્થુલપટાકાર ઉત્પન્ન થાય છે. (૧૨) મગજના પડમાં અને કરોડરજ્જુમાં વરમ થઇ પરૂ થાય છે (૧૪) માથામાં અને ગળામાં સખત દુઃખાવો થાય છે (૧૫) ગરદનમાં જ્યારે વધારે દુખાવો થાય છે ત્યારે દરદી ચીસો ચીસ પાડે છે (૧૬) દરદી માથુ સ્થિર રાખી શકતો નથી. (૧૭) દરદી બેભાન થઈ જાય છે (૧૮) દરદી લવારો કરે છે (૧૯) ગળામાં કબુતરના જેવો અવાજ થાય છે. (૨૦) શરીર પર રાતાં તથા કાળાં ચામઠાં નીકળે છે (૨૧) હાથપગ ટાઢા થઈ જાય છે (૨૨) હૃદય ઘણુંજ નબળું પડી જાય છે (૨૩) જોઈ શકાતું નથી. (૨૪) ઝાડો પેસાબ બંધ થઇ જાય છે (૨૫) માથાપર પરસેવો ઘણોજ થાય છે (૨૬) ચોવીસ કલાકમાં દરદી મરણને શરણ થાય છે (૨૭) ગળે કંઈ પણ ઉતરી શકતું નથી (૨૮) દરદી ગભરાયેલો રહે છે (૨૯) આંખો પણ ઉઘાડી શકતો નથી (૩૦) કેટલાકને તાવ હોતો પણ નથી (૩૧) કેટલાક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરદીને કરોડરજ્જુમાં સોજો આવે છે. તે સોજો ગાંઠના સ્વરૂપમાં આવીને પાકી જાય છે અને તેમાંથી પરૂ નીકળે છે (૩૨) શરીરના કોઈ ભાગની ગતિ અને જ્ઞાનશક્તિ ઓછી થાય છે (૩૩) કેટલાંક ચિન્હો દગાખોર એટલે નહિ સમજાય તેવાં હોય છે. (૩૪) આ રોગ એકદમ હુમલો કરે છે (૩૫) મગજના અડધા અગર આખા ભાગમાં દાહ થાય છે (૩૬) ઝાડો પેસાબ બરાબર થતાં નથી (૩૭) આંખો રાતી હોય છે. (૩૮) હેડકી ઉપડે છે. (૩૯) જીભ, હોઠ સૂકાય છે. (૪૦) જીભ કાળી પડે છે. **ડૉ. ફ્રુદર્નીંગ જણાવેછે કે દરદી પોતાના શરીરસાથે જાંગ કાટ ખુણે રાખે છે, એ આ જ્વરનું ખાસ લક્ષણ છે.**

સાધ્યાસાધ્યવિચાર—ઉપર જણાવેલા લક્ષણોમાં જ્યારે તાવ આવે ત્યારે દરદી ઘણી ચીસો પાડે, સંનિપાતની પેઠે ગમે તેમ લવારો કરે, બોલી શકાય નહિ, જીભ કાળી પડે, ફેફસામાં સોજો આવી ન્યુમોનીયા જેવું જણાય, કીકીઓ હાલે ચાલે નહિ, નાડી અનિયમિત થાય, ઝાડો પેસાબ બંધ થઈ જાય અને હ્રુદય નબળું પડતું હોય વગેરે લક્ષણો જણાય ત્યારે આ રોગની અસાધ્ય સ્થિતિ સમજવી. આયુર્વેદશાસ્ત્રમાં સંનિપાતની મર્યાદા નીચે પ્રમાણે જણાવી છે, ૭-૯ અને ૧૧ (વાતાધિક, પિત્તાધિક અને કફાધિક સંનિપાતની) એ મર્યાદા આરોગની જાણવી અને તે ઉપરાંત દરદી સારવાર કરતાં બચી ગયો તો તેનો સારી આશા રખાય છે. આ રોગ માટે પ્રથમ ૧-૨-૪ અને ૭ દિવસની મર્યાદા બતાવી છે તે પણ બરાબર છે. આ તમામ હકીકતો ધ્યાનમાં રાખી સારા વૈદ્ય ડૉકટરોએ ચિકિત્સા કરવી.

ચિકિત્સા

કરોડરજ્જુમાં ને માથામાં સણકા, ચસકા મારતા હોય ને તાવ ૧૦૩થી ૧૦૪ સુધી જોવામાં આવે છે તુરત માથા પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કરોડરજ્જુ પર (૧) દશાંગલેપ ગુલાબજળમાં પલાળીને તે જગાએ લેપ કરવો. ગુલાબજળ માથે મુકવું તે વખતે ન હોય તો પાણીમાં સુરોખાર નાંખીને પાણીનાં પોતાં માથા પર મૂકવાં. (૨) બરફ કોથળીમાં ભરીને કોથળી મુકવી. પાણી નીચે ન ઉતરે તે તરફ ધ્યાન આપતા રહેવું. દરદીની બરાબર ચિકિત્સા કરતાં વાત પિત્તનું જોર વધવાથી કરોડરજ્જુમાં સોજો વધતો જાય અને વરમ છે એમ જણાય તો જવના લોટને સુરાખારમાં પલાળીને તેનો રોટલો કરીને માથા પર તથા કરોડરજ્જુ પર મુકવો. (૩) દવામાં **મહામૃત્યુંજયવટીની** એકેકી અગર બે ગોળી સવાર, બપોર અને સાંજરે વાટી મધમાં ચટાડવી. દરદીને આ ગોળીઓ આપવાની સાથે નીચેનો કવાથ આપવો. (૪) ગળો લીંબડાની તો. ૨, ઇંદ્રિજવ તો. ૨, પિત્ત-પાપડો તો. ૨, કાળીદ્રાક્ષ તો. ૨ અને હરડેદળ તો. ૨ આ ચીજોની સાત પડીકી કરી દરરોજ સવાર સાંજ પાણીમાં ઉકાળો કરી દોઢ નવટાંક પાણી રહે એટલે મધ તો. ૦ાા નાંખી હલાવી આ કવાથ પાવો. સાંજરે ફરીને કુચા ઉકાળીને પાવા. દરરોજ ઝાડો પેસાબ બરાબર આવે છે કે નહિ તેની તપાસ રાખતા રહેવી. જુલાબ બીલકુલ આપવો નહિ. મળનું જોર બહુ હોય તો સાબુ ને દીવેલ બેને મસળી નાંખી તેમાં રૂ બોળી ગુદામાં મુકવું અગર બસ્તિ આપવી. જ્યાંસુધી મળ પાક ન થાય ત્યાંસુધી સંભાળીને દવા વિગેરેના ઉપચારો કરવા. શરીરમાં ઘણીજ નબળાઈ આવતી હોય તો (૫) હિરણ્યગર્ભરસ તુલસીના પાનમાં અગર આદાના રસમાં ત્રણ લસરકાઘસી તેમાં રાઈના દાણા જેટલી કસ્તુરી નાંખીને તે પાવું (૬) કસ્તુરી એકલી પણ રાઇના દાણા જેટલી મધમાં આપી શકાય. આ પ્રમાણે કરવાથી શરીરની નબળાઈ ઓછી થશે અને નાડી તથા હૃદયને ટેકો સારો મળશે. શ્વાસોશ્વાસ વધારે થતો હોય તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭) અંબર રતીભાર અને (૮) મોતીની ભસ્મ રતીભાર એ બંનેનાં પડીકાં નં. ૩ ત્રણ કરીને ચાર ચાર કલાકે મધમાં આપવાં કેટલાક દરદીઓ પર શારંગધરાચાર્યની (૯) જ્વરઘ્નીવટી ઘણુંજ સારૂં કામ કરે છે, તે ગોળીઓ ફાર્મસીમાં મળે છે. તેમ સારા વૈદ્યો પોતાની દવાશાળામાં બનાવે છે. ત્યાંથી લઈને તે ગોળીઓમાંથી સવાર બપોરને સાંજરે બબ્બે ગોળીઓ દરદીને ટાઢા પાણી સાથે આપવી ને તે ગોળી ગળી શકાય તેવી સ્થિતિ દરદીની નહોય તો વાટીને મધના પાણીમાં ઓગાળી પાવી. તંદુરસ્ત માણસોને પણ આ દુષ્ટ, ચેપી રોગ ચાલતો હોય ત્યારે સવારસાંજ એકેકી ગોળી અવશ્ય સેવન કરવા યોગ્ય છે. આ રોગની સ્થિતિ કલાકે કલાકે ભયંકર થતી જાય છે. માટે બરાબર તેની ચિકિત્સા સારા વૈદ્ય ડાક્તરના હાથે કરાવવી તેજ શ્રેયસ્કર છે. મગજના પડના દાહને લીધે દરદી ચીસો ઘણીજ પાડે છે અને શરીરના તમામ સ્નાયુઓ ખેંચાય છે. તેવી સ્થિતિ જ્યારે ઉભી થયેલી જોવામાં આવે ત્યારે (૧૦) સ્મૃતિસાગરરસની રતી રતિ ભારની માત્રા મધમાં આપવી ને ઉપર (૧૧) વજનો ઉકાળો આપવો. ખેંચતાણનું જોર વધારે હોય તો (૧૨) દ્રાક્ષાસવની માત્રા ત્રણ ત્રણ કલાકે દોઢ દોઢ રૂપીઆ ભારની આપતા જવી. ઉપર પ્રમાણે દવા આપતાં પણ ખેંચતાણ, તાવ અને ચીસોનું જોર વધારે જણાય તો (૧૩) લક્ષ્મીનારાયણરસની રતિ રતિની માત્રાનાં પડીકાં નં. ૬ કરીને આદાના રસમાં ચાર ચાર કલાકે આપવાં. લક્ષ્મીનારાયણરસ આક્ષેપકજ્વરમાં સારૂં કામ કરે છે; માટે તેનો ઉપયોગ કરવા ચુકવું નહી. આસાથે (૧૪) **નિદ્રાપદ** નામની દવા આપવી તે દવા અડધા રૂપીઆભાર લઇ તેની ત્રણ પડીકી કરીને સવાર બપોરને સાંજરે આપવી. (**બનાવટ**)–ખોરાસાની અજમો તો. ૧ અને હિંગ્વાષ્ટક ચુર્ણ તો. ૦।। પ્રસિદ્ધ છે. વિશેષમાં કરોડરજ્જુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર તથા માથાપર (૧૫) નીચેનો લેપ કરવો. ઘોડાવજ તો. ૦।, કપુર તો. ૦।, કપુરકાચલી તો. ૦।, રતાંજલી તો. ૧, વીરણનો-વાળો તો. ૦। આ પાંચ વસ્તુઓ પાણીમાં ઘસી લેપ કરવો. જ્યાં વૈદ્ય દાક્તરોનો અભાવ હોય ત્યાં નીચે બતાવેલા ક્વાથમાંથી એક ક્વાથ કરવો. (૧૬) ગળો તો. ૧, એરંડાનાંમૂળ તો. ૧, દેવદાર તો. ૧, રાસ્ના તો. ૧ અને હરડેદળ તો. ૧ સરખા વજને લઈ તેની ચાર પડી કરવી તેમાંથી અકેકી પડીકીનો ક્વાથ કરવો. સવાર સાંજ બે વખત ક્વાથ લેવો.

આરોગ પર (૧૭) **અભયાદિક્વાથ** સારો ફાયદો કરે છે.–આરોગ બાળકોને અને મોટાઓને પણ થાય છે. એટલે ઉપરની ચિકિત્સા જે મોટા માણસો માટે બતાવી છે, તે ચિકિત્સા બાળકોને પણ લાગુ પડે છે. પણ બાળકોને દવા આપવાના માપમાં અને મોટા માણસોના દવાઆપવાના માપમાં ફેરફાર હોય છે. બાળકોને ઔષધ આપવાને માપ બાળક ઉત્પન્ન થાય એટલે તેને વાવડીંગના દાણા જેટલું ઔષધ આપવું પછી ઉમ્મરના પ્રમાણમાં એક માસો વધારતા જવું. બાળકની ચિકિત્સા કરવામાં અને મોટા માણસોની ચિકિત્સા કરવામાં વિચાર કરવો પડે છે. બાળકોને દવા આપવામાં સોમલ વછ-નાગ, ધંતુરો અને રસકપુર એવી કેટલીક જલદ દવાઓનો ઉપયોગ કરવો નહી. કારણકે નાના બાળકો પર જોખમ ભરેલી દવાઓનો ઉપયોગ કરવાથી માઠું પરિણામ આવે છે. આ રોગમાં બાળકો માટે નીચે પ્રમાણેની દવાઓનો ઉપયોગ કરવો સારો છે. આ ચેપી રોગની બાળકોમાં શરૂઆત જણાય એટલે તેમને (૧૮) કાકડાશીંગ તો. ૦। હરડેદળ તો. ૦।, વજ તો. ૦। એટલી વસ્તુઓનો ઉકાળો કરી તેને ગળી લઇ શીશીમાં ભરી મૂકવું તેમાંનો ઉકાળો અડધા અડધા રૂપીઆ ભાર ત્રણ વખત પાંચ પાંચ ટીંપાં મધ નાંખીને પાવો. (૧૯) પ્રથમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવેલો દશાંગલેપ ગુલાબજળમાં કાઢવીને બોચીએ લેપ કરવો. (૨૦) ખેંચતાણ બહુ આવતી હોય અને બાળક ચીસો પાડતું હોય તો. (૨૧) કેસરનાબેવાળાને પાણીમાં ઓગાળી તેમાં મધ નાંખીને પાવું. (૨૨) બાળકોને પ્રથમ બતાવેલી જ્વરઘ્ની-વટીની ગોળીઓમાંથી અડધી સવારે અડધી બપોરે અને અડધી સાંજરે મધના પાણીમાં વાટી આપવી. (૨૩) એળીયો રૂ. ૧ ભાર, કાળીજીરી રૂ ૧ ભાર, સોનાગેરૂ રૂ. ૧ ભાર, ઘોડાવજ રૂ. ૧ ભાર ને એરંડાનું મૂળ રૂ. ૧ ભાર એ પાંચેને પાણીમાં ઘસી તેનો લેપ માથાપર અને બોચીએ કરવો (૨૪) કટફલાદિ-ચુર્ણમાંની અકેક રતીની માત્રા પણ બાળકોને મધના પાણીમાં આપવી. (૨૫) બાલપર્પટીની રતિ રતિની માત્રા પણ મધ સાથે આપવામાં આવે તો તેથી સારો ફાયદો કરે છે આ રોગની ચિકિત્સા દોષપરત્વે કરવાની હોય છે; એટલે બનતા સુધી તો સારા વૈદ્ય દાક્તરોની સારવાર નીચે દરદીને રાખવામાં આવે તેજ સારામાં સારો માર્ગ છે. બાળકોને આવા ચેપીરોગ સમયે નીચેની વસ્તુઓના ઘસારવા પાવાથી પણ ઘણું સારૂં થાય છે. (૨૬) હરડે, સંચળ, કરીઆતાનીસળી, ઇંદ્રજવ, જેઠીમધનું લાકડું, વાવડીંગ અને કાયફળ તેને પાણીમાં ઘસીને તે પાણીમાં મધના ચાર પાંચ ટીપાં નાખી હલાવીને પાવાં. ઉપરની વસ્તુ-ઓમાંથી જેટલી મળી આવે તેટલી વસ્તુઓના ઘસારવા ઘસીને પાવા. બાળકોને માટે અમારા તરફથી પ્રકટ થયેલું **જ્વરચિકિ-ત્સા** નામનું પુસ્તક છે, તેમાંના ઉપચારો ઘણા આ રોગમાં લાગુ પડે છે તે વાંચીને કરવા ભલામણ કરીએ છીએ. આ ચેપી રોગ છે. માટે (૨૭) **ત્રિભુવનકીર્તિરસ** (૨૮) **ચિંતા-મણીરસ,** (૨૯) **મૃતસંજીવનીવટી** વગેરે રસો દોષોનો વિચાર કરીને આપવામાં આવે તો સારો ફાયદો કરે છે. કોગળા માટે (૩૦) ફુલાવેલો ટંકણ (૩૧) ફુલાવેલી ફટકડી (૩૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વશગડું મીઠું (૩૩) સિંધવ (૩૪) લીંબડાનાં પંચાંગનો ઉકાળો અને (૩૫) અરડુસીના પાનનો ઉકાળો ઉંના પાણીમાં અગર ઉકાળામાં ફુલાવેલો ટંકણ તથા મીઠું વિગેરે નાંખી તેને હલાવી તેના કોગળા દિવસમાં બેત્રણ વખત કરવા. તેજ પ્રમાણે સવા-રસાંજ ગાયના ઘીમાં તથા બદામના તેલમાં (૩૬) નાગકેસર તથા (૩૭) વાવડીંગ એ બેનું ચુર્ણ પા પા રૂપીઆભાર કકડા-વીને તે ઘી તથા બદામના તેલનાં પાંચ પાંચ ટીપાં નાકમાં મૂકવાં. આ રોગમાં શક્તિને અનુસરી **પંચકર્મ** આયુર્વેદ શાસ્ત્ર વિધિથી કરવામાં આવે તો પણ સારો ફાયદો કરે છે (૩૮) ચાલુ રોગના દરદી આગળ હાથ ધોવા તેમ લુગડાં ધોવા વિગેરે કામ માટે નીચે બનાવેલું પાણી વાપરવું. રસકપુરનું પાણી બે ભાગ અને ૨૦૦૦ ભાગનું મીઠું એ બે ચીજોને પાણીમાં મેળવીને વાપરવું, અગર મીઠું, મોરથુથુ, ટંકણખારનું પાણી વાપરવું આ ચેપી રોગમાં હવાનું વાતાવરણ શુદ્ધ કરવા માટે ધુપ સવારસાંજ કરવો. વિશેષ ધુપ, મહા ધુપ વગેરે આગ્રન્થના પ્લેગના રોગમાં બતાવેલી દવાઓ કરવી.

(૩૯) **કરોડરજ્જુનો સોજો વેરી નાંખનાર**—ગુલબાસ, રગતરોહીડો, રતવેલીયો, એળીયો, દેશીસાબુ, રેવંચીનો શીરો, બેલાડોના તથા પારાનો મલમ વગેરે ઉપરની ગમે તે એકાદ વસ્તુ લગાડવામાં આવે તોપણ સારો ફાયદો કરે છે.

(૪૦) માથાના વરમ ઉપર તથા સોજા ઉપર નીચેનો લેપ અકસીર છે–સોનાગેરૂ તો–૧, ઉપલેટ તો–૧, જેઠીમધ તો ૧, કંપીલો તો. ૧, વાવડીંગ તો. ૧, લીંબડાની લીંબોળી તો. ૧ આ વસ્તુઓને પાણીમાં વાટી જાડો લેપ બોચીએ તથા માથા પર કરવો. બોચીના સોજા ઉપર કેટલીક વખતે જળો મૂકવામાં આવે છે. આ ઉપરાંત (૪૧) દ્રાક્ષાદિકવાથ (૪૨) ઇંદ્રયવાદિકવાથ વિગેરે શાસ્ત્રસિદ્ધ દવાઓ આ રોગ પર સારૂં કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક—આ રોગની શરૂઆતમાં લંઘનની વધારે જરૂર છે, માટે શક્તિને અનુસાર લંઘન કરાયા પછી દોષો પરિપકવ થયા હોય તો પછી મગનુંયૂષ, ગાયનું દુધ, સાબુચોખાનીકાંજી, જૂનાચોખાની કાંજી વગેરે હલકો અને પચે તેવો ખોરાક દરદિને આપવો. મોસંબીનો રસ ગળીને આપવો. આ રોગના દરદીને ખુલ્લી હવાની જગામાં રાખવો જોઇએ. જે માણસો હવાનો ફાયદો નથી સમજતા અને દરદીને ઘરમાં રાખી મુકે છે તેની જીંદગી જોખમમાં આવી પડે છે.

મસ્તિષ્કચ્છાદન (મેનિનજાઇટીસ) નામનો વ્યાધિ પ્રલાપક, રક્તષ્ઠીવી વગેરે સંનિપાતમાં થાય છે અને ટાઇફોઇડ, ન્યુમોનીયા, રતવા અને ક્ષય વગેરે રોગોમાં થાય છે. જે જે રોગોમાં તે જણાય અગર બીજા રોગોના કારણો જણાય તેનો સંપૂર્ણ રીતે વિચાર કરીને ચોક્કસ નિદાન થયા પછી ચિકિત્સા કરવી. આ ચેપી રોગમાં અનેક પ્રકારના વિવિધ લક્ષણો જોવામાં આવે છે, માટે તે પર ધ્યાન આપીને તેની ચિકિત્સા કરવી.

આર્ય વૈદ્યકમાં—આ ચેપી રોગ માટે મારો અનુભવ નીચે પ્રમાણે થયો છે. (૧) **કેસરાદીગુટી**—કેસર તો. ૧, એળીયો તો. ૧, ગુગળ ભેંસીઓ તો. ૧, વાવડીંગ તો. ૧, નિલોફર તો. ૧ આ પાંચ વસ્તુઓની ગોળીઓ તુલસીના પાનના રસમાં મગ જેવડી કરવી તેમાંથી મોટા માણસને સવાર સાંજ અકેકી ગોળી આપવી અને બાળકોને એક ગોળીનો અડધો ભાગ સવાર સાંજ આપવો. આ સાથે શારંગધરસંહિતા વાળી (૨) જ્વરઘ્ની આપવાથી પણ સારો ફાયદો જોવામાં આવ્યો છે. (૩) કરોડરજ્જુના પડના વરમ માટે (૩) દશાંગલેપ ગુલાબજળમાં કાલવીને ચોપડવાથી સોજો ઓછો થાય છે અને અંદરનું વરમ સારૂં થઇ જાય છે કેટલીક વખતે દશાંગ સાથે (૪) સોનાગેરૂ તેટલા પ્રમાણમાં નાંખીને સુરોખારના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીમાં પલાળીને ચોપડવાથી આરામ થાય છે. વિશેષમાં (૬) નાના છોકરાઓમાં (૭) કટફલાદિ (૮) બાળપર્પટી, પ્રથમ બતાવેલા છોકરાઓના ઘસારવા સારૂ કામ કરે છે. માથાના ચસકા માટે (૯) લીંબડાનાં તથા (૧૦) નગોડનાં પાન બાફીને બાંધવાથી પણ સારો ફાયદો થાય છે. દરદીને આરામ આપવા માટે પ્રથમ બતાવેલું (૧૧) **નિદ્રાપ્રદ**–સારૂં કામ કરે છે. વિશેષમાં (૧૨) દ્રાક્ષાસવ આપવાથી પણ સારો ફાયદો થાય છે. આ રોગ પર દરેક દેશના જુદાજુદા વિદ્વાનોએ જુદા જુદા ઔષધ પ્રયોગો જણાવ્યા છે. ઔષધોનું કામ હમેશાં એવું છેકે જેમને જે અનુકુળ આવે તે પ્રમાણે તે કરે એજ સાચો માર્ગ છે. ઉપરના ઔષધો તૈયાર રાખવામાં આવે છે, માટે મંગાવવા કૃપા કરવી. ઔષધો ઓછામાં ઓછી પડતર કીંમતે આપવામાં આવશે.

આક્ષેપકજ્વર (સે. સ્પા. મે.) શરૂ થતાં પહેલાં અને થયા પછી લોકોએ કેટલીક સૂચનાઓ ધ્યાનમાં રાખવાની છે તે નીચે પ્રમાણે છેઃ—

(૧) દરદીને ખુલ્લી હવામાં રાખવો.

(૨) સારા વૈદ્ય દાક્તરની દેખરેખ નીચે રાખવો.

(૩) ગંદકી ન થવા માટે, તેમ હવા સારી થવા માટે લોબાન, કંદરૂપ, ગુગળ અને ગંધકનો દરરોજ ધુપ કરવો તથા પ્રથમ બતાવેલા ધુપો પૈકીનો ધુપ કરવો.

(૪) રહેવાની જગાએ લગારે ગંદકી થવા દેવી નહિ અને તે જગાઓ સાફ રાખવી, જેથી ચાંચડો અને મચ્છરો થવાનો સંભવ રહે નહિ.

૫ પાણી ઉકાળીને પીવું.

૬ મિતાહાર કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ ટાઢો, વાસી, ઉભાયેલો ખોરાક ખાવો નહિ.

૮ સડેલાં શાકભાજી ખાવાં નહિ.

૯ આ ચેપી રોગવાળાએ ખાધેલો ખોરાક, ચ્હા, બીડી પાન કે પાણી પીધેલાં હોય તે પીવાં નહિ.

૧૦ આ ચેપી રોગવાળાનાં ઝાડો, પેસાબ અને કફ યુક્તિથી નિવૃત્ત કરવાં.

૧૧ દરરોજ લીંબડાના પાણીથી અગર કાળીજીરી નાંખીને ઉકાળેલા પાણીથી નહાવું, લીંબડાનો તથા કપુરનો સાબુ વાપરવો.

૧૨ ગીચોગીચ વસ્તીમાંથી છુટી હવામાં જતા રહેવું.

૧૩ હોટલોમાં, સીનેમાઓમાં અને નાટકોમાં જ્યાં બહુ માણસો ભેગાં થતાં હોય એવા મેળાવડામાં જવું નહિ.

૧૪ ધુમાડો, ધુળની રજ બહુ ઉડતી હોય તેવી જગાએથી આવવું નહિ અગર ત્યાં જવું પણ નહિ.

૧૫ ગટરોના બાજરૂઓમાં તથા ખાળોમાં હમેશાં ફીનાઇલ છાંટવું.

૧૬ કપુરની ગોટી તથા ડામરની ગોળી પાસે રાખવી.

ઔષધશોધનવિધિ.

આયુર્વેદિક શાસ્ત્રોના મત પ્રમાણે કેટલાંક દ્રવ્યો શુદ્ધ કરીને વાપરવાનાં છે, માટે તે ઔષધિદ્રવ્યો શુદ્ધ કરવાનો વિધિ નીચે પ્રમાણે બતાવ્યો છે.

(૧) પારો—ડમરૂયંત્રથી, હીંગળોકમાંથી કાઢેલો પારો શુદ્ધ ગણાય છે. ઉત્તમ હિંગળોક લીંબુના રસમાં ખરલ કરી તેની ટીકડીને ડમરૂ યંત્રમાં મુકી તે ચુલા ઉપર મૂકી નીચે તાપ કરવો. એથી નીચેની હાંડલીમાંથી ઉડીને પારો ઉપરની હાંડલીને ચોંટશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) **ગંધક**–(૧) ગંધકથી દશ ગણું દુધ તપેલીમાં નાંખીને તેના મોં ઉપર ફરતો ઝીણા લુગડાનો કકડો બાંધી તેના ઉપર ગંધકનું ચુર્ણ મુકી પછી માટીનો કે ઘઉંના લોટની કણેકનો થર કરી તે ઉપર નાની લોઢી ઢાંકવી, તેના ઉપર દેવતાઓના અંગારા મૂકવા, જેથી નીચેનો ગંધક પીગળી દુધમાં પડશે તે ગંધક ચોખા પાણીથી ધોઈ સાફ કરીને રાખવો. (૨) લોઢાની કઢાઈમાં ઘી નાંખી તપાવીને પછી ગંધકનું ચુર્ણ નાંખી હલાવી ઘીને ગંધક એકરસ થાય ત્યારે તે ગાયના દુધમાં નાંખવું; પછી ઠંડુ પડે ત્યારે સાફ કરીને વાપરવો.

(૩) **હીંગળોક**—હીંગળોકને વાટીને ઘેટીના દુધની સાત ભાવના આપવી અને સાત ભાવના લીંબુના રસની આપવી, પછી વાટીને વાપરવો.

(૪) **મનશીલ**–મનશીલના નાના કકડા કરી બકરીના મૂત્રમાં દોલાયંત્રથી બાફ આપવો એટલે શુદ્ધ થશે.

(૫) **હરતાલ**—બારીક કકડા કરી કાંજી, ભુરા કહોળાનો રસ, ત્રિફળાનો ઉકાળો, તલનું તેલ એ વસ્તુઓમાં દોલાયંત્રથી બાફ આપવાથી શુદ્ધ થશે.

(૬) **સોમલ**–તાંદળજાના રસમાં સોમલના બારીક ટુકડા કરી દોલાયંત્રમાં પોટલી રાખી પકવાથી શુદ્ધ થાય છે.

(૭) **વછનાગ**—કકડાની પોટલી કરી ગાયના મૂત્રમાં ત્રણ દિવસ બુડાડી રાખવી. દરરોજ ગાયનું મૂત્ર નવું નાંખવું, (૨) ગાયના દુધમાં ઉપર પ્રમાણે દોલાયંત્રથી શોધન કરવું.

(૮) **ખાપરીયું**—ખાપરીયાના નાના કકડા કરી ગૌમૂત્રમાં સાત દિવસ સુધી પલાળી રાખવા, ગાયનું મૂત્ર દરરોજ તાજુ નાંખવું તથા ગૌમૂત્રમાં દોલાયંત્રથી છ કલાક બાફ આપવો.

(૯) **નેપાળાનાં બી**–નેપાળાની અંદરના ગોળાની પોટલી બાંધી ગાયના છાણમાં ત્રણ દિવસ રાખી ચોથે દિવસે ભેંસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાણુમાં દોલયંત્રથી બાફ દઈ ગરમ પાણીથી ધોઈ નાંખવાં, પછી તેની બએ ફાડો કરી તેની અંદરથી જીભ કહાડી નાંખવી.

(૧૦) **ઝેરકોચલાં**-ઝેરકોચલાં ગૌમૂત્રમાં બાફી ને ઉપરના છોતરાં કહાડી નાંખીને બાફેલાં ઝેરકોચલાંની બે ફાડો કરી તેની અંદરની જીભ કહાડી નાંખવી અને પછી ઘીમાં શેકી ખાંડી, ભુકો કરવો. લાલ થાય ત્યાં સુધી ઘીમાં શેકવું.

(૧૧) **ધંતુરાનાં બી**-ધંતૂરાનાં પાકાં બી ગૌમૂત્રમાં ચાર પ્રહર (બાર કલાક) પલાળી રાખવાં અને પછી ફરીને ગૌમૂત્રમાં બાફવાં; પછી ઉપરની છાલ કહાડી નાંખી તડકે સુકવી ઉપયોગમાં લેવાં.

(૧૨) **ભાંગ**—ભાંગ ટાઢા પાણીથી ધોતાં ધોતાં લીલાશ જતી રહે ત્યાં સુધી ધોવી પછી સુકવીને વાપરવી.

(૧૩) **મોરથુથુ**—મોરથુથુ જેટલી કબુતરની અઘાર અને બિલાડીની વિષ્ટા બંન્નેનો ખરલ કરી બે કોડીઓ વચ્ચે સંપુટ કરી કપડમાટી કરી અડાયાં છાંણાંનો તાપ કરવો. થંડો પડયા પછી દહીંમાં ઘુંટીને એવોજ હલકો પુટ આપવો.

ઔષધોના સમૂહની સૂચના.

એક ઔષધ સાથે બીજા ઔષધોના સમૂહ સૂચવનારાં આર્ય વૈદ્યકમાં જે નામો આપેલાં છે તે બાબતની સમજૂત નીચે પ્રમાણે છે.

અમ્લ પંચક—બોર, દાડમ, કોકમ, ચુકો અને અમ્લવેતસ.

અષ્ટગંધ—કપૂર, ચંદન; મોથ, કુસુમ, દેવદાર, ગોરોચન કેસર અને વાળો.

ઔષધી પંચામૃત—ગળો, મુસળી, સુંઠ, ગોખરૂ અને શતાવરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કટુષણ—લીંડીપીંપર, પીંપરીમૂળ અને સુંઠ.

કંટકારીત્રય—ઉભી રીંગણી, બેઠી ભોરીંગણી અને ગોખરૂ.

કટુગ્રંથી—સુંઠ, લસણ, આદુ અને પીંપળીમૂળ.

ક્ષારદ્વય—જવખાર અને સાજીખાર.

ક્ષારત્રય—જવખાર, સાજીખાર, ટંકણખાર.

ક્ષારપંચક—ખાખરા, કમળ, જવ, તલસરાં (તલના છોડ) ના બનાવેલા ક્ષાર અને સાજીખાર.

ક્ષારષટ્ક—તલસરા, લાંગલી, અડદ, અંઘેડો, મરખો અને કડો એ છ ચીજોના ક્ષાર.

ક્ષારદશક—સરગવો, મૂળ, પલાસ (ખાખરો), આમલી, ચિત્રક, આદુ, શેરડી, અંઘેડી, મોચરસ અને જવ.

ચતુરમ્લ—અમ્લબેદ, કોકમ, મોટાં લાંબાં અને ગોળ લીંબુ, ખાટાં લીંબુ.

ચતુરૂષણ—સુંઠ, મરી, લીંડીપીંપર અને પીંપળીમૂળ.

ચાતુર્જાત—એના બે પ્રકાર છે (૧) ૧ તજ, ૨ તમાલપત્ર, ૩ એલચી અને ૪ નાગકેસર એ ચાતુર્જાત; (૨) નાગકેસરના સ્થાને મરી હોય તે કટુ ચાતુર્જાત

ચાતુર્ભદ્રક—સુંઠ, અતિવિષ, મોથ અને ગળો.

ચતુર્બીજ—મેથી, અસાળીઓ, કાળીજીરી અને અજમોદ.

ત્રિકટુત્ર્યુષણ—સુંઠ, મરી અને લીંડીપીંપર.

ત્રિફળાં—એ ત્રણ પ્રકારનાં છે. (૧) હરડે, બહેડાં અને આમળાં એ સમાન ભાગે અથવા હરડે ૧ ભાગ બહેડાં ૨ ભાગ ને આમળાં ૪ ભાગને ત્રિફળાં કહે છે. (૨) દ્રાક્ષ, શવત, ખજુરનાં ફળ એ મધુર ત્રિફળાં; (૩) જાયફળ, લવીંગ અને એલચી એ સુગંધી ત્રિફળાં.

ત્રિસુગંધ—તજ, તમાલપત્ર અને એલચી.

ત્રિજાત—ઉપર મુજબ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિસમ—હરડે, સુંઠ અને ગળો.

ત્રિકાર્ષીક—સુંઠ, અતિવિષ અને મોથ.

ત્રિસિતા—શેલડી, મધ અને જારના સાંઠાની સાકર.

ત્રિકંટક—સુંઠ, ગળો અને ધમાસો.

ત્રિલોહ—સોનું, રૂપું અને તાંબુ.

દશમૂળ—લઘુ પંચમૂળ; બૃહત્પંચ મૂળ એકત્ર.

નિંબપંચાંગ—લીમડાનાં પાંદડાં, ફુલ, ફળ, મુળ અને છાલ.

પંચકોલ—એના બે પ્રકાર છે (૧) લીંડીપીંપર, પીપળીમૂળ, ચવક, ચિત્રક અને સુંઠ, (૨) હરડે, અજમોદ, સંચળ, હીંગ અને સુંઠ.

પંચપલ્લવ—વડ, પીંપર, પીંપળો, ઉમરો, પારસપીંપળો એ પાંચે ઝાડની કુંપળો.

પંચમૂળ—એના સાત પ્રકાર છે (૧) સાલવણ, પીઠવણ, બેઠીરીંગણી, ઉભીરીંગણી અને ગોખરૂ એ લઘુ પંચમૂળ.

(૨) બીલી, સીવણ, પાટલા (કાંકચ), અરણી, અરલુ એ બૃહત્ પંચમૂળ.

(૩) બળદાણા, સાટોડી, મુદગપર્ણી (જંગલી મગ), માષપર્ણી (જંગલી અડદ) ને એરંડમૂળ એ મધ્યમ પંચમૂળ.

(૪) હળદર, ગળો, મીઠીઆવળ, સારીવા અને વીદારીકંદ એ બલ્યાખ્ય પંચમૂળ.

(૫) જીવક, ઋષભક, વીરાજીવંતી, શતાવરી અને જીવકાદી એ જીવક પંચમૂળ.

(૬) દર્ભ (દાભડો), કાંસ (કાસડો), સર, સાલ્ય, શેલડી એ તૃણ પંચમૂળ.

(૭) ગોખરૂ, બોરડી, ઇન્દ્રવારણી (ત્રુસકુ અથવા કડવી કોઠીંબી), કાસંદરો, શિરીષ (સરસડો) એ ગોક્ષુરાદી પંચમૂળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચમહાવિષ--સોમલ, હરતાલ, મનશીલ, વછનાગ અને સર્પવિષ.

પંચામૃત—સુંઠ, કાળી મુસળી, ગળોસત્વ, શતાવરી, ગોખરૂ અથવા દૂધ, દહીં ઘી, મધ, ખાંડ.

પંચગવ્ય-ગાયનાં મૂત્ર, છાંણ, દૂધ, દહીં અને ઘી એ પાંચે પદાર્થ.

પંચામ્લ—અમલબેદ-કોકમ, મોટાં લાંબાં લીંબુ, ગોળ ખાટાં લીંબુ અને બીજોરાં.

પંચગણ-પીઠવણ, ઉભી રીંગણી, બેઠી ભોરીંગણી, વિદારી-કંદ અને બીજોરૂં.

પંચસમ--એના બે પ્રકાર છે (૧) સુંઠ, લીંડીપીંપર, હરડે, નસોત્તર, સંચળ; (૨) આમલી, સિંધાલુણ, ચિત્રકમુળ, હરડે અને લીંડીપીંપર.

પંચાગ લેપ—સાટોડીનાં મૂળ, દેવદાર, સુંઠ, સરસવ અને સરગવાની છાલ.

પંચમૂત્ર-ગાય, બકરી, ઘેટી, ભેંસ, ગધેડી એ પાંચનાં મૂત્ર.

મધુત્રય-ઘી, ગોળ, મધ,

મિત્રપંચક-ઘી, મધ, ગુગળ, ચણોઠી અને ટંકણખાર.

લવણત્રય-સિંધાલુણ, સંચળ અને બીડલવણ.

લવણપંચક-સિંધાલુણ, સંચળ, બીડ લવણ, વડાગરૂં મીઠું અને દરીયાનું કિંવા નદીનું (ગસીયું) મીઠું.

વ્યોષ—ત્રિકટુ (સુંઠ, મરી અને લીંડીપીંપર).

ષડ્રસ— ગળ્યો, ખાટો, ખારો, કડવો, તીખો અને તુરો.

ષડુષણ— સુંઠ, મરી, લીંડીપીંપર, પીંપળીમૂળ, ચવક અને ચિત્રક.

સુગંધી પંચક-કેસર, અગર, કપૂર, કસ્તુરી અને ચંદન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુગંધી ષટ્ક—એના બે પ્રકાર છે; (૧) જાયફળ, લવંગ, કપૂર, સોપારી, વાળો અને ચણકબાલા. એ સુગંધી ષટ્ક. (૨) કૃષ્ણાગરૂ, કસ્તૂરી, કપૂર, શ્વેતચંદન, ચણકબાલા અને નોરવેલનો કંદ એ મહાસુગંધીષટ્ક.

ષટ્પ્રાણ હરણ-સડેલું માંસ, વૃદ્ધ સ્ત્રી, ભાદરવાનો તડકો, ભેંસનું દહીં, પરોઢીએ સ્ત્રીસંગ અને દિવસની નિદ્રા.

ષટ્પ્રાણ કર-તાજું મિષ્ટાન્ન, નવું અન્ન, બાળ સ્ત્રી, દુધનું જમણ, ઘી અને ઉંના પાણીથી સ્નાન.

સપ્તોપવિષ-૧ આકડાનું દુધ, ૨ થોરનું દુધ, ૩ લાંગલી, ૪ કણેર, ૫ ચણોઠી, ૬ અફીણ અને ૭ ધંતૂરો.

સપ્તોપધાતુ--૧ સુવર્ણમાક્ષિક, ૨ તારમાક્ષિક, ૩ મોરથુથુ, ૪ કાંસુ, ૫ પિત્તળ, ૬ સિંદુર અને ૭ મંડુર.

સપ્તધાતુ—૧ સોનું, ૨ રૂપું, ૩ તાંબુ, ૪ સીસુ, ૫ કલઈ, ૬ જસત, ૭ લોઢું.

સપ્ત સંતર્પણ-૧ દ્રાક્ષ, ૨ દાડમ, ૩ ખજૂર, ૪ સાકર, ૫ શાલિધાન્ય (ડાંગેર), ૬ મધ, ૭ ઘી.

સપ્તવિધ ક્વાથ—૧ પાચન, ૨ દીપન, ૩ શોધન, ૪ ક્લેદન, ૫ શમન, ૬ તર્પણ, ૭ શોષક.

" વિષચિકિત્સા "

વિવેચન—ઝેર બે પ્રકારનાં છે. સ્થાવર અને જંગમ, સ્થાવરમાં ખનિજ અને વનસ્પતિ વિષનો સમાવેશ થાય છે. જ્યારે જંગમમાં સર્પ વિગેરે ઝેરી પ્રાણીઓ આવી જાય છે. જુદા જુદા ઝેરનાં જુદાં જુદાં લક્ષણ હોય છે, લક્ષણો જાણ્યા પછી વિષનો વખતસર ઉપચાર થાય તો ઝેરવાળા દરદીઓ બચી શકે છે, ઝેર શરીરમાં બે રીતે પ્રવેશ કરે છે. (૧) જાણી જોઇને ઝેરી વસ્તુ ખાવા પીવાથી તથા (૨) બીજી રીતે ઝેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુ ભૂલથી ખવાઈ જવાથી તથા ઝેરી પ્રાણીના ડંખથી. ઝેરી વસ્તુઓ અને પ્રાણીઓ ઘણા પ્રમાણમાં હોવાથી તે વિષે કેટલુક વર્ણન અહીં કરવામાં આવ્યું છે.

સ્થાવર વિષ

સોમલ—(આર્સેનિક) ઝેર આપવા માટે વપરાતી અફીણથી ઉતરતી આ વસ્તુ છે, સોમલ થોડો લેવામાં આવ્યો હોય તો પણ ઝેરની અસર થાય છે, તેનામાં સ્વાદ ન હોવાથી ખબર ન પડે તેવી રીતથી ખવાઇ જવાય છે, હિંદુસ્તાનમાં તેને **સંખીઓ** કહે છે. **સોમલના ઝેરનાં લક્ષણો**-ખાધા પછી કલાકમાં પેટમાં દરદ થાય છે, દબાવાથી વધારે દરદ થાય છે, પછી ઉછાળો તથા ઉલટી થાય છે, શરીર ઠંડુ તથા પરસેવો થાય છે, અવયવો ધ્રુજે છે, હાથપગ નાકની ડાંડી ઠંડી પડે છે, ફેર આવે છે, નાડી કઠણ અને જલદ, પેટમાં ચુંક થઈ ઝાડા થાય છે, પેસાબ થોડો અને દાહવાળો, કદાચ અટકે છે, વખતે લોહી પડે છે, આંખો લાલ થાય છે, શ્વાસ, છાતીનો ધબકારો, માથામાં દરદ, બૂમો પાડવી, પથારીમાં પછડાઇ જવું, ચહેરો લેવાઈ જવો. રક્તાશય બંધ પડી દરદી મરણ પામે છે, સોમલના ઝેરવાળો દરદી મરણ સુધી ભાનમાં હોય છે.

ઉપાય—સોમલ અઢી ગ્રેન ઓછામાં ઓછું લેવાથી મરણ થાય છે. સોમલ વજનદાર હોવાથી ઝાડા ઉલટીમાં નીકળી જાય છે, તેથી સોમલના ઘણા કેસ સારા થઇ જાય છે. (૧) **ઉલટી** સર્વોત્તમ ઉપાય છે. ઉલટી પછી ઝેરના વારણ માટે થોડા થોડા અંતરે દુધને બરફ આપ્યા કરવો (૨) એકલો બરફ ચુસવો. (૩) દુધ તથા ચુનાનું પાણી એકત્ર કરી લેવું. (૪) દાહ માટે ઠંડુ પાણી, બરફ, લીંબુ અને નારંગીનું શરબત વાપરવું. શીતળ ચીજો અવાર નવાર આપવી. (૫) ચુંક દબાવવા ઓથમીજીરૂ, ગુલાબજળને મુગલાઈ બે દાણા પીવા. (૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માખણ, મરી ચાટવું. (૭) કાથાનું પાણી પીવું (૮) ગલજીભી ને તાંદળજાનો રસ પીવો. (૯) ઘી તથા દહિં પાઈ ઉલટી કરાવવી. (૧૦) કારેલીના પાનનો રસ પાઇ ઝાડો ઉલટી કરાવવાં. **હરતાલ**—આ સોમલનો ક્ષાર છે. તેના ઉપાયો તેનાજ કરવાથી તુરત લાગુ પડે છે. (૧) તેલ ને ચુનાનું પાણી પાવું. (૨) ઉલટી કરાવવી. (૩) વિરેચન આપવું. (૪) રાઈ ને પાણી આપવું. (૫) દુધને પાણી આપવું. (૬) બરફ ચુસાડવો.

મનશીલ—આપણ સોમલનો ક્ષાર છે જેથી ઉપર પ્રમાણે બતાવેલા ઉપચારો કરવા.

પારો—(મકર્યુરિ) પારો એકલોજ લેવામાં આવે તો પેટમાં ટકી શકતો નથી, કોઈપણ રીતે બહાર નિકળી જાય છે તેમજ, ઇજા પણ બનતાં સુધી કરતો નથી. પારાની હરેક બનાવટ ઝેરી ગણાય છે.

રસકપુર—(**લક્ષણ**)-મોં આવવું, ગળુ આવવું, અન્ન નળીને હોજરીમાં દાહ તથા ચાંદાં થવાં. લોહચ બળવો, ઝાડે તથા ઉલટીમાં લોહિ પડવું. થુક નીકળ્યા કરવું, આંચકી, તાણને છેવટે મરણ નિપજે છે. **ઉપાય**-(૧) દુધ સાથે ઘઉંનો લોટ વાપરવો. (૨) ગુંદરનું પાણી. (૩) ઉલટી થવા દેવી. (૪) જુલાબ આપવો. (૫) દીવેલ આપવું. (૬) ઘી પાઇ ઉલટી કરાવવી. (૭) ઇંડાની સફેદી આપવી. (૮) આંબળાં ગરમ પાણી સાથે આપવાં. (૯) તેના કોગળા કરવા. (૧૦) પાનનો રસ ને ગંધક પાવો. (૧૧) કારેલીના મુળનો રસ પાવો.

મોરથુથુ—(બલ્યુ વિટ્રીઑલ) તાંબાના ઝેરી ખારને **જંગાલ** કહે છે. દગાથી કે ભુલથી ખવાય છે. **લક્ષણ**-ઉલટી, ફેર, ચક્કર, માથુ ચઢવું, ઉબકા વિગેરે. **ઉપાય**- ૧) ઉલટી કરાવવી. (૨) ઇંડાની સફેદી પાણીમાં પાવી. (૩) લીંબુનો રસ ને સાકર પાવાં. (૪) કાથાનું પાણી પીવું. (૫) દુધ પાણી પાવાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીશું—(શુગરલેડ) **લક્ષણ**-મોમાં મિઠાશવાળો સ્વાદ, ઉલટી, વખતે લોહી પડવું, ચુંક, શુળ, હાથપગ ખેંચાવા વિગેરે. **ઉપાય**-(૧) ઉલટી કરાવવી. (૨) ગુંદરનું પાણી. (૩) કાંજી. (૪) દુધ અને ચીકણી વસ્તુઓ ખવરાવવી. (૫) એપ્સમસોલ્ટ ને પાણી આપવું

કાચ--કાચની ઝીણી ભુકી પેટમાં જવાથી ઝેરની અસર થાય છે. **લક્ષણ**-ઉલટી, ઝાડા, પેટ ચઢવું, તાવ, દાહ, તરસ. **ઉપાય**-(૧) દહિં, દુધ અને આંબલીથી ઉલટી કરાવવી. (૨) નવસાર પાવો. (૩) ગોપીચંદન પાવું.

અફીણ--(ઓપીયમ) **લક્ષણો**-ફેર આવવા, માથામાં દરદ થવું, ઝોકાંખાવાં, બરાબર સાંભળે નહિ, બેશુદ્ધિ થવી, બુમ મારી બોલવાથી જાગૃત થવુંને બેભાન થવું, શ્વાસ ધીમો થવો, આંખો મિચાવી, પોપચાં ઉઘાડી જોતાં કીકીઓ નાની ચણા જેટલી થએલી માલમ પડે છે, પરસેવો, હોઠને મોં કાળું પડવું, ઉલટી થવી, ઝાડોબંધ થવો તથા ખેંચતાણ થવી વિગેરે. અફીણની અસર ૦।। કલાકથી શરૂઆત થાય છે. ખાલી પેટે જલદી અસર કરે છે અને ઉંઘી જવાથી તેથીય જલદી અસર કરે છે. ૩ રતીથી મરણ થાય છે, **ઉપાય** (૧) ગરમ પાણી આપી ઉલટી કરાવવી. (૨) ગળામાં પીંછી ફેરવી ઉલટી કરવી (૩) "ઝીંક સલ્ફેટ" ને ૨૦ ગ્રેન પાણીમાં આપવું. (૪) રાઈને પાણી આપવું. (૫) મીઠું ને પાણી આપવું. (૬) ઉંનું કરી ઘીજ પાયા કરવું, જ્યાંસુધી ઉલટી ન થાય ત્યાંસુધી પાવું, ઉલટી થાય એટલે પણ પાયા કરવાથી તમામ ઘી લીલું થઇ નીકળશે. (૭) દરદીને ઉંઘવા દેવો નહિ. (૮) ઠંડુ પાણી લઈ છાંટવું. (૯) કોફી પાયા કરવી. (૧૦) ફટકડીનું પાણી પાવું. (૧૧) હિંગને પાણી આપવું. (૧૨) અરીઠાનું પાણી પાવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝેરકોચલું-(નકસવોમિકા)-વૈદ્યો ઘણા પ્રમાણમાં વાપરેછે.

લક્ષણ-ખાધા પછી ધનુર્વાને મળતાં ચિન્હ થાય છે, ખાસ કરીને **ખેંચતાણ એ મુખ્ય** ચિન્હ છે, હાથ પગની નસો ખેંચાવી વિગેરે. **ઉપાય**-(૧) ઉલટી કરાવવી. (૨) જુલાબ આપવો (૩) અફીણ આપવું. (૪) ઘી પુષ્કળ પાઈ ઉલટી કરાવ્યાજ કરવી. ઘી ઘણો સારો ઉપાય છે.

ધંતુરો-(સ્ટ્રેમોનિયમ) ઝેરી છે તેમ તેનાં બીજ વધુજ ઝેરી છે. **લક્ષણો**-માથામાં ચકરી આવવી, શોષ, તૃષા, કીકીઓ પહોળી થવી, દૃષ્ટિ નાશ, બબડવુ, ચહેરો લાલ થવો, કપડામાંથી કાંઇ વિણતો હોય અથવા હવામાંથી કાંઈ પકડતો હોય તેવા ચાળા કરે છે આ તેનું ખાસ ચિન્હ છે. નાડી જલદ થઈ બહુ ઝેર ચઢયું હોય તો શરીર ઠંડુ થઈ દરદી મરણ ને શરણ થાય છે. **ઉપાય**—(૧) ઉલટી કરાવવી, (૨) રેચ આપવો, (૩) સમુદ્રફળને ગોમુત્રમાં પાવું. (૪) તેલને ગરમ પાણી મીશ્રણ કરી પાવાં. (૫) દહીં ને ઘોડાવજ ખવરાવવાં. (૬) દરદીને ઉંઘવા દેવો નહિ.

વછનાગ-(એકોનાઇટ) આ ઝેર ઘણું જલદ છે. **લક્ષણ**-મોં, જીભને હોઠમાં તમતમાટ, આગ, પાણી છુટવું, ઉલટી, કંપ, અંધારાં, કાનમાં અવાજ, બેશુદ્ધ થવું, શ્વાસ રૂંધાઈ ધીમો થવો, હાથપગ ઠંડા થાય છે છેવટે આંચકી સાથે મૃત્યુ થાય છે. **ઉપાય**—(૧) ઉલટી કરાવવી. (૨) કોફી જલદ કરી પાવી. (૩) સાબુના પાણીની પીચકારી મારી પેટ સાફ કરવું. (૪) ઘી પાવું વિગેરે.

ભાંગ-ગાંજો-(હેમ્પ) **લક્ષણ**-આંખો લાલ થાય છે, તોફાન કરવું, હસવું, મારવા દોડવું, બકયા કરવું, ગાળો દેવી. **ઉપાય**-(૧) ઉલટી કરાવવી. (૨) જુલાબ આપવો. માથે ઠંડુ પાણી છાંટવું. (૪) ઉંઘવા દેવો નહિ. (૫) દહીં. (૬) ચોખા. (૭) છાશ વિગેરે ખવરાવવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરેણ-કણેર-આ ફુલનું ઝાડ ઝેરી છે. **લક્ષણ** ઉલટી, ઘેન, ચક્કર, બેશુદ્ધિ, નાડીબળ વગરની, શ્વાસ રોકાવો ને મરણ થવું. **ઉપાય**-માખણ ઉપરનું પાણી પાવું, (૨) દુધમાંને (૩) દહીંમાં સાકર મેળવી ખવરાવવો.

બહેડાં—(ભીજઝેરી છે) આનાં લક્ષણો અફીણને મળતાં છે. **ઉપાય**-(૧) ઉલટીકરાવવી. (૨) રેચ આપવો. (૩) ગરમી કરે તેવી હવા આપવી.

કડવી બદામ-ઝેરી છે. **ઉપાય**-(૧) બરફ તથા (૨) મોં ઉપર ઠંડુ પાણી છાંટવું. (૩) હિરાકસી, ટીંકચર ઑફ્સ્ટીલ અને પાણી મેળવી પાથા કરવું.

તમાકુ-લક્ષણ—ફેર, ઉલટી, નાડી મંદ પડવી, તોડ થવા, અશક્તિ, શરીર ઢીલું થવું વિગેરે. **ઉપાય**-(૧) ઉલટી કરાવવી. (૨) એરંડીયાનો જુલાબ આપવો. (૩) જાયફળનો ઉકાળો આપવો. (૪) ટેનિક એસીડ આપવો.

સોપારી-લક્ષણ—ઉપર મુજબ. **ઉપાય**-(૧) ઘી પાવું. (૨) સાકર પીવી. (૩) ઠંડુ પાણી પીવું.

નેપાળો—અતિદાહ થાય છે. (૧) દહિં સાકરને એલચી પાવાં. (૨) દહિં, ભાત, સાકર ખાવાં. (૩) ઘી પીવું.

ભીલામાં-લક્ષણ—શરીરે ફુટી નીકળે છે, દાહ કે બળત્રા બહુ થાય છે, ચળ આવે છે. **ઉપાય**-(૧) માખણ, સરસવ અને તાંદળજાનો લેપ કરવો. (૨) તલ, દુધને રાયણાનો લેપ કરવો. (૩) ટોપરૂ ખાવું. (૪) તલ તથા ઘી પાવું. (૫) દશાંગલેપ લગાડવો. (૬) આંબલીનાં પાન બાફી બંધારણ કરવું. (૭) તલ, સાકરને ટોપરૂ ખાવાં.

ચણોઠી-ઉપાય—(૧) ઘી પીવું. (૨) તાંદલજાનો રસ ને સાકર પીવાં. (૩) વીરેચન આપવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકડો-ખાસ **લક્ષણ**—ગળુ બેસી જાય છે. **ઉપાય**—(૧) આંબલીનાં પાન વાટીને લેપ કરવો. (૨) ઘી ખાવું. (૩) વિરેચન કરવું.

થોર-લક્ષણ—ઉપર મુજબ-(૧) ઘી પીવું. (૨) સાકરને ઠંડુ પાણી મેળવી પીવું. (૩) બહાર ઘી લગાડવું.

મદ્ય—લક્ષણ-બકવું, બેશુદ્ધ થવું, ગાળો દેવી, તોફાન કરવું. **ઉપાય**—(૧) ઘી સાકર પાવાં. (૨) માથે ઠંડુ પાણી છાંટવું. (૩) ઠંડા પાણીએ નવરાવવો. (૪) ઘાણા સાકર પાવાં.

જંગમવિષ.

સર્પ-લક્ષણ-સાપ કરડે કે તરતજ દરદીને માથામાં જાણે લાકડીનો ફટકો માર્યો હોય તેમ થઇ બેભાન થઈ જાય છે. **ઉપાય**-(૧) ડંખ જગ્યાએ તાંણી ને દોરી બાંધવી, (૨) એટલો ભાગ તરતજ કાપી નાંખવો, (૩) ડંખમાંથી લોહિ વહાવવું, (૪) બંદુકનો દારૂ મુકી ડંખ બાળી દેવો. (૫) દરદીને ઉંઘમાં પડવા ન દેવો, (૬) ધોળી કણેર, ધોળી ચણોઠી, આકડો ને ઇંદ્રવારૂણી એમાંનું કોઇ પણ મુળ લાવી ઘસી પાવું, (૭) ટંકણનું પાણી પાવું, (૮) ફટકડીનું પાણી પાવું, (૯) ઘી, મધ માંખણ, પીંપર, આદુ, મરીને સિંધવ એકત્ર કરી ખવરાવવાં, (૧૦) મંત્રોપચારથી પણ સાપ ઉતરે છે. **ગામડામાં મંત્ર ઉપચાર પ્રખ્યાત છે.**

વિંછીનું ઝેર-લક્ષણ-બુમ પાડવી, ડંખની જગ્યાએ દાહ બળવો, વેદના સહન ન થવી, વિગેરે. **ઉપાય**-ડંખ ઉપર (૧) અફીણ ચોપડવું. (૨) વીનીગર એટલે સરકાનું પોતુ મુકવું (૩) ટાર્ટરીક એસીડનું પોતુ ડંખ ઉપર મુકવું. (૪) મીઠાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીનું પોતુ મુકવું. (૫) આકડાનું પાનને રાઈ વાટી ચોપડવાં. (૬) ધતુરાના પાનનોરસ ચોપડવો. (૭) **વછનાગ** ચોપડવો.

ઉંદરનું ઝેર-લક્ષણ—ઝેરી ઉંદર કરડવાથી શરીરે ફાટ થાય છે, વાતરક્ત જેવાં ચાઠાં દાહવાળાં થાય છે, સોજો આવે છે, તાવ આવે છે, શોષ પડે છે વિગેરે. **ઉપાય**-(૧૦) ધુમસ, મજીઠને હળદરનો લેપ કરવો. (૨) પારો, ગંધક, કપુર તથા સરસવનો લેપ કરવો. (૩) ત્રિકટુ, લીંબોળી, સિંધવનું ચુર્ણ ખાવું. (૪) ઉંદરકનીનાપાનનોરસ પીવોને શરીરે ચોપડવો. (૫) જુલ્લાબ લેવો. (૬) સીંઢીઆવળનું સેવન કરવું.

કુતરાનું ઝેર-(હડકવા) **લક્ષણ**-કુતરાની માફક ચાળા કરે છે, **ખાસ લક્ષણ પાણી દેખી ભડકે છે**, બચકાં ભરે છે. **ઉપાય**-(૧) ડંખ બાળવો. (૨) ગોળ તેલ તથા આકડાના દુધનો લેપ કરવો. (૩) અંકોલનો ઉકાળો ઘી સાથે પીવો. (૪) કુકડવેલ સખત ઝાડો તથા ઉલટી કરીને હડકવાના જંતુઓને મારી કાઢે છે. (૫) અફીણ મોટા ડોઝમાં આપવું. (૬) **ગામડામાં તમાકુ ખવરાવવાથી કેસ મટેલા જોયા છે.**

મધમાંખી-ભમરી-લક્ષણ-ડંખની જગ્યાએ દાહબળવો, ઉપસી જવું, સોજો આવવો વિગેરે. **ઉપાય**-(૧) તમાકુ ઝીણી કરી લગાડવી. (૨) રાફડાની માટી ચોપડવી. (૩) ત્રિફળાનો લેપ કરવો. (૪) ઠંડાપાણીની ધાર કરવી. ઠંડા ઉપચારો કરવા.

માંકડ-ઉપાય-(૧) સરકો તથા પાણી ચોપડવાં, (૨) ટરપેન્ટાઈનને તેલ લગાડવું, (૩) માંકડનાશ થાય તે ઉપાય કરવો.

ચાંચડ-ઉપાય-સરકો ને પાણી ચોપડવાં.

મચ્છર-પાણી લગાવવું, સરકોને પાણી લગાવવું, હાથ લગાવવો, નહિ, મચ્છર નાશના ઉપચાર કરવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભસ્મપ્રકરણ.

૧ ભસ્મો.

(૧) **સુવર્ણ ભસ્મ**—**શોધન**—સોનાનાં પત્રાં કરી, તપાવી તપાવીને તેલમાં, છાશમાં, ગોમૂત્રમાં, કાંજીમાં અને કલથીના ઉકાળામાં સાતવાર નાંખવાથી શુદ્ધ થાય છે. **મારણ**—(૧) શુદ્ધ પારો તથા તેના જેટલું સોનું લઈ ખરલ કરીને ગોળો કરી તેના સમભાગે એટલે બન્નેના સમભાગે શુદ્ધ ગંધક લેઈ, ગોળાની ઉપર નીચે શરાવ સંપુટમાં મુકી ત્રાશ છાણાંથી પુટ આપવો, એવા ચૌદ પુટ આપવાથી ભસ્મ તૈયાર થાય છે. (૨) કાળા સુરમાને ભાંગરાના રસમાં ઘુંટીને સોનાનાં પતરાં પર લેપ કરે ને શરાવ સંપુટમાં પુટ આપે તો એક ગજપુટમાં શુદ્ધ ભસ્મ તૈયાર થાય છે. **માત્રા**—રતી ૧ થી ૨. **અનુપાન**—મધ અને પીંપર સાથે ખાવાથી **જીર્ણજ્વર** નાશ પામે છે, ભાંગરાના રસ સાથે ખાવાથી **વાજીકર** (સ્ત્રી સંગમાં હર્ષ આપનારી) થાય છે, દુધ સાથે ખાવાથી **શક્તિ** આપે છે, સાગ્રોડી સાથે ખાવાથી **નેત્રરોગ** મટાડે છે; અને ઘી સાથે ખાધાથી મનુષ્યોની **જરા** (ઘડપણ) ને મટાડે છે. **બુદ્ધિ વધવા** માટે વજ સાથે; **કાંતિ** (તેજ) વધવા માટે કેસર સાથે **ક્ષય માટે** તાજા દુધ સાથે **ઉન્માદ તથા ત્રિદોષમાં** સુંઠ, મરી તથા લવીંગ સાથે; **સંગ્રહણીમાં** મધ તથા આમળાં સાથે; **આયુષ્ય વધારવા** માટે શંખાવલીના રસ સાથે અને **પુત્ર પ્રાપ્તિ** માટે વિદારીકંદ સાથે લેવાય છે. ગળોસત્વ સાથે લેવાથી **જીર્ણજ્વર** તથા **વિષમજ્વર** દૂર થાય છે

રૌપ્ય ભસ્મ—(રૂપાની ભસ્મ)—**શોધન**—(૧) ચાંદીનાં પત્રાં બારીક તપાવીને **અગથીઆના** પાનના રસમાં ત્રણ વાર

---

૧ સુવર્ણ ભસ્મ વગેરે ભસ્મો જે જે અનુપાનો સાથે સેવન કરવા ભલામણ કરી છે તે તે અનુપાનો સાથે સેવન કરતાં પહેલાં સારા વિદ્વાન વૈદ્યની સલાહ લઇ ઉપયોગ કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠારવાથી શુદ્ધ થાય છે. (૨) સુવર્ણ ભસ્મ પ્રમાણે. **મારણ**—એક ભાગ હડતાલ, કોઇ પણ ખાટા પદાર્થમાં એક પ્રહર મર્દન કરી, તેનાથી ત્રણ ગણાં રૂપાનાં પત્રાં લેઇ તેને હરતાલનો લેપ કરવો અને શરાવ સંપુટ કરીને ત્રીસ અડાયાં છાણાંથી અગ્નિ આપવો; આ પ્રમાણે ૧૪ વાર અગ્નિપુટ દેવાથી ભસ્મ તૈયાર થાય છે. **માત્રા**-રતી ૧થી ૩. **અનુપાન**—**દાહમાં** સાકર સાથે, **વાત અને પિત્તમાં** ત્રિફલા સાથે, **પ્રમેહમાં** તજ, તમાલપત્ર અને એલચી સાથે, **ક્ષયમાં**-શિલાજીત સાથે, **સોજા**માં સાટોડી સાથે, **પાંડુરોગમાં** મંડુર સાથે; **ગુલ્મ**માં-ક્ષાર સાથે, **બરોલ**માં ત્રિફલા તથા પીંપરના ચુર્ણ સાથે, **જીર્ણજ્વર**માં મધ અને પીંપર સાથે, રૌપ્ય ભસ્મ ઉપર પ્રમાણે આપવાથી એટલા રોગોનો નાશ કરે છે.

(૩) **તામ્રભસ્મ—શોધન**—તામ્રનાં અતિ સૂક્ષ્મ પતરાં કરી અગ્નિપર તપાવી તેલ, તક્ર, ગોમૂત્ર, કલથીના ઉકાળામાં ત્રણ વાર છમકારવાથી તામ્ર શુદ્ધ થાય છે. **મારણ**-શોધેલા તામ્રને ત્રણ દીવસમાં ખટાઇમાં સ્વેદન કરીને તેનાથી ચોથો ભાગ પારો લેઇ ખરલમાં નાંખી પતરાં સાથે કોઈ પણ ખાટા પદાર્થથી મર્દન કરવાં; ફરી પતરાંથી બમણો ગંધક ખાટા રસમાં ઘુંટીને તે પતરાં પર લગાવી ગોળો કરી પછી બ્રાહ્મી, ચાર પાંદડાંની લુણી તથા પુનર્નવા સાથે વાટી સંપુટમાં બંધ કરી એક હાંડલીમાં મુકી, પહેલેથી વાલુકા (રેત) પછી રાખ અને લુણનું પાણી ભરવું, પછી તે હાંડીનું મોહોડું બંધ કરી ચુલાપર મુકવી, પછી ચાર પ્રહર સુધી પ્રથમ મંદ પછી તીક્ષ્ણ એ પ્રમાણે આંચ આપવી. સ્વાંગ શીત થયા પછી સૂરણના રસમાં એક પ્રહર ખરલ કરી ગોળો બનાવી સૂરણને કોતરી એમાં મુકી ઉપર સૂરણનું ચુર્ણ દબાવી સૂરણ પર એક અંગુઠા જેવડી જાડી કપડમટી કરી સુકવી ગજપુટ આપવો, તો તરતજ ભસ્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૈયાર થશે. (૨) તામ્રનાં પાતળાં પતરાંને વડની જટાની લુગદીમાં મુકી ગજપુટ આપવો. ફરી એનાજ રસમાં વાટીને ગજપુટ આપવાથી દોષરહિત શુદ્ધ તામ્રભસ્મ થશે. **માત્રા** ૦ાાથી ૧ રતી.

અનુપાન–પીંપર તથા મધ સાથે **સર્વરોગમાં** આપવી, પરંતુ રોગ પ્રમાણે અનુપાન આપવું.

૪ **બંગ ભસ્મ**—(કલઇ)**શોધન**-કલઇ અગ્નિપર ગાળી ગાળીને તૈલ, તક્ર, ગોમૂત્ર, કાંજી, કળથીના ઉકાળામાં ત્રણ ત્રણ વખત છમકારે તેમજ આકડાના દુધમાં છમકારે તો બંગ અતિ ઉત્તમ ને શુદ્ધ થાય છે **મારણ**—(૧) કલઈથી ચોથો ભાગ આમલી તથા પીપળાની સુકી છાલનું ચુર્ણ કરી બંગ અને તે ચુર્ણ માટીના વાસણમાં નાંખી લોઢાની કડછીથી હલાવતા રહે તો બે પ્રહરમાં ભસ્મ થશે. પછી તે ભસ્મ બરોબર હરતાલ મેળવી કોઈ પણ ખટાઈના રસમાં ઘુંટીને ગજપુટ આપવો. ફરીથી ભસ્મમાં દશમાંશ હરતાલ મેળવીને ઉપર પ્રમાણે એક પ્રહર ખરલ કરી ગજપુટ આપવો; એવા દશ પુટોથી શુદ્ધ બંગ ભસ્મ તૈયાર થશે. (૨) બંગની બરાબર ત્રિફલાનું ચુર્ણ લઇ કુંડામાં નાંખી લીંબડાના લાકડાના કટકાથી ભસ્મ થાય ત્યાં સુધી અગ્નિપર રાખી હલાવવું; આ ભસ્મ સર્વ કામમાં લેવાય છે. **માત્રા**–રતી ૧ થી ૩. **અનુપાન**—**પુષ્ટિ** માટે દુધ અથવા જાયફળ સાથે. **પ્રમેહમાં** તુલશીપત્ર સાથે, **ગુલ્મરોગમાં** ટંકણખાર સાથે, **પાંડુરોગમાં** ઘી સાથે, **શ્વાસ** અને **રક્તપિત્તમાં** હળદર સાથે, **પિત્તરોગમાં**—સાકર સાથે, **બળવૃદ્ધિ** સારૂ મધ સાથે, **વીર્યસ્તંભન** માટે કસ્તુરી અથવા નાગરવેલના પાન સાથે, **મંદાગ્નિમાં** પીંપર સાથે. **જીર્ણજ્વરમાં** મધ, પીંપર સાથે, **માથાના રોગમાં**–અંઘાડાના રસ સાથે **ધાતુદોષમાં** જાયફળ, જાવંત્રી અને લવિંગ સાથે, **ઉધરસમાં** જાયફળ, લવિંગ અને મધ સાથે ખાવી. **ધાતુગતજ્વરમાં**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગળોના રસ સાથે, ઉપલા અનુપાન પ્રમાણે ખાવાથી એટલા રોગો દૂર થાય છે.

૫ નાગ ભસ્મ—(સીસાની ભસ્મ)—શોધન-બંગ પ્રમાણે. **મારણ**-અગ્નિપર ગાળી તેમાં ચોથા ભાગનું આંબલી તથા પીપળાની છાલનું ચુર્ણ નાંખતા જવું અને લોઢાની કડછીથી હલાવતા જવું એટલે એક પ્રહરમાં ભસ્મ થશે પછી તેમાં તેની બરોબર મનશિલ મેળવીને કાંજીમાં ખરલ કરીને ગજપુટ આપવો. એવા સાઠ પુટ આપવાથી ભસ્મ તૈયાર થશે. **માત્રા**-રતી ૧ થી ૩ સુધી. **અનુપાન**-સાકર સાથે લેવાથી **પિત્તવાત, મસ્તકરોગ. નેત્ર રોગ, વીર્યરોગ. પ્રલાપ** ને **દાહ**ને દુર કરે છે. અન્નમાં રૂચિ ઉપજાવે, કામની વૃદ્ધિ કરે અને બીજા રોગમાં સારા વૈદ્યની યોગ્ય સલાહ પ્રમાણે અનુપાન લેવું.

૬ જશદ (યશદ) ભસ્મ-શોધન-જશદનો રસ કરીને દુધમાં ઠરાવો એ પ્રમાણે ૨૧ વાર રસ કરીને ૨૧ વાર દુધમાં ઠારવાથી શુદ્ધ થાય છે અથવા બંગ વિગેરે બીજી ધાતુની પેઠે શોધન થાય છે. **મારણ**-(૧) બંગ પ્રમાણે. (૨) માટીના કલાડામાં શુદ્ધ જશદ મુકી અગ્નિ આપી રસ કરવો, પછી તે રસને લીંબડાની લાકડીવતી હલાવતા જવું અને નીચે ખુબ તાપ આપવો. કેટલાક કલાક સુધી ઘુંટયા કરવાથી જશદના રસની થોડે થોડે ધોળી ખાખ થઈ જશે. પછી તે ભસ્મને કુંવરના રસની, ત્રીફળાના રસની તથા ભાંગરાના રસની ભાવના દરેકની ૩૨ આપી ગજપુટ અગ્નિ આપવો. **માત્રા**-રતી ૧ થી ૩. **અનુપાન-પિત્ત જ્વર**માં ચોખાના ધોવણ સાથે, **શીત જ્વર**માં લવીંગ તથા અજમાના ચુર્ણ સાથે. **રક્તાતિસાર**માં (લોહિવાળોઝાડો) ખજુર તથા ચોખાના પાણી સાથે. **સન્નિપાતમાં** એલચી, તજ, તમાલપત્રના ચુર્ણ સાથે. **પ્રમેહમાં** નાગરવેલના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાન સાથે. **નેત્રરોગમાં** ગાયના જુના ઘી સાથે. **ઝાડો** તથા **ઉલટીમાં**-જીરૂ તથા સાકર સાથે આપવી **ધાતુગતજ્વરમાં** તથા **જીર્ણજ્વરમાં** ગળોસત્વ સાથે આપવી.

૭ લોહભસ્મ શોધન—લોહનું શોધન તામ્રની પેઠે છે. ત્રીફળાના ઉકાળામાં પણ શોધન થાય છે. **મારણ**--(૧) તીક્ષ્ણ લોહનું (પોલાદનું) ચુર્ણ મુળાના રસમાં સાત દહાડા રાખી ગજપુટ આપવો. જ્યાંસુધી પાણી ઉપર બરોબર ન તરે ત્યાંસુધી પુટ આપવા. (૨) તીક્ષ્ણ એટલે પોલાદના ચુર્ણથી બારમા ભાગનો હિંગલોક મેળવીને કુંવરના પાઠાના રસ સાથે બે પોહોર સુધી મર્દન કરીને ગજપુટ આપવો. એવા સાતપુટ આપવાથી ભસ્મ થાય છે. (૩) પારાથી બમણા ગંધક સાથે પારાની કજ્જલી કરીને તેના બરોબર લોહચુર્ણને મેળવી કુંવરના પાઠામાં બે પહોર સુધી મર્દન કરી ગોળો બનાવી, એરંડાનાં પાંદડાં લપેટી તાંબાના સંપુટમાં મુકી, ઉપર એરંડાનાં પાંદડાં લપેટી બે પહોર સુધી તડકામાં રાખવું તેથી ગરમ થશે એટલે સંપુટને કોઈ પણ અન્નના ઢગલામાં ત્રણ દિવસ રાખી પછી કાઢી ખરલ કરીને વસ્ત્રથી ચાળી લેવું. તે પાણી ઉપર નાંખવાથી તરસે એ પ્રમાણે સોના, વગેરે સર્વ ધાતુઓનું પણ મારણ થઇ શકે છે. **માત્રા** -રતી ૧ થી ૩. **અનુપાન**—**પાંડુરોગમાં** (૧) ગોમૂત્ર સાથે, (૨) સાટોડીના ક્વાથ સાથે, **બરોલમાં**-ગોમૂત્ર સાથે, **અગ્નિમાંદ્યમાં**-નાગરવેલના પાન સાથે. **સંગ્રહણીમાં** તથા **મરડામાં**-૧) બીલાના મુરબ્બામાં; (૨) છાશ તે. ૪ તથા મરીનું ચુર્ણ વાલ ૧ સાથે, **ખાંસીમાં** અરડુશીના પાન, પીંપર, દ્રાક્ષ, તથા મધ સાથે, **તાવ** સાથે **યકૃત** તથા **બરોલમાં** પુનર્નવાદિકવાથ સાથે, **જ્વરાતિસારમાં** મધ અને પીંપર સાથે, **પ્રમેહમાં** (૧) હળદર તથા મધ સાથે, (૨) પીંપર તથા મધ સાથે, **શ્લેષ્મ** (કફ) તથા **શરદીમાં**-મધ તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પીંપર સાથે, **ધાતુ**-માટે ત્રિકટુ, ભારંગમૂળ, તથા મધ સાથે, **શક્તિ** માટે મધ, ઘી સાથે આપવાથી ઉપરના દરદો દૂર થાય છે.

૮ સુવર્ણમાક્ષિક ભસ્મ. શોધન—સુવર્ણમાક્ષિક ત્રણ ભાગ અને સિંધવ એક ભાગ એ બંનેને લોઢાની કડાઈમાં નાંખી ચુલા પર મુકી લીંબુ અથવા બીજોરાનો રસ નાંખતા જવું ને લોઢાની કડછીથી હલાવતા જવું જ્યાં સુધી કડાઈ બરોબર લાલ થાય ત્યાં સુધી હલાવતા જવું અને જ્યારે કડાઈ શીતળ થાય એટલે ઉતારી લેવી. એટલે માક્ષિક શુદ્ધ થશે. **મારણ**--(૧) કલથીના ઉકાળામાં અથવા ગોમૂત્રમાં, છાશમાં ખરલ કરીને શરાવ સંપુટમાં મુકી કપડ છાણ કરી એક ગજપુટ આપવો જ્યારે લાલરંગની થાય ત્યારે યથા યોગ્ય સર્વ કામમાં વાપરવી. (૨) સુવર્ણમાક્ષિકના ચુર્ણને માટીની હાંડલીમાં નાંખી તેમાં વારંવાર લીંબુનો રસ નાંખી ૬ કલાક સુધી તાપ આપવો અને લોઢાની કડછીથી હલાવવું તેથી લાલ સુવર્ણમાક્ષિકભસ્મ તૈયાર થાય છે. (૩) એક ભાગ શુદ્ધ ગંધક અને ચાર ભાગ શુદ્ધ સુવર્ણમાક્ષિક એ બંનેને એરંડાના તેલમાં ખરલ કરી તેને ગજપુટ આપવો તો સિંદુર જેવા રંગની સુવર્ણમાક્ષિકભસ્મ થશે. **માત્રા**--રતી ૧ થી ૩. **અનુપાન**—ત્રિફળા, ત્રિકટુ, મરી, માખણ તથા મધ સાથેનાં અનુપાન છે. **જીર્ણજ્વર** તથા **વિષમજ્વરમાં** મધ અને પીંપર સાથે આપવી.

૯ હરતાલ ભસ્મ—હરતાલ ત્રણ પ્રકારની છે, પત્રી, પિંડ અને ગોદંતિ આ ત્રણમાં પત્રી શ્રેષ્ટ છે. **શોધન**-તેના ઝીણા ઝીણા કડકા કરી તેને ઝીણા લુગડામાં બાંધી કાંજી સાથે દોલાયંત્ર કરીને ત્રિફળાના ઉકાળામાં એમ એક એક પહોર પકાવવી પછી કોળાના રસમાં, તલના તેલમાં અને પછી ત્રિફ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળાના ઉકાળામાં એમ એક એક પહોર જુદો જુદો દોલાયંત્રે કરીને પકાવવી તો ચાર પોહોરમાં હરતાલ શુદ્ધ થાય છે. અથવા એકલા ચુનાના પાણીમાં ત્રણ પોહોર દોલાયંત્રથી પકાવવી. **મારણ**-(૧) શુદ્ધ હરતાલ તોલા ૪ ને કુંવરના રસમાં ઘુંટી ને ટીકડીઓ બનાવવી પછી તેને સૂર્યના તાપમાં સુકવવી, પછી શરાવ સંપુટમાં રાખી ૩૬ કલાકની આંચ આપવી. પછી ઠંડુ પડે એટલે કાઢી વાટી લેવી. (૨) શુદ્ધ હરતાલને પીંપળાની છાલના રસમાં ૨૧ દિવસ સુધી ઘુંટવી પછી ગોળો બનાવીને તાપમાં સુકવવો પછી તેને હાંડલીમાં ઉપર નીચે પીંપળાની રાખ ભરીને વચમાં મુકવો અને હાંડલીનું મોં બંધ કરી ૭ વાર કપડ માટી કરવી પછી તે હાંડલીને એક હજાર મોટાં અડાયાં છાંણાનો ગજપુટ અગ્નિ આપવો તથી ભસ્મ તૈયાર થશે. **માત્રા** રતી ૦ાા થી ૧. **અનુપાન**-**આઠે પ્રકારના જ્વરમાં** તાંદળજાના રસ સાથે. **પાંડુરોગમાં**-ત્રિફળા તથા સાકર સાથે. **કુષ્ઠ** (૧૮ પ્રકારના કોઢ) માં-મંજીષ્ઠાદિ કવાથ સાથે. **આમવાતમાં**-સુંઠના ચુર્ણ સાથે.

૧૮ અભ્રક ભસ્મ શોધન-કાળા અભ્રકને અગ્નિમાં તપાવી ગાયના દુધમાં, ગોમૂત્રમાં, ત્રિફળાના ઉકાળામાં અથવા કોઇ પણ ખાટા રસમાં ત્રણ વાર કે સાતવાર છમકારી તાંદળજાનો રસ અને લીંબુનો રસ એકત્ર કરી ૨૪ કલાક ભીંજવી રાખવાથી શુદ્ધ થાય છે. **મારણ**-શુદ્ધ કરેલા અભ્રકના પતરાંને બારીક કાતરી તેનાથી અડધી કે ચોથા ભાગની ડાંગર મેળવી તે બંનેની કામળી અથવા ખાદીના જાડા કપડામાં ઢીલી પોટલી બાંધવી. તેને ત્રણ રાત સુધી કાંજી કે પાણીમાં પલાળી રાખવી. પછી તેને તેમાંજ રાખીને હાથ વતી જોરથી મસળ મસળ કરવી આથી અભ્રકનાં બારીક રજકણો છુટાં થઇ પાણીમાં મળશે. તે પાણાને એક રાત સુધી રાખી કવાથી અભ્રકનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રેતી જેવો ભૂકો પાણી નીચે જામશે, પછી તેને (પાણીને) કાઢી નાંખી અભ્રકને સુકાવવો. આને **'ધાન્યાભ્રક'** કહે છે.

ધાન્યાભ્રકને આકડાના દુધમાં ઘુંટીને તેની થેપલીઓ કરવી અને દરેક થેપલી આકડાના પાનમાં વીંટી દોરો બાંધવો. આ વીંટાને થે લીઓને બબ્બે કોડીઆંના સંપુટમાં મુકી કપડમાટી કરી સુકવીને ભઠ્ઠીમાં ગજપુટ અગ્નિ આપવો. આગલી રાત્રે ભઠ્ઠીમાં નાંખેલાં કોડાઆં બીજે દિવસે સવારે ઠંડાં થયા પછી લેવાં અને એજ પ્રમાણે ફરીથી આકડાના દુધમાં ઘુંટી ગજપુટ અગ્નિ આપવો આવી રીતે સાત ભઠ્ઠી આકડાના દુધની આપવી, પછી વડની વડવાઈના ઉકાળામાં ઘુંટીને ત્રણ દિવસ તેની ભઠ્ઠી આપવી એટલે ભસ્મ તૈયાર થશે. પણ તેમાં ચંદ્રિકા (ચકચકો) જણાય તો વધારે ભઠ્ઠી આપવી અને ચળકાટ છેક બંધ પડીને ગુલાબી અથવા તેને મળતા રંગ વાળી ભસ્મ થાય ત્યારે પાકી ભસ્મ થઈ સમજવી. આ ભસ્મ ઉપર વધારે પુટ આપે તેમ તે વધારે ગુણ કરે છે અને પુટની સંખ્યા પ્રમાણે તે સોપુટી કે હજારપુટી અભ્રક કહેવાય છે, અભ્રક ભસ્મ તૈયાર થયા પછી તેના ઉપર એક **'અમૃતિકરણ'** વિધિ કરવા પ્રાચીન ગ્રંથકારો લખે છે. તે એ કેઃ—અભ્રક ભસ્મ તથા ઘી બન્ને સમભાગે લેઈ લોઢાની કડાઈમાં નાંખીને નીચે તાપ આપી પાક કરવો. ઘી અભ્રકમાં પચી ગયા પછી કડાઈ ઉતારી અભ્રકને ઘુટી શીશીમાં ભરી રાખવી ઘીમાં પકવવાથી તેની ઉગ્રતા ઓછી થાય છે અથવા કાંઈ દોષ હોય તે નીકળી જાય છે. **માત્રા**—રતી ૧થી ૩. **અનુપાન—જીર્ણજ્વરમાં**—મધ તથા પીંપર સાથે, **ક્ષયમાં** ૧ ઘી તથા મધ સાથે, ૨ માંખણ તથા સાકર સાથે, ૩ મધ, માંખણ તથા સાકર સાથે, ૪ સિતોપલાદિ ચુર્ણ સાથે ૫ સોનાના વરગ સાથે. **ક્ષય પાંડુ તથા જ્વરમાં**—૧. ત્રિફળા, ત્રિકટુ, ત્રિજાતક, નાગકેસર, સાકર તથા મધ સાથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. વાવડીંગ, ત્રિકટુ તથા ગાયના ઘીમાં એકેક એલચી સાથે **ખાંસી. કફ** તથા **દમમાં** નાગરવેલનાં પાકાં પાન સાથે અથવા રસ સાથે. **વીશ પ્રકારના પ્રમેહમાં**--૧. મધ, પીંપર અને શાલાજીત સાથે, ૨. પીંપર, હળદરનુ ચુર્ણ તથા મધ સાથે, ૩. એલચી, ગોખરૂ, આંમળાં સાકર, અને ગાયના દુધ સાથે, ૪. દારૂહળદરનો ઉકાળો અને મધ સાથે. **બહુમૂત્રતામાં**-પાકેલાં કેળાં સાથે. **મૂત્રકૃચ્છ્રમાં**--પ્રમેહ પ્રમાણે. **મૂત્રઘાત-પથરીમાં**-સર્વે જાતના ક્ષાર સાથે. **કંમળામાં** -કડુના ચુર્ણ તથા સાકર સાથે. **પાંડુરોગમાં**--ત્રિકટુ અથવા સુંઠ સાથે. **સંગ્રહણીમાં**--ત્રિકટુ સાથે. **રક્તપીતમાં**—૧ એલચીદાણા તથા સાકર સાથે. ૨. હરડે તથા ગળો સાથે. **નેત્રરોગમાં**--ત્રિફળા, ઘી તથા મધ સાથે. **ધાતુવૃદ્ધિ** માટે—૧ સોનાના તથા રૂપાના વરગ. ત્રિફળા, ઘી તથા મધ સાથે. ૩. લવાંગ મધ સાથે. **કફનારોગમાં**--કાયફળ, પિંપર તથા મધ સાથે **પિત્તનારોગોમાં**--ગાયનું દુધ તથા સાકર સાથે. **વાતરક્ત-માં**—હરડે તથા ગળો સાથે. **ધાતુક્ષય,** તથા **ધાતુગતજ્વરમાં** ગળોસત્વ તથા માંખણ, મધ અને સોનાના વરખ સાથે.

तालाभ्रकम्.

तालंचतोलकं ग्राह्यं, पादांशं स्वर्ण गैरिकम् ।
तालाभ्रकंच तज्ज्ञेय, श्वासकासादिरोगनुत् ॥

૧૧ પ્રવાલ ભસ્મ—પરવાળાં અથવા તેની ડાંખળીની ભસ્મને પ્રવાલ ભસ્મ કહે છે. **શોધન**--જાઈના રસમાં દોલા-યંત્રથી ૩ કલાક સુધી બાફ દેવાથી શુદ્ધ થાય છે. **મારણ**--૧ પ્રવાલને ગોમૂત્રમાં ઘુંટી ગજપુટ અગ્નિ આપવો. ૨. બે

---

૧ तालं–गोदंति हरतालं, घापाण इति गुर्जरदेशे आयुर्वेदामृत.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોડીઆમાં કુંવરના ગર્ભની વચમાં પ્રવાલ મુકી શરાવ સંપુટ કરી ગજપુટ આપવો. **માત્રા**--રતિ ૧ થી ૬. **અનુપાન--તાવમાં**--કરીયાતુ, કડુ તથા હરડેના ઉકાળા સાથે. **જીર્ણ-જ્વરમાં**--મધ તથા પીંપર સાથે. **ખાંસી તથા શ્વાસમાં** મધ તથા પીંપર સાથે. **વાયુમાં**-મધ, સાકર તથા તુલસીના રસ સાથે. **પિત્તનીખાંસીમાં**--આદુના રસ તથા સાકર સાથે. **પિત્તવિકારોમાં**--૧. દુધ તથા સાકર સાથે. ૨. આંબળાંનો મુરબ્બો તથા ગુલકંદ સાથે. ૩ માંખણ તથા સાકર સાથે. **બળતરાવાળાપરમામાં**--ચોખાનું ધોવણ તથા સાકર સાથે. **દુર્બળતામાં**--નાગરવેલના પાન સાથે. **ધાતુક્ષયમાં**--પાકાં કેળાં સાથે. **પ્રદરમાં**--ગાયના કઢેલા દુધ સાથે. **ધાતુપુષ્ટિ-માટે**--ઘી તથા સાકર સાથે.

૧૨ મોતીની ભસ્મ--શોધન--પ્રવાલ પેઠે. ૨. અરણીના રસમાં, દોલાયંત્રવડે ૧ પહોર પચન કરવાથી શુદ્ધ થશે. **મારણ**--કુંવરના રસમાં, તાંદળજો અને સ્ત્રીના દુધમાં મોતી તપાવી તપાવી બુઝાવવાં. એ પ્રમાણે દરેક રસવડે સાત સાત વાર સેવન કરવાથી ભસ્મ તૈયાર થાય છે. **માત્રા**--વાલ ૧ થી ૨. **અનુપાન--પિત્ત અને પુષ્ટતા** ઉપર દુધ અને ખડી સાકરમાં. **ઉરક્ષત, ક્ષય અને નેત્રરોગ**-ઉપર ઘી અને મધમાં આપી શકાય છે.

૧૩ મોતીની છીપ—શોધન—મોતીની છીપને છાશ-માં એક રાત્રી પલાળી રાખવાથી શુદ્ધ થાય છે. **મારણ**—મોતીની છીંપને કોલસાનાં દેવતામાં સારી ફુલાવી ઠંડી થયા પછી ખરલ કરી વાપરવી. **માત્રા**-વાલ ૧. મોતીની ભસ્મના અભાવે આ ભસ્મ આપવી. ગુણ તેજ પ્રમાણે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪ શૃંગભસ્મ—

श्रृंग भस्म.

श्रृंगाणां कणशान् कृत्वा, कुमारिका रसेन च ।
पक्त्वा गजपुटेनैव, भस्म कुर्यात् त्रिशूल जित् ॥

સાબરશીંગાની ભસ્મ. **શોધન**-સાબરશીંગાના નાના ટુકડા કરી ૩ રાત્રી સુધી ગોમૂત્રમાં પલાળી રાખવાથી શુદ્ધ થાય છે. **મારણ**--સાબરશીંગાના ટુકડાને અડાયા છાંણાના કે કોયલાના ખુલ્લા તાપમાં નાંખી બાળવાથી સફેદ ભસ્મ થાય છે. **માત્રા**-વાલ ૧. **અનુપાન**--**ખાંસી** તથા **શ્વાસમાં** મધ સાથે. **ધાતુવિકાર** તથા **ધાતુજવી**--તેમાં મુગલાઈ બે દાણા તથા સાકર સાથે. **હૃદયરોગમાં**-ઘી સાથે. **વાતશુળમાં**-ઘી સાથે.

ज्वरान्तक.

स्फटिका फुल्लिका ग्राह्या, पादांशं (र्ध) स्वर्ण गैरिकम् ।
ज्वरान्तकंच तज्ज्ञेयं, विषमज्वर रोगनुत् ॥

यष्टिमध्वादि चूर्ण.

यष्टिमध्योश्चमार्कंडया, श्चूर्ण कृत्वा समांशकम् ।
शतपुष्पावलीचूर्णं, तदर्धो शर्करासमा ॥
सर्वमेकी कृतं चूर्णं, गृहणीयात्सार्धकर्षकं ।
मलप्रवृत्तिः क्रियेत (करण), चार्शसांपरमौषधम् ॥

ઉપરના શ્લોકોનું ગુજરાતી પ્રથમ આવી ગયું છે. ફક્ત શાસ્ત્રીય પાઠો આપ્યા છે.

સમાપ્ત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગ્રહણી, ક્ષય, ધાતુક્ષય, સુવારોગ અને બીજા મહાન રોગોના ખાસ ચિકિત્સક.

વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર.

પ્રાણાચાર્યની

શુદ્ધ તેમજ સચોટ અકસીર દેશી દવાઓ વાપરો.

દ્રાક્ષાસવ—સ્વાદિષ્ટ લ્હેજતદાર પીણું તંદુરસ્તી, તાકાતને તાઝગી બક્ષે છે, મગજની મહેનત કરનારા વગર વિલંબે વાપરો, શરીરમાં જાગૃતી લાવી આંતરડાં ને હૃદયની શક્તિને વધારે છે, શરદી મટાડે છે, ભૂખ લગાડે છે, દસ્ત સાફ લાવે છે, ઉંઘ આવે છે. ક્ષય, અજીર્ણ, ખાંસી, અરૂચી, મંદાગ્નિ વિગેરે મટાડી લોહિ વધારી, મગજતંતુ સતેજ કરી, બળ, બુદ્ધિને વિર્ય વધારે છે. જમ્યા પછી ૧ થી ૨ાા તોલા સવાર સાંજ જમ્યા પછી. રતલ ૧ાા ના રૂ. ૨-૦ ૦

જીવન—પુષ્ટિકારક, જીવનવર્ધક, બળ, બુદ્ધિ, વિર્ય-વધારનાર, સ્ત્રીપુરૂષ માટે અત્યુતમ ઔષધ. રતલ ૧ ના રૂ. ૨ ૮-૦

વૈદ્ય નારાયણનું **બાલામૃત**—નાના બાળકોના શરીરને પુષ્ટ બનાવી શક્તિ આપે છે. શીશી ૧ના રૂ ૦-૧૨-૦

સદરહુ ઔષધાલયમાં દવાઓ, ભસ્મો, ગુટીકાઓ, ચુરણો, આસવો, દાદરનું મલમ, ખરજવાનું મલમ, **લાક્ષાદિ તેલ** અંજન તથા **પુસ્તકો** અને બીજી શાસ્ત્રોક્ત દવાઓ મલશે. સૂચિપત્ર માટે પોણા આનાની ટીકીટ બીડો.

શ્રી આયુર્વેદ ચિકિત્સાલય
સ્વામિનારાયણના-
મંદિર પાસે,
અમદાવાદ.

વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર
પ્રાણાચાર્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar